કલિકાલસર્વજ્ઞ પૂ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

# યોગશાસ્ત્ર

## શબ્દશઃ વિવેચન

## પ્રકાશ ૧ થી ૪ ✤ ભાગ-૧



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# યોગશાસ્ત્ર

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૧

✻ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ✻

**કલિકાલસર્વજ્ઞ પ. પૂ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

✻ દિવ્યકૃપા ✻

**વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ**
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,**
**પ્રાવચનિકપ્રતિભાધારક પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા**

✻ આશીર્વાદદાતા ✻

**વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ**
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન**
**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

✻ વિવેચનકાર ✻

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✻ સંકલન-સંશોધનકારિકા ✻

**શ્રીમતી સ્મિતા ડી. કોઠારી**

✻ પ્રકાશક ✻

गीतार्थ गंगा

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# યોગશાસ્ત્ર ભાગ-૧ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

## પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૨ ✦ વિ. સં. ૨૦૭૨ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૩૫૦

મૂલ્ય : રૂ. ૨૯૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પૂજ્ય માતુશ્રી સ્વ. વિમળાબેન તથા
પૂજ્ય પિતાશ્રી સ્વ. રમણલાલ ભોગીલાલ ગાંધીની પુણ્યસ્મૃતિમાં,
શ્રી ઉત્તમભાઈ રમણલાલ ગાંધી અને
ગીતાબેન ઉત્તમભાઈ ગાંધી

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૯૨

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

✻ મુદ્રક ✻

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો



ષડ્દર્શનવિશારદ પ્રાવચનિકપ્રભાવક

✻ સ્વ. પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા ✻



❊ જન્મ ❊

વિ.સં. ૧૯૯૫,

માગસર સુદ-૨

તા. ૨૩-૧૧-૧૯૩૮

બુધવાર

❊ દીક્ષા ❊

વિ.સં. ૨૦૧૮,

પોષ વદ-૧૨ વડી દીક્ષા

તા. ૨-૨-૧૯૬૨

શુક્રવાર

પંજાબકેસરી પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય વલ્લભસૂરીશ્વરજી મ. સા.ના

આજ્ઞાવર્તિની પ.પૂ. સા. શ્રી વિનયશ્રીજી મ. સા.ના શિષ્યા

પ.પૂ. સા. શ્રી કમલપ્રભાશ્રીજી મ. સા.ના શિષ્યા તથા સંસારી પક્ષે અમારા બહેન
પ.પૂ. સા. શ્રી ભદ્રયશાશ્રીજી મ. સા.ના ૧૨ વર્ષીતપ, માસક્ષમણ, શ્રેણીતપ
તથા આજીવન જ્ઞાનપાંચમતપ, પોષદશમીતપ, નવપદજીની ઓળી આદિ
અનેકવિધ વિશિષ્ટ તપશ્ચર્યાઓની અનુમોદનાર્થે...

**શાંતિલાલ રમણલાલ ગાંધી ❊ ઉત્તમભાઈ રમણલાલ ગાંધી ❊ કિશોરભાઈ રમણલાલ ગાંધી**



પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

પરમપૂજ્ય પિતાશ્રી
રમણલાલ ભોગીલાલ ગાંધી
સ્વ. તા. ૨૦-૮-૧૯૯૯, શુક્રવાર

પરમપૂજ્ય માતુશ્રી
વિમળાબેન રમણલાલ ગાંધી
સ્વ. તા. ૨૪-૩-૨૦૦૭, શનિવાર





પૂ. પિતાશ્રી તથા માતુશ્રી પરમ પાવન
એવા મોક્ષને પામે ત્યાં સુધી.
પ્રસ્તુત યોગશાસ્ત્ર ગ્રંથરત્નમાં
વર્ણવેલ યોગોને સતત પામે તથા
આપણે સહુ પ્રાપ્ત કરીએ
તેવી અભિલાષા સહ...

ઉત્તમભાઈ રમણલાલ ગાંધી તથા
ગીતાબેન ઉત્તમભાઈ ગાંધી

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

કલિકાલસર્વજ્ઞ પૂ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

# યોગશાસ્ત્ર

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૧

## પહેલો પ્રકાશ

**શ્લોક :-**

नमो दुर्वाररागादिवैरिवारनिवारिणे ।
अर्हते योगिनाथाय महावीराय तायिने ।।१।।

**શ્લોકાર્થ :-**

**દુઃખે કરીને વારણ કરી શકાય તેવા રાગાદિરૂપ આત્માના વૈરી તેનો સમુદાય તેને નિવારણ કરનાર, પૂજાને માટે યોગ્ય, યોગીઓના નાથ, સંસારી જીવોને રક્ષણ કરનાર એવા મહાવીરસ્વામી ભગવાનને હું નમસ્કાર કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

અનાદિકાળથી આત્માએ કર્મને પરતંત્ર રહીને ભાવો કરવાની પ્રકૃતિ અત્યંત સ્થિર કરેલ છે. તેથી બાહ્ય પદાર્થોને અવલંબીને તે પદાર્થોને અનુરૂપ રાગ-દ્વેષ-માન-માયા-લોભ આદિ ભાવો સદા થયા કરે છે. કોઈક રીતે કર્મની લઘુતાથી વિવેકચક્ષુ પ્રગટ્યા પછી પણ, તે રાગાદિ આત્માના વૈરી છે તેનો બોધ થયા પછી પણ તેને વારણ કરવા અતિદુષ્કર છે. આથી જ અનંતકાળથી સર્વ જીવો તેને પરવશ થઈને સર્વ કદર્થના પામે છે. આમ છતાં, તેવા રાગાદિના સમુદાયને પણ વિવેકચક્ષુથી યથાર્થ જાણીને, તેના નિવારણના ઉચિત ઉપાયના રહસ્યને પ્રાપ્ત કરીને, મહાયોગી એવા ભગવાન મહાવીરે તે શત્રુઓનું નિવારણ કર્યું છે. તેને

સ્પષ્ટ કરવા ગ્રંથકારશ્રી કહે છે. વીરભગવાન દુઃખે કરીને વારી શકાય તેવા વૈરીઓના સમુદાયને નિવારણ કરનાર છે. વળી, જગતમાં રાગાદિરૂપ ભાવશત્રુને જીતનારા છે માટે પૂજાને યોગ્ય છે અને ભગવાને તે ભાવશત્રુને સ્વયં જીત્યા છે અને યોગ્ય જીવોને ભાવશત્રુને જિતાડવામાં પ્રબળ નિમિત્ત છે તેથી સુર-અસુર એવા દેવો પણ તેઓને પૂજે છે. આવા પૂજાને યોગ્ય વીરભગવાનની પૂજાના બળથી તેમની જેમ રાગાદિ જીતવાને અનુકૂળ મહાવીર્યનો જીવમાં સંચય થાય છે. વળી, જે યોગીઓ અંતરંગ શત્રુ એવા રાગાદિને જીતવા તત્પર થયા છે તેવા યોગીઓનું યોગક્ષેમ કરનારા વીર ભગવાન હોવાથી યોગીઓના નાથ છે; કેમ કે જેઓ વીર ભગવાનને ભાવથી શરણાગત થયા છે તેઓને સૂક્ષ્મ માર્ગ બતાવીને અપૂર્વ એવા ગુણોનો યોગ વીર ભગવાન કરાવે છે અને જે મહાત્માઓમાં તેવા અપૂર્વ ગુણો નિષ્પન્ન થયા છે તે મહાત્માઓને ઉચિત અનુશાસન આપીને તે ગુણોના પાતથી તેઓનું રક્ષણ કરે છે. તેથી અપૂર્વ ગુણોનો યોગ અને પ્રાપ્ત ગુણોનું રક્ષણ કરનાર હોવાથી ભગવાન યોગીઓના નાથ છે. વળી, ભગવાન સંસારસાગરથી સ્વયં તરેલા છે અને યોગ્ય જીવોને દૃઢ અવલંબનરૂપ થઈને તારનારા છે. આથી જ જેઓ સંસારથી ભય પામેલા છે તેઓ વીર ભગવાને બતાવેલ ઉત્તમ માર્ગનું દૃઢ આલંબન લઈને વર્તમાનમાં પણ સંસારસાગરથી તરી રહ્યા છે. ભગવાને મહાપરાક્રમ ફોરવીને ક્લિષ્ટ કર્મોનો નાશ કર્યો તેથી મહાવીર્યવાળા છે, તેથી મહાવીર છે અને તેવા ભગવાનનું તે તે ગુણોથી સ્મરણ કરીને ગ્રંથકારશ્રી તેઓને નમસ્કાર કરે છે અર્થાત્ તે તે ગુણોના સ્મરણપૂર્વક તે તે પ્રકારના ભાવો પોતાનામાં પ્રગટ થાય તે પ્રકારના માર્ગાનુસારી ઉપયોગથી ભગવાનનાં ગુણગાન કરીને પોતાનાં કર્મોનો નાશ કરવા ઉદ્યમ કરે છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**વળી, ભગવાન સાધનાકાળમાં કેવા નિર્લેપ હતા તેના સ્વરૂપને બતાવનારી ભગવાનની સ્તુતિને કહે છે –**

**શ્લોક :-**

**पन्नगे च सुरेन्द्रे च कौशिके पादसंस्पृशि ।**
**निर्विशेषमनस्काय श्रीवीरस्वामिने नमः ।।२।।**

**શ્લોકાર્થ :-**

**કૌશિક નામનો સર્પ અને સુરેન્દ્ર ભગવાનના પાદને સ્પર્શનારા હોતે છતે બંને પ્રત્યે સમાન મનને કરનારા, શ્રી વીર ભગવાનને નમસ્કાર કરું છું. ।।૨।।**

**ભાવાર્થ :-**

ભગવાન છદ્મસ્થ અવસ્થામાં વીતરાગ ન હતા. આમ છતાં સંયમ ગ્રહણ કર્યા પછી તેઓમાં મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવજ્ઞાન નિર્મળકોટિનું વર્તતું હતું અને વિદ્યમાન જ્ઞાન જિન થવાના વ્યાપારવાળું હતું; કેમ કે સમ્યગ્જ્ઞાન સમ્યગ્ હિતની જ પ્રવૃત્તિ કરાવીને આત્માના હિતનું કારણ બને છે. વળી, ભગવાન નિર્મળકોટિના

પ્રાપ્ત એવા ચાર જ્ઞાનના બળથી સતત પોતાનું ચિત્ત બાહ્ય પદાર્થોને ન સ્પર્શે અને આત્માથી ભિન્ન કથંચિત્ આત્મા સાથે એકત્વને પામેલ, વળી, દેહ સાથે પણ સંબંધ ન થાય એ પ્રકારે આત્માના શુદ્ધ પારમાર્થિક સ્વરૂપને સ્પર્શનારા ઉપયોગથી વ્યાપૃત હતા. તેથી કાયાને દંશ મારીને તીવ્ર વેદના નિષ્પન્ન કરનાર ચંડકૌશિક પ્રત્યે કે દેહની તીવ્ર પીડા સાથે ભગવાનના ચિત્તનું તે પ્રકારે યોજન થતું ન હતું કે જેથી તે પીડાને અનુરૂપ કે ચંડકૌશિકના વર્તનને અનુરૂપ કોઈ ભાવો થાય પરંતુ નિર્મળકોટિના ચાર જ્ઞાનના બળથી પોતાના આત્માના ભાવોને સૂક્ષ્મ સૂક્ષ્મતર સ્પર્શે તે પ્રકારે સાધનાકાળમાં વીર ભગવાનનું ચિત્ત પ્રવર્તતું હતું. વળી, ભગવાન પ્રત્યેની ભક્તિના અતિશયથી ઇન્દ્રો ભગવાનના ચરણમાં મસ્તકથી સ્પર્શતા હતા છતાં સર્વ ભાવોમાં નિર્લેપ એવું ભગવાનનું ચિત્ત ઇન્દ્રો દ્વારા કરાતી ભક્તિમાં પણ કોઈ રાગાદિ ભાવોને સ્પર્શતું ન હતું પરંતુ બાહ્ય ભાવો પ્રત્યે અત્યંત નિરુત્સુક એવું ભગવાનનું ચિત્ત આત્માના શુદ્ધ ભાવને સ્થિર કરવામાં સદા પ્રવર્તતું હતું. આવા વીર ભગવાનને ગ્રંથકારશ્રી નમસ્કાર કરે છે જેથી સર્વત્ર સમાન પરિણતિવાળા વીર ભગવાન પ્રત્યેની ભક્તિના કારણે પોતાને પણ તેવા પ્રકારના ઉત્તમ ચિત્તની પ્રાપ્તિ થાય. **॥૨॥**

**શ્લોક :-**

**कृतापराधेऽपि जने कृपामन्थरतारयोः ।**
**ईषद्बाष्पार्द्रयोर्भद्रं श्रीवीरजिननेत्रयोः ।।३।।**

**શ્લોકાર્થ :-**

**કરાયેલા અપરાધવાળા પણ જનમાં=લોકમાં, કરાયેલા અપરાધવાળા પણ મનુષ્ય ઉપર કરુણાથી થોડીક નમેલી કીકીઓ છે જેમની અને ઈષત્ બાષ્પથી આર્દ્ર=કંઈક અશ્રુથી આર્દ્ર, એવા શ્રી વીરજિનનાં બે નેત્રોનું કલ્યાણ હો. કૃપાથી થોડીક નમેલી કીકીઓ છે જેમની એવા અને કંઈક કરુણાના ભાવથી આર્દ્ર થયેલ એવા વીર ભગવાનનાં બે નેત્રોનું ભદ્ર થાઓ. ।।૩।।**

**ભાવાર્થ :-**

ભગવાન છદ્મસ્થ અવસ્થામાં વિચરતા હતા ત્યારે કોઈ પ્રયોજન વગર પોતાના તેવા પ્રકારના ક્લિષ્ટ સ્વભાવને કારણે ભગવાનને ઉપસર્ગ કરનાર અપરાધી એવા સંગમાદિ પ્રત્યે ભગવાનને લેશ પણ દ્વેષ થતો નથી પરંતુ જગતના જીવમાત્રના હિતની કામનાવાળા ભગવાનના હૈયામાં તેઓ પ્રત્યે કરુણા પ્રગટે છે અર્થાત્ પોતાનું અહિત કરનાર આ જીવોનું 'શું કરવાથી હિત થાય ?' તેવા પ્રકારની કરાયેલી કરુણાભાવનાથી ભાવિત એવા ભગવાનના હૈયામાં તેઓના હિતની વિચારણા હતી તેથી ભગવાનની બે આંખો કરુણાને કારણે કંઈક આર્દ્ર બને છે. તેવા પ્રકારના ભગવાનના સ્વરૂપનું સ્મરણ કરીને ગ્રંથકારશ્રી કહે છે – ભગવાનનાં તે બે નેત્રોનું ભદ્ર થાઓ=ભગવાનનાં તે બે નેત્રો કલ્યાણને કરનારાં થાઓ. આમ કહીને તેવા નેત્રવાળા ભગવાનને ગ્રંથકારશ્રી નમસ્કાર કરે છે. જે નમસ્કારના બળથી પોતાનામાં પણ ભગવાન જેવી કરુણા ઉત્પન્ન થવાને અનુકૂળ ઉત્તમ પ્રકૃતિ પ્રગટ થાય. **॥૩॥**

**અવતરણિકા :-**

**આ રીતે=પૂર્વના ત્રણ શ્લોકોમાં વીર ભગવાનને નમસ્કાર કરીને, મોક્ષમાર્ગરૂપ યોગને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી તેના શાસ્ત્રની=યોગમાર્ગને કહેનારા શાસ્ત્રની, રચના કરવાની પ્રતિજ્ઞા કરે છે –**

**શ્લોક :-**

**श्रुताम्भोधेरधिगम्य सम्प्रदायाच्च सद्गुरोः ।**
**स्वसम्वेदनतश्चापि योगशास्त्रं विरच्यते ।।४।।**

**શ્લોકાર્થ :-**

**શ્રુતરૂપી સમુદ્રથી, સદ્ગુરુના સંપ્રદાયથી અને વળી, સ્વસંવેદનથી જાણીને=યોગના રહસ્યને જાણીને, યોગશાસ્ત્રની વિરચના કરાય છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ ભગવાનની પરંપરામાં પ્રાપ્ત થયેલ જે શ્રુતરૂપી સમુદ્ર છે તેનો સમ્યગ્ અભ્યાસ કરીને યોગના રહસ્યને પ્રાપ્ત કર્યું છે. વળી, માત્ર સ્વમતિ અનુસાર ગ્રંથો વાંચીને તેનું રહસ્ય પ્રાપ્ત કર્યું નથી પરંતુ જે સદ્ગુરુઓ છે, કે જેઓએ પોતપોતાના પૂર્વના ઉત્તમ પુરુષો પાસેથી યાવત્ સુધર્માસ્વામી પાસેથી તે યોગના અર્થને પ્રાપ્ત કર્યો છે, તે સુગુરુના સંપ્રદાયથી યોગના પરમાર્થને ગ્રંથકારશ્રીએ પ્રાપ્ત કર્યો છે. વળી, અધ્યયનના બળથી અને સુગુરુ પાસેથી યોગના રહસ્યને પામ્યા પછી તેનું પુનઃપુનઃ મનન કરીને તે યોગથી આત્માને તે રીતે ભાવિત કર્યો છે કે જેથી સ્વસંવેદનથી પણ ગ્રંથકારશ્રીને યોગનું રહસ્ય દેખાય છે. તેથી ત્રણ પ્રકારે યોગના પરમાર્થનો નિર્ણય કરીને તે યોગને બતાવનારા તેવા યોગશાસ્ત્રની રચના ગ્રંથકારશ્રી કરે છે. જેથી નક્કી થાય કે આ યોગશાસ્ત્ર સર્વજ્ઞના વચનમાંથી ઉદ્ભવ પામેલું છે, સદ્ગુરુ પાસેથી તેના અર્થનો બોધ ગ્રંથકારશ્રીને થયો છે અને એટલું જ નહિ પણ તેના ભાવનથી ગ્રંથકારશ્રીને તે બોધ સ્વસંવેદનથી પણ તે જ પ્રકારે પ્રતીત થાય છે. જેથી પરિપૂર્ણ યથાર્થ પદાર્થને કહેનાર આ 'યોગશાસ્ત્ર' નામનો ગ્રંથ છે. માટે મોક્ષના અર્થી જીવોએ મોક્ષના ઉપાયભૂત આ યોગશાસ્ત્ર પ્રત્યે અત્યંત ભક્તિને ઉલ્લસિત કરીને તેના પરમાર્થને જાણવા યત્ન કરવો જોઈએ જેથી પોતાને પણ યોગના પરમાર્થની પ્રાપ્તિ થાય. **॥૪॥**

**અવતરણિકા :-**

**યોગના જ માહાત્મ્યને બતાવે છે –**

**શ્લોક :-**

**योगः सर्वविपद्वल्लीविताने परशुः शितः ।**
**अमूलमन्त्रतन्त्रं च कार्म्मणं निर्वृतिश्रियः ।।५।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ વિપત્તિરૂપી વલ્લીના વિસ્તારમાં યોગ શિત પરશુ છે=તીક્ષ્ણ પરશુ છે અને નિર્વૃતિરૂપી શ્રીનું=મોક્ષરૂપી લક્ષ્મીનું, અમૂલમંત્રતંત્રરૂપ કાર્મણ છે=યોગ કાર્મણ છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

સંસાર અવસ્થામાં જીવોને અનેક પ્રકારની માનસિક અસ્વસ્થતા, શારીરિક અસ્વસ્થતા કે અન્ય દ્વારા કરાયેલી આપત્તિરૂપ અસ્વસ્થતા પ્રાપ્ત થાય છે. તે સર્વ આપત્તિઓ રૂપી વેલડીઓનો વિસ્તાર આત્મામાં વર્તતો હોવાના કારણે આત્મા તે તે આપત્તિકાળમાં અસ્વસ્થ થાય છે પરંતુ જે મહાત્માએ યોગના સમ્યગ્ ભાવનથી આત્મામાં ક્ષયોપશમભાવનો યોગ પ્રગટ કર્યો છે તે મહાત્માનો યોગનો પરિણામ સર્વ પ્રકારની આપત્તિઓનું નિવારણ કરે છે; કેમ કે યોગના પરિણામથી હંમેશાં ચિત્ત શાંતરસના પરિણામવાળું હોય છે તેથી માનસિક અસ્વસ્થતા તેવા યોગીઓને પ્રાપ્ત થતી નથી. વળી, શારીરિક અસ્વસ્થતા આપાદક કર્મ ઉદયમાં હોય તો તે પણ યોગના પ્રબળ પ્રભાવથી પુન્યપ્રકૃતિરૂપે રૂપાંતર થાય છે તેથી પ્રાયઃ યોગના માહાત્મ્યથી જ તે આપત્તિનું નિવારણ થાય છે. ક્વચિત્ પૂર્વમાં બંધાયેલ કર્મ અતિબળવાન હોય તોપણ ઉત્તમ એવા યોગના અધ્યવસાયથી તદ્સહવર્તી સોપક્રમ પાપપ્રકૃતિ અપવર્તન પામે છે કે પુન્યપ્રકૃતિરૂપે રૂપાંતર પામે છે. તેથી દેહની પીડા આપાદક કર્મ પણ મંદ સામર્થ્યવાળું થાય છે અને અંતરંગ રીતે યોગથી ભાવિત મતિ હોવાના કારણે તે પીડા જીવને વિહ્વળ કરવા સમર્થ બનતી નથી અને અન્યકૃત બાહ્ય ઉપદ્રવો પણ પ્રાયઃ આવા યોગીઓને પુન્યપ્રકૃતિના કારણે પ્રાપ્ત થતા નથી. ક્વચિત્ કોઈ બળવાન કર્મના કારણે બાહ્ય ઉપદ્રવો પ્રાપ્ત થાય તોપણ યોગના ઉત્તમ અધ્યવસાયથી તે ઉપદ્રવો પણ આત્માને વ્યાકુળ કરી શકતા નથી; કેમ કે યોગીઓનું ચિત્ત યોગના માહાત્મ્યના બળથી બાહ્ય પદાર્થો પ્રત્યે સંગ ન પામે તેવું સ્થિર બને છે. વળી, યોગની પરિણતિવાળું ચિત્ત ઉત્તરઉત્તરના અસંગભાવને સ્પર્શનારું હોય છે તેથી યોગના પ્રકર્ષને પામીને સર્વકર્મ રહિત અવસ્થાને અવશ્ય પ્રાપ્ત કરાવે છે. માટે યોગ, મોક્ષરૂપી લક્ષ્મી માટે મૂળ વગરનું મંત્રતંત્રરૂપ કાર્મણ છે.

આશય એ છે કે સામાન્યથી વૃક્ષનાં મૂળોને મંત્રથી મંત્રિત કરીને કે તંત્રની પ્રક્રિયા દ્વારા વાસિત કરીને કોઈને આપવામાં આવે તો ખાનાર વ્યક્તિને તે વ્યક્તિ પ્રત્યે આકર્ષણ થાય છે. તેથી સંસારના રસિયા જીવો વિશેષ પ્રકારના વૃક્ષના મૂળને મંત્રીને કામણટૂમણ કરે છે. જ્યારે આત્મામાં સ્ફુરાયમાન થતો યોગનો પરિણામ મૂળ વગરનું મંત્ર-તંત્રરૂપ કાર્મણ છે તેથી મોક્ષની પ્રાપ્તિ અવશ્ય કરાવે છે; કેમ કે યોગનો પરિણામ સંસારના સંગના પરિણામનો ઉચ્છેદ કરીને જીવને વીતરાગતા તરફ આકર્ષિત કરે તેવો પરિણામ છે. જે જીવો યોગનાં સૂક્ષ્મ રહસ્યોને જાણીને તેના સેવન દ્વારા વીતરાગતાને પ્રાપ્ત કરે તેઓ ક્રમશઃ કેવળજ્ઞાન પામીને અવશ્ય સર્વકર્મનો ક્ષય કરે છે. **।।૫।।**

**અવતરણિકા :-**

**કારણના ઉચ્છેદ વગર=આપત્તિઓના કારણીભૂત પાપના ઉચ્છેદ વગર, આપત્તિઓ રૂપ કાર્યોના**

ઉચ્છેદની ક્રિયા શક્ય નથી. તેથી વિપત્તિના કારણ એવા પાપના નાશનું હેતુપણું યોગ છે તેને બતાવે છે –

**શ્લોક :-**

**भूयांसोऽपि हि पाप्मानः प्रलयं यान्ति योगतः ।**
**चण्डवाताद् घनघना घनाघनघटा इव ।।६।।**

**શ્લોકાર્થ :-**

**ઘણાં પણ પાપો યોગથી પ્રલયને પામે છે. જેમ ચંડ વાતથી ઘનઘના=અતિઘન એવી, ઘનાઘનઘટા= મેઘની ઘટા, પ્રલયને પામે છે. ।।૬।।**

**ભાવાર્થ :-**

જેમ પ્રચંડ વાયુ અતિઘન એવી પણ મેઘઘટાનો ક્ષણમાં નાશ કરે છે તેમ જિનવચનાનુસાર યોગમાર્ગને સ્પર્શનારો જ્ઞાનનો ઉપયોગ જે મોક્ષની સાથે આત્માને જોડે તેવો યોગનો પરિણામ છે, તેનાથી ભૂતકાળમાં બંધાયેલાં ઘણાં પણ પાપો નાશ પામે છે.

આશય એ છે કે સંસારી જીવોને બાહ્ય પદાર્થને અવલંબીને જે રાગદ્વેષની પરિણતિ થાય છે તેનાથી સર્વ પ્રકારનાં પાપો બંધાય છે અને તે પાપોને કારણે જ સર્વ પ્રકારની આપત્તિઓ સંસારી જીવને પ્રાપ્ત થાય છે. વળી, કોઈ જીવે તેવાં પાપો કરેલા હોય જેના કારણે તે જીવને નરકાદિ પાતની સંભાવના હોય તેવો પણ જીવ કોઈક નિમિત્તથી યોગમાર્ગને અભિમુખ થાય ત્યારે તેને વીતરાગના વચન પ્રત્યે રાગ થાય છે. વળી, વીતરાગના વચન અનુસાર તે તે પ્રવૃત્તિ કરીને વીતરાગભાવને પ્રગટ કરવામાં સદા વ્યાપારવાળો જીવ પૂર્વભવમાં કરાયેલાં ઘણાં પાપોનો અને આ ભવમાં કરાયેલાં ઘણાં પાપોનો ક્ષણમાં નાશ કરીને સર્વ આપત્તિઓથી પોતાનું રક્ષણ કરી શકે છે. માટે કર્મકૃત કદર્થનાથી આત્માના રક્ષણ કરવાના અર્થીએ સદા મોક્ષમાર્ગમાં યત્ન કરવો જોઈએ. **॥૬॥**

**અવતરણિકા :-**

**આ ભવમાં કરાયેલાં પાપો ઘણાં હોય તે તો યોગથી નાશ પામે પરંતુ અનેક ભવોની પરંપરામાં કરાયેલાં પાપોનો પણ યોગ, નાશ કરવા સમર્થ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**क्षिणोति योगः पापानि चिरकालार्ज्जितान्यपि ।**
**प्रचितानि यथैधांसि क्षणादेवाशुशुक्षणिः ।।७।।**

**શ્લોકાર્થ :-**

**ચિરકાલ અર્જિત પણ પાપોને યોગ ક્ષીણ કરે છે. જે પ્રમાણે પ્રચિત પણ ઈન્ધનોને=એકઠાં થયેલાં ઈન્ધનોને, આશુશુક્ષણિ=અગ્નિ, ક્ષણથી જ નાશ કરે છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

સંસારવર્તી જીવો દરેક ભવોમાં ઘણા પ્રકારના આરંભ કરીને પાપકર્મો બાંધે છે અને પાપપ્રવૃત્તિ કરવાના સંસ્કારો આત્મામાં આધાન કરે છે. વળી, પૂર્વભવમાં ઘણાં પાપો કરીને પણ આવેલો કોઈ જીવ કોઈક રીતે યોગમાર્ગનો અર્થી થાય અને પોતાની શક્તિ અનુસાર યોગના રહસ્યને જાણવા પ્રયત્ન કરે તો જિનવચન અનુસાર વીતરાગના વચનથી આત્માને સ્પર્શે તે રીતે યોગમાર્ગને સેવવાનો ઉત્સાહ થાય તેવો બોધ સદ્ગુરુના વચનથી તેને થાય છે. ત્યારપછી જો તે મહાત્મા સ્વભૂમિકા અનુસાર ઉચિત બાહ્ય ક્રિયાનું દૃઢ અવલંબન લે. તો જે જે ભાવોથી પૂર્વમાં પાપો કર્યાં છે તે તે સર્વ ભાવોથી વિરુદ્ધ પરિણામરૂપ યોગનો પરિણામ જેટલા જેટલા અંશમાં આત્મામાં સ્ફુરાયમાન થાય તેટલા તેટલા અંશમાં ઘણા ભવોનાં સંચિત કરાયેલાં કર્મો ક્ષણમાં નાશ પામે છે. જેમ ઇંધનને બાળવા માટે અગ્નિ સમર્થ છે તેમ પાપકર્મોને અને પાપસંસ્કારને નાશ કરવા માટે જીવનો યોગનો પરિણામ સમર્થ છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**યોગના ફલાંતરને કહે છે –**

**શ્લોક :-**

**कफविप्रुण्मलामर्शसर्व्वौषधिमहर्द्धयः ।**
**सम्भिन्नश्रोतोलब्धिश्च यौगं ताण्डवडम्बरम् ।।८।।**

**શ્લોકાર્થ :-**

**યોગના પ્રભાવથી કફ, વિષ્ટા, મલ, આમર્શ=હસ્તાદિનો સ્પર્શ, સર્વ ઔષધિરૂપ મહાન ઋદ્ધિ થાય છે અને સંભિન્ન શ્રોતલબ્ધિ થાય છે જે યોગનું તાંડવડમ્બર છે=યોગનું અત્યંત માહાત્મ્ય છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ જિનવચનાનુસાર બાહ્ય ઉચિતક્રિયાઓ દ્વારા અંતરંગ રીતે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને સદા જિનવચનથી આત્માને ભાવિત કરે છે અને જિનવચનાનુસાર ઉચિતક્રિયાઓ કરીને પણ અંતરંગ રીતે સમભાવના જ કંડકોની વૃદ્ધિ કરે છે તે મહાત્મામાં ત્રણ ગુપ્તિના પરિણામરૂપ પ્રવર્તતો યોગ જેમ ભૂતકાળનાં કર્મોનો નાશ કરે છે તેમ યોગના ઉત્તમ પરિણામના બળથી અનેક લબ્ધિઓ પણ વર્તમાન ભવમાં તે મહાત્મામાં પ્રગટ થાય છે જેથી તે મહાત્માના શરીરમાં કફ આદિ મળો સર્વરોગના નાશને કરે તેવી ઔષધિ બની જાય છે. તેઓના હાથના સ્પર્શથી પણ સંસારી જીવોના રોગો નાશ પામે છે. વળી, તેવા મહાત્માઓમાં અનેક લબ્ધિઓ પ્રગટે છે જેનાથી પોતાનું શરીર અણુ જેટલું નાનું કરવું હોય તો કરી શકે છે અને પર્વત જેટલું વિશાળ કરવું હોય તોપણ કરી શકે તેવી અનેક લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. પાંચેય ઇન્દ્રિયોમાંથી દરેક ઇન્દ્રિયો દ્વારા બધી ઇન્દ્રિયોના વિષયોનું ગ્રહણ થાય તેવી શક્તિ પ્રગટે છે. છતાં

નિઃસ્પૃહ એવા તે મુનિઓ તે શક્તિઓનો ઉપયોગ કરતા નથી. એકમાત્ર આ યોગનો પ્રભાવ છે જેનાથી આવી અદ્ભુત શક્તિઓ જીવમાં પ્રગટે છે. પરમાર્થથી તો યોગ સર્વકર્મનો નાશ કરીને જીવને સદા માટે શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવે છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**વળી, અન્ય પ્રકારની યોગથી થતી શક્તિઓને બતાવે છે –**

**શ્લોક :-**

**चारणाशीविषावधिमनःपर्यायसम्पदः ।**
**योगकल्पद्रुमस्यैता विकासिकुसुमश्रियः ।।९।।**

**શ્લોકાર્થ :-**

**ચારણ, આશીવિષ, અવધિ, મનઃપર્યાયની સંપત્તિરૂપ આ લબ્ધિઓ યોગરૂપી કલ્પદ્રુમની વિકાસી કુસુમરૂપી લક્ષ્મી છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ સંસારથી પરાઙ્મુખ થઈને વીતરાગતાને અભિમુખ થાય છે અને જ્યારે જ્યારે વીતરાગના ગુણોથી તેઓનું ચિત્ત વાસિત થાય છે ત્યારે ત્યારે તેઓની ચિત્તરૂપી ભૂમિમાં યોગનાં બીજોનું આધાન થાય છે અને આ યોગનાં બીજો જ ઉચિત શાસ્ત્રઅધ્યયનાદિની ક્રિયા દ્વારા વિકાસ પામે છે જેમાંથી અંકુરાદિના ક્રમથી વૃક્ષ ઉત્પન્ન થાય છે. તે વખતે તે મહાત્માઓ ત્રણ ગુપ્તિના પ્રકર્ષથી યોગરૂપી વૃક્ષને પલ્લવિત કરવા યત્ન કરે છે અને તેના બળથી તે મહાત્માઓમાં જ્ઞાનાવરણીયાદિના કે વીર્યાંતરાયના ક્ષયોપશમથી અનેક લબ્ધિઓ પ્રગટે છે જે વિકાસ પામેલી કુસુમરૂપ સંપત્તિઓ છે; કેમ કે તે યોગીઓનું ચિત્ત ઘણાં જ્ઞાનાવરણીયાદિ કર્મોનો નાશ કરીને અંતરંગ રીતે મહાવીર્યવાળું થયું છે અને તેના બળથી તેઓને ચારણ, આશીવિષાદિ લબ્ધિઓ અને અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થાય છે અને આ રીતે વિકાસી કુસુમ જેવી લબ્ધિઓ પ્રગટ થયા પછી જેમ વૃક્ષમાં ઉત્તમ ફળો આવે છે તેમ તે મહાત્માને કેવળજ્ઞાન અને મોક્ષરૂપી ફળ ક્રમસર પ્રાપ્ત થાય છે. **॥૯॥**

**અવતરણિકા :-**

**યોગનું કેવળજ્ઞાનરૂપી ફળ બતાવવા દ્વારા ગ્રંથકારશ્રી યોગની સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**अहो योगस्य माहात्म्यं प्राज्यं साम्राज्यमुद्वहन् ।**
**अवाप केवलज्ञानं भरतो भरताधिपः ।।१०।।**

**શ્લોકાર્થ :-**

**અહો ! એ આશ્ચર્ય અર્થમાં છે. અહો યોગનું માહાત્મ્ય !=અહો યોગનો પ્રભાવ ! પુષ્કળ સામ્રાજ્ય વહન કરતો ભરતખંડનો અધિપતિ ભરત કેવળજ્ઞાનને પામ્યો. ||૧૦||**

**ભાવાર્થ :-**

યોગ એ જીવનો મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ રાગરૂપ વ્યાપાર છે અર્થાત્ યોગ પ્રત્યેના રાગથી યોગના વ્યાઘાતક મોહના સંસ્કારનું ઉન્મૂલન કરીને યોગની નિષ્પત્તિને અનુકૂળ જીવનો વ્યાપાર થાય છે અને જેમણે યોગને સેવીને યોગનો પરિણામ અત્યંત સ્થિર કર્યો છે તેવા ભરત મહારાજા છ ખંડના સામ્રાજ્યના ધારક હોવા છતાં, અરીસાભુવનમાં બેઠેલા હોવા છતાં, ઉલ્લસિત થયેલા યોગના બળથી સંપૂર્ણ મોહનું ઉન્મૂલન કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું. તેથી યોગથી જગતમાં કોઈ વસ્તુ અસાધ્ય નથી. આ પ્રકારના પ્રસ્તુત શ્લોકના કથન દ્વારા નિર્ણય કરીને સુખના અર્થી જીવોએ સર્વશક્તિથી યોગની નિષ્પત્તિ માટે અપ્રમાદ સેવવો જોઈએ. **||૧૦||**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ભરત મહારાજા રાજવૈભવને ભોગવતા ભોગવતા યોગના માહાત્મ્યથી કેવળજ્ઞાનને પામ્યા. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે ભરત મહારાજાએ પૂર્વના ઘણા ભવોમાં યોગમાર્ગને સેવીને ઘણી ભૂમિકાને પ્રાપ્ત કરેલી જેથી યોગના માહાત્મ્યથી તત્કાલ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, પરંતુ જેઓએ ક્યારેય પૂર્વના ભવોમાં યોગનો અભ્યાસ કર્યો નથી તેવા પણ જીવો જો યોગનું દૃઢ અવલંબન લે તો તેઓને કેવળજ્ઞાન થઈ શકે કે નહિ તેના સમાધાન માટે કહે છે —**

**શ્લોક :-**

**पूर्वमप्राप्तधर्मापि परमानन्दनन्दिता ।**
**योगप्रभावतः प्राप मरुदेवा परं पदम् ।।११।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વમાં અપ્રાપ્તધર્મવાળાં પણ પરમ આનંદથી નંદિત એવાં મરુદેવા માતા યોગના પ્રભાવથી પરમપદને પામ્યાં. ||૧૧||**

**ભાવાર્થ :-**

યોગની પ્રાપ્તિ કર્મના પ્રાચુર્યને કારણે દુષ્કર છે. વસ્તુતઃ યોગનો પરિણામ એ જીવનો સ્વભાવભૂત પરિણામ છે છતાં કર્મના પ્રાચુર્યને કારણે મોટાભાગના જીવોને યોગને અભિમુખ ભાવની પણ પ્રાપ્તિ થતી નથી. આમ છતાં, જે જીવોનાં જેટલા અંશમાં કર્મ શિથિલ થાય છે તે જીવો તેટલા અંશમાં યોગને અભિમુખ બને છે અને યોગને અભિમુખ થયેલા જીવો અંતરંગ રીતે મહાપરાક્રમવાળા થાય તો ક્ષણમાં મોહનો નાશ

કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. આથી જ પૂર્વભવમાં ક્યારેય ધર્મ પ્રાપ્ત કર્યો નથી એટલું જ નહિ પણ પૂર્વભવમાં ત્રસપણું પણ પ્રાપ્ત કર્યું નથી તેવાં મરુદેવા માતા પરમાત્માની યોગની મુદ્રાને જોઈને અત્યંત આનંદિત થયાં જેના કારણે મોહના ઉન્મૂલનને અનુકૂળ મહાપરાક્રમરૂપ યોગ અલ્પક્ષણોમાં પ્રકર્ષને પામીને મરુદેવા માતાને મોક્ષની પ્રાપ્તિનું કારણ બન્યો. તેથી એ ફલિત થાય કે યોગથી જગતમાં કોઈ વસ્તુ અસાધ્ય નથી; કેમ કે સર્વ પ્રકારની સમૃદ્ધિઓ અને અંતે મોક્ષફળની પ્રાપ્તિનું કારણ યોગનું સેવન જ છે. માટે સુખના અર્થી જીવોએ યોગના માહાત્મ્યને હૈયામાં સ્થિર કરીને 'યોગ' એ પ્રકારના બે અક્ષરનું સદા સ્મરણ કરવું જોઈએ જેના બળથી યોગના સેવનનો ઉત્સાહ પ્રગટ થાય. વળી, શક્તિ અનુસાર ઉચિત યત્ન કરીને યોગના રહસ્યને જાણવા યત્ન કરવો જોઈએ અને જીવનમાં સેવવા યત્ન કરવો જોઈએ જેથી સર્વ પ્રકારના સુખની પ્રાપ્તિ થાય. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**'નનુ'થી શંકા કરે છે. જેઓએ જન્માંતરમાં ક્રૂર કર્મો કર્યાં નથી તેવા મરુદેવાદિ જીવોને યોગના સેવનથી કર્મોનો ક્ષય યુક્ત છે પરંતુ જેઓ અત્યંત ક્રૂર કર્મો કરનાર છે તેવા જીવોમાં યોગ કુંઠતાને પણ પ્રાપ્ત કરશે અર્થાત્ તેઓનાં ક્રૂર કર્મોનો નાશ કરવા માટે યોગ અસમર્થ બનશે. આ પ્રકારની શંકાના નિવારણ અર્થે કહે છે –**

**શ્લોક :-**

**ब्रह्मस्त्रीभ्रूणगोघातपातकान्नरकातिथेः ।**
**दृढप्रहारिप्रभृतेर्योगो हस्तावलम्बनम् ।।१२।।**

**શ્લોકાર્થ :-**

**બ્રહ્મ=બ્રાહ્મણ, સ્ત્રી, બાળક અને ગાયના ઘાતથી પાપને પ્રાપ્ત કરવાના કારણે નરકના અતિથિ એવા દઢપ્રહારી વગેરે મહાત્માઓને યોગ હસ્તાવલંબન છે=દુર્ગતિમાંથી પડતા જીવને હાથના અવલંબનથી રક્ષણ કરનાર છે. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

દઢપ્રહારી વર્તમાનના ભવમાં અત્યંત ક્રૂર, ઘાતકી લુંટારા હતા. સામાન્યથી વ્યવહારમાં બ્રાહ્મણની હિંસા, સ્રીની હિંસા, બાળકની હિંસા અને ગાયની હિંસા અધિક પાપ કહેવાય છે અને તેવાં જ પાપો દઢપ્રહારીએ વર્તમાનના ભવમાં કરેલાં હતાં. તેથી તે પાપના બળથી દઢપ્રહારીને અવશ્ય નરકની જ પ્રાપ્તિ થાય તેમ હતું. આમ છતાં, બાળકના તરફડાટને જોઈને કંઈક દયાળુ ચિત્ત પ્રગટ થયું, પોતાના પાપ પ્રત્યે જુગુપ્સા થઈ અને પાપની શુદ્ધિ અર્થે સંયમ ગ્રહણ કરીને ત્રણ ગુપ્તિના બળથી વીતરાગગામી ઉપયોગરૂપ યોગનું સેવન તે મહાત્માએ કર્યું, જે યોગનું સેવન નરકમાં પડતા એવા દઢપ્રહારીને હાથનું અવલંબન આપીને દુર્ગતિમાં પાતથી રક્ષણ કરે છે. તેથી ક્રૂરકર્મવાળા જીવો પણ અવશ્ય યોગના સેવનથી સુરક્ષિત થઈ શકે છે.

માટે યોગના માહાત્મ્યને બુદ્ધિમાં સ્થિર કરીને સુખના અર્થી જીવે સદા સર્વસુખની પરંપરાના કારણીભૂત એવા યોગનું જ નિત્ય સ્મરણ કરવું જોઈએ. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**વળી, ઉદાહરણ દ્વારા યોગની શ્રદ્ધાની જ વૃદ્ધિ કરે છે –**

**શ્લોક :-**

**तत्कालकृतदुष्कर्मकर्मठस्य दुरात्मनः ।**
**गोप्त्रे चिलातीपुत्रस्य योगाय स्पृहयेन्न कः ।।१३।।**

**શ્લોકાર્થ :-**

**તત્કાલ કરાયેલા દુષ્કર્મ વડે કર્મઠ=શૂરવીર, એવા દુરાત્મા ચિલાતીપુત્રનું રક્ષણ કરનાર યોગની કોણ સ્પૃહા ન કરે ? અર્થાત્ બુદ્ધિમાન અવશ્ય તેની સ્પૃહા કરે. ॥૧૩॥**

**ભાવાર્થ :-**

ચિલાતીપુત્ર અત્યંત પાપ કરનાર હતા અને અનેક ચોરીઓ કરીને અને સ્ત્રીહત્યા કરીને ક્રૂર પરિણામવાળા થયેલા. છતાં મહાત્માને જોઈને તત્ત્વની જિજ્ઞાસાથી મહાત્માને તત્ત્વ પૂછે છે. મહાત્મા ઉપશમ, વિવેક અને સંવર ત્રણ શબ્દો કહીને આકાશમાં લબ્ધિથી ચાલ્યા જાય છે. તે શબ્દોને સાંભળીને તે શબ્દોના પરમાર્થને સ્પર્શે તે પ્રકારના ઉપયોગપૂર્વક સતત ધ્યાનમાં ઊભેલા ચિલાતીપુત્ર 'વિવેક' શબ્દથી દેહાદિ પ્રત્યેના ભેદ-જ્ઞાનને, 'ઉપશમ' શબ્દથી કષાયોના ઉપશમને અને 'સંવર' શબ્દથી મન-વચન-કાયાની ગુપ્તિના પરિણામને ગ્રહણ કરીને સતત તે ત્રણ શબ્દોના સૂક્ષ્મ-સૂક્ષ્મતર ભાવોને સ્પર્શે તે પ્રકારે આત્માને ભાવિત કરે છે જેના કારણે ઉત્તરોત્તર યોગની ભૂમિકાને સ્પર્શીને તે મહાત્મા અંતરંગ સંવરાદિ પરિણામવાળા યોગના બળથી પાપકર્મથી સુરક્ષિત બને છે. તેથી પાપીજીવોને પણ રક્ષણ કરનાર એવા યોગની કોણ બુદ્ધિમાન સ્પૃહા ન કરે ? અર્થાત્ બુદ્ધિમાને સદા તેની સ્પૃહા કરવી જોઈએ. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**ફરીથી યોગની જ સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**तस्याजननिरेवास्तु नृपशोर्मोघजन्मनः ।**
**अविद्धकर्णो यो योग इत्यक्षरशलाकया ।।१४।।**

**શ્લોકાર્થ :-**

**જે પુરુષ 'યોગ' એ પ્રકારની અક્ષરરૂપી શલાકાથી અવિદ્ધકર્ણવાળો છે તે નિષ્ફળ જન્મવાળા મનુષ્યરૂપી પશુનો અજન્મ જ હો. ॥૧૪॥**

**ભાવાર્થ :-**

'યોગ' એ પ્રકારના અક્ષરરૂપી શલાકાથી જે પુરુષના કર્ણો વીંધાયા છે અર્થાત્ જે પુરુષને યોગના સ્વરૂપના જ્ઞાનને કારણે સતત 'યોગ' એ પ્રકારના શબ્દો ચિત્તમાં સ્ફુરાયમાન થાય છે અને રાગપૂર્વક યોગ-સેવનની વૃત્તિ થાય છે તે પુરુષ 'યોગ' એ પ્રકારના અક્ષરરૂપી શલાકાથી વીંધાયેલા કર્ણવાળો છે અને જેને યોગ શબ્દના પરમાર્થનું જ્ઞાન પ્રાપ્ત થયું નથી તેવા અવિદ્ધકર્ણવાળા મનુષ્યરૂપી પશુનો જન્મ નિષ્ફળ છે અર્થાત્ જેમ પશુનો જન્મ કેવળ ભવ પૂર્ણ કરવા માટે જ હોય છે પરંતુ આત્માનું હિત સાધવા માટે ઉપયોગી નથી તેમ યોગ શબ્દના પારમાર્થિક બોધ વિનાના મનુષ્યનો જન્મ આત્માનું હિત સાધવા માટે ઉપયોગી નથી. તેથી તેવા મનુષ્યોનો જન્મ વાસ્તવિક ન થાય તે જ ઉચિત છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**વળી, શ્લોકના પૂર્વાર્ધથી યોગની સ્તુતિ કરીને ઉત્તરાર્ધથી તેનું સ્વરૂપ ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**चतुर्वर्गेऽग्रणीर्मोक्षो योगस्तस्य च कारणम् ।**
**ज्ञानश्रद्धानचारित्ररूपं रत्नत्रयं च सः ।।१५।।**

**શ્લોકાર્થ :-**

**ચાર વર્ગમાં=ચાર પ્રકારના પુરુષાર્થરૂપ સમૂહમાં, અગ્રણી મોક્ષ છે તેનું કારણ યોગ છે અને તે=યોગ, જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રરૂપ રત્નત્રય સ્વરૂપ છે. ।।૧૫।।**

**ભાવાર્થ :-**

જીવને માટે પ્રયત્નથી જે સાધ્ય હોય તે ચાર પ્રકારના પુરુષાર્થ છે અને તે અર્થ, કામ, ધર્મ અને મોક્ષરૂપ છે. તે ચારેય પુરુષાર્થોમાં મુખ્ય પુરુષાર્થ મોક્ષ છે અને તેનું કારણ યોગ છે=મોહથી અનાકુળ એવી જીવની ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જ્ઞાનની પરિણતિરૂપ યોગ છે અને તે યોગ આત્માના પારમાર્થિક સ્વરૂપના કંઈક અંશથી બોધ સ્વરૂપ છે. વળી, આત્માના નિરાકુળ સ્વરૂપની પ્રાપ્તિ કરવાના અભિલાષરૂપ શ્રદ્ધા સ્વરૂપ છે અને તે યોગ આત્માના નિરાકુળ સ્વરૂપમાં કંઈક અંશથી વિશ્રાંતિ કરવા રૂપ ચારિત્ર સ્વરૂપ પણ છે.

અહીં વિશેષ એ છે કે જીવને અર્થ ઇષ્ટ છે તેથી અર્થ માટે પ્રયત્ન કરે છે પરંતુ અર્થોપાર્જનનું સ્વરૂપ ક્લેશવાળું છે, રક્ષણ પણ ક્લેશવાળું છે અને તે પ્રાપ્ત થયા પછી કોઈક રીતે તેનો નાશ થાય તો તેનાથી પણ દુઃખ ઉત્પન્ન થાય છે. વળી, ભોગાદિમાં પણ તેનો વ્યય થાય છે. આ સર્વ પ્રકારના દુઃખથી યુક્ત ધન હોવાના કારણે જીવથી ઇચ્છાતું પણ ધન સર્વ પુરુષાર્થમાં અગ્રણી નથી અર્થાત્ જીવને માટે અત્યંત આદરણીય નથી. વળી, કામ એ ભોગની પ્રવૃત્તિથી થતા સુખના અંશવાળો છે તોપણ તેનાથી જીવ શ્રાંત થાય છે તેથી વિરસ અંતવાળો છે અને કામના સેવન દ્વારા બંધાયેલા પાપથી દુર્ગતિની પ્રાપ્તિ થાય છે માટે પણ કામ ક્લેશવાળો હોવાથી જીવને અત્યંત ઇષ્ટ નથી. તેથી સર્વ પુરુષાર્થમાં અગ્રણી કામ નથી. વળી,

આત્મામાં બંધાતા પુન્યકર્મના કારણરૂપ ધર્મ પણ આલોક અને પરલોકના સુખનું કારણ હોવા છતાં અને ભવભ્રમણનો હેતુ હોવા છતાં જીવને માટે અત્યંત સુખાકારી નથી આ પ્રકારે ગ્રંથકારશ્રીએ ટીકામાં કહ્યું છે.

તેથી એ ફલિત થાય કે પુન્યબંધના કારણીભૂત જે પ્રશસ્ત રાગ-દ્વેષ છે તે ધર્મસ્વરૂપ છે અને તેનાથી સદ્ગતિઓની પરંપરા થાય છે. આમ છતાં તે ધર્મ પણ જીવને અત્યંત ઇષ્ટ નથી. માટે ચાર પુરુષાર્થમાં અગ્રણી ધર્મ નથી પણ મોક્ષ મુખ્ય પુરુષાર્થ છે. જે જે અંશથી મોહનો પરિણામ નાશ પામે છે તે તે મોહના વિગમનથી થયેલો જીવનો જે પરિણામ છે તે યોગ છે અને તે મોક્ષનું કારણ છે. વળી, આ યોગને પણ અપેક્ષાએ શાસ્ત્રકારોએ ધર્મરૂપે સ્વીકારેલ છે. આથી જ ધર્મ બે પ્રકારનો કહેવાયો છે : સાશ્રવધર્મ અને નિરાશ્રવધર્મ. સાશ્રવધર્મ પુન્યબંધનું કારણ છે અને નિરાશ્રવધર્મ કર્મની નિર્જરા કરાવીને મોક્ષનું કારણ છે. તેમ છતાં ગ્રંથકારશ્રીએ નિરાશ્રવધર્મને યોગરૂપે ગ્રહણ કરેલ છે અને સાશ્રવધર્મને ભવભ્રમણનો હેતુ કહીને જીવને માટે અત્યંત આદરણીય નથી તેમ કહેલ છે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૫માં કહ્યું કે મોક્ષનું કારણ એ જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્રરૂપ યોગ છે. તેથી પ્રથમ જ્ઞાનનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**यथावस्थिततत्त्वानां संक्षेपाद् विस्तरेण वा ।**
**योऽवबोधस्तमत्राहुः सम्यग्ज्ञानं मनीषिणः ।।१६।।**

**શ્લોકાર્થ :-**

**યથાવસ્થિત તત્ત્વોનો=જે પ્રમાણે સર્વજ્ઞએ નય અને પ્રમાણદષ્ટિથી જીવાદિ તત્ત્વોને કહ્યાં છે તે સ્વરૂપે તત્ત્વોનો, સંક્ષેપથી કે વિસ્તારથી જે અવબોધ છે તેને અહીં=યોગમાર્ગના સ્વરૂપમાં, સમ્યગ્જ્ઞાન મનીષીઓ કહે છે. ।।૧૬।।**

**ભાવાર્થ :-**

મોક્ષના ઉપાયરૂપે ભગવાને જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ સાત તત્ત્વોનું જ્ઞાન આવશ્યક છે તેમ કહ્યું છે અને તે જ પ્રમાણે જીવાદિ સાતેય તત્ત્વોનું યથાર્થ જ્ઞાન હોય તો જીવ પોતાના આત્માને ઉદ્દેશીને હિતમાં પ્રવૃત્તિ અને અહિતમાંથી નિવૃત્તિ કરી શકે છે. વળી, જે જીવોને આ સાતેય તત્ત્વોનું પ્રવૃત્તિ-નિવૃત્તિમાં ઉપયોગી થઈ શકે તેવું જ્ઞાન છે તે જીવોને સમ્યગ્જ્ઞાન છે અને આ સમ્યગ્જ્ઞાન ક્ષયોપશમવિશેષથી કેટલાક જીવોને સંક્ષેપમાં હોય છે અને કોઈકને વિસ્તારથી હોય છે. જે જીવોને સંક્ષેપથી છે તે જીવો પોતાના સંક્ષેપ બોધ અનુસાર અને પોતાની શક્તિ અનુસાર આશ્રવના રોધ માટે અને સંવરને પ્રગટ કરવા માટે ઉચિત યત્ન કરે છે અને જે જીવોને આ સાતે તત્ત્વોનો વિસ્તારથી બોધ છે તેઓ પોતાના બોધ અનુસાર વિશેષથી આશ્રવના રોધ માટે અને વિશેષથી સંવરને અતિશયિત કરવા યત્ન કરે છે. વળી,

આ સાતેય તત્ત્વોનો અતિ વિસ્તારથી બોધ ચૌદ પૂર્વ સુધીનો છે; કેમ કે આ સાતેય તત્ત્વોના વિસ્તારરૂપ જ ચૌદ પૂર્વ છે અને જેઓને જેટલો વિસ્તારથી બોધ છે તેઓ પોતાના સૂક્ષ્મબોધ અનુસાર વિશેષથી આશ્રવના ત્યાગ માટે અને સંવરને અતિશયિત કરવા માટે યત્ન કરી શકે છે. વળી, આ સાતેય તત્ત્વોમાં મોક્ષ એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે તેવો સમ્યગ્બોધ થાય તો તેની પ્રાપ્તિ માટે ઉત્કૃષ્ટ ઇચ્છા થાય છે અને તેની પ્રાપ્તિ માટેનો યત્ન સંવર છે, જે જીવના પરિણામ સ્વરૂપ છે અને તે સંવરના પરિણામથી આત્મામાં રહેલા કર્મોની નિર્જરા થાય છે અર્થાત્ કર્મ આત્માથી પૃથક્ થાય છે અને સર્વ કર્મોનો નાશ થાય ત્યારે મોક્ષ થાય છે.

વળી, આશ્રવ એ જીવનો પરિણામ છે અને કર્મબંધ દ્વારા ચાર ગતિના પરિભ્રમણનું કારણ છે. તેથી વિવેકસંપન્ન જીવ આશ્રવનો સૂક્ષ્મબોધ કરીને આશ્રવને દૂર કરવા યત્ન કરે છે જેથી બંધ અટકે છે અને બંધ નહિ થવાથી સંસારનું પરિભ્રમણ અટકે છે. તેથી એ ફલિત થાય કે જીવના પ્રયત્નનો સાક્ષાત્ વિષય આશ્રવ કે સંવર છે. આશ્રવના પરિણામથી બંધ દ્વારા સંસાર વૃદ્ધિ પામે છે અને સંવરના યત્ન દ્વારા કર્મની નિર્જરા થાય છે અને સર્વ કર્મની નિર્જરા થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. વળી, આશ્રવનો પરિણામ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ સ્વરૂપ છે જેના બળથી કર્મ બંધાય છે અને સંસારની ઉત્પત્તિ થાય છે. તેથી સંસારની કદર્થનાથી નિવર્તન અર્થે મહાત્મા મિથ્યાત્વાદિ પાંચ ભાવોનો સ્વશક્તિ અનુસાર સૂક્ષ્મબોધ કરીને સતત તેના પ્રત્યે દ્વેષ થાય તેવો યત્ન કરે છે જેથી તે ઉપયોગના બળથી જ ક્રમસર મિથ્યાત્વાદિ ભાવો ક્ષીણ ક્ષીણતર થાય છે અને જે જે અંશથી જે જે ભાવો દૂર થાય તે તે અંશથી આશ્રવનો ત્યાગ થાય છે.

વળી, મોક્ષના અર્થી જીવો મોક્ષના ઉપાયભૂત સંવરના પરિણામમાં યત્ન કરે છે અને સંવરનો પરિણામ ત્રણ ગુપ્તિના પરિણામ સ્વરૂપ છે. તેથી ત્રણ ગુપ્તિના અર્થી મહાત્માઓ દશ પ્રકારના યતિધર્મને સ્વશક્તિ અનુસાર યથાર્થ જાણીને તે દશ પ્રકારના યતિધર્મથી આત્માને ભાવિત કરે છે. જેનાથી સ્વભૂમિકા અનુસાર તે યતિધર્મના પરિણામો ક્ષયોપશમભાવ રૂપે પોતાનામાં પ્રગટ થાય અને પ્રગટ થયેલા હોય તો ઉત્તરોત્તર ક્ષયોપશમભાવની વૃદ્ધિ દ્વારા સ્થિર થાય. આ પ્રકારના રાગ-દ્વેષના પરિણામને સંસારના ઉચ્છેદમાં અને મોક્ષને પ્રાપ્ત કરવામાં જે મહાત્મા સતત પ્રવર્તાવી શકે છે તેઓ પોતાના દ્વેષ દ્વારા ક્રમસર આશ્રવોનું ઉન્મૂલન કરે છે અને પોતાના રાગ દ્વારા ક્રમસર સંવરની વૃદ્ધિ કરે છે; જેથી તે મહાત્માઓનું અહિતથી રક્ષણ અને હિતની પ્રાપ્તિને અનુકૂળ વ્યાપાર સદા પ્રવર્તે છે. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**रुचिर्जिनोक्ततत्त्वेषु सम्यक्श्रद्धानमुच्यते ।**
**जायते तन्निसर्गेण गुरोरधिगमेन वा ।।१७।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાને કહેલાં તત્ત્વોમાં રુચિ સમ્યગ્શ્રદ્ધા કહેવાય છે. તે=સમ્યગ્ શ્રદ્ધાન, નિસર્ગથી અથવા ગુરુના અધિગમથી=ઉપદેશથી, થાય છે. ।।૧૭।।**

**ભાવાર્થ :-**

સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોવાથી જે જીવો સંસારથી કંઈક વિમુખ ભાવવાળા થયા છે અને તેને કારણે જો તેઓને આત્માની પારમાર્થિક હિતચિંતા વિષયક સમ્યગ્ ઊહ થાય તો આત્માના હિતને અનુકૂળ બોધના આવારક કર્મનો ક્ષયોપશમ થાય છે જેનાથી જગતના પદાર્થો જે રીતે ભગવાને કહ્યા છે તે રીતે તે જીવને નિસર્ગથી જણાય છે, તે નિસર્ગથી સમ્યગ્દર્શન છે. વળી, કેટલાક જીવોને સંસારનું કંઈક વાસ્તવિક સ્વરૂપ દેખાવાથી તત્ત્વને અભિમુખ ભાવ થાય છે તોપણ સર્વજ્ઞએ જે પ્રકારે તત્ત્વો બતાવ્યાં છે તે પ્રકારે તત્ત્વને જોવા માટે તે જીવોના તત્ત્વનાં આવારક કર્મોનો ક્ષયોપશમ થતો નથી છતાં યોગ્ય ઉપદેશકના સંપર્કથી સર્વજ્ઞના વચનાનુસાર તત્ત્વોને સાંભળે તો જે પ્રકારે ભગવાને જીવાદિ તત્ત્વો કહ્યાં છે તે પ્રકારે જ તે જીવોને તે તત્ત્વોનો બોધ થાય છે. તેના કારણે સર્વજ્ઞએ કહેલા વચનાનુસાર તે જીવોને હિતમાં પ્રવૃત્તિ કરવાની અને અહિતથી નિવૃત્તિ કરવાની ઉત્કૃષ્ટ ઇચ્છા થાય છે. તેથી તેવા જીવોને ગુરુના ઉપદેશથી સમ્યગ્દર્શન થાય છે.

અહીં વિશેષ એ છે કે ભગવાનનું વચન આશ્રવના ત્યાગનો ઉપદેશ આપે છે અને સંવરના સેવનનો ઉપદેશ આપે છે અને જે જીવોને સ્વાભાવિક નિર્મળદૃષ્ટિ પ્રગટી છે તે જીવોને મોહથી થનારી પ્રવૃત્તિ અસાર જણાય છે અને મોહથી અનાકુળ અવસ્થા સારભૂત જણાય છે. આથી જ મોહથી અનાકુળ અવસ્થા પ્રત્યે સારભૂત બુદ્ધિને કારણે મરુદેવા માતા મોહના ત્યાગ માટેનો સૂક્ષ્મ યત્ન કરીને કેવળજ્ઞાનને પામ્યાં. તેમ, જે જીવોને સ્વભાવિક રીતે મોહથી અનાકુળ અવસ્થા સારભૂત જણાય છે તે જીવોને આત્માના સમભાવના પરિણામ પ્રત્યે સૂક્ષ્મબોધપૂર્વક ઉત્કૃષ્ટ રાગ થાય છે તેથી તે જીવોને નિસર્ગથી સમ્યક્ત્વ થાય છે અને જે જીવોને ગુરુના ઉપદેશ દ્વારા મોહથી અનાકુળ અવસ્થા પ્રત્યે ઉત્કૃષ્ટ રાગ થાય છે તેઓને અધિગમથી સમ્યક્ત્વ થાય છે. **।।૧૭।।**

**અવતરણિકા :-**

**ત્રીજા ચારિત્રરત્નને બતાવે છે –**

**શ્લોક :-**

**सर्वसावद्ययोगानां त्यागश्चारित्रमिष्यते ।**
**कीर्त्तितं तदहिंसादिव्रतभेदेन पञ्चधा ।।१८।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ સાવધયોગોનો ત્યાગ ચારિત્ર ઈચ્છાય છે. તે=ચારિત્ર, અહિંસાદિ વ્રતના ભેદથી પાંચ પ્રકારનું કહેવાયું છે. ।।૧૮।।**

**ભાવાર્થ :-**

આત્મા જ્યાં સુધી દેહધારી છે અને જ્યાં સુધી મોહનીયકર્મ ઉદયમાં વર્તે છે ત્યાં સુધી જો જિનવચનનું દૃઢ અવલંબન લઈને વ્યાપાર કરવામાં ન આવે તો અંતરંગ મોહના પરિણામના કારણે સર્વ સાવદ્ય પ્રવૃત્તિ કરાવે તેવી પરિણતિ વર્તે છે અને તે પરિણતિના કારણે સંયોગાનુસાર જીવ સાવદ્ય પ્રવૃત્તિઓ કરે છે પરંતુ જે મહાત્માઓને સંવરભાવ આત્માને એકાંત હિત કરનાર છે તેવી સ્થિરબુદ્ધિ થઈ છે તેઓ અંતરંગ સાવદ્યયોગના કારણીભૂત પરિણતિના નિરોધ અર્થે સંસારના કારણીભૂત એવી સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને સંવરભાવની અતિશયતાનું કારણ એવી જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરે છે. આથી તેઓ બાહ્યથી સર્વ સાવદ્યયોગની નિવૃત્તિ કરે છે અને અંતરંગ સાવદ્યયોગની કારણીભૂત પરિણતિનો નિરોધ કરે છે તે ચારિત્ર છે અને સાવદ્યયોગની નિવૃત્તિ અહિંસાદિ વ્રતના ભેદથી પાંચ પ્રકારે છે જે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**સાધુના મૂળ ગુણોને બતાવે છે –**

**શ્લોક :-**

**अहिंसासूनृताऽस्तेयब्रह्मचर्याऽपरिग्रहाः ।**
**पञ्चभिः पञ्चभिर्युक्ता भावनाभिर्विमुक्तये ।।१९।।**

**શ્લોકાર્થ :-**

**અહિંસા, સૂનૃત=મૃષાવાદનો ત્યાગ, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ મૂળગુણો પાંચ-પાંચ ભાવનાઓથી યુક્ત મોક્ષને માટે થાય છે. ।।૧૯।।**

**ભાવાર્થ :-**

સાધુ સંસારથી અત્યંત ભય પામેલા હોય છે. તેથી મન, વચન અને કાયાના યોગોને બાહ્ય નિમિત્તોથી અત્યંત સંવૃત કરીને અને જિનવચનથી નિયંત્રિત કરીને સદા ગુપ્ત રહેવા યત્ન કરે છે જેથી પોતાના ભાવપ્રાણોનું રક્ષણ થાય અર્થાત્ પોતાના વિદ્યમાન એવા રાગ-દ્વેષના પરિણામો વીતરાગતાને અભિમુખ પ્રવર્તે અર્થાત્ રાગ વીતરાગના વચનથી ભાવિત થઈને સમભાવમાં જવા વ્યાપારવાળો થાય અને દ્વેષ અસમભાવ પ્રત્યે જુગુપ્સા કરીને અસમભાવથી આત્માનું રક્ષણ કરવા પ્રવર્તે. આવા મહાત્મા સંયમવૃદ્ધિના પ્રયોજનથી કોઈ ક્રિયા કરે ત્યારે કંટક આકીર્ણ ભૂમિમાં ગમન કરનાર પુરુષની જેમ અત્યંત યતનાપૂર્વક પ્રવૃત્તિ કરે છે જેથી; સર્વ જીવો પ્રત્યે સમભાવવાળું ચિત્ત કોઈની હિંસા ન થાય તે પ્રકારે યતનાપૂર્વક પ્રવર્તે છે જે અહિંસા મહાવ્રતને અનુકૂળ ઉચિત યતના છે.

વળી, સાધુ સદા ગુપ્ત થઈને આત્માને વીતરાગના વચનથી ભાવિત કરે છે છતાં સંયમના પ્રયોજનથી કે કોઈ યોગ્ય જીવોના ઉપકારના પ્રયોજનથી બોલવાનો પ્રસંગ આવે તો અંતરંગ રીતે ક્યાંય કષાયનો

પરિણામ ન સ્પર્શે તે રીતે જિનવચનાનુસાર ઉચિત વચન પ્રયોગ કરે છે જે સૂનૃતરૂપ બીજું મહાવ્રત છે.

વળી, સાધુ સર્વ પ્રકારની ઉપધિનો ત્યાગ કરીને કેવલ સંયમની વૃદ્ધિના ઉપાય રૂપે દેહને ધારણ કરે છે અને ધર્મના ઉપકરણને ધારણ કરે છે અને તે દેહનો અને ધર્મના ઉપકરણનો ધર્મની વૃદ્ધિમાં જ ઉપયોગ કરે છે. તેવા મહાત્માને સંયમના પ્રયોજનથી નિર્દોષ વસ્તી, નિર્દોષ વસ્ત્ર, નિર્દોષ આહાર વિધિપૂર્વક ગ્રહણ કરવાની ભગવાને અનુજ્ઞા આપી છે અને ગ્રહણ કરાયેલા આહાર, વસ્તી દ્વારા સાધુ શાસ્ત્રવચનથી ભાવિત થઈને સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે તેથી તેઓને તીર્થંકર અદત્ત આદિ દોષની પ્રાપ્તિ થતી નથી. વળી, જેઓ તે પ્રકારે આહાર, વસ્તી આદિમાં યત્ન કરતા નથી તેઓને તીર્થંકર અદત્ત આદિ અદત્તદાનની પ્રાપ્તિ થાય છે એ પ્રકારે સ્મરણ કરીને જે મહાત્મા તીર્થંકર અદત્ત આદિના પરિહાર માટે ઉચિત યતના કરે છે તે મહાત્માઓને અસ્તેય નામનું ત્રીજું મહાવ્રત છે.

વળી, છદ્મસ્થ અવસ્થામાં સર્વ જીવો ક્ષપકશ્રેણિના કે ઉપશમ શ્રેણિના નવમા ગુણસ્થાનકની પૂર્વે વેદના ઉદયવાળા છે તેથી કામની વૃત્તિ નિમિત્તોને પામીને પ્રજ્વલિત થાય છે. સાક્ષાત્ ભોગની ઇચ્છા ન થાય તોપણ સ્ત્રી આદિના શબ્દોના શ્રવણથી, હાવભાવાદિના દર્શનથી કંઈક લાગણીના પરિણામરૂપ અબ્રહ્મનો પરિણામ થવાની સંભાવના રહે છે. તેથી સાધુ બ્રહ્મચર્યની નવ ગુપ્તિના પરમાર્થને જાણીને તે રીતે સદા ગુપ્ત રહેવા યત્ન કરે છે જેથી ચોથા મહાવ્રતમાં લેશ પણ વિકારકૃત મ્લાનિ ન થાય. આવા પ્રકારનો સાધુનો અંતરંગ અને બહિરંગ ઉચિત યત્ન તે ચોથું બ્રહ્મચર્ય મહાવ્રત છે.

વળી, સાધુ શુદ્ધ આત્મદ્રવ્યને પ્રગટ કરવા અર્થે અને તેના ઉપાયભૂત ઉત્તમભાવો કરવા અર્થે સહાયક એવાં વસ્ત્ર, પાત્ર કે દેહને છોડીને સર્વ વસ્તુનો ત્યાગ કરે છે અને દેહાદિ કે ઉપધિ આદિ પ્રત્યે પણ મમત્વ ન થાય તે રીતે આત્માને સદા ભાવિત કરે છે તે પાંચમું અપરિગ્રહ મહાવ્રત છે અને આ પાંચ મહાવ્રતોનો પરિણામ સ્થિર કરવા અર્થે મહાત્મા એક એક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓથી આત્માને સદા તે રીતે ભાવિત રાખે છે જેથી તે પાંચ મહાવ્રતો ઉત્તરોત્તર ક્ષયોપશમ ભાવની વૃદ્ધિને પામીને ક્ષાયિક ભાવનું કારણ બને. આ રીતે સેવાયેલાં મહાવ્રતો સર્વકર્મથી રહિત એવી મુક્તિની પ્રાપ્તિનું કારણ બને છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**પહેલા અહિંસા મહાવ્રતને કહે છે –**

**શ્લોક :-**

**न यत् प्रमादयोगेन जीवितव्यपरोपणम् ।**

**त्रसानां स्थावराणां च तदहिंसाव्रतं मतम् ।।२०।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાદના યોગથી ત્રસ અને સ્થાવર જીવોના જીવિતનું વ્યપરોપણ નથી તે અહિંસાવ્રત મનાયું છે. ।।૨૦।।**

**ભાવાર્થ :-**

પ્રમાદ આઠ પ્રકારનો છે : અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ, દ્વેષ, સ્મૃતિભ્રંશ, યોગદુષ્પ્રણિધાન અને ધર્મમાં અનાદર. તે આઠ પ્રકારના પ્રમાદથી અન્ય જીવોનો જે નાશ થાય છે અર્થાત્ સ્થાવર અને ત્રસ જીવોની જે હિંસા થાય છે તેનો અત્યંત પરિહાર તે અહિંસા મહાવ્રત છે.

આશય એ છે કે કોઈ જીવને યથાર્થ બોધ હોય કે આત્માનું પારમાર્થિક સ્વરૂપ વીતરાગ તુલ્ય છે તો એ સમ્યગ્જ્ઞાન છે પરંતુ તેવું સમ્યગ્જ્ઞાન લેશ પણ ન હોય તે **અજ્ઞાન** છે. વળી, કોઈકને તેવું સમ્યગ્જ્ઞાન કંઈક હોય પણ સ્પષ્ટ ન હોય પરંતુ **સંશયાત્મક** હોય અથવા સ્થૂલ બુદ્ધિને કારણે કોઈને ભ્રમ થયો હોય કે મને સમ્યગ્જ્ઞાન છે પરંતુ વાસ્તવિક રીતે તેને દેહથી ભિન્ન વીતરાગ તુલ્ય શુદ્ધ આત્મા કેવો છે તેના તત્ત્વને સ્પર્શનારું જ્ઞાન થયું નથી છતાં પોતાને સમ્યગ્જ્ઞાન છે તેવો બોધ, તે **વિપર્યય** છે અને સમ્યગ્દૃષ્ટિ જીવને નિર્મળ ચક્ષુ હોવાથી મોહથી અનાકુળ એવા શુદ્ધ આત્માનું સમ્યગ્જ્ઞાન છે છતાં બાહ્ય પદાર્થો પ્રત્યે ક્યારેક **રાગ** થાય છે અને ક્યારેક **દ્વેષ** થાય છે તે સર્વ ભાવો પ્રમાદરૂપ છે અર્થાત્ અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ અને દ્વેષ એ સર્વ પ્રમાદભાવ છે. વળી, કોઈ મહાત્મા આ સર્વ પ્રમાદનો પરિહાર કરીને શુદ્ધ આત્માને પ્રગટ કરવાર્થે વીતરાગના વચનનું દૃઢ અવલંબન લઈને વીતરાગના વચનાનુસાર પોતાના રાગ-દ્વેષના પરિણામને વીતરાગ થવામાં વ્યાપારવાળા કરે અર્થાત્ વીતરાગના વચનમાં રાગ અને વીતરાગના વચન અનુસાર પ્રવૃત્તિમાં વર્તતા પ્રમાદ પ્રત્યે દ્વેષ રાખીને અપ્રમાદથી સર્વ સંયમની ઉચિતક્રિયા કરે છતાં ઉચિત કૃત્ય વિષયક ક્યારેક **સ્મૃતિભ્રંશ** થાય તો તે પણ પ્રમાદ છે. વળી, કોઈ મહાત્મા સ્મૃતિભ્રંશ ન થાય તે પ્રકારે સંયમયોગમાં પ્રયત્ન કરતા હોય છતાં કોઈક નિમિત્તને પામીને તેમને યોગદુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય છે અર્થાત્ જો ચિત્ત અન્ય વિષયમાં પ્રવર્તે તો **મનોયોગદુષ્પ્રણિધાનની** પ્રાપ્તિ થાય અથવા અત્યંત ઉપયોગપૂર્વક બોલવામાં જિનવચનના નિયંત્રણમાં સ્ખલના થાય તો **વાગ્દુષ્પ્રણિધાનની** પ્રાપ્તિ થાય અથવા ગમનાદિ ચેષ્ટામાં કાયાના ઉપયોગમાં અત્યંત યત્ન ન રહે તો **કાયદુષ્પ્રણિધાનની** પ્રાપ્તિ થાય તે પ્રમાદયોગ છે. વળી, કોઈ મહાત્મા યોગદુષ્પ્રણિધાનનો પરિહાર કરે છતાં અંતરંગ ક્ષમાદિ ભાવોરૂપ ધર્મને પ્રગટ કરવામાં દૃઢ ઉત્સાહરૂપ આદરનો અભાવ થાય તો **ધર્મમાં અનાદરરૂપ** પ્રમાદની પ્રાપ્તિ થાય અને આ આઠ પ્રકારના પ્રમાદમાંથી કોઈ પ્રમાદને કારણે બાદર, સ્થાવર કે ત્રસજીવોની જે વિરાધના થાય તે વિરાધના હિંસારૂપ છે અને તે હિંસાના પરિહારાર્થે તે હિંસાની નિષ્પત્તિના કારણરૂપ આઠ પ્રકારના પ્રમાદનો જે સાધુ પરિહાર કરે છે તે સાધુમાં અહિંસારૂપ પ્રથમ મહાવ્રતની પ્રાપ્તિ છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**બીજા વ્રતને કહે છે –**

**શ્લોક :-**

**प्रियं पथ्यं वचस्तथ्यं सूनृतव्रतमुच्यते ।**
**तत् तथ्यमपि नो तथ्यमप्रियं चाऽहितं च यत् ।।२१।।**

**શ્લોકાર્થ :-**

**પ્રિય, પથ્ય, તથ્ય એવું વચન સૂનૃત વ્રત કહેવાય છે=સાધુનું મૃષાવાદના પરિહારરૂપ બીજું મહાવ્રત કહેવાય છે. તે તથ્ય પણ=બાહ્યથી દેખાતું યથાર્થ કથનરૂપ તથ્ય વચન પણ, તથ્ય નથી જે અપ્રિય અને અહિત હોય=શ્રોતાને અપ્રિય હોય અથવા અપ્રિય ન હોય તોપણ અહિતરૂપ હોય. ।।૨૧।।**

**ભાવાર્થ :-**

સાધુ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત હોય છે. માટે સંયમના કંડકોની વૃદ્ધિ અર્થે કોઈ યાચનાનું પ્રયોજન હોય કે શિષ્યને ઉપદેશાદિનું પ્રયોજન હોય ત્યારે જિનવચનના સ્મરણપૂર્વક અત્યંત ઉપયોગ રાખીને જિનવચન અનુસાર બોલે છે તેથી તેમનું વચન હંમેશાં તથ્ય હોય છે=યથાર્થ પદાર્થને કહેનારું હોય છે. વળી, પ્રીતિ ઉત્પન્ન કરે તેવું હોય છે; કેમ કે શ્રોતાના હિતના પ્રયોજનથી જ બોલાયેલું હોય છે. વળી, શ્રોતાની ભૂમિકાને અનુરૂપ હોવાથી પથ્ય છે અર્થાત્ ભાવિમાં હિતનું કારણ છે; કેમ કે તે વચનાનુસાર પ્રવૃત્તિ કરીને યોગ્ય જીવો હિતની પ્રાપ્તિ કરે છે. આવા વચનનો પ્રયોગ બીજા મહાવ્રતરૂપ=સૂનૃત વ્રતરૂપ છે અને કોઈ મહાત્મા તથ્ય પણ વચન બોલે અર્થાત્ વસ્તુ જેવી હોય તેવી કહે છતાં શ્રોતાને અપ્રિય થાય તો તે વચન તથ્ય નથી. માટે તેવું વચન બોલનાર મહાત્માનું બીજું વ્રત મલિન થાય છે. વળી, કોઈ વચન સત્ય પણ હોય છતાં જે વચનથી શ્રોતાને પ્રીતિ થાય તેમ હોય તોપણ તેના અહિતનું કારણ હોય તો તે વચન પરમાર્થથી સત્ય નથી અને તેવું વચન બોલનાર સાધુ બીજા વ્રતને મલિન કરે છે. આનાથી એ ફલિત થાય કે સાધુએ અંતરંગ રીતે કોઈને કષાયનો ઉદય ન પ્રવર્તે તે પ્રકારે સંવેગપૂર્વક એકાંતે અન્યજીવોના હિતનું કારણ હોય તેવું વચન બોલવું જોઈએ; જેથી અંતરંગ પોતાના સંયમના કંડકોની વૃદ્ધિ થાય અને યોગ્ય શ્રોતાનું પણ હિત થાય. આ પ્રકારે સદા ઉપયોગપૂર્વક બોલનાર મહાત્મા બીજા મહાવ્રતનું સમ્યગ્ પાલન કરે છે. **।।૨૧।।**

**અવતરણિકા :-**

**ત્રીજા મહાવ્રતને કહે છે –**

**શ્લોક :-**

**अनादानमदत्तस्यास्तेयव्रतमुदीरितम् ।**
**बाह्याः प्राणा नृणामर्थो हरता तं हता हि ते ।।२२।।**

**શ્લોકાર્થ :-**

**અદત્તનું=નહિ અપાયેલાનું, અગ્રહણ અસ્તેયવ્રત કહેવાય છે.**

ત્રીજું મહાવ્રત પ્રથમ મહાવ્રતનું પરિકર કઈ રીતે છે તે સ્પષ્ટ કરવાર્થે કહે છે –

**મનુષ્યના બાહ્યપ્રાણો અર્થ છે. તેને હરતાં=અર્થને હરતાં, તે જીવો હણાયા છે. (માટે ત્રીજું મહાવ્રત પહેલા મહાવ્રતના રક્ષણાર્થે છે.) ।।૨૨।।**

**ભાવાર્થ :-**

સાધુ તીર્થંકરઅદત્તાદિ ચાર અદત્તાદાનનો પરિહાર કરે છે. તેથી એ ચાર દ્વારા નહિ અપાયેલ વસ્તુનું ગ્રહણ ન કરે તે અસ્તેયવ્રત કહેવાય છે. આથી ભગવાને સંયમની વૃદ્ધિના પ્રયોજનથી ઉચિત ભિક્ષાદિની અનુજ્ઞા આપી છે. તેથી કોઈ સાધુ સર્વ દોષોથી રહિત ભિક્ષાદિ ગ્રહણ કરે છતાં સંયમના કંડકોની વૃદ્ધિ માટે યત્ન ન કરે તો શાતા માટે ગ્રહણ કરાયેલી તે ભિક્ષા પણ તીર્થંકરઅદત્ત બને છે. તેથી જે સાધુ સંયમના કંડકોની વૃદ્ધિને સામે રાખીને તેના ઉપાયભૂત શુદ્ધ ભિક્ષામાં યત્ન કરે છે અને ક્વચિત્ સંયમની વૃદ્ધિ માટે શુદ્ધ ભિક્ષા પ્રાપ્ત ન થાય તો અપવાદથી પંચકહાનિ દ્વારા અશુદ્ધ ભિક્ષા પણ ગ્રહણ કરે અને તે ભિક્ષા દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિ કરે તો તેમને તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય નહિ. તે ભિક્ષા દ્વારા આ રીતે જે સાધુ ચારેય અદત્તાદાનનો પરિહાર કરે છે તે સાધુ સંપૂર્ણ ત્રીજું મહાવ્રત પાળનારા છે અને જેઓ ત્રીજું મહાવ્રત સમ્યક્ પાળતા નથી, સંયમના ઉપકરણાદિ દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિમાં યત્ન કરતા નથી તેઓ પોતાના ભાવપ્રાણોને હણે છે અને જેઓ પોતાના ભાવપ્રાણોનો નાશ કરે છે તેઓ પ્રસંગે જીવઅદત્તાદિ ગ્રહણ કરે તો તેઓ દ્વારા બીજાના પ્રાણોનો નાશ થાય છે. તેથી શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું કે મનુષ્યના બાહ્યપ્રાણો અર્થ છે અને જે જીવો તે અર્થને હરણ કરે છે તે જીવોની હિંસા કરે છે. તેથી જે સાધુ તીર્થંકરઅદત્તાદિ ચાર અદત્તાદાનોનો પરિહાર કરતા નથી તેઓ ક્વચિત્ બાહ્ય પણ બીજાની હિંસા કરે છે અને અંતે પોતાના ભાવપ્રાણોનો નાશ કરે છે. માટે અદત્તાદાનનો પરિહાર એ પોતાના ભાવપ્રાણોના રક્ષણરૂપ પ્રથમ મહાવ્રતનું પરિકર છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**હવે ચોથા મહાવ્રતને કહે છે –**

**શ્લોક :-**

**दिव्यौदारिककामाणां कृताऽनुमतकारितैः ।**
**मनोवाक्कायतस्त्यागो ब्रह्माष्टादशधा मतम् ।।२३।।**

**શ્લોકાર્થ :-**

**દિવ્ય=દેવસંબંધી અને ઔદારિક=તિર્યંચ અને મનુષ્ય સંબંધી, કામોનો કૃત, અનુમત અને કારિતથી મન-વચન-કાયાથી ત્યાગ એમ અઢાર ભેદવાળું બ્રહ્મ=બ્રહ્મચર્ય મનાયું છે. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

બ્રહ્મ એ આત્માનું સ્વરૂપ છે અને જે મહાત્મા સમભાવના ઉપયોગવાળા છે તેઓ બ્રહ્મ સ્વરૂપમાં વિશ્રાંત થવાના યત્નવાળા છે. તેથી તેઓ પરમાર્થથી બ્રહ્મમાં ચરનારા છે તેમ કહેવાય. આથી જ નિશ્ચયનય પાંચ ઇન્દ્રિયોના વિકારને આત્માના અબ્રહ્મ સ્વરૂપે સ્વીકારે છે તોપણ વ્યવહારથી વેદઆપાદક કર્મોના ઉદયથી થતી કુત્સિત ચેષ્ટાને અબ્રહ્મ કહેવાય છે. જે ચેષ્ટા વિવેકીને અત્યંત જુગુપ્સનીય છે તોપણ અનાદિથી તે

ભાવ સ્થિર થયો હોવાથી નિમિત્તને પામીને મહાત્માને પણ તે પ્રકારનો વિકાર થવાનો સંભવ રહે છે; કેમ કે તે વિકારના સંસ્કારો આત્મામાં પડ્યા છે તેને ઉદ્દીપન કરનાર વેદઆપાદક મોહનીયકર્મ ઉદયમાં વર્તે છે અને તે કર્મને ફલઅભિમુખ કરવામાં સહાયક બહારનું નિમિત્ત પ્રાપ્ત થાય ત્યારે તે વિકાર વ્યક્ત રૂપે પ્રગટ થાય છે. આથી જ સિંહગુફાવાસી મુનિને પણ નિમિત્તને પામીને કામની ઇચ્છા ઉત્પન્ન થઈ. તેથી જે મહાત્મા સહેજ પણ મનથી, વચનથી કે કાયાની ચેષ્ટાથી કામનો વિકાર ન થાય તે રીતે યત્ન કરે છે વળી, પોતાની કોઈ પ્રવૃત્તિના નિમિત્તને પામીને અન્યને વિકાર ન થાય તેવી ઉચિત યતના કરે છે અને કોઈની કામને અનુકૂળ ચેષ્ટા જોઈને અનુમોદનનો પણ પરિણામ ન થાય તે રીતે યત્ન કરે છે તે સાધુને ચોથું મહાવ્રત છે, જેના બળથી તે સાધુ પોતાના સમભાવના પરિણામરૂપ ભાવપ્રાણોનું રક્ષણ કરીને પ્રથમ મહાવ્રતનું રક્ષણ કરે છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**પાંચમા મહાવ્રતને કહે છે –**

**શ્લોક :-**

**सर्वभावेषु मूर्च्छायास्त्यागः स्यादपरिग्रहः ।**
**यदसत्स्वपि जायेत मूर्च्छया चित्तविप्लवः ॥२४॥**

**શ્લોકાર્થ :-**

**સર્વભાવોમાં=સર્વદ્રવ્ય, સર્વક્ષેત્ર, સર્વકાળ અને સર્વદ્રવ્યવર્તી જે પરિણામો તે રૂપ ભાવોમાં, મૂર્ચ્છાનો ત્યાગ અપરિગ્રહ થાય. જે કારણથી અવિદ્યમાન પણ વસ્તુમાં મૂર્ચ્છાથી ચિત્તનો વિપ્લવ થાય છે. ॥૨૪॥**

**ભાવાર્થ :-**

મહાત્માઓ આત્માના શુદ્ધ ભાવપ્રાણના રક્ષણાર્થે સર્વભાવોમાં મૂર્ચ્છાનો ત્યાગ કરે છે તે અપરિગ્રહ નામનું પાંચમું મહાવ્રત છે. કેમ સર્વભાવોમાં મૂર્ચ્છાનો ત્યાગ કરે છે ? તેથી કહે છે. સાધુએ બહારથી ધન-કુટુંબાદિ સર્વ પદાર્થોનો ત્યાગ કર્યો હોય છે તેથી કોઈ પદાર્થ સંયમી સાધુ રાખે નહિ તોપણ જો ચિત્તમાં મૂર્ચ્છા હોય તો ચિત્તમાં વિપ્લવ થાય છે=તે તે ભાવોને આશ્રયીને ચિત્ત મોહથી આકુળ થાય છે. તેથી સાધુ પ્રતિક્ષણ સર્વભાવો પ્રત્યે મૂર્ચ્છાનો ત્યાગ કરવાર્થે અનિચ્છાવાળા થવાની ઉત્કૃષ્ટ ઇચ્છાપૂર્વક સતત વીતરાગનું સ્મરણ કરે છે જેથી વીતરાગતા સિવાય અન્ય ક્યાંય રાગ પ્રવર્તે નહિ અને વીતરાગતામાં દૃઢ રાગ ધારણ કરીને વીતરાગનું દરેક વચન કઈ રીતે સેવવાથી વીતરાગતાની પ્રાપ્તિનું કારણ છે તેનો સૂક્ષ્મબોધ કરીને દિવસ-રાત વીતરાગતાના વચનનું સ્મરણ કરી સર્વ ઉચિત અનુષ્ઠાનોમાં તે રીતે યત્ન કરે છે જે વીતરાગતાને છોડીને અન્ય એવા દેહ, સંયમનાં ઉપકરણો કે સહવર્તી સાધુ આદિમાં પણ ક્યાંય મૂર્ચ્છા ન થાય. આ

પ્રકારનો સાધુનો યત્ન અપરિગ્રહવ્રત છે જેનાથી સાધુ પોતાના આત્માના ભાવપ્રાણોનું રક્ષણ કરે છે જેથી અપરિગ્રહવ્રત અહિંસારૂપ મહાવ્રતનું અંગ બને છે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહેલ કે પાંચ-પાંચ ભાવનાઓથી ભાવિત મહાવ્રતો મુક્તિનાં કારણ છે. તેથી હવે તે ભાવનાની સ્તુતિ કરે છે અર્થાત્ તે ભાવનાઓ કઈ રીતે મહાવ્રતોની વૃદ્ધિનું કારણ બનીને મોક્ષની સાધક છે તેનો કંઈક બોધ થાય તે પ્રકારે તે ભાવનાઓનું મહત્ત્વ બતાવે છે –**

**શ્લોક :-**

**भावनाभिर्भावितानि पञ्चभिः पञ्चभिः क्रमात् ।**
**महाव्रतानि नो कस्य साधयन्त्यव्ययं पदम् ।।२५।।**

**શ્લોકાર્થ :-**

**ક્રમથી પાંચ-પાંચ ભાવનાઓથી ભાવન કરાયેલાં મહાવ્રતો કોના અવ્યય પદને સાધતાં નથી ? અર્થાત્ જે મહાત્મા તે ભાવનાઓથી આત્માને અત્યંત ભાવિત કરે છે તે મહાત્માનાં મહાવ્રતો અવ્યય પદને અવશ્ય સાધે છે. ।।૨૫।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ સૂક્ષ્મબોધપૂર્વક પાંચ મહાવ્રતોને ગ્રહણ કરે અને મહાવ્રતો પ્રત્યે જે મહાત્માને બદ્ધરાગ હોય તે મહાત્મા સ્વબોધ અનુસાર પાંચ મહાવ્રતના સ્વરૂપથી આત્માને ભાવિત કરે તો તે મહાત્માનું ચિત્ત સંયમકાળ દરમિયાન મહાવ્રતોના પારમાર્થિક પરિણામવાળું બને છે અને પોતાના ચિત્તમાં પરિણામ રૂપે વર્તતાં મહાવ્રતોને અતિશય કરવા અર્થે મહાત્માઓ જિનવચનાનુસાર તે પાંચ મહાવ્રતોમાંથી દરેક મહાવ્રતની જે પાંચ-પાંચ ભાવનાઓ છે તેનો યથાર્થ બોધ કરીને તે ભાવનાઓથી ચિત્તને વાસિત રાખે તો આત્મામાં પરિણામ રૂપે પ્રગટ થયેલાં મહાવ્રતો સ્થિર-સ્થિરતર થાય છે. તેથી જે મહાત્મા પાંચ મહાવ્રતોની પચીસ ભાવનાઓથી આત્માને સદા ભાવિત કરવા યત્ન કરે છે તે મહાત્મામાં પ્રગટ થયેલાં મહાવ્રતો ઉત્તરોત્તરના ક્ષયોપશમ ભાવને પામીને ક્ષાયિક ભાવનું કારણ બને છે. તેથી તે મહાત્મા આ ભવમાં કે અન્ય ભવમાં તે મહાવ્રતોના પ્રકર્ષને પામીને અવશ્ય અવ્યય પદને પામે છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**પ્રથમ મહાવ્રતની ભાવનાને કહે છે –**

**શ્લોક :-**

**मनोगुप्त्येषणादानेर्याभिः समितिभिः सदा ।**
**दृष्टान्नपानग्रहणेनाहिंसां भावयेत् सुधीः ।।२६।।**

**શ્લોકાર્થ :-**

**મનોગુપ્તિથી, એષણા, આદાન અને ઈર્યાસમિતિથી, દૃષ્ટ અન્ન-પાનના ગ્રહણથી સુંદર બુદ્ધિવાળા સાધુ સદા અહિંસાનું ભાવન કરે=અહિંસા મહાવ્રતનું ભાવન કરે. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

સાધુ પહેલા મહાવ્રતને આત્મામાં સ્થિર કરવાર્થે પાંચ ભાવના કરે છે. (૧) મનોગુપ્તિભાવના, (૨) એષણા સમિતિની ભાવના, (૩) આદાન સમિતિની ભાવના, (૪) ઈર્યાસમિતિની ભાવના, (૫) દૃષ્ટ અન્નપાનના ગ્રહણની ભાવના.

(૧) સાધુએ પ્રથમ મહાવ્રતને સુરક્ષિત કરવાર્થે મનને બાહ્ય પદાર્થોથી સંવર કરીને વીતરાગભાવને અભિમુખ દૃઢ વ્યાપારવાળું કરવું જોઈએ જેથી આત્મા સર્વ ભાવો પ્રત્યે ઉત્સુકતાનો ત્યાગ કરીને સમભાવમાં સ્થિર સ્થિરતર થાય અને બાહ્યભાવોમાં ઉત્સુકતા નહિ હોવાથી પોતાના ભાવપ્રાણોનું પણ રક્ષણ થાય. વળી, બાહ્યભાવો પ્રત્યે ચિત્ત સંશ્લેષ નહિ પામતું હોવાથી બાહ્ય આરંભસમારંભની સર્વ પ્રવૃત્તિઓ નિરુદ્ધ થાય છે. તેથી સાધુએ અન્ય કોઈ પ્રયોજન ન હોય તો મનને ગુપ્ત કરીને વીતરાગના વચનથી સદા વાસિત રાખવું જોઈએ જેથી પહેલું અહિંસા મહાવ્રત સ્થિર-સ્થિરતર થાય. તેથી સુસાધુ હંમેશાં મનોગુપ્તિનું સૂક્ષ્મ સ્વરૂપ તે રીતે ભાવન કરે; જેથી હંમેશાં મન બાહ્ય પદાર્થના સંશ્લેષથી પર રહીને જિનવચન અનુસાર પરિણતિમાં સ્થિર સ્થિરતર થાય.

(૨) વળી, સાધુને મનોગુપ્તિના અતિશયાર્થે દેહનું પાલન આવશ્યક છે. માટે દેહના પાલનાર્થે આહાર ગ્રહણ કરવા માટે જાય ત્યારે એષણા સમિતિ અતિઆવશ્યક છે. તેથી મહાત્મા એષણા સમિતિના સ્વરૂપથી આત્માને તે રીતે ભાવિત રાખે છે કે ભિક્ષાદિ ગ્રહણ કરતી વખતે અનુપયોગપૂર્વકની પ્રવૃત્તિ ન થાય જેથી અન્નપાનાદિ વિષયક આરંભસમારંભના અનુમોદનાના ભાવો પ્રાપ્ત ન થાય અને એષણા સમિતિની ભાવનાથી આત્માને અત્યંત ભાવિત કરે છે તે મહાત્મા આહાર ગવેષણાકાળમાં પણ પ્રથમ મહાવ્રતમાં મલિનતા પ્રાપ્ત કરતા નથી.

(૩) વળી, સાધુને વસ્ત્ર, પાત્ર આદિ ગ્રહણ કરવાનો પ્રસંગ આવે ત્યારે અત્યંત ઉપયુક્ત થઈને વસ્ત્રને, પાત્રને ચક્ષુથી જોઈને, ત્યારપછી પ્રમાર્જન કરીને ગ્રહણ કરે અને તે રીતે જ જોઈને, પ્રમાર્જીને ઉચિત સ્થાનમાં મૂકે તો પહેલું મહાવ્રત સુરક્ષિત રહે. તેથી મહાત્મા આદાન નિક્ષેપ સમિતિથી આત્માને અત્યંત ભાવિત કરે છે જેથી અનાભોગથી કે સહસાત્કારથી પણ કોઈ વસ્તુનું ગ્રહણ કે નિક્ષેપ ન થાય પરંતુ આદાન નિક્ષેપ સમિતિપૂર્વક ગ્રહણ-નિક્ષેપ થાય. આ રીતે સાધુ સતત આદાન નિક્ષેપ સમિતિથી આત્માને ભાવિત કરે છે.

(૪) વળી, સાધુ ચાલે ત્યારે અત્યંત ઉપયોગપૂર્વક છ કાયના જીવો પ્રત્યે દયાનો ભાવ વર્તે તે પ્રકારે કોઈ જીવની હિંસા ન થાય તદર્થે ભૂમિનું અવલોકન કરીને ગમન કરે તો જ પહેલું મહાવ્રત પુષ્ટ થાય. તેથી સાધુ ઈર્યાસમિતિની ભાવનાથી આત્માને અત્યંત ભાવિત કરે છે જેથી ગમનના પ્રયોજનકાળમાં ઈર્યાસમિતિનું વિસ્મરણ ન થાય.

(૫) વળી, સાધુ અન્ન-પાનાદિ ગ્રહણ કરે તે વખતે પોતાના ગ્રહણની પ્રવૃત્તિથી કોઈ જીવની હિંસા ન થાય તે પ્રકારે અત્યંત ઉપયુક્ત થઈને આહારાદિ ગ્રહણ કરે તો પહેલું મહાવ્રત પુષ્ટ બને.

સંક્ષેપથી, સાધુનો મનોયોગ સદા ભગવાનના વચનના નિયંત્રણ નીચે રહે તે રીતે મનોગુપ્તિથી આત્માને ભાવિત કરે છે અને એષણાદિ ત્રણ સમિતિ કાલમાં પણ મનોગુપ્તિના પરિણામનો ત્યાગ ન થાય તે રીતે સમિતિમાં યત્ન કરે છે અને અન્ન-પાનના અવલોકનકાળમાં પણ મનોગુપ્તિ સ્થિર રહે તે રીતે પાંચ ભાવનાઓથી આત્માને ભાવિત કરે છે જેથી ગુપ્ત થયેલું મન સંસારના વિષયોને ન સ્પર્શે અને વીતરાગના વચનના અવલંબનના બળથી સદા સમભાવના કંડકોની વૃદ્ધિ કરી શકે તે રીતે વારંવાર પાંચ ભાવનાઓમાં ઉદ્યમ કરીને પ્રથમ મહાવ્રતની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તે પ્રકારે યત્ન કરે છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**બીજા મહાવ્રતની ભાવનાને કહે છે –**

**શ્લોક :-**

**हास्यलोभभयक्रोधप्रत्याख्यानैर्निरन्तरम् ।**
**आलोच्य भाषणेनापि भावयेत् सूनृतव्रतम् ।।२७।।**

**શ્લોકાર્થ :-**

**હાસ્ય પ્રત્યાખ્યાનથી, લોભ પ્રત્યાખ્યાનથી, ભય પ્રત્યાખ્યાનથી અને ક્રોધ પ્રત્યાખ્યાનથી અને ભાષણથી પણ નિરંતર આલોચન કરીને સૂનૃત વ્રતને ભાવન કરે. ।।૨૭।।**

**ભાવાર્થ :-**

સાધુ સૂક્ષ્મ મૃષાવાદના પરિહારની પ્રતિજ્ઞાવાળા હોય છે. તેથી કોઈ પણ કષાયને વશ થઈને સત્યવચન કે અસત્યવચન બોલે તો બીજા મહાવ્રતમાં દૂષણની પ્રાપ્તિ થાય છે. તેથી બીજા મહાવ્રતને સ્થિર કરવાર્થે મહાત્મા પાંચ ભાવનાઓ કરે છે.

(૧) આત્માને નિરંતર હાસ્યના પ્રત્યાખ્યાનથી ભાવિત કરે છે જેથી અનાભોગથી પણ હાસ્યવશ બોલવાનો પ્રસંગ ન આવે.

(૨) વળી, લોભ પ્રત્યાખ્યાનથી આત્માને ભાવિત કરે છે જેથી આહારપ્રાપ્તિમાં કે વસ્ત્રાદિની પ્રાપ્તિમાં લોભને વશ મૃષાભાષણ કે સત્યભાષણનો પ્રસંગ ન આવે પરંતુ કષાયને પરવશ થયા વગર ઉચિત જ બોલે.

(૩) વળી, ભય પ્રત્યાખ્યાનથી નિરંતર આત્માને ભાવિત કરે જેથી લોકમાં પોતાનું ખરાબ દેખાશે ઇત્યાદિ કોઈક પ્રકારના ભયને વશ મૃષાભાષણનો પ્રસંગ ન આવે પરંતુ સંવૃત થઈને ઉચિત જણાય તો જ ભાષણ કરે.

(૪) વળી, ક્રોધ પ્રત્યાખ્યાનથી પણ નિરંતર આત્માને ભાવિત કરે છે જેથી ક્રોધ, અરુચિ, ઈષદ્ દ્વેષ આદિને વશ સત્ય કે મૃષા બોલીને બીજા મહાવ્રતની મલિનતા ન થાય.

(૫) વળી, બોલવાની પ્રવૃત્તિ કરતી વખતે પણ શું ઉચિત છે અને શું અનુચિત છે એ પ્રકારે ભાષણથી આલોચન કરીને આત્માને ભાવિત કરીને મારે શું બોલવું જોઈએ તેનો નિર્ણય કરીને ઉચિત જ બોલે છે જેથી પાંચ ભાવનાઓથી ભાવિત થયેલ આત્મા કષાયને વશ કે વિચાર્યા વિના કોઈ પ્રકારનું ભાષણ કરીને કર્મબંધને પ્રાપ્ત કરે નહિ. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**ત્રીજા મહાવ્રતની પાંચ ભાવનાને કહે છે –**

**શ્લોક :-**

**आलोच्यावग्रहयाच्ञाऽभीक्ष्णावग्रहयाचनम् ।**
**एतावन्मात्रमेवैतदित्यवग्रहधारणम् ।।२८।।**
**समानधार्मिकेभ्यश्च तथावग्रहयाचनम् ।**
**अनुज्ञापितपानाऽन्नाशनमस्तेयभावनाः ।।२९।। युग्मम् ।**

**શ્લોકાર્થ :-**

**આલોચન કરીને=સંયમને ઉપકારક વસતી કેટલી આવશ્યક છે ઈત્યાદિ આલોચન કરીને, અવગ્રહની યાંચા કરે, અભીક્ષણ=વારંવાર અવગ્રહનું યાચન કરે, આટલું માત્ર જ આ છે=ગ્રહણ કરાયેલ અવગ્રહ છે, એ પ્રકારે અવગ્રહનું ધારણ કરે, સમાન ધાર્મિકોથી તે પ્રકારે અવગ્રહનું યાચન કરે=જે પ્રકારે તેઓને પીડા ન થાય તે પ્રકારે અવગ્રહનું યાચન કરે, અનુજ્ઞાપિત પાનઅન્નઅશનનું ગ્રહણ=ગુરુની અનુજ્ઞાથી પાનઅન્નઅશનનું ગ્રહણ, તે અસ્તેયની ભાવના છે. ॥૨૮-૨૯॥**

**ભાવાર્થ :-**

સાધુ ચાર પ્રકારના અદત્તાદાનના પારમાર્થિક સ્વરૂપને જાણીને તેના પરિહાર માટે સદા ઉદ્યમવાળા હોય છે. તેથી ક્ષણભર પણ પ્રમાદવશ સંયમના પ્રયોજન વગર કોઈ પ્રવૃત્તિ ન થાય તે રીતે સંયમની ઉચિત પ્રવૃત્તિમાં દૃઢ ઉદ્યમ કરે છે; કેમ કે સંયમમાં પ્રમાદ કરનાર સાધુને ભગવાને વસતી આદિ કોઈ વસ્તુને ગ્રહણ કરવાની અનુજ્ઞા આપી નથી. આ રીતે અદત્તાદાનના પરિહાર માટે યતના કરનાર સાધુ પણ ક્ષેત્રના સ્વામી પાસે અવગ્રહનું યાચન ઉચિત રીતે ન કરે તો ત્રીજા મહાવ્રતમાં મલિનતા થાય છે.

(૧) ત્રીજા મહાવ્રતને સુરક્ષિત રાખવાર્થે સાધુ જે નગરાદિમાં નિવાસ કરવાના હોય તે અનુસાર પાંચ અવગ્રહમાંથી યથોચિત અવગ્રહનું આલોચન કરીને યાચના કરે અર્થાત્ મારા સંયમ માટે આટલી ભૂમિની આવશ્યકતા છે અને આવી ભૂમિ સંયમવૃદ્ધિનું કારણ છે તેવું આલોચન કરીને તેના સ્વામી પાસે તેટલી

ભૂમિની યાચના કરે. આ પ્રકારે ભાવનાથી ભાવિત થયેલ સાધુ અનાભોગથી પણ યાચના કર્યા વગર તે સ્વામી અત્યારે હાજર નથી પરંતુ પરિચિત છે તેમ વિચારીને તે ભૂમિમાં નિવાસ કરે નહિ. અન્યથા ત્રીજા મહાવ્રતમાં દૂષણની પ્રાપ્તિ થાય.

(૨) વળી, સ્વામી પાસેથી અવગ્રહની યાચના કર્યા પછી પણ ગ્લાનાદિ સાધુને કારણે તે ક્ષેત્રમાં માત્રુ આદિ પરઠવવાનો પ્રસંગ થતો હોય તો તેના સ્વામીને ચિત્તમાં પીડા ન થાય તદર્થે ફરી ફરી યાચના કરે અર્થાત્ તેના સ્વામીને કહે કે અમારા સાધુ ગ્લાન છે તેથી આ ભૂમિમાં અમે માત્રુ આદિ પરઠવીએ છીએ. આ રીતે પરઠવવા વિષયક અનુજ્ઞાની યાચના કરે; જેથી સાધુને વસતી આપ્યા પછી સ્વામીને લેશ પણ અપ્રીતિ થાય નહિ.

(૩) વળી, સ્વામી પાસે જેટલા ક્ષેત્રની મર્યાદાથી અવગ્રહની યાચના કરી હોય તેને સ્પષ્ટ રીતે બુદ્ધિમાં ધારણ કરીને તેનાથી અધિક ક્ષેત્રનો પરિભોગ ન થાય તેવી ક્ષેત્રમર્યાદાના અવધારણરૂપ ભાવનાથી સાધુ આત્માને ભાવિત રાખે છે જેથી ત્રીજા મહાવ્રતમાં મલિનતા પ્રાપ્ત ન થાય.

(૪) વળી, શય્યાતરની અનુજ્ઞા લીધા પછી તે ક્ષેત્રમાં કોઈ અન્ય સાધુ ઊતર્યા હોય તો તેઓની પણ અનુજ્ઞા લીધા વગર ત્યાં નિવાસ કરે તો તેઓને ક્લેશ થવાનો પ્રસંગ આવે. તેથી સાધુ તેઓ પાસે પણ અવશ્ય તે પ્રકારે અવગ્રહનું યાચન કરે; જેથી લેશ પણ તેમને અપ્રીતિ ન થાય. આ પ્રકારે કરવાથી ત્રીજું મહાવ્રત કોઈની અપ્રીતિનું કારણ ન થવાથી સુવિશુદ્ધ બને છે.

(૫) વળી, જિનવચનાનુસાર તત્ત્વને બતાવનારા ગુરુની અનુજ્ઞાથી જ સંયમના કંડકોની વૃદ્ધિ માટે અન્નપાનાદિ ગ્રહણ કરવાં જોઈએ તે પ્રકારની ભાવનાથી સાધુ આત્માને વાસિત રાખે છે. જેથી અનાભોગાદિથી પણ ગુરુ અદત્તનો પ્રસંગ ન આવે. આ રીતે ત્રીજા મહાવ્રતની ભાવનાથી જે સાધુ આત્માને વાસિત કરે છે તે સાધુ તે ભાવનાના બળથી ત્રીજા મહાવ્રતની ઉચિત પ્રવૃત્તિઓ કરવા દ્વારા ત્રીજા મહાવ્રતને અતિશયિત કરે છે. **॥૨૮-૨૯॥**

**અવતરણિકા :-**

**ચતુર્થ મહાવ્રતની ભાવનાને કહે છે –**

**શ્લોક :-**

**स्त्रीषण्ढपशुमद्वेश्माऽऽसनकुड्यान्तरोज्झनात् ।**
**सरागस्त्रीकथात्यागात् प्राग्रतस्मृतिवर्जनात् ।।३०।।**
**स्त्रीरम्याङ्गेक्षणस्वाङ्गसंस्कारपरिवर्जनात् ।**
**प्रणीताऽत्यशनत्यागाद् ब्रह्मचर्यं तु भावयेत् ।।३१।। युग्मम् ।**

**શ્લોકાર્થ :-**

**સ્ત્રી, નપુંસક, પશુવાળાં ઘર, આસન અને ભીંતના આંતરાવાળા સ્થાનના ત્યાગથી બ્રહ્મચર્યનું**

**ભાવન કરે એમ અન્વય છે. સરાગ સ્ત્રીકથાના ત્યાગથી બ્રહ્મચર્ય વ્રતનું ભાવન કરે, પૂર્વમાં રત એવા ભોગોની સ્મૃતિના વર્જનથી બ્રહ્મચર્ય વ્રતનું ભાવન કરે, સ્ત્રીના રમ્ય અંગને જોવાનું અને પોતાના અંગના સંસ્કારના પરિવર્જનથી બ્રહ્મચર્યનું ભાવન કરે, ઈન્દ્રિયોને પ્રીતિ કરે તેવા પ્રણીત=પ્રીતિ ઉત્પન્ન કરે તેવા મધુર રસાદિ અને અતિઅશનના ત્યાગથી બ્રહ્મચર્યનું ભાવન કરે. ||૩૦-૩૧||**

**ભાવાર્થ :-**

સાધુ પ્રથમ મહાવ્રતની વાડ રૂપે ઉત્તરનાં ચાર મહાવ્રતો સ્વીકારે છે અને આત્માના ભાવપ્રાણના રક્ષણ માટે પ્રથમ મહાવ્રતમાં સાધુ દૃઢ ઉદ્યમ કરે છે જેથી સાધુ પ્રથમ મહાવ્રતના બળથી ક્ષમાદિ ભાવોની વૃદ્ધિ કરીને સદા વીતરાગ થવા ઉદ્યમશીલ રહે છે. વળી, આત્માના ભાવપ્રાણના રક્ષણમાં વેદનો ઉદય અત્યંત બાધક છે અને છદ્મસ્થ અવસ્થામાં ક્ષપકશ્રેણિ પૂર્વે સર્વ જીવોને અવશ્ય વેદનો ઉદય વર્તે છે છતાં સાધુ તત્ત્વના ભાવનથી તે વેદના ઉદયને અત્યંત ક્ષીણ કરે છે જેથી કામનો વિકાર થાય નહિ. આમ છતાં નિમિત્તોને પામીને સૂક્ષ્મ પણ વિકાર થવાનો પ્રસંગ આવે તો બ્રહ્મચર્યને સુવિશુદ્ધ રાખવા મહાત્મા પાંચ ભાવનાઓ કરે છે જેથી તે ભાવનાઓથી ભાવિત ચિત્ત તે પ્રકારના ઉત્તમ આચારોના પાલનથી બ્રહ્મચર્યનું પાલન કરી શકે.

(૧) સ્ત્રી, નપુંસક અને પશુવાળાં સ્થાન, આસન અને કુડ્યંતરનો ત્યાગ કરે છે અર્થાત્ સાધુ રોજ ભાવન કરે છે કે અનાભોગથી પણ સ્ત્રી આદિના સ્થાનવાળી વસ્તીમાં મારે રહેવું જોઈએ નહિ જેથી તેઓના પરિચયથી ચિત્તમાં વિકાર થાય નહિ. વળી, પૂર્વે જે આસન ઉપર સ્ત્રી બેઠેલ હોય તે આસનમાં કે તે સ્થાનમાં બેસવાનો પ્રસંગ આવે તો તે સ્થાનમાં ન બેસે પરંતુ અન્ય સ્થાનમાં બેસે.

(૨) વળી, સાધુ સ્ત્રી આદિના આલંબનવાળાં સ્થાનોનો ત્યાગ કર્યા પછી પણ જે સરાગવાળી સ્ત્રીઓ છે તેઓની સાથે વાર્તાલાપનો ત્યાગ કરે કે તેઓ સંબંધી વાર્તાલાપનો પણ ત્યાગ કરે. આ રીતે ભાવના કરેલ હોવાથી અનાભોગથી પણ તેઓની સાથે કે તેઓ સંબંધી વાર્તાલાપ કરવાનો પ્રસંગ ન આવે.

(૩) વળી, સાધુ પૂર્વમાં જે ભોગાદિ કર્યા છે તેની સ્મૃતિનું વર્જન કરે; કેમ કે ભોગકાળમાં જે મીઠાશના સંસ્કારો પડેલા છે તે સ્મરણ થવા માત્રથી પણ તે પ્રકારના રાગનો ઉદ્ભવ કરે છે. આ પ્રકારની ભાવનાથી સાધુ આત્માને ભાવિત કરે; જેથી ક્યારેય પૂર્વની ગૃહસ્થ અવસ્થામાં કરેલી ભોગની પ્રવૃત્તિનું સ્મરણ ન થાય.

(૪) વળી, સ્ત્રીના રમ્ય અંગને જોવાનું વર્જન કરે અને પોતાના દેહના સંસ્કારનું પરિવર્જન કરે; કેમ કે સ્ત્રીના રમ્ય અંગના અવલોકનથી વિકાર થાય છે અને પોતાના દેહના મલાદિ દૂર કરી તેને સ્વચ્છ રાખવાથી પણ વિકારો થાય છે. તેથી તે બંને પ્રવૃત્તિના પરિવર્જનની ભાવનાથી સાધુ સદા આત્માને ભાવિત રાખે છે. તેથી અનાભોગથી પણ સ્ત્રી આદિનું દર્શન થાય ત્યારે તે પ્રકારનું અવલોકન ન થાય અને પોતાના દેહને સ્વચ્છ રાખવાની વૃત્તિ ન થાય; જેથી અબ્રહ્મના વિકારો થવાની સંભાવના ઓછી થાય છે.

(૫) વળી, સાધુ ઇન્દ્રિયોને અનુકૂળ એવા આહારનો ત્યાગ કરે છે અને અતિશય આહારનો પણ ત્યાગ

કરે છે; કેમ કે ઇન્દ્રિયોને અનુકૂળ આહારથી ઇન્દ્રિયોના સુખમાં રાગ ઉત્પન્ન થાય છે જેથી અબ્રહ્મના વિકારો થવાની સંભાવના રહે છે અને અતિઆહારથી જડ થયેલ શરીર કામના વિકારોનું ઉદ્દીપન કરે છે. તેથી સાધુ ક્ષુધા કરતાં પણ અતિઅલ્પ, પરિમિત ભોજન કરીને દેહનું પાલન કરે છે. માટે જેટલા આહારના બળથી સાધનાને અનુકૂળ દૃઢ ઉદ્યમ થઈ શકે તેટલો જ આહાર સાધુ વાપરે છે અને જો શાતા અર્થે અધિક આહાર વાપરે તો જેમ શાતાનો વિકાર થાય છે તેમ કામનો વિકાર થવાની પણ સંભાવના રહે છે.

આ રીતે બ્રહ્મચર્યની ભાવનાથી ભાવિત થઈને સાધુ સદા બ્રહ્મ ગુપ્તિનો અતિશય થાય તેવો અંતરંગ ઉદ્યમ કરે છે જેથી વિદ્યમાન વેદનો ઉદય પણ ક્ષીણ-ક્ષીણતર થાય છે અને અવિકારી માનસની વૃદ્ધિ થાય છે. **॥૩૦-૩૧॥**

**અવતરણિકા :-**

**પાંચમા મહાવ્રતની પાંચ ભાવનાને કહે છે –**

**શ્લોક :-**

**स्पर्शे रसे च गन्धे च रूपे शब्दे च हारिणि ।**
**पञ्चस्वितीन्द्रियार्थेषु गाढं गाद्‌र्ध्यस्य वर्जनम् ।।३२।।**
**एतेष्वेवामनोज्ञेषु सर्व्वथा द्वेषवर्ज्जनम् ।**
**आकिञ्चन्यव्रतस्यैवं भावनाः पञ्च कीर्त्तिताः ।।३३।। युग्मम् ।**

**શ્લોકાર્થ :-**

**મનોહારી એવા સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ સ્વરૂપ પાંચ ઈન્દ્રિયોના અર્થોમાં ગાઢ ગૃદ્ધિનું વર્જન અને અમનોજ્ઞ એવા એમાં જ=ઈન્દ્રિયોને પ્રતિકૂળ એવા સ્પર્શાદિમાં જ, સર્વથા દ્વેષનું વર્જન. આ પ્રકારની=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારની, પાંચ આકિંચનવ્રતની ભાવના કહેવાઈ છે. ।।૩૨-૩૩।।**

**ભાવાર્થ :-**

સાધુ સર્વ સંસારના ભાવો પ્રત્યે આકિંચન પરિણામવાળા થવા માટે આકિંચન નામનું પાંચમું મહાવ્રત સ્વીકારે છે. તે વખતે મારો આત્મા જ્ઞાન-દર્શન સ્વરૂપ છે, એ સિવાય મારું કંઈ નથી એ પ્રકારની સ્થિર બુદ્ધિ કરીને આત્માના મોહથી અનાકુળ એવા જ્ઞાનના પરિણામથી અતિરિક્ત જગતના સર્વ ભાવો પ્રત્યે નિર્મમ થવા પ્રયત્ન કરે છે અને આ આકિંચન વ્રત ઉચ્ચરાવ્યા પછી તે વ્રતને જીવંત રાખવા અને ઉત્તરોત્તર અતિશયિત કરવા માટે મહાત્મા પાંચ પ્રકારની ભાવનાઓ કરે છે. તેમાં પાંચ ઇન્દ્રિયોના પાંચ વિષયો જે અત્યાર સુધી મનોહારી જણાતા હતા તે મનોહારી વિષયોમાં ગાઢ ગૃદ્ધિનું વર્જન કરવાર્થે તેની અસારતાનું ભાવન કરે છે અને ઇન્દ્રિયોને અમનોજ્ઞ પદાર્થોમાં સર્વથા દ્વેષનું વર્જન કરવાર્થે આ અમનોજ્ઞ પદાર્થો દેહને ઉપઘાત કરે છે મને ઉપઘાત કરતા નથી એ પ્રકારે ભાવન કરીને તેઓમાં દ્વેષનું વર્જન કરે છે.

અહીં મનોજ્ઞભાવોમાં ગૃદ્ધિનું સર્વથા વર્જન ન કહેતાં "ગાઢ વર્જન" કહ્યું અને અમનોજ્ઞભાવોમાં દ્વેષનું ગાઢ વર્જન ન કહ્યું પરંતુ "સર્વથા વર્જન" કહ્યું. તેનાથી એ પ્રાપ્ત થાય કે જ્યાં સુધી જીવ વીતરાગ નથી ત્યાં સુધી જીવને ઇન્દ્રિયોના અનુકૂળ ભાવોમાં રાગના સંસ્કારો વર્તે છે તોપણ તે અનુકૂળ વિષયોની પ્રાપ્તિમાં રાગ ન થાય પરંતુ તે વિષયોની પ્રાપ્તિમાં ઉપેક્ષાનો ભાવ થાય તે પ્રકારે સાધુ યત્ન કરે છે જેથી સંયમજીવન-કાળ દરમિયાન ઇન્દ્રિયોના વિષયોમાં રાગ કરવાના સંસ્કારો આત્મામાં વિદ્યમાન હોવા છતાં ઉત્થિત થાય નહિ. વળી, ઇન્દ્રિયોને પ્રતિકૂળ ભાવોમાં દ્વેષના સંસ્કારો વિદ્યમાન હોવા છતાં સાધુ આત્માને તે રીતે ભાવિત કરે છે કે આ અમનોજ્ઞભાવો મને કોઈ ઉપઘાત કરતા નથી જેથી તેની પ્રાપ્તિમાં મંદ પણ દ્વેષના સંસ્કારો ઉત્થિત થતા નથી. જ્યારે ઇષ્ટ વિષયોમાં સહેજ ઉપયોગની મ્લાનિ થાય તો તે પુદ્ગલના ભાવને અનુરૂપ કંઈક રાગનો પરિણામ થવાની સંભાવના રહે છે. તેથી તેવો રાગ ઉત્થિત ન થાય તે માટે જેમ સાધુ ભાવના કરે છે તેમ વિષયોના સંપર્કકાળ પૂર્વે પણ આત્માને અત્યંત જાગૃત કરીને પ્રવૃત્તિ કરે છે. આથી જ આહાર વાપરતા પૂર્વે આત્માને જિનવચનાનુસાર વિધિપૂર્વક ભાવિત કરીને સાધુ આહાર વાપરે છે, જેથી ઇષ્ટ પદાર્થમાં ક્યાંય રાગ ન થાય અને અનિષ્ટમાં ક્યાંય દ્વેષ ન થાય. એટલું જ નહિ પણ અનિષ્ટ પદાર્થો પ્રાપ્ત થતા હોય તો વર્જન માટે પણ યત્ન કરે નહિ પરંતુ કોઈ અનિષ્ટભાવો પ્રત્યે લેશ પણ દ્વેષ ન થાય તે પ્રકારે આત્માને ભાવિત કરે. ફક્ત અભ્યાસદશામાં સમભાવના કંડકની વૃદ્ધિમાં વ્યાઘાત થતો હોય તો તેવા અનિષ્ટ ભાવોનું યતનાપૂર્વક વર્જન પણ કરે. **॥૩૨-૩૩॥**

**અવતરણિકા :-**

**મૂલગુણરૂપ ચારિત્રને કહીને ઉત્તરગુણરૂપ ચારિત્રને બતાવે છે –**

**શ્લોક :-**

**अथवा पञ्चसमितिगुप्तित्रयपवित्रितम् ।**
**चरित्रं सम्यक्चारित्रमित्याहुर्मुनिपुङ्गवाः ।।३४।।**

**શ્લોકાર્થ :-**

**અથવા પાંચ સમિતિ અને ગુપ્તિત્રયથી પવિત્રિત એવું ચારિત્ર સમ્યક્ ચારિત્ર છે, એ પ્રમાણે મુનિપુંગવો કહે છે. ।।૩૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પાંચ મહાવ્રતરૂપ ચારિત્ર છે તેમ બતાવ્યું. હવે 'અથવા'થી અન્ય પ્રકારે ચારિત્રનું સ્વરૂપ બતાવે છે અને તે ચારિત્ર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી પવિત્રિત છે=નિર્મળ છે, તેને સમ્યક્ ચારિત્ર કહે છે એ પ્રકારે શ્લોકમાં અન્ય પ્રકારનું ચારિત્રનું લક્ષણ કર્યું અને આ અન્ય પ્રકારનું લક્ષણ ઉત્તરગુણરૂપ ચારિત્રનું છે તેવું અવતરણિકામાં કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે સાધુનાં પાંચ મહાવ્રતો તે મૂલગુણ છે જેના બળથી જ ચારિત્ર જીવે છે અને તે ચારિત્રને અતિશય કરવાર્થે અને તે ચારિત્રને સુરક્ષિત કરવાર્થે સાધુ સદા ત્રણ

ગુપ્તિમાં રહે છે જેથી પાંચ મહાવ્રતો સુરક્ષિત રહે છે. વળી, સંયમના પ્રયોજનથી કોઈ ગમનાદિ ચેષ્ટા કરવી પડે ત્યારે પાંચ સમિતિનો આશ્રય કરે છે અને તે વખતે પણ ગુપ્તિરૂપ ચારિત્ર અવશ્ય હોય છે અને જે સાધુ સદા ત્રણ ગુપ્તિમાં રહેતા હોય તેઓનાં પાંચ મહાવ્રતો ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને અવશ્ય વીતરાગભાવનું કારણ બને છે. વળી, જે સાધુમાં જગતના સર્વ ભાવો પ્રત્યે ઉપેક્ષાનો પરિણામ, સમભાવ પ્રત્યે રાગનો પરિણામ અને અસમભાવ પ્રત્યે દ્વેષનો પરિણામ વર્તે છે તે સાધુને બાહ્ય કોઈ પદાર્થ પ્રત્યે રાગ નથી, દ્વેષ નથી તેવા મહાત્મા શક્તિના પ્રકર્ષથી સમભાવની વૃદ્ધિની ઉચિત ક્રિયામાં ઉપયુક્ત હોય છે. તેઓ સ્ખલના વગર ત્રણ ગુપ્તિને ધારણ કરી શકે છે અને જે સાધુને પાંચ મહાવ્રતોરૂપ, પાંચ સમિતિરૂપ અને ત્રણ ગુપ્તિરૂપ ચારિત્રમાં રાગ છે, તેથી સમિતિગુપ્તિની વૃદ્ધિ માટે સતત યત્ન કરે છે છતાં તે મહાત્માને ત્રણ ગુપ્તિઓમાં બાહ્ય નિમિત્તને પામીને ક્યારેક સ્ખલના થાય તો ઉત્તરગુણમાં અતિચારની પ્રાપ્તિ થાય છે અને જે સાધુ તે અતિચારનું શીઘ્ર નિવર્તન કરે છે તેમનું ચારિત્ર મલિન થવા છતાં નાશ પામતું નથી અને જેઓ ઉત્તરગુણમાં લેશ પણ યત્ન કરતા નથી તેઓએ મહાવ્રત ઉચ્ચરાવેલાં હોય તોપણ ત્રણ ગુપ્તિ વિષયક કોઈ યત્ન ન હોવાથી મૂલગુણરૂપ કે ઉત્તરગુણરૂપ ચારિત્ર તેઓમાં સંભવતું નથી. વળી, જે સાધુને પાંચ મહાવ્રતરૂપ ચારિત્ર અને પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિરૂપ ચારિત્રનો શબ્દમાત્રથી બોધ છે પરંતુ ત્રણ ગુપ્તિથી ગુપ્ત મુનિ કેવા છે તેનો પારમાર્થિક બોધ નથી તેઓમાં સમ્યક્ત્વ પણ સંભવતું નથી.

અહીં ટીકામાં કહ્યું કે સમિતિ સમ્યક્ પ્રવૃત્તિરૂપ છે અને ગુપ્તિ પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સાધુ જ્યારે ગમનાદિ ક્રિયા કરતા હોય ત્યારે અત્યંત જયણાપૂર્વક પ્રવૃત્તિ કરતા હોય તો તે મહાત્મામાં સમિતિ છે અને તે કાળમાં જ ભગવાનના વચનથી સંવૃત ચિત્ત છે માટે ગુપ્તિ છે. વળી, બાહ્યભાવો પ્રત્યે સંશ્લેષ ન થાય તે પ્રકારે સમિતિ આદિમાં પ્રવૃત્તિ છે. માટે સમિતિકાળમાં વર્તતી ગુપ્તિ પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ છે અને ધ્યાનાદિ કાળમાં વર્તતી ગુપ્તિ મન-વચન-કાયાની બાહ્ય ચેષ્ટાની નિવૃત્તિ કરીને અંતરંગ ગુણોમાં જવા સ્વરૂપ છે તેથી તે ગુપ્તિ નિવૃત્તિરૂપ છે. આથી જ સાધુ જ્યારે સમિતિમાં હોય છે ત્યારે અવશ્ય ગુપ્તિમાં હોય છે અને ગુપ્તિમાં હોય ત્યારે બાહ્ય ક્રિયાનું પ્રયોજન ન હોય તો તે સાધુ સમિતિમાં નથી અને બાહ્ય ક્રિયાનું પ્રયોજન હોય ત્યારે સમિતિમાં પણ હોય અને ગુપ્તિમાં પણ હોય. **॥૩૪॥**

**અવતરણિકા :-**

**હવે, સમિતિ-ગુપ્તિને નામથી કહે છે –**

**શ્લોક :-**

**ईर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गसंज्ञकाः ।**
**पञ्चाहुः समितीस्तिस्रो गुप्तीस्त्रियोगनिग्रहात् ।।३५।।**

**શ્લોકાર્થ :-**

**ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગ સંજ્ઞાવાળી પાંચ સમિતિઓ અને ત્રણ યોગના નિગ્રહથી ત્રણ ગુપ્તિઓ તીર્થંકરો કહે છે. ॥૩૫॥**

**ભાવાર્થ :-**

સાધુને સંવરભાવની પ્રાપ્તિ અર્થે મન-વચન અને કાયાના નિગ્રહથી ત્રણ ગુપ્તિ હોય છે. તેથી સાધુનું મન સદા મોહથી અનાકુળ એવા આત્માના ક્ષયોપશમભાવની વૃદ્ધિમાં ઉદ્યમ કરે છે અને અંતે ક્ષાયિકભાવમાં વિશ્રાંત થાય છે. વળી, ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવા સાધુ બાહ્ય આચરણાનું પ્રયોજન ન હોય તો સ્થિર આસનમાં બેસીને ગુપ્તિના પ્રકર્ષ અર્થે સૂત્ર-અર્થથી સદા આત્માને વાસિત કરે છે અને કાયાની પ્રવૃત્તિથી કોઈ કાર્ય સાધવા જેવું હોય ત્યારે આત્માના અંતરંગ સંવરભાવમાં બાધ ન થાય અને બાહ્ય વિષય સાથે ચિત્ત સંશ્લેષ ન પામે તે પ્રકારના દૃઢ પ્રણિધાનપૂર્વક ઈર્યાસમિતિ આદિના પાલન દ્વારા તે તે ઉચિત પ્રવૃત્તિઓ કરે છે જેથી ષટ્કાયના પાલનના અધ્યવસાયથી ગુપ્તિરૂપ સંવરભાવ સુરક્ષિત રહે છે તે સાધુનો ચારિત્રનો પરિણામ છે. **॥૩૫॥**

**અવતરણિકા :-**

**ઈર્યાસમિતિના લક્ષણને કહે છે –**

**શ્લોક :-**

**लोकातिवाहिते मार्गे चुम्बिते भास्वदंशुभिः ।**
**जन्तुरक्षार्थमालोक्य गतिरीर्या मता सताम् ।।३६।।**

**શ્લોકાર્થ :-**

**સૂર્યનાં કિરણોથી સ્પર્શાયેલા, લોકોથી અનેક વખત ગમનાદિથી પસાર કરાયેલા માર્ગમાં જીવોની રક્ષા માટે જોઈને ગમન સંતપુરુષોને અભિમત ઈર્યાસમિતિ છે. ॥૩૬॥**

**ભાવાર્થ :-**

સાધુ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત હોવા છતાં ભિક્ષાઅટનાદિ અર્થે, માત્રુસ્થંડિલ આદિ અર્થે કે અન્ય કોઈ સંયમવિશેષ અર્થે એક સ્થાનેથી અન્ય સ્થાને જાય ત્યારે સૂર્યનાં કિરણો જમીનને સ્પર્શતાં હોય તેવા માર્ગમાં જ ગમન કરે છે જેથી પ્રકાશને કારણે સૂક્ષ્મ પણ જંતુ હોય તો અવશ્ય દેખાય. વળી, જે માર્ગમાં લોકોની સદા અવરજવર હોય તેવા માર્ગમાં જ ગમન કરે છે જેથી લોકોના ગમનાદિને કારણે તે ભૂમિ અચિત્ત થયેલી હોવાથી પૃથ્વીકાય આદિની પણ વિરાધના થાય નહિ. વળી, ગમનકાળમાં અંતરંગ રીતે છ કાયના પાલનનો દયાળુ પરિણામ અત્યંત જાગૃત રહે તે પ્રકારના પ્રણિધાન પૂર્વક સાડા ત્રણ હાથ જમીન અથવા પોતાના શરીર પ્રમાણ જમીન આગળમાં ચક્ષુથી અવલોકન કરીને ચાલતા હોય જેથી પગ નીચે કોઈ ત્રસાદિ જીવની હિંસા થાય નહિ. આ પ્રકારના અંતરંગ અને બહિરંગ ઉપયોગપૂર્વક જે સાધુ જતા હોય તેઓને ઈર્યાસમિતિના પાલનથી સંયમના કંડકોની સતત વૃદ્ધિ થાય છે અને જેઓ સંયમના પ્રયોજન વગર જે તે અન્ય પ્રયોજનથી ગમન કરે છે અથવા સંયમના પ્રયોજનથી પણ ગમનકાળમાં ઈર્યાસમિતિની મર્યાદા અનુસાર યતનાપૂર્વક ગમન કરતા નથી તેઓમાં સંયમસ્થાન પ્રગટ થયેલું હોય તોપણ નાશ પામે છે અને ઈર્યાસમિતિના અભાવને કારણે સંયમસ્થાનની પ્રાપ્તિની સંભાવના રહેતી નથી. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**ભાષાસમિતિના સ્વરૂપને બતાવે છે –**

**શ્લોક :-**

**अवद्यत्यागतः सर्वजनीनं मितभाषणम् ।**
**प्रिया वाचंयमानां सा भाषासमितिरुच्यते ।।३७।।**

**શ્લોકાર્થ :-**

**અવદ્યના ત્યાગથી=સાવદ્ય પ્રવૃત્તિના કારણીભૂત ભાવોના પરિણામના ત્યાગથી, સર્વજનીન=સર્વ જીવોને હિતકારી એવું, મિતભાષણ તે મુનિઓની પ્રિય ભાષાસમિતિ કહેવાય છે. ॥૩૭॥**

**ભાવાર્થ :-**

સાધુ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત હોવાને કારણે અવશ્ય વચનગુપ્તિવાળા હોય છે તેથી સંયમવૃદ્ધિના પ્રયોજન સિવાય કોઈ વચનપ્રયોગ કરતા નથી. તેથી ભિક્ષાર્થે યાચનાનું પ્રયોજન હોય, શાસ્ત્રઅધ્યયનકાળમાં પૃચ્છાદિનું પ્રયોજન હોય, યોગ્ય જીવોને ઉપદેશાદિનું પ્રયોજન હોય કે તેવું કોઈ અન્ય સંયમવૃદ્ધિનું પ્રયોજન હોય ત્યારે અંતરંગ કોઈ કષાયને વશ થયા વિના વીતરાગના વચનના નિયંત્રણ નીચે લોકોના હિતનું કારણ હોય તેવું મિતભાષણ કરે છે=ઉચિત બોધ કરાવવામાં જેટલું પ્રયોજન હોય તેટલા પરિમિત શબ્દોથી બોલે છે, તે મુનિઓને અભિમત એવી ભાષાસમિતિ છે. આથી જ પર્ષદાની ઇચ્છાથી, શિષ્યની ઇચ્છાથી કે અન્ય કોઈ બાહ્ય પ્રયોજનથી મુનિ ઉચિત ઉપદેશ આપતા હોય તોપણ અંતરંગ રીતે બાહ્ય પદાર્થની આશંસાથી દૂષિત ચિત્ત હોવાના કારણે તે ભાષા અવદ્ય બને છે. તેથી સાધુ બાહ્ય પદાર્થોમાં ક્યાંય સંશ્લેષ ન થાય તે પ્રકારે સંવેગના ઉપયોગપૂર્વક ઉચિત ભાષણ કરે છે. અનાભોગાદિથી કોઈ સ્ખલના થાય તો અતિચાર પ્રાપ્ત થાય છે. **॥૩૭॥**

**અવતરણિકા :-**

**એષણા સમિતિનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**द्विचत्वारिंशता भिक्षादोषैर्नित्यमदूषितम् ।**
**मुनिर्यदन्नमादत्ते सैषणासमितिर्मता ।।३८।।**

**શ્લોકાર્થ :-**

**૪૨ ભિક્ષાદોષોથી અદૂષિત નિત્ય જે અન્નને મુનિ ગ્રહણ કરે છે તે એષણા સમિતિ કહેવાય છે. ॥૩૮॥**

**ભાવાર્થ :-**

સાધુ સમભાવની વૃદ્ધિ અર્થે અત્યંત ઉપયુક્ત થઈને સદા ત્રણ ગુપ્તિમાં રહે છે અને ગુપ્તિની વૃદ્ધિના ઉપાયભૂત દેહનું પાલન આવશ્યક જણાય ત્યારે ગુપ્તિમાં ભંગ ન થાય તે પ્રકારે સંયમરૂપી દેહના પાલન અર્થે ઉચિત આહાર ગ્રહણ કરે છે. તે આહારગ્રહણમાં શુદ્ધ ભિક્ષાના ગ્રહણ અર્થે ૪૨ દોષોથી રહિત જે ભિક્ષાની ગવેષણા કરે છે તે એષણા સમિતિ છે. તેથી મુનિ ભિક્ષાગ્રહણના પ્રયોજનાર્થે ઉપાશ્રયાદિથી જાય ત્યારે 'આવસ્સહિ' પ્રયોગ કરીને જાય છે જેથી પ્રણિધાન થાય છે કે સંયમવૃદ્ધિના પ્રયોજન અર્થે હું ભિક્ષા માટે જાઉં છું. તેથી ગમન વખતે ઈર્યાસમિતિમાં ઉપયોગ રાખીને જાય છે, ભિક્ષાની ગવેષણા કરતી વખતે એષણાના ૪૨ દોષોના પરિહારપૂર્વક ભિક્ષાની ગવેષણા કરે છે અને ચિત્ત સર્વકાળ દરમિયાન ભિક્ષાની પ્રાપ્તિ-અપ્રાપ્તિ પ્રત્યે સમાન રહે એ રીતે ગુપ્ત થઈને સાધુ ભિક્ષા માટે પ્રયત્ન કરે છે; જેથી "ભિક્ષાની પ્રાપ્તિમાં સંયમવૃદ્ધિ થશે અને અપ્રાપ્તિમાં તપની વૃદ્ધિ થશે" એ પ્રકારના ભાવથી ભાવિત ચિત્ત હોવાથી સમભાવના પરિણામની સતત વૃદ્ધિ થાય છે. **II૩૮II**

**અવતરણિકા :-**

**ક્રમ પ્રાપ્ત આદાનનિક્ષેપ સમિતિને કહે છે –**

**શ્લોક :-**

**आसनादीनि संवीक्ष्य प्रतिलिख्य च यत्नतः ।**
**गृह्णीयान्निक्षिपेद्वा यत् साऽदानसमितिः स्मृता ।।३९।।**

**શ્લોકાર્થ :-**

**આસનાદિને જોઈને અને યત્નથી પ્રતિલેખન કરીને જે ગ્રહણ કરે અથવા નિક્ષેપ કરે તે=જોઈને અને પ્રતિલેખન કરીને ગ્રહણ અને નિક્ષેપની ક્રિયા, આદાનનિક્ષેપ સમિતિ કહેવાય છે. ।।૩૯।।**

**ભાવાર્થ :-**

સાધુ સંયમજીવનમાં છ જીવનિકાયના પાલનના પરિણામવાળા હોય છે અને છ જીવનિકાયના પાલનના પરિણામથી સર્વ જીવો પ્રત્યે પોતાના તુલ્ય બુદ્ધિ થાય છે. તેથી સર્વ જીવોના સમભાવના પરિણામના રક્ષણાર્થે અને વૃદ્ધિ અર્થે સાધુ સંયમના પ્રયોજનથી કોઈ પણ પ્રવૃત્તિ કરે ત્યારે તે પરિણામની વૃદ્ધિ થાય તે પ્રકારે યત્ન કરે છે. આથી આસન, વસ્ત્ર, પાત્ર આદિ કોઈ પણ વસ્તુનું ગ્રહણ કરે ત્યારે પ્રથમ જે સ્થાને હસ્તાદિનો સ્પર્શ થાય તેમ હોય તે સ્થાનનું ચક્ષુથી પ્રથમ અત્યંત ઉપયોગપૂર્વક અવલોકન કરે અને કોઈ જીવ જણાય તો યતનાપૂર્વક ઉચિત સ્થાને તે જીવને સ્થાપન કરે અને કોઈ જીવ ચક્ષુથી દેખાય નહિ તોપણ તે સ્થાનમાં ચક્ષુથી અગોચર કોઈક સૂક્ષ્મ જીવ હોય અને ગ્રહણાદિ કરવાથી તેને પીડા થાય કે નાશ થાય તેના નિવારણાર્થે રજોહરણથી ઉપયોગપૂર્વક સમ્યગ્ પ્રતિલેખના કરે ત્યારપછી તે વસ્તુને ગ્રહણ કરે તે આદાનનિક્ષેપ સમિતિ છે. જે સાધુ આદાનનિક્ષેપ સમિતિથી આત્માને અત્યંત ભાવિત રાખે છે તે સાધુનું

ચિત્ત છ કાયના પાલનના પરિણામરૂપ રહે છે અને છ કાયના પાલનના પરિણામથી સર્વ જીવો પ્રત્યે પોતાને આત્મતુલ્ય બુદ્ધિ હોવાથી સમભાવના પરિણામની વૃદ્ધિ થાય છે. તેથી આદાનનિક્ષેપ સમિતિ ચારિત્રના પરિણામના અંગભૂત છે અને ચારિત્રની વૃદ્ધિનું કારણ છે. **॥૩૯॥**

**અવતરણિકા :-**

**ઉત્સર્ગસમિતિને=પારિષ્ઠાપનિકા સમિતિને, કહે છે –**

**શ્લોક :-**

**कफमूत्रमलप्रायं निर्जन्तुजगतीतले ।**
**यत्नाद्यदुत्सृजेत् साधुः सोत्सर्गसमितिर्भवेत् ।।४०।।**

**શ્લોકાર્થ :-**

**નિર્જન્તુ જગતીતલમાં=જીવ રહિત શુદ્ધભૂમિમાં, કફ, મૂત્ર, મલ વગેરેને સાધુ યત્નથી જે ત્યાગ કરે તે=પરઠવવાની ક્રિયા, ઉત્સર્ગસમિતિ છે. ॥૪૦॥**

**ભાવાર્થ :-**

સાધુ છ જીવનિકાયના પાલનના પરિણામવાળા હોય છે. તેથી તે છ જીવનિકાયના રક્ષણાર્થે દેહના કફ, મૂત્રાદિ વસ્તુઓનો ત્યાગ કરવો આવશ્યક જણાય ત્યારે ત્રસ અને સ્થાવર જીવોથી રહિત શુદ્ધભૂમિ હોય તેની ઉચિત ગવેષણા કરીને અત્યંત ઉપયોગપૂર્વક તે કફાદિને પરઠવે જેથી પરઠવતા પૂર્વે કોઈ જીવનો વિનાશ ન થાય અને પરઠવ્યા પછી પણ તે શ્લેષ્માદિમાં કોઈ જીવોનો વિનાશ ન થાય તે પ્રકારે યતના કરે જેથી જીવરક્ષાનો પરિણામ સદા જીવનમાં રહે. વળી, તેવા કોઈ પ્રસંગે ત્યાગ કરવા યોગ્ય આહારાદિ હોય કે જીર્ણ વસ્ત્ર હોય કે પાત્ર હોય તો તેને પણ તે રીતે પરઠવે કે જેથી તે ત્યાગ કરાયેલી વસ્તુ જીવહિંસાનું અધિકરણ બને નહિ એ પ્રકારની ઉચિત પ્રવૃત્તિ પારિષ્ઠાપનિકા સમિતિ છે. **॥૪૦॥**

**અવતરણિકા :-**

**હવે, ગુપ્તિનો અવસર છે; કેમ કે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ ચારિત્ર છે તેમ કહ્યા પછી પાંચ સમિતિનું વર્ણન પૂરું થયું. તેથી હવે ગુપ્તિનો અવસર છે. ત્યાં મનોગુપ્તિને કહે છે –**

**શ્લોક :-**

**विमुक्तकल्पनाजालं समत्वे सुप्रतिष्ठितम् ।**
**आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ।।४१।।**

**શ્લોકાર્થ :-**

**વિમુક્ત કલ્પનાજાલ, સમપણામાં સુપ્રતિષ્ઠિત અને આત્મારામમાં વિશ્રાંત તેવું મન તેના જાણનારાઓ વડે મનોગુપ્તિ કહેવાય છે. ॥૪૧॥**

**ભાવાર્થ :-**

ત્રણ પ્રકારની મનોગુપ્તિ કહેવાય છે. (૧) વિમુક્ત કલ્પનાજાળવાળું મન મનોગુપ્તિરૂપ છે. (૨) સમપણામાં સુપ્રતિષ્ઠિત મન મનોગુપ્તિ છે. (૩) આત્મારામમાં વિશ્રાંત થયેલું મન મનોગુપ્તિ છે.

**(૧) વિમુક્ત કલ્પનાજાળવાળું મન :-**

આત્માના પ્રયોજન વિના બાહ્ય પદાર્થ વિષયક કોઈ વિચાર થાય તે વિચાર આર્તધ્યાનમાં કે રૌદ્રધ્યાનમાં અનુબંધવાળી કલ્પનાજાળ સ્વરૂપ છે=આર્ત-રૌદ્ર ધ્યાનની ફળવાળી કલ્પનાજાળવાળું છે. તેવી વિચારણાઓના પ્રવાહનો મહાત્માઓ યતનાપૂર્વક ત્યાગ કરે છે જેથી મન બાહ્ય પદાર્થોને અવલંબીને નિષ્કારણ પ્રવૃત્તિવાળું થાય નહિ તે પ્રથમ મનોગુપ્તિ છે. જેમ સંયમનું કોઈ પ્રયોજન ન હોય તો ઇન્દ્રિયોના વિષયભૂત કોઈ પદાર્થને આશ્રયીને આ શું છે ? તે પ્રકારનો વિચાર ઉત્થિત થાય તો મન બાહ્ય પદાર્થમાં ભટકનાર છે અને તેવા મનનો વિવેકપૂર્વક રોધ કરવામાં આવે તો આત્માને ઉપયોગી એવા સંયમના પ્રયોજન સિવાય મન તે પદાર્થમાં ઉત્સુકતાથી પ્રવર્તે નહિ તે મનોગુપ્તિ સ્વરૂપ છે.

**(૨) સમપણામાં સુપ્રતિષ્ઠિત મન :-**

શાસ્ત્રાનુસારી, પરલોકને સાધનારી, ધર્મધ્યાનના ફળવાળી, જીવની માધ્યસ્થ પરિણતિ બીજા પ્રકારની મનોગુપ્તિ છે. સાધુઓ પ્રતિદિન સાધુ સામાચારી અત્યંત ઉપયોગપૂર્વક ભાવન કરે છે ત્યારે તે તે આચાર વિષયક ઉચિત વિધિનું સ્મરણ કરે છે અને વિચારે છે કે વીતરાગે આ અનુષ્ઠાન આ વિધિપૂર્વક કરવાનું કહ્યું છે અને તે વિધિનું સ્મરણ કરીને તે વિધિ અનુસાર તે અનુષ્ઠાન કરવા અંતરંગ ઉદ્યમ કરે ત્યારે વીતરાગતાને અભિમુખ જતી એવી માધ્યસ્થ પરિણતિ જીવમાં વર્તે છે, જે પરિણતિ તે મહાત્માના ઉત્તમ એવા પરલોકને સાધનારી છે અને તે પરિણતિકાળમાં વર્તતો મનોયોગ ધર્મધ્યાનમાં કે ધર્મધ્યાનને અભિમુખ પરિણતિવાળો રહે છે. વળી, આવા પરિણામથી જીવમાં વર્તતા ક્રોધ, માન, માયા, લોભના સંસ્કારોથી વિરુદ્ધ એવા ક્ષમા, માર્દવ, આર્જવ અને નિરીહતાના સંસ્કારો આધાન થાય છે જેનાથી જીવમાં વર્તતા રાગાદિ ભાવો ક્ષયોપશમભાવની પરિણતિને પામીને ક્ષાયિકભાવ તરફ જાય છે. તેથી તે મહાત્માનું ચિત્ત સર્વ ક્રિયાકાળમાં સમભાવમાં પ્રતિષ્ઠિત છે તે બીજા પ્રકારની મનોગુપ્તિ છે.

પ્રથમ મનોગુપ્તિ સંસારના ભાવોના વિરોધના યત્ન સ્વરૂપ છે અને બીજી મનોગુપ્તિ જિનવચનના નિયંત્રણ નીચે જિનતુલ્ય થવાના યત્ન સ્વરૂપ છે. આ બંને મનોગુપ્તિઓ ભાવસાધુને સદા હોય છે. તેમાં કોઈ સ્ખલના થાય ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે.

**(૩) આત્મામાં વિશ્રાંત થયેલું મન :-**

વળી, સાધુઓ પ્રથમ બે પ્રકારની ગુપ્તિને સમ્યક્ રીતે સેવીને સમભાવના પરિણામના બળથી અસંગભાવને પ્રાપ્ત કરે છે અને અસંગભાવના પ્રકર્ષથી વીતરાગ સર્વજ્ઞ બને છે અને વીતરાગ થયા પછી ઉચિતકાળે યોગનિરોધ કરે છે તે વખતે તે મહાત્માઓ પોતાના આત્મભાવમાં સદા સ્થિર થાય છે અને તે આત્મભાવમાં

સ્થિરતા છે તે ત્રીજા પ્રકારની મનોગુપ્તિ છે જેનાથી સર્વકર્મ રહિત અવસ્થાને પ્રાપ્ત કરીને તે મહાત્મા સર્વ દુઃખોનો અંત કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે અભ્યાસદશામાં, પ્રથમ મનોગુપ્તિમાં યત્ન કરાય છે અને ત્યારપછી સમભાવમાં સ્થિર થવા અર્થે બીજી મનોગુપ્તિમાં યત્ન કરાય છે અને તે બે મનોગુપ્તિના બળથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી સર્વસંવરની પ્રાપ્તિ અર્થે ત્રીજી મનોગુપ્તિમાં યત્ન કરાય છે જેનાથી સંપૂર્ણ આશ્રવનો નિરોધ થાય છે. **॥૪૧॥**

**અવતરણિકા :-**

**વાગ્ગુપ્તિને કહે છે –**

**શ્લોક :-**

**संज्ञादिपरिहारेण यन्मौनस्यावलम्बनम् ।**
**वाग्वृत्तेः संवृतिर्वा या सा वाग्गुप्तिरिहोच्यते ।।४२।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=સંયમજીવનમાં, સંજ્ઞાદિના પરિહારથી જે મૌનનું આલંબન અથવા જે વાગ્વૃત્તિની=વચનપ્રયોગની, સંવૃતિ તે વાગ્ગુપ્તિ કહેવાય છે. ।।૪૨।।**

**ભાવાર્થ :-**

સાધુ સદા મન-વચન-કાયાની ગુપ્તિમાં રહીને આત્મામાં ચારિત્રના પરિણામને સ્થિર સ્થિરતર કરે છે. તેથી સંયમનું કોઈ પ્રયોજન ન હોય તો કોઈની સાથે કોઈ પ્રકારે વાર્તાલાપ કરે નહિ અને તે વાર્તાલાપ કરવાને અનુકૂળ અંતરંગ પરિણતિથી પ્રેરાઈને ઇશારાનો પણ પરિહાર કરે જેથી અન્ય કોઈ જીવને કોઈક પ્રકારનો બોધ કરાવાને અનુકૂળ અધ્યવસાય વચનપ્રયોગથી પણ ઉલ્લસિત ન થાય તે પ્રથમ વાગ્ગુપ્તિ છે.

જો સંયમની વૃદ્ધિના પ્રયોજનથી મૌનનું આલંબન લીધા પછી સંજ્ઞાદિથી બાહ્ય કૃત્યોના પ્રયોજનનું સૂચન કરે તો તે મૌનનું આલંબન નિષ્ફળ જ છે; કેમ કે અંતરંગ રીતે તે તે બાહ્ય કૃત્યો અન્ય કરે તે પ્રકારની પરિણતિ વિદ્યમાન છે જેનાથી અવશ્ય કર્મબંધ થાય છે. એટલું જ નહિ પણ તે અંતરંગ પરિણતિ જેમ વચનપ્રયોગ રૂપે અભિવ્યક્ત થઈને બોલવાની પ્રવૃત્તિ રૂપે થાય છે તેમ અન્યને બાહ્યકાર્યોના સૂચનને કરવાની અંતરંગ પરિણતિ સંજ્ઞાદિ દ્વારા અભિવ્યક્ત થઈને તે તે કૃત્ય કરવા રૂપે પરિણમન પામે છે. તેથી બોલવાથી જે પ્રકારના કર્મબંધ કરવાની પ્રાપ્તિ હતી તે પ્રકારના કર્મબંધની અવશ્ય પ્રાપ્તિ થાય છે. એટલું જ નહિ પણ પોતે મૌનનું સેવન કર્યું છે તે પ્રકારનું મિથ્યા આશ્વાસન હોવાથી તે પ્રકારના વિપરીત પરિણામજન્ય વિશેષ કર્મબંધ થાય છે. માટે મૌનનું આલંબન લીધા પછી ગુપ્તિના અર્થી મહાત્માએ જેમ વચનથી મૌન લેવું જોઈએ તેમ સંજ્ઞાદિનો પણ પરિહાર કરવો જોઈએ અને કોઈને સૂચન કરવા વિષયક અંતરંગ પરિણામ ઉત્થિત ન થાય તે પ્રકારે સંવૃત થઈને મૌનનું સેવન કરવું જોઈએ જેથી આત્મામાં

વીતરાગતુલ્ય થવાને અનુકૂળ વીતરાગભાવનો રાગ વૃદ્ધિ થાય તો પ્રથમ પ્રકારની ગુપ્તિ પારમાર્થિક વાગ્ગુપ્તિ બને.

વળી, સાધુ શાસ્ત્રઅધ્યયનકાળમાં વાચના આપે છે ત્યારે ઉચિત સ્થાનમાં શિષ્ય પૃચ્છા કરે છે અને પુછાયેલા પ્રશ્નોનો ઉચિત ઉત્તર ગુરુ આપે છે તે સર્વ પ્રવૃત્તિઓમાં લોક અને આગમના અવિરોધથી અને મુહપત્તિથી આચ્છાદિત મુખ રાખીને બોલનાર પુરુષની વાણીની પ્રવૃત્તિમાં જે સંવરભાવની પ્રાપ્તિ છે અર્થાત્ સ્વ-પર કલ્યાણના કારણથી અન્યત્ર વાણી ન જાય એ પ્રકારની સંવૃતિ છે તેવા પ્રકારનું વાણીનું વિશેષ નિયંત્રણ એ બીજા પ્રકારની વાગ્ગુપ્તિ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે જે મહાત્મા વાચના આદિમાં જિનવચનથી નિયંત્રિત થઈને ઉચિત સંભાષણ કરે છે ત્યારે તે મહાત્માનો વીતરાગના વચનાનુકૂળ જેટલો સંવેગનો પરિણામ છે તેટલો સંવરભાવ વર્તે છે અને તે સંવરભાવ વીતરાગતાને અભિમુખ જતા જીવના પરિણામ સ્વરૂપ છે. તેથી સાક્ષાત્ વાણીથી બોલવાની ક્રિયા હોવા છતાં તે વાણીના પ્રયોગના બળથી જ આત્મામાં વીતરાગતાને અભિમુખ સંવરભાવ વર્તે છે તેથી તે બોલવાની ક્રિયામાં વાગ્ગુપ્તિ છે અને જો આ બેમાંથી કોઈ પરિણામ ન હોય તો જીવ જે કાંઈ બોલે છે તે અને કોઈ બોલવાની ક્રિયા ન હોય તો તે પણ વાગ્ગુપ્તિ નથી પરંતુ કર્મબંધને અનુકૂળ એવો આશ્રવભાવ છે. તેથી વાગ્ગુપ્તિના અર્થી આત્માએ વાગ્ગુપ્તિનું સ્વરૂપ સૂક્ષ્મપ્રજ્ઞાથી ભાવન કરીને તે ભાવો પ્રત્યે રાગની વૃદ્ધિ થાય તેવો યત્ન કરવો જોઈએ જેથી તે રાગના પરિણામને અનુરૂપ કંઈક અંશથી પણ ગુપ્તિ પ્રાપ્ત થાય. **॥૪૨॥**

**અવતરણિકા :-**

**હવે, કાયગુપ્તિ કહે છે અને તે કાયગુપ્તિ બે પ્રકારની છે. (૧) ચેષ્ટાની નિવૃત્તિરૂપ અને (૨) યથાશાસ્ત્ર ચેષ્ટાના નિયમરૂપ. તે બે કાયગુપ્તિમાંથી ગ્રંથકારશ્રી આદ્ય કાયગુપ્તિને કહે છે –**

**શ્લોક :-**

**उपसर्गप्रसङ्गेऽपि कायोत्सर्गजुषो मुनेः ।**
**स्थिरीभावः शरीरस्य कायगुप्तिर्निगद्यते ।।४३।।**

**શ્લોકાર્થ :-**

**ઉપસર્ગના પ્રસંગમાં પણ કાયોત્સર્ગયુક્ત એવા મુનિના શરીરનો સ્થિરીભાવ કાયગુપ્તિ કહેવાય છે. ॥૪૩॥**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા ભગવાનના વચનાનુસાર વીતરાગભાવને ઉલ્લસિત કરવા અર્થે કાયોત્સર્ગ મુદ્રામાં રહીને શરીરને અત્યંત સ્થિર રાખે અને ચિત્તને શરીરની ચેષ્ટાના પરિહારપૂર્વક આત્માના ભાવોમાં સ્થિર કરવા અર્થે સૂત્ર-અર્થોનું અવલંબન લઈને આત્માને ભાવિત કરતા હોય તે વખતે તેઓના શરીરનો જે સ્થિરભાવ

છે તે કાયગુપ્તિ છે અને કેવળજ્ઞાન થયા પછી યોગનિરોધકાળમાં જે સર્વથા શરીરચેષ્ટાનો પરિહાર છે તે પણ કાયગુપ્તિ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે મુનિભાવમાં વીતરાગ થવાને અનુકૂળ દૃઢવ્યાપારયુક્ત કાયાનો સ્થિરભાવ અથવા સંપૂર્ણ સંવરની પ્રાપ્તિકાળમાં એટલે કે યોગનિરોધકાળમાં વર્તતો કાયાનો સ્થિરભાવ એ કાયગુપ્તિ છે. આ બંને પ્રકારની કાયગુપ્તિ કાયચેષ્ટાના પરિહારપૂર્વક આત્માના ભાવમાં જવાને અનુકૂળ વ્યાપારરૂપ છે અને શ્રાવક અવસ્થામાં પ્રતિમાદિકાળમાં કે કાયોત્સર્ગકાળમાં આત્માને સ્થિર કરીને સૂત્ર-અર્થના પારાયણ દ્વારા આત્મભાવમાં જવા માટે જે શ્રાવકો યત્ન કરતા હોય તેઓને દેશથી સંવરરૂપ અભ્યાસિક કાયગુપ્તિ છે; કેમ કે શ્રાવક અવસ્થામાં દેહ, કુટુંબ આદિ પ્રત્યે મમત્વ છે. સર્વથા મમત્વ વગરના નથી. જ્યારે સાધુ દેહ આદિ સર્વ મમત્વનો ત્યાગ કરીને એક વીતરાગભાવ પ્રત્યે જ રાગને ધારણ કરીને કાયગુપ્તિમાં જ યત્ન કરે છે અને તેવી કાયગુપ્તિ શ્રાવકને સંભવે નહિ તોપણ તેના અભ્યાસરૂપ પૂર્વભૂમિકાની કાયગુપ્તિ શ્રાવકોને પણ હોય છે. **॥૪૩॥**

**અવતરણિકા :-**

**બીજી કાયગુપ્તિ બતાવે છે=ચેષ્ટાના નિયમનરૂપ બીજી કાયગુપ્તિ બતાવે છે –**

**શ્લોક :-**

**शयनाऽऽसननिक्षेपाऽऽदानचङ्क्रमणेषु यः ।**
**स्थाने च चेष्टानियमः कायगुप्तिस्तु साऽपरा ।।४४।।**

**શ્લોકાર્થ :-**

**શયનના, આસનના નિક્ષેપાના અને આદાનના વિષયમાં, ચંક્રમણના વિષયમાં અને સ્થાનના વિષયમાં જે ચેષ્ટાનો નિયમ તે બીજી કાયગુપ્તિ છે. ।।૪૪।।**

**ભાવાર્થ :-**

કાયગુપ્તિ (૧) શયનવિષયક (૨) આસનવિષયક નિક્ષેપ અને ગ્રહણમાં (૩) ચંક્રમણવિષયક અને (૪) સ્થાનવિષયક ચેષ્ટાના નિયમરૂપ છે.

**(૧) શયનવિષયક :-**

સાધુને શાસ્ત્રવચન અનુસાર રાત્રિમાં નિદ્રાકાળ છે, દિવસમાં નહિ. ફક્ત ગ્લાન હોય કે વિહારાદિને કારણે શ્રાંત થયેલા હોય કે વૃદ્ધ હોય ત્યારે સંયમયોગોમાં દૃઢ પ્રવર્તનની શક્તિના સંચયાર્થે નિદ્રાની અનુજ્ઞા છે. તે પ્રમાણે પ્રથમ પહોર પછી કોઈ સાધુ ગુરુને પૂછીને પ્રમાણોપેત વસતીમાં પોતાને પ્રાપ્ત થયેલી ભૂમિને જોઈ અને પ્રમાર્જીને અર્થાત્ પ્રથમ જીવરહિત ભૂમિ છે કે નહિ તેને જુએ, ત્યારપછી પ્રમાર્જન કરે, ત્યારપછી સંથારો અને ઉત્તરપટ્ટક વસ્ત્રને પહોળું કરીને તે સ્થાને પાથરે, ત્યારપછી યોગ્ય રીતે પોતાની

પૂર્ણકાયાને મુખવસ્ત્રિકા અને રજોહરણથી પૂંજે, જેથી કાયા ઉપર રહેલો પણ કોઈ જીવ હોય તો સૂવાની ક્રિયાથી મરે નહિ. આ રીતે ગુરુ દ્વારા અનુજ્ઞા અપાયેલ સાધુ સંથારામાં બેસે અને પંચપરમેષ્ઠિને નમસ્કાર કરે અને સામાયિક સૂત્રને બોલે. ત્યારપછી પોતાના ડાબા હાથનું ઓશીકું કરીને અને પગને અત્યંત સંકોચિત કરીને કુક્કડીની જેમ આકાશમાં ઊંચા પગ રાખીને સૂએ અને તે રીતે સૂવા સમર્થ ન જણાય તો જમીન ઉપર ભૂમિનું પ્રમાર્જન કરીને પગને મૂકે અને તે રીતે સૂતા પછી રાત્રે પણ જો પડખું ફેરવવું હોય કે પગને સંકોચ કરવા હોય ત્યારે રજોહરણથી અને મુખવસ્ત્રિકાથી પ્રમાર્જના કરે અને અત્યંત અલ્પ નિદ્રાપૂર્વક સૂએ. આ પ્રકારની અત્યંત જીવરક્ષાને ઉચિત યતનાપૂર્વક અને જીવરક્ષાના ઉચિત પરિણામપૂર્વક અને નિદ્રાકાળમાં પણ સંયમની મર્યાદાનું વિસ્મરણ ન થાય તે રીતે જે અલ્પનિદ્રા કરે તે કાયગુપ્તિનો પરિણામ છે અને જેટલી સંખ્યામાં કાયગુપ્તિવાળા સાધુ હોય તેના પ્રમાણથી યુક્ત વસતી ગ્રહણ કરે. જો અધિક વસતી ગ્રહણ કરે તો કાયગુપ્તિનો ભંગ થાય. વળી, ગુરુ દરેક સાધુને સાડા ત્રણ હાથ ભૂમિ આપે અને તેટલી જ ભૂમિમાં દરેક સાધુ પોતાની ઉપધિ સહિત સૂએ પરંતુ અધિક ભૂમિનો પરિભોગ ન કરે. એ પ્રકારે જે સાધુ સૂવાની મર્યાદાની સર્વવિધિનું પાલન કરે છે તેઓની સૂવાના કાળ દરમિયાન ભગવાનના વચનની આજ્ઞાનુસાર પ્રવૃત્તિ હોવાથી તેઓની સર્વક્રિયા જિનવચનથી ભાવિત છે અને સૂવાના કાળમાં પણ ભગવાનના વચન અનુસાર ચિત્તને ભટકતું બંધ કરીને સંયમની મર્યાદામાં રાખે તેવી તેઓની પરિણતિ વર્તે છે. તેથી તે સૂવાની ક્રિયા વિષયક જે ચેષ્ટાનો નિયમ છે તે કાયગુપ્તિરૂપ છે અને જે સાધુ જિનવચનાનુસાર સર્વવિધિનું સ્મરણ કરીને શક્તિ અનુસાર તે પ્રમાણે યત્ન કરે છે છતાં નિદ્રાકાળમાં અનાભોગ આદિથી ક્યાંક સ્ખલના થાય છે ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે. આમ છતાં જિનવચનનો રાગ હોવાથી તે સ્ખલનાનું સ્મરણ કરીને તે મહાત્મા તેની શુદ્ધિ કરે છે અને જેઓને તે પ્રકારની વિધિનું સ્મરણ પણ નથી અને ગૃહસ્થની જેમ રાત્રે સંથારા આદિ ઉપર સૂતા હોય તેટલા માત્રથી તેઓમાં કાયગુપ્તિ નહિ હોવાથી સાધુભાવ પણ સંભવે નહિ.

**(૨) આસનવિષયક :-**

વળી, સાધુ જે સ્થાનમાં બેસવાનું હોય તે પ્રદેશને ચક્ષુથી પ્રથમ અત્યંત ઉપયોગપૂર્વક જુએ. કોઈ જીવ દેખાય તો યતનાપૂર્વક તેને ઉચિતસ્થાને મૂકે અને ન દેખાય તો શાસ્ત્રવિધિ અનુસાર રજોહરણથી પ્રમાર્જન કરે અને બહારની નિષદ્યાને=રજોહરણના બહારના વસ્ત્રને, વિસ્તારીને બેસે અને ત્યાં બેસીને સ્વાધ્યાયાદિ કરતી વખતે દેહને આકુંચન-પ્રસારણ કરવું પડે તોપણ ચક્ષુથી તે તે સ્થાનનું અવલોકન કરીને અને પ્રમાર્જન કરીને કરે જેથી કોઈ સૂક્ષ્મ જીવની પણ હિંસા થવાનો સંભવ રહે નહિ અને વર્ષાદિ ઋતુમાં પીઠ-ફલકાદિમાં ચક્ષુથી નિરીક્ષણ અને પ્રમાર્જન કરીને સાધુ સામાચારી પ્રમાણે બેસે અને આ સર્વ પ્રવૃત્તિકાળમાં જીવરક્ષાને અનુકૂળ દયાનો પરિણામ વૃદ્ધિ પામતો હોય છે. વળી, ભગવાનના વચનનું સ્મરણ હોવાથી ભગવાનની આજ્ઞા પ્રત્યે રાગ વૃદ્ધિ પામતો હોય છે જેથી ચિત્ત બાહ્ય પદાર્થોથી સંવૃત થઈને કાયાની ચેષ્ટામાં નિયમનપૂર્વક પ્રવર્તતું હોય છે. તેથી તે આસનવિષયક કાયગુપ્તિ છે. આ રીતે નિક્ષેપમાં અને આદાનમાં ચેષ્ટાનો નિયમ તે કાયગુપ્તિ છે. તેથી દંડાદિને ગ્રહણ કરે ત્યારે પ્રથમ ચક્ષુથી અવલોકન કરે, પછી પ્રમાર્જન કરે, પછી ગ્રહણ કરે.

**(૩) ચંક્રમણવિષયક :-**

અવશ્ય પ્રયોજન માટે સાધુ ભિક્ષાચર્યામાં, વિહારમાં કે કોઈ અન્ય કાર્ય માટે જતા હોય ત્યારે પોતાની આગળના યુગમાત્ર પ્રદેશમાં સંનિવેશ દૃષ્ટિવાળા=આગળની સાડા ત્રણ હાથ ભૂમિને જોવાની દૃષ્ટિમાં ઉપયોગવાળા, જીવરક્ષાના પરિણામમાં અપ્રમત્ત, ત્રસ અને સ્થાવર જીવોની રક્ષાને કરતા, અત્વરાથી ગમન કરતા જતા હોય ત્યારે કાયગુપ્તિ છે.

**(૪) સ્થાનવિષયક :-**

વળી, સાધુ પડિલેહણાદિ કોઈ ક્રિયા કરતા હોય ત્યારે ઉપરમાં કે ભીંતાદિમાં કોઈ સ્થાને કોઈ વસ્તુનો સ્પર્શ થવાનો સંભવ હોય તો તે વસ્તુ મૂકતા પૂર્વે તે ઉપરના સ્થાનને કે ભીંતાદિને ચક્ષુથી જોઈને, પ્રમાર્જન કરીને તે વસ્તુને મૂકે જેથી સાધુની તે પ્રવૃત્તિમાં હિંસા થાય નહિ. વળી, કોઈક કારણે ભીંતાદિના અવષ્ટંભથી બેસવું પડે તેમ હોય તોપણ તે સ્થાનને પ્રથમ જોઈ, ત્યારપછી પ્રમાર્જીને બેસે. આ પ્રકારે સ્થાનના વિષયમાં જે ચેષ્ટાનો નિયમ છે તે કાયગુપ્તિ છે અને જે સાધુ શયન-આસનાદિમાં જીવરક્ષાને માટે અત્યંત ઉપયુક્ત નથી તેઓ કાયગુપ્તિવાળા નથી. તેથી તેઓ કોઈ ચેષ્ટા ન કરતા હોય અને કાયોત્સર્ગકાળમાં વર્તતા હોય તોપણ તેઓમાં સ્થિરભાવરૂપ કાયગુપ્તિ નથી અને ચેષ્ટાના નિયમરૂપ પણ ગુપ્તિ નથી પરંતુ અગુપ્તિને કારણે સર્વપ્રકારના કર્મબંધની પ્રાપ્તિ છે; કેમ કે કાયગુપ્તિને અનુકૂળ સંવરનો પરિણામ નથી. **॥૪૪॥**

**અવતરણિકા :-**

**આમનું=પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓનું, આગમપ્રસિદ્ધ માતૃપણું બતાવે છે –**

**શ્લોક :-**

**एताश्चारित्रगात्रस्य जननात् परिपालनात् ।**
**संशोधनाच्च साधूनां मातरोऽष्टौ प्रकीर्त्तिताः ।।४५।।**

**શ્લોકાર્થ :-**

**સાધુની આ=સમિતિગુપ્તિરૂપ આઠ માતા કહેવાય છે; કેમ કે ચારિત્રરૂપી દેહનું જનન કરનાર છે, પરિપાલન કરનાર છે અને સંશોધન કરનાર છે અર્થાત્ જેમ માતા પુત્રના દેહનું જનન કરનાર છે, પરિપાલન કરનાર છે અને સંશોધન કરનાર છે તેમ આ સમિતિગુપ્તિ પણ સાધુના દેહનું જનન કરનાર છે, પરિપાલન કરનાર છે અને સંશોધન કરનાર છે. ।।૪૫।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માને ચાર ગતિઓના પરિભ્રમણરૂપ દેખાતો સંસાર આત્માને માટે અત્યંત વિડંબનારૂપ છે તેવો સ્પષ્ટ બોધ છે અને તેનું વારંવાર ભાવન કરીને સંસારના પરિભ્રમણથી મુક્ત થવાની ઉત્કૃષ્ટ ઇચ્છા થઈ છે તેવા મહાત્માઓ તેમાંથી મુક્ત થવાના ઉપાયરૂપ પૂર્વમાં વર્ણન કરાયેલી પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ છે

તેવું ગુરુ આદિ પાસેથી સાંભળીને તે સમિતિગુપ્તિના પરમાર્થને અત્યંત જાણવા યત્ન કરે છે, તેના બોધને અત્યંત સ્થિર કરે છે અને દૃઢ સંકલ્પપૂર્વક પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલન માટે ઉત્સાહિત થયા છે તેવા મહાત્મા સંયમ ગ્રહણ કરે ત્યારે જે મહાવ્રતોની પ્રતિજ્ઞા કરે છે કે જે 'કરેમિ ભંતે' સૂત્ર ઉચ્ચરાવે છે તેના બળથી આત્મામાં સમિતિ-ગુપ્તિની પરિણતિ પ્રગટ થાય છે અને સમિતિ-ગુપ્તિના પરિણામના બળથી તે મહાત્મા સંયમજીવનમાં જેમ જેમ શાસ્ત્રઅધ્યયન કરે છે તેમ તેમ સંવરભાવરૂપ ચારિત્રગાત્ર પ્રગટ થાય છે. જેમ માતા ગર્ભમાં પુત્રનું પાલન કરીને દેહવાળા તે બાળકને જન્મ આપે છે તેમ સંયમકાળમાં સમિતિ-ગુપ્તિનો જે પરિણામ હતો તેના બળથી કંઈક ચારિત્રગાત્ર પ્રગટ થવા માંડ્યું અને શાસ્ત્ર-અધ્યયનના બળથી જેમ જેમ તે પરિણમન પામતું ગયું તેમ તેમ તે મહાત્મા ચારિત્રદેહ રૂપે ઉત્પન્ન થાય છે. આથી જ ભગવાનના શાસનમાં સાધુને પ્રથમ પાંચ મહાવ્રતો ઉચ્ચરાવાતાં નથી પરંતુ સર્વસાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરવારૂપ સામાયિક ચારિત્ર અપાય છે અને તે સામાયિક ચારિત્રને ગ્રહણ કર્યા પછી સાધુ દશવૈકાલિકાદિ ગ્રંથને ભણીને પાંચ મહાવ્રતોના સૂક્ષ્મબોધવાળા થાય ત્યારપછી વડીદીક્ષાકાળમાં પાંચ મહાવ્રતોનું આરોપણ કરાય છે ત્યારે તે સાધુ વિશિષ્ટ પ્રકારના ચારિત્રના ગાત્રવાળા થાય છે અને સમિતિ-ગુપ્તિવાળા તે મુનિ નવા સૂત્રાર્થ ભણે છે અને જેમ જેમ નવા સૂત્ર-અર્થ ભણે તેમ તેમ તે મહાત્મામાં રહેલી સમિતિગુપ્તિની પરિણતિ પૂર્વ પૂર્વ કરતાં અતિશયવાળી થાય છે અર્થાત્ સર્વમોહના ઉપદ્રવના નિવારણપૂર્વક અને ચારિત્રદેહના પોષણપૂર્વક તેમની ચારિત્રની પરિણતિની વૃદ્ધિ કરે છે; કેમ કે સમિતિગુપ્તિના પરિણમનના બળથી જ તે મહાત્માને શ્રુતનું અધ્યયન વિશેષવિશેષ રૂપે પરિણમન પામે છે. તેથી પ્રવચનની પરિણતિરૂપ પુરુષની નિષ્પત્તિ સ્વરૂપ ચારિત્રની વૃદ્ધિ કરનાર હોવાથી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પ્રવચનની માતા છે. **॥૪૫॥**

**અવતરણિકા :-**

**ચારિત્રનું=સર્વવિરતિ ચારિત્રનું, વ્યાખ્યાન કરીને હવે તે સર્વ કથનનો ઉપસંહાર કરે છે —**

**શ્લોક :-**

**सर्वात्मना यतीन्द्राणामेतच्चारित्रमीरितम् ।**
**यतिधर्मानुरक्तानां देशतः स्यादगारिणाम् ।।४६।।**

**શ્લોકાર્થ :-**

**આ ચારિત્ર=પૂર્વમાં વર્ણન કર્યું એ ચારિત્ર, સંપૂર્ણ રીતે સુસાધુઓને કહેવાયું છે. દેશથી યતિધર્મના રાગવાળા અગારિઓને=શ્રાવકોને, હોય છે. ॥૪૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પાંચ મહાવ્રતો અને તેની પચીસ ભાવનાઓ બતાવી. તેમાં પાંચ મહાવ્રતો સાધુના મૂળગુણરૂપ છે અને તેમાં વર્ણવાયેલી પચીસ ભાવનાઓ ઉત્તરગુણ સ્વરૂપ જ છે અને તે સાધુનું ભાવચારિત્ર છે. વળી, ત્યારપછી 'અથવા'થી ઉત્તરગુણરૂપ ચારિત્ર બતાવતાં ભિન્ન પ્રકારે પાંચ સમિતિ ત્રણ ગુપ્તિરૂપ

ચારિત્ર છે તેમ બતાવ્યું. તેવું પૂર્ણ ચારિત્ર સાધુઓને હોય છે; કેમ કે સાધુ સંસારથી અત્યંત ભય પામેલા છે તેથી સર્વ ઉદ્યમથી ચાર ગતિના પરિભ્રમણરૂપ સંસારના ઉચ્છેદ માટે કટિબદ્ધ થયેલા યુદ્ધભૂમિમાં ચડેલા યોદ્ધા જેવા છે. જેમ ધીર યોદ્ધો શત્રુની સામે ધીરતાપૂર્વક લડે છે તેમ સાધુ પોતાના સર્વ આત્મબળથી, મન-વચન-કાયાના બળથી ભગવાનના વચનનું દૃઢ અવલંબન લઈને મોહના ઉન્મૂલન માટે દૃઢ યત્નવાળા થાય છે. તેથી સદા ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત મનવાળા છે અને ષટ્કાયના પાલનના પરિણામવાળા હોવાથી તેઓ જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે સમિતિપૂર્વક કરે છે. માટે સર્વ સાવદ્યયોગની વિરતિરૂપ ચારિત્ર ભાવસાધુઓને જ હોય છે.

વળી, શ્રાવકો પણ ભાવસાધુની જેમ જ સંસારના ઉચ્છેદના અર્થી છે. તેથી મોહના ઉન્મૂલન માટે તેઓ અત્યંત પ્રયત્ન કરનારા છે તોપણ ભાવસાધુની જેમ તેઓમાં મહાસત્ત્વનો સંચય થયો ન હોવાથી તેઓ દેશથી સાવદ્યયોગનો ત્યાગ કરીને સર્વ સાવદ્યયોગને અનુકૂળ શક્તિનો સંચય કરી રહ્યા છે. આથી જ શ્રાવકોને સર્વવિરતિની લાલસાવાળો દેશવિરતિનો પરિણામ હોય છે. તેથી શત્રુની સામે દેશથી લડીને કંઈક કંઈક સમભાવ પ્રગટ કરે છે જેથી અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની કષાયના ક્ષયોપશમથી તેઓને દેશવિરતિ પ્રાપ્ત થાય છે અને અપ્રત્યાખ્યાની કષાયના ક્ષયોપશમની તરતમતાથી તેઓને દેશવિરતિની તરતમતાની પ્રાપ્તિ હોય છે. વળી, શ્રાવકોની દેશવિરતિ અવાંતર અનેક ભૂમિકાવાળી છે જ્યારે સાધુઓને અનંતાનુબંધી કષાય, અપ્રત્યાખ્યાની કષાય અને પ્રત્યાખ્યાની કષાયના ક્ષયોપશમથી ચારિત્રનો પરિણામ પ્રગટ થયો છે. તેથી તેઓમાં વર્તતો સંજ્વલનનો કષાય સર્વસાવદ્યયોગની વિરતિમાં અત્યંત રાગવાળો છે, સહેજ પણ સાવદ્યયોગ પ્રાપ્ત થાય તો તેના પ્રત્યે દ્વેષવાળો છે અને જગતના ભાવો પ્રત્યે ઉપેક્ષાવાળો છે. આમ છતાં, ભાવ સાધુને પણ સંજ્વલનકષાયના ક્ષયોપશમમાં મલિનતા થાય ત્યારે તેના ઉદયથી અતિચારોની પ્રાપ્તિ થાય છે અને જેઓ અત્યંત અપ્રમાદ ભાવથી જિનવચનથી નિયંત્રિત થઈને યત્ન કરે છે તેઓ નિરતિચારચારિત્ર પાળીને ક્ષાયિક ચારિત્રવાળા પણ બને છે. **॥૪૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૬માં કહ્યું કે દેશથી શ્રાવકને ચારિત્ર હોય છે. તેથી જે ગૃહસ્થ દેશથી ચારિત્રધર્મનો અધિકારી છે તેવા ગૃહસ્થના સ્વરૂપને બતાવવા માટે 'તથાહિ' શબ્દોથી પ્રસ્તાવનાને કહે છે=દેશવિરતિધર્મના અધિકારી જીવની પ્રસ્તાવનાને કહે છે –**

**શ્લોક :-**

**न्यायसम्पन्नविभवः शिष्टाचारप्रशंसकः ।**
**कुलशीलसमैः सार्द्धं, कृतोद्वाहोऽन्यगोत्रजैः ।।४७।।**
**पापभीरुः प्रसिद्धं च देशाचारं समाचरन् ।**
**अवर्णवादी न क्वापि राजादिषु विशेषतः ।।४८।।**

अनतिव्यक्तगुप्ते च स्थाने सुप्रातिवेश्मिके ।
अनेकनिर्गमद्वारविवर्जितनिकेतनः ।।४९।।
कृतसङ्गः सदाचारैर्मातापित्रोश्च पूजकः ।
त्यजन्नुपप्लुतं स्थानमप्रवृत्तश्च गर्हिते ।।५०।।
व्ययमायोचितं कुर्वन् वेषं वित्तानुसारतः ।
अष्टभिर्धीगुणैर्युक्तः शृण्वानो धर्ममन्वहम् ।।५१।।
अजीर्णे भोजनत्यागी काले भोक्ता च सात्म्यतः ।
अन्योन्याप्रतिबन्धेन त्रिवर्गमपि साधयन् ।।५२।।
यथावदतिथौ साधौ दीने च प्रतिपत्तिकृत् ।
सदाऽनभिनिविष्टश्च पक्षपाती गुणेषु च ।।५३।।
अदेशाऽकालयोश्चर्यां त्यजन् जानन् बलाऽबलम् ।
वृत्तस्थज्ञानवृद्धानां पूजकः पोष्यपोषकः ।।५४।।
दीर्घदर्शी विशेषज्ञः कृतज्ञो लोकवल्लभः ।
सलज्जः सदयः सौम्यः परोपकृतिकर्मठः ।।५५।।
अन्तरङ्गारिषड्वर्गपरिहारपरायणः ।
वशीकृतेन्द्रियग्रामो गृहिधर्माय कल्पते ।।५६।। दशभिः कुलकम् ।

**શ્લોકાર્થ :-**

ન્યાયસંપન્ન વૈભવવાળો, શિષ્ટાચાર પ્રશંસક, કુલ અને શીલથી સમાન એવા અન્ય ગોત્રવાળા સાથે કરાયેલા લગ્નવાળો, પાપભીરુ અને પ્રસિદ્ધ એવા દેશાચારને આચરતો, કોઈના પણ વિષયમાં અવર્ણવાદી=કોઈપણ જીવની સત્ય કે મૃષા અનુચિત પ્રવત્તિને પ્રકાશિત નહીં કરનાર અને વિશેષથી રાજાદિ વિષયમાં અવર્ણવાદી અને અનતિવ્યક્ત ગુપ્ત એવા સુંદર પાડોશીવાળા સ્થાનમાં, અનેક નિર્ગમદ્વારથી વિવર્જિત ગૃહવાળો=ગૃહ અતિવ્યક્ત પણ ન હોય અને અતિગુપ્ત પણ ન હોય વળી, સુંદર પાડોશી હોય તેવા સ્થાનમાં હોય વળી, તે ગૃહ પરિમિત નિર્ગમ દ્વારવાળું હોય તેવો ગૃહસ્થ, સદાચારવાળા જીવો સાથે કરાયેલા સંગવાળો, માતા-પિતાદિનો પૂજક, ઉપદ્રવવાળા સ્થાનને ત્યાગ કરતો, ગર્હિત=નિંદનીય, એવા કૃત્યમાં અપ્રવૃત્તિવાળો, આય ને ઉચિત એવા વ્યયને કરતો=પોતાને જે પ્રકારે સુખપૂર્વક ધન પ્રાપ્ત થતું હોય તેને અનુરૂપ ગૃહાદિ કાર્યોમાં ધનને વ્યય કરતો, ધનને અનુસારથી વેશને ધારણ કરતો, આઠ બુદ્ધિના ગુણોથી યુક્ત, પ્રતિદિન ધર્મને સાંભળતો, અજીર્ણમાં ભોજનત્યાગી, કાળે સાત્મ્યથી ભોજન

**કરનારો=ઉચિતકાળે પોતાની શરીરની પ્રકૃતિને બાધ ન થાય તેવા પ્રકારના સાત્મ્યભાવથી ભોજન કરનારો, અન્યોન્ય અપ્રતિબંધથી ત્રિવર્ગને પણ સાધતો=ધર્મ, અર્થ અને કામરૂપ ત્રણેય પણ વર્ગને પરસ્પર વ્યાઘાત ન થાય તે રીતે સેવતો, અતિથિ એવા સાધુમાં અને દીનમાં યથાવદ્ પ્રતિપત્તિને કરનાર=ઔચિત્યપૂર્વક સાધુની ભક્તિ અને દીનની અનુકંપાને કરનાર, સદા અભિનિવેશ વગરનો=કદાગ્રહ વગર તત્ત્વને જાણવા માટે યત્ન કરતો હોય તેવો, ગુણોમાં પક્ષપાતવાળો, અદેશમાં અને અકાલમાં ચર્યાનો ત્યાગ કરતો=ઉપદ્રવવાળા દેશમાં કે ઉપદ્રવવાળા કાળમાં બહાર જવાની પ્રવૃત્તિને ત્યાગ કરતો, બળાબળને જાણતો=કોઈપણ પ્રવૃત્તિમાં પોતાનું શારીરિક, માનસિક, આર્થિક, કેવું બળ છે અને કેવું બળ નથી તેનો સમ્યગ્ બોધ કરીને પ્રવૃત્તિને કરતો, વ્રતમાં રહેલા જ્ઞાનવૃદ્ધોનો પૂજક, પોષ્યવર્ગનો પોષક=પોતાના ઉપર નિર્ભર રહેનારા પોષ્યવર્ગની ઉચિત સારસંભાળ કરનાર, દીર્ઘદૃષ્ટિ=ભાવિનો ઉચિત વિચાર કરીને પ્રવૃત્તિ કરનારો, વિશેષને જાણનારો=કૃત્યાકૃત્ય વિષયક વિશેષને જાણનારો, કૃતજ્ઞ, લોકોમાં વલ્લભ=ઉચિત પ્રવૃત્તિ કરનારો હોવાથી શિષ્ટ લોકોને પ્રિય થાય એવો, લજ્જાવાળો=અનુચિત કૃત્ય કરવામાં લજ્જા પામનારો, દયાવાળો=કોઈને પીડા ન કરે તેવી સુંદર પ્રકૃતિવાળો, સૌમ્ય, પરોપકારને કરવામાં કર્મઠ=પરોપકાર કરવામાં દૃઢ યત્નવાળો, અંતરંગ અરિષડ્વર્ગના પરિહારમાં પરાયણ=અસમંજસ એવા કામક્રોધાદિ કષાયોના પરિહારમાં તત્પર, વશીકૃત ઈન્દ્રિયગ્રામવાળો=જેમની ઈન્દ્રિયો અત્યંત અનુચિત પ્રવૃત્તિ કરે તેવી નથી એવા ઈન્દ્રિયોના સમુદાયવાળો પુરુષ શ્રાવકધર્મ માટે યોગ્ય છે. ।।૪૭થી ૫૬।।**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત દશ શ્લોક દ્વારા સંસારની અંદર વિવેકસંપન્ન, ઉચિત પ્રવૃત્તિ કરનાર ગૃહસ્થનું સ્વરૂપ બતાવે છે. આવા ગુણોવાળા ગૃહસ્થો સમ્યક્ત્વને પામેલા ન પણ હોય કે પામેલા પણ હોય અને કોઈકે શ્રાવકધર્મ સ્વીકારેલો હોય તેઓએ પણ આ દશ શ્લોકોમાં જેવા પ્રકારના આચારો બતાવ્યા છે તેવા આચારોને સેવવા યત્ન કરવો જોઈએ અને જેઓ આવા ઉત્તમ આચારોને પાળે છે તેઓ પ્રકૃતિથી જ આ લોકમાં ઉચિત પ્રવૃત્તિ કરનારા છે જેથી પ્રાયઃ કરીને એવા જીવોને આ લોકમાં ઓછા ક્લેશો પ્રાપ્ત થાય છે, સુખપૂર્વકનું તેઓનું જીવન હોય છે અને તેવી પ્રકૃતિવાળા જીવોને આપવામાં આવેલો ધર્મ માત્ર બાહ્ય આચરણારૂપ બનતો નથી પરંતુ તે બાહ્ય ઉચિત આચરણા કરીને તેઓ અત્યંત દયાળુ ચિત્ત નિષ્પન્ન કરવાની પ્રકૃતિવાળા હોય છે.

જેઓ પ્રસ્તુત શ્લોકોમાં બતાવ્યા પ્રમાણે જીવન જીવતા હોય તેઓ હંમેશાં પ્રથમ ભૂમિકાની આત્માની દયા કરનારા છે. તેથી જ આ લોકમાં પણ ક્લેશ પ્રાપ્ત ન થાય અને પરલોકમાં પણ ક્લેશ પ્રાપ્ત ન થાય તે રીતે ગૃહસ્થજીવન જીવે છે અને તેવા જીવોને સર્વજ્ઞકથિત ધર્મ મળે તો તેઓ વિશેષથી અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરીને આત્માની વિશેષ પ્રકારની દયા કરે છે જેથી આ લોકમાં પણ તેઓનું ક્લેશમય અને આરંભમય જીવન ઓછું થાય છે અને પરલોકમાં પણ વિશેષ પ્રકારના સુખને પ્રાપ્ત કરે છે. માટે શ્રાવકધર્મના સ્વીકાર અર્થે આવા ગુણોની અત્યંત રુચિ અને શક્તિ અનુસાર સેવન આવશ્યક છે. તેથી પૂર્વમાં બતાવેલા સર્વ ગુણોથી યુક્ત જેઓ છે તેઓ શ્રાવકધર્મ માટે શ્રેષ્ઠકોટિની યોગ્યતાવાળા છે.

કેટલાક યોગ્ય પણ જીવો પ્રસ્તુત શ્લોકમાં બતાવેલા ગુણોવાળા ન હોય અને તેઓમાં કોઈક ગુણોની ક્ષતિ હોય તોપણ તેઓને આ ગુણોના શ્રવણથી તેવા પ્રકારના ગુણોને કેળવવાની ઇચ્છા થાય છે તેઓ પણ શ્રાવકધર્મને યોગ્ય છે. આથી જ કેટલાક સમ્યગ્દૃષ્ટિમાં કે દેશવિરતિધર શ્રાવકમાં પણ આચરણા રૂપે આ સર્વ ગુણો ન હોય તોપણ ગુણના પક્ષપાતી એવા તેઓ આ સર્વ ગુણો પ્રત્યે અવશ્ય રુચિવાળા હોય છે.

દેશવિરતિ સ્વીકાર્યા પછી પણ શ્રાવકે આ પ્રકારના પાંત્રીસ ગુણોનું વારંવાર શ્રવણ કરવું જોઈએ અને વિચારવું જોઈએ કે શ્રાવકધર્મ એ વિશેષ પ્રકારનો ગૃહસ્થધર્મ છે અને આ પાંત્રીસ ગુણો સામાન્ય પ્રકારનો ગૃહસ્થધર્મ છે. તેથી તે સામાન્ય ગૃહસ્થધર્મ પ્રત્યે સદા શ્રાવકે રુચિનો અતિશય થાય તે રીતે યત્ન કરવો જોઈએ જેથી વિશેષ પ્રકારનો સ્વીકારાયેલો શ્રાવકધર્મ પણ ફલવાન થાય. આ પ્રકારે 'ધર્મબિંદુ પ્રકરણ'માં કહેલ છે. તેથી આ પાંત્રીસ ગુણો માર્ગાનુસારીના ગુણો છે તેમ કહીને સમ્યક્ત્વની પૂર્વભૂમિકામાં જ આ ગુણો હોય છે તેમ કેટલાક માને છે તે ઉચિત નથી પરંતુ સમ્યક્ત્વની પૂર્વભૂમિકામાં પણ આ ગુણો હોય, સમ્યગ્દૃષ્ટિમાં પણ આ ગુણો હોય અને દેશવિરતિધર શ્રાવકમાં પણ આ ગુણો હોય. આમ છતાં સમ્યગ્દૃષ્ટિમાં કે દેશવિરતિધર શ્રાવકમાં પણ કોઈ ધર્મ પ્રચુર હોય તો આ પાંત્રીસ ગુણોમાંથી કેટલાક ગુણો રુચિ રૂપે હોવા છતાં આચરણામાં અન્યથા રૂપે પણ પ્રાપ્ત થાય. આથી જ સત્યકી વિદ્યાધર આદિ કેટલાક જીવો સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં કામાદિને આસક્ત થઈને અરિષડ્વર્ગના પરિહારમાં પરાયણ થવાને બદલે વિપરીત પ્રવૃત્તિ કરે છે તોપણ ગુણના પક્ષપાતી એવા સમ્યગ્દૃષ્ટિને સદા આ સર્વ ગુણો પ્રત્યે અવશ્ય પક્ષપાત હોય છે. તેમ કેટલાક દેશવિરતિધર શ્રાવકો પણ અન્ય સર્વ દેશવિરતિના આચારો સારા પાળતા હોય તોપણ કોઈક સ્થાનમાં આ પાંત્રીસ ગુણોની ક્ષતિ પણ પ્રાપ્ત થાય છે. છતાં, આ પાંત્રીસ ગુણોવાળા યોગ્ય જીવો શ્રાવકધર્મ સ્વીકારવા માટે યોગ્ય છે. સર્વથા આ ગુણોથી રહિત જીવોને પ્રાયઃ કરીને શ્રાવકધર્મ સ્વીકારવાથી પણ શ્રાવકધર્મ સમ્યગ્ પરિણમન પામે નહિ; કેમ કે જેઓ આ લોકમાં પણ સંક્લેશનો પરિહાર થાય તે પ્રમાણે યત્ન કરતા નથી અને પરલોકના પણ હિતની ચિંતા કરતા નથી તેવા જીવો અતિ ક્લિષ્ટ પ્રકૃતિવાળા હોવાથી શ્રાવકધર્મ માટે પ્રાયઃ યોગ્ય બનતા નથી. **॥૪૭થી ૫૬॥**

## પહેલો પ્રકાશ પૂર્ણ

# બીજો પ્રકાશ

**અવતરણિકા :-**

**પ્રથમ પ્રકાશના અંતે દશ શ્લોકો દ્વારા કેવા પ્રકારની આચરણા કરનારો જીવ ગૃહસ્થધર્મ માટે યોગ્ય છે તેમ બતાવ્યું અને તે ગૃહસ્થધર્મ શ્રાવકધર્મ છે. તે શ્રાવકધર્મ સમ્યક્ત્વ મૂલ બાર વ્રતોરૂપ છે. તેથી હવે સમ્યક્ત્વ મૂલ બાર વ્રતોને ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

**सम्यक्त्वमूलानि पञ्चाणुव्रतानि गुणास्त्रयः ।**
**शिक्षापदानि चत्वारि व्रतानि गृहमेधिनाम् ।।१।।**

**શ્લોકાર્થ :-**

**સમ્યક્ત્વમૂલ પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો ગૃહસ્થનાં વ્રતો છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વના પ્રકાશમાં વર્ણન કર્યું તેવા ભદ્રક પ્રકૃતિવાળા જીવોને યોગ્ય ઉપદેશક ધર્મનું સ્વરૂપ બતાવે અને જો તે સર્વવિરતિ ગ્રહણ કરવા માટે અસમર્થ હોય તો સ્વભૂમિકા અનુસાર સમ્યક્ત્વને સ્વીકારે અને તે સ્વીકાર્યા પછી પોતાની શક્તિ અનુસાર બાર વ્રતો ગ્રહણ કરે. જે બાર વ્રતોમાં પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો છે. આ રીતે શ્રાવકનાં કુલ બાર વ્રતો છે.

તેનાથી એ પ્રાપ્ત થાય કે પ્રથમ પ્રકાશમાં કહ્યાં તે પાંચ મહાવ્રતો સુસાધુને છે જે સંપૂર્ણ પાપની નિવૃત્તિરૂપ છે અને શ્રાવક સંપૂર્ણ પાપની નિવૃત્તિ કરવા અસમર્થ હોવાથી પાંચ અણુવ્રતોને ગ્રહણ કરે છે અને તે પાંચ અણુવ્રતોને અતિશય કરવા અર્થે ત્રણ ગુણવ્રતોને ગ્રહણ કરે છે અને પાંચ અણુવ્રતોના પાલન દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય શીઘ્ર થાય તે અર્થે સર્વવિરતિની શિક્ષાના કારણીભૂત ચાર શિક્ષાવ્રતોને ગ્રહણ કરે છે તેથી શ્રાવકનાં સમ્યક્ત્વમૂલ બાર વ્રતો છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧માં સમ્યક્ત્વમૂલ બાર વ્રતો છે એમ કહ્યું ત્યાં સમ્યક્ત્વના વિભાગને બતાવે છે=સમ્યક્ત્વમાં કેવા પ્રકારના પરિણામનો વિભાગ છે તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**या देवे देवताबुद्धिर्गुरौ च गुरुतामतिः ।**
**धर्म्मे च धर्म्मधीः शुद्धा सम्यक्त्वमिदमुच्यते ।।२।।**

**શ્લોકાર્થ :-**

**દેવમાં જે શુદ્ધ દેવતાની બુદ્ધિ અને ગુરુમાં જે શુદ્ધ ગુરુતાની મતિ અને ધર્મમાં શુદ્ધ ધર્મની બુદ્ધિ એ સમ્યક્ત્વ કહેવાય છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

ભદ્રક પ્રકૃતિવાળા જીવોને યોગ્ય ઉપદેશક સંસારનું વાસ્તવિક સ્વરૂપ બતાવે છે. તે ઉપદેશને સાંભળીને જેઓ સંસારથી ભય પામેલા છે તેવા જીવોને ભવથી નિસ્તારનો ઉપાય બતાવતા મહાત્મા કહે છે કે, જીવોની સુંદર અવસ્થા સર્વકર્મ રહિત, સર્વમોહના ઉપદ્રવથી રહિત એવી આત્માની અવસ્થા છે અને તેવું આત્મસ્વરૂપ જેમણે પ્રાપ્ત કર્યું છે તેવા જ દેવ આત્મા માટે પૂજ્ય છે. વળી, આપણો આત્મા પણ તેમના તુલ્ય થાય તે રીતે તેમની પૂજા કરવાથી આત્માના કલ્યાણની પ્રાપ્તિ થાય છે. વળી, એવી અવસ્થાને પામવાની તૈયારીવાળા મુનિઓને તીર્થંકરોએ પાંચ મહાવ્રતોરૂપ સર્વવિરતિધર્મ બતાવ્યો છે અને પાંચ મહાવ્રતોવાળા મુનિઓ જે પ્રકારે દશ પ્રકારના યતિધર્મનું પાલન કરે છે તે પ્રકારે તેનું સ્વરૂપ, ભગવાને બતાવ્યું છે તેવા સ્વરૂપમાં દૃઢ યત્ન કરનારા જે ગુરુ છે તેમાં ગુરુની બુદ્ધિ અને સર્વજ્ઞએ કહેલા શુદ્ધ ધર્મમાં ધર્મની બુદ્ધિ તે સમ્યક્ત્વ છે.

અહીં 'શુદ્ધ' વિશેષણ આપવાથી એ પ્રાપ્ત થાય કે દેવના સ્વરૂપમાં, ગુરુના સ્વરૂપમાં અને ધર્મના સ્વરૂપમાં અજ્ઞાન નથી પરંતુ ત્રણેયના સ્વરૂપનો યથાર્થ બોધ છે. શક્તિનો સંચય નથી પરંતુ સ્થિર નિર્ણય છે કે આ તત્ત્વ છે. વળી, વિપર્યય નથી તેથી દેવના સ્વરૂપ વિષયક કે ગુરુના સ્વરૂપ વિષયક માત્ર બાહ્ય આચારથી દેવબુદ્ધિ કે ગુરુબુદ્ધિ નથી પરંતુ દેવના પારમાર્થિક સ્વરૂપનું અને ગુરુના પારમાર્થિક સ્વરૂપનું યથાર્થ જ્ઞાન છે. તે જ્ઞાનપૂર્વક દેવમાં દેવબુદ્ધિ છે અને ગુરુમાં ગુરુબુદ્ધિ છે અને ધર્મની આચરણામાં પણ માત્ર બાહ્ય આચરણાથી ધર્મબુદ્ધિ નથી પરંતુ તે તે ધર્મની આચરણા કઈ રીતે સંવેગની વૃદ્ધિ કરાવવાપૂર્વક ઉપાસ્ય એવા દેવતુલ્ય થવાનું કારણ બને છે તેનો પારમાર્થિક બોધ છે તે જીવોમાં આ પ્રકારનો નિર્મળ બોધ એ સમ્યક્ત્વ છે. જો કે અન્ય શાસ્ત્રોમાં નવતત્ત્વની રુચિ સમ્યક્ત્વ કહેવાય છે તોપણ શ્રાવકને આશ્રયીને દેવ, ગુરુ અને શુદ્ધધર્મના સ્વરૂપના નિર્ણયને સમ્યક્ત્વ કહેવાય છે અને તે સમ્યક્ત્વ નવતત્ત્વમાં જ અંતર્ભાવ પામે છે; કેમ કે દેવ અને ગુરુ જીવ તત્ત્વમાં અંતર્ભાવ પામે છે અર્થાત્ જીવનું શુદ્ધ સ્વરૂપ છે તે દેવ છે અને જીવના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવા માટે મહાપરાક્રમ કરનારા ગુરુઓ છે તે 'જીવ' તત્ત્વમાં અંતર્ભાવ પામે છે અને ધર્મ શુભ આશ્રવમાં અને સંવરમાં અંતર્ભાવ પામે છે; કેમ કે ધર્મસેવનકાળમાં જે તત્ત્વનો રાગ છે તેનાથી શુભ આશ્રવ થાય છે અને જે અંશે સંવેગનો પરિણામ છે તે અંશથી સંવરભાવની પ્રાપ્તિ થાય છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**વિપક્ષનું જ્ઞાન થયે છતે=સમ્યક્ત્વથી વિપરીત એવા મિથ્યાત્વનું જ્ઞાન થયે છતે, વિવક્ષિત સુજ્ઞાન થાય છે=વિવક્ષિત એવા સમ્યક્ત્વનું યથાર્થ જ્ઞાન થાય છે. એથી સમ્યક્ત્વના વિપક્ષ એવા મિથ્યાજ્ઞાનને કહે છે –**

**શ્લોક :-**

**अदेवे देवबुद्धिर्या गुरुधीरगुरौ च या ।**
**अधर्मे धर्मबुद्धिश्च मिथ्यात्वं तद्विपर्ययात् ।।३।।**

**શ્લોકાર્થ :-**

**અદેવમાં જે દેવબુદ્ધિ અને અગુરુમાં જે ગુરુની બુદ્ધિ અને અધર્મમાં ધર્મની બુદ્ધિ, તેના વિપર્યયથી=સમ્યક્ત્વના વિપર્યયથી, મિથ્યાત્વ છે. ।।૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વ શ્લોકમાં જે પ્રકારે સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવ્યું છે તે પ્રકારે સમ્યક્ત્વના પરિણામથી જે વિપરીત પરિણામ છે તે મિથ્યાત્વ છે અને તે મિથ્યાત્વ કેવા સ્વરૂપવાળું છે તે સ્પષ્ટ કરતાં કહે છે. જેઓને ઉપાસ્ય એવા સિદ્ધ ભગવંતો સર્વકર્મથી રહિત અને સંપૂર્ણ મોહના ઉપદ્રવ વગરના છે તેવો સ્પષ્ટ બોધ નથી અને તેમના સ્વરૂપને બતાવનારા અને તેવી અવસ્થાની પ્રાપ્તિને અતિ આસન્ન ભૂમિકાવાળા ચાર ઘાતિકર્મના ક્ષયથી થયેલા તીર્થંકરો છે તેવો સ્પષ્ટ બોધ નથી તેથી તેમના સ્વરૂપના વિષયમાં વિભ્રમ વર્તે છે અને તેના કારણે તેવા વિભ્રમવાળા જીવો અદેવમાં દેવબુદ્ધિ ધારણ કરે છે. વળી, જેઓને દશ પ્રકારના યતિધર્મનો સૂક્ષ્મબોધ નથી તેથી તેવા દશ પ્રકારના યતિધર્મથી રહિત પણ માત્ર બાહ્ય ક્રિયા કરનારામાં કે અન્યદર્શનની ક્રિયા કરનારામાં ગુરુબુદ્ધિ છે, તેઓને ગુરુની ભૂમિકાવાળા જેઓ નથી તેવા અગુરુમાં ગુરુબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે અને જે ધર્મ સંવેગ-નિર્વેદની વૃદ્ધિપૂર્વક દશ પ્રકારના યતિધર્મમાં વિશ્રાંત થનાર છે અને દશ પ્રકારનો યતિધર્મ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને અસંગભાવમાં વિશ્રાંત થનાર છે અને અસંગભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વીતરાગતામાં વિશ્રાંત થનાર છે અને વીતરાગતા કેવળજ્ઞાનની પ્રાપ્તિ દ્વારા ઉચિત કાળે યોગનિરોધ દ્વારા સર્વ સંવરમાં વિશ્રાંત થનાર છે અને સર્વ સંવરરૂપ યોગનિરોધ અવસ્થા મોક્ષનું કારણ છે તેવો સ્પષ્ટ બોધ નથી, તેથી તેનાથી વિપરીત એવા ધર્મમાં પણ ધર્મબુદ્ધિ છે તે મિથ્યાત્વ છે. **।।૩।।**

**અવતરણિકા :-**

**લક્ષયિતવ્ય એવા દેવ-અદેવ, ગુરુ-અગુરુ અને ધર્મ-અધર્મમાં દેવનું લક્ષણ કહે છે –**

**શ્લોક :-**

**सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।**
**यथास्थितार्थवादी च देवोऽर्हन् परमेश्वरः ।।४।।**

**શ્લોકાર્થ :-**

**સર્વજ્ઞ=પૂર્ણ જ્ઞાનવાળા, જિતરાગાદિ દોષવાળા=જીત્યા છે રાગાદિ દોષ જેણે એવા, ત્રૈલોક્યથી પૂજિત અને યથાસ્થિત અર્થને કહેનારા દેવ છે, તે અરિહંત પરમેશ્વર છે. ।।૪।।**

**ભાવાર્થ :-**

જેઓએ સંપૂર્ણ રાગાદિ દોષોનો નાશ કર્યો છે અને તેના કારણે સર્વઘાતી કર્મોનો નાશ કર્યો છે તેથી સર્વજ્ઞ થયા છે તેવા દેવો ત્રણ લોકમાં બુદ્ધિમાન પુરુષોથી પૂજાય છે અને રાગાદિ દોષ રહિત હોવાથી અને પૂર્ણજ્ઞાનવાળા હોવાથી તેઓ જગતના પદાર્થો જે રીતે રહેલા છે તે રીતે જ તે પદાર્થોને બતાવીને યોગ્ય જીવોને પોતાના તુલ્ય થવાનો ઉચિત માર્ગ બતાવે છે તે દેવ અરિહંત પરમેશ્વર છે, અન્ય કોઈ દેવ તરીકે ઉપાસ્ય નથી. આવા પ્રકારના દેવનું સ્વરૂપ સ્મરણ કરીને સદા તેમના પ્રત્યે તે રીતે ભક્તિ કરવી જોઈએ જેથી તેમના સ્વરૂપમાં તન્મયતા આવે. એ પ્રકારની માર્ગાનુસારી રુચિ સમ્યગ્દષ્ટિને હોય છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**ચાર અતિશયવાળા દેવનું ધ્યાન, તેવા દેવની ઉપાસના, તેવા દેવનું શરણ અને તેવા દેવના અનુશાસનનો સ્વીકાર કરવો જોઈએ એ પ્રમાણે સાધિક્ષેપ બતાવે છે=જો તમારામાં ચેતના હોય તો આ દેવની ઉપાસના કરવી જોઈએ એ પ્રકારે સાધિક્ષેપ બતાવે છે –**

**શ્લોક :-**

**ध्यातव्योऽयमुपास्योऽयमयं शरणमिष्यताम् ।**
**अस्यैव प्रतिपत्तव्यं शासनं चेतनास्ति चेत् ।।५।।**

**શ્લોકાર્થ :-**

**જો ચેતના છે તો આ ધ્યાતવ્ય, આ ઉપાસ્ય, આ શરણ ઈચ્છાઓ. આનું જ શાસન=પૂર્વ શ્લોકમાં બતાવેલા એ દેવનું જ અનુશાસન, સ્વીકારવું જોઈએ. ।।૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વ શ્લોકમાં દેવનું જે સ્વરૂપ બતાવ્યું તેવા દેવ ધ્યાન કરવા યોગ્ય છે. તેથી ઉચિતકાળે સદા ભગવાનની બાલ્યઅવસ્થામાં વર્તતી નિર્મળ ત્રણ જ્ઞાન સહિત અવસ્થાનું, ત્યારપછી ભગવાન સંયમ ગ્રહણ કરે છે ત્યારે મહાસત્ત્વથી મોહના નાશમાં જે અંતરંગ પરાક્રમ કરે છે તે અવસ્થાનું અને મોહ નાશ કર્યા પછી ચાર અતિશયથી યુક્ત સમવસરણમાં બિરાજમાન એવા પરમાત્માની અવસ્થાનું અને ત્યારપછી સર્વકર્મ રહિત એવી સિદ્ધઅવસ્થાનું વારંવાર સ્મરણ કરીને તે અવસ્થા પ્રત્યે અત્યંત રાગ થાય તે રીતે ધ્યાન કરવું જોઈએ જેથી તે અવસ્થામાં તન્મયતા આવે તો શ્રેણિક મહારાજાની જેમ જિનતુલ્ય અવસ્થાની પ્રાપ્તિ થાય.

વળી, આ ભગવાન જ ઉપાસના કરવા યોગ્ય છે=અંજલિબદ્ધ આદિ દ્વારા સેવા કરવા યોગ્ય છે અર્થાત્ બે હાથ જોડીને તેના ગુણગાન કરીને તેમના પ્રત્યેનો બહુમાન ભાવ વૃદ્ધિ પામે તેવી રીતે તેમની સેવા કરવા યોગ્ય છે. વળી, આ ભગવાનનું જ શરણું સ્વીકારવું જોઈએ=આ ભગવાન જ ભવના ભયોની પીડાના ભેદને કરનારા છે તેથી તેમનું શરણું સ્વીકારવું જોઈએ. વળી, સદા જીવનમાં દુષ્કૃતોની ગર્હા કરવી જોઈએ,

સુકૃતોની અનુમોદના કરવી જોઈએ અને ભગવાનનું ભાવથી શરણું સ્વીકારવું જોઈએ; જેથી ભવના પરિભ્રમણનો શીઘ્ર ઉચ્છેદ થાય.

વળી, આવા લક્ષણવાળા ભગવાનની આજ્ઞા સ્વીકારવી જોઈએ અર્થાત્ ભગવાનની આજ્ઞા છે કે સ્વશક્તિ અનુસાર અપ્રમાદભાવથી તત્ત્વને જાણવું જોઈએ, જાણ્યા પછી તત્ત્વને સ્થિર કરવું જોઈએ અને સ્થિર થયેલા તત્ત્વના બોધથી આત્માને વારંવાર ભાવિત કરવો જોઈએ જેથી અનાદિની મોહવાસના ક્ષીણ, ક્ષીણતર થાય અને જિનવચનાનુસાર તત્ત્વથી ઉત્તર-ઉત્તર વાસિત થઈને આત્મા જિનતુલ્ય થાય. આ પ્રકારની ભગવાનની આજ્ઞા સદા સ્મરણમાં રાખીને તે પ્રમાણે શક્તિ અનુસાર અવશ્ય ઉદ્યમ કરવો જોઈએ. જો તમારામાં ચેતના હોય અર્થાત્ જો તમારામાં પદાર્થને વિચારવાને અનુકૂળ માર્ગાનુસારી બુદ્ધિ હોય તો આ ભગવાનની ભક્તિ આદિ કરવી જોઈએ અને જેઓમાં માર્ગાનુસારી બુદ્ધિ નથી તેવા અચેતન જીવો પ્રત્યે ઉપદેશનો પ્રયાસ વિફળ છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪માં ઉપાસ્ય દેવનું સ્વરૂપ બતાવ્યું અને તેની ઉપાસના કઈ રીતે કરવી જોઈએ તે શ્લોક-૫માં બતાવ્યું. હવે ઉપાસના કરવાને માટે અયોગ્ય પરંતુ લોકમાં ઉપાસ્ય રીતે પૂજાતા દેવો કેવા સ્વરૂપવાળા છે અને કેમ ઉપાસ્ય નથી તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**ये स्त्रीशस्त्राऽक्षसूत्रादिरागाद्यङ्ककलङ्किताः ।**
**निग्रहाऽनुग्रहपरास्ते देवाः स्युर्न मुक्तये ।।६।।**

**શ્લોકાર્થ :-**

**સ્ત્રીના રાગથી, રાગના સૂચક શસ્ત્રના ચિહ્નથી, દ્વેષના સૂચક અને અક્ષસૂત્રના ચિહ્નથી= છદ્મસ્થ અવસ્થાનાં સૂચક એવાં રાગાદિ ચિહ્નોથી, કલંકિત નિગ્રહ-અનુગ્રહમાં પર=પોતાના શત્રુનો નિગ્રહ કરવા તત્પર અને પોતાના ઉપાસક ઉપર અનુગ્રહ કરવામાં તત્પર, એવા જે દેવો છે તે દેવો મુક્તિ માટે નથી. ।।૬।।**

**ભાવાર્થ :-**

કેટલાક દેવો સ્ત્રીસંગવાળા છે અને તેઓની રાગ અવસ્થા તેમની પ્રતિમાથી જણાય છે. જેમ શંકરની સાથે પાર્વતી વગેરે કેટલાક દેવો શસ્ત્રને ધારણ કરનારા છે અને કેટલાક જપમાલાને ધારણ કરનારા છે. એ સર્વચિહ્નો બતાવે છે કે એ દેવો કોઈક રાગથી કલંકિત છે, કોઈક દ્વેષથી કલંકિત છે. તો વળી, જપમાલા ધારણ કરનાર દેવ કોઈકની ઉપાસના કરીને સાધના કરે છે. તેથી આવા દેવો છદ્મસ્થ અવસ્થાવાળા હોવાથી મોહથી કલંકિત છે. વળી, તેવા દેવોની કોઈક ભક્તિ કરે તો તે દેવો ભક્તિ કરનાર ઉપર અનુગ્રહ કરે છે અને કોઈક તેમની નિંદા કરે તો તેમનો નિગ્રહ કરે છે. તેવા દેવો દેવભવની શક્તિવાળા હોવા છતાં

વીતરાગતુલ્ય સર્વથા ભાવમલ રહિત નથી. માટે તેવા દેવોની ઉપાસના કરવાથી કર્મ રહિત મુક્તઅવસ્થાની પ્રાપ્તિ થઈ શકે નહીં. તેથી જ, કર્મ રહિત મુક્તઅવસ્થાની પ્રાપ્તિના અર્થી જીવે સંપૂર્ણ ભાવમલથી રહિત, સિદ્ધ મુદ્રામાં રહેલી અર્થાત્ યોગનિરોધ અવસ્થામાં રહેલી જિનપ્રતિમાનું દૃઢ અવલંબન લઈને યોગનિરોધ અવસ્થા અને સર્વ કર્મ રહિત અવસ્થાનું સ્મરણ કરીને તેઓની ઉપાસના કરવી જોઈએ જેથી તે દેવો મુક્તિનું કારણ બને. અન્ય કોઈ દેવોની ઉપાસના ક્યારેય મુક્તિનું કારણ બને નહીં. ॥૬॥

**અવતરણિકા :-**

**શ્લોક-૬માં બતાવેલા લોકમાં વર્તતા ઉપાસ્ય દેવો મોક્ષનું કારણ કેમ નથી તેનું કારણ સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**नाट्याऽट्टहाससङ्गीताद्युपप्लवविसंस्थुलाः ।**
**लम्भयेयुः पदं शान्तं प्रपन्नान् प्राणिनः कथम् ? ।।७।।**

**શ્લોકાર્થ :-**

**નાટક, અટ્ટહાસ, સંગીતાદિ ઉપપ્લવથી વિસંસ્થુલ એવા દેવનિકાયમાં રહેલા દેવો પ્રપન્ન એવા પ્રાણીઓને=પોતાને આશ્રિત એવા જીવોને=તેઓની ઉપાસના કરનારા જીવોને, કેવી રીતે શાંતપદને=સર્વ ઉપદ્રવ રહિત એવા મુક્તિપદને, પ્રાપ્ત કરાવી શકે ? ॥૭॥**

**ભાવાર્થ :-**

સંસારી દેવો ભોગવિલાસથી આનંદમાં રમનારા હોય છે અને તેવા દેવો સ્વયં નાટકો જોવાં, અટ્ટહાસ્ય કરવાં, સંગીતાદિ સાંભળવું વગેરે પ્રવૃત્તિઓ કરનારા હોય છે. તેથી ભાવથી તેઓ વિસંસ્થુલ હોય છે=વિહ્વળ-વૃત્તિવાળા હોય છે અને જેઓની ચિત્તવૃત્તિ સ્વયં જ તેવી વિહ્વળ અવસ્થાવાળી હોય તેઓ પોતાની ઉપાસના કરનારા જીવોને કેવી રીતે શાંતપદને આપી શકે ? અર્થાત્ જેઓ સ્વયં શાંત નથી, તેઓના અવલંબનથી શાંતઅવસ્થાની પ્રાપ્તિ થઈ શકે નહીં પરંતુ તેઓના જેવી જ નાટક આદિ ભાવોમાંથી આનંદ લેવાની પ્રકૃતિ ઉત્પન્ન થઈ શકે અને મુક્તઅવસ્થા તો અંતરંગ સર્વ ઉપદ્રવ વગરની શાંત એવી જીવની અવસ્થા છે. તેથી તેવી શાંતઅવસ્થાના અર્થી જીવો માટે તેવી શાંતઅવસ્થાને પામેલા વીતરાગ દેવ જ ઉપાસ્ય છે, અન્ય કોઈ દેવ ઉપાસ્ય નથી. માટે વીતરાગની યોગનિરોધકાલીન શાંતઅવસ્થાનું સ્મરણ કરીને તેવી શાંતઅવસ્થા પ્રત્યે અત્યંત રાગ થાય તે રીતે વીતરાગની ઉપાસના કરવી જોઈએ જેથી ચિત્ત ઉત્તરઉત્તરના શાંતરસને પામીને વીતરાગ તુલ્ય અવસ્થાને પામે. ॥૭॥

**અવતરણિકા :-**

**દેવનું સ્વરૂપ બતાવ્યા પછી હવે, ગુરુનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**महाव्रतधरा धीरा भैक्षमात्रोपजीविनः ।**
**सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः ।।८।।**

**શ્લોકાર્થ :-**

**મહાવ્રતને ધારણ કરનારા, ધીરતાવાળા=મહાવ્રતને ઉપાડવામાં ધીરતાપૂર્વક યત્ન કરવાવાળા, ભિક્ષામાત્રથી દેહનો નિર્વાહ કરનારા, સામાયિકના પરિણામમાં રહેલા=સમભાવના પરિણામવાળા, ધર્મના ઉપદેશકો ગુરુ કહેવાયા છે. ।।૮।।**

**ભાવાર્થ :-**

જેઓ અહિંસાદિ પાંચ મહાવ્રતોને ધારણ કરનારા છે તેઓ સદા તે મહાવ્રતોની પાંચ-પાંચ ભાવનાઓથી આત્માને વાસિત કરે છે અને તે મહાવ્રતોની ભાવનાઓથી આત્માને વાસિત કરીને સદા ધીરતાપૂર્વક મહાવ્રતોની મર્યાદા અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને મહાવ્રતોને અતિશય કરવા અર્થે દેહનું પાલન ભિક્ષામાત્રથી કરે છે પરંતુ દેહના પાલન અર્થે કોઈ પ્રકારનો પરિગ્રહ ધારણ કરતા નથી. વળી, જગતના સર્વ ભાવો પ્રત્યે સમભાવનો પરિણામ હોવાથી ઉત્તરઉત્તરના સમભાવની વૃદ્ધિને અનુકૂળ સદા યત્ન કરનારા છે અને શાસ્ત્રનું અધ્યયન કરીને ગીતાર્થ થયેલા હોવાથી યોગ્ય જીવોને તેમની ભૂમિકા અનુસાર ઉચિત ધર્મનો ઉપદેશ આપે છે તેઓ ગુરુ કહેવાયા છે.

પ્રસ્તુત શ્લોકમાં ધર્મોપદેશક ગુરુનું અસાધારણ લક્ષણ છે; કેમ કે સદ્ભૂતશાસ્ત્રાર્થને જે કહે તે ગુરુ કહેવાય તે પ્રકારની વ્યુત્પત્તિ છે અને શેષ વિશેષણો તે ગુરુની ઉત્તમતાને બતાવનારાં છે. **।।૮।।**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં ગુરુનું સ્વરૂપ બતાવ્યું. હવે તેને દૃઢ કરવા અર્થે તેનાથી વિપરીત એવા અગુરુનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**सर्वाभिलाषिणः सर्वभोजिनः सपरिग्रहाः ।**
**अब्रह्मचारिणो मिथ्योपदेशा गुरवो न तु ।।९।।**

**શ્લોકાર્થ :-**

**વળી, સર્વ અભિલાષી, સર્વભોજી, પરિગ્રહવાળા, અબ્રહ્મચારી, મિથ્યાઉપદેશને દેનારા ગુરુઓ નથી. ।।૯।।**

**ભાવાર્થ :-**

જેઓ અન્યદર્શનના સંન્યાસી હોય કે ભગવાનના સાધુવેશને ગ્રહણ કરેલા સાધુ હોય પરંતુ સર્વ બાહ્ય

અભિલાષાવાળા હોય તે મહાવ્રતોવાળા નહીં હોવાથી ગુરુ નથી. વળી, સર્વ પ્રકારનાં ભોજન કરનારા હોય પરંતુ સુસાધુની જેમ સંયમને ઉપષ્ટંભક એવી નિર્દોષભિક્ષાથી જીવન જીવનારા ન હોય તે ગુરુ નથી. વળી, જેઓ બાહ્ય પરિગ્રહને ધારણ કરનારા છે પરંતુ સુસાધુની જેમ સર્વ બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી રહિત નથી તેઓ ગુરુ નથી અને જેઓ અબ્રહ્મચારી છે તેઓ સુસાધુની જેમ સંયમમાં ઉદ્યમ નહીં કરનારા હોવાથી ગુરુ નથી અને કદાચ આ સર્વ દોષો ન હોય અને સંયમના ઉચિત આચારો પાળતા હોય છતાં શાસ્ત્રનો યથાર્થ બોધ ન હોય તેવા અગીતાર્થસાધુ મિથ્યાઉપદેશક હોય તેઓ પણ ગુરુ નથી. આથી જ મિથ્યાઉપદેશ દેનારા એ અગુરુનું મુખ્ય લક્ષણ છે અને તેવા અગુરુમાં ગુરુબુદ્ધિ કરવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય નહીં. **||૯||**

**અવતરણિકા :-**

**ધર્મઉપદેશ દેનારા હોય તો તેઓ ગુરુ છે તેમ કહી શકાય પરંતુ શ્લોક-૯માં કહ્યું તે પ્રમાણે નિષ્પરિગ્રહત્વાદિ ગુણો ગુરુમાં જોઈએ એ કેમ કહ્યું ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**परिग्रहारम्भमग्नास्तारयेयुः कथं परान् ? ।**
**स्वयं दरिद्रो न परमीश्वरीकर्त्तुमीश्वरः ।।१०।।**

**શ્લોકાર્થ :-**

**પરિગ્રહના આરંભમાં મગ્ન એવા ઉપદેશકો બીજાને કેવી રીતે તારી શકે ? અર્થાત્ તારી શકે નહીં. કેમ તારી શકે નહીં ? તેથી કહે છે. સ્વયં દરિદ્ર પરને ઐશ્વર્યવાળો કરવા સમર્થ નથી. ||૧૦||**

**ભાવાર્થ :-**

ઉત્સર્ગ માર્ગથી સંયમને પાળનારા નિઃસ્પૃહી મુનિઓ જિનવચનાનુસાર ઉપદેશ આપતા હોય તો તેઓ ગુરુ છે પરંતુ જેઓ પરિગ્રહ અને આરંભની ક્રિયામાં મગ્ન છે તેઓને તત્ત્વનો તેવો સૂક્ષ્મબોધ નથી. તેથી સંસારના કારણીભૂત ભોગવિલાસમાં રત રહે છે, તેવા ઉપદેશકો બીજાને પરિગ્રહ અને આરંભ વગરની અવસ્થા કેવી ઉત્તમ છે તેનો બોધ કેવી રીતે કરાવી શકે ? અર્થાત્ કરાવી શકે નહીં. તેથી તેઓ બીજાને તારી શકે નહીં; કેમ કે જેઓ સ્વયં ભોગવિલાસની વૃત્તિવાળા છે, તેથી આત્મકલ્યાણના ઉત્તમભાવોમાં દરિદ્ર જેવા છે તેઓ ઉપદેશ દ્વારા બીજાને કેવી રીતે આત્મકલ્યાણના કારણીભૂત ગુણોની પ્રાપ્તિ કરાવી શકે ? અર્થાત્ કરાવી શકે નહીં. સામાન્યથી ત્યાગીઓના ઉપદેશથી યોગ્ય જીવમાં ત્યાગનો પરિણામ પેદા થાય છે તેને આશ્રયીને પ્રસ્તુત શ્લોકમાં તેઓ જ બીજાને તારી શકે તેમ કહેલ છે. આમ છતાં, સાધુવેશમાં રહેલા સંવિગ્ન પાક્ષિક જીવો તત્ત્વને જાણનારા હોય છે અને સંયમની બાહ્ય આચરણા કરનારા હોય છે. છતાં પાંચ મહાવ્રતોની પરિણતિની ધુરાને તેઓ વહન કરી શકતા નથી તોપણ ભગવાનના વચનના રહસ્યને જાણનારા એવા તેઓ અન્ય જીવોને સન્માર્ગનો બોધ કરાવે છે અને કલ્યાણમિત્રો પણ સન્માર્ગનો

બોધ કરાવે છે. વળી, તેઓ સર્વથા પરિગ્રહ અને આરંભ વગરના નથી તોપણ પરિગ્રહ અને આરંભની અસારતાને જાણનારા છે અને સ્વભૂમિકા અનુસાર તેનો સંકોચ કરનારા છે. તેથી તેવા ઉપદેશકો અપવાદથી ગુરુ તરીકે અભિમત છે. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**હવે ધર્મનું લક્ષણ બતાવે છે –**

**શ્લોક :-**

**दुर्गतिप्रपतत्प्राणिधारणाद्धर्म उच्यते ।**
**संयमादिर्दशविधः सर्व्वज्ञोक्तो विमुक्तये ।।११।।**

**શ્લોકાર્થ :-**

**દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારણ કરનાર હોવાથી ધર્મ કહેવાય છે. સર્વજ્ઞ વડે કહેવાયેલો સંયમાદિ દશ પ્રકારનો ધર્મ મોક્ષ માટે છે. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને દુર્ગતિમાં પાડનારી અવસ્થાથી રક્ષણ કરીને સદ્‌ગતિમાં સ્થાપન કરનાર ધર્મ છે. જેમ વંકચૂલે જીવનના પૂર્વાર્ધમાં ઘણાં પાપો કરેલાં, તેથી દુર્ગતિની પ્રાપ્તિ થાય તેવી જ તેની કર્મની પરિણતિ હતી. છતાં, નિમિત્તને પામીને ધર્મપરાયણ શ્રાવક થવાથી તે મહાત્માને શ્રાવકધર્મથી દુર્ગતિની પ્રાપ્તિથી રક્ષણ થયું અને સદ્‌ગતિની પ્રાપ્તિ થઈ. તેથી જીવમાં વર્તતી દુર્ગતિના કારણીભૂત મલિન પરિણતિને દૂર કરીને ઉત્તમ પરિણતિરૂપ ધર્મ જીવને સદ્‌ગતિમાં સ્થાપન કરે છે અને અંતે મોક્ષનું કારણ બને છે. આવો પૂર્ણ ધર્મ સંયમાદિ દશ પ્રકારનો સાધુધર્મ છે જે સર્વજ્ઞ વડે કહેવાયેલો છે અને જે મહાત્મા આગળમાં કહેવાશે તેવા દશ પ્રકારના સંયમ આદિ ધર્મને સેવે છે તે સદ્‌ગતિઓની પરંપરા દ્વારા મોક્ષસુખને પામે છે અને આવો ઉત્તમધર્મ સર્વજ્ઞએ કહેલો છે. તેથી સર્વજ્ઞના વચન અનુસાર સેવાયેલો તે ધર્મ સર્વજ્ઞની જેમ સર્વકર્મોથી રહિત એવી મુક્તિનું કારણ બને છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૧માં ધર્મનું લક્ષણ કર્યું અને કહ્યું કે તે ધર્મ સર્વજ્ઞથી કહેવાયેલો છે. તેથી હવે કેટલાક વેદોને માનનારા અપૌરુષેયવેદ છે તેમ કહીને સર્વજ્ઞથી કહેવાયેલો ધર્મ નથી પરંતુ અપૌરુષેય એવા વેદથી કહેવાયેલો ધર્મ છે તેમ કહે છે. તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अपौरुषेयं वचनमसम्भवि भवेद्यदि ।**
**न प्रमाणं भवेद्वाचां ह्याप्ताधीना प्रमाणता ।।१२।।**

**શ્લોકાર્થ :-**

**અપૌરુષેય વચન અસંભવી છે. જો હોય=અપૌરુષેય વચન હોય, તો પ્રમાણ ન થાય. हि=જે કારણથી, વાણીની પ્રમાણતા આપ્ત આધીન છે=રાગ, દ્વેષ, મોહ રહિત એવા આપ્તપુરુષને આધીન છે. ॥૧૨॥**

**ભાવાર્થ :-**

વચન અપૌરુષેય છે તેમ કહેવાથી કોઈ પુરુષથી કહેવાયું નથી તેવો અર્થ પ્રાપ્ત થાય અને વચન શબ્દ જ તે અર્થ બતાવે છે કે કોઈકનાથી બોલાયેલું છે. તેથી જે વેદવચનો ઉપલબ્ધ છે તે પણ કોઈકનાથી કહેવાયેલાં છે તેથી અપૌરુષેય છે તેમ કહી શકાય નહીં. તેથી કેટલાક દર્શનકારો વેદને અપૌરુષેય સ્વીકારીને વેદના વચનને પ્રમાણભૂત કહે છે પરંતુ જગતમાં કોઈનાથી ન બોલાયેલું હોય તેવું વચન સંભવિત નથી. આમ છતાં, સ્વીકારી લઈએ કે અપૌરુષેય વચન છે તોપણ તે વચનને પ્રમાણ સ્વીકારી શકાય નહીં; કેમ કે વાણીની પ્રમાણતા આપ્તપુરુષના વચનને આધીન છે અર્થાત્ જેઓ રાગ, દ્વેષ અને અજ્ઞાનતા વગરના છે તેઓને મૃષા બોલવાનું કોઈ કારણ રહેતું નથી; કેમ કે જીવ કાં તો રાગથી મૃષા બોલે છે કાં તો દ્વેષથી મૃષા બોલે છે કે અજ્ઞાનથી મૃષા બોલે છે પરંતુ જેઓ સર્વજ્ઞ છે અને વીતરાગ છે તેઓનું વચન ક્યારેય મૃષા થઈ શકે નહીં અને તેઓનાં જ વચનો પ્રમાણભૂત બની શકે, અન્ય કોઈનાં વચન પ્રમાણભૂત બને નહીં. માટે વેદને અપૌરુષેય સ્વીકારીએ તોપણ તે વચન પ્રમાણભૂત સિદ્ધ થાય નહીં પરંતુ સર્વજ્ઞએ કહેલો દશ પ્રકારનો યતિધર્મ જ પ્રમાણભૂત છે તેમ માનવું જોઈએ. માટે સર્વજ્ઞકથિત દશ પ્રકારના યતિધર્મને જાણીને તેમના વચનાનુસાર સેવાતા તે ધર્મથી સંસારી જીવોને દુર્ગતિથી રક્ષણની પ્રાપ્તિ થાય છે અને અંતે મોક્ષફળની પ્રાપ્તિ થાય છે. અન્ય કોઈનાં વચનોથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે નહિ. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**આ રીતે=શ્લોક-૧૨માં કહ્યું એ રીતે, અપૌરુષેય વચનના અભિહિતના અસંભવાદિ દ્વારા અભાવને કહીને અસર્વજ્ઞપુરુષરૂપ વક્તાના ધર્મનું અપ્રમાણિકપણું બતાવે છે –**

**શ્લોક :-**

**मिथ्यादृष्टिभिराम्नातो हिंसाद्यैः कलुषीकृतः ।**
**स धर्म्म इति वित्तोऽऽपि भवभ्रमणकारणम् ।।१३।।**

**શ્લોકાર્થ :-**

**મિથ્યાદષ્ટિઓ વડે આમ્નાત=પરંપરાથી કહેવાયેલો, હિંસાદિથી કલુષિત કરાયેલો તે ધર્મ છે, એ પ્રમાણે જણાયેલો ધર્મ પણ ભવભ્રમણનું કારણ છે. ॥૧૩॥**

**ભાવાર્થ :-**

જેઓને ભગવાનના શાસનનો પારમાર્થિક બોધ નથી તેવા મિથ્યાદષ્ટિજીવોથી પ્રતિપાદન કરાયેલો અને

અવિવેકને કારણે હિંસાદિથી કલુષિત કરાયેલો તે ધર્મ છે. જેમ કપિલ બુદ્ધ વગેરેએ યમ, નિયમ આદિ અષ્ટાંગ યોગરૂપ ધર્મ કહ્યો છે અને તે યમ, નિયમની આચરણા સુંદર હોવા છતાં અવિવેકના કારણે સર્વજ્ઞપ્રણીત દશ પ્રકારના યતિધર્મ જેવી સર્વઉચિત પ્રવૃત્તિઓથી યુક્ત નથી. તેથી સ્વરૂપથી સુંદર પણ યમ, નિયમની પ્રવૃત્તિ અવિવેક અંશથી હિંસાદિ દોષોથી કલુષિત છે અને તેવો ધર્મ ધર્મરૂપે જણાતો હોવા છતાં પણ ભવભ્રમણનું કારણ છે. તે રીતે જૈનદર્શનમાં પણ અજ્ઞાની જીવોથી સ્વમતિ અનુસાર સ્વીકારાયેલાં ધર્મઅનુષ્ઠાનો બાહ્યથી ધર્મરૂપે જણાતાં હોવા છતાં અજ્ઞાનને વશ અંતરંગ વિવેકશૂન્ય હોય તો ભાવપ્રાણની હિંસાદિ દોષોથી યુક્ત એવી તે આચરણા લોકમાં ધર્મરૂપે જણાવા છતાં ભવભ્રમણનું કારણ છે. જેમ સાંખ્યદર્શનની યમ, નિયમની આચરણા સ્વરૂપથી શુદ્ધ હોવા છતાં અનુબંધથી અશુદ્ધ છે તેમ જૈનદર્શનના અવલંબનથી સ્વીકારાયેલાં અણુવ્રતો કે મહાવ્રતો પણ સ્વરૂપથી શુદ્ધ હોવા છતાં જિનવચનાનુસાર વિવેકથી યુક્ત ન હોય તો અંતરંગ પરિણતિથી શૂન્ય એવાં તે અણુવ્રતો અને મહાવ્રતો પણ અનુબંધથી અશુદ્ધ હોવાથી ભવભ્રમણનું કારણ બને છે.

વસ્તુતઃ સર્વઉચિત પ્રવૃત્તિઓથી યુક્ત હિંસાદિ દોષોથી રહિત સમભાવની પરિણતિની વૃદ્ધિ કરે તેવો વિવેકમૂલ ધર્મ જ વીતરાગતાની પ્રાપ્તિ દ્વારા ભવના ઉચ્છેદનું કારણ બને છે. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**હવે અદેવ, અગુરુ અને અધર્મના સાક્ષેપ પ્રતિક્ષેપને કહે છે=આક્ષેપપૂર્વક તેઓ ઉપાસ્ય નથી ઈત્યાદિથી તેઓનો પ્રતિક્ષેપ બતાવે છે –**

**શ્લોક :-**

**सरागोऽऽपि हि देवश्चेद् गुरुरब्रह्मचार्यपि ।**
**कृपाहीनोऽऽपि धर्म्मः स्यात् कष्टं नष्टं हहा जगत् ।।१४।।**

**શ્લોકાર્થ :-**

**ખરેખર જો સરાગ પણ દેવ હોય, અબ્રહ્મચારી પણ ગુરુ હોય ઉપલક્ષણથી પ્રાણાતિપાત આદિના વિરામરૂપ મહાવ્રતોથી રહિત પણ ગુરુ હોય અને કૃપાહીન પણ ધર્મ હોય=પાંચ મહાવ્રત અને સમિતિ-ગુપ્તિના પરિણામથી રહિત પણ ધર્મ હોય, તો ખેદની વાત છે કે કષ્ટવાળું, નષ્ટવાળું જગત થાય=કુદેવ, કુગુરુ અને કુધર્મના સેવનથી દુર્ગતિમાં જનારું જગત થાય. ॥૧૪॥**

**ભાવાર્થ :-**

અન્યદર્શનવાળાઓને અભિમત એવું દેવનું સ્વરૂપ વીતરાગ સ્વરૂપ નથી પરંતુ તે તે પ્રકારની તેઓની મૂર્તિથી અભિવ્યંગ્ય એવા રાગાદિ ભાવવાળા તે દેવો છે અને તેવા સ્વરૂપે તેઓની ઉપાસના કરનાર જીવોને વીતરાગ થવાને અનુકૂળ અંતરંગ ભાવો તે દેવની ઉપાસનાથી પ્રગટ થતા નથી. વળી, જે અન્યદર્શનના ગુરુઓ અબ્રહ્મચારી હોય અને ઉપલક્ષણથી દશ પ્રકારના યતિધર્મના પરિણામથી રહિત હોય તેવા પણ ગુરુની ઉપાસના કરવાથી દશ પ્રકારના યતિધર્મનો બોધ થતો નથી અને દશ પ્રકારના યતિધર્મની પ્રાપ્તિ

પણ થતી નથી. આમ છતાં તેને ગુરુ સ્વીકારવામાં આવે તો અને કૃપાહીન પણ ધર્મ હોય=સાધુનાં પાંચ મહાવ્રતો અને સમિતિ-ગુપ્તિરૂપ ચારિત્રધર્મથી રહિત એવી પણ આચરણારૂપ ધર્મ હોય, તો તેવા કુદેવ, કુગુરુ અને કુધર્મ દ્વારા આખું જગત કષ્ટ કરીને દુર્ગતિમાં ગમનરૂપ વિનાશને પામે. માટે સુદેવ, સુગુરુ અને સુધર્મ જ તત્ત્વ છે, અન્ય સર્વ અતત્ત્વ છે એ પ્રકારની નિર્મળ દૃષ્ટિ સમ્યક્ત્વ છે તે પ્રકારે સ્થિરબુદ્ધિને ધારણ કરવી જોઈએ. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે અદેવ, અગુરુ અને અધર્મના પરિહારથી સુદેવ, સુગુરુ અને સુધર્મના યથાર્થ સ્વરૂપના બોધપૂર્વક તેના સ્વીકારરૂપ સમ્યક્ત્વ છે એ પ્રમાણે સુવ્યવસ્થિત છે અને તે સમ્યક્ત્વ શુભઆત્મપરિણામરૂપ હોવાથી અમારા જેવા છદ્મસ્થોને ચક્ષુથી અપ્રત્યક્ષ છે. કેવલ લિંગોથી જાણી શકાય છે. તેથી સમ્યગ્દર્શનનાં લિંગો બતાવે છે —**

**શ્લોક :-**

**शमसंवेगनिर्वेदाऽऽनुकम्पाऽऽस्तिक्यलक्षणैः ।**
**लक्षणैः पञ्चभिः सम्यक् सम्यक्त्वमुपलक्ष्यते ।।१५।।**

**શ્લોકાર્થ :-**

**શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય સ્વરૂપ પાંચ લક્ષણોથી સમ્યક્=યથાર્થ, સમ્યક્ત્વ જણાય છે. ।।૧૫।।**

**ભાવાર્થ :-**

અનંતાનુબંધી એવા ક્રૂર કષાયોનો અનુદય એ શમ પરિણામ છે અને તે શમ પરિણામ કોઈક જીવોમાં પ્રકૃતિથી થાય છે અને કોઈક જીવોમાં કષાયોની પરિણતિના કટુ ફલના અવલોકનથી થાય છે. તેથી જેઓના અનંતાનુબંધી કષાયો શાંત થયા છે તેવા જીવો સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોનારા હોય છે તેથી તેઓને ચારગતિના પરિભ્રમણરૂપ સંસાર પ્રત્યે નિર્વેદ થાય છે અને સંસારના પરિભ્રમણના અભાવરૂપ સર્વકર્મથી રહિત એવી મુક્ત અવસ્થા પ્રત્યે તીવ્ર રાગ સ્વરૂપ સંવેગનો પરિણામ થાય છે અને સર્વકર્મથી રહિત અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય પોતાના આત્માની દયા અને અન્ય જીવોની અનુકંપારૂપ દયા છે. તેથી જગતના જીવોને કઈ રીતે તત્ત્વની પ્રાપ્તિ થાય અને પોતે પણ પોતાના આત્માનું હિત કઈ રીતે સાધી શકે તે પ્રકારની પરિણતિરૂપ ભાવ અનુકંપા વર્તે છે અને પોતાનો આત્મા શાશ્વત છે, સ્વકર્મ અનુસાર ચારગતિઓમાં ભટકનાર છે ઇત્યાદિ ભગવાનના વચનાનુસાર તત્ત્વની સ્થિર રુચિ થાય છે. આ પ્રકારના શમ આદિ પરિણામો દ્વારા જીવમાં વર્તતા સમ્યક્ત્વનો નિર્ણય કરી શકાય છે. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિના અર્થી જીવે સમ્યક્ત્વના ઉપાયને સેવીને સમ્યક્ત્વનાં શમાદિ લિંગો પોતાનામાં પ્રગટ થયાં છે કે નહીં તેનો નિર્ણય કરીને પોતાનામાં વર્તતા સમ્યક્ત્વનો નિર્ણય કરવો જોઈએ. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**સમ્યક્ત્વનાં લિંગોને કહીને=શ્લોક-૧૫માં સમ્યક્ત્વના શમ, સંવેગાદિ લિંગોને કહીને, સમ્યક્ત્વનાં ભૂષણોને કહે છે –**

**શ્લોક :-**

**स्थैर्यं प्रभावना भक्तिः कौशलं जिनशासने ।**
**तीर्थसेवा च पञ्चाऽस्य भूषणानि प्रचक्षते ।।१६।।**

**શ્લોકાર્થ :-**

**સ્થૈર્ય, પ્રભાવના, ભક્તિ, જિનશાસનમાં કૌશલ=કુશલપણું અને તીર્થસેવા આ પાંચ સમ્યક્ત્વનાં ભૂષણો છે. ।।૧૬।।**

**ભાવાર્થ :-**

જે જીવોએ સંસારના વાસ્તવિક સ્વરૂપનો નિર્ણય કરીને જીવની સુંદર અવસ્થા મુક્ત અવસ્થા છે અને અસુંદર અવસ્થા ચારગતિના પરિભ્રમણરૂપ છે તેવો સ્થિર નિર્ણય કર્યો છે તે જીવોને અરિહંત દેવ જ ઉપાસ્ય જણાય છે; કેમ કે તેમની ઉપાસના કરીને તત્ તુલ્ય થવાના તેઓ અર્થી છે અને અરિહંતદેવના વચનાનુસાર દશ પ્રકારનો યતિધર્મ સેવનારા અને ભગવાનના વચનના સૂક્ષ્મ રહસ્યને બતાવનારા સુસાધુ જ ગુરુ તરીકે જણાય છે; કેમ કે તેમના બળથી જ ભગવાનના વચનના રહસ્યની પ્રાપ્તિ થાય છે અને ભગવાને બતાવેલો વીતરાગ થવાનો માર્ગ જ તત્ત્વ દેખાય છે તેથી ધર્મની સર્વ ક્રિયાઓ કઈ રીતે વીતરાગતાને અનુકૂળ પરિણતિની નિષ્પત્તિ દ્વારા વીતરાગતુલ્ય થવાનું કારણ છે, તેના પરમાર્થને જાણવા સદા યત્ન કરે છે એવા જીવોને જિનશાસનમાં સ્થિર વિશ્વાસ થાય છે તે સમ્યક્ત્વનું ભૂષણ છે. તેથી ભગવાનના શાસનમાં સ્થિર વિશ્વાસ કરવા અર્થે વારંવાર સુદેવનું, સુગુરુનું અને સુધર્મનું સ્વરૂપ ભાવન કરવું જોઈએ અને જેઓ આ પ્રકારે સુદેવ, સુગુરુ અને સુધર્મના સ્વરૂપના ભાવન દ્વારા જિનશાસનમાં સ્થૈર્યને પ્રાપ્ત કરે છે તે તેઓના સમ્યક્ત્વનું ભૂષણ છે.

વળી, જે મહાત્માને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તે મહાત્માને જગતના જીવો પ્રત્યે અનુકંપા હોય છે; કેમ કે અનુકંપા એ સમ્યક્ત્વનું લિંગ છે અને તેવા અનુકંપાવાળા મહાત્મા પાસે કોઈક પ્રકારની વિશેષ શક્તિ હોય તો તે મહાત્મા તે શક્તિના બળથી ભગવાનના શાસનની ઘણા જીવોને પ્રાપ્તિ થાય તેવી ઉચિત પ્રવૃત્તિ કરે છે જેનાથી યોગ્ય જીવોને ભગવાનના શાસનની પ્રાપ્તિ થાય છે. તેથી પ્રભાવના એ સમ્યક્ત્વનું ભૂષણ છે. જેમ દશ પૂર્વધર નંદીષેણ મુનિ ભગવાનના વચનથી અત્યંત ભાવિત હતા અને ધર્મની કથાને કરવાની તેમનામાં વિશેષ પ્રકારની શક્તિ હતી પરંતુ પ્રબળ ચારિત્રમોહનીય કર્મના ઉદયથી વેશ્યાને ત્યાં રહેલા છતાં પણ પ્રતિદિન દશ જીવોને કે તેનાથી અધિક જીવોને તે પ્રકારનું સંસારનું સ્વરૂપ સ્પષ્ટ બતાવીને ચારિત્રના પરિણામવાળા બનાવતા હતા. આ પ્રકારની પ્રભાવના તેમનામાં રહેલા સમ્યક્ત્વનું ભૂષણ છે.

તેમ જે જીવોમાં જે પ્રકારની વિશેષ શક્તિ હોય અને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા હોય તો તે મહાત્મા પોતાની શક્તિ અનુસાર અન્ય જીવોને તત્ત્વની પ્રાપ્તિ થાય તેવું જે કાંઈ કરે તે સમ્યક્ત્વના ભૂષણરૂપ પ્રભાવના છે.

વળી, પ્રવચનમાં ભક્તિ સમ્યક્ત્વનું ભૂષણ છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાની શક્તિ અનુસાર ગુણસંપન્ન જીવોની કે તીર્થંકરોની કે ભગવાનના શ્રુતજ્ઞાનની જે કાંઈ ભક્તિ કરે છે તેનાથી તે જીવોમાં રહેલું સમ્યગ્દર્શન નિર્મળ, નિર્મળતર થાય છે; કેમ કે ગુણવાનના ગુણોના સ્મરણના ઉપયોગપૂર્વક તેઓ પ્રત્યેનો વધતો જતો અહોભાવ ગુણપ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મોનો નાશ કરે છે અને તેવી ભક્તિ સમ્યગ્દૃષ્ટિ જીવો કરે તો તેનાથી તેનું સમ્યગ્દર્શન શોભાયમાન થાય છે. તેથી ભક્તિ એ સમ્યગ્દર્શનનું ભૂષણ છે.

વળી, જે બુદ્ધિમાન પુરુષ હોય તે કુશળતાપૂર્વક યોગ્ય જીવોને સન્માર્ગ બતાવે છે. તેથી જેઓની ભગવાનના શાસનમાં કુશળતા છે તે કુશળતા પણ સમ્યક્ત્વનું ભૂષણ છે. જેમ શ્રેણિક મહારાજાના પુત્ર અભયકુમારે પોતાની કુશળતાથી આર્દ્રકુમારને પ્રતિબોધ પમાડ્યો. તેથી આ પ્રકારની કુશળતા મેળવવા માટે જેઓ સ્વભૂમિકાનુસાર શાસ્ત્રના પરમાર્થને જાણવા પ્રયત્ન કરે છે તેઓ ભગવાનના શાસનમાં સૂક્ષ્મપદાર્થોના બોધવાળા થાય છે જેના બળથી અનેક યોગ્ય જીવોને ભગવાનનો માર્ગ યથાર્થ બતાવી શકે છે જે સમ્યગ્દર્શનનું ભૂષણ છે; કેમ કે ભગવાનના શાસનના સૂક્ષ્મપદાર્થોને જાણવાની કુશળતાથી તેમનું સમ્યગ્દર્શન શોભાયમાન બને છે. વળી, જેઓ ભગવાનના શાસનમાં કુશળ છે તેઓ ભગવદ્ભક્તિ, આવશ્યકાદિ ક્રિયાઓ નિપુણતાપૂર્વક કરી શકે છે કે જેથી પોતાનાં ગુણસ્થાનકોની વૃદ્ધિ થાય. વળી, જેઓ શાસ્ત્રોના તેવા સૂક્ષ્મપદાર્થોના બોધવાળા નથી તેઓ કલ્યાણના અર્થી હોવા છતાં તે તે ક્રિયાઓ દ્વારા કુશળતાપૂર્વક ગુણવૃદ્ધિ કરી શકતા નથી તેવા જીવોને ઉચિત બોધ કરાવવા દ્વારા ગુણવૃદ્ધિની નિષ્પત્તિમાં જેઓ સહાયક બને છે તેઓની સર્વજ્ઞનાં સર્વ ઉચિત અનુષ્ઠાનો વિષયક કુશળતા પણ સમ્યક્ત્વનું ભૂષણ છે.

વળી, તીર્થસેવા એ પણ સમ્યગ્દર્શનનું ભૂષણ છે. તેમાં દ્રવ્યતીર્થો તીર્થંકરોના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણનાં સ્થાનો છે. તે સ્થાનમાં જવાથી અને ત્યાં ભક્તિ કરવાથી તીર્થંકરોના જન્માદિની સ્મૃતિ થવાથી સમ્યગ્દર્શન નિર્મળ થાય છે. વળી, ભાવતીર્થ શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ કે પ્રથમ ગણધર છે; કેમ કે ચતુર્વિધ સંઘમાં ભગવાને સ્થાપન કરેલો રત્નત્રયી માર્ગ વિદ્યમાન છે અથવા પ્રથમ ગણધરમાં ભગવાને તીર્થની સ્થાપના કરી ત્યારે રત્નત્રયી નિષ્પન્ન થઈ. તે રત્નત્રયીના સ્વરૂપને સ્મરણ કરીને ભગવાનના શાસનના પરમાર્થને જાણનારા એવા ચતુર્વિધ સંઘ પ્રત્યે જેઓને ભક્તિ થાય છે તેઓને તે ચતુર્વિધ સંઘમાં રહેલા ભગવાનના શાસન પ્રત્યેની સ્થિર શ્રદ્ધાવાળા જીવો પ્રત્યે જે કાંઈ બહુમાન થાય છે તેના કારણે તેવા ઉત્તમ જીવોની ભક્તિ કરે છે તે તીર્થસેવા છે અને તેનાથી સમ્યગ્દર્શન વિશેષ કોટીનું નિર્મળ બને છે. માટે તીર્થસેવા સમ્યક્ત્વનું ભૂષણ છે. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**સમ્યક્ત્વનાં ભૂષણોને કહીને હવે, સમ્યક્ત્વનાં દૂષણો બતાવે છે –**

શ્લોક :-

**शङ्का काङ्क्षा विचिकित्सा मिथ्यादृष्टिप्रशंसनम् ।**
**तत्संस्तवश्च पञ्चापि सम्यक्त्वं दूषयन्त्यलम् ।।१७।।**

શ્લોકાર્થ :-

**શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિનું પ્રશંસન, તેનું સંસ્તવન પાંચેય પણ સમ્યક્ત્વને અત્યંત દૂષિત કરે છે. ।।૧૭।।**

ભાવાર્થ :-

જે જીવો સમ્યક્ત્વ પામ્યા છે તે જીવોને સંસારસાગરથી તરવાનું પ્રબળ કારણ ભગવાનનું વચન જ સ્પષ્ટ જણાય છે તેથી તે જીવો સદા સ્વશક્તિ અનુસાર ભગવાનના વચનના પરમાર્થને સૂક્ષ્મ, સૂક્ષ્મતર જાણવા યત્ન કરે છે. આમ છતાં મતિની દુર્બળતાને કારણે કોઈક સ્થાનમાં પદાર્થનો નિર્ણય ન થવાથી સર્વજ્ઞના વચનમાં સંદેહ થાય તો તેનું સમ્યક્ત્વ દૂષિત બને છે અર્થાત્ આ વચનનું તાત્પર્ય શું છે તેવો નિર્ણય ન થાય અને તેના કારણે તેના તાત્પર્ય વિશે સંદેહ થાય તે જિનવચનમાં સંદેહ નથી પરંતુ સર્વજ્ઞએ જે પ્રકારે જે પદાર્થો કહ્યા છે તે પદાર્થો તેમજ છે કે નહીં તે પ્રકારની સર્વજ્ઞના વચનમાં શંકા થાય તે સમ્યક્ત્વનું દૂષણ છે. તેથી બુદ્ધિમાન પુરુષે ભગવાનના શાસનના યુક્તિગમ્ય પદાર્થોને યુક્તિપૂર્વક જાણવા યત્ન કરવો જોઈએ અને આગમગ્રાહ્ય પદાર્થોનો સર્વજ્ઞના વચનની શ્રદ્ધાથી સ્વીકાર કરવો જોઈએ. વળી, પોતાની મતિની દુર્બળતાને કારણે કોઈક સ્થાનમાં યુક્તિગમ્ય પદાર્થનો નિર્ણય યુક્તિથી ન થાય તોપણ વિચારવું જોઈએ કે રાગ, દ્વેષ અને અજ્ઞાનથી રહિત ભગવાન હતા તેથી તેઓનું વચન ક્યારેય પણ વિપરીત હોય નહીં પરંતુ તેઓનું વચન એકાંતે કલ્યાણનું કારણ છે એ પ્રકારની સ્થિરબુદ્ધિથી ભગવાનના વચનના તાત્પર્યને જાણવા યત્ન કરવો જોઈએ જેથી શંકારૂપ દૂષણને કારણે સમ્યક્ત્વ મલિન થાય નહીં.

વળી, અન્યદર્શનના કોઈક આચારોને જોઈને તે દર્શનના આચારો પ્રત્યે પક્ષપાત થવાથી તે દર્શન સુંદર છે તેવી કાંક્ષા ઉદ્ભવવી તે પણ સમ્યગ્દર્શનનું દૂષણ છે; કેમ કે સુદેવ, સુગુરુ અને સુધર્મ સિવાય અન્ય કોઈ આત્માના કલ્યાણનું કારણ નથી તેવી સ્થિર શ્રદ્ધામાં, આ ઉદ્ભવેલી કાંક્ષાથી કંઈક મલિનતા થાય છે ત્યારે અન્યદર્શનના અવિવેકવાળા આચારો પણ ધર્મરૂપે ભાસે છે અને તેવો ધર્મ કરવાની ઇચ્છા થાય છે. આવી ઇચ્છા સમ્યક્ત્વને મલિન કરવાની પરિણતિ છે, તેથી સમ્યક્ત્વનું દૂષણ છે.

વિચિકિત્સા=ચિત્તનો વિપ્લવ. કોઈક રીતે ભગવાનના વચનમાં યથાર્થ નિર્ણય નહીં થવાને કારણે ચિત્તમાં વિપ્લવ થાય છે કે આ ધર્માનુષ્ઠાન કરવાથી તેનું ફળ મને મળશે કે નહીં. આ પ્રકારનો વિકલ્પ સૂક્ષ્મબોધના અભાવને કારણે થાય છે તે સમ્યક્ત્વનું દૂષણ છે. વસ્તુતઃ ભગવાને બતાવેલી સર્વ ક્રિયાઓ જે જે ભાવપૂર્વક સર્વજ્ઞના આગમમાં બતાવાઈ છે તે ભાવોને લક્ષ્ય કરીને તે રીતે કરવામાં આવે તો તત્કાળ ચિત્તના ક્લેશનો નાશ સ્વસંવેદનથી પ્રત્યક્ષ દેખાય છે. વળી, ગુણોના પક્ષપાતને કારણે થતો પ્રશસ્ત અધ્યવસાય પણ સ્વસંવેદનથી દેખાય છે. તેથી બુદ્ધિમાન નિર્ણય કરી શકે છે કે આ પ્રકારનો ગુણોનો રાગ

પુણ્યબંધ કરાવીને સદ્ગતિની પ્રાપ્તિનું કારણ છે અને ક્રિયાકાળમાં વર્તતા શુભઅધ્યવસાયથી જે અંશે અંતરંગ ક્લેશનો નાશ થાય તે અંશથી ગુણની પ્રાપ્તિ પ્રત્યક્ષ સિદ્ધ છે. તેથી ભગવાને બતાવેલી સર્વ ક્રિયા વિવેકપૂર્વક કરાયેલી હોય તો અવશ્ય ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ દ્વારા વીતરાગતાનું જ કારણ છે. આમ છતાં, મતિની દુર્બળતાને કારણે ચિત્તમાં વિપ્લવ થાય છે કે આ ક્રિયાનું ફળ મને મળશે કે નહીં એ પ્રકારની વિચિકિત્સા ભગવાનના વચનમાં અવિશ્વાસરૂપ હોવાથી સમ્યક્ત્વને મલિન કરે છે. શંકા નામનું દૂષણ ભગવાને કહેલા પદાર્થ વિષયક હોય છે અને વિચિકિત્સા એ ભગવાને કહેલી ઉચિત ક્રિયાના ફળ વિષયક હોય છે.

મિથ્યાદૃષ્ટિની પ્રશંસા : અન્યદર્શનની તત્ત્વને સ્પર્શનારી વાતો એકાંતવાદની હોવા છતાં, બુદ્ધિની અલ્પતાને કારણે તેઓના ધર્મની પ્રશંસા કરવામાં આવે અથવા સ્વદર્શનમાં પણ કોઈ સાધુ એકાંતવાદની અવિવેકી પ્રરૂપણા કરતા હોય ત્યારે તેની પ્રશંસા કરવામાં આવે તો તે સમ્યક્ત્વનું દૂષણ છે. આથી જ વિવેકસંપન્ન સમ્યગ્દૃષ્ટિ જે સ્થાનમાં નિર્ણય કરી શકે નહીં કે આ વચન જિનવચનાનુસાર છે કે નહીં તે સ્થાનમાં મધ્યસ્થ બુદ્ધિ ધારણ કરીને પ્રશંસા કરે નહીં પરંતુ જિનવચનાનુસાર વચનના પરમાર્થને જાણવા યત્ન કરે; કેમ કે સમ્યગ્દૃષ્ટિને સ્થિર શ્રદ્ધા છે કે સર્વજ્ઞના વચન સિવાય કોઈનું પણ વચન કલ્યાણનું કારણ નથી. તેથી તે સર્વજ્ઞના વચનના તાત્પર્યને જાણવા માટે સદા ઉચિત યત્ન કરે છે અને સર્વજ્ઞના વચનના તાત્પર્યનો નિર્ણય થયા પછી તેની પ્રશંસા કરે છે. આથી અન્યદર્શનમાં પણ જે જિનવચનાનુસાર દાનાદિક ગુણો છે તેની પ્રશંસા કરવામાં સમ્યક્ત્વના દૂષણની પ્રાપ્તિ નથી.

મિથ્યાદૃષ્ટિનો પરિચય : વળી, મિથ્યાદૃષ્ટિ જીવોનો સંસ્તવ=પરિચય, તે પણ સમ્યક્ત્વનું દૂષણ છે; કેમ કે તેઓના પરિચયથી તેઓના ધર્મ પ્રત્યે રુચિ થવાનો સંભવ રહે છે. આથી જ જૈનદર્શનમાં પણ રહેલા એકાંતવાદથી દૂષિત મતિવાળા જીવોના પરિચયથી મંદબુદ્ધિવાળા ધર્મને પામેલા નવા જીવોને સમ્યક્ત્વમાં દૂષણની પ્રાપ્તિ થાય છે. આથી જ માત્ર ક્રિયામાં રત અને પરિણામ નિરપેક્ષ પ્રવૃત્તિમાં ધર્મબુદ્ધિ ધારણ કરીને પ્રવૃત્તિ કરનારા અથવા પરિણામને માનીને ક્રિયાનો અપલાપ કરનારા એમ બંને પ્રકારના એકાંતવાદી જીવોના પરિચયથી ધર્મમાં રુચિવાળા જીવોને પણ વિપર્યાસ થવાનો સંભવ રહે છે. તેથી જેઓની મતિ જિનવચનના રહસ્યને જાણવામાં કુશળ છે તેઓ હંમેશાં ભગવાને બતાવેલ સર્વ ક્રિયાઓ સમભાવની વૃદ્ધિ દ્વારા વીતરાગતાનું કઈ રીતે કારણ બને છે તેના પરમાર્થને જાણનારા હોય છે તેવા મહાત્માઓના પરિચયથી ભગવાનના માર્ગનો સૂક્ષ્મબોધ થાય છે જેથી સમ્યક્ત્વની મલિનતા થતી નથી પરંતુ એકાંતવાદથી દૂષિત મતિવાળા જીવોના પરિચયથી તત્ત્વને પામેલા પણ જીવને સૂક્ષ્મબોધ ન હોય તો વિપર્યાસ થવાનો સંભવ રહે છે. માટે મિથ્યાદૃષ્ટિના પરિચયનું વર્જન સમ્યગ્દૃષ્ટિ જીવે કરવું જોઈએ. **॥૧૭॥**

**અવતરણિકા :-**

**સમ્યક્ત્વમૂલ પાંચ અણુવ્રતો છે એમ શ્લોક-૧માં કહેવાયું. ત્યાં સમ્યક્ત્વ શું છે ? તે અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ કહ્યું. હવે પાંચ અણુવ્રતોને કહે છે –**

**શ્લોક :-**

**विरतिं स्थूलहिंसादेर्द्विविधत्रिविधादिना ।**
**अहिंसादीनि पञ्चाणुव्रतानि जगदुर्जिनाः ।।१८।।**

**શ્લોકાર્થ :-**

**દ્વિવિધ ત્રિવિધ આદિથી સ્થૂલહિંસાદિની વિરતિને અહિંસાદિ પાંચ અણુવ્રતો ભગવાને કહ્યાં છે. ।।૧૮।।**

**ભાવાર્થ :-**

સ્થૂલ એવા ત્રસાદિ જીવોની હિંસાદિની વિરતિના સ્વરૂપને કરણ અને કરાવણને આશ્રયીને મનથી, વચનથી, કાયાથી યોજન કરવામાં આવે અને જે વિકલ્પો થાય તેના પરમાર્થને જાણીને તે વિકલ્પમાંથી જે વિકલ્પથી પોતે હિંસાની નિવૃત્તિ કરી શકે તેવી શક્તિ જણાય તે વિકલ્પથી હિંસાદિની નિવૃત્તિનું પચ્ચક્ખાણ ગ્રહણ કરે અને અન્ય વિકલ્પથી તે હિંસાદિના નિવર્તન માટે ઉચિત અભ્યાસ કરે અને પાંચ અણુવ્રતો ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ સર્વવિરતિનું કારણ બને તે પ્રકારે પ્રતિસંધાન કરીને જે શ્રાવક અણુવ્રતાદિનું પાલન કરે છે તેને ભગવાને દેશવિરતિ કહેલ છે.

અહીં વિશેષ એ છે કે જે સમ્યગ્દૃષ્ટિ જીવોને સંસાર ચારગતિના પરિભ્રમણરૂપ છે અને તેનું કારણ હિંસાદિ પાંચ પાપસ્થાનકો છે અને સંસારના ઉચ્છેદનું કારણ અહિંસાદિ પાંચ મહાવ્રતો છે તેવો સ્થિરબોધ છે તેથી અહિંસાદિ પાંચ મહાવ્રતો પાળનાર ગુરુ પ્રત્યે ગુરુબુદ્ધિ છે અને તે પાંચ મહાવ્રતોના ફળ સ્વરૂપ સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિ છે તેવો સ્થિર નિર્ણય છે. માટે જ તે મહાત્મા અરિહંતની ઉપાસના કરે છે, ગુરુની ઉપાસના કરે છે અને પાંચ મહાવ્રતો પ્રત્યે ધર્મબુદ્ધિ હોવાથી સદા તેનાં સૂક્ષ્મ રહસ્યોને જાણવા યત્ન કરે છે. તેવા સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાની શક્તિ પાંચ મહાવ્રતોને અનુકૂળ સંચિત થયેલી નથી તેવું જણાવાથી પાંચ મહાવ્રતોના બળસંચય અર્થે પાંચ અણુવ્રતો સ્વીકારે છે. તેથી અણુવ્રતની પ્રાપ્તિના અર્થી જીવોએ પ્રથમ પ્રકાશમાં કહેલ તે પ્રમાણે પાંચ મહાવ્રતોના સ્વરૂપને સૂક્ષ્મ રીતે જાણવા માટે સદા ઉદ્યમ કરવો જોઈએ અને તેના સ્વરૂપને જાણીને તે પાંચ મહાવ્રતો પ્રત્યે અત્યંત રાગ થાય તે રીતે વારંવાર તેના સ્વરૂપથી આત્માને ભાવિત કરવો જોઈએ. વળી, પોતાની શક્તિનું સમાલોચન કરીને સ્થૂલહિંસાદિની નિવૃત્તિ પોતે મનથી કરી શકે તેમ હોય, વચનથી કરી શકે તેમ હોય, કાયાથી કરી શકે તેમ હોય અને સ્વયં કરવાને આશ્રયીને કરી શકે તેમ હોય અને કરાવણને આશ્રયીને કરી શકે તેમ હોય તો તે સર્વ વિકલ્પથી સ્થૂલહિંસાદિની નિવૃત્તિ કરે અને સર્વ વિકલ્પથી ન કરી શકે તેમ જણાય તો જે વિકલ્પથી પોતે કરી શકે તેનો નિર્ણય કરીને તે વિકલ્પથી જ તે હિંસાદિની નિવૃત્તિને સ્વીકારે અને સ્વીકારાયેલા વ્રતનું અણિશુદ્ધ પાલન કરવા ઉદ્યમ કરે અને જે અંશથી પોતે વિરતિ સ્વીકારી નથી તેને પણ શક્તિ અનુસાર સેવવા માટે યત્ન કરે. વળી, પ્રતિદિન પાંચ મહાવ્રતો અને સમિતિગુપ્તિરૂપ સાધુધર્મનું ભાવન કરે તો સાધુધર્મના પરિભાવનને કારણે સર્વવિરતિ પ્રત્યેનો અત્યંત પક્ષપાત થાય છે જેથી અણુવ્રતોમાં અધિક અધિક સંવર કરવાનો ઉત્સાહ થાય છે અને જેના

બળથી તે અણુવ્રતો જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મહાવ્રતમાં કારણ બને છે. આથી જ આગળમાં કહેવાશે તેમ બાર વ્રતોને પાળીને શ્રાવક શક્તિસંચય થાય ત્યારે શ્રાવકની અગિયાર પ્રતિમાઓને ધારણ કરે છે જેના બળથી સંચિત વીર્યવાળા થઈને સુખપૂર્વક સર્વવિરતિ ધર્મને સ્વીકારવા સમર્થ બને છે. માટે અણુવ્રતને સ્વીકાર્યા પછી તેનું ઉચિત યતનાપૂર્વક પાલન કરીને અને મહાવ્રતોના સ્વરૂપનું પ્રતિદિન ભાવન કરીને સંસારના ઉચ્છેદને અનુકૂળ બળનો સંચય કરવો જોઈએ જેથી અણુવ્રતો પરમાર્થથી અણુવ્રતરૂપ બને. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**આ રીતે=શ્લોક-૧૮માં કહ્યું એ રીતે, સામાન્યથી હિંસાદિના વિષયમાં વિરતિને બતાવીને હિંસાદિ પ્રત્યેકમાં, વિરતિને બતાવવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી હિંસાના વિષયમાં વિરતિને બતાવે છે –**

**શ્લોક :-**

**पङ्गुकुष्ठिकुणित्वादि दृष्ट्वा हिंसाफलं सुधीः ।**
**निरागस्त्रसजन्तूनां हिंसां सङ्कल्पतस्त्यजेत् ।।१९।।**

**શ્લોકાર્થ :-**

**પઙ્ગુ=ચાલવા માટે અસમર્થ, કુષ્ઠિ=કોઢ રોગવાળો, કુણિત્વાદિ=હાથ વગરનો આદિ, હિંસાનું ફળ જોઈને બુદ્ધિમાન પુરુષ નિરાગસ એવા ત્રસજંતુઓની=નિરપરાધી એવા ત્રસજીવોની, હિંસા સંકલ્પથી ત્યાગ કરે. ।।૧૯।।**

**ભાવાર્થ :-**

બુદ્ધિમાન એવો શ્રાવક કેટલાક જીવોને પંગુ, કુષ્ઠરોગવાળા અને કુણિત્વાદિ જોઈને વિચારે કે ભૂતકાળમાં આ જીવોએ હિંસા કરેલી છે જેના ફળ રૂપે દુર્ગતિઓમાં ફરીને કોઈક રીતે મનુષ્યભવ પામેલા છે અને ત્યાં પણ પૂર્વમાં કરાયેલા હિંસાના ફળ રૂપે આ પ્રકારની ખરાબ સ્થિતિને પામ્યા છે; કેમ કે અન્ય જીવોને પીડા કરે તેવા ક્લિષ્ટ ભાવોથી ક્લિષ્ટ કર્મો બંધાય છે જેના ફળ રૂપે જીવો દુર્ગતિઓમાં જાય છે અને તે હિંસાના ફળ સ્વરૂપે મનુષ્યભવમાં પણ આ પ્રકારની વિડંબનાને પામે છે. આ પ્રકારે ભાવન કરવાથી હિંસા પ્રત્યેનો નિવર્તનપરિણામ ઉત્પન્ન થાય છે. આમ છતાં શ્રાવકમાં સંપૂર્ણ હિંસાની નિવૃત્તિને અનુકૂળ શક્તિનો સંચય નહીં થયેલો હોવાથી મારા જીવનમાં હિંસાથી નિવૃત્તિનો મારે અભ્યાસ કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરવો છે તેથી નિરપરાધી એવા ત્રસજીવોની હિંસા હું સંકલ્પપૂર્વક કરીશ નહીં પરંતુ સંસારના આરંભસમારંભમાં ત્રસજીવોની હિંસાનું વર્જન અશક્ય છે તેથી ત્યાં હું શક્ય યતના કરીશ અને સ્થાવર જીવોમાં પણ હિંસાના વર્જનનો અર્થી શ્રાવક પોતાની ભૂમિકાનુસાર ઉચિત યતના કરે છે. આ પ્રકારે અહિંસાવ્રત ગ્રહણ કરનાર જીવ સમ્યગ્દૃષ્ટિ હોવાથી હંમેશાં તેને પાંચ મહાવ્રતો પ્રત્યેનો અવશ્ય અત્યંત રાગ હોય છે. તેથી સ્વભૂમિકા અનુસાર સંસારની પ્રવૃત્તિઓમાં પણ વાહનાદિમાં જવાના પ્રસંગને છોડીને ગમનાદિ કાળમાં પણ શક્ય એટલી યતનાપૂર્વક પ્રવૃત્તિ કરે છે જેથી કોઈ ત્રસજીવોની હિંસા ન થાય અને સ્થાવર જીવોમાં પણ દયાળુ

સ્વભાવવાળા શ્રાવકો ઉચિત યતના કરતા હોય છે તેથી તેવા શ્રાવકોના દયાળુ સ્વભાવના કારણે હિંસાના ફળરૂપ દુર્ગતિ કે પંગુ આદિ ભાવોની પ્રાપ્તિ થતી નથી. વળી, સાધુ જેવી અત્યંત દયાની પરિણતિ શ્રાવકને પ્રાપ્ત નહીં થયેલી હોવાથી સાધુ જેવું શ્રેષ્ઠકોટિનું પુણ્ય બાંધે છે તેવા પુણ્યને બાંધવા માટે પણ શ્રાવક સમર્થ થતા નથી. તેથી સાધુધર્મની શક્તિના સંચય અર્થે શ્રાવક પ્રતિદિન સાધુસમાચારીને સાંભળીને તેવા પ્રકારના દયા આદિ ભાવોને પોતાનામાં પ્રગટ કરવા યત્ન કરે છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**હિંસાના નિયમમાં સ્પષ્ટ દૃષ્ટાંતને કહે છે –**

**શ્લોક :-**

**आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाऽप्रिये ।**
**चिन्तयन्नात्मनोऽनिष्टां हिंसामन्यस्य नाचरेत् ।।२०।।**

**શ્લોકાર્થ :-**

**પોતાની જેમ સર્વ જીવોમાં સુખના પ્રિયને, દુઃખના અપ્રિયને ચિંતવન કરતો શ્રાવક પોતાને અનિષ્ટ=પોતાની હિંસા પોતાને અનિષ્ટ છે, એવી અન્યની હિંસાને આચરે નહીં. ।।૨૦।।**

**ભાવાર્થ :-**

જેમ પોતાને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે એ પ્રકારે સ્વસંવેદનથી પ્રતીત થાય છે તેમ સર્વ જીવોને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે તેમ માર્ગાનુસારી બુદ્ધિથી વિચારવું જોઈએ અને જેમ પોતાને પીડા ઉપજાવે એવું કૃત્ય પોતાને અનિષ્ટ છે, તેવું અનિષ્ટ કૃત્ય અન્યની સાથે આચરવું જોઈએ નહીં. તેથી શ્રાવક કોઈ જીવોને પીડા થાય, કોઈ જીવોના પ્રાણ નાશ થાય, કોઈ જીવોને સંક્લેશ થાય તેવું કૃત્ય સ્વશક્તિ અનુસાર વર્જન કરવા યત્ન કરે છે. આથી સર્વ જીવોની સંપૂર્ણ હિંસાનો પરિહાર કરવા પોતે અસમર્થ હોવાથી ત્રસજીવોની હિંસાનો સંકલ્પથી ત્યાગ કરે છે. વળી, શક્ય યતનાપૂર્વક માત્ર બાહ્ય હિંસાનો ત્યાગ કરતો નથી પરંતુ અન્યને પીડા ઉપજાવે તેવા કે અન્યને કષાયનો ઉદ્ભવ કરાવે તેવાં કૃત્યોનો પણ શક્તિ અનુસાર શ્રાવક પરિહાર કરે છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**'નનુ'થી શંકા કરે છે. પ્રતિષિદ્ધ આચરણામાં=જેની પ્રતિજ્ઞા કરેલી હોય તેવી વિપરીત પ્રવૃત્તિમાં, દોષ થાય છે અને શ્રાવકે ત્રસજીવવિષયક હિંસાનો પ્રતિષેધ કર્યો છે. વળી, સ્થાવર જીવોની હિંસાનો પ્રતિષેધ કર્યો નથી. તેથી તેમાં શ્રાવકે કેવી ચેષ્ટા કરવી જોઈએ તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**निरर्थिकां न कुर्वीत जीवेषु स्थावरेष्वपि ।**
**हिंसामहिंसाधर्मज्ञः काङ्क्षन् मोक्षमुपासकः ।।२१।।**

**શ્લોકાર્થ :-**

**અહિંસાના ધર્મને જાણનારા મોક્ષને ઈચ્છતા એવા શ્રાવક સ્થાવર જીવોમાં પણ નિરર્થક હિંસા કરે નહીં. ।।૨૧।।**

**ભાવાર્થ :-**

સાધુ સંસારથી ભય પામેલા છે તેથી સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી છે. માટે મોક્ષની પ્રાપ્તિની બલવાન ઇચ્છાવાળા છે. તેમ શ્રાવક પણ મોક્ષની અત્યંત ઇચ્છાવાળા હોય છે તેથી મોક્ષની પ્રાપ્તિના ઉપાયભૂત અહિંસાધર્મના સૂક્ષ્મમર્મને શક્તિ અનુસાર અવશ્ય જાણનારા હોય છે. તેવા શ્રાવકોને સાધુની જેમ સર્વ હિંસાથી નિવર્તન કરવા માટે શક્તિનો સંચય નહીં થયેલો હોવાથી ગૃહસ્થજીવન જીવે છે અને સર્વવિરતિની શક્તિના સંચય અર્થે ત્રસજીવોની હિંસાનો પરિહાર કરે છે અને સ્થાવર જીવોની હિંસામાં પણ શક્ય એટલી યતના કરે છે. તેથી સાધુની જેમ મોક્ષની ઇચ્છાવાળા શ્રાવકે સ્વશક્તિનું સમાલોચન કરીને જીવનમાં હિંસાની અત્યંત નિવૃત્તિ કેમ થાય તેને અનુકૂળ સ્થાવર જીવોમાં પણ યતના કરવી જોઈએ. ત્રસજીવોની અહિંસાના પાલન અર્થે ગમન આદિ પ્રવૃત્તિ કે બેસવા, ઊઠવાની પ્રવૃત્તિથી પણ નિરર્થક જીવોનો વધ ન થાય એ રીતે યત્ન કરવો જોઈએ જેથી દયાળુ ચિત્ત ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. **।।૨૧।।**

**અવતરણિકા :-**

**'નનુ'થી શંકા કરે છે. સતત હિંસામાં તત્પર એવો પણ જીવ સર્વસ્વની દક્ષિણાને આપીને પાપશુદ્ધિને કરે છે. એથી હિંસાના પરિહારના ક્લેશ વડે શું ? અર્થાત્ અન્ય જીવોની હિંસાના પરિહાર માટે સતત યતનાપરાયણરૂપ રહેવા રૂપ ક્લેશથી સર્યું; કેમ કે દક્ષિણાથી પાપની શુદ્ધિ કરી શકાય છે –**

**શ્લોક :-**

**प्राणी प्राणितलोभेन यो राज्यमपि मुञ्चति ।**
**तद्वधोत्थमघं सर्वोर्वीदानेऽपि न शाम्यति ।।२२।।**

**શ્લોકાર્થ :-**

**પ્રાણિતના લોભથી=જીવનના લોભથી, જે પ્રાણી રાજ્ય પણ છોડે છે તેના વધથી ઉત્પન્ન થયેલું પાપ સંપૂર્ણ પૃથ્વીના દાનમાં પણ શાંત થતું નથી. ।।૨૨।।**

**ભાવાર્થ :-**

વેદની શ્રુતિ અનુસાર સર્વ દાનો કરતાં ભૂમિનું દાન અધિક છે અને તે શ્રુતિથી ઉત્પન્ન થયેલી મિથ્યામતિને કારણે તેઓ વિચારે છે કે હિંસાદિના પરિહાર માટે યતના કરવાથી યથેચ્છ ભોગ થઈ શકતો નથી. તેથી તેવા ભોગમાં વિઘ્નકારી એવી હિંસાનો પરિહાર કરવા કરતાં, હિંસાથી થયેલા પાપનું નિવારણ ભૂમિદાનથી થઈ શકે છે. તેથી શક્તિસંપન્ન રાજવી હિંસાના પરિહારમાં યત્ન કરવા કરતાં પોતે પ્રાપ્ત કરેલી ભૂમિનું

બ્રાહ્મણોને દાન આપીને પાપની નિવૃત્તિ કરી શકશે. તે વિષયમાં ગ્રંથકારશ્રી કહે છે. જીવિતના લોભથી મનુષ્ય રાજ્યને પણ મૂકે છે. જેમ પોતાનું રાજ્ય લેવા માટે કોઈ તત્પર થયો હોય અને પોતે રક્ષણ કરી શકે તેમ ન હોય તો પોતાના પ્રાણના રક્ષણ માટે યત્ન કરે છે. તેથી બધા જીવોને પોતાનું જીવન અત્યંત પ્રિય છે અને જેઓ અન્ય જીવોના પ્રાણનો નાશ કરે છે તેનાથી થયેલું પાપ મોટો રાજવી સર્વ પૃથ્વીનું દાન આપે તોપણ તે થયેલા પાપનો નાશ થઈ શકે નહીં. માટે પાપભીરુ જીવે હિંસાના પરિહાર માટે જ યત્ન કરવો જોઈએ. આથી જ સાધુ સર્વથા હિંસાનો પરિહાર કરે છે અને શ્રાવક પણ સર્વથા હિંસાના પરિહારનો અર્થી હોવા છતાં શક્તિ અનુસાર ત્રસજીવોની હિંસાનો પરિહાર કરે છે અને સ્થાવરની યતના કરે છે. વળી, અંતરંગ રીતે અહિંસાની પરિણતિ પ્રગટ કરવા યત્ન કરે છે અને તેના માટે હિંસાની પરિણતિના બીજરૂપ બાહ્ય પદાર્થોની ઇચ્છાના પરિહાર માટે સદા યત્ન કરે છે. આથી જ વીતરાગની પૂજા કરીને સંપૂર્ણ ઇચ્છા વગરના થવા સદા પ્રયત્ન કરે છે અને સર્વત્ર નિઃસ્પૃહ એવા મુનિઓની ભક્તિ કરીને મુનિની જેમ નિઃસ્પૃહ થવા યત્ન કરે છે. તેનાથી જ પોતાના જીવનમાં થયેલા હિંસાના પાપની નિવૃત્તિ થાય છે; કેમ કે જે અધ્યવસાયથી જે પાપ બંધાય છે તેનાથી વિરુદ્ધ અધ્યવસાયથી તે પાપ નાશ પામે છે પરંતુ સ્વભોગ અર્થે હિંસાના પરિહારનો યત્ન છોડીને મારાથી થયેલી હિંસાની શુદ્ધિ હું દાનથી કરીશ તેવો વિચાર કરનારા જીવોને દાનથી ક્યારેય હિંસાના પાપની શુદ્ધિ થઈ શકે નહીં પરંતુ હિંસાની નિવૃત્તિના અધ્યવસાયથી જ હિંસાના પાપની શુદ્ધિ થાય છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**ચાર શ્લોક દ્વારા હિંસા કરનારની નિંદાને કહે છે –**

**શ્લોક :-**

**वने निरपराधानां वायुतोयतृणाशिनाम् ।**
**निघ्नन् मृगाणां मांसार्थी विशिष्येत कथं शुनः ? ।।२३।।**

**શ્લોકાર્થ :-**

**વનમાં વાયુ, પાણી અને તૃણને ખાનારા નિરપરાધી એવા મૃગલાઓને હણતો માંસનો અર્થી કૂતરાથી કેવી રીતે વિશેષ છે ? અર્થાત્ માંસલુબ્ધ કૂતરા જેવો જ છે. ।।૨૩।।**

**ભાવાર્થ :-**

હિંસા અત્યંત પાપનું કારણ છે તેવી બુદ્ધિ સ્થિર કરવા અર્થે કહે છે કે જેઓ ઇન્દ્રિયને પરવશ છે તેઓ ખાવાની લાલસાથી નિરપરાધી એવા મૃગલાઓના માંસને ખાવા શિકાર કરે છે.

વસ્તુતઃ તે મૃગલાઓએ તે શિકાર કરનારનો કોઈ અપરાધ કર્યો નથી. વળી, તે મૃગલાઓ જંગલમાં રહેલા વાયુ, પાણી અને તૃણને ખાઈને જીવનારા છે તેથી કોઈને પીડા કરનારા નથી. તેવા મૃગલાઓને ઇન્દ્રિયોને વશ થઈને જેઓ મારે છે તેઓ કૂતરા જેવા છે; કેમ કે માંસમાં લુબ્ધ કૂતરાઓ જેમ હિંસા કરે

છે તેમ માંસમાં લુબ્ધ જીવો નિરપરાધી જીવોને મારે છે. આ પ્રકારે ભાવન કરીને ત્રસજીવોની હિંસાના વિરામ માટે શ્રાવકે યત્ન કરવો જોઈએ; કેમ કે હિંસા અત્યંત નિંદ્ય કર્મ છે. **॥૨૩॥**

**શ્લોક :-**

> **दीर्यमाणः कुशेनापि यः स्वाङ्गे हन्त दूयते ।**
> **निर्मन्तून् स कथं जन्तूनन्तयेन्निशितायुधैः ।।२४।।**

**શ્લોકાર્થ :-**

**પોતાના અંગમાં કુશથી=ઘાસના તણખલાથી પણ, દીર્યમાણ=તાડન કરાતો, જે ખરેખર દુભાય છે, તે પુરુષ નિરપરાધી એવાં જંતુઓને તીક્ષ્ણ આયુધો વડે કેવી રીતે હણે ? અર્થાત્ બુદ્ધિમાન જીવ હણે નહીં, મૂઢ જ હણે. ॥૨૪॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને કોઈ ઘાસના તણખલાથી તાડન કરે તોપણ દુભાય છે તેથી અલ્પ પણ પીડામાં પોતાને દુઃખ થાય છે. આમ છતાં જ્યારે તે જીવ નિરપરાધી જંતુઓને તીક્ષ્ણ આયુધોથી હણે છે ત્યારે પોતાના અનુભવ અનુસાર પરપીડાને જાણતો નથી તેથી તે મૂઢ જેવો છે. આથી જ શ્રાવકે સદા પોતાને થતી અલ્પપીડાને સામે રાખીને પણ પરપીડાના પરિહાર માટે સદા દયાળુ ચિત્તવાળા થવું જોઈએ અને સર્વ પ્રવૃત્તિમાં નિરપરાધી ત્રસ અને સ્થાવર જીવોની હિંસા ન થાય તે માટે ચિત્તને યતનાપરાયણ કરવું જોઈએ અને જેઓ પોતાને થતી અલ્પ પણ પીડા દુઃખ ઉત્પન્ન કરે છે તેવો વિચાર કરીને બીજાની પીડાના પરિહાર માટે શક્ય એટલી ઉચિત યતના કરતા નથી, તેવા કઠોર હૈયાના કારણે જ શ્રાવક જીવનમાં પણ બેસવાની, ઊઠવાની કે ગમનાદિ પ્રવૃત્તિમાં ઉચિત જયણા કરતા નથી. આથી જ નિરપરાધી એવા ત્રસજીવો તેની ગમનાદિ પ્રવૃત્તિથી વિનાશ પામે છે તોપણ તેનું હૈયું સકંપ બનતું નથી. માટે શ્રાવકે પોતાના અનુભવ અનુસાર પીડાનું સ્વરૂપ જાણીને પરની પીડાના વર્જન માટે ઉચિત યતનાપરાયણ થવું જોઈએ. **॥૨૪॥**

**શ્લોક :-**

> **निर्मातुं क्रूरकर्माणः क्षणिकामात्मनो धृतिम् ।**
> **समापयन्ति सकलं जन्मान्यस्य शरीरिणः ।।२५।।**

**શ્લોકાર્થ :-**

**ક્રૂરકર્મોવાળા જીવો પોતાની ક્ષણિક ધૃતિ માટે=તૃપ્તિ માટે અન્ય જીવોના પૂર્ણ જન્મનો નાશ કરે છે. ॥૨૫॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો પોતાના ક્ષણિક ઇન્દ્રિયજન્ય સુખ માટે જે આરંભસમારંભ કરે છે, તેના માટે જે હિંસા કરે

છે, તેનાથી અન્યના જીવોના પૂર્ણ જન્મનો નાશ કરે છે. આ પ્રમાણે વિચારીને પોતાની ઇન્દ્રિયના સુખ માટે માંસાહાર કરતા જીવે માંસ ત્યાગ કરવા માટે યત્ન કરવો જોઈએ. વળી, જે શ્રાવકો તેવી હિંસા કરતા નથી તેઓએ પણ વિચારવું જોઈએ કે હું મારી ક્ષણભરની ઇન્દ્રિયની તૃપ્તિ અર્થે જે આરંભસમારંભ કરું છું તેમાં ત્રસ-સ્થાવર જીવોનાં જીવન સમાપ્ત થાય છે. તેથી મારે જીવનમાં જે પ્રકારના આરંભના પરિહાર શક્ય હોય તે પ્રકારના આરંભના પરિહારપૂર્વક ત્રસ-સ્થાવર જીવો પ્રત્યે દયાળુ ચિત્તવાળા થવું જોઈએ અને પ્રતિદિન સર્વ જીવો પ્રત્યે અત્યંત દયાળુ એવા સાધુજીવનની સ્મૃતિ કરવી જોઈએ જેથી મારામાં પણ તેવી દયાનો પરિણામ અતિશય, અતિશયતર થાય. **॥૨૫॥**

**શ્લોક :-**

**म्रियस्वेत्युच्यमानोऽपि देही भवति दुःखितः ।**
**मार्यमाणः प्रहरणैर्दारुणैः स कथं भवेत् ।।२६।।**

**શ્લોકાર્થ :-**

**'તું મર' એ પ્રમાણે કહેવાતો પણ જીવ દુઃખિત થાય છે. દારુણ એવા પ્રહારથી મરાતો તે કેવી રીતે થાય ? અર્થાત્ પરમ દુઃખિત થાય. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

હિંસા અત્યંત ખરાબ છે તે બતાવવા અર્થે મહાત્મા કહે છે. કોઈ જીવને 'તું મર' એ પ્રમાણે શબ્દથી કહેવામાં આવે તોપણ તે શબ્દ સાંભળીને તે જીવ દુઃખિત થાય છે; કેમ કે જીવોને મૃત્યુ અતિપીડાકારી છે. તેથી સાક્ષાત્ કોઈ દેહની પીડા ન હોવા છતાં 'તું મર' એ પ્રમાણે વચન પણ તેઓને પીડા કરે છે. આમ છતાં હિંસક જીવો દારુણ એવા હિંસાનાં સાધનોથી જીવને મારે તો તે જીવ પરમ દુઃખિત થાય છે. માટે કોઈ જીવને પીડા કરવી તે અત્યંત અનુચિત છે. તેથી શ્રાવકે સ્થૂલથી સ્વશક્તિ અનુસાર અહિંસામાં ઉદ્યમ કરવો જોઈએ અને સંપૂર્ણ નિરારંભ જીવન જીવતા જીવને સ્મૃતિમાં લાવીને તેની અનુમોદના કરવી જોઈએ જેથી હિંસાકૃત ઘાતકીપણું નાશ થાય અને અત્યંત દયાળુ ચિત્ત ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**હિંસાના ફળને દૃષ્ટાંત દ્વારા બતાવે છે –**

**શ્લોક :-**

**श्रूयते प्राणिघातेन रौद्रध्यानपरायणौ ।**
**सुभूमो ब्रह्मदत्तश्च सप्तमं नरकं गतौ ।।२७।।**

**શ્લોકાર્થ :-**

**પ્રાણીના ઘાતથી રૌદ્રધ્યાનપરાયણ એવા સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકે ગયા એમ સંભળાય છે. ॥૨૭॥**

**ભાવાર્થ :-**

જે જીવો સાધુધર્મનું પરિભાવન કરીને શક્તિ અનુસાર ત્રસાદિજીવોની હિંસાના પરિહારમાં ઉદ્યમ કરતા નથી પરંતુ સદા આરંભસમારંભમાં પ્રવર્તે છે તે જીવોના ચિત્તમાં પોતાના ભોગવિલાસ અર્થે પ્રાણીઓના ઘાતનો પરિણામ વર્તે છે તેથી તેઓ પ્રાયઃ રૌદ્રધ્યાનપરાયણ રહે છે. માટે જેમ પ્રાણીઘાતને કારણે રૌદ્રધ્યાનપરાયણ સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તી હિંસાના ફળ રૂપે સાતમી નરકે ગયા તેમ હિંસાપરાયણ જીવો સ્વચિત્ત અનુસાર દુર્ગતિઓમાં જાય છે. વળી, જેઓ દયાળુ ચિત્તવાળા છે તેઓથી ક્વચિત્ હિંસા થાય તોપણ તે હિંસાના ફળને પામતા નથી. જેમ સુમંગલ સાધુ અટવીમાં ૫૦૦ સાધુઓ સાથે વિહાર કરતા હતા અને અન્ય સાધુઓને કહ્યું કે તમે સુખપૂર્વક આરામ કરો. હું રાત્રિના સમયે હિંસક પશુઓથી તમારું રક્ષણ કરીશ અને પોતે સહસ્રમલ હોવાથી અત્યંત શક્તિવાળા હતા. તે રાત્રે મનુષ્યની ગંધથી કોઈ સિંહ આવ્યો. તેનાથી સાધુઓના રક્ષણ અર્થે દયાળુ એવા તે મહાત્માએ સિંહને કંઈક હળવા હાથે થપ્પડ મારી તેનાથી સંતપ્ત થયેલો સિંહ ભાગે છે અને કંઈક દૂર જઈને મૃત્યુ પામે છે. ફરી બીજો સિંહ આવે છે. તેને જોઈને મહાત્માને ભ્રમ થયો કે ફરી તે સિંહ આવ્યો છે તેથી કંઈક પૂર્વ કરતાં વધારે જોરથી થપ્પડ મારી તેથી તે સિંહ પણ દૂર જઈને મૃત્યુ પામ્યો. આ રીતે ક્રમસર ચાર સિંહોનું મૃત્યુ થયું. છતાં દયાળુ એવા તે મહાત્માને હિંસાની પ્રાપ્તિ થઈ નહીં; કેમ કે સાધુના રક્ષણનો પરિણામ હતો. વળી, સિંહનો જીવ પણ મરે નહીં માટે કંઈક હળવા હાથે થપ્પડ મારેલી તેથી સિંહના રક્ષણ માટે પણ યતના હતી. તેમ જે શ્રાવક આરંભસમારંભના વર્જનમાં યતનાપરાયણ છે તેઓને વિશેષ પાપબંધ થતો નથી પરંતુ શુભઅધ્યવસાયને કારણે સદ્ગતિની પ્રાપ્તિ થાય છે અને જેઓ આરંભસમારંભના વર્જનમાં યતનાપરાયણ નથી અને શક્તિ અનુસાર આરંભના વર્જનમાં યત્ન કરતા નથી તેઓનું ચિત્ત હિંસાની પ્રવૃત્તિથી વ્યાપ્ત હોવાને કારણે સુભૂમાદિની જેમ પોતાના ચિત્ત અનુસાર હિંસાના ફળને પામે છે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**વળી, હિંસક જીવોની નિંદા કરે છે જેથી શ્રાવકને હિંસાના નિવર્તન પ્રત્યેનો દઢ પરિણામ સ્થિર થાય —**

**શ્લોક :-**

**कुणिर्वरं वरं पङ्गुरशरीरी वरं पुमान् ।**
**अपि सम्पूर्णसर्वाङ्गो न तु हिंसापरायणः ।।२८।।**

**શ્લોકાર્થ :-**

**કુણિ=હાથ વગરનો સારો, પઙ્ગુ=પગ વગરનો સારો, અશરીર=કોઢાદિ રોગથી યુક્ત ખરાબ શરીરવાળો સારો પરંતુ હિંસાપરાયણ સંપૂર્ણ સર્વ અંગો છે જેને એવો નર સારો નથી. ।।૨૮।।**

**ભાવાર્થ :-**

સામાન્ય રીતે ભૂતકાળના પાપના ઉદયથી જીવોને હાથની વિકલતા, પગની વિકલતા કે કોઢવાળું શરીર મળે છે જે ભૂતકાળના પાપનું ફળ છે. અંગોની વિકલતારૂપ પ્રાપ્ત થયેલું આ ફળ જરા પણ સારું નથી તોપણ હિંસા કરનાર જીવોની અપેક્ષાએ આવી વિકલતાવાળા જીવો થોડા સારા છે. જ્યારે ભૂતકાળના કંઈક પુણ્યના બળથી જેઓને બધાં જ અંગો સંપૂર્ણ મળ્યાં છે છતાં જેઓ હિંસા કરવામાં તત્પર છે તેઓ સારા નથી; કેમ કે ભાવિમાં સર્વ અનર્થનાં ફળોને તેઓ પામશે. આ પ્રકારે વિચારીને શ્રાવક હિંસાની નિવૃત્તિ કર્યા પછી સતત વિશેષ વિશેષ હિંસાની નિવૃત્તિ અર્થે યતનાપરાયણ બને છે અને પ્રતિદિન સંપૂર્ણ અહિંસા પાળનારા ભાવસાધુના પારમાર્થિક સ્વરૂપથી આત્માને ભાવિત કરે છે. જેથી સદા અહિંસાની અનુમોદના કરીને અહિંસાના ફળને પ્રાપ્ત કરે છે. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**'નનુ'થી શંકા કરે છે કે રૌદ્રધ્યાનપરાયણ એવા જીવની જે હિંસા છે તે નરકનો હેતુ હોવાથી નિંદ્ય હોય પરંતુ જે શાંતિ નિમિત્ત પ્રાયશ્ચિત્તભૂત હિંસા છે=પોતાને કોઈ કુસ્વપ્નાદિ આવ્યાં હોય અને તેનાથી થનારા અનર્થોની શાંતિ નિમિત્તે=તે સ્વપ્નાદિની શુદ્ધિ નિમિત્તે, હિંસા છે, મત્સ્યબન્ધાની-જેમ કુલક્રમથી આવેલી હિંસા=માછલાંઓ જેમ દોરડાથી બંધાયેલાં હોય તેમ કુલાચારથી જીવનમાં વણાયેલી હોય તેવી હિંસા, રૌદ્રધ્યાન રહિત હોવાથી દોષ માટે નથી એ પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે.**

**શ્લોક :-**

**हिंसा विघ्नाय जायेत विघ्नशान्त्यै कृताऽपि हि ।**
**कुलाचारधियाऽप्येषा कृता कुलविनाशनी ।।२९।।**

**શ્લોકાર્થ :-**

**વિઘ્નની શાંતિ માટે કરાયેલી પણ હિંસા વિઘ્ન માટે થાય છે. કુલાચારની બુદ્ધિથી પણ કરાયેલી આ=હિંસા, કુલના વિનાશને કરનારી થાય છે. ।।૨૯।।**

**ભાવાર્થ :-**

ઘાતકીપણાથી કરાયેલી હિંસા તો અનર્થકારી છે પરંતુ કોઈ જીવોને કુસ્વપ્ન આવ્યાં હોય અને તે કુસ્વપ્નની શાંતિ માટે જે હિંસા કરે તે હિંસા પણ વિઘ્ન માટે થાય છે. જેમ યશોધરના જીવ એવા સુરેન્દ્રદત્ત રાજાએ માતાના વચનથી લોટના કૂકડાના વધરૂપ હિંસા કરેલી જેના ફળ રૂપે તિર્યંચગતિની પ્રાપ્તિ થયેલી જેથી પોતાના સ્વપ્નના ફળ રૂપે પ્રાપ્ત થતાં વિઘ્નોની શાંતિને બદલે કરાયેલી તે હિંસા વિઘ્નો માટે થઈ. તેથી શ્રાવકે હિંસાનો પરિહાર કરવો જોઈએ અને સતત અહિંસક ભાવની વૃદ્ધિ માટે યત્ન કરવો જોઈએ. જોકે યશોધરના જીવે સાક્ષાત્ કૂકડાદિની હિંસા કરી નથી તોપણ લોટના કૂકડાનો હું વધ કરું છું જેથી મારાં

વિઘ્નોનું શમન થાય એ પ્રકારના અધ્યવસાયમાં સ્થાપના નિક્ષેપાથી હિંસાની પ્રાપ્તિ છે. તેથી તે હિંસાથી જ વિઘ્નની પ્રાપ્તિ થઈ. માટે જીવનમાં વિઘ્નના નિવારણ અર્થે પણ વીતરાગના વચન અનુસાર ઉચિત કૃત્યો કરવાં જોઈએ કે જેથી વીતરાગની ભક્તિથી વિઘ્નોનું શમન થાય. આથી જ વિઘ્નોના શમન માટે દ્રવ્યસ્તવ જ ઉપાય છે; કેમ કે ભાવસ્તવનું કારણ હોવાથી દ્રવ્યસ્તવ અહિંસક ચિત્તની નિષ્પત્તિ દ્વારા વિઘ્નનું નિવારણ કરે છે. વળી, પોતાના કુળક્રમથી આવેલી આ હિંસા છે. તેથી મારે કુળના આચારો પાળવા જોઈએ તેવી બુદ્ધિથી કોઈ હિંસા કરે ત્યારે સાક્ષાત્ કોઈને મારવારૂપ ક્રૂરતા નથી પરંતુ પોતાના કુલાચારને પાળવાની બુદ્ધિ છે તોપણ તે હિંસાથી કુળનો નાશ થાય છે; કેમ કે તે કુળમાં હિંસાની પ્રવૃત્તિ થવાથી તે કુળમાં જન્મેલા જીવો દુર્ગતિમાં જાય છે. વળી, તે કુળમાં હિંસાની પરિણતિને કારણે પાપપ્રકૃતિનો ઉદય થાય છે તેથી વર્તમાન ભવમાં પણ તે કુળ ક્રમસર વિનાશ તરફ જનાર બને છે. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**હવે, કુળક્રમથી આવેલી હિંસાનો પરિહાર કરતો પુરુષ પ્રશંસનીય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**अपि वंशक्रमायातां यस्तु हिंसां परित्यजेत् ।**
**स श्रेष्ठः सुलस इव कालसौकरिकात्मजः ।।३०।।**

**શ્લોકાર્થ :-**

**વળી, વંશના ક્રમથી પણ આવેલી હિંસાને જે ત્યાગ કરે છે તે કાલસૌરિકના પુત્ર સુલસની જેમ શ્રેષ્ઠ છે. ।।૩૦।।**

**ભાવાર્થ :-**

શ્રાવકને પોતાના વંશપરંપરાનુસાર આરંભયુક્ત કૃત્યો પ્રાપ્ત થતાં હોય તોપણ દયાળુ ચિત્તવાળા શ્રાવકે તેવાં કુળપરંપરાથી પ્રાપ્ત આરંભનાં કૃત્યોનો ત્યાગ કરીને જેમાં અલ્પ આરંભ હોય તે રીતે આજીવિકા મેળવવી જોઈએ. જેમ કાલસૌરિકના પુત્ર સુલસે કુળપરંપરાથી પ્રાપ્ત હિંસાની પ્રવૃત્તિનો ત્યાગ કર્યો. **॥૩૦॥**

**અવતરણિકા :-**

**હિંસાને કરતો જીવ પણ દાનાદિથી પુણ્યનું અર્જન કરે છે અને પાપનું વિશોધન કરે છે એ પ્રકારની શંકાનું નિવારણ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**दमो देवगुरूपास्तिर्दानमध्ययनं तपः ।**
**सर्वमप्येतदफलं हिंसां चेन्न परित्यजेत् ।।३१।।**

**શ્લોકાર્થ :-**

**દમ=ઇન્દ્રિયોનું દમન, દેવ-ગુરુની ઉપાસના=દેવગુરુની સેવા, દાન=સુપાત્રમાં દાનનો વ્યય, અધ્યયન, તપ એ સર્વ પણ અફલ છે, જો હિંસાનો ત્યાગ કરવામાં ન આવે. ॥૩૧॥**

**ભાવાર્થ :-**

કોઈ ધર્મી શ્રાવક ધનાર્જન આદિ અર્થે કે કુલક્રમથી આવેલાં આરંભનાં કૃત્યો કરતા હોય કે કોઈ વિઘ્ન આવવાની સંભાવનાથી તેના નિવારણ માટે હિંસા કરતા હોય અને વિચારે કે આપણે જીવનમાં તપ-ત્યાગ કરીશું, શાસ્ત્રનું અધ્યયન કરીશું, ઇન્દ્રિયોનું દમન કરીશું, ધર્મના ક્ષેત્રમાં ધનનો વ્યય કરીશું અને દેવ-ગુરુની ભક્તિ કરીશું તો તેનાથી હિંસાના પાપની શુદ્ધિ થશે અને ઉચિત કૃત્યોથી પુણ્યની પ્રાપ્તિ થશે. વસ્તુતઃ જેનું ચિત્ત હિંસાપરાયણ છે તેના હૈયામાં હિંસક વૃત્તિકૃત પાપ બંધાય છે અને તપાદિ ઉચિત કૃત્યો સ્થૂલ બાહ્ય આચારથી થાય છે પરંતુ અંતરમાં અહિંસક વૃત્તિનું આધાન કરવા સમર્થ બનતાં નથી તેથી નિષ્ફળ છે; કેમ કે તપાદિ ઉચિત અનુષ્ઠાનો પણ ચિત્તમાં અહિંસક વૃત્તિની નિષ્પત્તિ દ્વારા સફળ થાય છે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

**હવે શાસ્ત્રીય હિંસાનો પ્રતિષેધ કરતાં ગ્રંથકારશ્રી શાસ્ત્રકારોનો જ=હિંસાના ઉપદેશને કહેનારા શાસ્ત્ર રચનારાઓનો જ, અધિક્ષેપ કરે છે=તેઓનો તે ઉપદેશ અનુચિત છે, તેમ બતાવે છે –**

**શ્લોક :-**

**विश्वस्तो मुग्धधीर्लोकः पात्यते नरकावनौ ।**
**अहो नृशंसैर्लोभान्धैर्हिंसाशास्त्रोपदेशकैः ॥३२॥**

**શ્લોકાર્થ :-**

**અહો=ખેદની વાત છે કે નૃશંસ=ક્રૂર, લોભમાં અંધ, હિંસાશાસ્ત્રના ઉપદેશકો વડે વિશ્વસ્ત, મુગ્ધબુદ્ધિવાળો લોક નરકરૂપી અવનીમાં=નરકરૂપી પૃથ્વીમાં નંખાય છે. ॥૩૨॥**

**ભાવાર્થ :-**

કેટલાક ઉપદેશકો પ્રકૃતિથી નિર્દય હોય છે; કેમ કે જો દયાળુ ચિત્ત હોય તો હિંસાને કહેનારા શાસ્ત્રની તેઓ રચના કરે નહીં. વળી, લોભાંધ હોય છે; કેમ કે તે હિંસા દ્વારા પોતાના તુચ્છ આલોકના ફળના અર્થી છે. તેથી હિંસાને કહેનારા શાસ્ત્રના ઉપદેશો આપીને મુગ્ધલોકોને નરકમાં નાંખે છે અને જે મુગ્ધલોક તેઓ પ્રત્યે વિશ્વાસ રાખીને તે ઉપદેશકોના વચનથી ધર્મ કરવા તત્પર થયા છે તેઓને ધર્મના નામથી જ અધર્મની પ્રવૃત્તિ કરાવીને દુર્ગતિની પ્રાપ્તિ કરાવે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે પ્રવૃત્તિથી અંતરંગ રીતે કષાયોની અલ્પતા, હિંસકભાવની અલ્પતા થતી હોય તેવો ઉચિત ઉપદેશ જ કલ્યાણનું કારણ છે પરંતુ જેઓનાં વિવેકચક્ષુ પ્રગટ્યાં નથી તેવા ઉપદેશકો

ભગવાનના શાસનમાં પણ યથાતથા ઉપદેશ આપે છે. તેઓ વિશ્વસ્ત એવા મુગ્ધલોકોને ધર્મબુદ્ધિથી અનુચિત પ્રવૃત્તિ કરાવીને સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ કરાવે છે. માટે જે પ્રવૃત્તિથી જીવોની હિંસા હોય, જે પ્રવૃત્તિથી કષાયોની વૃદ્ધિ હોય તેવી સર્વ પ્રવૃત્તિ ક્યારેય ધર્મ સ્વરૂપ બને નહીં. આ પ્રકારે વિચારીને વિવેકી શ્રાવક બાહ્ય હિંસાનું શક્તિ અનુસાર નિવર્તન કરીને પોતાના દયાળુ સ્વભાવની વૃદ્ધિ થાય તે પ્રકારે યતના-પરાયણ બને છે. ॥૩૨॥

**અવતરણિકા :-**

**જેને કહે છે=હિંસાશાસ્ત્રના ઉપદેશકો લોકોને નરકમાં નાખે છે એમ પૂર્વમાં કહ્યું એ પ્રકારે જેઓ કહે છે તે બતાવવા માટે "જેને કહે છે" એ પ્રકારે પ્રસ્તુત કરીને તે શાસ્ત્રને જ બતાવે છે —**

**શ્લોક :-**

**'यज्ञार्थं पशवः सृष्टाः स्वयमेव स्वयंभुवा ।**
**यज्ञोऽस्य भूत्यै सर्वस्य तस्माद्यज्ञे वधोऽवधः ।।३३।।**

**શ્લોકાર્થ :-**

**સ્વયં જ સ્વયંભુવ એવા ઈશ્વર વડે યજ્ઞ માટે પશુઓ સર્જાયાં છે. આનો યજ્ઞ=પશુનો યજ્ઞ, સર્વની ભૂતિ માટે છે=યજ્ઞમાં હોમાતા જીવોના અને યજ્ઞ કરનારા એવા જીવોના કલ્યાણ માટે છે, તે કારણથી યજ્ઞમાં વધ અવધ છે. ॥૩૩॥**

**ભાવાર્થ :-**

યજ્ઞશાસ્ત્રોને કહેનારા ઉપદેશકો કહે છે કે યજ્ઞ માટે પશુઓ ઈશ્વર વડે સ્વયં જ સર્જન કરાયાં છે અને પશુઓનો યજ્ઞ સર્વના વૈભવ માટે છે=યજ્ઞ કરનારાના વૈભવ માટે છે અને પશુઓને પણ સદ્‌ગતિની પ્રાપ્તિરૂપ ફળ મળે છે. તેથી અન્ય હિંસા જેવી યજ્ઞની હિંસા નથી માટે યજ્ઞમાં કરાયેલો પશુનો વધ અવધ છે; કેમ કે તેનાથી પશુઓનું અને યજ્ઞ કરનારાઓનું કલ્યાણ થાય છે. આ પ્રકારે તેઓની મોહ ભરેલી માન્યતાઓ છે. વસ્તુતઃ પોતાના તુચ્છ સ્વાર્થ ખાતર બીજા જીવોની હિંસા કરવી તેને ક્યારેય ધર્મ કહી શકાય નહીં. જોકે જિનપૂજાદિમાં પૃથ્વીકાય આદિ જીવોની હિંસા છે તોપણ શ્રાવકનું ચિત્ત હિંસા કરવાને પરાયણ નથી. વળી, તુચ્છ ભૌતિક ફળ માટે જેમ પશુઓનો વધ કરાય છે તેવા તુચ્છ ભૌતિક ફળ માટે શ્રાવક ભગવાનની ભક્તિ કરતા નથી પરંતુ ભગવાનના ગુણોથી ભગવાન પ્રત્યે થયેલા બહુમાનની વૃદ્ધિને અનુકૂળ ઉત્તમ દ્રવ્યોથી ભગવાનનો સત્કાર આદિ કરે છે જેનાથી વીતરાગની જેમ નિર્લેપ ચિત્ત પ્રગટ થાય છે, જેથી સંયમનો પરિણામ સુલભ બને છે. જોકે પુષ્પાદિ જીવોને તે પૂજાની ક્રિયાથી કોઈ ઉપકાર થતો નથી તોપણ શ્રાવકના ચિત્તમાં ષટ્કાયના જીવોના રક્ષણને અનુકૂળ સંયમના પરિણામ અર્થે ક્રિયા કરવાનો પરિણામ છે. તેથી ક્રિયા કરીને શ્રાવક વીતરાગતુલ્ય ષટ્કાયના રક્ષણને અનુકૂળ દયાનો પરિણામ પ્રગટ કરવા પ્રયત્ન કરે છે. તે વખતે તે ભક્તિની ક્રિયામાં થતી હિંસા અશક્ય પરિહારરૂપ છે અને પૂજાના ફળ

રૂપે શ્રાવકને જ્યારે સર્વવિરતિની પરિણતિ પ્રાપ્ત થશે ત્યારે તે વિશેષ પ્રકારના સંયમની પ્રાપ્તિ દ્વારા ક્રમસર મોક્ષને પામશે. તે વખતે ચૌદરાજલોકમાં તે મહાત્મા દ્વારા અમારિપડહ વાગશે અર્થાત્ હવે પછી તેમના તરફથી કોઈ જીવને લેશ પણ ઉપદ્રવ થશે નહીં. તે વખતે સંસારમાં ભટકતા તે પુષ્પાદિ જીવોને પણ તે મહાત્માથી થતો ઉપદ્રવ દૂર થશે. માટે પુષ્પાદિ જીવોને પણ તે હિંસા આ રીતે દૂરવર્તી સુખનું કારણ બનશે. **॥૩૩॥**

**અવતરણિકા :-**

**આને જ કહે છે=યજ્ઞમાં વધ કરાયેલાં પશુઓ સ્વર્ગમાં જાય છે. માટે યજ્ઞમાં હિંસા નથી એને જ કહે છે –**

**શ્લોક :-**

**औषध्यः पशवो वृक्षास्तिर्यञ्चः पक्षिणस्तथा ।**
**यज्ञार्थं निधनं प्राप्ताः प्राप्नुवन्त्युच्छ्रितिं पुनः ।।३४।।**

**શ્લોકાર્થ :-**

**ઔષધિઓ, પશુઓ, વૃક્ષો, તિર્યંચો અને પક્ષીઓ યજ્ઞ માટે મૃત્યુને પામેલા ફરી ઉચ્છ્રિતિને=ઉત્કર્ષને, પ્રાપ્ત કરે છે=દેવાદિ ભવના દીર્ઘ આયુષ્યને પ્રાપ્ત કરે છે. ।।૩૪।।**

**ભાવાર્થ :-**

યજ્ઞને માનનારા કહે છે કે યજ્ઞમાં જે ઔષધિઓ કે પશુઓ, વૃક્ષો, તિર્યંચો કે પક્ષીઓનો હોમ થાય છે તે સર્વ મરીને સદ્‌ગતિમાં જનારા બને છે તેથી યજ્ઞમાં થતી હિંસા હિંસ્ય જીવોના પણ કલ્યાણ માટે છે. માટે તે હિંસાને હિંસા કહી શકાય નહીં. વસ્તુતઃ આ વેદવચન પ્રમાણિક નથી; કેમ કે જીવોના પોતાના જ અધ્યવસાયથી કર્મબંધ થાય છે. તેથી શુભઅધ્યવસાયથી શુભકર્મબંધ થાય છે અને અશુભઅધ્યવસાયથી અશુભકર્મબંધ થાય છે. માટે યજ્ઞમાં હોમાયેલા હોવાથી તે હિંસ્ય જીવોની સદ્‌ગતિ થાય છે અને ભગવાનની ભક્તિ અર્થે કરાયેલી પૂજામાં જીવોની હિંસા થાય છે માટે તેઓ સદ્‌ગતિમાં જાય છે એ પ્રકારનું વચન સ્વકલ્પના માત્ર જ છે. **॥૩૪॥**

**અવતરણિકા :-**

**શાસ્ત્રમાં જેટલી હિંસા કહેવાઈ છે સંક્ષેપ કરીને તે હિંસાને ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

**मधुपर्के च यज्ञे च पितृदैवतकर्मणि ।**
**अत्रैव पशवो हिंस्या नान्यत्रेत्यब्रवीन्मनुः ।।३५।।**

**શ્લોકાર્થ :-**

**મધુપર્કમાં, યજ્ઞમાં અને પિતૃદેવતાકર્મમાં – આ સ્થાનોમાં પશુઓ હિંસ્ય છે. અન્યત્ર નહીં એ પ્રમાણે મનુ કહે છે=મનુસ્મૃતિમાં કહેલ છે. ॥૩૫॥**

**ભાવાર્થ :-**

મધુપર્ક એ ક્રિયાવિશેષ છે જેમાં ગાયનો વધ વિહિત છે. યજ્ઞ જ્યોતિષ્ટોમાદિ છે અને ત્યાં પશુવધ વિહિત છે. પિતૃનાં કર્મોમાં અને દેવતાના અષ્ટકાદિમાં શ્રાદ્ધ કરાય છે અથવા પિતૃ અને દેવતાનાં કર્મોમાં મહાયજ્ઞાદિ કરાય છે આ પ્રકારનું મનુનું વચન હિંસાની પ્રેરણા કરનારું છે. તેથી શ્લોક-૩૨માં કહ્યું તે પ્રમાણે વિશ્વાસને પામેલા મુગ્ધલોકોને દુર્ગતિમાં લઈ જવાનું કારણ બને છે. આથી જ અસત્ શાસ્ત્રોના વચનથી વિપર્યાસની બુદ્ધિવાળા જીવો વિપરીત પ્રવૃત્તિ કરીને દુર્ગતિના ફળને પામે છે. માટે બુદ્ધિમાન પુરુષોએ શાસ્ત્રની પણ પરીક્ષા કરીને શાસ્ત્રોનો સ્વીકાર કરવો જોઈએ. **॥૩૫॥**

**શ્લોક :-**

**एष्वर्थेषु पशून् हिंसन् वेदतत्त्वार्थविद् द्विजः ।**
**आत्मानं च पशूंश्चैव गमयत्युत्तमां गतिम् ।।३६।।' [मनुस्मृ. ५।३९-४२]**

**શ્લોકાર્થ :-**

**આ અર્થોમાં=શ્લોક-૩૩થી ૩૫માં કહ્યું એ અર્થોમાં, પશુની હિંસાને કરતો વેદતત્ત્વના અર્થને જાણનારો બ્રાહ્મણ પોતાને અને પશુઓને ઉત્તમ ધર્મની પ્રાપ્તિ કરાવે છે. ॥૩૬॥**

**ભાવાર્થ :-**

મનુસ્મૃતિમાં કહ્યું છે કે શ્લોક-૩૩થી ૩૫માં બતાવેલ સ્થાનમાં જે બ્રાહ્મણ, પશુઓની હિંસા કરે છે તે બ્રાહ્મણ વેદના પરમાર્થને જાણનારો હોવાથી વેદવચનાનુસાર હિંસા કરીને પોતાને અને પશુને સદ્ગતિમાં મોકલે છે. આ પ્રકારનાં મનુનાં વચનો અવિચારક જીવોને જ રમ્ય જણાય છે. પરમાર્થથી તો યોગ્ય જીવોના વિનાશનું જ કારણ છે. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**હિંસાશાસ્ત્રને ઉદ્દેશીને વળી, તેના ઉપદેશકોને=હિંસાશાસ્ત્રના ઉપદેશકોને, આક્ષેપ કરે છે=તેઓની ઉપદેશની પ્રવૃત્તિ અનુચિત છે, તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**ये चक्रुः क्रूरकर्माणः शास्त्रं हिंसोपदेशकम् ।**
**क्व ते यास्यन्ति नरके नास्तिकेभ्योऽपि नास्तिकाः ।।३७।।**

**શ્લોકાર્થ :-**

**ક્રૂરકર્મવાળા એવા જેઓએ હિંસાના ઉપદેશક શાસ્ત્રને કર્યાં છે, નાસ્તિકથી પણ નાસ્તિક એવા તેઓ કઈ નરકમાં જશે ? અર્થાત્ અત્યંત ખરાબ ગતિઓમાં જશે. ।।૩૭।।**

**ભાવાર્થ :-**

મનુ આદિ કેટલા શાસ્ત્રકારો સ્વભૂમિકાનુસાર ધર્મની વાતો કરે છે અને ઉચિત ક્રિયાઓ કરવાનો ઉપદેશ આપે છે. આમ છતાં તત્ત્વના વિષયમાં મૂઢ મતિ હોવાને કારણે હિંસાના ઉપદેશને પણ આપનારા છે તેથી તે દૃષ્ટિથી તેઓ ક્રૂરકર્મોવાળા છે. આથી હિંસાના ઉપદેશને કહેનારાં શાસ્ત્રોને રચીને તેઓ આસ્તિક હોવા છતાં પણ હિંસાના ઉપદેશની અપેક્ષાએ નાસ્તિકોથી પણ નાસ્તિક છે અને નાસ્તિકો જેમ પરલોકનો અપલાપ કરીને પોતાનો ભવ નિષ્ફળ કરે છે અને પાપો કરીને નરકમાં જાય છે તેમ હિંસાનો ઉપદેશ આપીને તેઓ પણ કઈ નરકમાં જશે અર્થાત્ અત્યંત ખરાબ ગતિઓમાં જશે એમ કહીને તેઓનો હિંસાનો ઉપદેશ અત્યંત અનુચિત છે તેમ બતાવીને શ્રાવકે સર્વદા સંપૂર્ણ અહિંસાના પાલનની ઇચ્છાને દૃઢ કરીને સ્વશક્તિ અનુસાર દેશથી પણ અહિંસાનું તે રીતે પાલન કરવું જોઈએ કે જેથી તે અહિંસાનું પાલન ઉત્તરોત્તર વૃદ્ધિને પામીને સંપૂર્ણ અહિંસાના પાલનનું કારણ બને. **।।૩૭।।**

**અવતરણિકા :-**

**આને કહેવાયું છે એના દ્વારા સંવાદ શ્લોકને બતાવે છે=મનુ આદિ હિંસાશાસ્ત્રને કહીને નાસ્તિકથી પણ નાસ્તિક છે તેમ અન્યત્ર કહેવાયું છે તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે –**

**શ્લોક :-**

**'वरं वराकश्चार्वाको योऽसौ प्रकटनास्तिकः ।**
**वेदोक्तितापसच्छद्मच्छन्नं रक्षो न जैमिनिः ।।३८।।'**

**શ્લોકાર્થ :-**

**વરાક એવો ચાર્વાક સારો છે. જે આ=ચાર્વાક, પ્રગટ નાસ્તિક છે. વેદની ઉક્તિવાળો તાપસના છૂપા વેશથી યુક્ત રાક્ષસ એવો જૈમિનિ સારો નથી. ।।૩૮।।**

**ભાવાર્થ :-**

જૈમિનિ દર્શનના કહેનારા મહાત્મા તાપસના વેશમાં છે, પરલોકની વાતો કરનારા છે છતાં હિંસાને કહેનારા યજ્ઞનું પણ કથન જૈમિનિઋષિએ કરેલું છે અને યજ્ઞમાં થતી હિંસાને અહિંસા કહેલ છે. તેઓનું હિંસાને કહેનારું તે વચન અત્યંત નિંદનીય છે તે સ્પષ્ટ કરવાર્થે અન્ય ગ્રંથમાં કહેવાયું છે કે પ્રગટ નાસ્તિક એવો ચાર્વાક સારો છે; કેમ કે પરલોક અર્થે પ્રવૃત્તિ કરનારા યોગ્ય જીવો "આ નાસ્તિક છે" તેમ માનીને પણ તેનાથી દૂર રહેશે. જ્યારે વેદને માનનાર અને તાપસના વેશમાં રહીને પ્રચ્છન્ન એવી રાક્ષસવૃત્તિવાળો

જૈમિનિ પશુના હોમ આદિનું કથન કરીને તેમાં પાપ નથી તેમ કહીને લોકોને ઉન્માર્ગમાં લઈ જાય છે અને તેઓનો અત્યંત વિનાશ કરે છે. તેથી ધર્મને અભિમુખ થયેલા જીવોનો વિનાશ કરનાર જૈમિનિદર્શન ચાર્વાક કરતાં પણ અત્યંત નિંદનીય છે. આ રીતે ભાવન કરીને શ્રાવકે અહિંસક વૃત્તિને અત્યંત દૃઢ કરવાર્થે સદા ઉદ્યમ કરવો જોઈએ. ॥૩૮॥

**અવતરણિકા :-**

**આને જ=જૈમિનિ અત્યંત ક્રૂર છે એને જ, વિશેષ કહેવાપૂર્વક અહિંસાના કથનનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**देवोपहारव्याजेन यज्ञव्याजेन येऽथवा ।**
**घ्नन्ति जन्तून् गतघृणा घोरां ते यान्ति दुर्गतिम् ।।३९।।**

**શ્લોકાર્થ :-**

**દેવોના બલિના વ્યાજથી=નિમિત્તથી, અથવા યજ્ઞના નિમિત્તથી ગતઘૃણવાળા=નિર્દય એવા જેઓ, જીવોને હણે છે તે ઘોર એવી દુર્ગતિને પામે છે. ।।૩૯।।**

**ભાવાર્થ :-**

જેઓ ચંડિકાદિ દેવીઓ પાસે બલિને આપે છે અને યજ્ઞ દ્વારા જીવોની હિંસા કરે છે તેવા જીવો ક્રૂર હૈયાવાળા હોય છે છતાં અમે તો યજ્ઞ કરીને ધર્મ કરીએ છીએ તેવી વિપર્યાસ બુદ્ધિવાળા હોય છે. વસ્તુતઃ ક્રૂર કર્મ કરીને તેઓ ઘોર એવી દુર્ગતિને પામે છે. આ પ્રકારે ભાવન કરીને શ્રાવકે સદા સ્વભૂમિકાનુસાર દયાળુ ચિત્ત કરવાર્થે ષટ્કાયના પાલનનું સ્મરણ કરીને તેને અનુરૂપ ઉચિત યતનાપૂર્વક સર્વ આરંભસમારંભની નિવૃત્તિ થાય તેવો યત્ન કરવો જોઈએ; કેમ કે દયાળુ ચિત્તથી પુણ્ય બંધાય છે. વળી, જેનું ચિત્ત સતત ષટ્-કાયના પાલનરૂપ સાધુભાવનું સ્મરણ કરીને શક્તિ અનુસાર આરંભસમારંભનો સંકોચ કરવા યત્ન કરે છે અને યતનાપૂર્વક સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તે મહાત્માઓ આરંભ કરતા હોય ત્યારે પણ દયાળુ ચિત્તના કારણે પુણ્યાનુબંધી પુણ્ય જ બાંધે છે. ॥૩૯॥

**અવતરણિકા :-**

**આને જ કહે છે=હિંસા કરનારા જીવો ઘોર દુર્ગતિને પામે છે એને જ કહે છે –**

**શ્લોક :-**

**शमशीलदयामूलं हित्वा धर्मं जगद्धितम् ।**
**अहो हिंसाऽपि धर्माय जगदे मन्दबुद्धिभिः ।।४०।।**

શ્લોકાર્થ :-

**શમ, શીલ અને દયામૂલ એવા જગતના હિતને કરનારા ધર્મને છોડીને મંદબુદ્ધિવાળા જીવો અહો ખેદની વાત છે કે હિંસા પણ ધર્મ માટે કહે છે. ॥૪૦॥**

ભાવાર્થ :-

કષાયોના જય અને ઇન્દ્રિયોના જયરૂપ શમ, સુસ્વભાવતારૂપ શીલ અને જીવોની દયારૂપ ધર્મ છે. તે ધર્મ જ સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષનું કારણ છે અને આવા ધર્મનું સેવન કરનારા જીવોનું સદા હિત થાય છે. તેવા ધર્મને છોડીને મંદબુદ્ધિવાળા જીવો હિંસાને પણ ધર્મ કહે છે. આ રીતે હિંસા એ ધર્મ નથી તેવી બુદ્ધિને દૃઢ કરીને શ્રાવક સદા શમ, શીલ અને દયામૂળવાળા ધર્મને આત્મામાં સ્થિર કરવા યત્ન કરે છે જેથી પોતાનું દેશવિરતિ વ્રત ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વવિરતિનું કારણ બને. **॥૪૦॥**

અવતરણિકા :-

**પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે લોભમૂલ હિંસાનો પ્રતિષેધ કરાયો. ત્યારપછી શાંતિ માટે હિંસાનો પ્રતિષેધ કરાયો. ત્યારપછી કુલક્રમથી આવેલી હિંસાનો પ્રતિષેધ કરાયો. ત્યારપછી યજ્ઞના નિમિત્તથી દેવ-દેવીના ઉપહાર અર્થે કરાતી હિંસાનો પ્રતિષેધ કરાયો. હવે પિતૃનિમિત્ત હિંસા બાકી રહે છે, તેનો પ્રતિષેધ કરવા માટે પરશાસ્ત્રીય છ શ્લોકોને કહે છે=પિતૃ અર્થે હિંસામાં દોષ નથી એમ કહેનારા પર-શાસ્ત્રીય છ શ્લોકોનો અનુવાદ કરે છે –**

શ્લોક :-

**"હવિર્યચ્ચિરરાત્રાય યચ્ચાનન્ત્યાય કલ્પતે ।**
**પિતૃભ્યો વિધિવદ્દત્તં તત્ પ્રવક્ષ્યામ્યશેષતઃ ।।૪૧।।**

શ્લોકાર્થ :-

**અને જે=પિતૃ માટે વિધિપૂર્વક અપાયેલું ઘી જે ચિર રાત્ર માટે=દીર્ઘકાળ માટે જે અનંત માટે કલ્પાય છે=અનંત તૃપ્તિ માટે કલ્પાય છે, તેને=પિતૃ માટે વિધિપૂર્વક અપાયેલા ઘીના ફળને, અશેષથી અમે કહીશું. ॥૪૧॥**

ભાવાર્થ :-

અન્યદર્શનવાળા કહે છે કે માતા-પિતાની ભક્તિ અર્થે વિધિપૂર્વક અપાયેલું ઘી ઘણા કાળ સુધી તૃપ્તિનું કારણ બને છે. વળી, અન્ય કહે છે કે અનંતકાળ સુધી તૃપ્તિનું કારણ બને છે. તેથી માતા-પિતા માટે દાન આપવાથી માતા-પિતાને ઘણા કાળ સુધી તૃપ્તિની પ્રાપ્તિ થાય છે. આ ઊભય વચનને અશેષથી આગળમાં કહેવાની પ્રતિજ્ઞા પ્રસ્તુત શ્લોકથી અન્યદર્શનકારો કરે છે. **॥૪૧॥**

શ્લોક :-

तिलैर्व्रीहि-यवैर्माषैरद्भिर्मूलफलेन वा ।
दत्तेन मासं प्रीयन्ते विधिवत् पितरो नृणाम् ।।४२।।

શ્લોકાર્થ :-

વિધિપૂર્વક અપાયેલા તલ વડે, ડાંગરજવ વડે, અડદ વડે, પાણી વડે અથવા મૂલ ફળ વડે મનુષ્યોના પિતા એક મહિના સુધી પ્રીતિને અનુભવે છે અર્થાત્ પરલોકમાં તેઓને પ્રીતિ ઉત્પન્ન થાય છે. ।।૪૨।।

શ્લોક :-

द्वौ मासौ मत्स्यमांसेन त्रीन् मासान् हारिणेन तु ।
औरभ्रेणाथ चतुरः शाकुनेनेह पञ्च तु ।।४३।।

શ્લોકાર્થ :-

વિધિપૂર્વક અપાયેલા મત્સ્યમાંસથી માતા-પિતા બે મહિના પ્રીતિને અનુભવે છે. હરિણના માંસથી ત્રણ મહિના પ્રીતિને અનુભવે છે અને ઘેટાના માંસથી ચાર-મહિના પ્રીતિને અનુભવે છે. શકુનના માંસથી=શકુનપક્ષીના માંસથી, પાંચ મહિના માતા-પિતાને પ્રીતિ થાય છે. ।।૪૩।।

શ્લોક :-

षण्मासांश्छागमांसेन पार्षतेनेह सप्त वै ।
अष्टावेणस्य मांसेन रौरवेण नवैव तु ।।४४।।

શ્લોકાર્થ :-

છ મહિના બકરાના માંસથી, સાત મહિના પાર્ષતના માંસથી=મૃગજાતિવિશેષના માંસથી અને આઠ મહિના વેણના માંસથી અને નવ મહિના રૌરવના માંસથી અહીં યજ્ઞમાં, માતા-પિતા પ્રીતિને પ્રાપ્ત કરે છે. ।।૪૪।।

શ્લોક :-

दशमासांस्तु तृप्यन्ति वराहमहिषामिषैः ।
शशकूर्मयोर्मांसेन मासानेकादशैव तु ।।४५।।

શ્લોકાર્થ :-

વળી, દશ મહિના વરાહ અને મહિષના માંસ વડે=જંગલના સૂવર અને પાડાના માંસથી,

**તૃપ્તિને પામે છે=માતા-પિતા તૃપ્તિને પામે છે. સસલા અને કાચબાના માંસથી અગિયાર મહિના જ માતા-પિતા પ્રીતિને પામે છે. ॥૪૫॥**

**શ્લોક :-**

**संवत्सरं तु गव्येन पयसा पायसेन तु ।**
**वाध्रीणसस्य मांसेन तृप्तिर्द्वादशवार्षिकी ।।४६।।" [मनुस्मृ० ३/२६६-२७१]**

**શ્લોકાર્થ :-**

**વળી, ગાયના દૂધથી કે પાયસથી=દૂધ સંબંધી દધિ આદિથી, એક વર્ષ સુધી માતા-પિતાને તૃપ્તિ થાય છે. ગેંડાના માંસથી બાર વર્ષ સુધી તૃપ્તિ થાય છે. ॥૪૬॥**

**અવતરણિકા :-**

**પિતૃનિમિત્ત હિંસા ઉપદેશક શાસ્ત્રને ઉદ્દેશીને=મનુસ્મૃતિનાં શ્લોક-૪૧થી શ્લોક-૪૬માં બતાવ્યાં એ પ્રકારનાં વચનો ઉદ્દેશીને, તેનાથી ઉપદિષ્ટ હિંસાને દૂષિત કરે છે –**

**શ્લોક :-**

**इति स्मृत्यनुसारेण पितृणां तर्पणाय या ।**
**मूढैर्विधीयते हिंसा साऽपि दुर्गतिहेतवे ।।४७।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રમાણે=શ્લોક-૪૧થી શ્લોક-૪૬માં બતાવ્યું એ પ્રમાણે, સ્મૃતિના અનુસારથી=મનુસ્મૃતિના અનુસારથી, પિતૃના તર્પણ માટે=તૃપ્તિ માટે જે હિંસા મૂઢ પુરુષો વડે કરાય છે તે પણ દુર્ગતિના હેતુ માટે છે. ॥૪૭॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં મનુસ્મૃતિના વચનાનુસાર જે જીવો પિતૃની તૃપ્તિ માટે હિંસા કરે છે તે હિંસાકાળમાં પિતાની તૃપ્તિનો આશય હોવા છતાં મૂઢતા, અવિચારકતા અને બીજા જીવોને થતી પીડા પ્રત્યે ઉપેક્ષાનો ક્રૂરભાવ હોવાથી તે હિંસા નરકાદિ દુર્ગતિનો હેતુ થાય છે. તેથી શ્રાવકે સ્થિર શ્રદ્ધા કરવી જોઈએ કે અન્ય જીવોને પીડા કરીને ક્યારેય પણ ધર્મ થઈ શકે નહીં. વળી, પોતાની કરાયેલી હિંસાથી માતાપિતાને તૃપ્તિ થાય છે તેવો અસદ્ પ્રલાપ મૂઢ જીવો જ કરી શકે છે. **॥૪૭॥**

**અવતરણિકા :-**

**કેવલ હિંસા દુર્ગતિનો હેતુ જ નથી પરંતુ હિંસ્યમાન જીવોની સાથે વિરોધનું કારણપણું હોવાને કારણે પોતાને પણ આ ભવમાં કે પરભવમાં હિંસાના હેતુપણાથી ભયનો હેતુ છે. વળી, સર્વ જીવના અભયદાનમાં શૂરવીર એવા અહિંસક જીવને કોઈનાથી પણ ભય નથી. એને કહે છે –**

**ભાવાર્થ :-**

કોઈ જીવની હિંસા કરતી વખતે જે ક્લિષ્ટ ભાવો થાય છે તેનાથી દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. જેમ વીર ભગવાને શય્યાપાલકના કાનમાં સીસું રેડ્યું તે હિંસાથી શય્યાપાલકના જીવની સાથે વિરોધના પરિણામરૂપ વૈર બંધાયું જેનાથી વીર ભગવાનને તે શય્યાપાલકના જીવ દ્વારા કાનમાં ખીલા ઠોકાવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. તેથી કોઈની હિંસા કરવાથી તેના કુટુંબીઓ સાથે વૈર બંધાય છે. જેનાથી આ ભવમાં પણ ભય રહે છે અને જેની હિંસા કરવામાં આવે છે તેના દ્વારા પોતાને પરભવમાં પણ ભય રહે છે. વળી, બધા જીવોને અભયદાન દેનારા મહાત્માઓને કોઈનાથી ભય રહેતો નથી એને બતાવે છે.

**શ્લોક :-**

**यो भूतेष्वभयं दद्याद् भूतेभ्यस्तस्य नो भयम् ।**
**यादृग् वितीर्यते दानं तादृगासाद्यते फलम् ।।४८।।**

**શ્લોકાર્થ :-**

**જે ભૂતો=જીવો, અભય આપે છે તેને=અભય આપનાર મહાત્માને, ભૂતોથી=જીવોથી, ભય નથી. જેવું દાન અપાય છે=જેવા પ્રકારનું જીવોને અભયદાન અપાય છે, તેવા પ્રકારનું ફળ પ્રાપ્ત કરાય છે=તે અભયદાનથી પ્રાપ્ત કરાય છે. ।।૪૮।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ જે ભૂમિકાનુસાર જીવો પ્રત્યે દયા કરે છે તે મહાત્માઓને તે જીવો તરફથી ભય રહેતો નથી. આથી જ દયાળુ સ્વભાવવાળા શ્રાવકો પણ કોઈને પીડા થાય તેવી પ્રવૃત્તિ કરતા નથી. તેથી જ તેઓને કોઈની સાથે વૈરનો અનુબંધ થતો નથી. તેથી તે જીવો તરફથી તેઓને આ લોકમાં કે પરલોકમાં ભય રહેતો નથી. વળી, જે શ્રાવકો, દયાળુ સ્વભાવને કારણે ત્રસજીવોને કે અન્ય જીવોને જે અભયદાન આપે છે તેઓને તેઓના અભયદાનને અનુરૂપ સુંદર ફળ મળે છે. આથી જ અવિરતિવાળા પણ તેઓને અભયદાનના બળથી સ્વર્ગાદિનાં સુખો મળે છે અને સદ્ગતિની પરંપરાની પ્રાપ્તિ થાય છે. માટે સુખના અર્થી જીવે સદા સર્વ જીવોને અભયદાન આપવા માટે શક્તિ અનુસાર ઉદ્યમ કરવો જોઈએ. **।।૪૮।।**

**અવતરણિકા :-**

**આ રીતે હિંસાપરાયણ મનુષ્યોનું નરકાદિ ફલ કહેવાયું. જુગુપ્સનીય ચરિત્રવાળા હિંસક એવા દેવોના પણ મૂઢજનપ્રસિદ્ધ એવા પૂજ્યપણાની નિંદા કરે છે –**

**શ્લોક :-**

**कोदण्डदण्डचक्राऽसिशूलशक्तिधराः सुराः ।**
**हिंसका अपि हा कष्टं पूज्यन्ते देवताधिया ।।४९।।**

**શ્લોકાર્થ :-**

**હિંસક પણ કોદણ્ડ, દણ્ડ, ચક્ર, તલવાર, શૂલ, શક્તિધર એવા દેવો ખેદની વાત છે કે દેવતાબુદ્ધિથી પૂજાય છે. ॥૪૯॥**

**ભાવાર્થ :-**

મૂઢ લોકો દેવોની ઉપાસના કરીને તુચ્છ ઐહિક સુખના અર્થી હોય છે. તેઓ તેવા તેવા પ્રકારના શસ્ત્રધારી હિંસક દેવતાઓને દેવ રૂપે પૂજે છે જે અત્યંત નિંદનીય છે; કેમ કે તે દેવો તુચ્છ એવા પુણ્યના બળથી તે તે પ્રકારનાં શસ્ત્રોને ધારણ કરીને પોતાને કોઈ પ્રયોજન નથી તેવી પણ હિંસાની પ્રવૃત્તિ કરીને પોતાની અશુભલેશ્યાને દૃઢ કરે છે અને તેવી હિંસા કરનારને પૂજ્ય માનવા એ મૂઢતાનું જ ચિહ્ન છે. આ પ્રકારે ભાવન કરીને હિંસા પ્રત્યે શ્રાવક અત્યંત જુગુપ્સાના સંસ્કારો દૃઢ કરે છે. **॥૪૯॥**

**અવતરણિકા :-**

**આ રીતે પ્રપંચથી હિંસાનો પ્રતિષેધ કરીને તેના વિપક્ષભૂત અહિંસાવ્રતને શ્લોકદ્વયથી કહે છે –**

**શ્લોક :-**

**मातेव सर्वभूतानामहिंसा हितकारिणी ।**
**अहिंसैव हि संसारमरावमृतसारणिः ।।५०।।**
**अहिंसा दुःखदावाग्निप्रावृषेण्यघनावली ।**
**भवभ्रमिरुगार्त्तानामहिंसा परमौषधी ।।५१।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ જીવોની અહિંસા માતા જેવી હિતકારિણી છે. સંસારરૂપી મરુભૂમિમાં અહિંસા જ અમૃતસારણિ છે=અમૃતની ક્યારી છે. ॥૫૦॥**

**અહિંસા દુઃખરૂપી દાવાનળને બૂઝવવા માટે વર્ષાકાળમાં થનાર મેઘની આવલી છે. અહિંસા ભવભ્રમિના રોગથી આર્ત થયેલા જીવોને પરમ ઔષધ છે. ॥૫૧॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓને સર્વ જીવો પ્રત્યે દયાનો પરિણામ વર્તે છે તેથી ષટ્કાયના પાલનમાં અપ્રમાદથી ઉદ્યમ કરે છે તેઓમાં વર્તતી અહિંસા તે મહાત્માઓ માટે માતાની જેમ હિતકારિણી છે. જેમ માતા પુત્રને હિત કરનાર હોવાથી પુત્રનું સમ્યગ્ પાલનપોષણ કરે છે તેમ તે મહાત્મામાં વર્તતો અહિંસાનો પરિણામ તે મહાત્મામાં ધર્મની પુષ્ટિ કરીને ગુણોનું પોષણ કરે છે અને તે મહાત્માને સદ્ગતિમાં સ્થાપન કરે છે. જેમ માતા ગર્તાદિના પાતથી પુત્રનું રક્ષણ કરે છે તેમ અહિંસાનો પરિણામ દુર્ગતિના પાતથી તે મહાત્માનું રક્ષણ કરે છે. વળી, અહિંસા જ સંસારરૂપી મરુભૂમિમાં અમૃતની ક્યારી છે. જેમ મરુભૂમિમાં ક્યારેય સુંદર વૃક્ષો

થતાં નથી, ત્યાં વર્ષા થતી નથી તેમ સંસારી જીવોના ચાર ગતિના પરિભ્રમણકાળમાં ક્યાંય સુખ આપે તેવાં સ્થાનો નથી પરંતુ સર્વત્ર મરુભૂમિની જેમ ઉજ્જડતા છે. આમ છતાં જેમ મરુભૂમિમાં કોઈક અમૃતની ક્યારી મૂકવામાં આવે જેનાથી અમૃતતુલ્ય મધુર જલ તે મરુભૂમિમાં આવે તો મરુભૂમિ પણ લીલીછમ થાય છે, જ્યાં જીવો સુખપૂર્વક આનંદપ્રમોદ કરી શકે છે. તેમ જે જીવોમાં ષટ્કાયના પાલનરૂપ અહિંસાનો પરિણામ પ્રગટ્યો છે તે જીવો સંસારરૂપી મરુભૂમિમાં વિદ્યમાન હોવા છતાં અહિંસાના બળથી સદ્ગતિની પરંપરારૂપ અમૃત જેવી પુણ્યાનુબંધી પુણ્ય પ્રકૃતિ બાંધે છે અને તે અહિંસા અમૃતને લાવનાર ક્યારી જેવી છે. તેથી તે અહિંસાનું પાલન કરનાર ઋષિઓ સંસારરૂપી મરુભૂમિમાં પણ ઉત્તમ દેવભવ, ઉત્તમ મનુષ્યભવની પ્રાપ્તિરૂપ લીલીછમ વાડીઓને પ્રાપ્ત કરીને આનંદપ્રમોદ કરે છે. તેથી મરુભૂમિમાં પણ અહિંસા જ જીવનું હિત કરનાર છે.

વળી, અહિંસા દુઃખરૂપી દાવાનળને બૂઝવવા માટે વર્ષાઋતુના મેઘનો સમૂહ છે. જેમ વર્ષાઋતુના મેઘનો સમૂહ અતિશય વર્ષે તો દાવાગ્નિ બુઝાઈ જાય છે તેમ સંસારી જીવોમાં કષાયોની વ્યાકુળતારૂપ દુઃખનો દાવાગ્નિ સતત સળગે છે. તેથી કષાયોથી પીડાયેલા તે સંસારી જીવો આરંભસમારંભ કરીને દુર્ગતિઓમાં જાય છે અને ત્યાં અત્યંત આકુળવ્યાકુળ અવસ્થાને અનુભવે છે. આવા દાવાગ્નિને શાંત કરવા માટે વર્ષાઋતુના મેઘના સમૂહ જેવી અહિંસા જ છે; કેમ કે ષટ્કાયના પાલનના પરિણામથી અને ભાવપ્રાણના રક્ષણના પરિણામથી મહાત્માના ચિત્તમાં કષાયોનું કાલુષ્ય અને ક્રૂરતાનું કાલુષ્ય દૂર થાય છે. તેથી દુર્ગતિઓના પાતનાં દુઃખો પણ પ્રાપ્ત થતાં નથી પરંતુ અહિંસાના પાલનને કારણે કષાયોની શાંતતા અને પુણ્યના સહકારથી સદ્ગતિઓમાં સુખશાંતિનું જીવન પ્રાપ્ત થાય છે. વળી, જીવને ભવમાં ભ્રમણ કરવાનો રોગ પ્રગટ્યો છે. તેના કારણે ભવના ભ્રમણના કારણીભૂત સંગના પરિણામને કરીને તે ભવભ્રમણના રોગથી પીડાય છે અને તે પીડાને દૂર કરવા માટે અહિંસા જ પરમૌષધ છે; કેમ કે જે મહાત્માઓ ષટ્કાયના પાલનના પરિણામમાં ઉદ્યમ કરે છે અને પોતાના ભાવપ્રાણોના રક્ષણ અર્થે ક્ષમાદિ ભાવોમાં ઉદ્યમ કરે છે તેઓમાં સ્ફુરાયમાન થતો ષટ્કાયના પાલનનો પરિણામ અને પોતાના ભાવપ્રાણના રક્ષણનો પરિણામ સંસારના પરિભ્રમણના કારણીભૂત સંગશક્તિને સતત ક્ષીણ કરે છે. તેથી ભવભ્રમણના રોગની પીડા અહિંસારૂપ પરમૌષધથી સતત અલ્પ અલ્પતર થાય છે. વળી, તે અહિંસા, વીતરાગભાવમાં ચરમભૂમિકાની પ્રાપ્ત થશે ત્યારે ભવભ્રમણના રોગની પીડાનો અત્યંત નાશ થશે. આ પ્રકારે ભાવન કરીને મહાત્મા અહિંસા પ્રત્યેનો બદ્ધ રાગ ઉલ્લસિત કરે છે. **॥૫૦-૫૧॥**

**અવતરણિકા :-**

**અહિંસાવ્રતના ફળને કહે છે –**

**શ્લોક :-**

**दीर्घमायुः परं रूपमारोग्यं श्लाघनीयता ।**
**अहिंसायाः फलं सर्वं किमन्यत् कामदेव सा ।।५२।।**

**શ્લોકાર્થ :-**

**દીર્ઘ આયુષ્ય, પરં રૂપ=શ્રેષ્ઠ રૂપ, આરોગ્ય, શ્લાઘનીયતા અહિંસાનું સર્વ ફલ છે. બીજું શું કહેવું ? તે=અહિંસા, કામદા જ છે=ઈચ્છિત વસ્તુને આપનારી જ છે. ।।૫૨।।**

**ભાવાર્થ :-**

અહિંસા પાળવામાં તત્પર જીવ બીજાના આયુષ્યના નાશના પરિહારમાં નિમિત્તરૂપ હોવાથી સ્વયં જન્માંતરમાં દીર્ઘ આયુષ્યને પ્રાપ્ત કરે છે; કેમ કે બીજાના પ્રાણનાશના રક્ષણમાં યતનાપરાયણ સાધુ કે શ્રાવક અન્ય જીવોના આયુષ્યને અલ્પ કરવામાં નિમિત્ત બનતો નથી. વળી, બીજાના આયુષ્યની રક્ષાના ઉપાયમાં યત્ન કરવાથી તે જીવો પોતાનું આયુષ્ય લાંબું પ્રાપ્ત કરી શકે છે. તેના કારણે તે અધ્યવસાયથી અહિંસાપરાયણ જીવોને જન્માંતરમાં સુંદર દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ થાય છે. વળી, અહિંસાપરાયણ જીવથી પરના દેહમાં કોઈ વિકૃતિ કરવાનો પ્રસંગ આવતો નથી તેથી બીજાના રૂપને નહીં નાશ કરતો એવો તે જીવ જન્માંતરમાં પ્રકૃષ્ટ રૂપને પ્રાપ્ત કરે છે. વળી, અહિંસાનું પાલન બીજા જીવોના અસ્વાસ્થ્યના પરિહારનું કારણ બને છે તેથી અહિંસા પાળનાર તે શ્રાવકને કે સાધુને પરમસ્વાસ્થ્યરૂપ આરોગ્ય પ્રાપ્ત થાય છે. વળી, સર્વ જીવોને અભય દેનારા તે જીવો પ્રશંસાને પ્રાપ્ત કરે છે. આ સર્વ અહિંસાનું ફળ છે. વધારે શું કહેવું ? અહિંસા સર્વ કામોને દેનારી છે અર્થાત્ જીવને જે જે અભિલાષનો વિષય છે તે સર્વ અહિંસાથી પ્રાપ્ત થાય છે. આથી જે જીવો અત્યંત અહિંસાપરાયણ છે તે જીવોને દેવલોકનાં કે મોક્ષનાં સુખો સહજ રીતે પ્રાપ્ત થાય છે. માટે સુખના અર્થી જીવોએ સતત અહિંસાપરાયણ થવું જોઈએ. **।।૫૨।।**

**અવતરણિકા :-**

**હવે, બીજા સૂનૃતરૂપ વ્રતનો અવસર છે અને તે મૃષાની વિરતિ વગર થતો નથી અને મૃષાવાદના ફળને બતાવ્યા વગર મૃષાવાદની વિરતિ કરાવવી શક્ય નથી. એથી મૃષાવાદના ફળને બતાવીને તેની વિરતિનો ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**मन्मनत्वं काहलत्वं मूकत्वं मुखरोगिताम् ।**
**वीक्ष्यासत्यफलं कन्यालीकाद्यसत्यमुत्सृजेत् ।।५३।।**

**શ્લોકાર્થ :-**

**મન્મનત્વ=બોબડાપણું, કાહલપણું=અવ્યક્ત વચનપણું, મૂકપણું, મુખરોગિતારૂપ અસત્યના ફળને જોઈને કન્યાલીક આદિ અસત્યનો શ્રાવક ત્યાગ કરે. ।।૫૩।।**

**ભાવાર્થ :-**

જેઓને અસત્ય બોલવાની ટેવ છે તેઓને વારંવાર અસત્ય બોલવાના કારણે તે પ્રકારનાં કર્મો બંધાય છે

જેથી કોઈક રીતે મનુષ્યભવને પ્રાપ્ત કરે કે પશુભવને પ્રાપ્ત કરે ત્યારે તેઓને બોબડાપણું પ્રાપ્ત થાય છે, કાહલપણું પ્રાપ્ત થાય છે=તેના શબ્દો કોઈ ન સમજી શકે તેવા અવ્યક્ત વર્ણવાળા શબ્દો નીકળે છે. તો વળી, કેટલાકને મૂકપણું પ્રાપ્ત થાય છે. વળી, અનેક પ્રકારના મુખરોગો પ્રાપ્ત થાય છે. આ સર્વ મૃષાભાષાનાં અનુચિત ફળોનો વિચાર કરીને વિવેકી શ્રાવક કન્યાલીકાદિ સ્થૂલ અસત્યનો ત્યાગ કરે. **||૫૩||**

**શ્લોક :-**

**कन्यागोभूम्यलीकानि न्यासापहरणं तथा ।**
**कूटसाक्ष्यं च पञ्चेति स्थूलासत्यान्यकीर्त्तयन् ।।५४।।**

**શ્લોકાર્થ :-**

**કન્યાવિષયક જૂઠું બોલે, ગાયવિષયક જૂઠું બોલે, ભૂમિ વિષે જૂઠું બોલે, ન્યાસનું અપહરણ કરે અને કૂટસાક્ષી પૂરે એ પ્રમાણે પાંચ સ્થૂલથી અસત્ય કહેવાયાં. ||૫૪||**

**ભાવાર્થ :-**

કન્યાલીક શબ્દથી બે પગવાળા, પુત્ર, પુત્રાદિ, સ્વજન, ભૂમિ વગેરે વિષયક અલીકનું ગ્રહણ કરેલ છે, ગાય અલીકથી ચાર પગવાળા પશુધન વિષયક સર્વ મૃષાવાદનું ગ્રહણ કરેલ છે અને ભૂમિ અલીકથી વ્યાપાર વગેરે સર્વ કૃત્યોમાં કરાતા ક્ષેત્ર સંબંધી મૃષાવાદનું ગ્રહણ કરેલ છે. તેથી શ્રાવક સ્વજનાદિ અર્થે, પશુ આદિ અર્થે કે જમીન આદિ અર્થે લોભને વશ થઈને ક્યારેય મૃષાવાદ ન બોલે. વળી, કોઈએ પોતાને ત્યાં થાપણ મૂકેલ હોય અને લોભને વશ કહે કે મેં તારી થાપણ લીધેલ નથી તો તે ન્યાસ અપહરણ મૃષાવાદ છે. વળી, કોઈકનાં ખોટાં કાર્યોમાં ખોટી સાક્ષી આપે તે કૂટસાક્ષીરૂપ મૃષાવાદ છે. તેથી શ્રાવક સંપૂર્ણ મૃષાવાદનો પરિહાર કરવા માટે અસમર્થ હોવાથી અને સાધુધર્મનો ઇચ્છુક હોવાથી સાધુધર્મની શક્તિના સંચય અર્થે પાંચ પ્રકારના મૃષાવાદનો પરિહાર કરે છે. **||૫૪||**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં કહેલ કન્યાદિના સ્થૂલ મૃષાવાદપણામાં વિશેષ હેતુને બતાવીને પ્રતિષેધને કહે છે —**

**શ્લોક :-**

**सर्वलोकविरुद्धं यद्यद्विश्वसितघातकम् ।**
**यद्विपक्षश्च पुण्यस्य न वदेत्तदसूनृतम् ।।५५।।**

**શ્લોકાર્થ :-**

**જે વિશ્વસિતનું ઘાતક સર્વલોકવિરુદ્ધ છે અને પુણ્યનો જે વિપક્ષ છે તે મૃષાવાદ બોલવું જોઈએ નહીં. ||૫૫||**

**ભાવાર્થ :-**

જે જે વચનપ્રયોગ વિશ્વસિત વ્યક્તિના વિશ્વાસનો ઘાતક છે અને સર્વલોકવિરુદ્ધ છે એ મૃષાવાદરૂપ છે. વળી, પુણ્યનો જે વિપક્ષ છે અર્થાત્ પાપબંધનું કારણ છે તે મૃષાવાદરૂપ છે અને તેવું મૃષાવાદ બુદ્ધિમાન પુરુષે બોલવું જોઈએ નહીં. **॥૫૫॥**

**અવતરણિકા :-**

**અસત્યના ફળવિશેષને બતાવતાં ગ્રંથકારશ્રી તેના પરિહારનો ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**असत्यतो लघीयस्त्वमसत्याद्वचनीयता ।**
**अधोगतिरसत्याच्च तदसत्यं परित्यजेत् ।।५६।।**

**શ્લોકાર્થ :-**

**અસત્યથી લઘુપણું, અસત્યથી વચનીયતા=નિંદનીયતા, અને અસત્યથી અધોગતિ થાય છે. તે કારણથી અસત્યનો ત્યાગ કરવો જોઈએ. ।।૫૬।।**

**ભાવાર્થ :-**

અસત્ય બોલવાથી લોકમાં લઘુપણાની પ્રાપ્તિ થાય છે, લોકમાં નિંદનીયતાની પ્રાપ્તિ થાય છે અને અસત્ય બોલવાથી પરલોકમાં ખરાબ ગતિ પ્રાપ્ત થાય છે. માટે વિચારક પુરુષે અસત્યનો ત્યાગ કરવો જોઈએ. **॥૫૬॥**

**અવતરણિકા :-**

**ક્લિષ્ટ આશયપૂર્વક અસત્યનો નિષેધ હોવ. પરંતુ પ્રમાદથી બોલાયેલા અસત્યનો શું દોષ છે ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**असत्यवचनं प्राज्ञः प्रमादेनापि नो वदेत् ।**
**श्रेयांसि येन भज्यन्ते वात्ययेव महाद्रुमाः ।।५७।।**

**શ્લોકાર્થ :-**

**પ્રાજ્ઞ પ્રમાદથી પણ અસત્યવચન બોલે નહીં જે કારણથી વાયુથી મહાવૃક્ષોની જેમ અસત્યથી શ્રેયકાર્યો નાશ પામે છે. ।।૫૭।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી અસત્યવચનો લોભાદિ ક્લિષ્ટ આશયપૂર્વક બોલાય છે તેથી તે અસત્યવચન દુર્ગતિનું કારણ

છે, પરંતુ તેવો કોઈ ક્લિષ્ટ આશય ન હોય છતાં પ્રમાદથી અર્થાત્ અનુપયોગને કારણે કે સંશયાદિને કારણે કે કોઈકના ઉપહાસાદિને કારણે અસત્યવચનો બોલાય છે તે અસત્યવચનો પણ આત્મામાં પ્રગટ થયેલા શ્રેયકાર્યના નાશને કરનારાં છે. જેમ કોઈ શ્રાવક કલ્યાણ અર્થે ભગવદ્ભક્તિ, તપત્યાગાદિ ઉત્તમ કાર્યો કરે છતાં અત્યંત ઉપયોગપૂર્વક અસત્યના પરિહાર માટે યત્ન ન કરે એના કારણે અનાભોગાદિથી પણ અસત્યવચનો બોલાય તો તે પ્રકારના પ્રમાદના સંસ્કારો આત્મામાં આધાન થાય છે જેથી ભગવદ્ભક્તિ આદિ દ્વારા અપ્રમાદના આધાન કરાયેલા સંસ્કારો નાશ પામે છે; કેમ કે વચનપ્રયોગકાળમાં અવિચારક રીતે બોલવાના સ્વભાવને કારણે પ્રમાદના સંસ્કારો સ્થિર, સ્થિરતર થાય છે. માટે કલ્યાણના અર્થી એવા શ્રાવકે વચનપ્રયોગકાળમાં પ્રમાદથી પણ અસત્ય ભાષણ ન થાય તે પ્રકારે સદા ઉદ્યમ કરવો જોઈએ. **॥૫૭॥**

**અવતરણિકા :-**

**વળી, અસત્યવચનનું અતિપરિહરણીયપણું બતાવતાં ગ્રંથકારશ્રી અસત્યવચનના આ લોકના દોષોને કહે છે –**

**શ્લોક :-**

**असत्यवचनाद्वैरविषादाऽप्रत्ययादयः ।**
**प्रादुःषन्ति न के दोषाः कुपथ्याद् व्याधयो यथा ।।५८।।**

**શ્લોકાર્થ :-**

**અસત્યવચનથી વૈર, વિષાદ, અપ્રત્યયાદિ=અવિશ્વાસાદિ, કયા દોષો પ્રાદુર્ભાવ પામતા નથી ? જે પ્રમાણે કુપથ્યથી વ્યાધિઓ પ્રાદુર્ભાવ પામે છે. ।।૫૮।।**

**ભાવાર્થ :-**

જે જીવો જાણતાં કે અજાણતાં અસત્યવચનો બોલે છે તેના કારણે ઘણા જીવો સાથે તેઓને વૈર બંધાય છે. તેના કારણે બીજા જીવો તરફથી પોતાને ઉપદ્રવ થાય છે ત્યારે ચિત્ત વિષાદવાળું બને છે. વળી, લોકોમાં અવિશ્વાસ પેદા થાય છે. જેના કારણે અસત્ય બોલનાર જીવોનું ચિત્ત અસત્ય બોલવાના કાલુષ્યથી અતિરિક્ત અન્ય પ્રકારના પણ કાલુષ્યને પ્રાપ્ત કરે છે. જેમ કુપથ્યના સેવનથી વ્યાધિઓ વધે છે તેમ અસત્ય ભાષણરૂપ અપથ્યના સેવનથી અનેક પ્રકારના ક્લેશોને કારણે આત્મામાં અનેક પ્રકારની ભાવવ્યાધિઓ વૃદ્ધિ પામે છે. **॥૫૮॥**

**અવતરણિકા :-**

**વળી, મૃષાવાદના પરલોકના ફળને કહે છે –**

**શ્લોક :-**

**निगोदेष्वथ तिर्यक्षु तथा नरकवासिषु ।**
**उत्पद्यन्ते मृषावादप्रसादेन शरीरिणः ।।५९।।**

**શ્લોકાર્થ :-**

**મૃષાવાદના પ્રસાદથી નિગોદમાં, તિર્યંચમાં અને નરકવાસીમાં=નરકમાં વસનારા નારકીઓમાં, સંસારી જીવો ઉત્પન્ન થાય છે. ॥૫૯॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો નિર્વિચારકની જેમ મૃષાવાદ કરવાનો સ્વભાવ સ્થિર કરે તો આત્મામાં મૃષાવાદને કારણે મૂઢતા આવે છે. તેથી તે તે વ્યસનમાં મૂઢ થયેલો જીવ જેમ તે વ્યસનને સર્વસ્વ માને છે તેમ મૃષાવાદના વ્યસનને કારણે મૃષાવાદમાં જ તેને સર્વ પ્રકારનો આનંદ દેખાય છે અને તેવા અસાર ભાવોમાં મૂઢ થયેલો જીવ મૃષાવાદના પ્રસાદથી નિગોદમાં ઉત્પન્ન થાય છે. વળી, મૃષાવાદકાળમાં બીજા જીવોને ઠગવાદિના પરિણામને અનુરૂપ સંક્લેશ વર્તે છે; તેથી જો તીવ્ર સંક્લેશ વર્તે તો તે જીવ નરકમાં ઉત્પન્ન થાય છે અને તેવો તીવ્ર સંક્લેશ ન હોય તો તે જીવ તિર્યંચમાં ઉત્પન્ન થાય છે. તેથી મૃષાવાદના અનર્થનું ભાવન કરીને વિવેકસંપન્ન શ્રાવક સૂક્ષ્મ પણ મૃષાવાદના સંસ્કારને ક્ષીણ ક્ષીણતર કરવા યત્ન કરે છે જેથી અનાભોગાદિથી પણ મૃષાવાદની પ્રાપ્તિ થાય નહીં. **॥૫૯॥**

**અવતરણિકા :-**

**હવે, મૃષાવાદના પરિહારમાં અન્વય વ્યતિરેક દ્વારા કાલિકાચાર્ય અને વસુરાજાના દૃષ્ટાંતને કહે છે=કાલિકાચાર્યએ મૃષાવાદનો પરિહાર કર્યો તે અન્વય દૃષ્ટાંત અને વસુરાજાએ મૃષાવાદનો પરિહાર ન કર્યો એ રીતે વ્યતિરેક દૃષ્ટાંત કહે છે –**

**શ્લોક :-**

**ब्रूयाद् भियोपरोधाद्वा नासत्यं कालिकार्यवत् ।**
**यस्तु ब्रूते स नरकं प्रयाति वसुराजवत् ।।६०।।**

**શ્લોકાર્થ :-**

**ભયથી અથવા ઉપરોધથી કાલિકાચાર્યની જેમ અસત્ય બોલવું જોઈએ નહીં. વળી, જે વસુરાજાની જેમ અસત્યને બોલે છે તે નરકમાં જાય છે. ॥૬૦॥**

**ભાવાર્થ :-**

કાલિકાચાર્યએ મરણના ભયથી કે રાજાના ઉપરોધથી અસત્ય કહ્યું નહીં તેમ પાપભીરુ શ્રાવકે અસત્ય બોલવું જોઈએ નહીં. વળી, વસુરાજાએ પોતાના ગુરુની પત્નીના ઉપરોધથી અસત્ય કહ્યું એના ફળ રૂપે નરકની પ્રાપ્તિ થઈ. આ પ્રકારે અસત્યના ફળનો વિચાર કરીને વિવેકસંપન્ન શ્રાવક સૂક્ષ્મ પણ મૃષાવાદ ન થાય એ પ્રકારે ચિત્તના નિર્માણ અર્થે અસત્યના અનર્થોનું ભાવન કરે છે. **॥૬૦॥**

**અવતરણિકા :-**

**સજ્જનો માટે હિત એ સત્ય, એ પ્રકારની વ્યુત્પત્તિથી સત્ય પણ પરપીડાકર વચન અસત્ય જ છે; કેમ કે અહિતપણું છે. તેથી સત્ય પણ વચન પરપીડાને કરનારું બોલવું જોઈએ નહીં –**

**શ્લોક :-**

**न सत्यमपि भाषेत परपीडाकरं वचः ।**
**लोकेऽपि श्रूयते यस्मात् कौशिको नरकं गतः ।।६१।।**

**શ્લોકાર્થ :-**

**સત્ય પણ પરપીડાકર વચન બોલવું જોઈએ નહીં. જે કારણથી લોકમાં પણ સંભળાય છે કે કૌશિક નામનો તાપસ નરકમાં ગયો=પરપીડાને કરનાર સત્ય વચનથી નરકમાં ગયો. ।।૬૧।।**

**ભાવાર્થ :-**

લોકમાં પણ સંભળાય છે કે કૌશિક નામનો તાપસ પરપીડાકર સત્ય વચન બોલીને નરકમાં ગયો. તેથી પરને પીડા કરે તેવું સત્યવચન પણ પરમાર્થથી અસત્યવચન છે અને કોઈને પીડા ન કરે તેવું સત્યવચન જ પરમાર્થથી સત્યવચન છે. પરને પીડા કરનાર સત્યવચન કે અસત્યવચન કર્મબંધનું કારણ છે એ પ્રકારે ભાવન કરીને વિવેકસંપન્ન શ્રાવક કોઈને પણ પીડા ન કરે એવું હિતકારી જ વચન બોલે. આ પ્રકારે ભાવન કરવાથી મૂઢતાની જેમ યથાતથા બોલવાની જે અનાદિની કુવાસના છે તે દૂર થાય છે અને જેના કારણે દયાળુ ચિત્તવાળો શ્રાવક ઉત્તરોત્તર ઉત્તમપ્રકૃતિ કેળવીને ભાવસાધુની યોગ્યતાને પ્રાપ્ત કરે છે. **।।૬૧।।**

**અવતરણિકા :-**

**મોટા અસત્ય વચનના પ્રતિષેધને કરવા માટે અલ્પ પણ અસત્ વચનને કહેનારાના અનર્થને બતાવે છે –**

**શ્લોક :-**

**अल्पादपि मृषावादाद्रौरवादिषु संभवः ।**
**अन्यथा वदतां जैनीं वाचं त्वहह का गतिः ।।६२।।**

**શ્લોકાર્થ :-**

**અલ્પ પણ મૃષાવાદથી રૌરવાદિ નરકોમાં ઉત્પત્તિનો સંભવ છે. ભગવાનની વાણીને અન્યથા બોલતા જીવોની ખેદની વાત છે કે કઈ ગતિ થશે. ।।૬૨।।**

**ભાવાર્થ :-**

આ લોકના અનર્થને કરનારા કૌશિક તાપસાદિથી કહેવાયેલા અલ્પ પણ મૃષાવાદથી રૌરવાદિ નરકાવાસમાં

જીવો જાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ જીવને પીડાકારી વચન કે કોઈ જીવના પ્રાણ નાશ કરનારું વચન સ્થૂલ વ્યવહારથી ઘણું મોટું અસત્ય કહેવાય છે તોપણ ઉત્સૂત્ર ભાષણની અપેક્ષાએ અલ્પ છે. તેથી ઉત્સૂત્ર બોલનારા પાસત્થાદિ સાધુઓ કરતાં કોશિક તાપસનું અલ્પ મૃષાવચન હતું છતાં તે નરકમાં ગયો જ્યારે ઉત્સૂત્ર ભાષણથી કહેવાયેલાં તેવાં ક્રૂર પરિણામવાળાં, અન્યના વિનાશને કરનારાં અસત્યવચનો સન્માર્ગના નાશને કરનારાં છે તેથી તેઓને અનેકભવો સુધી નરકાદિ કદર્થનાઓ પ્રાપ્ત થાય છે. આ પ્રકારે અસત્યવચનોના અનર્થોનું ભાવન કરવાથી શ્રાવકનું ચિત્ત અનાભોગથી પણ અસત્ય ન બોલાય તેવી યતનાવાળું બને છે અને વિશેષથી ભગવાનના વચનના પદાર્થ વિષયક અજ્ઞાનથી પણ વિપરીત ન બોલાય તે પ્રકારના દૃઢ પરિણામવાળા શ્રાવક થાય છે જેનાથી ભાવિના અનર્થનું નિવારણ થાય છે. **॥૬૨॥**

**અવતરણિકા :-**

**અસત્યવાદીની નિંદા કરીને સત્યવાદીની સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**ज्ञानचारित्रयोर्मूलं सत्यमेव वदन्ति ये ।**
**धात्री पवित्रीक्रियते तेषां चरणरेणुभिः ।।६३।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનચારિત્રના મૂળ એવા સત્યને જ જેઓ બોલે છે તેઓના ચરણરજથી પૃથ્વી પવિત્ર કરાય છે. ॥૬૩॥**

**ભાવાર્થ :-**

જે સાધુઓ કે શ્રાવકો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રના કારણ એવા સત્યવચનને બોલે છે અર્થાત્ જિનવચનાનુસાર સન્માર્ગનું પ્રકાશન કરે છે, જેના બળથી ઘણા જીવોને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની પ્રાપ્તિ થાય છે, તેવા ઉત્તમપુરુષોથી આ પૃથ્વી પવિત્ર થયેલી છે. આ પ્રકારે ભાવન કરવાથી જિનવચનાનુસાર જ સત્ય બોલવા પ્રત્યે અને જિનવચનથી વિપરીત એવું અસત્ય બોલવાનો અનાભોગથી પણ પ્રસંગ પ્રાપ્ત ન થાય એવું દૃઢ વીર્ય સંચિત થાય છે. માટે કલ્યાણના અર્થી એવા શ્રાવકે સદા એ રીતે આત્માને ભાવિત કરવો જોઈએ જેથી જ્ઞાન-ચારિત્રના કારણીભૂત એવા સત્યવચન પ્રત્યે અત્યંત પક્ષપાત થાય. **॥૬૩॥**

**અવતરણિકા :-**

**સત્યવાદીઓના ઐહિક પણ પ્રભાવને બતાવે છે –**

**શ્લોક :-**

**अलीकं ये न भाषन्ते सत्यव्रतमहाधनाः ।**
**नापराद्धुमलं तेभ्यो भूतप्रेतोरगादयः ।।६४।।**

**શ્લોકાર્થ :-**

**સત્યવ્રતના મહાધનવાળા એવા જેઓ મૃષાવાદને બોલતા નથી તેઓને ભૂત, પ્રેત, સર્પાદિ પણ ઉપદ્રવ કરવા સમર્થ થતા નથી. ।।૬૪।।**

**ભાવાર્થ :-**

જેઓ સત્યવ્રતને ધારણ કરનારા છે અને જેઓ પાસે સત્યવ્રતરૂપી મહાધન છે અર્થાત્ અંતરંગ સંપત્તિ છે તેઓ મૃષાભાષણ કરીને આત્માને મલિન કરતા નથી. તેવા જીવોના સત્યવ્રતના પ્રભાવથી ભૂત, પ્રેતાદિ ઉપદ્રવકારી પણ તેમને ઉપદ્રવ કરવા સમર્થ બનતા નથી અને જેઓ આવા સત્યવ્રતને ધારણ કરનારા હોય તેઓ ક્યારેય અનિર્ણીત પદાર્થ બોલે નહીં. તેથી તેવા મહાત્માઓને ભગવાનના વચનથી વિરુદ્ધ બોલવાની પ્રાપ્તિ થાય નહીં. ।।૬૪।।

**અવતરણિકા :-**

**હવે ત્રીજું અસ્તેયવ્રત કહેવાય છે. ત્યાં પણ=ત્રીજાવ્રતમાં પણ, ફળોને બતાવવાથી ચોરીથી મહાત્મા નિવર્તન પામે છે. તેથી ત્રીજા વ્રતના ફળ બતાવવાપૂર્વક ચોરીની નિવૃત્તિને કહે છે –**

**શ્લોક :-**

**दौर्भाग्यं प्रेष्यतां दास्यमङ्गच्छेदं दरिद्रताम् ।**
**अदत्तात्तफलं ज्ञात्वा स्थूलस्तेयं विवर्जयेत् ।।६५।।**

**શ્લોકાર્થ :-**

**દૌર્ભાગ્ય, પરકર્મનું કરવાપણું, દાસ્યપણું, અંગછેદ, દરિદ્રતા, અદત્તાદાનના ફળને જાણીને સ્થૂલ ચોરીવ્રતનું વર્જન કરવું જોઈએ. ।।૬૫।।**

**ભાવાર્થ :-**

જે જીવો બીજાની વસ્તુ લોભવશ ગ્રહણ કરે છે અથવા કોઈને પૈસા કે કોઈ વસ્તુ આપવાની હોય અને તે ભૂલી જાય તો સ્મરણ કરીને તેને આપતા નથી કે ઠગીને હલકી વસ્તુ આપીને ધન ગ્રહણ કરે છે તેઓને અદત્તાદાનની પ્રાપ્તિ થાય છે જેના ફળરૂપે જન્માંતરમાં દૌર્ભાગ્ય પ્રાપ્ત થાય છે. તેથી તેવા જીવો બધાને ઉદ્વેગ પેદા કરાવનારા બને છે. બધે તિરસ્કાર પ્રાપ્ત કરે છે. વળી, બીજાનું ધન ગમે તે રીતે ગ્રહણ કરેલ હોવાથી જન્માંતરમાં બીજાની સેવા વગેરે કરવી પડે તેવું ક્લિષ્ટ કર્મ બંધાય છે તેથી બીજાનાં કાર્યો કરીને જ તેઓ પોતાની આજીવિકા કરી શકે છે જેથી હંમેશાં દુઃખી જણાય છે. વળી, કેટલાકને અદત્તાદાનને કારણે બીજાનું દાસપણું પ્રાપ્ત થાય છે તેથી હંમેશાં અનિચ્છાએ પણ જેનું દાસપણું પ્રાપ્ત થયું હોય તેના વચનાનુસાર જીવવું પડે છે. વળી, કેટલાકને અદત્તાદાનને કારણે તેવું કર્મ બંધાય છે કે જેથી તેના અંગના છેદનભેદન કરવાના પ્રસંગો પ્રાપ્ત થાય છે. વળી, અદત્તાદાનને કારણે નિર્ધનપણું પ્રાપ્ત થાય છે. આ સર્વ

ફળો કેટલાકને આ ભવમાં પણ પ્રાપ્ત થાય છે. જેમ ચોરી કરતાં પકડાયા પછી તેનાં અંગછેદ આદિ કરવામાં આવે છે.

વિવેકસંપન્ન શ્રાવકે અદત્તાદાનના અનર્થકારી ફળોનું સ્વરૂપ વારંવાર વિચાર કરીને સંયમ પ્રત્યેના બદ્ધરાગપૂર્વક સર્વવિરતિની શક્તિનો સંચય થાય તે પ્રકારે વારંવાર સર્વ અદત્તના પરિહારવાળા મુનિઓના સ્વરૂપનું ભાવન કરીને સ્થૂલથી અદત્તાદાનનો પરિહાર કરવો જોઈએ. અહીં સ્થૂલથી કહેવાથી એ પ્રાપ્ત થાય કે એકેન્દ્રિયાદિક જીવોએ પોતાનું શરીર કોઈને આપ્યું નથી છતાં એકેન્દ્રિયાદિક જીવોની હિંસા કરીને જ શ્રાવક પોતાની આજીવિકા કરે છે, સૂક્ષ્મ અદત્તાદાનનો પરિહાર કરવા શ્રાવક સમર્થ નથી તોપણ તીર્થંકર અદત્ત, ગુરુ અદત્ત, જીવ અદત્ત અને સ્વામી અદત્ત એ પ્રકારના ચારેય અદત્તાદાનના ત્યાગવાળા મુનિઓનું જીવન સર્વોત્તમ છે તેમ વિચારીને સ્વામી અદત્તના પરિહાર માટે જ માત્ર શ્રાવક યત્ન કરી શકે છે તેમ સૂચિત થાય છે. ॥૬૫॥

**અવતરણિકા :-**

**સ્થૂલથી બતાવેલા તેના પરિહારને વિસ્તારથી કહે છે –**

**શ્લોક :-**

**पतितं विस्मृतं नष्टं स्थितं स्थापितमाहितम् ।**
**अदत्तं नाददीत स्वं परकीयं क्वचित् सुधीः ।।६६।।**

**શ્લોકાર્થ :-**

**પડેલીને=કોઈકનાથી રસ્તામાં પડી ગયેલી વસ્તુને, વિસ્મરણ થયેલીને=કોઈકે પોતાની વસ્તુ પાછી લેવાની બુદ્ધિથી પોતાને આપેલી હોય અને લેવાનું વિસ્મરણ થયેલું હોય તેવી વસ્તુને, નષ્ટ વસ્તુને=કોઈકની વસ્તુ કોઈક રીતે ખોવાઈ ગયેલ હોય તેવી વસ્તુને, સ્થિત વસ્તુને=કોઈકની પાસે પોતાની રહેલી વસ્તુને, સ્થાપિત વસ્તુને=કોઈકે પાછી દેવાની બુદ્ધિથી સ્થાપન કરેલું હોય તે વસ્તુને અથવા નિધિકૃત=કોઈકે ભૂમિ આદિમાં સ્થાપન કરેલું હોય તેવી વસ્તુને, તેના સ્વામીની અનુજ્ઞા વગર ગ્રહણ કરવામાં આવે તે રૂપ પરકીય એવા અદત્ત ધનને ક્યારેય બુદ્ધિમાન પુરુષ ગ્રહણ કરે નહીં. ।।૬૬।।**

**ભાવાર્થ :-**

જે શ્રાવકે સ્થૂલ અદત્તાદાનની વિરતિ કરી છે તે શ્રાવક પ્રાયઃ સદા સાધુધર્મના શ્રવણમાં યત્ન કરનારા હોય છે અને સંપૂર્ણ અદત્તાદાનની વિરતિવાળા સુસાધુઓના ગુણો પ્રત્યેના રાગવાળા હોય છે. તેથી પોતાની શક્તિ અનુસાર સ્થૂલ અદત્તાદાનને સ્વીકાર્યા પછી પણ સુંદર બુદ્ધિવાળા હોય છે. તેથી પોતાને કોઈ વિપરીત સંયોગની આપત્તિ આવેલ હોય તોપણ પરકીય અદત્ત ધન આદિ ક્યારેય પણ ગ્રહણ કરતા નથી પરંતુ મહાસત્ત્વથી અચૌર્યવ્રતનું પાલન કરે છે જેના બળથી મહાનિર્જરાની પ્રાપ્તિ કરે છે. ॥૬૬॥

**અવતરણિકા :-**

**હવે અદત્તાદાનને કરનારા જીવોની નિંદા કરે છે –**

**શ્લોક :-**

**अयं लोकः परलोको धर्मो धैर्यं धृतिर्मतिः ।**
**मुष्णता परकीयं स्वं मुषितं सर्वमप्यदः ।।६७।।**

**શ્લોકાર્થ :-**

**પરકીય ધનને ગ્રહણ કરતા એવા જીવ વડે આ લોક, પરલોક, ધર્મ, ધૈર્ય, ધૃતિ, મતિ વગેરે સર્વ પણ આ વિનાશ કરાયો છે. ।।૬૭।।**

**ભાવાર્થ :-**

જેઓ બીજાનું ધન ગ્રહણ કરે છે તેઓ પોતાનો જ સર્વ પ્રકારે વિનાશ કરે છે. કઈ રીતે વિનાશ કરે છે ? તેથી કહે છે. તેનો આ લોક પણ અસાર છે; કેમ કે બીજાનું ધન ગ્રહણ કરીને જીવે છે. વળી, પરલોક પણ અસાર છે; કેમ કે જન્માંતરમાં અનેક અનર્થો પ્રાપ્ત કરશે. ધર્મનો પણ તે નાશ કરે છે અર્થાત્ કોઈક રીતે ધર્મ કરીને પુણ્ય બાંધ્યું હોય તોપણ બીજાના ધનને ગ્રહણ કરવા દ્વારા તેનો વિનાશ કરે છે. વળી, પોતાના ધૈર્યનો નાશ કરે છે. આથી જ આપત્તિકાળમાં વિહ્વળ થઈને અકાર્ય કરે છે. વળી, ધૃતિરૂપ સ્વાસ્થ્યનો નાશ કરે છે; કેમ કે પરકીય ધન ગ્રહણ કરીને નિઃસત્ત્વ બને છે. વળી, કૃત્ય-અકૃત્યના વિવેકરૂપ નિર્મળ મતિનો નાશ કરે છે. માટે અદત્તાદાનથી આત્મા પોતાનો જ ભવ અસાર કરે છે એ પ્રકારે વારંવાર ભાવન કરીને શ્રાવકે અસ્તેય વ્રતને સ્થિર કરવા યત્ન કરવો જોઈએ જેથી પ્રાપ્ત થયેલો મનુષ્યભવ નિષ્ફળ થાય નહિ. **।।૬૭।।**

**અવતરણિકા :-**

**હવે હિંસાને કરનારા કરતાં પણ ચોરીને કરનારાઓમાં ઘણા દોષોની પ્રાપ્તિ છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**एकस्यैकं क्षणं दुःखं मार्यमाणस्य जायते ।**
**सपुत्रपौत्रस्य पुनर्यावज्जीवं हृते धने ।।६८।।**

**શ્લોકાર્થ :-**

**મારી નંખાતા એવા એક જીવને હિંસાથી એક ક્ષણ દુઃખ ઉત્પન્ન થાય છે. વળી, કોઈનું ધન હરણ કરાયે છતે જિંદગી સુધી પુત્ર, પૌત્રાદિ સહિત ઘણા જીવોને દુઃખ ઉત્પન્ન થાય છે. તેથી અપેક્ષાએ હિંસા કરતાં પણ ચોરી મહા દુઃખનું કારણ છે. ।।૬૮।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી અન્ય જીવોની હિંસામાં, જેની હિંસા થાય છે તેને અત્યંત દુઃખ ઉત્પન્ન કરાય છે તેથી હિંસાને મહાપાપરૂપ કહેવાય છે તોપણ અપેક્ષાએ ચોરીમાં ઘણા જીવોને દીર્ઘકાળ સુધી પીડા થાય છે તે અપેક્ષાએ દુઃખ અધિક હોય છે તેમ વિચારવાથી પણ દયાળુ ચિત્તવાળા શ્રાવકને કોઈનું ધન ગ્રહણ કરવા પ્રત્યેનો પરિણામ ન થાય અને ત્રીજા વ્રતમાં દૃઢ પાલન કરવાનો ઉદ્યમ થાય. તેથી જે દૃષ્ટિથી હિંસા કરતાં પણ અદત્તાદાનમાં અન્યને અધિક પીડા છે તેનું ભાવન કરીને શ્રાવક તે પાપથી વિરામ થવા પ્રયત્ન કરે છે. **॥૬૮॥**

**અવતરણિકા :-**

**ઉક્ત પણ તે ફળને વિસ્તારથી કહે છે –**

**શ્લોક :-**

**चौर्य्यपापद्रुमस्येह वधबन्धादिकं फलम् ।**
**जायते परलोके तु फलं नरकवेदना ।।६९।।**

**શ્લોકાર્થ :-**

**ચોરીથી થયેલા પાપરૂપી વૃક્ષનું આ લોકમાં વધ, બંધાદિ ફળ પ્રાપ્ત થાય છે. વળી, પરલોકમાં નરકની વેદના પ્રાપ્ત થાય છે. ।।૬૯।।**

**ભાવાર્થ :-**

જેઓને ધન પ્રત્યેની મૂર્છા છે તેઓ ઠગીને કે અન્યઅન્ય રીતે પણ બીજાનું ધન ગ્રહણ કરે છે અને તેની ચોરી પ્રગટ થાય તો આ લોકમાં પણ વધ, બંધાદિ ફળની પ્રાપ્તિ થાય છે. વળી, ચોરીનો તીવ્ર પરિણામ થયેલ હોય તો પરલોકમાં નરકની વેદના આદિની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે સ્તેયના ફળનું ભાવન કરીને ત્રીજા વ્રતને સ્થિર કરવા યત્ન કરવો જોઈએ. **॥૬૯॥**

**અવતરણિકા :-**

**હવે કદાચિત્ પ્રમાદથી ચોરી કરનાર, રાજાદિ દ્વારા નિગ્રહ ન પામે તોપણ અસ્વાસ્થ્ય લક્ષણ, આ લોકનું ફળ ચોરને અવસ્થિત જ છે એ પ્રમાણે કહે છે –**

**શ્લોક :-**

**दिवसे वा रजन्यां वा स्वप्ने वा जागरेऽपि वा ।**
**सशल्य इव चौर्येण नैति स्वास्थ्यं नरः क्वचित् ।।७०।।**

**શ્લોકાર્થ :-**

**દિવસમાં કે રાત્રિમાં કે સ્વપ્નમાં કે જાગતાં પણ સશલ્યની જેમ ચૌર્યથી મનુષ્યને ક્યારેય સ્વાસ્થ્ય પ્રાપ્ત થતું નથી. ।।૭૦।।**

**ભાવાર્થ :-**

જેમ શરીરમાં શલ્ય હોય અને ઔષધ આદિ કરવામાં આવે કે પાટા-પિંડી કરવામાં આવે તોપણ શલ્યને દૂર કર્યા વગર સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય નહિ તેમ ધનના લાભ અર્થે અકાર્યો કરનારા જીવોને સદા શલ્ય જેવો ચિત્તમાં ભય રહે છે તેથી હંમેશાં અસ્વસ્થ રહેવાને કારણે તેઓ દુ:ખી જ રહે છે. ધન મેળવીને ભોગસામગ્રીથી પણ સુખ મેળવતા નથી. આ પ્રકારે ભાવન કરીને શ્રાવકે અદત્તાદાનના વિરમણમાં દૃઢ યત્ન થાય તે પ્રકારે અદત્તાદાનના અનર્થોના વાસ્તવિક સ્વરૂપનું વારંવાર ભાવન કરવું જોઈએ અને સદા પૂર્ણ સ્વાસ્થ્યના કારણીભૂત સંપૂર્ણ અદત્તાદાન વિરમણને કરનારા સુસાધુના સ્વરૂપથી આત્માને વાસિત કરવો જોઈએ જેથી સ્વીકારાયેલું ગુણસ્થાનક ગુણવૃદ્ધિ દ્વારા સર્વવિરતિનું કારણ બને. **॥૭૦॥**

**અવતરણિકા :-**

**વળી, ચોરી કરનારને કેવળ સ્વાસ્થ્યનો અભાવ નથી થતો પરંતુ બંધુઓથી પરિત્યાગની પણ પ્રાપ્તિ થાય છે એ પ્રમાણે કહે છે –**

**શ્લોક :-**

**मित्रपुत्रकलत्राणि भ्रातरः पितरोऽपि हि ।**
**संसजन्ति क्षणमपि न म्लेच्छैरिव तस्करैः ।।७१।।**

**શ્લોકાર્થ :-**

**મિત્ર, પુત્ર, સ્ત્રી, ભાઈ કે પિતા પણ મ્લેચ્છોની સાથે જેમ મળતા નથી, તેમ મ્લેચ્છો જેવા તસ્કર એવા સ્વજન સાથે ક્ષણ પણ મળતા નથી. ॥૭૧॥**

**ભાવાર્થ :-**

ચોરીની પ્રવૃત્તિ સ્વાસ્થ્યના અભાવનો હેતુ છે તેમ બંધુ આદિના પરિત્યાગનો પણ હેતુ છે તે બતાવવા અર્થે કહે છે. જેઓને ચોરીનું વ્યસન છે તેઓ તસ્કર જેવા છે. તેઓની સાથે મિત્ર, પુત્ર, સ્ત્રી, ભાઈ કે પિતા ક્ષણભર માટે પણ મળતા નથી પરંતુ દૂર રહે છે. જેમ મ્લેચ્છ પુરુષોથી લોકો ડરે છે તેમ મ્લેચ્છ જેવા પોતાના સ્વજનરૂપ તસ્કરની સાથે ક્ષણ પણ મળતા નથી; કેમ કે તેની સાથેનો સંબંધ હોય તો રાજા તરફથી દંડનો ભય વર્તે છે. તેથી શ્રાવકે ચૌર્ય દોષના પ્રત્યક્ષ અનર્થનો વિચાર કરીને ચૌર્ય દોષના પરિહાર અર્થે યત્ન કરવો જોઈએ. વળી, વિચારવું જોઈએ કે સંપૂર્ણ ચૌર્ય દોષનો પરિહાર સુસાધુ જ કરી શકે છે; કેમ કે અપ્રમાદભાવથી જિનવચનાનુસાર વીતરાગ થવા માટે પ્રયત્નવાળા હોવાથી તીર્થંકરઅદત્ત આદિ ચાર અદત્તનો તેઓ સર્વથા પરિહાર કરે છે અને તેવા જ અદત્તાદાનનો પરિહાર હું કરી શકું તેવી શક્તિના સંચય અર્થે શ્રાવક દેશથી ચૌર્ય દોષનો પરિહાર કરે છે અને તેના બળસંચય અર્થે ભાવન કરે છે કે અલ્પ પણ ચૌર્ય દોષ પ્રકર્ષને પામીને સ્વજન આદિ સાથેનો પણ મેળાપ ત્યાગ કરાવનાર છે. માટે આવા અનર્થકારી ચૌર્ય દોષનો પરિહાર કરીને હું સાધુની જેમ સૂક્ષ્મ અદત્તાદાન પરિહારની શક્તિનો સંચય કરું

અને જે શ્રાવક આ રીતે સૂક્ષ્મ અદત્તનું પુનઃ પુનઃ ભાવન કરીને સ્થૂલ અદત્તાદાનનું વિરમણ કરીને તેના અનર્થોનો વારંવાર વિચાર કરે છે તેઓને દેશવિરતિ ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. **॥૭૧॥**

**અવતરણિકા :-**

**ચોરીમાં પ્રવૃત્ત જીવોને થતા દોષોને અને તેનાથી નિવૃત્ત થતા જીવોને પ્રાપ્ત થતા ગુણોને, પ્રત્યેકને આશ્રયીને દૃષ્ટાંતથી બતાવે છે –**

**શ્લોક :-**

**संबन्ध्यपि निगृह्येत चौर्यान्मण्डिकवन्नृपैः ।**
**चौरोऽपि त्यक्तचौर्य्यः स्यात् स्वर्गभाग् रौहिणेयवत् ।।७२।।**

**શ્લોકાર્થ :-**

**સંબંધી હોવા છતાં પણ ચૌર્યને કારણે મંડિકની જેમ રાજા વડે નિગ્રહ કરાય છે. ચોર પણ ત્યક્ત ચૌર્ય દોષવાળો રોહિણી ચોરની જેમ સ્વર્ગને ભોગવનાર થાય છે. ।।૭૨।।**

**ભાવાર્થ :-**

મંડિક નામનો ચોર પોતાની ભગિની રાજાને પરણાવે છે તેથી તે રાજા તે મંડિક ચોરનો સંબંધી થાય છે. આમ છતાં ચોરીને કારણે રાજાએ કુશળતાપૂર્વક તેનો નાશ કર્યો. તેથી જેઓ ચોરીમાં પ્રવૃત્ત હોય છે તેઓને મંડિકની જેમ પ્રત્યક્ષ વર્તમાન ભવમાં અનર્થો થાય છે જે ચોરીનું દૃષ્ટ અનર્થ છે.

વળી, રોહિણી ચોર પૂર્વમાં ચૌર્ય દોષવાળો હતો છતાં સંયમ ગ્રહણ કરીને તેણે સૂક્ષ્મ પણ અદત્તનો પરિહાર કર્યો તેથી ત્યક્ત ચૌર્ય દોષવાળા રોહિણી ચોરને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. માટે ચોરીના અનર્થનું ભાવન કરીને અને ચોરીના ત્યાગથી થતા ગુણનું ભાવન કરીને શ્રાવકે રોહિણી ચોરની જેમ સૂક્ષ્મ પણ અદત્તાદાનના પરિહારની શક્તિના સંચય અર્થે સ્વશક્તિ અનુસાર અદત્તાદાનના પરિહાર અર્થે સતત યત્ન કરવો જોઈએ; જેથી સંપૂર્ણ અદત્તાદાનનો પરિહાર કરીને સંસારના ઉચ્છેદને અનુકૂળ મહાશક્તિનો સંચય થાય. **॥૭૨॥**

**અવતરણિકા :-**

**ચોરીની અતિ પરિહરણીયતાને બતાવે છે –**

**શ્લોક :-**

**दूरे परस्य सर्वस्वमपहर्तुमुपक्रमः ।**
**उपाददीत नादत्तं तृणमात्रमपि क्वचित् ।।७३।।**

**શ્લોકાર્થ :-**

**પરનું=પોતાનાથી અન્યનું, સર્વસ્વ અપહરણ કરવાનો ઉપક્રમ=પ્રારંભ, તો દૂર રહો. તૃણ માત્ર પણ ક્યારેય સ્વામીથી નહીં અપાયેલું ગ્રહણ કરવું જોઈએ નહીં=ગ્રહણ કરવા યત્ન કરવો જોઈએ નહીં. ।।૭૩।।**

**ભાવાર્થ :-**

જે શ્રાવકો સ્તેયના અનર્થોનું ભાવન કરીને દેશથી ચૌર્યનો પરિહાર કરે છે તેઓએ બીજાનું સર્વસ્વ અપહરણ કરવાનો ઉપક્રમ તો ક્યારેય કરવો જોઈએ નહીં પરંતુ સ્વામીથી નહીં અપાયેલું તણખલું પણ ક્યારેય ગ્રહણ કરવું જોઈએ નહીં પરંતુ વિચારવું જોઈએ કે ચારે પ્રકારના અદત્તાદાનનો પરિહાર કરીને જે મહાત્માઓ મોહનો નાશ કરી રહ્યા છે તેના તુલ્ય થવા અર્થે મારે પણ સ્વામી અદત્તનો અત્યંત પરિહાર કરવા અર્થે કોઈક પ્રસંગે તૃણ માત્રની આવશ્યકતા જણાય તોપણ તેના સ્વામીની અનુજ્ઞા લીધા વગર તેને ગ્રહણ કરવા માટે યત્ન કરવો જોઈએ નહીં પરંતુ સર્વથા અદત્તાદાનના પરિહાર માટે જ શક્તિનો સંચય કરવો જોઈએ. **।।૭૩।।**

**અવતરણિકા :-**

**ચોરીથી નિવૃત્ત જીવોને જે ફળ થાય છે તે ફળને બે શ્લોકથી બતાવે છે –**

**શ્લોક :-**

**परार्थग्रहणे येषां नियमः शुद्धचेतसाम् ।**
**अभ्यायान्ति श्रियस्तेषां स्वयमेव स्वयंवराः ।।७४।।**

**શ્લોકાર્થ :-**

**શુદ્ધચિત્તવાળા જેઓનો પરઅર્થના ગ્રહણમાં નિયમ છે=પારકા ધનનું નહીં ગ્રહણ કરવાનો નિયમ છે, તેઓને સ્વયંવરા એવી લક્ષ્મીઓ સ્વયં જ સન્મુખ આવે છે. ।।૭૪।।**

**ભાવાર્થ :-**

જેઓ સર્વવિરતિના પારમાર્થિક સ્વરૂપના બોધવાળા છે અને સંપૂર્ણ અદત્તના વિરામવાળા સાધુના સ્વરૂપથી ભાવિત ચિત્તવાળા છે તથા તેવી શક્તિના સંચય અર્થે દેશથી પરધનના અગ્રહણનો જેમણે નિયમ કરેલ છે તેવા મહાત્માઓને પાપ પ્રત્યે અત્યંત નિવૃત્તિનો પરિણામ છે અને શક્તિ અનુસાર પાપની નિવૃત્તિ કરે છે. તેથી શુદ્ધ ચિત્તવાળા એવા તે મહાત્માઓને તે પ્રકારનું પુણ્યાનુબંધી પુણ્ય વર્તમાનમાં જાગૃત થાય છે અને જન્માંતરમાં પણ તે પુણ્યનો વિપાક પ્રાપ્ત થાય છે. તેથી સ્વયંવરા કન્યાની જેમ તેઓને દરેક ભવમાં ઉત્તમ કોટિની સંપત્તિઓ સામેથી પ્રાપ્ત થાય છે. માટે સુખસંપત્તિના અર્થી જીવે પણ સતત સ્તેયવૃત્તિના પરિહારના શ્રેષ્ઠ ફળને ભાવન કરીને તે વ્રતનો પરિણામ સ્થિર થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ. **।।૭૪।।**

**અવતરણિકા :-**

અને –

**શ્લોક :-**

**अनर्था दूरतो यान्ति साधुवादः प्रवर्त्तते ।**
**स्वर्गसौख्यानि ढौकन्ते स्फुटमस्तेयचारिणाम् ।।७५।।**

**શ્લોકાર્થ :-**

**અનર્થો દૂર થાય છે. સાધુવાદ પ્રવર્તે છે. અસ્તેય વ્રતવાળા મહાત્માઓને સ્પષ્ટ સ્વર્ગનાં સુખો પ્રાપ્ત થાય છે. ।।૭૫।।**

**ભાવાર્થ :-**

શ્રાવકોને સૂક્ષ્મ પણ સ્તેયના પરિહારરૂપ અસ્તેય મહાવ્રતની અત્યંત રુચિ હોય છે તેથી શક્તિ અનુસાર તેના અભ્યાસ રૂપે સ્વામી અદત્તનો પરિહાર કરે છે. જેનાથી આ લોકમાં પણ અને પરલોકમાં પણ અનર્થો દૂર થાય છે; કેમ કે કોઈના ધનના હરણ કરનારને આ લોકમાં અનર્થો પ્રાપ્ત થવાની જે સંભાવના છે તે દૂર થાય છે અને પરલોકમાં પણ પરધનના હરણાદિ કૃત પાપ બંધાયેલાં નહીં હોવાથી અનર્થો દૂર થાય છે. વળી, જે મહાત્મા ગ્રહણ કરાયેલા વ્રતમાં અત્યંત સ્થિર પરિણામવાળા છે તેઓને કોઈ તેવા નિમિત્તે માર્ગમાં પડેલું ધન આદિ પ્રાપ્ત થાય તેમ હોય તોપણ ગ્રહણ કરાયેલા વ્રતના બદ્ધ રાગના કારણે તે પડેલું ધન ગ્રહણ કરે નહીં ત્યારે લોકોમાં તે મહાત્માની શ્લાઘા થાય છે અર્થાત્ શિષ્ટલોકો કહે છે કે પ્રચુર ધનની પ્રાપ્તિ થાય તેમ હોવા છતાં આ મહાત્મા પરકીય ધનને ગ્રહણ કરતા નથી એ પ્રકારે લોકોમાં તેમની પ્રશંસા થાય છે. વળી, સૂક્ષ્મ પણ અદત્તાદાનના પરિહારના બદ્ધરાગપૂર્વક જે સ્થૂલથી અદત્તાદાનનો પરિહાર કરે છે તેના ફળ રૂપે જન્માંતરમાં વિપુલ સામગ્રીયુક્ત સ્વર્ગનાં સુખો મળે છે અને પરંપરાએ મોક્ષનું સુખ પણ મળે છે. માટે કલ્યાણના અર્થીએ અસ્તેયવ્રતનું સ્વરૂપ સૂક્ષ્મથી ભાવન કરીને તેના પરિહાર માટે સદા ઉદ્યમ કરવો જોઈએ. **।।૭૫।।**

**અવતરણિકા :-**

**હવે, પરલૌકિક અને ઐહિક=આ લોકના, અબ્રહ્મ ફળને બતાવીને ગૃહસ્થને ઉચિત બ્રહ્મચર્યને કહે છે –**

**શ્લોક :-**

**षण्ढत्वमिन्द्रियच्छेदं वीक्ष्याब्रह्मफलं सुधीः ।**
**भवेत् स्वदारसन्तुष्टोऽन्यदारान् वा विवर्जयेत् ।।७६।।**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધિમાન પુરુષ નપુંસકપણું અને ઇન્દ્રિયોનો છેદ, અબ્રહ્મનું ફળ જોઈને સ્વદારાસંતુષ્ટ થાય=સ્વસ્ત્રીમાં સંતોષવાળો થાય, અથવા અન્યની સ્ત્રીઓનું વર્જન કરે. ||૭૬||**

**ભાવાર્થ :-**

જેઓ બ્રહ્મચર્ય પ્રત્યેના પક્ષપાતવાળા નથી અને અતિકામને વશ ઇચ્છા અનુસાર અબ્રહ્મનું સેવન કરે છે અને સામગ્રી ન હોય તોપણ સેવનના અત્યંત અભિલાષવાળા છે અને તેના વિચારોમાં જ રત રહેનારા છે તેઓને પરલોકમાં તે પ્રકારના અબ્રહ્મના ફળ રૂપે નપુંસકપણું મળે છે. વળી, આ લોકમાં પણ તેવી કોઈ અનુચિત પ્રવૃત્તિ કરી હોય તો રાજા આદિ તરફથી ઇન્દ્રિયના વિચ્છેદરૂપ ફળ મળે છે. તેથી જે અબ્રહ્મનું ફળ પ્રત્યક્ષથી આ લોકમાં અનર્થકારી હોય અને પરલોકમાં પણ અનર્થકારી હોય તેવા અબ્રહ્મના સંપૂર્ણ વિરામની ઇચ્છાવાળા અને કામવૃત્તિના નિષ્પાદક વેદના ઉદયના ઉચ્છેદના અર્થી વિવેકસંપન્ન શ્રાવકો હોય છે. આમ છતાં, અનાદિ ભવ અભ્યસ્ત વેદનો ઉદય છે તેથી તેના અનર્થોનું જ્ઞાન થવા છતાં તેનાથી નિવૃત્ત થવું અતિદુષ્કર હોય છે. માટે વિવેકસંપન્ન શ્રાવક વેદના ઉદયના ઉચ્છેદનું કારણ બને તેના બળસંચય અર્થે સ્વભૂમિકાનુસાર સ્વદારાસંતોષ વ્રતને ગ્રહણ કરે છે. વળી, જેઓમાં સ્વદારાસંતોષથી પણ અબ્રહ્મની નિવૃત્તિનો બળસંચય થયો નથી તેઓ અન્યની સ્ત્રીઓના વર્જનનો અભિગ્રહ કરે છે અને તે પ્રમાણે શક્તિ અનુસાર દેશથી બ્રહ્મચર્યવ્રતને ગ્રહણ કર્યા પછી તેને સ્થિર કરવા અર્થે સંપૂર્ણ વેદ વગરના કેવલીઓના અને વેદ વગરના થવા માટે મહાપરાક્રમ કરનારા સુસાધુઓના અને તેવા પ્રકારના અબ્રહ્મથી નિવર્તન પામેલા ઉત્તમપુરુષોનાં દૃષ્ટાંતોનું નિત્ય સ્મરણ કરીને બ્રહ્મને અનુકૂળ બળસંચય કરે છે, જેથી દેશથી સ્વીકારાયેલું બ્રહ્મચર્યવ્રત પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ચોથા મહાવ્રત સ્વરૂપે પરિણમન પામે. **||૭૬||**

**અવતરણિકા :-**

**જોકે ગૃહસ્થને સ્વીકારાયેલા વ્રતના અનુપાલનથી તેવા પ્રકારનો પાપબંધ નથી=શ્લોક-૭૭માં બતાવશે એવા પ્રકારનો પાપબંધ નથી અથવા શ્લોક-૭૬માં કહ્યું તેવા નપુંસકપણાના કારણીભૂત પાપબંધ નથી તોપણ યતિધર્મમાં અનુરક્ત એવો શ્રાવક યતિધર્મની પ્રાપ્તિ પૂર્વે ગૃહસ્થપણામાં પણ કામભોગથી વિરક્ત થતો છતો શ્રાવકધર્મ પાળે છે. તેને વૈરાગ્યની પરાકાષ્ઠાને પ્રાપ્ત કરાવવા અર્થે સામાન્યથી અબ્રહ્મના દોષોને કહે છે –**

**શ્લોક :-**

**रम्यमापातमात्रे यत् परिणामेऽतिदारुणम् ।**
**किंपाकफलसंकाशं तत् कः सेवेत मैथुनम् ।७७।।**

**શ્લોકાર્થ :-**

**આપાત માત્રમાં=પ્રથમ આરંભ માત્રમાં, જે રમ્ય છે=જે અબ્રહ્મનું સેવન રમ્ય છે, પરિણામમાં**

**અતિદારુણ છે, કિંપાક ફલ સદૃશ છે તે મૈથુનને કોણ સેવે ? કોઈ બુદ્ધિમાન પુરુષ સેવે નહીં. ॥૭૭॥**

**ભાવાર્થ :-**

શ્રાવક બ્રહ્મના સ્વરૂપને અને અબ્રહ્મના અનર્થોને જાણનારા છે. આથી જ સંપૂર્ણ વેદના ઉદય વગરના તીર્થંકરો આદિનું સદા સ્મરણ કરે છે. વળી, તીર્થંકર જેવા જ અવેદી થવા માટે અંતરંગ મહાપરાક્રમ કરનારા અને તેને અનુકૂળ બ્રહ્મચર્યની નવવાડોનું પાલન કરનારા સુસાધુઓને સદા યાદ કરે છે અને તેવા થવા માટે જ દેશથી બ્રહ્મચર્યવ્રતને સ્વીકારે છે અને તેને દૃઢ કરવા અર્થે જ ગ્રંથકારશ્રી અબ્રહ્મનું વાસ્તવિક સ્વરૂપ કેવું દારુણ છે તે બતાવતાં કહે છે. જ્યારે જીવમાં વિકાર થાય છે ત્યારે આરંભ માત્રમાં તે અબ્રહ્મની પ્રવૃત્તિ રમ્ય જણાય છે પરંતુ ઉત્તરમાં તે પરિણામ દારુણ છે; કેમ કે અબ્રહ્મથી શરીરની શક્તિ આદિ ક્ષીણ થાય છે, વિકારોના સંસ્કારો દૃઢ થાય છે અને તેનાથી બંધાયેલું પાપ જન્મજન્માંતરમાં અહિતનું કારણ બને છે. તેથી મૈથુનની ક્રિયા કિંપાક ફળના સેવન સદૃશ છે. જેમ, કિંપાક ફળ ખાતી વખતે રમ્ય લાગે છે પણ તેના ફળ રૂપે મૃત્યુ પ્રાપ્ત થાય છે. તેમ તેવા અનર્થકારી મૈથુનને કોણ બુદ્ધિમાન સેવે ? અર્થાત્ મૂઢ જીવો જ તે પ્રકારની પ્રવૃત્તિમાં સુખની બુદ્ધિ કરીને વિનાશ તરફ જાય છે. માટે બુદ્ધિમાન એવા શ્રાવકો સતત મૈથુનના અનર્થોનું ભાવન કરીને વિકારોને શાંત કરવા યત્ન કરે છે. વળી, પ્રતિપક્ષના ભાવનથી વિકારોનું શમન શક્ય ન જણાય ત્યારે ઉચિત યતનાપૂર્વક ભગવાનના વચનનું સ્મરણ કરીને અશમન થઈ શકે તેવા વિકારને જ શમન કરવા અર્થે ભોગપ્રવૃત્તિ કરે છે અને સતત તેના અનર્થોનું ભાવન કરીને તે મૈથુનવૃત્તિના નાશ માટે ઉદ્યમ કરે છે. આથી જ ભોગકાળમાં તે મહાત્મા પુણ્યાનુબંધી પુણ્ય જ બાંધે છે; કેમ કે વિવેકથી યુક્ત ઉત્તમ ચિત્ત હોવાને કારણે મૂઢ થઈને ભોગમાં પ્રયત્ન કરતા નથી પરંતુ અધિક અનર્થના નિવારણના ઉપાય રૂપે જ યત્કિંચિત્ ભોગાદિ પ્રવૃત્તિ કરીને પણ સર્વવિરતિને અનુકૂળ જ બળસંચય કરે છે. **॥૭૭॥**

**અવતરણિકા :-**

**મૈથુનનું પરિણામ દારુણપણું કહે છે –**

**શ્લોક :-**

**कम्पः स्वेदः श्रमो मूर्च्छा भ्रमिर्ग्लानिर्बलक्षयः ।**
**राजयक्ष्मादिरोगाश्च भवेयुर्मैथुनोत्थिताः ।।७८।।**

**શ્લોકાર્થ :-**

**કમ્પ=શરીરનો કંપ, સ્વેદ=શ્રમજન્ય પરસેવો, શ્રમ, મૂર્છા, ભ્રમિ=ચિત્તનો ભ્રમ, ગ્લાનિ=શરીરની ગ્લાનિ, બળનો ક્ષય=શરીરની શક્તિનો નાશ, ક્ષયાદિ રોગો, મૈથુનથી ઉત્પન્ન થાય છે. ॥૭૮॥**

**ભાવાર્થ :-**

કામ એ વેદના ઉદયજન્ય આત્માની વ્યાકુળ અવસ્થા છે અને જેના સેવનથી પ્રસ્તુત શ્લોકમાં બતાવેલા

કંપાદિ સર્વ અનર્થો અવશ્ય થાય છે. ફક્ત જેઓ મર્યાદામાં છે તેઓને તે દોષો અલ્પમાત્રમાં હોવાથી વ્યક્ત થતા નથી પરંતુ પ્રારંભિક ભૂમિકાના છે અને જેઓને અતિશય કામની વૃત્તિ છે તેઓમાં કંપાદિ સર્વ દોષો ક્રમસર વ્યક્ત થતા જાય છે. માટે જે પ્રવૃત્તિનું પ્રત્યક્ષ ફળ અનર્થકારી હોય તેનું કોણ બુદ્ધિમાન સેવન કરે ? આથી જ બુદ્ધિમાન એવા સમ્યગ્દૃષ્ટિ કામના તત્કાલના અનર્થોનું અને ભાવિના અનર્થોનું પુનઃ પુનઃ ભાવન કરીને તેના વિકારોને શમન કરવા યત્ન કરે છે અને અશક્ય પરિહાર હોય ત્યારે જ યતનાપૂર્વક કામને સેવીને પણ કામની વૃત્તિને ક્ષીણ કરવા સદા ઉદ્યમ કરે છે. આથી જ અવિરત સમ્યગ્દૃષ્ટિ સતત અનાદિના કુસંસ્કારોનો નાશ કરીને વીતરાગભાવને અનુકૂળ બળસંચય કરે છે. **॥૭૮॥**

**શ્લોક :-**

**योनियन्त्रसमुत्पन्नाः सुसूक्ष्मा जन्तुराशयः ।**
**पीड्यमाना विपद्यन्ते यत्र तन्मैथुनं त्यजेत् ।।७९।।**

**શ્લોકાર્થ :-**

**યોનિયંત્રમાં ઉત્પન્ન થયેલા=સ્ત્રીની યોનિમાં ઉત્પન્ન થયેલા, સુસૂક્ષ્મ જંતુઓના સમૂહો=અત્યંત સૂક્ષ્મ એવા જીવોનો સમૂહ, જેમાં પીડા કરાતો મૃત્યુને પામે છે તે મૈથુનને ત્યાગ કરવો જોઈએ. ।।૭૯।।**

**ભાવાર્થ :-**

અબ્રહ્મનું સેવન પરિણામથી દારુણ છે તેમ પૂર્વ શ્લોકમાં બતાવ્યું. હવે અબ્રહ્મના સેવનથી તત્કાલ ઘણા જીવોની હિંસા થાય છે તેવો વિચાર કરવાથી પણ દયાળુ સ્વભાવવાળા શ્રાવકને મૈથુન સેવવાનો જે પરિણામ છે તે શિથિલ, શિથિલતર થાય છે. તેના ભાવન અર્થે કહે છે – સ્ત્રીઓની યોનિમાં ચક્ષુથી ન દેખાય તેવા ઘણા સૂક્ષ્મજીવો ઉત્પન્ન થાય છે, જેનાથી સ્ત્રીને કામની વૃત્તિ થાય છે અને પુરુષ સાથેના કામસેવનથી તે જીવોને અત્યંત પીડા થાય છે અને તેમાંથી ઘણા જીવો અંતે મૃત્યુ પામે છે. આ પ્રકારે મૈથુનસેવનથી થતી હિંસાનો વિચાર કરીને પણ કુત્સિત એવી તે ક્રિયા પ્રત્યે જુગુપ્સા કરીને વેદના ઉદયથી થયેલ કામવૃત્તિને શાંત કરવા યત્ન કરવો જોઈએ. **॥૭૯॥**

**અવતરણિકા :-**

**સ્ત્રીની યોનિમાં જીવોની ઉત્પત્તિ છે તેને ભગવાનનું શાસન તો સ્વીકારે છે પરંતુ વાત્સ્યાયન ઋષિએ પણ તે પ્રમાણે કહેલ છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**"रक्तजाः कृमयः सूक्ष्मा मृदुमध्याधिशक्तयः ।**
**जन्मवर्त्मसु कण्डूतिं जनयन्ति तथाविधाम् ।।८०।।"**

**શ્લોકાર્થ :-**

**જન્મવર્ત્મમાં=સ્ત્રીની યોનિમાં, લોહીથી ઉત્પન્ન થયેલા મૃદુ, મધ્યમ અને અધિકશક્તિવાળા સૂક્ષ્મ એવા કૃમિઓ તેવા પ્રકારની ખણજને=સ્ત્રીને કામની વૃત્તિ થાય તેવા પ્રકારની ખણજને, ઉત્પન્ન કરે છે. ॥૮૦॥**

**ભાવાર્થ :-**

શરીર પુદ્ગલોનું છે અને પુદ્ગલોનો સ્વભાવ છે કે તે તે પુદ્ગલોમાં તે તે પ્રકારની યોનિની પ્રાપ્તિ થાય તો જીવોની ઉત્પત્તિ થાય છે. તેમ સ્ત્રીઓની યોનિમાં વર્તતા રક્તને કારણે કેટલાક મૃદુશક્તિવાળા, કેટલાક મધ્યમશક્તિવાળા અને કેટલાક અધિકશક્તિવાળા કૃમિઓ ઉત્પન્ન થાય છે અને તે કૃમિઓ જ સ્ત્રીને તે પ્રકારની ખણજ ઉત્પન્ન કરે છે. જેથી તે નિમિત્તને પામીને અનાદિના કામના સંસ્કારો તે પ્રકારનો અભિલાષ ઉત્પન્ન કરે છે. તેથી અંતરંગ કામના સંસ્કારો, વેદ મોહનીયકર્મ અને શરીરવર્તી તે પ્રકારના કૃમિઓ કામવૃત્તિને ઉત્પન્ન કરવામાં કારણ બને છે. માટે દયાળુ સ્વભાવવાળા શ્રાવકે કામના સેવનથી પોતાને થતા અનર્થોનું અને અન્યજીવોને થતી પીડાનું ભાવન કરીને પણ કામવૃત્તિના શમન માટે યત્ન કરવો જોઈએ. **॥૮૦॥**

**અવતરણિકા :-**

**વળી, કેટલાક કહે છે કે કામજ્વરની ચિકિત્સા માટે ઔષધ જેવું મૈથુનસેવન છે. તેઓનું તે વચન ઉચિત નથી તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**स्त्रीसम्भोगेन यः कामज्वरं प्रतिचिकीर्षति ।**
**स हुताशं घृताहुत्या विध्यापयितुमिच्छति ।।८१।।**

**શ્લોકાર્થ :-**

**સ્ત્રીના સેવનથી જે કામજ્વરને શાંત કરવા ઈચ્છે છે તે અગ્નિને ઘીની આહુતિથી બુઝાવવા માટે ઈચ્છે છે. ॥૮૧॥**

**ભાવાર્થ :-**

સામાન્ય નિયમ અનુસાર કામની ઇચ્છા થાય અને કામ સેવવામાં આવે તો કામની વૃત્તિ શાંત થતી નથી પરંતુ અધિક અધિક જ વધે છે. તેથી જેમ, અગ્નિને બુઝાવવા માટે ઘીની આહુતિ આપવામાં આવે તો અગ્નિ વૃદ્ધિને જ પામે છે તેમ કામના સેવનથી કામની વૃત્તિ જ વૃદ્ધિ પામે છે પરંતુ કામનું અનર્થકારી સ્વરૂપ વર્તમાનમાં શું છે ? કામના સેવનથી જીવોની હિંસા થાય છે ઇત્યાદિ કામના અનર્થોનું ભાવન કરવાથી ઉદ્ભવ પામેલ કામની ઇચ્છા શાંત થાય છે.

વળી, કામનું ઉદ્દીપન કરે તેવા સંયોગોથી દૂર રહીને સંસારનું વાસ્તવિક સ્વરૂપ વારંવાર વિચારવામાં આવે તો અબલવાન કામ આપાદક કર્મ શાંત થાય છે. અનાદિના કામના સંસ્કારો પ્રતિપક્ષ ભાવનથી ક્ષીણ થાય છે અને વિવેકી શ્રાવકને જ્યારે જણાય કે તે પ્રકારની ભાવનાઓથી પણ કામજ્વર શાંત થતો નથી ત્યારે કામની વૃત્તિ વૃદ્ધિ ન પામે તે પ્રકારે કામની વિહ્વળતાને શાંત કરવા અર્થે ભોગાદિમાં પ્રવૃત્તિ કરે ત્યારે વિવેકપ્રધાન તે પ્રવૃત્તિ હોવાથી સંવેગસારા તે ભોગપ્રવૃત્તિ બને છે અર્થાત્ કામની વૃદ્ધિ ન થાય તે પ્રકારે અત્યંત ભાવિત થઈને કામની વિહ્વળતાના સાંત્વન અર્થે જ અને ઉત્તરમાં વિશેષ પ્રકારે ધર્મ સેવીને સ્વસ્થતા પ્રાપ્ત કરવા અર્થે જ કામનું સેવન કરે છે. તેથી કામવૃત્તિ ઊઠે ત્યારે તેના શમનનો ઉપાય મૈથુન-સેવન છે એ પ્રમાણે વિવેકી શ્રાવક ક્યારેય વિચારે નહીં પરંતુ કામજ્વરને શાંત કરવાનો ઉપાય વૈરાગ્ય ભાવના, પ્રતિપક્ષનું સેવન, ધર્મશાસ્ત્રનું શ્રવણ આદિ છે એ પ્રકારે જ ભાવન કરે. **॥૮૧॥**

**અવતરણિકા :-**

**આને જ કહે છે=કામવૃત્તિને શાંત કરવાનો ઉપાય ભોગ નથી પરંતુ કામવૃત્તિની વૃદ્ધિનો જ ઉપાય આ ભોગ છે. ક્ષણભર કામવૃત્તિને શાંત કરનાર હોવા છતાં દુર્ગતિઓનું કારણ છે એને જ કહે છે –**

**શ્લોક :-**

**वरं ज्वलदयः स्तम्भपरिरम्भो विधीयते ।**
**न पुनर्नरकद्वाररामाजघनसेवनम् ।।८२।।**

**શ્લોકાર્થ :-**

**બળતા લોખંડના સ્તંભનો પરિરંભ=આલિંગન, કરવું શ્રેષ્ઠ છે પરંતુ નરકના દ્વારરૂપ સ્ત્રીના જઘનનું સેવન શ્રેષ્ઠ નથી. ॥૮૨॥**

**ભાવાર્થ :-**

કામની વૃત્તિને સંતોષવા અર્થે કોઈ કામનું સેવન કરે અને તે સેવનથી વૃદ્ધિ પામતી કામની વૃત્તિ નરકની પ્રાપ્તિનું પ્રબળ કારણ બને છે; કેમ કે કોઈ પણ ઇન્દ્રિયોનો વિષય પ્રકર્ષવાળો થાય તો તેનાથી થતો ક્લિષ્ટ અધ્યવસાય જીવને નરકનું કારણ બને છે. આથી જ, ધનના સંચયના ક્લિષ્ટ અધ્યવસાયથી મમ્મણશેઠને સાતમી નરકની પ્રાપ્તિ થઈ. તેથી દીર્ઘકાલ નરકની કારમી યાતનાને નિષ્પન્ન કરનાર કામના સેવન કરતાં, કોઈ મનુષ્ય લોખંડના તપાવેલા સ્તંભનું આલિંગન કરે તો તે વધારે સુંદર છે; કેમ કે તેનાથી માત્ર વર્તમાન ભવના વિનાશરૂપ જ ફળ મળે છે અને સ્તંભના આલિંગનકાળમાં જે દાહની પીડા થાય છે તેટલો જ અનર્થ થાય છે પરંતુ દીર્ઘકાળ નરકના મહા અનર્થની અપેક્ષાએ તે અનર્થ અલ્પમાત્રામાં છે. આ રીતે, કામના ભાવિના અનર્થનો વિચાર કરીને પણ મહાત્મા કામવૃત્તિના શમન માટે યત્ન કરે છે; કેમ કે અનાદિથી સ્થિર થયેલા વેદના સંસ્કારો પ્રતિપક્ષ ભાવનથી જ ક્ષીણ કરીને મહાત્મા અવેદી થવા પ્રયત્ન કરે છે; જેથી સંસારની સર્વ વિડંબનાનો શીઘ્ર અંત પ્રાપ્ત થાય. **॥૮૨॥**

**અવતરણિકા :-**

**વળી, સ્ત્રી સંબંધી ભોગ અને સ્ત્રીની સ્મૃતિ પણ બધા ગુણોના વિનાશનો હેતુ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सतामपि हि वामभ्रूर्ददाना हृदये पदम् ।**
**अभिरामं गुणग्रामं निर्वासयति निश्चितम् ।।८३।।**

**શ્લોકાર્થ :-**

**સંતોના પણ હૃદયમાં પદને આપતી=સ્થાનને આપતી, વામભ્રૂ=સ્ત્રી, સુંદર ગુણસમૂહને=સંતના હૃદયમાં વર્તતા સુંદર ગુણસમૂહને, નિશ્ચિત નાશ કરે છે. ।।૮૩।।**

**ભાવાર્થ :-**

કામવૃત્તિના સાંત્વન અર્થે વિવેકી શ્રાવક ભાવન કરે છે કે સંસારના વાસ્તવિક સ્વરૂપનું ભાવન કરીને સંતપુરુષો ઘણા ગુણસમૂહને ઘણા પ્રયત્નથી એકઠા કરે છે. આમ છતાં સ્ત્રીના નિમિત્તને પામીને જો તેમના ચિત્તમાં સ્ત્રી સ્થાનને પામે તો વારંવાર તેના પ્રત્યે રાગની અભિવૃદ્ધિ થાય છે જેથી એકઠા થયેલા ઘણા ગુણસમૂહનો નિશ્ચિત તે સ્ત્રી નાશ કરે છે; કેમ કે તત્ત્વના ભાવનથી ગુણસમૂહ પ્રગટે છે અને સ્ત્રીના સ્વરૂપના ભાવનથી ચિત્તમાં વિકારો વૃદ્ધિ પામે છે જેથી વિકારોની વૃદ્ધિથી તે ગુણો નાશ પામે છે. માટે ગુણવૃદ્ધિના અર્થી જીવે સ્ત્રીનું સ્મરણ ન થાય તે પ્રકારે વારંવાર ભાવન કરીને કામવૃત્તિને શાંત કરવા યત્ન કરવો જોઈએ પરંતુ સ્ત્રી પ્રત્યેના રાગની વૃદ્ધિ થાય તે પ્રકારે વિવેકી શ્રાવકે ક્યારેય યત્ન કરવો જોઈએ નહીં. **।।૮૩।।**

**અવતરણિકા :-**

**સ્ત્રીઓનું હૃદયમાં સન્નિધાપન પણ=સ્ત્રીઓને હૃદયમાં સ્થાન આપવું એ પણ, બહુદોષપણું હોવાને કારણે ગુણહાનિનો હેતુ છે. તો વળી, સ્ત્રીઓની સાથે કામક્રીડાનું શું કહેવું ? અર્થાત્ તે તો અત્યંત ગુણહાનિનો હેતુ છે તેને બતાવે છે –**

**શ્લોક :-**

**वञ्चकत्वं नृशंसत्वं चञ्चलत्वं कुशीलता ।**
**इति नैसर्गिका दोषा यासां तासु रमेत कः ।।८४।।**

**શ્લોકાર્થ :-**

**વંચકપણું, કઠોરપણું, ચંચલપણું, કુશીલતા=ખરાબ સ્વભાવપણું, એ નૈસર્ગિક દોષો જેઓમાં**

**છે=જે સ્ત્રીઓમાં છે, તેઓમાં કોણ બુદ્ધિમાન પુરુષ રમે ? અર્થાત્ તેઓની સાથે કોણ આત્મીયતા કરે ? ॥૮૪॥**

**ભાવાર્થ :-**

કર્મનો ઉદય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને આશ્રયીને વિપાકમાં આવે છે. તેથી સ્ત્રીશરીરની પ્રાપ્તિરૂપ નિમિત્તની સાથે જ બહુલતાએ સ્ત્રીઓમાં માયાવીપણું, ક્રૂરકર્મપણું, ચંચલપણું અને કુશીલતા સ્વાભાવિક પ્રાપ્ત થાય છે. તેથી કોઈ વિવેકી પુરુષને અનેક દોષોથી યુક્ત એવી સ્ત્રી પ્રત્યે રાગ થાય નહીં પરંતુ અનાદિથી વેદના સંસ્કારો જીવમાં સ્થિર થયેલા છે તેથી જ વિવેકસંપન્ન જીવને અનેક દોષોથી યુક્ત એવી સ્ત્રી પ્રત્યે રાગ થઈ શકે તેમ ન હોવા છતાં વેદના ઉદયથી જ તે પ્રકારનો રાગ થાય છે. માટે વિવેકી શ્રાવક તે વેદના ઉદયના શમન અર્થે વારંવાર સ્ત્રીના સ્ત્રીભવ સાથે બહુલતાએ સંચારિત એવા દોષોનું સ્મરણ કરીને પણ કામવૃત્તિને શાંત કરવા યત્ન કરે છે. આથી જ, જેઓને કામની અનર્થતાનું સ્પષ્ટ જ્ઞાન છે આમ છતાં વારંવાર કામજન્ય અનર્થોનો વિચાર કરતા નથી અને સ્ત્રીઓના ભવજન્ય વંચકપણા આદિ દોષોનું ચિંતવન કરતા નથી, તેઓને અનેક દોષોથી યુક્ત પણ સ્ત્રી ગુણરૂપે દેખાય છે અને તે વિપર્યાસને સ્થિર કરીને પોતાનો વિનાશ કરે છે. માટે કામવૃત્તિના શમન અર્થે નિપુણ પ્રજ્ઞાથી સ્ત્રીઓમાં વર્તતા નૈસર્ગિક દોષોનું ભાવન કરવું જોઈએ. **॥૮૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૮૪માં કહ્યા એટલા જ સ્ત્રીઓના દોષો નથી પરંતુ સંખ્યાતીત છે એ બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**प्राप्तुं पारमपारस्य पारावारस्य पार्यते ।**
**स्त्रीणां प्रकृतिवक्राणां दुश्चरित्रस्य नो पुनः ।।८५।।**

**શ્લોકાર્થ :-**

**પાર વગરના એવા સમુદ્રના=જેનો કિનારો ન દેખાતો હોય એવા સમુદ્રના, પારાવારને=કિનારાને, પ્રાપ્ત કરવું શક્ય છે પરંતુ પ્રકૃતિવક્ર એવી સ્ત્રીઓના દુશ્ચરિત્રના પારને પામવું શક્ય નથી અર્થાત્ નિર્ણય કરવો શક્ય નથી. ॥૮૫॥**

**ભાવાર્થ :-**

દુષ્કર કાર્ય સાધવા માટે અત્યંત યત્ન કરવો પડે છે. તેથી વિવેકી શ્રાવકને પણ કામની વૃત્તિને દૂર કરવી અતિદુષ્કર છે, છતાં પણ કામવૃત્તિના સંબંધને અનુકૂળ માર્ગાનુસારી વિચારણા પ્રાપ્ત કરવા અર્થે વિવેકી શ્રાવક વિચારે છે કે જે સમુદ્રનો છેડો દેખાતો નથી તે સમુદ્રને પણ નાવ આદિ દ્વારા તરીને સામે પાર જઈ શકાય છે પરંતુ પ્રકૃતિવક્ર એવી સ્ત્રીઓ બોલવામાં મધુરભાષી હોય છે, સરળ દેખાય છે તોપણ ચિત્તવૃત્તિમાં

કયા વિકારથી ક્યારે કયું દુશ્ચરિત્ર તેનામાં પ્રગટ થશે તેનો નિર્ણય કરવો અતિદુષ્કર છે માટે તેઓનું ચરિત્ર સુંદર નથી. તેવી સ્ત્રીઓ પ્રત્યે રાગ કરવો ઉચિત નથી તેમ ભાવન કરીને વિવેકી શ્રાવક કામવૃત્તિના શમન માટે સદા યત્ન કરે છે. **॥૮૫॥**

**અવતરણિકા :-**

**દુશ્ચરિત્રને=સ્ત્રીઓના દુશ્ચરિત્રને, જ બતાવે છે –**

**શ્લોક :-**

**नितम्बिन्यः पतिं पुत्रं पितरं भ्रातरं क्षणात् ।**
**आरोपयन्त्यकार्येऽपि दुर्वृत्ताः प्राणसंशये ।।८६।।**

**શ્લોકાર્થ :-**

**ખરાબ પ્રકૃતિવાળી નિતમ્બિની=સ્ત્રીઓ પતિને, પુત્રને, પિતાને, ભાઈને ક્ષણમાં પ્રાણના સંશયવાળા પણ અકાર્યમાં આરોપણ કરે છે=પતિ આદિને પ્રવર્તાવે છે. ।।૮૬।।**

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવક કામવૃત્તિના અત્યંત શમન અર્થે વારંવાર વિચારે છે કે જે સ્ત્રીઓ પ્રત્યે પોતાને રાગ થાય છે તે સ્ત્રીઓ પણ કામને વશ ખરાબપ્રકૃતિવાળી બને ત્યારે પોતાનાં કુકાર્યોમાં વિઘ્નભૂત એવા પતિને, પુત્રને, પિતાને કે ભાઈને ક્ષણમાં તેવા કાર્યમાં પ્રવર્તાવે છે કે જેથી તેઓનું મૃત્યુ થાય જેનાથી પોતે ઇચ્છા પ્રમાણે પોતાની વૃત્તિને પોષી શકે. જેમ પ્રદેશી રાજાનો સૂર્યકાંતાએ વિષ આપીને વિનાશ કર્યો, બળતા ઘરમાં બ્રહ્મદત્ત ચક્રવર્તીનો નાશ કરવા તેની માતાએ યત્ન કર્યો. **॥૮૬॥**

**અવતરણિકા :-**

**આથી જ=સ્ત્રીઓ વિનાશનું કારણ છે આથી જ, શું ? એ કહે છે –**

**શ્લોક :-**

**भवस्य बीजं नरकद्वारमार्गस्य दीपिका ।**
**शुचां कन्दः कलेर्मूलं दुःखानां खानिरङ्गना ।।८७।।**

**શ્લોકાર્થ :-**

**ભવનું બીજ, નરકદ્વારના માર્ગને બતાવનારી દીપિકા, શોકનો કંદ, કલિનું મૂળ=કલહનું મૂળ, દુઃખોની ખાણ સ્ત્રી છે. ।।૮૭।।**

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવક કામવૃત્તિના શમન અર્થે વારંવાર સ્ત્રીઓનાં વિપરીત સ્વરૂપોનું ભાવન કરે છે અને

વિચારે છે કે સ્ત્રી ભવનું બીજ છે; કેમ કે વિકારોથી કર્મબંધ અને ભવપરંપરા ચાલે છે અને સ્ત્રી પ્રત્યે રાગ થાય તો અવશ્ય ભવની વૃદ્ધિ થાય માટે ભવનું બીજ સ્ત્રી છે. વળી, વિચારે છે કે નરકમાં જવાના માર્ગને દેખાડનારી સ્ત્રી છે; કેમ કે સ્ત્રી પ્રત્યેનો વૃદ્ધિ પામતો રાગ ચિત્તમાં કાલુષ્ય કરીને નરકની પ્રાપ્તિ કરાવે છે. માટે જીવને નરકમાં કઈ રીતે જઈ શકાય તેનો માર્ગ બતાવનાર સ્ત્રી છે. વળી, સર્વ પ્રકારના શોકોનું કંદ છે; કેમ કે જેમ કંદ પ્રરોહનો હેતુ છે અર્થાત્ વૃક્ષની વૃદ્ધિનો હેતુ છે તેમ જીવને સ્ત્રી પ્રત્યેના રાગની વૃદ્ધિથી અનેક પ્રકારના ક્લેશોની પ્રાપ્તિ થાય છે જેથી હંમેશાં સતત શોકની વૃદ્ધિ થાય છે. વળી, સ્ત્રી સ્વભાવથી જ કલહનો હેતુ છે તેથી અકલહપ્રિય શ્રાવકે સ્ત્રી પ્રત્યેની રાગવૃદ્ધિ કરવી જોઈએ નહીં. વળી, સર્વ પ્રકારનાં દુઃખોનું સ્થાન છે; કેમ કે સ્ત્રી પ્રત્યેના રાગની વૃદ્ધિથી શરીર ક્ષીણ થાય છે અને માનસિક વિકારોની આકુળતા થાય છે. માટે સ્ત્રી પ્રત્યેનો રાગ અત્યંત વર્જનીય છે તેમ ભાવન કરીને વિવેકી શ્રાવક કામવૃત્તિને શાંત કરવા યત્ન કરે છે. **॥૮૭॥**

**અવતરણિકા :-**

**હવે, સ્વસ્ત્રીમાં સંતુષ્ટ એવા ગૃહસ્થોને આશ્રયીને સાધારણ સ્ત્રીના દોષો=વેશ્યાના દોષો, પાંચ શ્લોકથી કહેવાય છે –**

**ભાવાર્થ :-**

જે ગૃહસ્થો સર્વવિરતિની શક્તિના સંચય અર્થે ચોથા વ્રતમાં સ્વદારાસંતોષવ્રતને સ્વીકારે છે તેવા ગૃહસ્થોને પણ નિમિત્તને પામીને વેશ્યા આદિમાં પ્રવૃત્તિ કરવાનો પરિણામ થાય ત્યારે અતિચારોની પ્રાપ્તિ થવાનો પ્રસંગ આવે છે; કેમ કે અનાદિ ભવઅભ્યસ્ત કામવૃત્તિ નિમિત્તોને પામીને જીવને ઉત્પથમાં લઈ જાય છે. તેના નિવારણ અર્થે વેશ્યાથી કેવા દોષોની પ્રાપ્તિ છે તે પાંચ શ્લોકોથી બતાવે છે જેના ભાવનને કારણે સ્વદારાસંતોષ વ્રતમાં અતિચારોનો પરિહાર સુલભ થઈ શકે.

**શ્લોક :-**

**मनस्यन्यद्वचस्यन्यत् क्रियायामन्यदेव हि ।**
**यासां साधारणस्त्रीणां ताः कथं सुखहेतवः ।।८८।।**

**શ્લોકાર્થ :-**

**જે સાધારણ સ્ત્રીઓના=વેશ્યાઓના, મનમાં અન્ય, વચનમાં અન્ય અને ક્રિયામાં અન્ય જ છે એવી તે સ્ત્રીઓ કેવી રીતે સુખના હેતુ થાય ? ॥૮૮॥**

**ભાવાર્થ :-**

જે સ્ત્રીઓ સુંદરરૂપ આદિ હોવાને કારણે ધન અર્થે વેશ્યાવૃત્તિ કરે છે તેઓ ધનાઢ્ય જીવોને આકર્ષવા માટે કલાઓથી પણ પ્રાયઃ કુશળ થયેલી હોય છે. તેઓના મનમાં તે પુરુષ ન હોવા છતાં જેનાથી ધન મળે છે તે પુરુષ સાથે ધન અર્થે કામભોગ કરે છે. વળી, ધન આપનાર વ્યક્તિને વચનથી પોતાના આત્મીયભાવો

બતાવે છે. વસ્તુતઃ તે સ્ત્રીના મનમાં પ્રીતિનું સ્થાન અન્ય કોઈ પુરુષ હોવા છતાં વચનથી ધન આપનાર પુરુષ પ્રત્યે પોતાનું સમર્પણ બતાવે છે. વળી, કાયાથી અન્ય ચેષ્ટા કરે છે અર્થાત્ ઇચ્છિત ધન ન મળે તો પોતાની અપ્રીતિ વ્યક્ત કરે છે. આવી સ્વાર્થી પ્રેમવાળી સ્ત્રીઓ કઈ રીતે સુખનો હેતુ થઈ શકે ? આ પ્રકારે ભાવન કરવાથી સ્વદારાસંતોષવ્રતવાળા શ્રાવકને કોઈક નિમિત્તે વેશ્યાના બાહ્ય સૌંદર્યને જોઈને કામની વ્યથા થતી હોય જેનાથી પોતાનું વ્રત મલિન થતું હોય તો તેવા શ્રાવકને પણ વેશ્યાની આ પ્રકારની સ્થિતિનું ભાવન કરવાથી કામવિકારો શાંત થાય છે. **॥૮૮॥**

**શ્લોક :-**

**मांसविश्रं सुरामिश्रमनेकविटचुम्बितम् ।**
**को वेश्यावदनं चुम्बेदुच्छिष्टमिव भोजनम् ।।८९।।**

**શ્લોકાર્થ :-**

**એંઠા ભોજન જેવા, માંસથી વિશ્ર=માંસથી ખરાબ ગંધવાળું, સુરાથી મિશ્ર=સુરાથી વ્યાપ્ત, અનેક ભોગી પુરુષોથી ચુંબિત એવા વેશ્યાના વદનને કોણ ચુંબન કરે ? ॥૮૯॥**

**ભાવાર્થ :-**

વિવેકસંપન્ન શ્રાવક સ્વદારાસંતોષવ્રતને ગ્રહણ કરીને કામના ઉદયને શાંત કરવા યત્ન કરતો હોય છતાં, સંપત્તિ હોય, યૌવન હોય અને કળામાં કુશળ એવી વેશ્યાઓના હાવભાવ જોઈને પોતાને કામવિકારો સતાવે નહીં તેના માટે ભાવન કરે છે કે જેમ સુંદર પણ ભોજન કોઈએ અડધું ખાઈને મૂકેલું હોય તેવા એંઠા ભોજનને કોઈક વિવેકી પુરુષ ખાવા ઇચ્છા કરતો નથી તેમ વેશ્યાનું મુખ અનેક ભોગી પુરુષોએ ચૂમ્યું છે, માટે તેને ભોગવવાનો વિચાર બુદ્ધિમાન પુરુષે કરવો ઉચિત નથી. વળી, વિચારે છે કે વેશ્યાઓ માત્ર બાહ્યસુખની ઇચ્છાવાળી હોય છે તેથી રસનેન્દ્રિયની લાલસાથી માંસ પણ ખાનારી હોય છે તેથી તેઓનું મુખ માંસભક્ષણને કારણે ખરાબ ગંધવાળું છે. વળી, સુરાનું પાન કરનાર હોવાથી મદિરાથી વ્યાપ્ત મુખવાળી છે. તેવી વેશ્યાને કોણ બુદ્ધિમાન પુરુષ ભોગવવા ઇચ્છા કરે ? આ પ્રકારે હૈયાને સ્પર્શે તે રીતે વેશ્યાના વાસ્તવિક સ્વરૂપનું ભાવન કરવાથી સ્વદારાસંતોષવાળા શ્રાવકો વેશ્યા તરફ જતા ચિત્તનું વારણ કરીને પોતાના વ્રતને મલિન થતાં અટકાવવાનો યત્ન કરે છે. **॥૮૯॥**

**શ્લોક :-**

**अपि प्रदत्तसर्वस्वात् कामुकात् क्षीणसम्पदः ।**
**वासोऽप्याच्छेत्तुमिच्छन्ति गच्छतः पण्ययोषितः ।।९०।।**

**શ્લોકાર્થ :-**

**ક્ષીણ સંપદાવાળા, પૂર્વમાં પોતાની સર્વ સંપત્તિ પણ આપી છે એવા ઘરે જતા કામી પુરુષ પાસેથી વસ્ત્રને પણ છીનવી લેવા માટે વેશ્યાઓ ઈચ્છે છે. ॥૯૦॥**

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવક કોઈ નિમિત્તથી વેશ્યા પ્રત્યે રાગ ન થાય જેથી સ્વદારાસંતોષવ્રતનું સમ્યગ્ રક્ષણ થઈ શકે તેના માટે વેશ્યાની વાસ્તવિક પ્રકૃતિનું સમાલોચન કરે છે, કે વેશ્યાઓ ધનને જ વરેલી છે. વળી, તેઓની પ્રત્યે કોઈ રાગવાળો પુરુષ પોતાનું સર્વ ધન વેશ્યાને આપી ચૂક્યો હોવાથી ક્ષીણ સંપદાવાળો થયેલો વેશ્યાથી તિરસ્કાર પામીને ઘરે જતો હોય ત્યારે પોતાના અવશેષ મૂલ્યને ગ્રહણ કરવા અર્થે તે પુરુષનાં મૂલ્યવાન વસ્ત્રોને પણ બળાત્કારે ગ્રહણ કરવાની વેશ્યા ઇચ્છા કરે છે. તેથી કૃતઘ્ન એવી તેઓ પ્રત્યે કોણ રાગ કરે ? આ પ્રકારે ભાવન કરવાથી દેહના સૌંદર્યને જોઈને તેના પ્રત્યે રાગનો પરિણામ થયો હોય તો તે નિવર્તન પામે છે. **॥૯૦॥**

**શ્લોક :-**

**न देवान्न गुरून्नापि सुहृदो न च बान्धवान् ।**
**असत्सङ्गरतिर्नित्यं वेश्यावश्यो हि मन्यते ।।९१।।**

**શ્લોકાર્થ :-**

**અસત્સંગમાં રતિવાળો વેશ્યાને વશ પુરુષ હંમેશાં દેવોને માનતો નથી, ગુરુને માનતો નથી, મિત્રોને માનતો નથી અને બાંધવોને પણ માનતો નથી. ॥૯૧॥**

**ભાવાર્થ :-**

સ્વદારાસંતોષવ્રતવાળા શ્રાવકને વેશ્યા પ્રત્યે કામવૃત્તિ ન થાય તે અર્થે વિચારે છે કે જે જીવો વેશ્યાને વશ છે તેઓ વેશ્યાની પાસે આવનારા અસત્પુરુષોની સાથે સંગની રતિવાળા બને છે. જેના કારણે તેવા અસત્પુરુષોના પરિચયને કારણે સારો પણ જીવ અસત્પુરુષ જેવી પ્રકૃતિવાળો બને છે જેના કારણે દેવપ્રત્યેની અને ગુરુ પ્રત્યેની પૂજ્યબુદ્ધિ નાશ પામે છે. વળી, જે પોતાના સુંદર મિત્રો છે તેને પણ તે માનતો નથી પરંતુ દુર્જનના સહવાસથી તેઓની ઉપેક્ષા કરે છે અને હિતને કહેનારા બંધુવર્ગોની પણ ઉપેક્ષા કરે છે. તેથી વિવેકીએ વેશ્યાના સંગનો અત્યંત ત્યાગ કરવો જોઈએ. **॥૯૧॥**

**શ્લોક :-**

**कुष्ठिनोऽपि स्मरसमान् पश्यन्तीं धनकाङ्क्षया ।**
**तन्वन्तीं कृत्रिमस्नेहं निःस्नेहां गणिकां त्यजेत् ।।९२।।**

**શ્લોકાર્થ :-**

**ધનની કાંક્ષાથી કોઢવાળાને પણ કામદેવ સમાન જોતી, કૃત્રિમ સ્નેહને બતાવતી સ્નેહ વગરની ગણિકાને વિવેકી પુરુષ ત્યાગ કરે. ॥૯૨॥**

**ભાવાર્થ :-**

વળી, શ્રાવક વેશ્યા પ્રત્યે પોતાના વલણના તિરોધાન અર્થે ભાવન કરે છે કે જે વેશ્યા ધન ખાતર કુષ્ઠરોગીવાળાને પણ કામદેવ સમાન માનીને કૃત્રિમ સ્નેહ બતાવે છે વસ્તુતઃ તેના રૂપને જોઈને લેશ પણ તેના પ્રત્યે જેને સ્નેહ નથી પરંતુ માત્ર ધનના લોભથી સ્નેહ બતાવે છે તેવી સ્વાર્થી વેશ્યાને કોણ બુદ્ધિમાન પુરુષ સ્વીકારે ? આ પ્રકારે ભાવન કરીને વેશ્યાનો ત્યાગ કરે. **॥૯૨॥**

**અવતરણિકા :-**

**આ રીતે સ્વદારાસંતુષ્ટ શ્રાવકને વેશ્યાના ગમનમાં દોષો બતાવાયા. હવે, પરદારાગમનના દોષોને કહે છે –**

**શ્લોક :-**

**नाऽऽसक्त्या सेवनीया हि स्वदारा अप्युपासकैः ।**
**आकरः सर्वपापानां किं पुनः परयोषितः ।।९३।।**

**શ્લોકાર્થ :-**

**ઉપાસક એવા શ્રાવકે પોતાની સ્ત્રી પણ આસક્તિથી સેવવી જોઈએ નહીં. શું વળી, પરસ્ત્રી બધાં પાપોની ખાણ ? અર્થાત્ પરસ્ત્રીનો અત્યંત પરિહાર કરવો જોઈએ. ॥૯૩॥**

**ભાવાર્થ :-**

શ્રાવકો સર્વવિરતિની લાલસાના પરિણામવાળા હોવાથી ગૃહસ્થ અવસ્થામાં પણ તેઓનો વૈરાગ્યનો પરિણામ અતિશયિત થયેલો હોય છે તેથી શ્રાવકોને સાધુધર્મના ઉપાસક કહેવાય છે. વળી, જેઓ સાધુધર્મના ઉપાસક હોય તેઓ વારંવાર મૈથુનની અનર્થકારિતાનું ભાવન કરીને વિકારોથી પર થવા યત્ન કરે છે. પરંતુ જ્યારે કામની અનર્થકારિતાનું ભાવન કરવા છતાં વિકારો શાંત ન થાય ત્યારે અત્યંત આસક્તિ ન થાય તે રીતે સ્વસ્ત્રીનું સેવન કરે છે જેથી કામજ્વરની વિહ્વળતા શાંત થાય અને સ્વસ્થ થયેલું ચિત્ત હિતમાં પ્રવૃત્તિ કરી શકે. આવા વિવેકસંપન્ન શ્રાવકો સર્વપાપોનું સ્થાન એવી પરસ્ત્રીનું કઈ રીતે સેવન કરે ? અર્થાત્ કરે નહીં; કેમ કે પરસ્ત્રીનો સંગ કરવામાં પોતાના પાપને ગુપ્ત રાખવા માટે માયામૃષાવાદ આદિ દોષોની પ્રાપ્તિ થાય અને તે સ્ત્રીના પતિ આદિ સાથે વેરના અનુબંધો થાય. માટે વર્તમાનના ભવમાં પણ પરસ્ત્રી સાથે સંબંધ રાખવાથી અનેક ઉપદ્રવો થવાના પ્રસંગો થાય છે. વળી, ચિત્તમાં તે સર્વ ક્લેશોની ઉપેક્ષા કરીને કામ સેવવાની ઉત્કટ રુચિ જેટલી અતિશયિત થાય તેટલા ક્લિષ્ટ અધ્યવસાયથી અનર્થકારી ક્લિષ્ટ કર્મો બંધાય છે. માટે પણ વિવેકીપુરુષે પરસ્ત્રીના ગમનનું વારણ કરવું જોઈએ. **॥૯૩॥**

**અવતરણિકા :-**

**પરસ્ત્રીના પાપકર્મને જ બતાવે છે અર્થાત્ જે પરસ્ત્રી પોતાની સાથે રહેવા તૈયાર થાય તે પાપી છે એ પ્રમાણે બતાવે છે –**

**શ્લોક :-**

**स्वपतिं या परित्यज्य निस्त्रपोपपतिं भजेत् ।**
**तस्यां क्षणिकचित्तायां विश्रम्भः कोऽन्ययोषिति ।।९४।।**

**શ્લોકાર્થ :-**

**સ્વપતિને છોડીને નિર્લજ્જ એવી જે સ્ત્રી ઉપપતિને=અન્ય પુરુષને, સ્વીકારે છે. ક્ષણિક ચિત્તવાળી એવી તે અન્ય સ્ત્રીમાં કોણ વિશ્વાસ કરે ? અર્થાત્ કોઈ વિવેકીપુરુષ વિશ્વાસ કરે નહીં. ॥૯૪॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સંપૂર્ણ વેદ રહિત થવાના અર્થી છે અને તેની પ્રાપ્તિનો ઉપાય પૂર્ણ બ્રહ્મગુપ્તિ છે. આમ છતાં પૂર્ણ બ્રહ્મગુપ્તિને પાળવાનું સામર્થ્ય પોતાનામાં ન હોવાથી શક્તિસંચય અર્થે પોતાની સ્ત્રીમાં પણ આસક્તિનો પરિહાર કરીને બ્રહ્મગુપ્તિની શક્તિનો સંચય કરે છે. પરંતુ સત્તામાં અબ્રહ્મના સંસ્કારો પડ્યા છે અને અબ્રહ્મનું આપાદક વેદ મોહનીયકર્મ વિદ્યમાન છે તેથી જેમ ખાદ્યપદાર્થમાં એક વસ્તુથી તૃપ્તિ થતી નથી પરંતુ અન્ય અન્ય સ્વાદનો અભિલાષ થાય છે તેમ વેદના ઉદયથી પણ સ્વસ્ત્રી માત્રથી સંતોષ ન થાય તો પરસ્ત્રીના પરિચયને કારણે કે દર્શનને કારણે અભિલાષ થઈ શકે અને તે પરસ્ત્રી પણ પોતાના પ્રત્યે અભિલાષવાળી થાય તો પરસ્ત્રીવિરમણ વ્રત દૂષિત થાય. તેથી વિવેકી શ્રાવક વિચાર કરે છે કે જે નિર્લજ્જ સ્ત્રી પોતાના પતિને છોડીને મને સ્વીકારવા તૈયાર થઈ છે તેવી ક્ષણિક ચિત્તવાળી તે સ્ત્રી ક્યારેક મને પણ તે રીતે જ દ્રોહ કરીને અન્ય પ્રત્યે રાગવાળી થઈ શકે છે. માટે આવી સ્ત્રીનો ક્યારેય વિશ્વાસ કરાય નહીં. એ પ્રકારે ભાવન કરીને શ્રાવક પોતાના આત્માને સદા ભાવિત કરે જેથી નિમિત્તને પામીને પરસ્ત્રી પ્રત્યે ઈષદ્ પણ અભિમુખભાવ થઈ શકે નહીં અને થયો હોય તો તત્કાળ નિવર્તન પામે. **॥૯૪॥**

**અવતરણિકા :-**

**હવે, પરસ્ત્રીમાં પ્રસક્ત એવા પુરુષને અનુશાસન આપે છે –**

**શ્લોક :-**

**भीरोराकुलचित्तस्य दुःस्थितस्य परस्त्रियाम् ।**
**रतिर्न युज्यते कर्तुमुपसूनं पशोरिव ।।९५।।**

**શ્લોકાર્થ :-**

**ઉપસૂન એવા પશુ જેવા=કતલખાના પાસે રહેલા વધ્યપશુ જેવા, દુઃસ્થિત, ભીરુ, આકુલચિત્તવાળા એવા પુરુષને પરસ્ત્રીમાં રતિ કરવી યોગ્ય નથી. ॥૯૫॥**

**ભાવાર્થ :-**

જે જીવોને પરસ્ત્રીમાં રતિ હોય છે તેને તે સ્ત્રીના પતિ તરફથી કે સ્વજનાદિ તરફથી સદા ભય રહે છે. આથી જ આવા જીવો સદા વ્યાકુળ ચિત્તવાળા હોય છે અને ખરાબ સ્થિતિવાળા હોય છે; કેમ કે જો કોઈ પોતાનું અકાર્ય જુએ તો તેનાથી રક્ષણ કરવા માટે કોઈ ઉપાય નથી. માટે તેવા ગૃહસ્થની સ્થિતિ કતલખાનામાં વધ માટે મુકાયેલા પશુ જેવી છે. તેથી જો પોતાનું અકાર્ય પ્રગટ થાય તો અનેક પ્રકારની વિડંબના તે જીવને પ્રાપ્ત થાય તેવી સ્થિતિ પરસ્ત્રીમાં લંપટ પુરુષની હોય છે. આમ વિચારીને વિવેકી શ્રાવકે વિચારવું જોઈએ કે વર્તમાનમાં પણ અનેક પ્રકારના અનર્થોનું કારણ પરસ્ત્રી વિષયક ઇચ્છા છે માટે મારે પરસ્ત્રીમાં રતિ કરવી જોઈએ નહીં. આ રીતે જે શ્રાવક પરસ્ત્રીના પરિણામથી થતા તત્કાલના અનર્થોનું પણ અત્યંત ભાવન કરે તો તેને નિમિત્તને પામીને પરસ્ત્રી વિષયક અભિલાષ ઉદ્ભવ પામે નહીં અને જો આ રીતે ભાવન કરીને આત્માને તેનાથી થતા અનર્થોથી ભાવિત ન કર્યો હોય તો ઇચ્છાને વશ થઈને મૂઢની જેમ પ્રવૃત્તિ થાય છે જેના ફળરૂપે અનર્થોની પરંપરા ઊભી થાય છે અને અનેક પ્રકારના ક્લેશોની પ્રાપ્તિ થાય છે. **॥૯૫॥**

**અવતરણિકા :-**

**તે કારણથી=પૂર્વ શ્લોકોમાં પરસ્ત્રી પ્રત્યેના રાગથી શું શું અનર્થો થાય છે તે બતાવ્યું તે કારણથી, શ્રાવકે શું કરવું જોઈએ તે બતાવે છે –**

**શ્લોક :-**

**प्राणसन्देहजननं परमं वैरकारणम् ।**
**लोकद्वयविरुद्धं च परस्त्रीगमनं त्यजेत् ।।९६।।**

**શ્લોકાર્થ :-**

**પ્રાણના સંદેહનું જનક, પરમ વૈરનું કારણ=અન્ય જીવો સાથે પ્રકૃષ્ટ વૈરનું કારણ, લોકદ્વયવિરુદ્ધ= આલોક અને પરલોકને અહિત કરનાર એવું પરસ્ત્રીગમન શ્રાવકે ત્યાગ કરવું જોઈએ. ॥૯૬॥**

**ભાવાર્થ :-**

શ્રાવક પરસ્ત્રી પ્રત્યેનો વિકાર ઉદ્ભવ ન થાય એ અર્થે વિચારે છે કે જો વિકારને વશ થઈને હું અકાર્ય કરીશ તો તેના સ્વજનાદિ દ્વારા મારા પ્રાણ નાશ થવાનો પણ સંભવ છે. વળી, આ કરાયેલું અકાર્ય પરસ્ત્રીના સ્વજનો વગેરે સાથે પ્રકૃષ્ટ વૈરનું કારણ બને છે; કેમ કે તેઓને ખ્યાલ આવે કે આ પુરુષ પોતાની પત્ની સાથે સંબંધ ધરાવે છે તો તેઓ સર્વ પોતાની સાથે શત્રુભાવવાળા થાય છે. વળી, પરસ્ત્રીગમન આ લોકમાં પણ અનર્થકારી છે અને પરલોકમાં પણ અનર્થકારી છે. માટે ઉભયલોકમાં અહિત કરનાર લોકદ્વયવિરુદ્ધ પરસ્ત્રીગમનનો ત્યાગ કરવો જોઈએ. આ પ્રકારે અત્યંત ભાવન કરીને શ્રાવક પોતાના કામવિકારને નિયંત્રિત કરવા યત્ન કરે છે. **॥૯૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૯૬માં કહ્યું કે પરસ્ત્રીગમન લોકદ્વયવિરુદ્ધ છે. એ વિશેષણ સ્પષ્ટ છે તેને સ્પષ્ટ કરવાર્થે કહે છે –**

**શ્લોક :-**

**सर्वस्वहरणं बन्धं शरीरावयवच्छिदाम् ।**
**मृतश्च नरकं घोरं लभते पारदारिकः ।।९७।।**

**શ્લોકાર્થ :-**

**પારદારિક=પરસ્ત્રીમાં લંપટ એવો જીવ, સર્વસ્વના હરણને, બંધનને, શરીરના અવયવોના છેદોને અને મરેલો છતો ઘોર નરકને પ્રાપ્ત કરે છે. ॥૯૭॥**

**ભાવાર્થ :-**

વેદનો ઉદય નિયંત્રિત કરવો વિવેકીને પણ દુષ્કર હોય છે તેથી પરસ્ત્રી પ્રત્યે વિકાર ન થાય તે અર્થે વિવેકી શ્રાવક આ લોક અને પરલોકના અનર્થો પરસ્ત્રીલંપટને કઈ રીતે થઈ શકે છે તેનું ભાવન કરતાં વિચારે છે કે પરસ્ત્રીમાં આસક્ત પુરુષ કોઈક રીતે લોકમાં પ્રગટ થાય તો તેના અકાર્યને કારણે રાજાદિ તેના સર્વસ્વનું હરણ કરે છે, તેને બંધનમાં નાખે છે અને તે અનુચિત કૃત્યોને સ્મૃતિમાં રાખીને તેના શરીરના અવયવોના છેદનને કરે છે. આ પ્રકારના આ લોકના અનર્થો પરસ્ત્રીગમનથી થાય છે. વળી, કામાસક્ત જીવ ક્લિષ્ટ અધ્યવસાયને કારણે મરીને ઘોર અનર્થો પ્રાપ્ત કરીને નરકને પ્રાપ્ત કરે છે. આ પ્રકારે પુનઃ પુનઃ ભાવન કરીને વિવેકી શ્રાવક વેદશક્તિને ક્ષીણ કરે છે. બ્રહ્મગુપ્તિની શક્તિનો સંચય કરે છે અને સર્વવિરતિ પ્રત્યેના બદ્ધરાગને પુષ્ટ કરીને વિરતિનો રાગ પણ અતિશયિત કરે છે. તેથી સંપૂર્ણ વિકાર વગરની સંયમની અવસ્થા પ્રાપ્ત થાય. **॥૯૭॥**

**અવતરણિકા :-**

**ઉપપત્તિપૂર્વક પરસ્ત્રીગમનના પ્રતિષેધને કહે છે=પરસ્ત્રીગમનમાં ચિત્તની વિહ્વળતા છે એ પ્રકારના અનુભવપૂર્વક પરસ્ત્રીગમનના પ્રતિષેધને બતાવે છે –**

**શ્લોક :-**

**स्वदाररक्षणे यत्नं विदधानो निरन्तरम् ।**
**जानन्नपि जनो दुःखं परदारान् कथं व्रजेत् ।।९८।।**

**શ્લોકાર્થ :-**

**સ્વદારાના રક્ષણમાં નિરંતર યત્નને કરતો, દુઃખને જાણતો પણ=પોતાના અનુભવના બળથી પરના દુઃખને જાણતો પણ, પુરુષ પરદારાને કેવી રીતે સેવે ? ॥૯૮॥**

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવક પોતાની સ્ત્રી પરપુરુષમાં રાગવાળી ન થાય એ પ્રકારે સતત તેનું રક્ષણ કરે છે અને કોઈક રીતે અન્ય પ્રત્યે રાગવાળી થાય ત્યારે પોતે દુઃખી થાય છે એમ સ્વાનુભવથી જાણે છે. તેથી વિવેકી શ્રાવકે વિચારવું જોઈએ કે જેમ મારી સ્ત્રી અન્યમાં રાગવાળી થાય તો મારા દુઃખનું કારણ છે તેમ હું પરદારાને સેવું તો તેના પતિ આદિને દુઃખનું કારણ થાય. તેથી કોઈને પીડા ઉત્પન્ન કરે તેવી પ્રવૃત્તિ મારાથી કઈ રીતે થઈ શકે ? અર્થાત્ તેવી પ્રવૃત્તિ મારે કરવી ઉચિત નથી. આ પ્રકારે વારંવાર ભાવન કરીને પોતાના દયાળુ પરિણામના બળથી પણ વિવેકી શ્રાવક પરસ્ત્રી પ્રત્યે રાગને દૂર કરવા માટે યત્ન કરે છે અને રાગ થવાની સંભાવના હોય ત્યારે પણ આ રીતે ભાવન કરીને પરસ્ત્રી પ્રત્યેના રાગને ઉદ્ભવ થતો હોય ત્યારે જ અવરોધ કરે છે. **॥૯૮॥**

**અવતરણિકા :-**

**પરસ્ત્રીમાં રમણતા તો દૂર રહો પરંતુ પરસ્ત્રીની ઈચ્છામાત્રથી પણ મોટા અનર્થો થાય છે એને કહે છે —**

**શ્લોક :-**

**विक्रमाक्रान्तविश्वोऽपि परस्त्रीषु रिरंसया ।**
**कृत्वा कुलक्षयं प्राप नरकं दशकन्धरः ।।९९।।**

**શ્લોકાર્થ :-**

**વિક્રમથી=પરાક્રમથી, આક્રાંત વિશ્વવાળો પણ દશકન્ધર=રાવણ, પરસ્ત્રીઓમાં રિરંસાથી= ઈચ્છાથી, કુલક્ષયને કરીને નરકને પામ્યો. ॥૯૯॥**

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવક કામવૃત્તિને અત્યંત ક્ષીણ કરવા અર્થે ભાવન કરે છે કે મહાપરાક્રમવાળો ત્રણખંડનો સ્વામી એવો રાવણ પરસ્ત્રીને ભોગવ્યા વગર ઇચ્છામાત્રથી પોતાના કુલક્ષયનું કારણ બન્યો; કેમ કે કામાદિ દ્વારા તેના કુલનો નાશ કરાયો અને અંતે નરકને પામ્યો. તેથી જો શરીરબળથી સમર્થ રાવણ પણ વર્તમાનના ભવમાં અને પરલોકમાં પરસ્ત્રીની ઇચ્છામાત્રથી અનર્થોને પ્રાપ્ત કરી શકે છે તો મારા માટે પણ પરસ્ત્રી પ્રત્યેનો રાગ આ રીતે જ વિનાશનું કારણ બનશે એમ ભાવન કરીને પરસ્ત્રી પ્રત્યેના રાગને ઉદ્ભવ થતો અવરોધ કરવા શ્રાવક યત્ન કરે છે. **॥૯૯॥**

**અવતરણિકા :-**

**તે કારણથી=પરસ્ત્રીની ઈચ્છામાત્રથી વિનાશની પરંપરા થાય છે તે કારણથી, શું ? તે શ્લોકમાં બતાવે છે —**

શ્લોક :-

लावण्यपुण्यावयवां पदं सौन्दर्यसम्पदः ।
कलाकलापकुशलामपि जह्यात् परस्त्रियम् ।।१००।।

શ્લોકાર્થ :-

**લાવણ્યપુણ્યના અવયવવાળી, સૌંદર્યની સંપદાનું સ્થાન, કલાના સમૂહમાં કુશળ પણ પરસ્ત્રીનો વિવેકીપુરુષે ત્યાગ કરવો જોઈએ. ।।૧૦૦।।**

ભાવાર્થ :-

કોઈક સ્ત્રી અતિલાવણ્યવાળી હોય, તેના શરીરના દરેક અવયવો પ્રમાણોપેત હોય, સૌંદર્યનું સ્થાન હોય, અનેક કળામાં કુશળ હોય તોપણ વિવેકી શ્રાવકે પરસ્ત્રીથી થતા અનર્થોનું ભાવન કરીને તેનો ત્યાગ કરવો જોઈએ. આ પ્રકારે પુનઃ પુનઃ ભાવન કરીને બુદ્ધિમાન પુરુષ અનાદિથી સુષુપ્ત વિકારોને તે રીતે શાંત કરે છે કે જેથી સર્વ પ્રકારની સુંદર સ્ત્રી સન્મુખ થયેલી હોય તોપણ ઇચ્છા માત્ર થાય નહીં. **॥૧૦૦॥**

અવતરણિકા :-

**પરસ્ત્રીગમનના દોષોને કહીને પરસ્ત્રીથી વિરતિવાળા મહાત્માઓની પ્રશંસા કરે છે –**

શ્લોક :-

अकलङ्कमनोवृत्तेः परस्त्रीसन्निधावपि ।
सुदर्शनस्य किं ब्रूमः सुदर्शनसमुन्नतेः ? ।।१०१।।

શ્લોકાર્થ :-

**પરસ્ત્રીની સન્નિધિમાં પણ અકલંક મનોવૃત્તિવાળા સુંદર દર્શનની સમુન્નતિ છે જેનાથી એવા સુદર્શનની અમે શું સ્તુતિ કરીએ ? ।।૧૦૧।।**

ભાવાર્થ :-

અતિરૂપસંપન્ન અને પોતાનામાં રાગવાળી એવી પરસ્ત્રી કામની માગણી કરે છે છતાં જેના મનમાં લેશ પણ પરસ્ત્રી પ્રત્યે કામવૃત્તિ નથી તેવા નિર્મળ મનોવૃત્તિવાળા સુદર્શન નામના શ્રાવકે પોતાના પરસ્ત્રીગમન વિરમણવ્રતને નિર્મળ પાળીને શાસનની ઘણી પ્રભાવના કરી તેવા સુદર્શન શેઠની અમે શું સ્તુતિ કરીએ ? અર્થાત્ આ મહાસાત્ત્વિક પુરુષ અત્યંત સ્તુતિપાત્ર છે. આ પ્રકારે ભાવન કરીને ઉત્તમ એવા સુદર્શન શ્રાવક તુલ્ય થવા માટે શ્રાવક તેમના ગુણોથી આત્માને ભાવિત કરે છે જેથી બલવાન નિમિત્તને પામીને પણ મહાશ્રાવક એવા સુદર્શન શ્રાવકની જેમ પોતે પણ નિર્મળ મનોવૃત્તિવાળા થઈ શકે. **॥૧૦૧॥**

**અવતરણિકા :-**

**ધર્મકૃત્યમાં પુરુષ જ અધિકારી નથી પરંતુ સ્ત્રીઓનો પણ અધિકાર છે; કેમ કે ચાર વર્ણવાળા સંઘમાં=સાધુ, સાધ્વી આદિરૂપ સંઘમાં, તેઓનું પણ=સ્ત્રીઓનું પણ, અંગભૂતપણું છે. તેથી પુરુષને પરસ્ત્રીના પ્રતિષેધની જેમ સ્ત્રીઓને પણ પરપુરુષના ગમનનો પ્રતિષેધ કરે છે –**

**શ્લોક :-**

**ऐश्वर्यराजराजोऽपि रूपमीनध्वजोऽपि च ।**
**सीतया रावण इव त्याज्यो नार्या नरः परः ।।१०२।।**

**શ્લોકાર્થ :-**

**ઐશ્વર્યના રાજરાજવાળો પણ=મોટો રાજવી પણ, રૂપથી મકરધ્વજ પણ=કામદેવ જેવો પણ, રાવણ સીતા વડે જેમ ત્યાગ કરાયો તેમ નારી વડે પરપુરુષનો ત્યાગ કરાવો જોઈએ. ।।૧૦૨।।**

**ભાવાર્થ :-**

શ્રાવકની જેમ શ્રાવિકાઓને પણ પરપુરુષ પ્રત્યે રાગ ન થાય તે પ્રકારે દૃઢ ઉદ્યમ કરવા અર્થે શું ભાવન કરવું જોઈએ તે બતાવતાં કહે છે –

રાવણ મહા ઐશ્વર્યથી યુક્ત હતો. વળી, રૂપમાં પણ કામદેવ જેવો હતો જેથી તેના રૂપને અને તેના ઐશ્વર્યને જોઈને સ્ત્રીને સહજ રાગ થાય છતાં શીલ પ્રત્યેના બદ્ધરાગવાળી સીતાએ જેમ રાવણનો કાયાથી સ્વીકાર કર્યો નહીં પરંતુ મનથી પણ સ્વીકાર કર્યો નહીં તેમ સ્ત્રીઓએ પણ પરપુરુષ વિષયક સહેજ પણ અભિલાષ ન થાય તે પ્રકારે ચિત્તને સંવૃત રાખવા અર્થે વારંવાર દુઃશીલપણાના અનર્થોનું ભાવન કરીને શીલ પ્રત્યેનો તે પ્રકારે બદ્ધરાગ ઉલ્લસિત કરવો જોઈએ જેથી જીવનના પ્રારંભથી માંડીને જીવનના અંત સુધી ક્યારેય મનથી પણ શીલ પ્રત્યેનો પક્ષપાત ક્ષીણ થઈને વિકારનો ઉદ્ભવ થાય નહીં. આથી જ કુલીન સ્ત્રીઓ સદા તે પ્રકારે આત્માને પ્રતિદિન ભાવિત કરીને યત્ન કરે છે જેથી સીતાની જેમ નિમિત્તને પામીને પરપુરુષ પ્રત્યે મનથી પણ રાગ થાય નહીં. **।।૧૦૨।।**

**અવતરણિકા :-**

**સ્ત્રી અને પુરુષ બંનેના પણ પરકાંતાની આસક્તિપણાના ફળને કહે છે –**

**શ્લોક :-**

**नपुंसकत्वं तिर्यक्त्वं दौर्भाग्यं च भवे भवे ।**
**भवेन्नराणां स्त्रीणां चान्यकान्तासक्तचेतसाम् ।।१०३।।**

**શ્લોકાર્થ :-**

**અન્ય સ્ત્રીમાં આસક્ત ચિત્તવાળા પુરુષોને અને અન્યકાંતમાં આસક્ત ચિત્તવાળી સ્ત્રીઓને ભવોભવમાં=ઘણા જન્મોમાં, નપુંસકપણું, તિર્યંચપણું અને દૌર્ભાગ્ય પ્રાપ્ત થાય છે. ||૧૦૩||**

**ભાવાર્થ :-**

જે પુરુષો અન્ય સ્ત્રીઓમાં આસક્ત ચિત્તવાળા છે અને જે સ્ત્રીઓ અન્ય પુરુષમાં આસક્ત ચિત્તવાળી છે તેઓને ઘણા ભવો સુધી નપુંસકપણું, તિર્યંચપણું અને દૌર્ભાગ્ય પ્રાપ્ત થશે. આ પ્રકારે કામાસક્ત ચિત્તના અધ્યવસાયજન્ય કટુફળોનું ભાવન કરીને સ્ત્રીઓ અને પુરુષો પોતાના સ્વીકારાયેલા દેશથી બ્રહ્મચર્યવ્રતને સ્થિર કરવા યત્ન કરે છે; કેમ કે નિમિત્તોને પામીને તે તે પ્રકારના વિકારો થતા હોય તેનું રક્ષણ કરવાનો ઉપાય તેના અનર્થકારી ફળોનું અત્યંત સ્મરણ થાય તે પ્રકારે ભાવન જ છે. તેથી વિવેકસંપન્ન શ્રાવક કે શ્રાવિકા હંમેશાં ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા હોવાથી "આ પ્રકારની આસક્તિનું ફળ આવું અનર્થકારી છે તેમ ભગવાનનું વચન કહે છે" તેનું સ્મરણ થાય ત્યારે તે આસક્તિ ચિત્તમાં અંતરંગ રીતે વિદ્યમાન હોવા છતાં વિરુદ્ધ ભાવનને કારણે પ્રજ્વલિત થતી નથી પરંતુ પુનઃ પુનઃ ભાવનને કારણે તે આસક્તિ જ ક્ષીણ ક્ષીણતર થાય છે જેથી તે પ્રકારના વિકારોનો અત્યંત રોધ પણ પ્રાપ્ત થાય છે. **||૧૦૩||**

**અવતરણિકા :-**

**અબ્રહ્મની નિંદા કરીને બ્રહ્મચર્યના જ આ લોકના ગુણને કહે છે –**

**શ્લોક :-**

**प्राणभूतं चरित्रस्य परब्रह्मैककारणम् ।**
**समाचरन् ब्रह्मचर्यं पूजितैरपि पूज्यते ।।१०४।।**

**શ્લોકાર્થ :-**

**પરબ્રહ્મનું એક કારણ=સંપૂર્ણ વિકાર વગરની અવસ્થારૂપ મોક્ષનું એક કારણ, ચારિત્રના પ્રાણભૂત=દેશચારિત્ર અને સર્વચારિત્રના પ્રાણભૂત, બ્રહ્મચર્યને આચરતો પુરુષ પૂજિત એવા દેવાદિ દ્વારા પૂજાય છે. ||૧૦૪||**

**ભાવાર્થ :-**

સંપૂર્ણ કર્મકૃત વિકાર વગરની અવસ્થા પરબ્રહ્મ સ્વરૂપ છે અને સર્વથા વિકાર વગરના સિદ્ધના જીવો છે અને તેવી અવસ્થાનું એક કારણ બ્રહ્મચર્ય છે. આ રીતે વિવેકસંપન્ન શ્રાવક હંમેશાં સ્મરણ કરીને તેવા બ્રહ્મચર્યને પોતાની શક્તિ અનુસાર સેવીને પરમબ્રહ્મ સ્વરૂપ થવાના એક પ્રતિસંધાનવાળા હોય છે. તેથી શ્રાવકનું દેશથી બ્રહ્મચર્યનું પાલન પરમબ્રહ્મનું એક કારણ છે અને દેશથી કે સર્વથી પોતાના આત્મામાં ચરવા સ્વરૂપ ચારિત્રનું પ્રાણભૂત બ્રહ્મચર્ય છે. તેથી જે શ્રાવક કે સાધુ પરમબ્રહ્મના અર્થી થઈને સ્વભૂમિકાનુસાર બ્રહ્મચર્યનું પાલન કરીને પરમબ્રહ્મ સ્વરૂપ થવા માટે મહાપરાક્રમ કરી રહ્યા છે તેવા ઉત્તમપુરુષો દેવતાઓથી

પણ પૂજાય છે. તેથી સામાન્ય લોકથી પૂજાતા એવા દેવતાદિ કે ચક્રવર્તી આદિ પણ તેવા વિવેકી બ્રહ્મચારીની પૂજા કરીને પોતાનો ભવ સફળ માને છે. તેથી બ્રહ્મચર્ય એ આત્માની ઉત્તમ ગુણસંપત્તિ છે એ પ્રકારે ભાવન કરીને વિવેકસંપન્ન શ્રાવક સ્વભૂમિકાનુસાર બ્રહ્મચર્ય સ્વીકારે છે અને પ્રસ્તુત શ્લોકમાં કહેલ તેના ગુણનું નિત્ય સ્મરણ કરે છે જેથી સ્વીકારાયેલું બ્રહ્મચર્ય ઉત્તરોઉત્તર દૃઢપ્રણિધાનવાળું થઈને મોક્ષરૂપ ફળમાં પર્યવસન પામે. **॥૧૦૪॥**

**અવતરણિકા :-**

**બ્રહ્મચર્યના પારલૌકિક ગુણને કહે છે –**

**શ્લોક :-**

**चिरायुषः सुसंस्थाना दृढसंहनना नराः ।**
**तेजस्विनो महावीर्या भवेयुर्ब्रह्मचर्यतः ।।१०५।।**

**શ્લોકાર્થ :-**

**બ્રહ્મચર્યથી મનુષ્યો ચિરાયુષવાળા=અન્ય જન્મમાં દીર્ઘ આયુષ્યવાળા, સુંદર સંસ્થાનવાળા, દૃઢ સંઘયણવાળા, તેજસ્વી, મહાવીર્યવાળા થાય છે. ॥૧૦૫॥**

**ભાવાર્થ :-**

જેઓ પોતાની શક્તિનું સમ્યગ્ સમાલોચન કરીને પરમબ્રહ્મ સ્વરૂપ મોક્ષનું અને તેના પ્રબળ અંગભૂત પૂર્ણ બ્રહ્મચર્યનું નિત્ય સ્મરણ કરીને પોતાની શક્તિ અનુસાર દેશથી કે સર્વથી સુવિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરે છે તેઓ તે સુવિશુદ્ધ બ્રહ્મચર્યના પાલનના ફળ સ્વરૂપે દેવગતિમાં લાંબા આયુષ્યવાળા થાય છે, સુંદર સંસ્થાનવાળા થાય છે અને મનુષ્યભવને પામે ત્યારે દૃઢ સંઘયણવાળા થાય છે. વળી, દેવભવમાં કે મનુષ્યભવમાં હોય ત્યારે તેજસ્વી અને મહાવીર્યવાળા થાય છે. આ પ્રકારે બ્રહ્મચર્યનું પરલોકમાં પ્રાપ્ત થતું શ્રેષ્ઠ ફળ ભાવન કરીને વિવેકસંપન્ન શ્રાવક તે ફળથી આત્માને તે રીતે અત્યંત વાસિત કરે છે જેથી તે ઉત્તમફળના સ્મરણને કારણે દુષ્કર બ્રહ્મચર્ય પણ સુખપૂર્વક સેવી શકે તેવા બળવાળા થાય છે; કેમ કે ભગવાનના વચનમાં સ્થિર વિશ્વાસ હોવાથી ભગવાનના વચનના બળથી બ્રહ્મચર્યનાં શ્રેષ્ઠફળોના સ્મરણને કારણે તે બ્રહ્મચર્ય પ્રત્યે થયેલા દૃઢ પક્ષપાતથી નિમિત્તોને પામીને પણ સ્ખલના ન પામે તેવા સ્થિર પરિણામવાળા શ્રાવક થાય છે. **॥૧૦૫॥**

**અવતરણિકા :-**

**હવે મૂર્ચ્છાના ફળને બતાવતાં તેના નિયંત્રણરૂપ પાંચમા અણુવ્રતને કહે છે –**

**શ્લોક :-**

**असन्तोषमविश्वासमारम्भं दुःखकारणम् ।**
**मत्वा मूर्च्छाफलं कुर्यात् परिग्रहनियन्त्रणम् ।।१०६।।**

**શ્લોકાર્થ :-**

**દુઃખનાં કારણ અસંતોષ, અવિશ્વાસ અને આરંભ મૂર્ચ્છાનું ફળ છે એમ જાણીને પરિગ્રહના નિયંત્રણને શ્રાવક કરે. ।।૧૦૬।।**

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવક તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિવાળા હોય છે તેથી સંપૂર્ણ મૂર્ચ્છા રહિત વીતરાગ થવામાં એક ઉદ્યમવાળા મુનિના ચિત્તને સુખનું કારણ માને છે પરંતુ પોતાને દેહ પ્રત્યે, ધન પ્રત્યે મૂર્ચ્છા છે તેથી જ મુનિની જેમ સંપૂર્ણ નિર્મમ થઈને સંયમમાં ઉદ્યમ કરવા સમર્થ નથી તોપણ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને વિચારે છે કે મૂર્ચ્છાનું ફળ આત્મામાં વર્તતો અસંતોષ, અવિશ્વાસ અને આરંભ છે અને આત્મા માટે અસંતોષાદિ દુઃખનાં કારણ છે. માટે શ્રાવક મૂર્ચ્છાને ક્ષીણ કરવા અર્થે પરિગ્રહનું નિયંત્રણ કરે છે.

આશય એ છે કે જેને દેહ પ્રત્યે અને બાહ્યપદાર્થ પ્રત્યે મૂર્ચ્છા છે તેને જ બાહ્યપદાર્થની પ્રાપ્તિમાં અસંતોષ થાય છે. આથી જ દેહ પ્રત્યે મૂર્ચ્છા વગરના સુસાધુને કોઈ બાહ્યપદાર્થની અપ્રાપ્તિમાં અસંતોષ થતો નથી પરંતુ આત્માની ગુણસમૃદ્ધિમાં જ સંતોષ છે તેથી તેની વૃદ્ધિના ઉપાયરૂપે આહારવસ્ત્રાદિ ગ્રહણ કરે છે. જ્યારે ગૃહસ્થને ધનાદિની મૂર્ચ્છા છે તેથી પ્રાપ્ત થયેલા ધનમાં અસંતોષ વર્તે છે. વળી, ધનાદિ પ્રત્યે મૂર્ચ્છા હોવાને કારણે જ સ્વજન આદિ અન્ય પ્રત્યે અવિશ્વાસ થાય છે અર્થાત્ આ લોકો મારી સંપત્તિ લઈ જશે એ પ્રકારનો અવિશ્વાસ થાય છે જેના કારણે ચિત્ત હંમેશાં અવિશ્વાસના દુઃખથી સંતપ્ત રહે છે. વળી, ધનાદિ પ્રત્યે મૂર્ચ્છા હોવાથી ધનપ્રાપ્તિ માટે આરંભસમારંભ કરે છે. આ સર્વ જીવની સ્વસ્થતાના ભંજક હોવાથી દુઃખનાં કારણ છે તેથી મૂર્ચ્છાને અલ્પ કરવાના અર્થી એવા શ્રાવક પરિગ્રહનું નિયંત્રણ કરે છે અને સદા નિષ્પરિગ્રહી મુનિના સુખનું સ્મરણ કરે છે. **।।૧૦૬।।**

**અવતરણિકા :-**

**પ્રકારાંતરથી પરિગ્રહના નિયંત્રણને કહે છે –**

**શ્લોક :-**

**परिग्रहमहत्त्वाद्धि मज्जत्येव भवेऽम्बुधौ ।**
**महापोत इव प्राणी त्यजेत्तस्मात् परिग्रहम् ।।१०७।।**

**શ્લોકાર્થ :-**

**પરિગ્રહનું મહત્ત્વપણું હોવાથી=ભારેપણું હોવાથી, પ્રાણી ભવરૂપ સમુદ્રમાં મહાપોતની જેમ=ઘણા ભારથી આક્રાંત નાવની જેમ, ડૂબે જ છે. તે કારણથી પરિગ્રહને વિવેકી શ્રાવક ત્યાગ કરે. ।।૧૦૭।।**

**ભાવાર્થ :-**

જેમ દરિયામાં ઘણાં ધન-ધાન્યાદિથી ભરેલ નાવ હોય તો અતિશય ભારને કારણે તે નાવ દરિયામાં ડૂબે

છે તેમ આત્માને ધન-ધાન્યાદિનો પરિગ્રહ મૂર્ચ્છા ઉત્પન્ન કરીને કર્મના ભારવાળો કરે છે. તેથી પ્રચુરકર્મના ભારવાળો જીવ ભવરૂપી સમુદ્રમાં ડૂબે છે અર્થાત્ નરકાદિ ગતિઓમાં પડે છે. તેથી વિવેકી જીવે પરિગ્રહની મૂર્ચ્છા આત્માને ભારે કરનાર છે તે પ્રકારે ભાવન કરીને પરિગ્રહની મૂર્ચ્છાનો ત્યાગ કરવા યત્ન કરવો જોઈએ અને સતત અપરિગ્રહ ભાવનાથી આત્માને ભાવિત કરીને સંતોષસુખમાં સ્થિર થવા પ્રયત્ન કરવો જોઈએ.

અહીં વિશેષ એ છે કે માત્ર બાહ્ય પરિગ્રહની અલ્પતા કે અધિકતાથી જીવ સંસારમાં ડૂબતો નથી પરંતુ બાહ્ય પદાર્થો પ્રત્યે મૂર્ચ્છાની પ્રચુરતાથી સંસારમાં ડૂબે છે. તેથી જે શ્રાવક અપરિગ્રહભાવનાથી આત્માને ભાવિત કરે છે, બાહ્ય પરિગ્રહનું નિયંત્રણ કરે છે અને અપરિગ્રહવાળા મુનિ પ્રત્યે બદ્ધ રાગ રાખીને સદા તેમના તુલ્ય થવા અભિલાષ કરે છે તેઓ પાસે ભિખારી કરતાં ઘણો પરિગ્રહ હોવા છતાં મૂર્ચ્છાની અલ્પતાને કારણે ભવસમુદ્રમાં તે પ્રકારે ડૂબતા નથી, જે પ્રકારે પરિગ્રહમાં અતિ મૂર્ચ્છાવાળા અને બાહ્ય પરિગ્રહના અભાવવાળા ભિખારી મૂર્ચ્છાના બળથી ભવસમુદ્રમાં ડૂબે છે. માટે વિવેકી શ્રાવકે સદા અપરિગ્રહવાળા મુનિના સ્વરૂપનું ભાવન કરીને ચિત્તમાં ક્લેશ ન થાય તે રીતે બાહ્ય પરિગ્રહનું નિયંત્રણ કરવું જોઈએ અને ધીરે ધીરે બાહ્ય પરિગ્રહથી અને અભ્યંતર એવા મૂર્ચ્છાપરિગ્રહથી પર થવા યત્ન કરવો જોઈએ. **॥૧૦૭॥**

**અવતરણિકા :-**

**સામાન્યથી પરિગ્રહના દોષોને કહે છે –**

**શ્લોક :-**

**त्रसरेणुसमोऽप्यत्र न गुणः कोऽपि विद्यते ।**
**दोषास्तु पर्वतस्थूलाः प्रादुःषन्ति परिग्रहे ।।१०८।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=પરિગ્રહમાં, ત્રસરેણુ જેટલો પણ કોઈ પણ ગુણ નથી. વળી, પરિગ્રહમાં પર્વત જેવા મોટા દોષો પ્રાદુર્ભાવ પામે છે. ।।૧૦૮।।**

**ભાવાર્થ :-**

આત્માને અપરિગ્રહભાવનામાં સ્થિર કરવા અર્થે વિવેકી શ્રાવક વિચારે છે કે બાહ્ય પરિગ્રહથી જીવને મમત્વ થાય છે પરંતુ તેની વૃદ્ધિથી કે તેની પ્રાપ્તિથી સૂક્ષ્મ ત્રસરેણુ જેટલો પણ કોઈ ગુણ પ્રાપ્ત થતો નથી પરંતુ જેમ જેમ પરિગ્રહ વધે છે તેમ તેમ તે જીવને તેના પ્રત્યે રાગ થાય છે, તેના નાશની ચિંતા થાય છે, તેની વૃદ્ધિ અર્થે આરંભસમારંભ થાય છે અને અંતે જે પરિગ્રહની પ્રાપ્તિમાં, સંચયમાં, રક્ષણમાં કે પરિગ્રહના ભોગમાં ક્લેશો કર્યા તેનાથી બંધાયેલાં કર્મોને કારણે દુર્ગતિઓની પરંપરા મળે છે. માટે પરિગ્રહ જીવની અનર્થકારી અવસ્થાની પ્રાપ્તિનું એક કારણ હોવાથી વિવેકીએ પરિગ્રહને અલ્પ, અલ્પતર કરીને મૂર્ચ્છાના પરિહાર માટે જ યત્ન કરવો જોઈએ પરંતુ પરિગ્રહથી સ્વસ્થતા રહે છે, નિરાકુળ જીવન જીવી શકાય છે ઇત્યાદિ મિથ્યાભાવના કરીને પરિગ્રહમાં મૂર્ચ્છા ધારણ કરવી જોઈએ નહીં. **॥૧૦૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૦૮માં કહ્યું કે પરિગ્રહમાં પર્વત જેટલા મોટા દોષો છે. તેને જ સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**सङ्गाद् भवन्त्यसन्तोऽपि रागद्वेषादयो द्विषः ।**
**मुनेरपि चलेच्चेतो यत्तेनान्दोलितात्मनः ।।१०९।।**

**શ્લોકાર્થ :-**

**અવિધમાન પણ રાગ-દ્વેષ આદિ શત્રુઓ સંગથી પ્રાપ્ત થાય છે. જે કારણથી તેનાથી=સંગથી, આંદોલિત સ્વરૂપવાળા મુનિનું ચિત્ત ચલાયમાન થાય છે. ।।૧૦૯।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ ભગવાનના વચનથી ભાવિત છે અને અસંગભાવને પ્રગટ કરવા અર્થે શક્તિ અનુસાર ઉચિતપ્રવૃત્તિ કરે છે આમ છતાં કોઈક નિમિત્તે ઉત્તમ બાહ્ય સામગ્રીનો સંગ થાય તો તે સંગને કારણે તેમના ચિત્તમાં ઉદય અવસ્થાને નહીં પામેલા પણ રાગાદિ પરિણામો પ્રાદુર્ભાવ પામે છે જે પરિગ્રહકૃત દોષોનો પ્રવાહ છે. વળી, જે મહાત્મા અપરિગ્રહભાવનાથી ભાવિત છે, ધનાદિ સર્વ સંગનો ત્યાગ કર્યો છે તેવા પણ મુનિને કોઈક બાહ્યપદાર્થનો સંસર્ગ થાય અને ચિત્તમાં આંદોલનો ઉત્પન્ન થાય તો તે બાહ્ય નિમિત્તભૂત પદાર્થથી મુનિનું ચિત્ત ચલાયમાન થાય છે. જેમ કોશા નર્તકીને ત્યાં ગયેલા સિંહગુફાવાસીમુનિનું ચિત્ત કોશાના રૂપથી આંદોલિત મનવાળું થયું તેથી સંગના પરિણામને કારણે તે મહાત્માનું ચિત્ત ચારિત્રમાંથી ચલાયમાન થાય છે જે પરિગ્રહનો દોષ છે. વળી, પરિગ્રહ વિવેકી શ્રાવકને પણ અવિદ્યમાન એવા રાગાદિની વૃદ્ધિ કરાવીને વિનાશ કરાવે છે અને તદ્દન પરિગ્રહ વગરના મુનિના ચિત્તમાં પણ ખળભળાટ મચાવીને તેમનો વિનાશ કરે છે. માટે પરિગ્રહના પર્વત જેવા ઘણા દોષો છે. આ પ્રમાણે ભાવન કરીને વિવેકી શ્રાવક બાહ્ય પરિગ્રહનો પણ સંવર કરે છે અને અપરિગ્રહભાવનાથી સદા આત્માને વાસિત કરવા યત્ન કરે છે જેથી પરિગ્રહજન્ય દોષોની વૃદ્ધિ થાય નહીં અને પરિગ્રહના સંવરને કારણે ગુણની પ્રાપ્તિ થાય તે પ્રકારે યત્ન કરે છે. **॥૧૦૯॥**

**અવતરણિકા :-**

**સામાન્યથી પરિગ્રહના દોષને કહીને હવે પૂર્વમાં બતાવાયેલ એવા શ્રાવકધર્મની સાથે પરિગ્રહના દોષનો સંબંધ જોડે છે –**

**શ્લોક :-**

**संसारमूलमारम्भास्तेषां हेतु परिग्रहः ।**
**तस्मादुपासकः कुर्यादल्पमल्पं परिग्रहम् ।।११०।।**

**શ્લોકાર્થ :-**

**સંસારનું મૂળ આરંભો છે. તેઓનો=આરંભોનો, હેતુ પરિગ્રહ છે. તે કારણથી ઉપાસક=સાધુધર્મની ઉપાસના કરનાર શ્રાવક, અલ્પ અલ્પપરિગ્રહને કરે. ।।૧૧૦।।**

**ભાવાર્થ :-**

શ્રાવક ધનઅર્જન આદિ અર્થે જે આરંભસમારંભ કરે છે તે આરંભસમારંભ કાળમાં જે કર્મો બંધાય છે તે સંસારનું મૂળ કારણ છે; કેમ કે દરેક ભવોમાં જીવ ઇન્દ્રિયોને વશ થઈને આરંભસમારંભ કરીને સતત સંસારની વૃદ્ધિ કરે છે અને તે આરંભનો હેતુ પરિગ્રહ છે; કેમ કે ધનાદિ અર્થે જ જીવ સર્વ આરંભસમારંભ કરે છે. તેથી પરિગ્રહની અનર્થકારિતાનો વિચાર કરીને જે શ્રાવક સદા સાધુધર્મને સેવવાના અભિલાષવાળા છે છતાં સાધુધર્મની શક્તિનો સંચય થયો નથી તેથી ગૃહવાસમાં રહેલા છે તોપણ સંપૂર્ણ પરિગ્રહ વગરના થવા અર્થે અલ્પ અલ્પ પરિગ્રહ કરે છે. વળી, પ્રતિદિન ભાવન કરે છે કે તે સાધુઓ જ ધન્ય છે કે જેમને દેહ હોવા છતાં પણ તે દેહ પરિગ્રહરૂપ નથી; કેમ કે ધર્મમાં સહાયક થાય એટલું જ દેહનું પાલન કરે છે પરંતુ શાતા અર્થે લેશ પણ દેહનું પાલન કરતા નથી. વળી, વસ્ત્રપાત્રાદિ પણ તે જ ધારણ કરે છે કે જે સંયમવૃદ્ધિનું અંગ બને. એટલું જ નહીં પણ સંયમવૃદ્ધિના અંગભૂત વસ્ત્રાદિ પ્રત્યે પણ મૂર્ચ્છા ધારણ-કરતા નથી પરંતુ સતત નિર્ગ્રંથભાવ વધે અર્થાત્ આત્માના ગુણો સિવાય ક્યાંય ચિત્ત સંશ્લેષથી ગ્રંથિને બાંધે તેવા ગ્રંથિભાવનો ત્યાગ થાય તે રીતે સદા ઉદ્યમ કરે છે અને મારે પણ તેવા નિર્ગ્રંથભાવને પ્રાપ્ત કરીને જ સંસારનો અંત કરવો છે આમ વિચારીને નિર્ગ્રંથભાવના બળસંચય અર્થે મમત્વને અલ્પ અલ્પતર કરીને મમત્વના અંગભૂત પરિગ્રહને પણ શ્રાવક અલ્પ અલ્પતર કરે છે. **।।૧૧૦।।**

**અવતરણિકા :-**

**ફરી પણ સિંહાવલોકિત ન્યાયથી પરિગ્રહના દોષોને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૦૮, શ્લોક-૧૦૯માં પરિગ્રહના દોષો કહ્યા. ત્યારપછી શ્રાવકધર્મની સાથે પરિગ્રહના ત્યાગનું યોજન શ્લોક-૧૧૦માં બતાવ્યું. હવે જેમ સિંહ આગળ જઈને પાછળ અવલોકન કરે છે તેમ પરિગ્રહના દોષો કહ્યા પછી આગળ જઈને ફરી પરિગ્રહના દોષોને કહેવારૂપ પાછળનું કથન ગ્રંથકારશ્રી કરે છે તે સિંહાવલોકિત ન્યાયથી પરિગ્રહના દોષોનું કથન છે.

**શ્લોક :-**

**मुष्णन्ति विषयस्तेना दहति स्मरपावकः ।**
**रुन्धन्ति वनिताव्याधाः सङ्गैरङ्गीकृतं नरम् ।।१११।।**

**શ્લોકાર્થ :-**

**ધન, ધાન્યાદિ પરિગ્રહના સંગ વડે અંગીકૃત=વશીકૃત, એવા મનુષ્યને વિષયરૂપી ચોરો લૂંટે**

**છે=જીવના સંયમરૂપી ધનને લૂંટે છે. કામરૂપી અગ્નિ બાળે છે=સંયમરૂપી ધનનો વિનાશ કરે છે. સ્ત્રીરૂપી શિકારીઓ સંયમમાર્ગમાં જતા જીવને રુંધે છે. ।।૧૧૧।।**

**ભાવાર્થ :-**

શ્રાવક અપરિગ્રહ ભાવને અત્યંત સ્થિર કરવા અર્થે પરિગ્રહના પારમાર્થિક સ્વરૂપનો સૂક્ષ્મબોધ થાય તે અર્થે વિચારે છે કે જે મનુષ્ય ધન-ધાન્યાદિ પરિગ્રહથી વશીકૃત છે તેને વિષયો રૂપી ચોરો હંમેશાં લૂંટે છે. જેમ જંગલમાં રહેલા લુંટારાઓ ધન-ધાન્યાદિ લૂંટે છે તેમ જે જીવોએ ધન-ધાન્યાદિ પરિગ્રહ એકઠો કર્યો છે તે જીવોને ઇન્દ્રિયોના અનુકૂળ વિષયો સેવવાની મનોવૃત્તિ થાય છે અને તે મનોવૃત્તિ થવાને કારણે આત્માનું સંયમરૂપી ધન તે વિષયરૂપી લુંટારાઓથી વિનાશ પામે છે. આથી જ શબ્દાદિના વિષયોમાં આકુળ જીવ આત્માના નિરાકુળ સ્વભાવરૂપ સ્વસ્થતા વગરનો બને છે અને તેવી અસ્વસ્થતા થવાનું પ્રબળ કારણ ઇન્દ્રિયોના વિષયો છે.

વળી, જીવ ઘણા પરિગ્રહવાળો હોય તો તે પરિગ્રહને કારણે વિષયોનો અભિલાષ થાય છે તેથી જિનવચનથી ભાવિત થઈને પરમ સ્વસ્થતાના કારણીભૂત સંયમનો નાશ થાય છે. વળી, જેમ અગ્નિ પરિગ્રહધારી જીવને બાળીને ભસ્મ કરે છે અર્થાત્ જેની પાસે ઘણો પરિગ્રહ હોય તેના રક્ષણમાં તે વ્યગ્ર હોય તો ત્યાં ઉત્પન્ન થયેલો અગ્નિ તેને બાળે છે તેમ પરિગ્રહધારી જીવને કામરૂપી અગ્નિ અનેક પ્રકારના વિકારો ઉત્પન્ન કરીને વિનાશ કરે છે. માટે વિવેકીએ અનર્થકારી એવા પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ.

વળી, ઘણા પરિગ્રહધારી જીવને સ્ત્રીરૂપી શિકારીઓ રુંધે છે. જેમ જંગલમાં સ્વચ્છંદ રીતે ફરતા હરણાદિને શિકારી ચારેબાજુથી રુંધીને તેનો વિનાશ કરે છે તેમ કોઈક રીતે સંવરભાવને અભિમુખ થયેલા વિવેકી શ્રાવકને પણ સ્ત્રીરૂપી શિકારીઓ તે પ્રકારે અવરોધ કરીને સંયમ લેવામાં વિઘ્નભૂત થાય છે અને અંતે તેનો વિનાશ કરે છે. તેથી ધનાદિ બાહ્ય પદાર્થોનો સંગ અનેક રીતે જીવના વિનાશનું કારણ હોવાથી અને આત્માનો નિરાકુળભાવ જીવને એકાંતે હિતકારી હોવાથી વિવેકી શ્રાવકે સદા ચિત્તમાં સંવરભાવરૂપ સંયમના ગુણોનું સ્મરણ કરીને અને પરિગ્રહકૃત દોષોનું સ્મરણ કરીને આત્માને અપરિગ્રહભાવનાથી તે રીતે ભાવિત કરવો જોઈએ કે જેથી બાહ્ય પદાર્થો પ્રત્યેના સંશ્લેષરૂપ પરિગ્રહનાં બંધનો શીઘ્ર ક્ષીણ થાય. **।।૧૧૧।।**

**અવતરણિકા :-**

**આને જ=પરિગ્રહના દોષોને જ, કહે છે –**

**શ્લોક :-**

**तृप्तो न पुत्रैः सगरः, कुचिकर्णो न गोधनैः ।**
**न धान्यैस्तिलकश्रेष्ठी, न नन्दः कनकोत्करैः ।।११२।।**

**શ્લોકાર્થ :-**

**સગરચક્રવર્તી પુત્રોથી તૃપ્ત થયા નહીં, ગાયોના ધનથી કુચિકર્ણ તૃપ્ત થયો નહીં. ધાન્ય વડે તિલકશ્રેષ્ઠી તૃપ્ત થયા નહીં. કનકના સમૂહથી નંદરાજા તૃપ્ત થયો નહીં. ॥૧૧૨॥**

**ભાવાર્થ :-**

બાહ્ય પદાર્થોથી ક્યારેય તૃપ્તિ થતી નથી. પરિગ્રહના અનર્થોના ભાવનથી શાંત થયેલું ચિત્ત તૃપ્તિને અનુભવે છે તે બતાવવા અર્થે કહે છે. સગરચક્રવર્તીને પુત્રો પ્રત્યે અનહદ રાગ હતો તેથી સાઠ હજાર પુત્રો હોવા છતાં તે ક્યારેય તૃપ્ત થયા નથી. કુચિકર્ણ નામના શ્રેષ્ઠીને ગાયોના ગોકુલો પ્રત્યે અનહદ રાગ હતો તેથી ઘણા ગોકુલો ભેગા કરીને પણ ક્યારેય તૃપ્તિ થઈ નહીં. તિલકશ્રેષ્ઠીને ધાન્યનો અતિ રાગ હતો તેથી સતત ધાન્યનો સંચય કરવામાં જ પ્રયત્નશીલ હતા તેથી ઘણા ધાન્યથી પણ તૃપ્ત થયા નહીં. નંદરાજાને સુવર્ણનો અત્યંત રાગ હતો તેથી સોનાના ઢગલાઓ એકઠા કરવા છતાં તૃપ્તિ થઈ નહીં. માટે પરિગ્રહની વૃદ્ધિ સંતોષનો હેતુ નથી પરંતુ સતત ચિત્ત અસંતોષવાળું રહેવાથી અતૃપ્તિનો જ અનુભવ થાય છે અને અતૃપ્તિ તે સુખ નથી પણ જીવની વ્યાકુળ અવસ્થા છે. જીવની તૃપ્ત અવસ્થા એ નિરાકુળ અવસ્થા છે જે સુખાત્મક છે. માટે પરિગ્રહ વ્યાકુળતાનું કારણ છે અને અપરિગ્રહભાવનાથી ભાવિત જીવની જે જે અંશે પરિગ્રહની વૃત્તિ ક્ષીણ થાય છે તે તે અંશે તે જીવ સ્વસ્થતાના સુખને પામે છે અને અપરિગ્રહભાવનાની વૃદ્ધિ અર્થે વિવેકી શ્રાવક પરિગ્રહનો સંકોચ કરી કરીને અપરિગ્રહભાવથી આત્માને સંપન્ન કરવા યત્ન કરે છે જેથી સંતોષકૃત સુખની પ્રાપ્તિ થાય. **॥૧૧૨॥**

**અવતરણિકા :-**

**વળી, પરિગ્રહને ગ્રહણ કરતા અને લાભને ઈચ્છતા એવા યોગીઓને પણ મૂળ ક્ષતિ પ્રાપ્ત થાય છે એને કહે છે –**

**શ્લોક :-**

**तपःश्रुतपरीवारां शमसाम्राज्यसंपदम् ।**
**परिग्रहग्रहग्रस्तास्त्यजेयुर्योगिनोऽपि हि ।।११३।।**

**શ્લોકાર્થ :-**

**પરિગ્રહના ગ્રહથી ગ્રસ્ત એવા યોગીઓ પણ, તપશ્રુત છે પરિવાર જેને એવી શમસામ્રાજ્યની સંપદાનો ત્યાગ કરે છે. ॥૧૧૩॥**

**ભાવાર્થ :-**

આત્માનો સમભાવનો પરિણામ છે અને તે પરિણામ ઉપર આત્માનું સામ્રાજ્ય છે. વળી, તે પરિણામ જ જીવને સર્વસુખસંપત્તિનું કારણ હોવાથી જીવની સંપત્તિ છે અને આ સંપત્તિની વૃદ્ધિનું કારણ તપશ્રુત છે.

તેથી તપશ્રુતના પરિવારવાળી શમસામ્રાજ્યની સંપત્તિ છે અર્થાત્ જે મહાત્માઓ શક્તિ અનુસાર બાહ્ય અને અભ્યંતર તપ કરીને આત્માને વીતરાગભાવનાથી ભાવિત કરે છે અને નવું નવું શ્રુત ભણીને વીતરાગભાવની પ્રાપ્તિમાં પ્રબળ કારણીભૂત એવા તે શ્રુતથી આત્માને વાસિત કરે છે તેઓમાં શમભાવની પરિણતિરૂપ સામ્રાજ્યની સંપત્તિની વૃદ્ધિ થાય છે અને યોગીઓ સદા તપશ્રુતમાં યત્ન કરીને આત્માની સંપત્તિની વૃદ્ધિ કરે છે. આમ છતાં કોઈક રીતે કોઈક યોગીઓ શિષ્યવર્ગ કે ભક્તવર્ગ કે બાહ્ય ખ્યાતિ વગેરેના પરિગ્રહથી ગ્રસ્ત ચિત્તવાળા બને છે ત્યારે તેઓ પણ શમસામ્રાજ્યની સંપત્તિ માટેના યત્નનો ત્યાગ કરે છે અને પરિગ્રહને વશ થઈને પોતાના સંયમનો વિનાશ કરે છે. માટે પરિગ્રહ સર્વ વિનાશનું મૂળ છે એ પ્રકારે ભાવન કરીને શ્રાવકે હંમેશાં અપરિગ્રહ સ્વભાવથી જ આત્માને વાસિત કરવો જોઈએ અને શક્તિ અનુસાર બાહ્ય પરિગ્રહનો સંકોચ કરવો જોઈએ જેથી અપરિગ્રહભાવના વિશુદ્ધ, વિશુદ્ધતર બને અને ક્રમે કરીને સંપૂર્ણ અપરિગ્રહ સ્વભાવની પ્રાપ્તિનું કારણ બને. **॥૧૧૩॥**

**અવતરણિકા :-**

**હવે અસંતોષના ફળને બતાવવાપૂર્વક સંતોષના ફળને કહે છે –**

**શ્લોક :-**

**असन्तोषवतः सौख्यं न शक्रस्य न चक्रिणः ।**
**जन्तोः सन्तोषभाजो यदभयस्येव जायते ।।११४।।**

**શ્લોકાર્થ :-**

**અભયકુમારની જેમ સંતોષવાળા જીવને જે સુખ થાય છે તે સુખ અસંતોષવાળા શક્રને કે ચક્રવર્તીને થતું નથી. ।।૧૧૪।।**

**ભાવાર્થ :-**

સંતોષકાળમાં જીવની અનાકુળ અવસ્થા વર્તે છે અને અસંતોષકાળમાં જીવની આકુળ અવસ્થા વર્તે છે. તેથી શક્ર હોય કે ચક્રવર્તી હોય તોપણ અધિક અધિક મેળવવાની ઇચ્છારૂપ અસંતોષને કારણે પ્રાપ્ત થયેલા ધનથી પણ તેઓને તે સુખ થતું નથી. અભયકુમારની જેમ સંતોષવાળા જીવને સુખ પ્રાપ્ત થાય છે અને અધિક પ્રાપ્ત થતું હોય છતાં, અધિકને નહીં લેવાની ઇચ્છાવાળા સંતોષી જીવને સુખ થાય છે. માટે સુખના અર્થીએ અસંતોષ એ આત્માની વિકૃતિ છે અને સંતોષ એ આત્માની સ્વસ્થ અવસ્થા છે તેમ ભાવન કરીને બાહ્ય પદાર્થો પ્રત્યેના સંગના પરિણામના અભાવરૂપ સંતોષમાં યત્ન કરવો જોઈએ. એ પ્રકારે ભાવન કરીને વિવેકી શ્રાવક પરિગ્રહના સંવર માટે યત્ન કરે છે. **॥૧૧૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વના શ્લોકમાં બતાવેલ એવા સંતોષની જ સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**सन्निधौ निधयस्तस्य कामगव्यनुगामिनी ।**
**अमराः किङ्करायन्ते सन्तोषो यस्य भूषणम् ।।११५।।**

**શ્લોકાર્થ :-**

**જેનું ભૂષણ સંતોષ છે તેવા મહાત્માને અનુગામી એવી કામધેનુ નિધિ સન્નિધિમાં છે. દેવતાઓ કિંકરની જેમ તેઓની પાસે આચરણાઓ કરે છે. ।।૧૧૫।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ અપરિગ્રહભાવનાથી અત્યંત ભાવિત થયા છે તેઓને સર્વ પદાર્થો પ્રત્યે અનિચ્છાભાવ વર્તે છે. પોતાના અનિચ્છા સ્વભાવથી ભાવિત હોવાને કારણે તે અનિચ્છાના પરિણામરૂપ સંતોષ જ તેઓનું ભૂષણ છે તેથી તે મહાત્માનો આત્મા તે અનિચ્છા સ્વભાવથી સદા શોભાયમાન છે. વળી, એવા મહાત્મા પાસે કામધેનુ ગાય સદા અનુસરનારી નિધિ છે; કેમ કે કામધેનુ ગાય સર્વ ઇચ્છાઓને પ્રાપ્ત કરાવનાર નિધિ છે અને આ મહાત્માને અનિચ્છારૂપ કામધેનુ પ્રાપ્ત થયેલી છે તેથી સદા સર્વ ઇચ્છાઓની તૃપ્તિનો અનુભવ કરે છે. વળી, દેવતાઓ અનેક સમૃદ્ધિવાળા હોવા છતાં આવા મહાત્માઓની પાસે પોતે કિંકર છે તેમ માનીને સદા સેવકભાવ સ્વીકારે છે; કેમ કે બાહ્ય સમૃદ્ધિથી સમૃદ્ધ પણ દેવો જાણે છે કે સંતોષરૂપી સમૃદ્ધિથી અમે સમૃદ્ધ નથી પરંતુ આ મહાત્મા જ તે પ્રકારના તત્ત્વના ભાવનથી સંતોષરૂપી સમૃદ્ધિથી સમૃદ્ધ છે. માટે તેવા મહાત્મા આગળ દેવતાઓ પોતાને કિંકર માનીને તેવા મહાત્માઓની સદા સેવા કરે છે. આ પ્રકારે સંતોષના સુખનું સૂક્ષ્મ સૂક્ષ્મતર પર્યાલોચન કરીને સંતોષના સુખના અત્યંત અર્થી શ્રાવક તેના ઉપાયભૂત પરિગ્રહવ્રતનું નિયંત્રણ કરીને તે રીતે આત્માને અપરિગ્રહભાવનાથી ભાવિત કરે છે કે જેથી દેશથી કરાયેલું પરિગ્રહનું વિરમણ સર્વ પરિગ્રહના ત્યાગમાં વિશ્રાંત થાય અને આત્મા સદા અપરિગ્રહભાવનાથી તે રીતે ભાવિત બને કે જેથી સંયમ ગ્રહણ કર્યા પછી શિષ્યવર્ગ, પરિચિતવર્ગ, વસ્ત્ર, પાત્ર કોઈ પ્રત્યે લેશ પણ સંશ્લેષ ન થાય પરંતુ આત્માના અસંશ્લેષના સ્વભાવની વૃદ્ધિને અનુકૂળ ઉચિત સર્વ અનુષ્ઠાનમાં દૃઢ યત્ન કરીને સર્વથા સંશ્લેષ વગરની વીતરાગ અવસ્થાની પ્રાપ્તિ થાય. **।।૧૧૫।।**

## બીજો પ્રકાશ પૂર્ણ

# ત્રીજો પ્રકાશ

**અવતરણિકા :-**

**બીજા પ્રકાશમાં અણુવ્રતોનું વર્ણન કર્યું. હવે ગુણવ્રતોનું વર્ણન કરતાં શ્રાવકના પ્રથમ ગુણવ્રતનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**दशस्वपि कृता दिक्षु यत्र सीमा न लङ्घ्यते ।**
**ख्यातं दिग्विरतिरिति प्रथमं तद् गुणव्रतम् ।।१।।**

**શ્લોકાર્થ :-**

**જે વ્રતમાં દશે પણ દિશામાં કરાયેલી સીમા ઉલ્લંઘન કરાતી નથી એ દિગ્‌વિરતિ નામનું તે પ્રથમ ગુણવ્રત કહેવાયું છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

શ્રાવક સર્વવિરતિની પ્રાપ્તિના અત્યંત અર્થી હોય છે અને સર્વવિરતિની પોતાની શક્તિ નહીં હોવાથી પ્રતિદિન સર્વવિરતિના ઉચિત આચારોનું શ્રવણ કરીને તેનાથી પોતાના આત્માને ભાવિત કરે છે જેથી સર્વવિરતિ પાળવાને અનુકૂળ અંતરંગ શક્તિનો સંચય થાય. વળી, સર્વવિરતિની શક્તિના સંચય અર્થે સ્વભૂમિકાનુસાર પાંચ અણુવ્રતોને ગ્રહણ કરે છે જેથી અણુવ્રતના પાલન દ્વારા મહાવ્રતની શક્તિ પ્રગટે. વળી, અણુવ્રતમાં અતિશયતા કરવા અર્થે ગુણવ્રતને સ્વીકારે છે અને તેમાં દિગ્‌પરિમાણવ્રત નામનું છઠ્ઠું વ્રત સ્વીકારે છે. વળી, તે વ્રતમાં દશે દિશામાં પોતાના ગમનની સીમા નક્કી કરીને તે ક્ષેત્રથી બહારના ક્ષેત્રનો સંકોચ કરે છે જેથી પોતાનામાં રહેલ જે અંશથી અવિરતિ છે તે અવિરતિ પણ પોતાના નક્કી કરાયેલા સીમિત ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં આરંભસમારંભની પ્રવૃત્તિનું કારણ બને નહીં અને જે શ્રાવક તે પ્રકારના દિગ્‌પરિમાણને કર્યા પછી પોતાના વ્રતનું સ્મરણ કરીને નક્કી કરેલી દિશાનું ઉલ્લંઘન ન કરે અને તે પ્રકારના સંવરભાવથી આત્માને ભાવિત રાખે તે પ્રથમ ગુણવ્રત છે. **।।૧।।**

**અવતરણિકા :-**

**હિંસાદિ પાપસ્થાનકની વિરતિરૂપ અણુવ્રતો યુક્ત છે પરંતુ દિગ્‌વ્રતમાં કયા પાપસ્થાનકની વિરતિ છે જેથી દિગ્‌વ્રતને વ્રત કહેવાય છે ? તેથી કહે છે. અહીં પણ હિંસાદિ પાપસ્થાનકની જ વિરતિ છે= દિગ્‌પરિમાણવ્રતમાં પણ હિંસાદિ પાપસ્થાનકની જ વિરતિ છે. તેને બતાવે છે –**

**શ્લોક :-**

**चराचराणां जीवानां विमर्दननिवर्त्तनात् ।**
**तप्तायोगोलकल्पस्य सद्व्रतं गृहिणोऽप्यदः ।।२।।**

**શ્લોકાર્થ :-**

**ચર-અચર જીવોના વિમર્દનનું નિવર્તન થતું હોવાથી તપાવેલા લોખંડના ગોળા જેવા ગૃહસ્થોનું પણ આ=દિગ્પરિમાણવ્રત, સત્ વ્રત છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો પોતાના દેહપ્રમાણ સ્થિતિવાળા હોવાથી જે ક્ષેત્રમાં જાય ત્યાં પણ તેટલા જ પ્રમાણવાળા રહે છે તોપણ ભાવથી જગતનાં સર્વ ક્ષેત્રો સાથે ગમનાદિ પરિણતિવાળા હોય છે અને શ્રાવક પાંચ અણુવ્રતોવાળા હોય તોપણ તે પાંચ અણુવ્રતોથી અન્ય અંશરૂપ પાપમાં નિવૃત્તિના વ્રતનું પરિણામ નથી તેથી જ શ્રાવકનાં અણુવ્રતો મહાવ્રતોથી ન્યૂન છે અને જે વ્રતોના અંશનો પાપની નિવૃત્તિરૂપ પરિણામ શ્રાવકને નથી તે અંશને આશ્રયીને શ્રાવક તપાવેલા ગોળા જેવો હોવાથી સર્વ ક્ષેત્રના જીવોની હિંસાની પરિણતિવાળો છે અને જે શ્રાવક વિવેકપૂર્વક સ્વશક્તિ અનુસાર દિગ્પરિમાણવ્રત ગ્રહણ કરે અને પ્રતિદિન તેનું સ્મરણ કરીને તે પ્રકારના પાપના વિરામના પરિણામને ચિત્તમાં સ્થિર કરે તો ચર એવા બેઇન્દ્રિય આદિ જીવો અને અચર એવા એકેન્દ્રિયાદિ જીવોની કેટલાક અંશમાં વિમર્દનની નિવૃત્તિ થાય છે તેથી શ્રાવકનું આ પ્રથમ ગુણવ્રત પણ સદ્વ્રત છે. જોકે શ્રાવક સ્વભૂમિકાનુસાર વ્રતમાં યત્ન કરે છે તોપણ શાતાની અર્થિતા અને ભોગાદિની અર્થિતાને કારણે આરંભસમારંભ કરે છે અને તે આરંભસમારંભ જે ક્ષેત્રમાં હોય તે જ ક્ષેત્રમાં કેટલીક મર્યાદાથી કરે છે તોપણ દિગ્વ્રત ગ્રહણ ન કરેલું હોય તો સર્વ ક્ષેત્રની સાથે આરંભસમારંભ કરવાનો પરિણામ વિદ્યમાન હોવાથી અસંવરના પરિણામકૃત પ્રચુર કર્મબંધ થાય છે અને ક્ષેત્રમર્યાદા કરવાથી તે આરંભસમારંભના પરિણામમાં ક્ષેત્રમર્યાદાકૃત સંવરભાવની પ્રાપ્તિ થાય છે. જ્યારે સુસાધુને સદા સર્વ પ્રકારના આરંભોની નિવૃત્તિનો પરિણામ વર્તે છે તેથી સુસાધુને સર્વથા નિરારંભનો પરિણામ છે. માટે તેઓને દિગ્પરિમાણવ્રત નથી. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, દિગ્પરિમાણવ્રત કરવાથી લોભરૂપ પાપસ્થાનકમાં પણ સંકોચ થાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**जगदाक्रममाणस्य प्रसरल्लोभवारिधेः ।**
**स्खलनं विदधे तेन येन दिग्विरतिः कृता ।।३।।**

**શ્લોકાર્થ :-**

**જેના વડે=જે શ્રાવક વડે, દિગ્વિરતિ કરાઈ તેના વડે જગતને આક્રમણ કરતાં વિસ્તાર પામતા એવા લોભરૂપી સમુદ્રનું સ્ખલન કરાયું=વિસ્તાર પામતા લોભનો નિરોધ કરાયો. ॥૩॥**

**ભાવાર્થ :-**

દેશવિરતિધર શ્રાવક મુનિની જેમ પૂર્ણ સમભાવની ઇચ્છાવાળા હોય છે પરંતુ તે પ્રકારના સમભાવનો પરિણામ ચિત્તમાં સ્ફુરાયમાન થતો નથી તેથી શાતાના અર્થી થઈને ભોગાદિમાં પ્રવૃત્તિ કરે છે અને શાતાના અંગભૂત ધનાદિના સંગ્રહનો પરિણામ તેઓમાં વર્તે છે. તેથી અધિક અધિક ધન અર્જન કરવું તે પ્રકારની ચિત્તમાં મનોવૃત્તિ રહેલી હોય છે. આમ છતાં હિંસાદિ પાપો અને લોભરૂપ પાપ પોતાના વિનાશનું કારણ છે તેમ જાણતા હોવાથી તેને સીમિત કરવા અર્થે દિશાના પરિમાણરૂપ પ્રથમ ગુણવ્રત શ્રાવક સ્વીકારે છે. વળી, તે વ્રત સ્વીકારના બળથી પોતાના ચિત્તમાં જે લોભવૃત્તિ વિસ્તૃત હતી તેનો કાંઈક અંશમાં સંવર થાય છે. આથી જ જેમ જેમ ધનાદિની પ્રાપ્તિ થાય છે તેમ તેમ અધિક અધિક પ્રાપ્તિના મનોરથો થાય છે. તે સર્વ મનોરથોની વૃદ્ધિની મર્યાદા દિગ્પરિમાણવ્રતથી થાય છે તેથી દિગ્પરિમાણવ્રત ગ્રહણ કર્યા પછી તે પ્રકારના અન્ય અન્ય ક્ષેત્રમાં જઈને ધનવૃદ્ધિ કરવાનો અભિલાષ જ વિવેકી શ્રાવકને થતો નથી. તેથી ચિત્તમાં ધનની લાલસા હોવા છતાં તે લાલસાની મર્યાદા થવાથી તેટલા અંશમાં સંવરભાવની વૃદ્ધિ થાય છે. તેથી હિંસાદિ પાંચેય અણુવ્રતોને અતિશય કરનાર દિગ્પરિમાણવ્રત નામનું છઠ્ઠું ગુણવ્રત છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**બીજા ગુણવ્રતને કહે છે —**

**શ્લોક :-**

**भोगोपभोगयोः संख्या शक्त्या यत्र विधीयते ।**
**भोगोपभोगमानं तद् द्वैतीयीकं गुणव्रतम् ।।४।।**

**શ્લોકાર્થ :-**

**જેમાં=જે ગુણવ્રતમાં, શક્તિથી=શરીર અને મનની બાધા ન થાય એ પ્રકારની શક્તિથી, ભોગઉપભોગની સંખ્યા કરાય છે તે ભોગોપભોગમાનવાળું બીજું ગુણવ્રત છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સાધુની જેમ સમભાવના અર્થી હોવા છતાં તે પ્રકારના સમભાવને સ્ફુરાયમાન કરવા માટે અસમર્થ હોવાથી સ્વભૂમિકાનુસાર સમભાવના પરિણામને સ્ફુરાયમાન કરવા માટે દેશવિરતિ ગ્રહણ કરે છે અને તે દેશવિરતિના અંગભૂત પાંચ અણુવ્રતો સ્વીકારે છે અને તે પાંચ અણુવ્રતોને અતિશય, અતિશયતર કરીને સાધુની જેમ સર્વવિરતિને અનુકૂળ સમભાવને પ્રગટ કરવાના અર્થી હોવા છતાં તે પ્રકારના સમભાવના પરિણામની પ્રાપ્તિમાં બાધક પોતાના ચિત્તમાં વર્તતી ભોગઉપભોગની ઇચ્છા છે. તેથી તે ભોગોપભોગના

પરિમાણને નિયંત્રિત કરીને સર્વવિરતિને અનુકૂળ બળસંચય કરવા અર્થે શ્રાવક પોતાની સૂક્ષ્મપ્રજ્ઞાથી વિચારે છે કે ભોગોપભોગની નિયંત્રિતતાના કારણે શરીરની બાધા ન થાય અને મનની તે પ્રકારની ઇચ્છાને કારણે વારંવાર વિહ્વળતા ન થાય તે પ્રકારે જો ભોગઉપભોગની વૃત્તિનું નિયંત્રણ ન કરવામાં આવે તો તે ભોગોપભોગની વૃત્તિ પ્રસંગે પ્રસંગે વિસ્તાર પામતી હોય છે. તેથી તે વૃત્તિને સીમિત કરવા અર્થે શ્રાવક ભોગોપભોગની સામગ્રીની સંખ્યા નક્કી કરે છે જેથી તે પરિમિત સંખ્યાથી અધિક ભોગઉપભોગની લાલસા સીમિત થાય છે. વળી, શ્રાવકને ભોગઉપભોગની લાલસા, શાતાની લાલસા અને તેના ઉપાયરૂપ ધનની લાલસા છે અને તેના કારણે જ આરંભસમારંભની પ્રવૃત્તિઓ છે. તે સર્વ આરંભસમારંભની પ્રવૃત્તિઓ દિગ્પરિમાણવ્રતને કારણે સીમિત થાય છે. તેવી જ રીતે ભોગોપભોગની વૃત્તિમાં સંકોચ કરવાથી પણ તે આરંભસમારંભની પ્રવૃત્તિ સીમિત થાય છે તેથી આ બીજું ગુણવ્રત પાંચ અણુવ્રતોને અતિશયિત કરીને મહાવ્રતોનું કારણ બને છે તેથી ગુણવ્રત કહેવાય છે.

વળી, ભાવસાધુ ભોગોપભોગ કરતાં નથી; કેમ કે ભાવસાધુ શાતાના અર્થી નથી પરંતુ પ્રાપ્ત થયેલા સમભાવને અતિશયિત કરવાના અર્થી છે તેથી તેઓનું ચિત્ત સદા સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ આદિ સર્વ ભાવો પ્રત્યે સમાન વર્તે છે અને તે ઉત્તમ ચિત્તને અતિશયિત કરવા અર્થે તેઓ સતત સ્વાધ્યાય આદિ સંયમની સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને તે પ્રવૃત્તિઓમાં ઉપકારક હોય તેવો જ અને તેટલા પ્રમાણમાં આહાર ગ્રહણ કરે છે તેથી તેઓનું આહારગ્રહણ પણ સંયમનું અંગ છે, ભોગોપભોગરૂપ નથી અને વસ્ત્ર, પાત્રાદિ પણ સંયમના ઉપકારક હોય તેવા અને તેટલા પ્રમાણમાં જ ગ્રહણ કરે છે. વળી, તે વસ્ત્રાદિમાં પણ મમત્વબુદ્ધિ રાખતા નથી તેથી સાધુને વસ્ત્રાદિનો ઉપભોગાદિ નથી, આહારાદિનો ભોગ નથી પરંતુ સાધુ સદા ઉપવાસી અને પરિગ્રહ વગરના હોય છે તેથી તેવા સાધુને ભોગોપભોગના વ્રતની સીમા કરવાની આવશ્યકતા રહેતી નથી. આ જ રીતે તેવા સાધુપણાની પ્રાપ્તિના અર્થી શ્રાવકો ભોગઉપભોગની સીમા નક્કી કરીને અને શક્તિ અનુસાર તેની વૃદ્ધિ કરીને ભાવસાધુપણાની શક્તિનો સંચય કરે છે આથી જ શરીર અને મનની વ્યાકુળતા ન થાય પરંતુ ચિત્તમાં ભોગની વૃત્તિ અલ્પ, અલ્પતર થાય તેવું સમાલોચન કરીને શ્રાવક ભોગોપભોગવ્રત ગ્રહણ કરે છે. ॥૪॥

**અવતરણિકા :-**

**ભોગોપભોગના લક્ષણને કહે છે –**

**શ્લોક :-**

**सकृदेव भुज्यते यः स भोगोऽन्नस्त्रगादिकः ।**
**पुनः पुनः पुनर्भोग्य उपभोगोऽङ्गनादिकः ।।५।।**

**શ્લોકાર્થ :-**

**જે એક જ વખત ભોગવાય છે તે અન્ન, માળાદિ ભોગ કહેવાય છે. વળી, ફરી ફરી ભોગ્ય એવા સ્ત્રી આદિ ઉપભોગ કહેવાય છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

શ્રાવકની ભોગસામગ્રીમાંથી કેટલીક ભોગસામગ્રીનો એક જ વખત ભોગ થાય છે. જેમ અન્ન, પુષ્પની માળા વગેરે પદાર્થો એક વખત ભોગ કર્યા પછી તે જ પદાર્થો ફરી ભોગનાં સાધન બનતા નથી તેથી ફરી ભોગ અર્થે તેવી અન્ય સામગ્રીની અપેક્ષા રહે છે. જ્યારે કેટલીક વસ્તુ ફરી ફરી ઉપભોગનો વિષય બને છે, જેમ સ્ત્રી, વસ્ત્ર, ગૃહ વગેરે. તેથી તે વસ્તુ પ્રતિદિન ઉપભોગનો વિષય બનતી હોવાથી શ્રાવક તેવી વસ્તુઓમાં શક્તિ અનુસાર નિયંત્રણ કરે છે; જેથી ભોગની લાલસા અલ્પ, અલ્પતર થાય જેના પ્રકર્ષથી સર્વવિરતિને અનુકૂળ નિર્મળ માનસ પ્રાપ્ત થાય અને સર્વવિરતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પણ સંવરભાવને કારણે અલ્પ કર્મબંધની પ્રાપ્તિ થાય. **॥૫॥**

**અવતરણિકા :-**

**અને આ ભોગોપભોગનું વ્રત, ભોગવવાયોગ્ય વસ્તુઓનું પરિમાણ કરવાથી થાય છે અને શ્રાવકને જે ભોગવવાયોગ્ય નથી તેવા પદાર્થોના વર્જનથી થાય છે તેથી બે શ્લોક દ્વારા શ્રાવકને વર્જનીય એવી ભોગસામગ્રીને બતાવે છે –**

**શ્લોક :-**

**मद्यं मांसं नवनीतं मधूदुम्बरपञ्चकम् ।**
**अनन्तकायमज्ञातफलं रात्रौ च भोजनम् ।।६।।**
**आमगोरससंपृक्तद्विदलं पुष्पितौदनम् ।**
**दध्यहर्द्वितयातीतं कुथितान्नं च वर्जयेत् ।।७।।**

**શ્લોકાર્થ :-**

**મદ્ય, માંસ, માખણ, મધ, ઉદુમ્બર પંચક, અનંતકાય, અજ્ઞાતફલ અને રાત્રિમાં ભોજન. કાચા ગોરસ=કાચા દૂધ, દહીં સાથે સંયુક્ત એવું દ્વિદળ, પુષ્પિતઔદન, બે દિવસથી અતીત થયેલું દહીં અને કુથિત અન્ન શ્રાવક વર્જન કરે. ॥૬-૭॥**

**ભાવાર્થ :-**

જે આહારની પ્રવૃત્તિમાં ઘણી હિંસા છે અને વિકારોની વૃદ્ધિ થાય તેમ છે તેવાં મદ્ય, માંસ વગેરેનો ત્યાગ કરવો જોઈએ; જેથી ભોગોપભોગવ્રતને અતિ મલિન કરનારા ભાવોની નિવૃત્તિ થાય. **॥૬-૭॥**

**અવતરણિકા :-**

**મદ્યને વર્જનીય સ્વીકારવામાં હેતુરૂપ દોષોને દશ શ્લોકોથી કહે છે –**

**શ્લોક :-**

**मदिरापानमात्रेण बुद्धिर्नश्यति दूरतः ।**
**वैदग्धीबन्धुरस्यापि दौर्भाग्येणेव कामिनी ।।८।।**

**શ્લોકાર્થ :-**

**જેમ બુદ્ધિશાળી પુરુષની પણ સ્ત્રી દૌર્ભાગ્યના દોષથી પલાયન થાય છે તેમ મદિરાપાન માત્રથી બુદ્ધિ દૂરથી પલાયન થાય છે. ।।૮।।**

**ભાવાર્થ :-**

જે જીવોને મદિરાપાનનું વ્યસન હોય એવા જીવોને પણ મદિરાપાનથી થતા અનર્થનો બોધ તે પાપથી નિવૃત્ત થવામાં પ્રબળ કારણ બને છે. તેથી ધર્મ કરવાના અર્થી પણ કોઈ શ્રાવકને પૂર્વના અભ્યાસથી મદિરાપાનનું વ્યસન હોય તો મદિરાપાનના અનર્થો શું છે તે બતાવે છે જેથી તેના ભાવનથી પણ તે વ્યસનથી શ્રાવકની નિવૃત્તિ થાય. સામાન્યથી મદિરા બુદ્ધિના ક્ષયનું કારણ છે તેથી સ્વાદની લાલસાથી કે શરીર સૌષ્ઠવના કારણે પણ કોઈ મદિરાપાન કરતા હોય અને કોઈક રીતે ધર્મને અભિમુખ પરિણામ થયેલો હોય તેવા યોગ્ય જીવોને પણ મદિરાપાનથી બુદ્ધિનો નાશ થાય છે તેવો બોધ પ્રસ્તુત શ્લોકથી થાય તો સર્વ પ્રકારના હિતની પ્રબળ કારણીભૂત એવી બુદ્ધિના રક્ષણ અર્થે પણ વિચારક પુરુષ મદિરાપાનનું વર્જન કરે. **॥૮॥**

**અવતરણિકા :-**

**વળી, અતિશય માત્રાથી મદિરાપાન કઈ રીતે બુદ્ધિની વિકૃતિ કરે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**पापाः कादम्बरीपानविवशीकृतचेतसः ।**
**जननीं हा प्रियीयन्ति जननीयन्ति च प्रियाम् ।।९।।**

**શ્લોકાર્થ :-**

**મદિરાપાનને વિવશ કરાયેલા ચિત્તવાળા પાપીઓ માતાને પત્નીની જેમ આચરે છે અને પ્રિયાને=પત્નીને, માતાની જેમ વ્યવહાર કરે છે. ।।૯।।**

**શ્લોક :-**

**न जानाति परं स्वं वा मद्याच्चलितचेतनः ।**
**स्वामीयति वराकः स्वं स्वामिनं किङ्करीयति ।।१०।।**

શ્લોકાર્થ :-

અથવા મધથી ચલિત ચિત્તવાળા જીવો સ્વપરને જાણતા નથી (તેથી) વરાક એવો તે=નોકર એવો તે, પોતાને સ્વામીની જેમ આચરણ કરે છે=પોતાના સ્વામીની સાથે હું તેમનો સ્વામી છું તે પ્રકારે આચરણ કરે છે. પોતાના સ્વામીને નોકરની જેમ આચરે છે. ॥૧૦॥

શ્લોક :-

मद्यपस्य शबस्येव लुठितस्य चतुष्पथे ।
मूत्रयन्ति मुखे श्वानो व्यात्ते विवरशङ्कया ।।११।।

શ્લોકાર્થ :-

મડદાની જેમ ચતુષ્પથમાં=રસ્તાની વચમાં, આળોટતા એવા મધપાન કરનારના ખુલ્લા મુખમાં છિદ્રની શંકાથી કૂતરાઓ મૂતરે છે. ॥૧૧॥

શ્લોક :-

मद्यपानरसे मग्नो नग्नः स्वपिति चत्वरे ।
गूढं च स्वमभिप्रायं प्रकाशयति लीलया ।।१२।।

શ્લોકાર્થ :-

મધપાનરસમાં મગ્ન એવો જીવ રસ્તાના ચોકમાં નગ્ન સૂએ છે અને ગૂઢ એવા સ્વઅભિપ્રાયને લીલાપૂર્વક પ્રકાશે છે. ॥૧૨॥

શ્લોક :-

वारुणीपानतो यान्ति कान्तिकीर्तिमतिश्रियः ।
विचित्राश्चित्ररचना विलुठत्कज्जलादिव ।।१३।।

શ્લોકાર્થ :-

વિવિધ પ્રકારની ચિત્રની રચના ઢોળાતા કાજળથી જેમ નાશ પામે છે તેમ દારૂના પાનથી કાંતિ, કીર્તિ અને મતિ નાશ પામે છે. ॥૧૩॥

શ્લોક :-

भूतात्तवन्नरीनर्त्ति रारटीति सशोकवत् ।
दाहज्वरार्त्तवद् भूमौ सुरापो लोलुठीति च ।।१४।।

શ્લોકાર્થ :-

ભૂતાવિષ્ટ પુરુષની જેમ દારૂ પીનારો નાચે છે. શોકવાળા પુરુષની જેમ બૂમો પાડે છે અને દાહ-જ્વરથી પીડિતની જેમ ભૂમિ ઉપર દારૂ પીનારો આળોટે છે. ।।૧૪।।

શ્લોક :-

विदधत्यङ्‌गशैथिल्यं ग्लपयन्तीन्द्रियाणि च ।
मूर्च्छामतुच्छां यच्छन्ती हाला हालाहलोपमा ।।१५।।

શ્લોકાર્થ :-

હાલાહલોપમા જેવી હાલા=ઝેરની ઉપમા જેવો દારૂ, અંગના શૈથિલ્યને કરે છે. ઇન્દ્રિયોનો વિનાશ કરે છે અને અતુચ્છ=અતિશય, મૂર્ચ્છાને આપે છે. ।।૧૫।।

શ્લોક :-

विवेकः संयमो ज्ञानं सत्यं शौचं दया क्षमा ।
मद्यात् प्रलीयते सर्वं तृण्या वह्निकणादिव ।।१६।।

શ્લોકાર્થ :-

અગ્નિકણથી તૃણના સમૂહની જેમ વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા, ક્ષમા સર્વ મધથી નાશ પામે છે. ।।૧૬।।

શ્લોક :-

दोषाणां कारणं मद्यं मद्यं कारणमापदाम् ।
रोगातुर इवापथ्यं तस्मान्मद्यं विवर्जयेत् ।।१७।।

શ્લોકાર્થ :-

દોષોનું કારણ મધ છે. આપદાનું કારણ મધ છે. રોગથી યુક્તને અપથ્યના જેવું મધ છે. તે કારણથી મધનું વર્જન કરવું જોઈએ=શ્રાવકે મધનું વર્જન કરવું જોઈએ. ।।૧૭।।

અવતરણિકા :-

માંસના દોષોને કહે છે –

શ્લોક :-

चिखादिषति यो मांसं प्राणिप्राणापहारतः ।
उन्मूलयत्यसौ मूलं दयाऽऽख्यं धर्मशाखिनः ।।१८।।

**શ્લોકાર્થ :-**

**પ્રાણીના પ્રાણના અપહારથી જે માંસને ખાવાની ઈચ્છા કરે છે તે જીવ ધર્મરૂપી શાખાના દયા નામના મૂલનું ઉન્મૂલન કરે છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

જીવોમાં ધર્મની નિષ્પત્તિનું પ્રબળ કારણ દયાનો પરિણામ છે. આથી જ દયાના સ્વભાવવાળા જીવો કોઈને પીડાકારી બને તેવું કૃત્ય તો કરતા નથી પરંતુ કોઈ દુષ્ટ સ્વભાવવાળો જીવ પોતાની સાથે અનુચિત વર્તન કરતો હોય તોપણ દયાના સ્વભાવને કારણે તેને પીડાકારી થાય તેવો વચનપ્રયોગ પણ કરતા નથી અને તે દયા, ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે. જેમ મૂળમાંથી વૃક્ષ ઉત્પન્ન થાય છે તેમ દયાના સ્વભાવને કારણે જ જીવમાં સર્વ પ્રકારના ધર્મની નિષ્પત્તિ થાય છે. આથી જેનો અત્યંત દયાળુ સ્વભાવ છે તેઓને સર્વવિરતિ ધર્મ જ અત્યંત પ્રીતિકર થાય છે. વળી, માંસભક્ષણ કરનારા જીવો તેવા ધર્મરૂપી મૂળનો નાશ કરે છે; કેમ કે પોતાની જીભની લાલસાના રસને પોષવા માટે અન્યના પ્રાણ નાશ કરવા માટે પણ તેઓ તત્પર બને છે. **॥૧૮॥**

**શ્લોક :-**

**अशनीयन् सदा मांसं दयां यो हि चिकीर्षति ।**
**ज्वलति ज्वलने वल्लीं स रोपयितुमिच्छति ।।१९।।**

**શ્લોકાર્થ :-**

**માંસને સદા ખાતો જે દયા કરવાની સદા ઈચ્છા કરે છે તે બળતા અગ્નિમાં વેલડીને રોપવાની ઈચ્છા કરે છે. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

કોઈ પુરુષને માંસ પ્રત્યે ગાઢ આસક્તિ હોય તેથી માંસનો ત્યાગ કરે નહીં અને પ્રસંગે પ્રસંગે અન્ય જીવો પ્રત્યે હું દયા કરીશ તેવી ઇચ્છા રાખે જેથી પોતાનામાં દયાધર્મ પ્રગટે. વસ્તુતઃ જીભની લાલસાને વશ જીવોને મારવામાં પણ જેનું ચિત્ત તત્પર છે તેવા જીવના ચિત્તમાં અન્ય દયાનાં કૃત્યોથી પણ દયાનો પરિણામ પ્રગટી શકે નહીં. વળી, જેમ બળતા અગ્નિમાં વેલડીનું આરોપણ કરવું અશક્ય છે તેમ માંસ ખાનારાના ચિત્તમાં દયાના પરિણામની નિષ્પત્તિ અશક્ય છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**અહીં કોઈને શંકા થાય કે પ્રાણનો નાશ કરનાર તો અન્ય જીવ છે. માંસ ખાનાર જીવ સાક્ષાત્ પ્રાણનો નાશ કરતો નથી તેથી તેના ચિત્તમાં દયા નિષ્પન્ન થઈ શકશે. તેથી માંસ ખાનાર પણ ઘાતક છે તે બતાવવા અર્થે કહે છે –**

શ્લોક :-

हन्ता पलस्य विक्रेता संस्कर्त्ता भक्षकस्तथा ।
क्रेताऽनुमन्ता दाता च घातका एव यन्मनुः ।।२०।।

શ્લોકાર્થ :-

જીવોને હણનાર, માંસને વેચનાર, માંસને સંસ્કૃત કરનાર તથા માંસનું ભક્ષણ કરનાર, માંસને ખરીદનાર, માંસની અનુમોદના કરનાર અને માંસને આપનાર ઘાતક છે=તે જીવોના ઘાતને કરનાર છે, જે કારણથી મનુએ કહ્યું છે. ।।૨૦।।

શ્લોક :-

"अनुमन्ता विशसिता निहन्ता क्रयविक्रयी।
संस्कर्त्ता चोपहर्त्ता च खादकश्चेति घातकाः ।।२१।।" [मनुस्मृति ५।५१]

શ્લોકાર્થ :-

"અનુમોદન કરનાર, હણાયેલા જીવના દેહના વિભાગ કરનાર એવા વિશસિતા, હણનાર, ક્રયવિક્રય કરનાર અને સંસ્કાર કરનાર અને ઉપહર્તા=જીવોને પકડીને લઈ આવનાર અને ખાદક=માંસને ખાનાર એ સર્વ ઘાતકો છે." (મનુસ્મૃતિ) ।।૨૧।।

શ્લોક :-

"नाकृत्वा प्राणिनां हिंसां मांसमुत्पद्यते क्वचित् ।
न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं विवर्जयेत् ।।२२।।" [मनुस्मृति ५।४८]

શ્લોકાર્થ :-

"પ્રાણીની હિંસા કર્યા વગર ક્યારેય માંસ ઉત્પન્ન થતું નથી અને પ્રાણીનો વધ સ્વર્ગીય નથી=સ્વર્ગની અપ્રાપ્તિરૂપ માત્ર નથી પરંતુ નરકાદિ દુઃખનો હેતુ છે. તે કારણથી માંસનો ત્યાગ કરવો જોઈએ." (મનુસ્મૃતિ) ।।૨૨।।

અવતરણિકા :-

હવે, અન્ય હિંસક કરતાં ભક્ષક જ પ્રધાન ભક્ષક છે તે બતાવવા અર્થે કહે છે –

શ્લોક :-

ये भक्षयन्त्यन्यपलं स्वकीयपलपुष्टये ।
त एव घातका यन्न वधको भक्षकं विना ।।२३।।

**શ્લોકાર્થ :-**

**જેઓ સ્વકીય દેહની પુષ્ટિ માટે અન્યનું માંસભક્ષણ કરે છે તેઓ જ=માંસભક્ષણ કરનારા જ, ઘાતક છે. માંસ ખાનાર વગર જે કારણથી ઘાતક નથી. ॥૨૩॥**

**અવતરણિકા :-**

માંસને જ જુગુપ્સાયુક્ત બતાવે છે –

**શ્લોક :-**

**मृष्टान्नान्यपि विष्ठासादमृतान्यपि मूत्रसात् ।**
**स्युर्यस्मिन्नङ्गकस्यास्य कृते कः पापमाचरेत्? ।।२४।।**

**શ્લોકાર્થ :-**

**જેમાં=જે શરીરમાં, સારાં અન્નો પણ વિષ્ટાપણા રૂપે થાય છે, અમૃત જેવાં દૂધ વગેરે પણ મૂત્ર થાય છે એ ‘અંગ’ના માટે=એ શરીરના માટે, કોણ પાપ આચરણ કરે ? અર્થાત્ બુદ્ધિમાન પુરુષ પાપ આચરે નહીં. ॥૨૪॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો જે આહાર ગ્રહણ કરે છે તે સર્વ આહાર લોહી, માંસ વગેરે રૂપ થયા પછી અવશેષ વિષ્ટા રૂપે થાય છે અને દૂધ વગેરે પ્રવાહી પદાર્થો પણ મૂત્ર રૂપે થાય છે. આવું પોતાનું શરીર કુત્સિત છે તે પ્રત્યક્ષથી દેખાય છે. છતાં કેટલાક પ્રકારનાં માંસો આ શરીરને પુષ્ટિકારક છે, આરોગ્યનાં કારણ છે, રોગ માટે ઔષધતુલ્ય છે ઇત્યાદિ વિચારીને પણ તેવા પોતાના અસાર એવા શરીરની પુષ્ટિ માટે કોઈ બુદ્ધિમાન પુરુષ પાપ આચરે નહીં. આ પ્રકારે બતાવીને પણ માંસભક્ષણમાં અત્યંત પાપ છે તેમ ગ્રંથકારશ્રી બતાવે છે. **॥૨૪॥**

**શ્લોક :-**

**मांसाशने न दोषोऽस्तीत्युच्यते यैर्दुरात्मभिः ।**
**व्याधगृध्रवृकव्याघ्रशृगालास्तैर्गुरूकृताः ।।२५।।**

**શ્લોકાર્થ :-**

**માંસ ખાવામાં દોષ નથી એ પ્રમાણે જે દુરાત્માઓ વડે કહેવાય છે તેઓ વડે વ્યાધ=શિકારી, ગીધડા, વૃક=અરણ્યના કૂતરાઓ, વ્યાઘ્ર=વાઘ, શૃગાલ=શિયાળ, ગુરુ કરાયા છે. ॥૨૫॥**

**ભાવાર્થ :-**

કેટલાક મૂઢ જીવો દયા જેવા પદાર્થને જાણનારા નથી અને દયાધર્મ છે તેવા બોધવાળા નથી તેથી

સ્વમતિ અનુસાર બોલે છે કે માંસ ખાવામાં કોઈ દોષ નથી. તેઓનું તે વચન તેમના જેવા હિંસક શિકારી આદિ કે ગીધડા આદિ પ્રાણીઓના વચનને જ અનુસરનારું છે તેથી તેઓ જ તેમને આવો ઉપદેશ આપે છે એમ કહીને તેઓની મૂર્ખતાનો બોધ ગ્રંથકારશ્રી કરાવે છે જેથી વિવેકી પુરુષને સ્પષ્ટ બોધ થાય કે માંસભક્ષણમાં નિશ્ચિત દોષની પ્રાપ્તિ છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**માંસ શબ્દની વ્યુત્પત્તિના બળથી પણ માંસ પરિહાર્ય છે તે બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**"मां स भक्षयिताऽमुत्र यस्य मांसमिहाद्म्यहम् ।" [मनुस्मृति ५।५५]**
**एतन्मांसस्य मांसत्वे निरुक्तं मनुरब्रवीत् ।।२६।।**

**શ્લોકાર્થ :-**

**"મને તે પરલોકમાં ભક્ષણ કરનાર થશે જેનું માંસ અહીં હું ખાઉં છું" (મનુસ્મૃતિ) આવા માંસપણામાં નિરુક્ત એવું નિર્વચન મનુએ કહ્યું છે. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

માંસ શબ્દમાં 'માં' અને 'સ' બે શબ્દો છે. તેમાં 'માં' શબ્દનો અર્થ 'મને' અને 'સ' શબ્દનો અર્થ 'તે' થાય. તેને આશ્રયીને મનુસ્મૃતિમાં માંસ શબ્દની વ્યુત્પત્તિ કરી છે કે જેનું માંસ હું ખાઉં છું તે જીવ મને બીજા ભવમાં ખાશે આ પ્રકારનો અર્થ માંસ શબ્દ બતાવે છે. માટે કોઈનું માંસ ખાવું જોઈએ નહીં. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**માંસભક્ષણમાં મહાદોષને કહે છે –**

**શ્લોક :-**

**मांसास्वादनलुब्धस्य देहिनं देहिनं प्रति ।**
**हन्तुं प्रवर्त्तते बुद्धिः शाकिन्या इव दुर्धियः ।।२७।।**

**શ્લોકાર્થ :-**

**માંસસ્વાદમાં લુબ્ધ એવા જીવને દરેક દેહો પ્રત્યે હણવાની બુદ્ધિ પ્રવર્તે છે. જેમ દુર્બુદ્ધિવાળી શાકિની જે જે પુરુષને કે સ્ત્રીને જુએ છે તેને હણવાની બુદ્ધિ કરે છે. ॥૨૭॥**

**શ્લોક :-**

**ये भक्षयन्ति पिशितं दिव्यभोज्येषु सत्स्वपि ।**
**सुधारसं परित्यज्य भुञ्जते ते हलाहलम् ।।२८।।**

**શ્લોકાર્થ :-**

**દિવ્ય ભોજન વિદ્યમાન હોવા છતાં પણ=સુંદર મિષ્ટાન્નો અને પકવાનો વિદ્યમાન હોવા છતાં પણ, જેઓ માંસને ખાય છે તેઓ અમૃતરસનો ત્યાગ કરીને હલાહલ ઝેરને ખાય છે. ||૨૮||**

**શ્લોક :-**

**न धर्मो निर्दयस्यास्ति पलादस्य कुतो दया ।**
**पललुब्धो न तद्वेत्ति विद्याद्वोपदिशेन्न हि ।।२९।।**

**શ્લોકાર્થ :-**

**નિર્દયજીવને ધર્મ નથી. માંસ ખાનારને દયા ક્યાંથી હોય ! માંસમાં લુબ્ધ તેને=દયાધર્મને, જાણતો નથી અથવા જાણે તોપણ ઉપદેશ આપતો નથી. ||૨૯||**

**ભાવાર્થ :-**

આત્માનો દયાળુ સ્વભાવ એ જ ધર્મ છે. આથી જ મહાત્માઓ સદા પોતાના આત્માની અને અન્ય જીવોની દયા કરે છે અને પોતાના આત્માની દયા હોવાથી મહાત્માઓ પોતાના ભાવપ્રાણોના રક્ષણ માટે ઉદ્યમ કરે છે. વળી, શક્તિ અનુસાર બીજાના પણ ભાવપ્રાણનું રક્ષણ થાય અને જીવોને ક્લેશ ન થાય તદર્થે છ કાયના પાલનમાં ઉદ્યમ કરે છે. જેના હૈયામાં કોઈ જીવો પ્રત્યે દયા નથી અને પોતાના આત્મા પ્રત્યે પણ દયા નથી, આથી જ નિર્દય હૃદયવાળા એવા તેઓ પોતાના આત્માની પણ ચિંતા કરતા નથી અને અન્ય જીવોની પણ ચિંતા કરતા નથી પરંતુ વિષયોની લાલસાને વશ નિર્દય હૈયાથી બીજાને મારે છે તેવા માંસ ખાનારા જીવોને દયા ક્યાંથી હોય ! વળી, દયારૂપ ધર્મને માંસ ખાનારો જાણતો નથી અને કોઈક રીતે દયાધર્મ છે તેવો બોધ થાય તોપણ પોતાને માંસમાં લુબ્ધતા હોવાથી દયાધર્મનો ઉપદેશ સ્પર્શતો નથી તેથી માંસ ખાનારને અત્યંત અધર્મની જ પ્રાપ્તિ છે. **||૨૯||**

**શ્લોક :-**

**केचिन्मांसं महामोहादश्नन्ति न परं स्वयम् ।**
**देवपित्रतिथिभ्योऽपि कल्पयन्ति यदूचिरे ।।३०।।**

**શ્લોકાર્થ :-**

**કેટલાક મહામોહને વશ માંસને ખાય છે પરંતુ સ્વયં માત્ર ખાતા નથી પણ દેવ, પિતા, અતિથિઓ માટે પણ કલ્પે છે=માંસ આપવાની કલ્પના કરે છે. જે કારણથી અન્ય શાસ્ત્રવાળા વડે કહેવાયું છે. ||૩૦||**

**ભાવાર્થ :-**

કેટલાક જીવો મહામોહને વશ છે તેથી તેઓ પોતે માંસ ખાય છે એટલું જ નહીં પણ આ માંસ દેવ માટે

છે, પિતા માટે છે, અતિથિ માટે છે, એ પ્રકારના વિભાગ કરીને માંસ ખાય છે તેથી તેવા વિભાગપૂર્વક માંસ ખાનારા દોષવાળા નથી એ પ્રમાણે અન્ય શાસ્ત્રવાળા કહે છે. **॥૩૦॥**

**શ્લોક :-**

**"क्रीत्वा स्वयं वाऽप्युत्पाद्य परोपहृतमेव वा ।**
**देवान् पितृन् समभ्यर्च्य खादन् मांसं न दुष्यति ।।३१।।" [मनुस्मृति ५।३२]**

**શ્લોકાર્થ :-**

**"દેવતાને અને પિતાને અભ્યર્ચના કરીને, ખરીદી કરીને=માંસ ખરીદી કરીને અથવા સ્વયં ઉત્પાદન કરીને=સ્વયં કોઈને મારીને માંસના ઉત્પાદનને કરીને અથવા પરથી લાવેલા જ માંસને ખાતો, દોષવાળો થતો નથી." (મનુસ્મૃતિ) ॥૩૧॥**

**ભાવાર્થ :-**

મનુસ્મૃતિમાં કહ્યું છે કે માંસ ખાનારો દોષવાળો છે; કેમ કે 'માંસ' શબ્દની વ્યુત્પત્તિ 'મારો' તે ભક્ષણ કરનારો પરલોકમાં જશે જેનું હું માંસ ખાઉં છું તેમ બતાવેલ છે. આમ છતાં, જે માંસ ખાનારા જીવો દેવતાઓને, પિતાને અભ્યર્ચના કરીને અર્થાત્ તેઓને માંસનું અર્પણ કરીને માંસ ખાતા હોય તો તે માંસ ખાવામાં દોષ નથી તેમ કહેલ છે. વળી, કહે છે કે કોઈ પુરુષ માંસની ખરીદી કરીને માંસ ખાય, સ્વયં ઉત્પન્ન કરીને માંસ ખાય કે બીજા દ્વારા લાવેલું માંસ ખાય પરંતુ જો તે દેવતાઓને, પિતાઓને માટે માંસની કલ્પના કરીને અર્થાત્ તેના માટે વિભાગ કરીને અવશેષ માંસ ખાય તો દોષ નથી. આ પ્રકારનું વચન મહામોહથી જ તેમના વડે કહેવાયેલું છે; કેમ કે પોતાના કૃત્યથી પિતાને કોઈ ફળ મળી શકે નહીં. આમ છતાં તે પ્રકારની કલ્પના તેઓ કરે છે તે તેઓનું અજ્ઞાન છે. **॥૩૧॥**

**શ્લોક :-**

**मन्त्रसंस्कृतमप्यद्याद्यवाल्पमपि नो पलम् ।**
**भवेज्जीवितनाशाय हालाहललवोऽपि हि ।।३२।।**

**શ્લોકાર્થ :-**

**યવ જેટલું અલ્પ પણ મંત્રથી સંસ્કૃત પણ માંસ ખાવું જોઈએ નહીં. હિ=જે કારણથી, હાલાહલ લવ પણ=વિષનો લવ પણ, જીવિત નાશ માટે થાય છે. ॥૩૨॥**

**શ્લોક :-**

**सद्यःसंमूर्च्छितानन्तजन्तुसन्तानदूषितम् ।**
**नरकाध्वनि पाथेयं कोऽश्नीयात् पिशितं सुधीः? ।।३३।।**

**શ્લોકાર્થ :-**

**નરકમાં જવાનું પાથેય=ભાથું, સદ્ય સંમૂર્ચ્છિત અનંત જંતુના સંતાનથી દૂષિત=જીવના મૃત્યુના કાળમાં ઉત્પન્ન થયેલા અનંત નિગોદના જીવના સમૂહથી દૂષિત એવું માંસ તે કોણ બુદ્ધિમાન પુરુષ ખાય ? ।।૩૩।।**

**ભાવાર્થ :-**

જીવના મૃત્યુની ક્ષણમાં જ તત્કાળ માંસની અંદર નિગોદના જીવો ઉત્પન્ન થાય છે અને તે નિગોદના જીવો અનંતની સંખ્યામાં છે. તે સર્વની હિંસાનું પાપ માંસભક્ષણમાં પ્રાપ્ત થાય છે. વળી, માંસ નરકની પ્રાપ્તિનો માર્ગ છે તેથી કોઈ બુદ્ધિમાન પુરુષ માંસને ખાય નહીં. **।।૩૩।।**

**શ્લોક :-**

**अन्तर्मुहूर्त्तात् परतः सुसूक्ष्मा जन्तुराशयः ।**
**यत्र मूर्च्छन्ति तन्नाद्यं नवनीतं विवेकिभिः ।।३४।।**

**શ્લોકાર્થ :-**

**એક અંતર્મુહૂર્ત પછી સુસૂક્ષ્મ=અત્યંત સૂક્ષ્મ, જીવોનો સમૂહ જેમાં ઉત્પન્ન થાય છે તે નવનીત= માખણ વિવેકી પુરુષે ખાવું જોઈએ નહીં. ।।૩૪।।**

**શ્લોક :-**

**एकस्यापि हि जीवस्य हिंसने किमघं भवेत् ।**
**जन्तुजातमयं तत् को नवनीतं निषेवते? ।।३५।।**

**શ્લોકાર્થ :-**

**એક પણ જીવના હિંસનમાં કિમઘં=કહી ન શકાય એટલું પાપ, થાય છે. તે કારણથી જીવોના સમુદાયમય માખણને કોણ બુદ્ધિમાન પુરુષ સેવે ? અર્થાત્ મૂર્ખ જ માખણ ભક્ષણ કરે. ।।૩૫।।**

**શ્લોક :-**

**अनेकजन्तुसङ्घातनिघातनसमुद्भवम् ।**
**जुगुप्सनीयं लालावत् कः स्वादयति माक्षिकम्? ।।३६।।**

**શ્લોકાર્થ :-**

**અનેક જીવોના સમૂહના નાશથી ઉત્પન્ન થયેલું એવું મધ લાલા જેમ જુગુપ્સનીય=લાળની જેમ જુગુપ્સનીય, કોણ આસ્વાદન કરે ?=કોઈ બુદ્ધિમાન પુરુષ ભક્ષણ કરે નહીં. ।।૩૬।।**

**શ્લોક :-**

**भक्षयन्माक्षिकं क्षुद्रजन्तुलक्षक्षयोद्‌भवम् ।**
**स्तोकजन्तुनिहन्तृभ्यः शौनिकेभ्योऽतिरिच्यते ।।३७।।**

**શ્લોકાર્થ :-**

**ક્ષુદ્ર લાખો જીવના ક્ષયથી ઉત્પન્ન થયેલા એવા મધને ભક્ષણ કરતો પુરુષ થોડા જંતુના હણનારા કસાઈઓથી અધિક છે. ।।૩૭।।**

**શ્લોક :-**

**एकैककुसुमक्रोडाद्रसमापीय मक्षिकाः ।**
**यद्वमन्ति मधूच्छिष्टं तदश्नन्ति न धार्मिकाः ।।३८।।**

**શ્લોકાર્થ :-**

**એક એક ફૂલના ઉત્સંગમાંથી મકરંદને પીને માખીઓ જે વમે છે તે વમન કરાયેલું મધુ ધાર્મિક પુરુષો ખાતા નથી. ।।૩૮।।**

**શ્લોક :-**

**अप्यौषधकृते जग्धं मधु श्वभ्रनिबन्धनम् ।**
**भक्षितः प्राणनाशाय कालकूटकणोऽपि हि ।।३९।।**

**શ્લોકાર્થ :-**

**વળી, ઔષધ માટે ખાધેલું મધુ નરકનું કારણ છે જે કારણથી ભક્ષણ કરાયેલો કાલકૂટનો કણ પણ નાશ માટે થાય છે. ।।૩૯।।**

**ભાવાર્થ :-**

રસની લાલસાથી મધને ખાવામાં તો પાપ છે પરંતુ રોગના નાશ માટે ઔષધરૂપે પણ મધ ખાવામાં આવે તો ઘણા જીવોની હિંસાથી થયેલી હોવાને કારણે મધનું ભક્ષણ નરકનું કારણ છે, જે કારણથી પ્રમાદને વશ કે રોગ આદિના નાશના અર્થે કાલકૂટનો કણ પણ પ્રાણ નાશ માટે થાય છે તેમ મધનું ભક્ષણ પણ નરકનું કારણ બને છે. **।।૩૯।।**

**શ્લોક :-**

**मधुनोऽपि हि माधुर्यमबोधैरहहोच्यते ।**
**आसाद्यन्ते यदास्वादाच्चिरं नरकवेदनाः ।।४०।।**

**શ્લોકાર્થ :-**

**ખેદની વાત છે કે અબોધવાળા પુરુષો વડે મધુનું પણ માધુર્ય કહેવાય છે. કેમ અબોધવાળા વડે માધુર્ય કહેવાય છે તેથી કહે છે. જેના આસ્વાદથી=જે મધુના આસ્વાદથી, ચિરકાળ નરકવેદના આસ્વાદ કરાય છે. માટે મધુમાં માધુર્ય નથી પરંતુ અત્યંત કટુતા છે. ||૪૦||**

**શ્લોક :-**

**मक्षिकामुखनिष्ठ्यूतं जन्तुघातोद्भवं मधु ।**
**अहो पवित्रं मन्वाना देवस्नाने प्रयुञ्जते ।।४१।।**

**શ્લોકાર્થ :-**

**માખીના મુખમાંથી વમન કરાયેલું, જીવોના ઘાતથી ઉદ્ભવ થયેલું મધ અહો ! ખેદની વાત છે કે પવિત્ર માનનારા=મધને પવિત્ર માનનારા, દેવસ્થાનમાં=શંકરાદિની પૂજામાં, વાપરે છે. ||૪૧||**

**શ્લોક :-**

**उदुम्बरवटप्लक्षकाकोदुम्बरशाखिनाम् ।**
**पिप्पलस्य च नाश्नीयात् फलं कृमिकुलाकुलम् ।।४२।।**

**શ્લોકાર્થ :-**

**કૃમિના સમૂહથી યુક્ત એવા ઉદુમ્બર, વટ, પ્લક્ષ અને કાકુદુમ્બર વૃક્ષના અને પીપળના ફળને ખાવાં જોઈએ નહીં. ||૪૨||**

**શ્લોક :-**

**अप्राप्नुवन्नन्यभक्ष्यमपि क्षामो बुभुक्षया ।**
**न भक्षयति पुण्यात्मा पञ्चोदुम्बरजं फलम् ।।४३।।**

**શ્લોકાર્થ :-**

**ભૂખથી ક્ષામ થયેલો અન્ય ભક્ષણને પણ નહીં પ્રાપ્ત કરતો એવો પુણ્યાત્મા પાંચ ઉદુમ્બરથી ઉત્પન્ન થયેલાં ફળ ખાતો નથી. ||૪૩||**

**ભાવાર્થ :-**

પાંચ પ્રકારના ઉદુમ્બરનાં ફળોમાં ઘણા જીવો હોવાથી દયાના સ્વભાવવાળા જીવો કોઈક તેવા સંયોગમાં અન્ય ભોજનની પ્રાપ્તિ ન થાય તોપણ, હિંસાનું કારણ હોવાથી ઉદુમ્બરનાં ફળોને ખાતા નથી. **||૪૩||**

**શ્લોક :-**

**आर्द्रः कन्दः समग्रोऽपि सर्वः किशलयोऽपि च ।**
**स्नुही लवणवृक्षत्वक् कुमारी गिरिकर्णिका ।।४४।।**
**शतावरी विरूढानि गुडूची कोमलाम्लिका ।**
**पल्ल्यङ्कोऽमृतवल्ली च वल्लः सूकरसंज्ञितः ।।४५।।**
**अनन्तकायाः सूत्रोक्ता अपरेऽपि कृपापरैः ।**
**मिथ्यादृशामविज्ञाता वर्जनीयाः प्रयत्नतः ।।४६।।**

**શ્લોકાર્થ :-**

**આર્દ્ર=અદ્રક, સમગ્ર પણ કંદ=જમીનમાં ઉત્પન્ન થયેલું કંદ અને સર્વ પણ કિશલય=ફણગા ફૂટેલાં પાંદડાંઓ, સ્નુહી=વજવૃક્ષ, લવણ વૃક્ષની ત્વચા, કુમારી, ગિરિકર્ણિકા, શતાવરી, વિરૂઢાની=દ્વિદળ ધાન્યમાં ફૂટેલા ફણગા, ગુડૂચી, કોમલ આંબલી, પાલક, અમૃતવલ્લી, વલ્લ, સૂકરસંજ્ઞિત, મિથ્યાદૃષ્ટિઓથી અવિજ્ઞાત એવા સૂત્રમાં કહેલા બીજા પણ અનંતકાયને કૃપામાં તત્પર એવા જીવોએ પ્રયત્નથી વર્જન કરવા જોઈએ. ।।૪૪થી ૪૬।।**

**શ્લોક :-**

**स्वयं परेण वा ज्ञातं फलमद्याद्विशारदः ।**
**निषिद्धे विषफले वा मा भूदस्य प्रवर्तनम् ।।४७।।**

**શ્લોકાર્થ :-**

**સ્વયં કે પર વડે જ્ઞાત એવા ફળને બુદ્ધિમાન પુરુષ ખાય. કેમ જ્ઞાતફલને ખાય ? તેથી કહે છે – નિષિદ્ધમાં અથવા વિષફલમાં આનું=વિશારદ પુરુષનું, પ્રવર્તન ન થાઓ=ભક્ષણનો પ્રયત્ન ન થાઓ. ।।૪૭।।**

**ભાવાર્થ :-**

વિચારક પુરુષ સ્વયં જાણતો હોય અથવા બીજા દ્વારા આ ફળ કયું છે તેનું જ્ઞાન થાય ત્યારપછી તેનો ઉપભોગ કરે; કેમ કે આ ફળ કયું છે તેને જાણ્યા વગર તેનો ઉપભોગ કરવાથી જેનો પોતે ત્યાગ કરેલો હોય તેમાં અભક્ષણીય એવા ફળ આદિનું ભક્ષણ થવાથી પાપની પ્રાપ્તિ થાય. વિષવાળું ફળ પ્રાપ્ત થાય તો મૃત્યુ થાય. જેથી અકાળે મૃત્યુથી પોતાના આત્માનું અહિત થાય માટે અજ્ઞાત ફળ વિચારકે વાપરવું જોઈએ નહીં અર્થાત્ અજ્ઞાત ફળ ખાવું જોઈએ નહીં. **।।૪૭।।**

શ્લોક :-

अन्नं प्रेतपिशाचाद्यैः सञ्चरद्भिर्निरङ्कुशैः ।
उच्छिष्टं क्रियते यत्र तत्र नाद्याद् दिनात्यये ।।४८।।

શ્લોકાર્થ :-

નિરંકુશ સંચરણ કરતા પિશાચાદિ વડે જેમાં=જે રાત્રિમાં, અન્ન ઉચ્છિષ્ટ કરાય છે. દિન અત્યયવાળી તેમાં=દિવસના અસ્તવાળી રાત્રિમાં, ખાવું જોઈએ નહીં. ।।૪૮।।

શ્લોક :-

घोरान्धकाररुद्धाक्षैः पतन्तो यत्र जन्तवः ।
नैव भोज्ये निरीक्ष्यन्ते तत्र भुञ्जीत को निशि? ।।४९।।

શ્લોકાર્થ :-

ઘોર અંધકારથી રુદ્ધ એવા ચક્ષુ વડે જે ભોજ્યમાં પડતા જંતુઓ દેખાતા નથી જ તે રાત્રિમાં કોણ ભોજન કરે ? અર્થાત્ કોઈ બુદ્ધિમાન પુરુષ કરે નહીં. ।।૪૯।।

અવતરણિકા :-

રાત્રિભોજનમાં થતા અનર્થોને ત્રણ શ્લોક દ્વારા બતાવે છે –

શ્લોક :-

मेधां पिपीलिका हन्ति यूका कुर्याज्जलोदरम् ।
कुरुते मक्षिका वान्तिं कुष्ठरोगं च कोलिकः ।।५०।।
कण्टको दारुखण्डं च वितनोति गलव्यथाम् ।
व्यञ्जनान्तर्निपतितस्तालु विध्यति वृश्चिकः ।।५१।।
विलग्नश्च गले वालः स्वरभङ्गाय जायते ।
इत्यादयो दृष्टदोषाः सर्वेषां निशि भोजने ।।५२।।

શ્લોકાર્થ :-

કીડીઓ બુદ્ધિનો નાશ કરે છે, જૂ જલોદરને કરે છે, માખી વમનને કરાવે છે, કોલિક=ગરોળી, કુષ્ઠ રોગને કરે છે, કંટક અને લાકડાનો ટુકડો ગલ વ્યથાને કરે છે, શાકના અંદરમાં પડેલ વીંછી તાલુને વીંધે છે, ગળામાં લાગેલો વાળ સ્વરભંગ માટે થાય છે ઈત્યાદિ દૃષ્ટદોષો બધાને રાત્રિભોજનમાં થાય છે. ।।૫૦થી ૫૨।।

શ્લોક :-

नाप्रेक्ष्यसूक्ष्मजन्तुनि निश्यद्यात् प्रासुकान्यपि ।
अप्युद्यत्केवलज्ञानैर्नादृतं यन्निशाशनम् ।।५३।।

શ્લોકાર્થ :-

અપ્રેક્ષ્ય સૂક્ષ્મ જંતુવાળા=જોઈ ન શકાય તેવા સૂક્ષ્મ જીવોવાળા, પ્રાસુક પણ આહારને=અચિત્ત એવા મોદક ફલાદિને, ખાવા જોઈએ નહીં. જે કારણથી ઉધત એવા કેવળજ્ઞાનવાળા કેવલી વડે નિશાભોજન સ્વીકારાયું નથી. ।।૫૩।।

શ્લોક :-

धर्मविन्नैव भुञ्जीत कदाचन दिनात्यये ।
बाह्या अपि निशाभोज्यं यदभोज्यं प्रचक्षते ।।५४।।

શ્લોકાર્થ :-

ધર્મને જાણનાર ક્યારેય दिनात्यये=દિનઅત્યયવાળી=દિવસના અસ્તવાળી, રાત્રિમાં ભોજન કરે નહીં જ. જે કારણથી બાહ્ય પણ=અન્યદર્શનવાળા પણ, રાત્રિના ભોજનને અભોજ્ય કહે છે. ।।૫૪।।

શ્લોક :-

"त्रयीतेजोमयो भानुरिति वेदविदो विदुः ।
तत्करैः पूतमखिलं शुभं कर्म समाचरेत् ।।५५।।

શ્લોકાર્થ :-

"ત્રણ તેજોમય એવો સૂર્ય છે એ પ્રમાણે વેદને જાણનારા કહે છે. તેનાં કિરણોથી પવિત્ર થયેલું અખિલ શુભ કર્મ આચરવું જોઈએ. માટે રાત્રિભોજન કરવું જોઈએ નહીં એ પ્રમાણે અન્યદર્શનવાળા કહે છે. ।।૫૫।।

અવતરણિકા :-

અન્યદર્શનવાળા રાત્રિભોજનનો નિષેધ કરે છે તેને સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

नैवाहुतिर्न च स्नानं न श्राद्धं देवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ भोजनं तु विशेषतः ।।५६।।

**શ્લોકાર્થ :-**

**રાત્રિમાં આહુતિ વિહિત નથી અને સ્નાન વિહિત નથી. શ્રાદ્ધ, દેવનું અર્ચન અથવા દાન વિહિત નથી. વળી, વિશેષથી ભોજન વિહિત નથી. ।।૫૬।।**

**શ્લોક :-**

**दिवसस्याष्टमे भागे मन्दीभूते दिवाकरे ।**
**नक्तं तद्धि विजानीयान्न नक्तं निशि भोजनम् ।।५७।।"**

**શ્લોકાર્થ :-**

**દિવસના આઠમા ભાગમાં સૂર્ય મંદ થયે છતે તે=જે ભોજન છે તે, નક્ત જાણવું અને રાત્રિમાં કરાયેલું ભોજન નક્ત નથી. ।।૫૭।।"**

**ભાવાર્થ :-**

પર દર્શનની માન્યતાનુસાર દિવસના આઠમા ભાગમાં સૂર્ય મંદ થાય છે તે વખતે કરાયેલા ભોજનને તેઓ નક્ત ભોજન કહે છે અર્થાત્ નક્ત ભોજનને તેઓ શ્રેય માને છે અને તેવું શ્રેયકારી જે ભોજન છે તેને ગ્રંથકારશ્રી કહે છે. રાત્રિનું ભોજન તે નક્ત ભોજન નથી માટે શ્રેયકારી નથી તેથી રાત્રિભોજનને નક્ત ભોજન છે તેમ કહીને આચરવા જેવું છે એમ જેઓ કહે છે તે અજ્ઞાનનો વિલાસ છે. **।।૫૭।।**

**શ્લોક :-**

**"देवैस्तु भुक्तं पूर्वाह्णे मध्याह्ने ऋषिभिस्तथा ।**
**अपराह्णे च पितृभिः सायाह्ने दैत्यदानवैः ।।५८।।**
**सन्ध्यायां यक्षरक्षोभिः सदा भुक्तं कुलोद्वह! ।**
**सर्ववेलां व्यतिक्रम्य रात्रौ भुक्तमभोजनम् ।।५९।।"**

**શ્લોકાર્થ :-**

**"કુલોદ્વહ એવા યુધિષ્ઠિરને આમંત્રણ કરીને કહે છે. દેવો વડે પૂર્વાહ્નમાં ભોજન કરાયું છે અને મધ્યાહ્નમાં ઋષિઓ વડે ભોજન કરાયું છે. પિતૃ વડે દિવસના અપરભાગમાં ભોજન કરાયું છે. વિકાલમાં દૈત્યદાનવો વડે ભોજન કરાયું છે. યક્ષરાક્ષસો વડે સંધ્યામાં સદા ભોજન કરાયું છે. સર્વ વેલાનો વ્યતિક્રમ કરીને=દિવસની સર્વ વેલાનું ઉલ્લંઘન કરીને, રાત્રિમાં ખાધેલું અભોજન છે. માટે રાત્રિમાં ખાવું જોઈએ નહીં એ પ્રકારનો બે શ્લોકનો ધ્વનિ છે." ।।૫૮-૫૯।।**

**શ્લોક :-**

**हन्नाभिपद्मसङ्कोचश्चण्डरोचिरपायतः ।**
**अतो नक्तं न भोक्तव्यं सूक्ष्मजीवादनादपि ।।६०।।**

**શ્લોકાર્થ :-**

**સૂર્યના અપગમથી હૃદયમાં અને નાભિમાં પદ્મનો સંકોચ થાય છે=શરીરની નાડીઓ સંકોચ પામે છે, આથી રાત્રે ખાવું જોઈએ નહીં અને સૂક્ષ્મજીવોના ભોજનને કારણે પણ=ભોજનમાં પાતને કારણે પણ, રાત્રે ખાવું જોઈએ નહીં. ।।૬૦।।**

**ભાવાર્થ :-**

આયુર્વેદ અનુસાર રાત્રે હૃદયની અને નાભિની કમળ આકારવાળી નસો છે તે સંકોચ પામે છે તેથી રાત્રે ભોજન કરવાથી આરોગ્યનો નાશ થાય છે. માટે રાત્રિભોજન કરવું જોઈએ નહીં. વળી, ભોજનમાં સૂક્ષ્મજીવોના પાતનો પ્રસંગ હોવાથી પણ રાત્રે ખાવું જોઈએ નહીં એમ આયુર્વેદ કહે છે. **।।૬૦।।**

**શ્લોક :-**

**संसजज्जीवसङ्घातं भुञ्जाना निशि भोजनम् ।**
**राक्षसेभ्यो विशिष्यन्ते मूढात्मानः कथं नु ते? ।।६१।।**

**શ્લોકાર્થ :-**

**પડતા જીવોના સંઘાતવાળું રાત્રિભોજન છે. તે મૂઢાત્માઓ રાક્ષસોથી કેવી રીતે ભેદવાળા છે ? અર્થાત્ રાક્ષસો જેવા છે. ।।૬૧।।**

**ભાવાર્થ :-**

પાપની વિરતિ કરવાના અર્થી જીવોએ જીવહિંસાના પરિહાર અર્થે રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઈએ. **।।૬૧।।**

**શ્લોક :-**

**वासरे च रजन्यां च यः खादन्नेव तिष्ठति ।**
**शृङ्गपुच्छपरिभ्रष्टः स्पष्टं स पशुरेव हि ।।६२।।**

**શ્લોકાર્થ :-**

**દિવસમાં અને રાત્રિમાં જે પુરુષ ખાતો જ રહે છે તે શિંગડા અને પૂંછડાથી પરિભ્રષ્ટ=શિંગડા અને પૂંછડા વગરનો, સ્પષ્ટ પશુ જ છે. ।।૬૨।।**

**શ્લોક :-**

**अह्नो मुखेऽवसाने च यो द्वे द्वे घटिके त्यजन् ।**
**निशाभोजनदोषज्ञोऽश्नात्यसौ पुण्यभाजनम् ।।६३।।**

**શ્લોકાર્થ :-**

**અહ્નના મુખમાં=દિવસના આરંભમાં અને અવસાનમાં=સાંજના સમયમાં, બે બે ઘટિકારૂપ મુહૂર્ત સુધી ત્યાગ કરતો=આહારનો ત્યાગ કરતો, જે ખાય છે, નિશાભોજનના દોષને જાણનારો એ પુરુષ પુણ્યનું ભાજન થાય છે. ।।૬૩।।**

**ભાવાર્થ :-**

જેઓ રાત્રિભોજનના દોષને જાણનારા છે તેઓ જીવોની રક્ષાના હેતુથી રાત્રિભોજનનો ત્યાગ કરે છે અને સંવરના પરિણામવાળા થાય છે. તેથી જેઓ સવારના સૂર્યોદય પછી બે ઘડીનું આહારનું પચ્ચક્ખાણ કરે છે અને સાંજના સૂર્યાસ્ત પૂર્વે બે ઘડીનું આહારનું પચ્ચક્ખાણ કરે છે તેઓ પુણ્યના ભાજન બને છે; કેમ કે આગમમાં સર્વ જઘન્ય પચ્ચક્ખાણ મુહૂર્ત પ્રમાણ છે તેથી રાત્રિની નજીકમાં મુહૂર્ત પ્રમાણકાળ સુધી આહારનો ત્યાગ કરીને સંવરભાવરૂપ વિરતિ શ્રાવક કરે છે અને જે મહાત્માને જીવનમાં આહાર આદિનો સંવરનો પરિણામ છે તે મહાત્મા તે પચ્ચક્ખાણના બળથી સદ્ગતિના કારણભૂત પુણ્યના ભાજન થાય છે. **॥૬૩॥**

**અવતરણિકા :-**

**કોઈ જીવો રાત્રે ભોજન કરતા ન હોય છતાં પણ પચ્ચક્ખાણ ગ્રહણ કરવાની વૃત્તિ ન હોય તો પચ્ચક્ખાણકૃત ફળને પ્રાપ્ત કરતા નથી તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अकृत्वा नियमं दोषाभोजनाद्दिनभोज्यपि ।**
**फलं भजेन्न निर्व्याजं न वृद्धिर्भाषितं विना ।।६४।।**

**શ્લોકાર્થ :-**

**રાત્રિભોજનથી નિયમને કર્યા વગર=રાત્રિભોજન નહીં કરું એ પ્રમાણે નિયમ કર્યા વગર, દિવસના ખાનાર પણ પુરુષ અર્થાત્ રાત્રે નહીં ખાનાર માત્ર દિવસમાં જ ખાનાર પુરુષ, નિર્વ્યાજ ફળને=યથાર્થ ફળને, પામતો નથી=રાત્રિભોજનના ત્યાગના ઉચિત ફળને પામતો નથી. કેમ પામતો નથી ? તેથી કહે છે. ભાષિત વિના=પચ્ચક્ખાણ ગ્રહણરૂપ ભાષિત વગર, વૃદ્ધિ નથી=ભાવની વૃદ્ધિ નથી. ।।૬૪।।**

**ભાવાર્થ :-**

જેઓ દિવસમાં જ ખાવાના સ્વભાવવાળા છે અને રાત્રિમાં ખાતા નથી તેઓને "રાત્રે ભોજન નહીં કરું" એ પ્રકારનો નિયમ હોવાથી રાત્રિભોજન કરનાર પુરુષને ભોજનકાળમાં જેવો હિંસાના કારણીભૂત ભોજનનો પરિણામ છે તેવો પરિણામ તેઓને નથી તેથી તેઓ તે પ્રકારના પાપફલને પ્રાપ્ત કરતા નથી. આમ છતાં "રાત્રિભોજન પાપરૂપ છે અને તે પાપથી મારે નિવૃત્ત થવું જોઈએ" તેવા સંકલ્પપૂર્વક પાપથી નિવૃત્તિનો પરિણામ નહીં હોવાથી રાત્રિભોજનના ત્યાગના યથાર્થ ફળને પામતા નથી; કેમ કે "હું રાત્રે

ભોજન કરીશ નહીં" એ પ્રકારના સંકલ્પપૂર્વક તેનો ત્યાગ કરવાથી જે ભાવની વૃદ્ધિ થાય છે તે ભાવની વૃદ્ધિ પચ્ચક્ખાણ વગર થતી નથી. તેથી પચ્ચક્ખાણના સમ્યક્ ફળના અર્થીએ રાત્રિભોજનના દોષોનું પર્યાલોચન કરી તે દોષોથી મારે નિવૃત્ત થવું છે તે પ્રકારના સંકલ્પપૂર્વક તેની નિવૃત્તિ અર્થે અવશ્ય પચ્ચક્ખાણ ગ્રહણ કરવું જોઈએ જેથી રાત્રિભોજનના ત્યાગના યથાર્થ ફળની પ્રાપ્તિ થાય. **॥૬૪॥**

**શ્લોક :-**

**ये वासरं परित्यज्य रजन्यामेव भुञ्जते ।**
**ते परित्यज्य माणिक्यं काचमाददते जडाः ।।६५।।**

**શ્લોકાર્થ :-**

**જેઓ દિવસના ભોજનનો ત્યાગ કરીને રાત્રે જ ખાય છે તે જડપુરુષો માણિક્યનો ત્યાગ કરીને કાચને ગ્રહણ કરે છે. ॥૬૫॥**

**ભાવાર્થ :-**

રાત્રિભોજનમાં જેવા દોષો છે તેવા દોષવાળું દિવસનું ભોજન નથી. આમ છતાં જેઓમાં હિંસા-અહિંસાદિનો ઉચિત વિવેક કરવાની પ્રકૃતિ નથી તેવા જડ જીવો દિવસમાં આહારનો ત્યાગ કરીને રાત્રે જ ખાય છે તે તેઓની અવિવેકવાળી પ્રવૃત્તિ છે. તેને બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે કોઈ પુરુષ માણેકનો ત્યાગ કરીને કાચને ગ્રહણ કરે એવી તેઓની અનુચિત પ્રવૃત્તિઓ છે. **॥૬૫॥**

**અવતરણિકા :-**

**નિયમનો પરિણામ સર્વત્ર ફળવાળો છે. તેથી કોઈ પચ્ચક્ખાણ કરે કે રાત્રે જ મારે ખાવું, દિવસમાં નહીં. તે નિયમથી શું ફળ મળે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે —**

**શ્લોક :-**

**वासरे सति ये श्रेयस्काम्यया निशि भुञ्जते ।**
**ते वपन्त्यूषरक्षेत्रे शालीन् सत्यपि पल्वले ।।६६।।**

**શ્લોકાર્થ :-**

**દિવસમાં ભોજન હોતે છતે જેઓ શ્રેયની કામનાથી=પોતાના કલ્યાણની ઈચ્છાથી, રાત્રે ખાય છે તેઓ પલ્વલ હોતે છતે=સુંદર વપનનું યોગ્ય ક્ષેત્ર હોતે છતે, ધાન્યને ઊખરક્ષેત્રમાં વપન કરે છે. ॥૬૬॥**

**ભાવાર્થ :-**

જેઓમાં માર્ગાનુસારી બુદ્ધિ નથી તેઓ ત્યાગના નિયમને ગ્રહણ કરવાની વૃત્તિવાળા હોવા છતાં

અવિવેકને કારણે દિવસના ભોજનનો ત્યાગ કરીને રાત્રે ભોજન કરવાનો નિયમ કરે છે તેઓની અવિવેકવાળી પ્રવૃત્તિ હોવાથી તે નિયમથી પણ સુંદર ફળ પ્રાપ્ત થાય નહીં. જેમ કોઈ મૂર્ખ પુરુષ સારું ક્ષેત્ર વિદ્યમાન હોવા છતાં ઊખરભૂમિમાં ધાન્યનું વપન કરે તો તે વપનની ક્રિયા નિષ્ફળ થાય છે તેમ તેઓનો દિવસના ભોજનના ત્યાગનો નિયમ નિષ્ફળ થાય છે. **॥૬૬॥**

**શ્લોક :-**

**उलूककाकमार्जारगृध्रशंवरसूकराः ।**
**अहिवृश्चिकगोधाश्च जायन्ते रात्रिभोजनात् ।।६७।।**

**શ્લોકાર્થ :-**

**રાત્રિના ભોજનથી મનુષ્યો જન્માંતરમાં ઘુવડ, કાક, બિલાડા, ગીધડા, શંવર, સૂકરા, સાપ, વીંછી અને ગોધા થાય છે. ।।૬૭।।**

**શ્લોક :-**

**श्रूयते ह्यन्यशपथाननादृत्यैव लक्ष्मणः ।**
**निशाभोजनशपथं कारितो वनमालया ।।६८।।**

**શ્લોકાર્થ :-**

**વનમાલાના ઉદાહરણથી રાત્રિભોજનના દોષની મહત્તાને બતાવે છે. રામાયણમાં સંભળાય છે કે અન્ય નિયમોનો અનાદર કરીને જ વનમાલા વડે લક્ષ્મણ રાત્રિભોજનના શપથને કરાવાયો. ।।૬૮।।**

**ભાવાર્થ :-**

રામની સાથે વનમાં ગયેલ લક્ષ્મણ વનમાલા નામની રાજકન્યાને પરણે છે. ત્યારપછી લક્ષ્મણ રામ સાથે જવા માટે તત્પર થાય છે ત્યારે તેની સ્ત્રી વનમાલા તેના ફરી આગમનની અસંભાવના કરતી લક્ષ્મણને એ પ્રકારના સોગંદ કરાવે છે કે “જો હું ફરી ન આવું તો મને પ્રાણાતિપાત આદિ દોષોની નહીં પરંતુ રાત્રિભોજન કરનારને જે દોષોની પ્રાપ્તિ થાય તે દોષોની પ્રાપ્તિ થાઓ”. તેથી પ્રાણાતિપાત આદિનાં પાપો કરતાં પણ રાત્રિભોજનનું પાપ અધિક છે એવો અર્થ રામાયણમાં કરાયેલા વનમાલાના આ પ્રસંગથી સ્પષ્ટ થાય છે. **॥૬૮॥**

**શ્લોક :-**

**करोति विरतिं धन्यो यः सदा निशि भोजनात् ।**
**सोऽर्द्धं पुरुषायुषस्य स्यादवश्यमुपोषितः ।।६९।।**

**શ્લોકાર્થ :-**

**જે ધન્ય પુરુષ હંમેશાં રાત્રિભોજનથી વિરતિને કરે છે તે પુરુષના આયુષ્યનું=પોતાના આયુષ્યનું, અર્ધું આયુષ્ય ઉપવાસવાળું થાય છે. ।।૬૯।।**

**ભાવાર્થ :-**

જે જીવોનો પાપના વિરામનો પરિણામ છે અને તેના કારણે રાત્રિભોજનને પાપરૂપે જાણીને તેની વિરતિને કરે છે તેને પોતાના જીવનનો જે આયુષ્યકાળ છે તેનો અર્ધો આયુષ્યકાળ આહારના ત્યાગના પરિણામવાળો હોવાથી મહાફળવાળો બને છે. માટે વિવેકસંપન્ન શ્રાવકે અવશ્ય રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઈએ જેથી અર્ધું આયુષ્ય ઉપવાસફળવાળું થાય છે. **।।૬૯।।**

**શ્લોક :-**

**रजनीभोजनत्यागे ये गुणाः परितोऽपि तान् ।**
**न सर्वज्ञादृते कश्चिदपरो वक्तुमीश्वरः ।।७०।।**

**શ્લોકાર્થ :-**

**રાત્રિભોજનના ત્યાગમાં જે સર્વ બાજુથી ગુણો છે તેને સર્વજ્ઞ સિવાય અન્ય કોણ કહેવા માટે સમર્થ થઈ શકે ? ।।૭૦।।**

**ભાવાર્થ :-**

જે જીવો ભદ્રક પ્રકૃતિવાળા છે અને સ્વભાવથી જ રાત્રિભોજનના દોષોને જાણીને તેના ત્યાગ પ્રત્યેના પરિણામવાળા છે તેવા જીવોને રાત્રિભોજનના ત્યાગને કારણે ઘણા પ્રકારના ગુણોની પ્રાપ્તિ થાય છે. જેમ કે હિંસાના ત્યાગનો પરિણામ, આહાર સંજ્ઞાની અલ્પતા, ઇન્દ્રિયોની લાલસાની અલ્પતા, ઘણા પ્રકારના વિકારોની અલ્પતા વગેરે ગુણોની પ્રાપ્તિ રાત્રિભોજન ત્યાગ કરનાર જીવોને થઈ શકે છે. તેથી તેવા સર્વ ગુણોને તો સર્વજ્ઞ સિવાય અન્ય કોઈ કહી શકે નહીં. માટે શ્રાવકે રાત્રિભોજનનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. **।।૭૦।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૬ અને શ્લોક-૭માં ભોગોપભોગ કરનાર શ્રાવકે મદ્ય આદિ વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ તેમ બતાવ્યું. તેમાંથી મદ્યથી માંડીને રાત્રિભોજન કેમ ત્યાગ કરવું જોઈએ તે સર્વ કથનને યુક્તિથી અત્યાર સુધી સ્થાપન કર્યું. હવે કાચા દૂધ-દહીંમાં સંયુક્ત કરાયેલા દ્વિદળનું ભોજન કરવાથી શું દોષો પ્રાપ્ત થાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**आमगोरससंपृक्तद्विदलादिषु जन्तवः ।**
**दृष्टाः केवलिभिः सूक्ष्मास्तस्मात्तानि विवर्जयेत् ।।७१।।**

**શ્લોકાર્થ :-**

**કાચા દૂધ-દહીં સાથે સંયુક્ત થયેલા દ્વિદળ આદિમાં કેવલી વડે સૂક્ષ્મજીવો જોવાયા છે. તે કારણથી તેઓને=દૂધ-દહીં સાથે સંયુક્ત એવા દ્વિદળ આદિને, વર્જન કરવું જોઈએ. ।।૭૧।।**

**ભાવાર્થ :-**

કાચા દૂધ-દહીં સાથે સંયુક્ત થયેલ કઠોળમાં, પુષ્પિત ઔદનમાં, બે દિવસથી અધિક દિવસના દહીંમાં અને કુથિત અન્નમાં સૂક્ષ્મજીવો કેવલીએ કેવળજ્ઞાનમાં જોયેલા છે. તેથી તેવી હિંસાના નિવારણ અર્થે ભોગોપભોગ પરિમાણવ્રતને કરનારા શ્રાવકે તે સર્વનું વર્જન કરવું જોઈએ. આ સર્વ વસ્તુઓમાં જીવોની ઉત્પત્તિ થાય છે તે આગમગ્રાહ્ય છે, યુક્તિગ્રાહ્ય નથી. તેથી જિનવચનને પ્રમાણ સ્વીકારીને તે સર્વનું વર્જન કરવું જોઈએ. **।।૭૧।।**

**શ્લોક :-**

**जन्तुमिश्रं फलं पुष्पं पत्रं चान्यदपि त्यजेत् ।**
**सन्धानमपि संसक्तं जिनधर्मपरायणः ।।७२।।**

**શ્લોકાર્થ :-**

**જંતુમિશ્ર ફળ, પુષ્પ, પત્ર અને અન્ય વસ્તુ પણ જિનધર્મપરાયણ શ્રાવકે છોડવી જોઈએ અને સંસક્ત=જીવોથી સંસક્ત, એવું સંધાન પણ છોડવું જોઈએ. ।।૭૨।।**

**ભાવાર્થ :-**

કેટલાંક ફળોમાં સૂક્ષ્મ જંતુઓ તદ્ વર્ણવાળા હોય છે. પુષ્પમાં પણ તદ્ વર્ણવાળા જીવો હોય છે. વળી, તાંદુલ=નાગરવેલનાં પાન, આદિમાં પણ સૂક્ષ્મજીવો હોય છે. તેથી શ્રાવકે તે સર્વનું સૂક્ષ્મ અવલોકન કરીને તેનો ઉપયોગ કરવો જોઈએ અને જંતુમિશ્ર તે જણાય તો તેનો ત્યાગ કરવો જોઈએ અને આમ્રફળાદિનું જે રસરૂપ સંધાન છે તે પણ અધિક કાળ રહેલું હોય તો સ્વાદપરિવર્તનને કારણે જીવ સંસક્ત બને છે તેથી તે વસ્તુનો પણ શ્રાવકે ત્યાગ કરવો જોઈએ. **।।૭૨।।**

**અવતરણિકા :-**

**અનર્થદંડ વિરમણરૂપ ત્રીજા ગુણવ્રતને બતાવે છે —**

**શ્લોક :-**

**आर्त्तं रौद्रमपध्यानं पापकर्मोपदेशिता ।**
**हिंसोपकारिदानं च प्रमादाचरणं तथा ।।७३।।**
**शरीराद्यर्थदण्डस्य प्रतिपक्षतया स्थितः ।**
**योऽनर्थदण्डस्तत्त्यागस्तृतीयं तु गुणव्रतम् ।।७४।।**

**શ્લોકાર્થ :-**

**આર્ત્ત અને રૌદ્રરૂપ અપધ્યાન, પાપકર્મની ઉપદેશિતા, હિંસાને ઉપકારી એવું વસ્તુનું દાન અને પ્રમાદનું આચરણ, શરીર આદિ અર્થદંડના પ્રતિપક્ષપણાથી રહેલા જે અનર્થદંડ છે તેનો ત્યાગ વળી, ત્રીજું ગુણવ્રત છે. ।।૭૩-૭૪।।**

**ભાવાર્થ :-**

શરીરને માટે, ધનને માટે કે કુટુંબને માટે જે આરંભસમારંભની પ્રવૃત્તિ છે તે અર્થદંડ છે અને શ્રાવક સંપૂર્ણ પાપની વિરતિ કરી શકે તેમ નથી તેથી દેશથી પાપની વિરતિરૂપ જે પાંચ અણુવ્રતો સ્વીકાર્યાં તેમાં જે અવિરતિઅંશ છે તેનાથી અર્થદંડની પ્રાપ્તિ છે. તેથી શ્રાવક પોતાના જીવનમાં શરીર આદિ માટે જે આરંભસમારંભ કરે છે તેનો પણ પ્રતિદિન સ્વશક્તિ અનુસાર સંકોચ કરવા યત્ન કરે છે. આમ છતાં જે શરીરાદિના પ્રયોજનને કારણે આરંભસમારંભ થાય છે એવા પ્રયોજન વગરની જે પ્રવૃત્તિ છે તે અનર્થદંડરૂપ છે અને તેના કારણે શ્રાવકને વિશેષ પ્રકારના કર્મબંધની પ્રાપ્તિ થાય છે. તેથી અનર્થદંડના નિવારણ માટે શ્રાવક ત્રીજું ગુણવ્રત ગ્રહણ કરે છે અને તે અનર્થદંડ કેવા પ્રકારના છે તે ગ્રંથકારશ્રી બતાવે છે –

અનર્થદંડ અનેક પ્રકારના છે તે બતાવતાં કહે છે – જેનું કોઈ પ્રયોજન નથી તેવા પદાર્થોની વિચારણા કરીને જે મનોયોગનો વ્યાપાર છે તે આર્ત્તધ્યાનરૂપ છે અને કોઈક તેવા નિમિત્તમાં તીવ્ર સંક્લેશ થાય તો તે રૌદ્રધ્યાન છે. આવા આર્ત્ત અને રૌદ્રધ્યાનરૂપ અપધ્યાનનું શ્રાવકે વર્જન કરવું જોઈએ જેથી એ પ્રાપ્ત થાય કે શ્રાવક ભોગોપભોગની ઇચ્છા થાય ત્યારે પણ ભગવાનના વચનનું સ્મરણ કરીને વિવેકપૂર્વક પોતાના વ્રતની મલિનતા ન થાય તેમ ભોગોપભોગ કરે છે જેથી ભોગોપભોગ કાળમાં પણ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો પરિહાર થાય છે અને જેનું કોઈ પ્રયોજન નથી તેવી નિરર્થક વિચારણા અને નિરર્થક પ્રવૃત્તિ કરીને ચિત્તમાં કાલુષ્ય થાય તેવા આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાનનો શ્રાવક અવશ્ય પરિહાર કરે છે. આથી જ શારીરિક આદિ પીડા થઈ હોય તોપણ જિનવચનનું સ્મરણ કરીને અને પોતાના પૂર્વમાં કરાયેલા કર્મનું ફળ છે તેમ વિચારીને ચિત્તને મોહથી અનાકુળ રાખવા પ્રયત્ન કરે છે. વળી, પોતાના જીવનનિર્વાહની સાથે જેનું કોઈ પ્રયોજન ન હોય તેવાં પાપકર્મોનો ઉપદેશ કોઈને આપે નહીં પરંતુ અત્યંત વિચારીને ઉચિત સંભાષણ કરવાની પ્રકૃતિ રાખે જેથી અનર્થદંડની પ્રાપ્તિ થાય નહીં. વળી, હિંસામાં કારણ બને તેવી વસ્તુઓ ક્યારેય કોઈને આપે નહીં પરંતુ પોતે પણ હિંસાના કારણીભૂત વસ્તુનો ઉપયોગ કરે ત્યારે શક્ય ઉચિત યત્ન કરે જેથી દયાળુ સ્વભાવ નાશ થાય નહીં. વળી, ચિત્તને તત્ત્વથી ભાવન કરવા અર્થે સદા સ્વભૂમિકાનુસાર ઉચિતપ્રવૃત્તિઓ કરે જેથી પ્રમાદ આચરણરૂપ અનર્થદંડનો પરિહાર થાય. **।।૭૩-૭૪।।**

**શ્લોક :-**

**वैरिघातो नरेन्द्रत्वं पुरघाताग्निदीपने ।**
**खचरत्वाद्यपध्यानं मुहूर्त्तात् परतस्त्यजेत् ।।७५।।**

**શ્લોકાર્થ :-**

**વૈરીનો ઘાત, નરેન્દ્રપણું, પુરનો ઘાત, અગ્નિનું પ્રગટીકરણ, ખચરપણું=આકાશમાં ફરવાપણું, આદિ અપધ્યાન મુહૂર્ત પછી ત્યાગ કરે. ।।૭૫।।**

**ભાવાર્થ :-**

પોતાની સાથે કોઈને દુશ્મનાવટ હોય અને તેના કારણે તેના ઉપદ્રવો જોઈને તેનો ઘાત કરવાનો પરિણામ કે તેને મારવાનો પરિણામ કે તેના પ્રત્યે દ્વેષનો પરિણામ થાય તે સર્વ રૌદ્રધ્યાનરૂપ બને. વળી, રાજા વગેરેને પોતાના શત્રુના નગરના નાશનો પરિણામ થાય તે રૌદ્રધ્યાન છે. વળી, અગ્નિને પ્રગટાવવા વિષયક જે ચિંતન છે તે પણ અનેક જીવોના ઘાતનું કારણ હોવાથી રૌદ્રધ્યાન છે. તેવું જે કોઈ રૌદ્રધ્યાન ધનાદિની મૂર્ચ્છાને કારણે શ્રાવકને ક્ષણભર થઈ જાય તોપણ તરત અલ્પકાળમાં તેનો ત્યાગ કરે પરંતુ તેની ધારાનો પ્રવાહ ચાલુ રાખે નહીં. વળી, પોતે મોટો રાજવી બને, મોટો સમર્થ ખેચર બને અથવા વિશાળ ભોગોને ભોગવે એ પ્રકારના વિચારોનો પ્રવાહ ચિત્તમાં ઊઠે તે આર્ત્તધ્યાનરૂપ છે અને તેવું આર્ત્તધ્યાન સહસા થઈ જાય તોપણ શ્રાવક વિવેકપૂર્વક અલ્પકાળમાં તેનો ત્યાગ કરે પરંતુ તેવા આર્ત્તધ્યાનની સંતતિ સતત ચાલુ ન રહે તે માટે તેનું નિવારણ કરે, જે અનર્થદંડની વિરતિરૂપ છે.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે પોતાની જીવનવ્યવસ્થા માટે કે પોતાની પાસે વિદ્યમાન ભોગોની ઇચ્છાથી અધિક અન્ય અન્ય ભોગોની ઇચ્છાઓ અને મોટા આરંભસમારંભ કરવાના વિચારો તે સર્વ આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન સ્વરૂપ છે અને શ્રાવકે સદા સર્વવિરતિને અનુકૂળ બળસંચય થાય તેને સ્મૃતિમાં રાખીને પોતાના વ્રતોનું પાલન કરવું જોઈએ. તોપણ નિમિત્તોને પામીને શ્રાવકને આર્ત્તધ્યાન આદિ થાય છે જે અનર્થદંડરૂપ છે અને શ્રાવકે મુહૂર્ત પછી તેનું નિવારણ અવશ્ય કરવું જોઈએ જે અનર્થદંડની વિરતિ સ્વરૂપ છે. **।।૭૫।।**

**શ્લોક :-**

**वृषभान् दमय क्षेत्रं कृष षण्ढय वाजिनः ।**
**दाक्षिण्याविषये पापोपदेशोऽयं न कल्पते ।।७६।।**

**શ્લોકાર્થ :-**

**બળદોનું દમન કર, ક્ષેત્રને ખેડ, અશ્વને નપુંસક કર. આ પાપોપદેશ દાક્ષિણ્યના અવિષયમાં= દાક્ષિણ્યને છોડીને, શ્રાવકને કલ્પતો નથી. ।।૭૬।।**

**ભાવાર્થ :-**

શ્રાવક સર્વવિરતિની શક્તિના સંચયનો અર્થી હોય છે. સ્વયં પોતાના આરંભસમારંભનો શક્તિ અનુસાર સંકોચ કરે છે તેથી આરંભસમારંભનું કારણ બને તેવો ઉપદેશ શ્રાવકે આપવો જોઈએ નહીં. ફક્ત પોતાના જીવનવ્યવહાર સાથે સંકળાયેલા પુત્રાદિને તે પ્રકારનો કહેવાનો પ્રસંગ હોય તો તે કથન અનર્થદંડરૂપ નથી પરંતુ અર્થદંડમાં જાય છે. આમ છતાં, જીવનો સ્વભાવ છે કે પોતાને જે વસ્તુનું જ્ઞાન હોય અને તે વસ્તુ તે

પ્રકારે નહીં કરવાથી અન્યજીવને કોઈક પ્રકારનું નુકસાન થતું હોય તો જીવને તે પ્રકારના ઉપદેશની મનોવૃત્તિ થાય છે. આથી જ અમુક પ્રકારના વ્યાપાર તું કર ઇત્યાદિ વચનપ્રયોગ દ્વારા પોતાને કોઈ પ્રયોજન નથી તેવા પણ આરંભસમારંભની પ્રવૃત્તિ માટે બીજાને ઉપદેશ આપે છે તે સર્વ અનર્થદંડરૂપ છે. તેનું સ્મરણ કરીને શ્રાવકે તેનાથી વિરમણ થવું જોઈએ જેથી ચિત્તમાં નિરર્થક આરંભસમારંભ કરવાની મનોવૃત્તિ દૂર થાય. **॥૭૬॥**

**શ્લોક :-**

**यन्त्रलाङ्गलशस्त्राऽग्निमुशलोदूखलादिकम् ।**
**दाक्षिण्याविषये हिंस्रं नार्पयेत्करुणापरः ।।७७।।**

**શ્લોકાર્થ :-**

**યંત્ર, હળ, શસ્ત્ર, અગ્નિ, મુશલ, ઉદૂખલ આદિ હિંસ્ર વસ્તુ દાક્ષિણ્યના અવિષયમાં કરુણાપર એવો શ્રાવક કોઈને આપે નહીં. ।।૭૭।।**

**ભાવાર્થ :-**

શ્રાવકે જે સાધનોથી અત્યંત આરંભસમારંભ થાય છે તેવાં કોઈ સાધનો પોતાની આજીવિકા માટે રાખ્યાં હોય તોપણ તે સાધનોથી પોતે યતનાપૂર્વક આરંભસમારંભ કરતો હોય છે અને પોતાની જીવનવ્યવસ્થા સાથે સંકળાયેલા હોય એવા પુત્રાદિને છોડીને તેવાં હિંસાદિ સાધનો કોઈને આપે નહીં. ફક્ત આડોશી-પાડોશી કોઈ તે વસ્તુ માંગે ત્યારે તે ન આપે તો ધર્મીજીવો સ્વાર્થી હોય છે તે પ્રકારનો ધર્મ પ્રત્યેનો ભાવ તેઓને ન થાય માટે વિવેકપૂર્વક આપે અર્થાત્ પોતે ન વાપરતો હોય તેવાં કંદમૂળાદિમાં તેવો ઉપયોગ ન કરે તે પ્રકારના સૂચનપૂર્વક આપે તો તે અનર્થદંડમાં ગણાય નહીં પરંતુ પોતાની પાસે આ સાધનો છે, તમારે જોઈએ તો લઈ જજો ઇત્યાદિ વચન દ્વારા આરંભસમારંભનાં સાધનો બીજાને આપવામાં અનર્થદંડની પ્રાપ્તિ થાય છે માટે દયાળુ એવો શ્રાવક તેવા આરંભસમારંભની પ્રવૃત્તિ કરાવવામાં કારણ બને તેવાં હિંસાનાં સાધનો કોઈને આપે નહીં. **॥૭૭॥**

**શ્લોક :-**

**कुतूहलाद् गीतनृत्तनाटकादिनिरीक्षणम् ।**
**कामशास्त्रप्रसक्तिश्च द्यूतमद्यादिसेवनम् ।।७८।।**
**जलक्रीडाऽऽन्दोलनादिविनोदो जन्तुयोधनम् ।**
**रिपोः सुतादिना वैरं भक्तस्त्रीदेशराट्कथा ।।७९।।**
**रोगमार्गश्रमौ मुक्त्वा स्वापश्च सकलां निशाम् ।**
**एवमादि परिहरेत् प्रमादाचरणं सुधीः ।।८०।।**

**શ્લોકાર્થ :-**

**કુતૂહલથી ગીત, નૃત્ય, નાટકાદિ નિરીક્ષણ, કામશાસ્ત્રની પ્રસક્તિ, જુગાર અને મદ્યાદિનું સેવન, જલક્રીડા, હીંચકાદિનો આનંદ, જીવોનું યુદ્ધ કરાવવું, શત્રુઓના પુત્રાદિ સાથે વૈર, ભક્તકથા, સ્ત્રીકથા, દેશકથા, રાજકથા, રોગ અને માર્ગના શ્રમો છોડીને આખી રાત્રિએ સૂવું એ વગેરે પ્રમાદઆચરણને સુંદર બુદ્ધિવાળો શ્રાવક ત્યાગ કરે. ।।૭૮થી ૮૦।।**

**ભાવાર્થ :-**

શ્રાવકને સ્વભૂમિકાનુસાર ધર્મસેવન કરીને સર્વવિરતિની શક્તિના સંચયની ઉત્કટ ઇચ્છા હોય છે. છતાં, તે તે નિમિત્તને પામીને શ્રાવકને નાટકો આદિ જોવાનાં, નૃત્ય આદિ જોવાનાં કુતૂહલો થાય છે અને કામાદિની વૃદ્ધિનાં કારણો મધુર લાગે છે. વળી, જલક્રીડા, હીંચકા ખાવા વગેરે ક્રિયામાં આનંદ આવે છે. તે સર્વની વિચારણા કરીને પોતાના રાગભાવોની વૃદ્ધિ થાય તેવી સર્વપ્રવૃત્તિ અનર્થદંડરૂપ છે તેમ વિચારીને સદા તેના પરિહાર માટે શ્રાવકે યત્ન કરવો જોઈએ જેથી નિષ્કારણ આરંભસમારંભ કરીને પોતાનો મનુષ્યભવ પ્રમાદઆચરણામાં પસાર ન થાય. સંક્ષેપથી ધર્મના ઉદ્યમ માટે અને ધર્મના બળસંચય માટે સર્વઉચિત આચરણા થાય તે રીતે અપ્રમાદભાવથી શ્રાવકે પોતાના ગૃહકાર્યમાં પણ યત્ન કરવો જોઈએ કે જેથી પોતાના ગૃહસ્થના ભોગોથી અતિરિક્ત નિરર્થક વૃત્તિઓ પુષ્ટ બને તેવી સર્વ આચરણાનો પરિહાર થાય. વળી, ભક્તકથા, સ્ત્રીકથા આદિ પ્રમાદઆચરણના ત્યાગરૂપ અનર્થદંડની વિરતિ છે. **।।૭૮થી ૮૦।।**

**શ્લોક :-**

**विलासहासनिष्ठ्यूतनिद्राकलहदुष्कथाः ।**
**जिनेन्द्रभवनस्यान्तराहारं च चतुर्विधम् ।।८१।।**

**શ્લોકાર્થ :-**

**જિનેન્દ્રભવનના અંદરમાં ચાર પ્રકારનો આહાર, વિલાસ, હાસ્ય, નિષ્ઠીવન=થૂંકવું, નિદ્રા, કલહ, દુષ્કથારૂપ પ્રમાદનો પરિહાર કરવો જોઈએ. ।।૮૧।।**

**ભાવાર્થ :-**

જે જીવોને જે પ્રકારની અતિશયિત પ્રવૃત્તિ કરવાની પ્રકૃતિ હોય છે તે પ્રવૃત્તિ પ્રસંગે જિનાલયમાં પણ સહસા થઈ જાય છે. આથી જ જિનાલયમાં સંસારની વાતો કરવારૂપ દુષ્કથા, કોઈની સાથે હાસ્ય, વિલાસપૂર્વકની વાતો સહસા થઈ જાય છે. શ્રાંત થયેલા હોય તો કૃત્યો કરતાં કરતાં નિદ્રાદિ પ્રાપ્ત થાય છે તે સર્વ પ્રમાદ આચરણ છે. તેથી શ્રાવકે જિનાલયમાં જતી વખતે અત્યંત પ્રમાદના પરિહારપૂર્વક સંસાર સંબંધી કોઈ પ્રવૃત્તિ ન થાય તે પ્રકારે ચિત્તને સંવૃત કરીને જવું જોઈએ જેથી તીર્થંકરની આશાતનાકૃત પ્રમાદની પ્રાપ્તિ થાય નહીં. **।।૮૧।।**

**અવતરણિકા :-**

**ગુણવ્રતોને બતાવ્યા પછી ચાર શિક્ષાવ્રતોમાંથી પ્રથમ સામાયિકવ્રતનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**त्यक्तार्त्तरौद्रध्यानस्य त्यक्तसावद्यकर्मणः ।**
**मुहूर्त्तं समता या तां विदुः सामायिकव्रतम् ।।८२।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાગ કરાયેલા આર્તધ્યાન, રૌદ્રધ્યાનવાળાની અને ત્યાગ કરાયેલા સાવધકર્મવાળાની મુહૂર્ત સુધી જે સમતા તેને સામાયિકવ્રત જાણવું. ।।૮૨।।**

**ભાવાર્થ :-**

શ્રાવક જ્યારે સામાયિકવ્રતને ગ્રહણ કરે છે ત્યારે સંસારની સર્વપ્રવૃત્તિઓનો તે ત્યાગ કરે છે. તેથી સંસારમાં પૂર્વના કરાયેલા કૃત્યવિષયક કે સન્મુખ દેખાતા પદાર્થવિષયક કોઈ ભાવો થાય તો તે સાવદ્યકર્મ બને અને આત્માના ગુણોની વૃદ્ધિને અનુરૂપ વ્યાપારને છોડીને કોઈ બાહ્ય પદાર્થ વિષયક વિચારણા થાય તો તે આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાનરૂપ છે. તે સર્વનો ત્યાગ કરીને પોતાનું ચિત્ત સુખ-દુઃખ, જીવન-મૃત્યુ, શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવરૂપ થાય અર્થાત્ આ પ્રકારનો ભાવ મારે પ્રગટ કરવો છે તેવા રાગના પરિણામને ધારણ કરે અને તે પરિણામની વૃદ્ધિના ઉપાયરૂપ ઉચિત સ્વાધ્યાયાદિમાં ચિત્તને તે રીતે પ્રવર્તાવે જેથી જિનવચનથી વાસિત થઈને પોતાનું ચિત્ત સમભાવ પ્રત્યેના રાગ અને સમભાવથી વિરુદ્ધ એવા અસમભાવ પ્રત્યે દ્વેષવાળું રહે, જેથી બાહ્ય નિમિત્તને પામીને અસમભાવનો પરિણામ થાય નહીં અને સમભાવને અનુકૂળ ઉચિત ક્રિયામાં ઉદ્યમ હોવાથી સમભાવની વૃદ્ધિ થાય તેવો તે જીવનો યત્ન તેને સામાયિકવ્રત કહેવાય છે. **।।૮૨।।**

**અવતરણિકા :-**

**સામાયિકમાં રહેલા શ્રાવકને મહાનિર્જરા થાય છે એ દૃષ્ટાંત દ્વારા બતાવે છે –**

**શ્લોક :-**

**सामायिकव्रतस्थस्य गृहिणोऽपि स्थिरात्मनः ।**
**चन्द्रावतंसकस्येव क्षीयते कर्म सञ्चितम् ।।८३।।**

**શ્લોકાર્થ :-**

**સામાયિકવ્રતમાં રહેલા સ્થિર પરિણામવાળા ગૃહસ્થનાં પણ સંચિત કર્મોનો ક્ષય ચંદ્રાવતંસક-રાજાની જેમ થાય છે. ।।૮૩।।**

**ભાવાર્થ :-**

ચંદ્રાવતંસકરાજા રાત્રિના સમયે આ દીવો બળે ત્યાં સુધી હું સામાયિકના પરિણામમાં રહીશ એ પ્રકારે ચિત્તને સ્થિર કરીને સતત જિનવચનાનુસાર તત્ત્વથી આત્માને ભાવિત કરે છે અને દાસી દીવો બુઝાય નહીં તદ્ અર્થે સતત તે દીવામાં તેલ પૂરે છે. તેથી આખી રાત ધ્યાનમાં ઊભા રહેલા અને શુભભાવપૂર્વક સામાયિકના પરિણામને ધારણ કરતા તે રાજા સુગતિમાં જાય છે. તેથી જે શ્રાવક પોતાની શક્તિનું સમાલોચન કરીને ચિત્ત સામાયિકના પરિણામને વહન કરવા સમર્થ બને તે રીતે આત્માને જિનવચનથી ભાવિત કરે તેના પૂર્વનાં સંચિત ઘણાં કર્મોનો ક્ષય થાય છે. માટે નિર્જરાના અર્થી શ્રાવકે અંતરવૃત્તિથી સામાયિકના પરિણામના સ્વરૂપનું અત્યંત ભાવન કરીને તે ભાવો ચિત્તમાં ઉલ્લસિત થાય તે રીતે ઉચિત મન, વચન, કાયાની પ્રવૃત્તિ કરવી જોઈએ જેથી માત્ર બાહ્ય આચરણાની સામાયિક ન થાય પરંતુ ચંદ્રાવતંસકરાજાની જેમ ઘણાં કર્મોના ક્ષયનું કારણ બને તેવું નિર્મળ સામાયિક થાય.

સામાયિક એ સર્વવિરતિને અનુકૂળ શિક્ષાવ્રત સ્વરૂપ છે; કેમ કે સર્વવિરતિમાં મહાત્મા પ્રાયઃ ૨૪ કલાક સમભાવમાં રહેતા હોય છે. ક્વચિત્ પ્રમાદ આદિને વશ કોઈ બાહ્ય નિમિત્તથી અતિચાર થયેલો હોય તોપણ સમભાવના અર્થી એવા તે મહાત્મા તરત તેની શુદ્ધિ કરે છે અને જે મહાત્મા દિવસ-રાત સમભાવના પરિણામને વહન કરવા સમર્થ છે તે મહાત્મા અનાદિથી સેવાયેલા અસમભાવના પરિણામથી બંધાયેલાં કર્મોનો સતત નાશ કરે છે. વળી, શ્રાવક પણ તે મહાત્માની જેમ જ સદા સમભાવની ધુરાને વહન કરવાના અર્થી હોય છે પરંતુ અંતરંગ રીતે તેવી શક્તિનો સંચય થયો નહીં હોવાથી તેવી શક્તિના સંચય અર્થે પોતાની શક્તિ અનુસાર સામાયિકવ્રતમાં રહે છે અને સામાયિકવ્રતકાળ દરમિયાન મન, વચન, કાયાને સંવૃત કરીને સમભાવની વૃદ્ધિ થાય તે પ્રકારના વ્યાપારને કરે છે જેનાથી ક્રમે કરીને સદા માટે સામાયિકના પરિણામને પોતે વહન કરી શકે તેવા બળનો સંચય થાય છે. માટે સામાયિકવ્રતને શિક્ષાવ્રત કહેલ છે. **॥૮૩॥**

**અવતરણિકા :-**

**બીજા શિક્ષાવ્રતને કહે છે —**

**શ્લોક :-**

**दिग्व्रते परिमाणं यत्तस्य संक्षेपणं पुनः ।**
**दिने रात्रौ च देशावकाशिकव्रतमुच्यते ।।८४।।**

**શ્લોકાર્થ :-**

**દિશાના વ્રતમાં જે પરિમાણ છે તેનું વળી, દિવસમાં અને રાત્રિમાં સંક્ષેપણ દેશાવકાશિકવ્રત કહેવાય છે. ॥૮૪॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સર્વવિરતિના સંચય અર્થે પાંચ અણુવ્રતો સ્વીકારે છે અને તેને અતિશય કરવા અર્થે દિશાના

પરિમાણરૂપ પ્રથમ ગુણવ્રત સ્વીકારે છે. વળી, તે ગુણવ્રત યાવત્ જીવ સુધી કે વર્ષ કે બે વર્ષ આદિ દીર્ઘકાળ માટે હોય છે અને તે વ્રતને પણ પ્રતિદિન અતિ સંકોચ કરીને પોતાના જીવનના આરંભોને અલ્પ કરવા અર્થે દેશાવકાશિકવ્રત ગ્રહણ કરે છે. તેથી દિવસને આશ્રયીને કે રાત્રિને આશ્રયીને અથવા દિવસના એક પહોર આદિ કાળને આશ્રયીને ક્ષેત્રનો સંકોચ કરે છે. જેમ કોઈ શ્રાવક સંયોગ અનુસાર એક પ્રહર માટે દેશાવકાશિકવ્રત ગ્રહણ કરે કે ગૃહાદિ નિયત ક્ષેત્રથી ક્યાંય બહાર જઈશ નહીં એટલા કાળઅવધિ સુધી જે તેના ચિત્તમાં દિગ્પરિમાણવ્રતથી અન્ય અન્ય ક્ષેત્રોમાં જઈને સંસારની ધન અર્જન કરવાની જે પરિણતિ હતી તે પરિણતિ કેટલાક કાળઅવધિ સુધી નિયત ક્ષેત્રથી બહાર નહીં જવાના પરિણામવાળી થાય છે તેથી પોતાના આરંભ-સમારંભના પરિણામમાં ક્ષેત્રને આશ્રયીને અત્યંત સંકોચ કરવાનો અધ્યવસાય થાય છે અને આ દિગ્પરિમાણવ્રતમાં સંકોચનું કરવું તે અન્ય અણુવ્રતોનું ઉપલક્ષણ છે. તેથી શ્રાવક જેમ દિવસને આશ્રયીને કે રાત્રીને આશ્રયીને અથવા દિવસના એક પહોર આદિ કાળમર્યાદાને આશ્રયીને દિશાનો સંકોચ કરે છે તેમ અન્ય ભોગોપભોગની પ્રવૃત્તિ પણ કેટલોક કાળ શક્તિ અનુસાર સંકોચ કરે છે. તેથી પોતાની શક્તિનું આલોચન કરીને અત્યંત નિરવદ્ય જીવન જીવવાના અર્થી શ્રાવક દિવસના કે પહોરના પરિમિત કાળ સુધી બાહ્ય આરંભનો અત્યંત સંકોચ કરે અને તેના અતિશયને કરવા અર્થે પોતાની શક્તિ અનુસાર ઉચિતપ્રવૃત્તિ કરે જેના દ્વારા સર્વવિરતિને અનુકૂળ બળનો સંચય થાય તે દેશાવકાશિક નામનું બીજું શિક્ષાવ્રત છે.

સામાન્યથી સર્વવ્રતોના અત્યંત સંકોચને સામે રાખીને વર્તમાનમાં દેશાવકાશિક કાળ દરમિયાન સામાયિક કરવાનો વ્યવહાર પ્રચલિત છે. છતાં જે શ્રાવક સામાયિકના પરિણામના ગંભીર અર્થને બરાબર સ્મરણ કરીને સમભાવની વૃદ્ધિ થાય તે પ્રકારે ક્ષેત્રની સીમા કરીને સામાયિક આદિ ઉચિત ક્રિયા કરે અને જો કદાચ સામાયિકને અનુકૂળ પરિણામ ન હોય તો પણ દિશાના સંકોચનો પરિણામ પણ સર્વવિરતિના લક્ષને અનુકૂળ કરવામાં આવે તો દેશાવકાશિક વ્રતની પ્રાપ્તિ થાય. **॥૮૪॥**

**અવતરણિકા :-**

**ત્રીજા શિક્ષાવ્રતને કહે છે –**

**શ્લોક :-**

**चतुष्पर्व्यां चतुर्थादि कुव्यापारनिषेधनम् ।**
**ब्रह्मचर्यक्रिया स्नानादित्यागः पोषधव्रतम् ।।८५।।**

**શ્લોકાર્થ :-**

**ચાર પર્વમાં=આઠમ, ચૌદશ, પૂર્ણિમા અને અમાસરૂપ ચાર પર્વમાં, ચતુર્થાદિ=ઉપવાસાદિ, કુવ્યાપારનો નિષેધ, બ્રહ્મચર્યની ક્રિયા, સ્નાનાદિનો ત્યાગ પૌષધવ્રત છે. ।।૮૫।।**

**ભાવાર્થ :-**

શ્રાવક સાધુતુલ્ય સંપૂર્ણ નિરારંભ જીવન જીવવા અર્થે ચાર તિથિઓમાં પૌષધને કરીને શક્તિનો સંચય

કરે છે અને જે ચાર તિથિઓમાં ચાર પ્રકારના પૌષધને કરે છે તે ૧. આહારપૌષધ=આહારના વિષયનો પૌષધ ૨. કુવ્યાપારના નિષેધનો પૌષધ ૩. બ્રહ્મચર્યના પાલનનો પૌષધ અને ૪. સ્નાનાદિના ત્યાગરૂપ=શરીર સત્કાર ત્યાગ સ્વરૂપ પૌષધ છે અને પૌષધનો અર્થ છે કે ધર્મની જે પુષ્ટિ કરે તે પૌષધ. તેથી ધર્મની પુષ્ટિ કરવા અર્થે શ્રાવક ચાર પ્રકારનો પૌષધ કરે છે અને ધર્મ એ ક્ષમા, માર્દવ આદિના પરિણામરૂપ દશવિધ યતિધર્મ છે. તેથી જેમ સાધુ જાવજ્જીવ સુધી દશવિધ યતિધર્મની ધુરાને વહન કરે છે તેમ તેવા ધર્મને પોતાનામાં પ્રગટ કરવા અર્થે તેના અભ્યાસ રૂપે શ્રાવક ચાર પ્રકારનો પૌષધ કરે છે.

**(૧) આહાર પૌષધ :-**

સામાન્યથી સાધુ આહાર વાપરતા નથી પરંતુ સંયમના ઉપાય અર્થે જ આહાર ગ્રહણ કરે છે તેથી સાધુની જેમ સંપૂર્ણ આહારનો ત્યાગ કરીને સંયમની વૃદ્ધિ અર્થે જ સંયમના ઉપાયને સેવવાનો પરિણામ જેમ સાધુમાં સદા વર્તે છે તેવો પરિણામ પૌષધકાળ સુધી પોતાનામાં પ્રગટ થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક શ્રાવક પોતાની શક્તિ અનુસાર ઉપવાસાદિ તપ કરે છે. પૌષધ દરમિયાન શ્રાવકે જે તપ અંતરંગ ઉચિત પરિણામ કરવામાં બાધક ન થાય તે રીતે પોતાની શક્તિનું આલોચન કરીને કરવો જોઈએ.

**(૨) કુવ્યાપારના નિષેધરૂપ પૌષધ :-**

વળી, મન, વચન, કાયા, આત્માના ગુણોની વૃદ્ધિને છોડીને અન્ય વ્યાપારવાળાં થાય તે કુવ્યાપાર છે અને મન, વચન અને કાયાના યોગો દશવિધ યતિધર્મના સ્વરૂપથી આત્માને વાસિત કરવાને અનુકૂળ વ્યાપારવાળા થાય તે સુવ્યાપાર છે. તેથી પૌષધ દરમિયાન વિવેકસંપન્ન શ્રાવક સદા ત્રણ ગુપ્તિમાં રહેનારા સુસાધુની જેમ પૌષધકાળ દરમિયાન પાંચેય ઇન્દ્રિયોનો સંવર કરીને કાયાથી ઉચિત આસનમાં સ્થિર બેસીને, વચનથી જિનવચનાનુસાર તત્ત્વને ભાવન કરવા અર્થે વચનને વ્યાપારવાળું કરે છે અને મનને તે ભાવોથી વાસિત કરવા યત્ન કરે છે જેથી આત્મામાં ગુપ્તિનો પરિણામ અતિશય, અતિશયતર થાય. વળી, ચિત્ત દશવિધ યતિધર્મના ગુણોથી જ સતત વાસિત રહે તે પ્રકારે યત્ન કરે છે જે કુવ્યાપારના નિષેધભૂત પૌષધ છે.

**(૩) બ્રહ્મચર્યની ક્રિયારૂપ પૌષધ :-**

વળી, બ્રહ્મચર્યના પાલનની પ્રવૃત્તિ કરવા અર્થે પૌષધ દરમિયાન કોઈ કામના વિકારો ન થાય તે અર્થે ઇન્દ્રિયોને સંવૃત રાખે છે. ભૂતકાળમાં કરેલી કોઈ અબ્રહ્મની પ્રવૃત્તિનું સ્મરણ ન થાય તે રીતે મનને સંવૃત રાખે છે અને સંપૂર્ણ નિર્વિકારી એવા બ્રહ્મચર્ય પાળનારા મુનિઓના ગુણોથી આત્માને વાસિત કરવા યત્ન કરે છે તે બ્રહ્મચર્યની ક્રિયા છે.

**(૪) સ્નાનાદિના ત્યાગરૂપ પૌષધ :-**

વળી શ્રાવકે દેહ પ્રત્યેના મમત્વના કારણીભૂત સ્નાનાદિ ક્રિયાનો ત્યાગ કરવો જોઈએ અને સ્નાનાદિરૂપ શરીરના સત્કારની પ્રવૃત્તિનો પણ ત્યાગ કરવો જોઈએ.

સામાન્યથી કુવ્યાપારનો નિષેધ કરવો હોય તો આહાર સંજ્ઞાનો ત્યાગ કરવો જોઈએ, અબ્રહ્મની સંજ્ઞાનો ત્યાગ કરવો જોઈએ, સ્નાનાદિનો ત્યાગ કરવો જોઈએ. જો આ સર્વનો ત્યાગ ન થાય તો કુવ્યાપારનો ત્યાગ થઈ શકે નહીં; કેમ કે આહારાદિ સંજ્ઞાની બધી પ્રવૃત્તિ કુવ્યાપારરૂપ છે. છતાં, કુવ્યાપારથી સ્વતંત્ર બતાવીને તેનો વિશેષ બોધ કરાવવા અર્થે ચાર પ્રકારનો પૌષધ કહેલ છે. પરમાર્થથી તો શ્રાવક કુવ્યાપારનો નિષેધ કરીને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત રહે છે. વળી, તેઓ પૌષધકાળ દરમિયાન સર્વ યત્નથી આત્માની સમભાવની પરિણતિને જ અતિશય કરવા અર્થે યત્ન કરે છે. તેથી તેવા શ્રાવક સમભાવની વૃદ્ધિના કારણરૂપ પૌષધકાળ દરમિયાન ધર્મ જાગરિકા કરે છે અર્થાત્ આત્મામાં પોતાનો મૂળભૂત સ્વભાવ પ્રગટે તે પ્રકારના તત્ત્વનું પર્યાલોચન કરે છે જેનાથી સર્વ પ્રકારના કુવ્યાપારનો નિષેધ થાય છે અને મન, વચન અને કાયાના યોગો દશવિધ યતિધર્મને અનુકૂળ વ્યાપારવાળા થાય તે પ્રકારે યત્ન કરે છે. આથી જ પૌષધધારી શ્રાવક સાધુઓની જેમ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને દેહની કોઈપણ ક્રિયા કરે તો સમિતિપૂર્વક ઉચિત યતનાથી કરે જે ક્રિયાના બળથી સર્વવિરતિની શક્તિનો સંચય થાય છે. તેથી પૌષધ એ શિક્ષાવ્રતરૂપ છે=સર્વવિરતિનું શિક્ષણ લેવાની ક્રિયારૂપ છે. **॥૮૫॥**

**અવતરણિકા :-**

**હવે પૌષધવ્રત કરનારની પ્રશંસા કરે છે જેથી પૌષધ પ્રત્યેનું મહત્ત્વ સ્થિર થાય.**

**શ્લોક :-**

**गृहिणोऽपि हि धन्यास्ते पुण्यं ये पोषधव्रतम् ।**
**दुष्पालं पालयन्त्येव यथा स चुलनीपिता ।।८६।।**

**શ્લોકાર્થ :-**

**તે ગૃહસ્થો પણ ધન્ય છે જે પુણ્ય=પવિત્ર, એવું દુષ્પાલ પૌષધવ્રત પાળે જ છે. જે પ્રમાણે તે ચુલનીપિતા. ॥૮૬॥**

**ભાવાર્થ :-**

ચુલનીપિતાએ પૌષધવ્રત ગ્રહણ કરીને આત્મામાં ધર્મરૂપી ધન નિષ્પન્ન થાય તે પ્રકારે ઉદ્યમ કરવાનો પ્રારંભ કર્યો. કોઈ વ્યંતર તેમને ચલાયમાન કરવા માટે અનેક પ્રયત્નો કરે છે પરંતુ તે વ્યંતરના અનેક પ્રયત્નો હોવા છતાં તે મહાત્મા ચલાયમાન થતા નથી પરંતુ દૃઢ પ્રણિધાનપૂર્વક ચિત્તને સર્વ પ્રકારના આરંભથી પર કરીને નિરારંભ એવા મુનિભાવ તરફ ગમનના પરિણામવાળું કરે છે. તેમ જે ગૃહસ્થો વર્તમાનમાં પણ સ્વશક્તિ અનુસાર સદ્ વ્રતગ્રહણ કરીને સંવેગની વૃદ્ધિ થાય તે પ્રકારે દશ પ્રકારના યતિધર્મ આદિ ભાવોથી આત્માને સતત વાસિત કરવા યત્ન કરે છે તેવા ધન્ય ગૃહસ્થોનો પવિત્ર પૌષધવ્રત છે જે પવિત્ર વ્રત અલ્પ સત્ત્વવાળા જીવો માટે દુષ્પાલ છે; કેમ કે જેઓએ આત્માને તત્ત્વથી ભાવિત કર્યો નથી તેવા જીવોનું ચિત્ત વિષયોથી ભાવિત હોવાથી પૌષધકાળમાં પણ બાહ્ય પ્રવૃત્તિમય જ રહે છે પરંતુ તે જીવો અંતરંગ શુદ્ધ આત્મામાં સ્થિર થવાને અનુકૂળ કોઈ ઉદ્યમ કરી શકતા નથી. **॥૮૬॥**

**અવતરણિકા :-**

**હવે ચતુર્થ શિક્ષાવ્રતને કહે છે –**

**શ્લોક :-**

**दानं चतुर्विधाहारपात्राच्छादनसद्मनाम् ।**
**अतिथिभ्योऽतिथिसंविभागव्रतमुदीरितम् ।।८७।।**

**શ્લોકાર્થ :-**

**અતિથિઓને=સુસાધુઓને, ચાર પ્રકારનો આહાર, પાત્રા, આચ્છાદન=વસ્ત્ર, કામળી અને ગૃહનું દાન=વસતિનું દાન, અતિથિસંવિભાગવ્રત કહેવાયું છે. ।।૮૭।।**

**ભાવાર્થ :-**

સદ્‌ગૃહસ્થને આત્મકલ્યાણ માટે પર્વતિથિઓ હોય છે; કેમ કે કલ્યાણના અર્થી હોવા છતાં પણ પ્રતિદિન વિશેષ પ્રકારનો ધર્મ સેવવાની શક્તિવાળા નથી તેથી પર્વાદિના દિવસોમાં વિશેષ પ્રકારનો ધર્મ સેવે છે. જ્યારે સુસાધુઓ સદા પોતાની શક્તિના પ્રકર્ષથી ધર્મને સેવનારા હોય છે તેથી તેઓને માટે આરાધનાની તિથિઓ નથી તેથી તેવા સાધુઓ અતિથિ કહેવાય છે અને તેવા ગુણસંપન્ન સાધુના ગુણોનું સ્મરણ કરીને તેમના ગુણો પ્રત્યેના બહુમાનને કારણે જે હૈયામાં ભક્તિનો અતિશય થાય છે તેને કારણે જે શ્રાવકો પોતાના અર્થે નિર્માણ કરાયેલ એવા ચાર પ્રકારના આહારમાંથી નિર્દોષ આહાર દ્વારા તેઓની ભક્તિ કરે અર્થાત્ તેઓને દાન આપે અને સાધુના ઉપકરણ તરીકે ઉપયોગી એવાં પાત્ર, વસ્ત્ર કે નિર્દોષ વસતિ આદિ આપે તે અતિથિસંવિભાગવ્રત કહેવાય છે અર્થાત્ અતિથિ એવા સાધુને સંગત એવો નિર્દોષ પોતાના આહાર આદિમાંથી વિભાગ છે જેમાં, તેવું વ્રત અતિથિસંવિભાગ કહેવાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે બાહ્ય રીતે નિર્દોષ આહાર આદિનું દાન ગુણસંપન્ન પાત્રને કરવામાં આવે અને અંતરંગ રીતે તેઓના ગુણો પ્રત્યેનું બહુમાનભાવ વૃદ્ધિ થાય તેવો ઉપયોગ વર્તતો હોય તો તે દાનની ક્રિયાથી ચારિત્રમોહનીય કર્મનો નાશ થાય છે તેથી તે દાનની ક્રિયાને ચારિત્રની નિષ્પત્તિને અનુકૂળ એવું શિક્ષાવ્રત કહેવામાં આવે છે. **।।૮૭।।**

**અવતરણિકા :-**

**જોકે વિવેકવાળા શ્રાવકનું સત્પાત્ર ગુણસંપન્ન સાધુ છે અને તેઓને કરાયેલા દાનનું ફળ સાક્ષાત્ કે પરંપરાથી મોક્ષ કહેવાયું છે તોપણ મુગ્ધજીવોના અનુગ્રહ માટે=જેઓ વિવેકસંપન્ન શ્રાવક થયા નથી પરંતુ સામગ્રીને પામીને વિવેકસંપન્ન થાય તેવા ભદ્રક પ્રકૃતિવાળા જીવોના અનુગ્રહ માટે, પાત્રદાનનું પ્રાસંગિક ફળ બતાવે છે –**

**શ્લોક :-**

**पश्य सङ्गमको नाम सम्पदं वत्सपालकः ।**
**चमत्कारकरीं प्राप मुनिदानप्रभावतः ।।८८।।**

**શ્લોકાર્થ :-**

**જુઓ=મુગ્ધજીવોને અભિમુખ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે તમે જુઓ. શું જુઓ ? તે બતાવે છે –**

**મુનિદાનના પ્રભાવથી સંગમ નામના વત્સપાલકે=ગાયોને ચરાવીને જીવનારે, ચમત્કારને કરનારી એવી સંપદાને પ્રાપ્ત કરી. ॥૮૮॥**

**ભાવાર્થ :-**

વિવેકસંપન્ન શ્રાવકનું અતિથિસંવિભાગવ્રત સુસાધુના ગુણોના સ્મરણપૂર્વક હોવાથી સાક્ષાત્ મોક્ષનું કારણ છે; કેમ કે મુક્તઅવસ્થા જ તેમને સાર જણાય છે અને તેના ઉપાયભૂત સાધુધર્મ તેમને પરમાર્થ દેખાય છે તેવા શ્રાવકો સાધુ પ્રત્યે ભક્તિના અતિશયથી દાન કરે છે. તે દાનના મહિમાને કહેવો અશક્ય છે પરંતુ ગાયોને ચરાવનાર સંગમ નામનો બાળક વિશેષ પ્રકારના બોધ વગરની અવસ્થાકાળમાં પણ ભદ્રક પ્રકૃતિને કારણે સુસાધુ પ્રત્યે બહુમાનવાળો થયો તેથી અતિદુર્લભ એવું ખીરભોજન પણ સુસાધુના પ્રત્યે ભક્તિના અતિશયથી વહોરાવે છે જેના કારણે લોકોને પણ આશ્ચર્ય થાય તેવી સંપત્તિને શાલિભદ્રના ભવમાં પ્રાપ્ત કરે છે. વળી, દાનનું પરંપરાએ મોક્ષ ફળ છે છતાં આનુષંગિક ફળ પણ જે દાનનું આટલું ઉત્તમ છે તેનું સમ્યગ્ સમાલોચન કરીને યોગ્ય જીવોને સુસાધુ પ્રત્યે ભક્તિ થાય તદ્ અર્થે ગ્રંથકારશ્રીએ દાનના પ્રાસંગિક ફળને પ્રસ્તુત શ્લોકમાં કહેલ છે. **॥૮૮॥**

**અવતરણિકા :-**

**બારવ્રતો કહેવાયાં. હવે, તેનો શેષ=અતિચારોના રક્ષણરૂપ બારવ્રતોના અવશેષને, કહે છે –**

**શ્લોક :-**

**व्रतानि सातिचाराणि सुकृताय भवन्ति न ।**
**अतिचारास्ततो हेयाः पञ्च पञ्च व्रते व्रते ।।८९।।**

**શ્લોકાર્થ :-**

**સાતિચારવ્રતો સુકૃત માટે થતાં નથી=કલ્યાણનું કારણ બનતાં નથી. તેથી હેય એવા અતિચારો દરેક વ્રતોમાં પાંચ-પાંચ છે. ॥૮૯॥**

**ભાવાર્થ :-**

ગ્રહણ કરાયેલા વ્રતમાં કોઈપણ અતિચાર લાગે તો તે ગ્રહણ કરાયેલું વ્રત ઉત્તમગુણોના આધાન દ્વારા કલ્યાણનું કારણ થતું નથી પરંતુ સ્થૂલથી પાલન કરાયેલું પણ તે વ્રત અતિચારોના પરિણામથી નષ્ટપ્રાયઃ થાય છે તેથી વ્રત ગ્રહણ કરનાર માટે તે અતિચારો હેય છે અર્થાત્ ત્યાજ્ય છે અને તે અતિચારો શ્રાવકના પ્રત્યેક વ્રતમાં પાંચ-પાંચ છે જેને ગ્રંથકારશ્રી સ્વયં આગળ કહે છે.

અહીં વિશેષ કહે છે કે વિવેકી શ્રાવક દરેક વ્રતોના મન, વચન, કાયાના યોગોને આશ્રયીને અને કરણ, કરાવણને આશ્રયીને કેટલા વિકલ્પો થાય છે તેનો બોધ કરે છે અને તે પ્રકારે બોધ કર્યા પછી વ્રત ગ્રહણ કરનાર મન, વચન અને કાયાના કયા વિકલ્પોને આશ્રયીને પોતે કયું વ્રત પાળી શકે તેમ છે તેનો યથાર્થ નિર્ણય કરીને=પોતાની શક્તિ, પોતાના સંયોગો, પોતાની માનસિક સ્થિતિ વગેરેનું પર્યાલોચન કરીને જે વ્રત સુવિશુદ્ધ પાળી શકે તેમ છે તેનો નિર્ણય કરીને, વિવેકસંપન્ન શ્રાવક તેની પ્રતિજ્ઞા કરે છે અને મન, વચન, કાયામાંથી જેની પોતે પ્રતિજ્ઞા કરી હોય તેના સિવાય અન્ય યોગથી તે પ્રકારના આરંભના સેવનની મનોવૃત્તિ ઘટાડવા યત્ન કરે છે. આમ છતાં અનાદિના સંસ્કારને કારણે મન, વચન, કાયામાંથી જેની પોતે પ્રતિજ્ઞા લીધી નથી તેવા યોગમાં પ્રવૃત્તિ થાય તો વ્રતનો ભંગ થતો નથી અને ગ્રહણ કરાયેલા વ્રત અનુસાર સમ્યક્ પાલનમાં ઉદ્યમ કરનાર પણ શ્રાવકને પ્રમાદવશ કોઈ અતિચાર લાગે તો તેની શુદ્ધિ ઉચિત ઉપાય દ્વારા તે શ્રાવક કરે તો અવશ્ય તેનું વ્રત અતિચાર રહિત બને છે અને તેવું સુવિશુદ્ધ વ્રત જ કલ્યાણનું કારણ બને છે અને જેઓ વ્રતો ગ્રહણ કર્યા પછી અતિચારોનું સ્મરણ કરતા નથી અને અતિચારોનું સેવન કર્યા પછી તેની શુદ્ધિની ચિંતા કરતા નથી અને વારંવાર પ્રાપ્ત થતા અતિચારોની ઉપેક્ષાવાળા છે તેઓને તે અતિચારોના બળથી અનર્થોની પરંપરાની પ્રાપ્તિ થાય છે. માટે અતિચારોનો પરિહાર કરવા માટે શક્તિના પ્રકર્ષથી ઉચિત ઉદ્યમ કરવો જોઈએ. **॥૮૯॥**

**અવતરણિકા :-**

**ત્યાં=પ્રથમ વ્રતના વિષયમાં, અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**क्रोधाद् बन्धश्छविच्छेदोऽधिकभाराधिरोपणम् ।**
**प्रहारोऽन्नादिरोधश्चाहिंसायां परिकीर्त्तिताः ।।९०।।**

**શ્લોકાર્થ :-**

**અહિંસા વ્રતમાં ક્રોધથી બંધ, છવિચ્છેદ=ચામડીનો ચ્છેદ, અધિક ભારનું આરોપણ, પ્રહાર અને અન્નાદિનો રોધ અતિચારો કહેવાયા છે. ।।૯૦।।**

**ભાવાર્થ :-**

શ્રાવક પહેલા અણુવ્રતમાં ત્રસ વિષયક નિષ્કારણ હિંસાનો ત્યાગ કરે છે તેથી કોઈ ત્રસજીવને પીડા થાય તેવું વર્તન ક્રોધને વશ તેણે કરવું જોઈએ નહીં. આથી જ પહેલા અણુવ્રતવાળો શ્રાવક ત્રસજીવોના રક્ષણ અર્થે વાહન આદિમાં જવાનો પ્રસંગ હોય તો ઉચિત યતનાપૂર્વક ગમન કરે છે અને બેસવા-ઊઠવાની પ્રવૃત્તિ પણ નિષ્કારણ ત્રસજીવોની હિંસા ન થાય તેવી ઉચિત યતનાથી કરે છે અને આમ તો પશુપાલનનો વ્યવસાય શ્રાવકને ઇષ્ટ નથી છતાં અન્ય કોઈ ઉપાય ન હોય તો પશુપાલનનો વ્યવસાય પણ કરે ત્યારે પશુઓને પીડા થાય તેવી પ્રવૃત્તિ ક્રોધને વશ કોઈ કરે તો તે અતિચારરૂપ બને. તે સિવાય સ્વજન સાથે કે

દાસ-દાસી આદિ સાથે પણ ક્રોધને વશ પીડા થાય તેવી કોઈ પ્રવૃત્તિ કરે તો તે અતિચાર બને અને આ અતિચારોને સંક્ષેપથી બંધાદિ પાંચમાં ગ્રહણ કરેલ છે તેથી શ્રાવકે પ્રથમ અણુવ્રતમાં પ્રાપ્ત થતા અતિચારોનું સમ્યગ્ સમાલોચન કરીને તેના પરિહારપૂર્વક પ્રથમ અણુવ્રતનું પાલન કરવું જોઈએ. **॥૯૦॥**

**અવતરણિકા :-**

**બીજા વ્રતના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**मिथ्योपदेशः सहसाऽभ्याख्यानं गुह्यभाषणम् ।**
**विश्वस्तमन्त्रभेदश्च कूटलेखश्च सूनृते ।।९१।।**

**શ્લોકાર્થ :-**

**મિથ્યા ઉપદેશ, સહસા અભ્યાખ્યાન, કોઈની ગુપ્ત વાતોનું કથન, વિશ્વસ્ત વ્યક્તિનો મંત્ર-ભેદ=વિશ્વસ્ત વ્યક્તિની ગુપ્ત વાતોનું પ્રકાશન અને કૂટલેખ સૂનૃત નામના બીજા અણુવ્રતના અતિચારો છે. ॥૯૧॥**

**ભાવાર્થ :-**

સાધુ વચનગુપ્તિ અને ભાષા સમિતિવાળા હોય છે તેથી સંપૂર્ણ મૃષાવાદનો પરિહાર કરી શકે છે અને શ્રાવકને સંપૂર્ણ મૃષાવાદનો પરિહાર અશક્ય છે; કેમ કે કોઈને પીડાકારી બને તેવું વચન સત્ય હોય તોપણ તે મૃષાવાદરૂપ જ છે અને શ્રાવકના આરંભસમારંભમય જીવનમાં સર્વથા પીડાના પરિહારને કરનારો વચનપ્રયોગ ન થાય તે સંભવે નહીં તોપણ શક્તિ અનુસાર કોઈ જીવોને પીડા ન થાય તે પ્રકારે ઉચિત આચરણા શ્રાવક કરે છે. વળી, પરપીડાને કરાવે તેવો ઉપદેશ શ્રાવક કરે નહીં. આમ છતાં પ્રમાદને વશ સંસારના આરંભસમારંભ વિષયક કોઈને ઉપદેશ આપે તો તે સત્યવચન હોવા છતાં બીજાવ્રતનો અતિચાર બને છે, જે મિથ્યા ઉપદેશ સ્વરૂપ છે.

વળી, શ્રાવક સંસારમાં વસ્તુસ્થિતિનું આલોચન કરીને વિવેકપૂર્વક ઉચિત વચનપ્રયોગ કરનાર હોય છે. છતાં ક્યારેક અનાભોગથી વિચાર્યા વગર સહસા કોઈને પીડાકારી વચન કહે તો તે બીજાવ્રતનો સહસા અભ્યાખ્યાન નામનો અતિચાર છે.

વળી, કોઈની ગુપ્ત વાત સત્ય હોય તોપણ તેના હિત આદિનું કોઈ પ્રયોજન ન હોય તો શ્રાવક કોઈને કહે નહીં. આમ છતાં અનુપયોગને કારણે ક્યારેક કોઈને ગુપ્ત વાતોનું પ્રકાશન કરે તો તે વચન અન્યને માટે પીડાકારી બને તેવું હોય છે તેથી બીજાવ્રતના અતિચારરૂપ બને છે.

વળી, પોતાના ઉપર જેણે વિશ્વાસ રાખ્યો છે તેવી વ્યક્તિની સાથે કોઈ વિચારણા થયેલી હોય અને પોતે એ વિચારણા જાણતો હોય અને એ કથન અન્ય કોઈને કહે અને તે વચન કદાચ સત્ય પણ હોય તોપણ પરને પીડાકારી હોવાથી અસત્યવચન છે.

વળી, ધનાદિના લોભને વશ ખોટાં લખાણો કરે તે કૂટલેખ પણ મૃષા ભાષારૂપ છે તેથી શ્રાવકનું બીજું વ્રત મલિન થાય છે. આથી બીજાવ્રતના રક્ષણ અર્થે શ્રાવકે ગંભીરતાપૂર્વક હિતાહિતનો વિચાર કરીને કોઈને પીડા ન થાય તેવું ઉચિત વચન જ બોલવું જોઈએ. જેઓ એ પ્રકારના ઉપયોગવાળા નથી તેઓ બીજું વ્રત સ્થૂલથી પાળતા હોય તોપણ અતિચારોથી જીર્ણ થયેલું વ્રત હોવાથી નષ્ટપ્રાયઃ બને છે. **II૯૧II**

**અવતરણિકા :-**

**ત્રીજા વ્રતના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**स्तेनानुज्ञा तदानीतादानं द्विड्राज्यलङ्घनम् ।**
**प्रतिरूपक्रिया मानान्यत्वं चास्तेयसंश्रिताः ।।९२।।**

**શ્લોકાર્થ :-**

**ચોરને અનુજ્ઞા, તેનાથી લાવેલી વસ્તુનું ગ્રહણ, શત્રુભૂત એવાં બે રાજ્યોની ભૂમિનું ઉલ્લંઘન, પ્રતિરૂપક્રિયા અને માનનું અન્યપણું=ખોટાં તોલમાપ કરવાં, એ અસ્તેયવ્રતને આશ્રિત અતિચારો છે. II૯૨II**

**ભાવાર્થ :-**

શ્રાવક સ્થૂલથી અદત્તાદાનનો પરિહાર કરે છે; કેમ કે સંપૂર્ણ અદત્તાદાનનો પરિહાર ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા મુનિ જ કરી શકે છે; કેમ કે જીવ અદત્ત વગેરેનો પરિહાર શ્રાવક માટે અશક્ય છે, આથી જ શ્રાવક એકેન્દ્રિયાદિનાં શરીરો ગ્રહણ કરીને પોતાના ભોગ માટે ઉપયોગ કરે છે. આમ છતાં શ્રાવકને સંપૂર્ણ અદત્તાદાનની વિરતિનો અત્યંત પક્ષપાત છે તેથી સંપૂર્ણ અદત્તાદાનના પરિહારના પરિણામને ઉલ્લસિત કરવા અર્થે સ્થૂલથી અદત્તાદાનનો પરિહાર કરે છે, તોપણ ક્યારેક લોભને વશ ચોરી કરનારા માણસો પાસેથી અલ્પ મૂલ્યમાં કોઈ વસ્તુ મળતી હોય તે લેવા માટે ચોરોને સહાય કરે ત્યારે તેના વ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય છે. વળી, ચોર દ્વારા લાવેલી વસ્તુ અલ્પ મૂલ્યમાં મળે છે તેથી તેવું કંઈ પણ ગ્રહણ કરે તોપણ ત્રીજાવ્રતમાં અતિચાર લાગે છે.

વળી, બે રાજ્યોએ પરસ્પર પોતાની વ્યવસ્થા નક્કી કરેલી હોય તેનું ઉલ્લંઘન કરીને અન્ય રાજ્યમાં પ્રવેશ કરે તો સાક્ષાત્ કોઈની વસ્તુ ગ્રહણ કરેલ નથી તોપણ તે રાજ્યના સ્વામીની અનુજ્ઞા વગર તે રાજ્યમાં પ્રવેશ કરવાથી ત્રીજાવ્રતમાં અતિચાર લાગે છે. વળી, કોઈ સારી વસ્તુ હોય તેના જેવી ભળતી વસ્તુ બનાવીને તેને સારી વસ્તુ તરીકે વેચવાની ક્રિયા કરવાથી જે અધિક મૂલ્ય પ્રાપ્ત થાય છે તે ત્રીજાવ્રતના અતિચાર સ્વરૂપ છે.

વળી, લોભને વશ ખોટાં તોલ-માપ વગેરે કરે તે સર્વ ત્રીજાવ્રતના અતિચારો છે. તેથી ત્રીજાવ્રતને અતિચાર રહિત કરવા અર્થે શ્રાવકે કોઈ પ્રકારે અનુચિત પ્રવૃત્તિથી ધનાદિની પ્રાપ્તિ માટે યત્ન કરવો

જોઈએ નહીં જેથી ત્રીજું વ્રત મલિન થાય અને સદા સર્વ અદત્તાદાનની વિરતિરૂપ ત્રીજા મહાવ્રતનું નિત્ય સ્મરણ કરવું જોઈએ જેથી તેની સન્મુખ ઉચિત યત્ન કરવાને અનુરૂપ ત્રીજાવ્રતનું પાલન થાય, જે ઉત્તરોત્તર વૃદ્ધિને પામીને સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને. ॥૯૨॥

**અવતરણિકા :-**

**ચોથા વ્રતના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**इत्वरात्तागमोऽनात्तागतिरन्यविवाहनम् ।**
**मदनात्याग्रहोऽनङ्गक्रीडा च ब्रह्मणि स्मृताः ।।९३।।**

**શ્લોકાર્થ :-**

**ઈત્વર કાળ માટે ગ્રહણ કરાયેલી એવી વેશ્યાનું ગમન, અનાત્તા=કોઈનાથી નહીં ગ્રહણ કરાયેલી, એવી વેશ્યાદિ સ્ત્રીઓની ગતિ=સેવન, અન્યનો વિવાહ કરાવવો, કામનો અતિ આગ્રહ અને અનંગની ક્રીડા=સ્ત્રીના અન્ય અવયવો સાથે વેદના ઉદયનું કારણ બને તેવી ક્રીડા, બ્રહ્મવ્રતમાં અતિચારો કહેવાયા છે. ॥૯૩॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને વેદનો ઉદય સદા વર્તે છે. માત્ર મુનિઓ જ વેદનો ઉદય વિદ્યમાન હોવા છતાં મહાપરાક્રમ ફોરવીને બ્રહ્મગુપ્તિથી આત્માને સદા ભાવિત રાખે છે જેથી કામનો વિકાર ઊઠે નહીં અને કામની કુત્સિત પ્રવૃત્તિનું તે રીતે સદા ભાવન કરે છે જેથી તે કુત્સિત પ્રવૃત્તિ કરવાને અભિમુખ ચિત્ત જાય નહીં. શ્રાવકને પણ તેવો જ પરિણામ અત્યંત પ્રિય છે તોપણ પૂર્ણ બ્રહ્મગુપ્તિનું પાલન પોતાના માટે અશક્ય છે તેમ જણાવાથી મન, વચન, કાયાને આશ્રયીને શક્તિ અનુસાર તેના પાલન માટે ઉચિત યત્ન કરે છે જેથી પૂર્ણ બ્રહ્મગુપ્તિને અનુકૂળ બળનો સંચય થાય અને તેના અર્થે લેશથી બ્રહ્મચર્યની મર્યાદા કરીને ચોથા મહાવ્રતનું શક્તિ અનુસાર પાલન કરે છે.

સ્વસ્ત્રીમાં સંતોષ રાખનાર શ્રાવક જો વેદના ઉદયના પ્રકર્ષને કારણે અલ્પકાળ માટે કોઈનાથી ગ્રહણ કરાયેલી વેશ્યાદિ હોય અને તેની સાથે સંબંધ કરે ત્યારે इत्वरात्तागम=અલ્પકાળ માટે ગ્રહણ કરાયેલી તે વેશ્યાનું સેવન અતિચારરૂપ બને છે. વળી, કોઈનાથી ગ્રહણ ન કરાયેલી હોય એવી કોઈ વેશ્યા અથવા અન્ય કોઈ સ્ત્રી હોય તેની સાથે કોઈ કામની પ્રવૃત્તિ કરવામાં આવે તો અતિચારની પ્રાપ્તિ થાય. આ બે અતિચારો સ્વસ્ત્રીમાં સંતોષ રાખનારા શ્રાવકને આશ્રયીને છે પરંતુ જેણે પરસ્ત્રીનું વર્જન કર્યું નથી તેવા શ્રાવકોને આ બે અતિચારોની પ્રાપ્તિ નથી; કેમ કે તેઓમાં કામનો અતિશય હોવાથી અન્ય સ્ત્રી સાથે કામના સેવનનો નિષેધ તેઓએ કર્યો નથી તેથી જ્યારે કામથી વિહ્વળ થાય અને રહી ન શકે તો વેશ્યાગમનના ત્યાગનું વ્રત તેઓએ ગ્રહણ કરેલ ન હોવાથી તે પ્રકારની પ્રવૃત્તિ તેઓ માટે અતિચારરૂપ

બનતી નથી તોપણ પોતાની તે પ્રકારની વૃત્તિનો સંકોચ કરવા અર્થે વિવેકી શ્રાવક સદા યત્ન કરે છે.

વળી, શ્રાવકને અબ્રહ્મ પ્રત્યે જુગુપ્સા હોય છે અને તેને પાપ સ્વરૂપ જાણે છે તેથી પોતે તેનો ત્યાગ ન કરી શકે તોપણ અન્યના લગ્ન આદિ પ્રસંગોમાં રસપૂર્વક પ્રવૃત્તિ કરે નહીં. સિવાય કે પુત્રાદિનો સંબંધ ન હોય તો અન્યનો વિવાહ પણ કરાવે નહીં. છતાં અનાભોગ આદિથી તેવી કોઈ પ્રવૃત્તિ કરે તો ચોથાવ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, શ્રાવકે પોતે જે બ્રહ્મચર્યવ્રતની મર્યાદા કરેલ છે તેમાં પણ કામની અતિ આસક્તિ થાય તો તે વ્રતમાં અતિચાર લાગે; કેમ કે શ્રાવકે હંમેશાં અબ્રહ્મની કુત્સિતતાનું ભાવન કરીને તે વિકારને અલ્પ કરવા માટે જ ઉદ્યમ કરવો જોઈએ. તેના બદલે પોતાના વ્રતની મર્યાદા અનુસાર પણ અતિકામની વૃદ્ધિ થાય તેવી પ્રવૃત્તિ કરે તો મદનાત્યાગ્રહ નામનો અતિચાર પ્રાપ્ત થાય.

વળી, કામની વૃદ્ધિને અનુકૂળ શરીરનાં અન્ય અંગો સાથે તેવી ચેષ્ટા કરવામાં આવે તે અનંગક્રીડા નામનો ચોથાવ્રતનો અતિચાર છે. તેથી શ્રાવકે સદા બ્રહ્મગુપ્તિ પાળનારા મુનિનું સ્મરણ કરીને તેવા સત્ત્વનો અતિશય પોતાનામાં થાય તે પ્રકારે અબ્રહ્મથી વિરતિની શક્તિ અનુસાર પ્રતિદિન વૃદ્ધિ કરવી જોઈએ. વળી, તેમાં કોઈ અતિચારો ન લાગે તેની અત્યંત કાળજી રાખવી જોઈએ અને વેદના ઉદયને વશ કોઈ અતિચારો થયા હોય તેનું સ્મરણ કરીને તેની શુદ્ધિ કરવા માટે સદા યત્ન કરવો જોઈએ જેથી સ્વીકારાયેલું અણુવ્રત પણ ક્રમસર મહાવ્રતની પ્રાપ્તિનું કારણ બને. **॥૯૩॥**

**અવતરણિકા :-**

**પાંચમા વ્રતના અતિચારોને કહે છે —**

**શ્લોક :-**

**धनधान्यस्य कुप्यस्य गवादेः क्षेत्रवास्तुनः ।**
**हिरण्यहेम्नश्च संख्याऽतिक्रमोऽत्रपरिग्रहे ।।९४।।**

**શ્લોકાર્થ :-**

**ધન-ધાન્યની, કુપ્યની, ગાય આદિ પશુની, ક્ષેત્ર વાસ્તુની, હિરણ્યની=ચાંદીની, હેમની=સુવર્ણની, સંખ્યાનો અતિક્રમ આ પરિગ્રહવ્રતમાં અતિચારો છે. ॥૯૪॥**

**ભાવાર્થ :-**

શ્રાવક નવ પ્રકારના પરિગ્રહનો વિભાગ કરીને તે તે પરિગ્રહો તેટલા પ્રમાણમાં જ રાખવા પરંતુ અધિક નહીં તે પ્રકારનો નિર્ણય કરે છે; કેમ કે સર્વથા પરિગ્રહ વગરની મુનિ અવસ્થા પ્રત્યે રાગ હોવા છતાં તે પ્રકારે શાતા આદિની અર્થિતા હોવાને કારણે સર્વથા પરિગ્રહોનો ત્યાગ કરવો શ્રાવક માટે અશક્ય હોય છે તોપણ સર્વથા અપરિગ્રહની શક્તિના સંચય અર્થે પોતાના પરિગ્રહવ્રતનું નિયંત્રણ કરે છે. આમ છતાં લોભને વશ જે ધન-ધાન્ય આદિની સંખ્યાનો નિયમ કર્યો છે તેમાં અનાભોગ આદિથી ઉલ્લંઘન થાય અથવા

તે નવ પરિગ્રહમાંથી કોઈ એક પરિગ્રહની વૃદ્ધિ થતી હોય જેમાં નિયમનો બાધ પ્રાપ્ત થતો જણાય ત્યારે તેને અન્ય પરિગ્રહમાં પરિવર્તન કરવા પ્રયત્ન કરે તે સર્વ અતિચારરૂપ છે. માટે શ્રાવકે પરિગ્રહની મૂર્ચ્છા અલ્પ થાય તે પ્રકારે ઉચિત યતનાપૂર્વક સર્વ પ્રવૃત્તિ કરવી જોઈએ. છતાં અનાભોગ આદિથી કોઈ સ્ખલના થયેલી હોય તો તેનું સ્મરણ કરીને શુદ્ધિ કરવી જોઈએ જેથી શુદ્ધ થયેલું વ્રત ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પૂર્ણ અપરિગ્રહવ્રતની પ્રાપ્તિનું કારણ બને. ॥૯૪॥

**અવતરણિકા :–**

**સ્વીકારાયેલા પાંચમા અણુવ્રતની સંખ્યાનો અતિક્રમ ભંગરૂપ જ છે. છતાં શ્લોક-૯૪માં તે સંખ્યાના અતિક્રમને ભંગરૂપ ન કહેતાં અતિચારરૂપ કેમ કહ્યા ? એથી કહે છે –**

**શ્લોક :–**

**बन्धनाद् भावतो गर्भाद् योजनाद् दानतस्तथा ।**
**प्रतिपन्नव्रतस्यैष पञ्चधाऽपि न युज्यते ।।९५।।**

**શ્લોકાર્થ :–**

**બંધનથી=ધન-ધાન્યના બંધનથી, ભાવથી=કુપ્યના ભાવથી, ગર્ભથી=ગવાદિના ગર્ભથી, યોજનથી=ક્ષેત્ર-વાસ્તુના યોજનથી અને દાનથી=હિરણ્ય, સુવર્ણના દાનથી, સ્વીકારાયેલા વ્રતના આ પાંચ પણ=શ્લોક-૯૪માં બતાવેલા સંખ્યા અતિક્રમરૂપ પાંચ પણ, યોગ્ય નથી=વ્રતગ્રહણ કરનારને સેવવાયોગ્ય નથી, માટે અતિચાર છે. ।।૯૫।।**

**ભાવાર્થ :–**

કોઈ શ્રાવકે ધન-ધાન્યના વિષયમાં સંખ્યાની મર્યાદા કરી હોય અને કોઈ પાસેથી કોઈ રીતે ધન-ધાન્યાદિ પ્રાપ્ત થતું હોય ત્યારે પોતાની સંખ્યાની મર્યાદાનો ભંગ થવાના ભયથી તેને કહે કે ચાર મહિના આદિ પછી મારા ધન-ધાન્યાદિનો વિક્રય થયે છતે હું ગ્રહણ કરીશ, એ પ્રકારની ભાવનાથી બંધન કરે= પોતાના તે ગ્રહણ કરવા યોગ્ય ધાન્યરૂપી ધનને દોરડા આદિથી બાંધીને તે તેના ઉપર પોતાનું ચિહ્ન કરીને તેના પાસે જ સ્થાપી મૂકે, ત્યારે તે પુરુષને વ્રતના રક્ષણ કરવાનો કંઈક પરિણામ છે અને પોતાના વ્રતની મર્યાદાથી અધિક ધાન્યરૂપી ધનને લેવાનો લોભ છે તેથી તે ધન-ધાન્યના વિષયનો અતિચાર છે. વસ્તુનું પરિગ્રહ પરિમાણ વ્રત ગ્રહણ કરનારે પોતાના અંતરંગ ધન-ધાન્યાદિ પ્રત્યે મૂર્ચ્છાને અલ્પ કરીને પોતાની પરિમાણ કરેલી સંખ્યાથી અધિક ગ્રહણ કરવાનો અધ્યવસાય ન થાય તે પ્રકારનો યત્ન કરવો જોઈએ. આમ છતાં તેવા કોઈ સંયોગમાં તે ધાન્યાદિને ગ્રહણ કરવામાં લાભ થતો દેખાતો હોય ત્યારે લોભને વશ થઈને ગ્રહણ કરવાનો પરિણામ થાય છે અને પોતાના લીધેલા વ્રતના રક્ષણનો પણ કંઈક પરિણામ છે તેથી તે ગ્રહણ કરાયેલું ધાન્ય પોતાના ઘરે લાવવાને બદલે જેની પાસેથી પોતાને તેની પ્રાપ્તિ છે તેને ત્યાં જ રાખી મૂકે છે તેથી વ્રતમાં મલિનતારૂપ અતિચારની પ્રાપ્તિ થાય છે. માટે વ્રતગ્રહણ કરનારે અતિચારનું જ્ઞાન

કરીને સ્વીકારાયેલા વ્રતમાં અતિચારકૃત મલિનતા પ્રાપ્ત ન થાય તે રીતે વ્રતનું પાલન કરવું જોઈએ.

કુપ્યમાં સંખ્યાનો અતિક્રમ કોઈ શ્રાવક ભાવથી કરે ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે. જેમ કુપ્યવિષયક પોતે જે સંખ્યા કરી હોય તે સંખ્યા કરતાં દ્વિગુણ સંખ્યાની પ્રાપ્તિ હોય તો પોતાના વ્રતના ભંગના ભયથી તે કુપ્યને બેના ભેગા કરવા દ્વારા એકરૂપ કરી નાખે અને પોતાની સંખ્યાનું પરિમાણ વધ્યું નથી એ પ્રકારે ભાવથી પરિમાણને ધારણ કરે તે કુપ્યની સંખ્યાના અતિક્રમરૂપ અતિચાર છે. વાસ્તવિક રીતે પચ્ચક્ખાણ લેતી વખતે જે કુપ્યધાતુઓ છે તે ધાતુઓની સંખ્યા લેતી વખતે જે વિદ્યમાન કુપ્યવસ્તુ હતી તેને આશ્રયીને કરેલ અને સંખ્યાની વૃદ્ધિ થવાના પ્રસંગે તે ધાતુઓને ભાવથી એક કરીને સંખ્યાને જાળવવા યત્ન કરે તો તે વ્રતના ઉલ્લંઘનરૂપ જ છે છતાં કંઈક વ્રત સાપેક્ષ પરિણામ છે તેથી પોતાની સંખ્યાનું ઉલ્લંઘન ન થાય તેવો અંતરંગ યત્ન કરે છે માટે અતિચાર છે. અથવા કોઈકની પાસેથી તેની ખરીદી કરવાનો પ્રસંગ હોય ત્યારે ભાવથી વિચારે કે વિવક્ષિત કાળ પછી એને હું ગ્રહણ કરીશ માટે આ વસ્તુ તારે બીજાને આપવી નહીં એમ કહીને તેને ત્યાં જ તે કુપ્યાદિ રાખી મૂકે ત્યારે પોતાની સંખ્યાનો અતિક્રમ થાય છે માટે અતિચારની પ્રાપ્તિ છે. ધન-ધાન્યાદિમાં પોતે જે ધાન્ય ગ્રહણ કરવાનું છે તેનાથી હલકું ધાન્ય પોતાને ન પ્રાપ્ત થાય તેને માટે પોતાનું સ્વીકારેલું ધાન્ય રજ્જુ આદિથી બાંધીને જુદું રાખે છે તેથી બંધનને આશ્રયીને અતિચાર છે. જ્યારે કુપ્યાદિધાતુમાં જેની પાસેથી ખરીદી કરવાની છે તેને વિવક્ષિત કાળ પછી ગ્રહણ કરવાની શરતોથી તેને ત્યાં જ રાખે છે પરંતુ આ કુપ્ય મારું છે તેમ બંધન કરીને જુદું રાખતો નથી તેથી ભાવથી અતિચાર છે.

વળી, કોઈ શ્રાવક પશુપાલન આદિનો ધંધો કરતો હોય અને પોતે ગાય આદિ જે રાખવાની મર્યાદા કરી હોય તેનાથી સંખ્યા વધે તેમ હોય ત્યારે વ્રતભંગના ભયથી પોતાના ગાય આદિમાં રહેલા ગર્ભને કોઈ ઔષધ આદિ દ્વારા સ્થગન કરીને કેટલાક સમય પછી તેનો પ્રસવ થવા દે અથવા ગર્ભની સંખ્યાને ગણ્યા વગર બહારની સંખ્યાથી જ પોતાની સંખ્યાની ગણતરી કરે ત્યારે વ્રતમાં અતિચાર લાગે. વસ્તુતઃ પશુની સંખ્યાની ગણતરી ગર્ભથી પણ થાય છતાં તેની ગણના ન કરીને સંખ્યાની પૂર્તિ કરવામાં આવે ત્યારે અધિક સંખ્યાને ગ્રહણ કરવાનો પરિણામ હોવાથી અતિચારની પ્રાપ્તિ થાય છે.

વળી, કોઈક શ્રાવકે ક્ષેત્ર-વાસ્તુની સંખ્યાથી મર્યાદા કરેલી હોય અને અધિક ક્ષેત્રની ઇચ્છા થાય ત્યારે પોતાના ગૃહ આદિના નજીકના ક્ષેત્રને ગ્રહણ કરીને તે બેને એક કરે અને તેના દ્વારા ક્ષેત્રની સંખ્યાનું પ્રમાણ જાળવવા યત્ન કરે ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે; કેમ કે પોતાનું જે વિદ્યમાન ક્ષેત્ર હતું તેનાથી અધિક ક્ષેત્રને ગ્રહણ કરવાના લોભને વશ અને પોતાના વ્રતની સંખ્યાને જાળવવાના આશયથી તે બે ક્ષેત્રને એક કરવાનો પરિણામ થયો છે તે અતિચારરૂપ છે.

સોનું-ચાંદી પોતાની મર્યાદાથી કોઈક રીતે અધિક થતું હોય તો તેના રક્ષણ અર્થે પોતાની પાસે રહેલું સુવર્ણ કે ચાંદી અન્ય કોઈ સંબંધીને ત્યાં સ્થાપન કરવારૂપ દાન કરીને કહે કે અમુક કાળ પછી હું આ સુવર્ણ આદિ લઈ જઈશ તે વખતે પોતાની સંખ્યાનું રક્ષણ કરવા અર્થે બીજાને ત્યાં મૂકવાનો અધ્યવસાય છે અને લોભને વશ અધિક ગ્રહણ કરવાનો પરિણામ છે તેથી અતિચાર છે.

વસ્તુતઃ શ્રાવકે સંપૂર્ણ પરિગ્રહ વગરના સાધુજીવનને સામે રાખીને તેની શક્તિના સંચય અર્થે પરિગ્રહ-પરિમાણવ્રત સ્વીકારવાનું છે જેથી લોભની વૃત્તિ ઉપર નિયંત્રણ રહે અને ધીરે ધીરે લોભવૃત્તિને ક્ષીણ કરીને સંપૂર્ણ નિષ્પરિગ્રહવ્રત પ્રાપ્ત થાય અને તેના માટે સ્વીકારાયેલા વ્રતમાં લોભને વશ કોઈ અતિચાર ન થાય તે રીતે તેનું પાલન કરવું જોઈએ. વળી, શિક્ષાવ્રત દ્વારા સંયમજીવનની શિક્ષા લઈને સંપૂર્ણ નિષ્પરિગ્રહવ્રત પ્રાપ્ત થાય તેવો અભ્યાસ કરવો જોઈએ. છતાં લોભના સંસ્કારને કારણે સ્વીકારાયેલા વ્રતની સંખ્યા કરતાં અધિક સંખ્યાની પ્રાપ્તિ થતી હોય ત્યારે અનાભોગ આદિથી કોઈક સ્ખલના થાય તો તેનું નિવારણ કરીને તે અતિચારની શુદ્ધિ કરવી જોઈએ. વળી, ધન-ધાન્યાદિમાં કે અન્ય કોઈ વસ્તુમાં સંખ્યાનો અતિક્રમ થયેલો હોય તો ઉચિત યત્ન દ્વારા તેનો પરિહાર કરવો જોઈએ અને થયેલા દોષની નિંદાગર્હા દ્વારા શુદ્ધિ કરવી જોઈએ. **॥૯૫॥**

**અવતરણિકા :-**

**હવે, ગુણવ્રતનો અવસર છે. ત્યાં પણ દિગ્વિરતિરૂપ પ્રથમ ગુણવ્રતના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**स्मृत्यन्तर्धानमूर्ध्वाधस्तिर्यग्भागव्यतिक्रमः ।**
**क्षेत्रवृद्धिश्च पञ्चेति स्मृता दिग्विरतिव्रते ।।९६।।**

**શ્લોકાર્થ :-**

**સ્મૃતિનું અંતર્ધાન, ઊર્ધ્વદિશાનો વ્યતિક્રમ, અધઃદિશાનો વ્યતિક્રમ અને તીરછી દિશાનો વ્યતિક્રમ, ક્ષેત્રની વૃદ્ધિ એ પાંચ દિગ્વિરતિવ્રતના અતિચારો કહેવાયા છે. ।।૯૬।।**

**ભાવાર્થ :-**

શ્રાવક પોતાના આરંભસમારંભના નિયંત્રણ અર્થે દિશાનું પરિમાણ કરે છે જેથી નક્કી કરેલ દિશાના પરિમાણના બહારના ક્ષેત્રમાં જે આરંભસમારંભ થાય છે તેના પાપવર્જનથી પોતાને સંવરભાવની પ્રાપ્તિ થાય. તેથી જે શ્રાવકનું ચિત્ત દિગ્વ્રતની મર્યાદા અનુસાર સંવૃત છે તે શ્રાવક સદા પોતાના વ્રતની મર્યાદાનું સ્મરણ કરીને તેના નિયંત્રણ નીચે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે જેથી સ્વીકારાયેલા વ્રતમાં કોઈ મલિનતાની પ્રાપ્તિ ન થાય. આમ છતાં પ્રમાદને વશ ક્યારેક કોઈ પ્રવૃત્તિમાં અતિ વ્યાકુળતા હોવાને કારણે અથવા વ્રતને સ્મરણમાં રાખવામાં પ્રમાદીપણું હોવાને કારણે કે મતિની અપટુતા હોવાને કારણે સ્વીકારાયેલા વ્રતની મર્યાદાનું સ્મરણ ન રહે તે દિગ્વિરતિવ્રતનો અતિચાર છે. વ્રતના આ અતિચારમાં ક્ષેત્રનું ઉલ્લંઘન થયું નથી પરંતુ પોતે કેટલી મર્યાદામાં કઈ દિશાનું વ્રત રાખ્યું છે તેનું સ્પષ્ટ સ્મરણ નથી તે જ અતિચાર છે. તેથી વ્રત ગ્રહણ કરનાર શ્રાવકે સદા વ્રતને સ્મરણમાં રાખીને પ્રવૃત્તિ કરવી જોઈએ જેથી સંવરનો પરિણામ તે પ્રકારનો સ્થિર થાય.

હવે વળી, શ્રાવક ઊર્ધ્વદિશાનું પરિમાણ કરે છે, અધોદિશાનું પરિમાણ કરે છે અને તીરછી-પૂર્વ,

પશ્ચિમ આદિ રૂપ ચાર દિશાઓનું નિયંત્રણ કરે છે. આમ છતાં અનાભોગ આદિથી ઊર્ધ્વદિશામાં અતિક્રમ થાય, અધોદિશામાં અતિક્રમ થાય કે તીરછી દિશામાં અતિક્રમ થાય તો તે ત્રણ અતિચાર છે. આ દિશાનો અતિક્રમ પોતાની મર્યાદાનું સ્મરણ હોવા છતાં ગમનકાળમાં પોતાની મર્યાદાથી અધિક ગમન થયું નથી તેવા ભ્રમને કારણે અનાભોગથી થાય ત્યારે અતિચારરૂપ બને છે પરંતુ પોતાની મર્યાદાથી આ ક્ષેત્ર અધિક છે તેવું જાણવા છતાં ગમન કરે તો વ્રતનો ભંગ થાય છે. આથી અનાભોગથી કે સહસાત્કારથી જે શ્રાવક અધિક દિશામાં જાય છે તે શ્રાવકને અંતરંગ રીતે અધિક ક્ષેત્રમાં જવાનો પરિણામ ન હોય તો અવશ્ય તે ક્ષેત્રમાં ગયા પછી ત્યાંનું કોઈ કાર્ય કર્યા વગર વ્રતનું સ્મરણ થાય કે તરત જ પાછા ફરવું જોઈએ અને જો તે સ્થાનમાં અનાભોગથી પોતાનાથી જવાયું છે તેમ વિચારીને તે ક્ષેત્રનું અપેક્ષિત કાર્ય કરીને પાછા ફરે તો વ્રતનો ભંગ પ્રાપ્ત થાય. આ રીતે ત્રણેય દિશામાં કોઈપણ ગમન અનાભોગથી કે સહસાત્કારથી થયું હોય તો અતિચારરૂપ છે અને ત્યાં ગયા પછી દિશાના ઉલ્લંઘનનું સ્મરણ થવા છતાં કોઈક પ્રવૃત્તિ તે ક્ષેત્રમાં કરવામાં આવે તો વ્રતભંગની પ્રાપ્તિ થાય.

વળી, શ્રાવકે ચાર દિશા, ઊર્ધ્વ અને અધોદિશાને આશ્રયીને જે ક્ષેત્રનું પરિમાણ કર્યું છે તેનાથી કોઈક દિશામાં અધિક ગમનથી કોઈક લાભ દેખાય ત્યારે તે લાભના લોભને વશ વિચારે કે અન્ય દિશામાં જે પરિમાણ કર્યું છે તે દિશામાં હવે હું જઈશ નહીં અને તેટલું પરિમાણ પ્રસ્તુત દિશામાં વધારીને તે પ્રસ્તુત દિશામાં ક્ષેત્રની વૃદ્ધિ કરે તે ક્ષેત્રવૃદ્ધિરૂપ અતિચાર પ્રાપ્ત થાય છે. વસ્તુતઃ જે પૂર્વ આદિ દિશામાં જેટલું પરિમાણ કરેલું છે તેનાથી અધિક જવાનો વિચાર પણ શ્રાવકે કરવો જોઈએ નહીં પરંતુ લોભને વશ અધિક જવાનો વિચાર થાય છે અને કંઈક વ્રતના રક્ષણનો પરિણામ પણ છે તેથી અન્ય દિશાના ક્ષેત્રનો સંકોચ કરીને તેટલું પરિમાણ સ્વકલ્પનાથી કોઈ એક દિશામાં વૃદ્ધિ કરે છે જેનાથી દિગ્પરિમાણવ્રત મલિન થાય છે. માટે વ્રતના પાલનના અર્થી શ્રાવકે લીધેલા વ્રતનું સ્મરણ કરીને તે વ્રતની મર્યાદા અનુસાર ચિત્ત સદા સંવૃત રહે અને તે વ્રતની મર્યાદાના ઉલ્લંઘનમાં અનાભોગથી પણ પ્રયત્ન ન થાય તેવો યત્ન કરવો જોઈએ જેથી સંવરભાવને પામેલા ચિત્તથી અવિરતિના પાપની સંવૃતિ થાય. **॥૯૬॥**

**અવતરણિકા :-**

**હવે ભોગઉપભોગના પરિમાણરૂપ બીજા ગુણવ્રતના અતિચારોને કહે છે —**

**શ્લોક :-**

**सचित्तस्तेन सम्बद्धः सम्मिश्रोऽभिषवस्तथा ।**
**दुष्पक्वाहार इत्येते भोगोपभोगमानगाः ।।९७।।**

**શ્લોકાર્થ :-**

**સચિત્ત, તેના સંબદ્ધ=સચિત્ત દ્રવ્યથી સંબદ્ધ, સંમિશ્ર, અભિષવ અને દુષ્પક્વ આહાર એ ભોગોપભોગ પરિમાણગત અતિચારો છે. ॥૯૭॥**

**ભાવાર્થ :-**

કોઈ શ્રાવકે સચિત્ત વસ્તુના ત્યાગનું પચ્ચક્ખાણ કરેલું હોય આમ છતાં અનાભોગ કે સહસાત્કારથી અથવા અતિક્રમ આદિથી સચિત્ત વસ્તુનું ગ્રહણ થાય તો તે સચિત્ત વસ્તુના ત્યાગરૂપ ભોગોપભોગ પરિમાણ વ્રતમાં અતિચારરૂપ છે. જેમ કોઈ વ્યક્તિએ સચિત્તનો ત્યાગ કરેલો હોય પરંતુ આ વસ્તુ સચિત્ત નથી તેવો તેને ભ્રમ થયો હોય અથવા સમારીને રાખેલ ફળાદિમાં અચિત્ત થવાનો કાળ પૂરો થયો ન હોય અને ભ્રમથી આ વસ્તુ અચિત્ત છે તેમ માનીને તેનો ઉપયોગ થયો હોય તો અનાભોગથી કે સહસાત્કારથી તે દોષની પ્રાપ્તિ થાય છે. વળી, કોઈ વસ્તુ પ્રત્યે પોતાને અતિપ્રીતિ હોય અને તે વસ્તુ સચિત્ત હોય ત્યારે તેને ખાવાની અંતરંગ ઇચ્છા થઈ તે અતિક્રમરૂપ દોષ છે. ત્યારપછી તેને ગ્રહણ કરવા માટે યત્ન કરે તે વ્યતિક્રમ છે અને ગ્રહણ કરીને ખાવા માટે તત્પર થાય તે અતિચાર છે. આમ છતાં વ્રતભંગના ભયથી ખાવા માટે તત્પર થવા છતાં તેનો ઉપભોગ ન કરે તો વ્રતભંગ નથી પરંતુ અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચાર સુધીના દોષની પ્રાપ્તિ છે અને તેમાંથી કોઈપણ દોષ પ્રાપ્ત થયો હોય તો વ્રતનું માલિન્ય થાય છે અને સચિત્તનો ત્યાગ કરેલો હોવા છતાં ખાવાની ઉત્કટ ઇચ્છાથી કોઈક સચિત્ત વસ્તુને વાપરે તો વ્રતનો ભંગ થાય અને ખાવાની ઇચ્છા મનમાં થાય તોપણ તે અતિચારરૂપ બને. તેથી સચિત્તના ત્યાગીએ પોતાના વ્રતની મર્યાદાનું સ્મરણ કરીને અનાભોગ આદિથી પણ સચિત્તનું ગ્રહણ ન થાય અને સ્વાદને વશ થઈને મનથી પણ સચિત્તના ગ્રહણનો પરિણામ ન થાય તે રીતે સંવૃત પરિણામવાળા થવું જોઈએ.

વળી, સચિત્તના ત્યાગી શ્રાવકને સચિત્ત સાથે સંબદ્ધ એવો આહાર ગ્રહણ કરવામાં પણ અતિચાર છે. આમ છતાં મેં સચિત્ત વસ્તુનો ત્યાગ કર્યો છે તેથી ખજૂર આદિના બીજને કાઢીને તુર્ત જ વાપરે ત્યારે તેને બુદ્ધિ થાય કે તેનાં બીજ સચિત્ત છે પણ ખજૂર સચિત્ત નથી, તેથી હું સચિત્ત ખાતો નથી તેવી બુદ્ધિથી તેને ગ્રહણ કરે તો સચિત્તનો ઉપભોગ નહીં હોવા છતાં સચિત્ત સાથે સંબદ્ધ એવા આહારનો ઉપભોગ હોવાથી અતિચારની પ્રાપ્તિ થાય, પરંતુ જો બીજ કાઢ્યા પછી ૪૮ મિનિટ પછી વાપરે તો અતિચારની પ્રાપ્તિ થતી નથી.

વળી, સચિત્તના ત્યાગીને સચિત્ત વસ્તુથી મિશ્ર એવું ભોજન કરવાથી પણ અતિચારની પ્રાપ્તિ થાય. જો કે સચિત્તથી મિશ્ર ભોજનમાં સચિત્ત વસ્તુની પ્રાપ્તિ થવાથી વ્રતનો ભંગ થાય પરંતુ અનાભોગથી કે અતિક્રમ, વ્યતિક્રમથી અતિચારની પ્રાપ્તિ છે. અભિષવમાં=અનેક દ્રવ્યોના સંધાનથી નિષ્પન્ન થયેલ એવા સુરા વગેરે કે ચલિત રસ થયેલાં અથાણાં વગેરેમાં, ત્રસ એવા બેઇન્દ્રિય જીવો ઉત્પન્ન થયેલા હોય છે. માટે અનાભોગાદિથી તેના ગ્રહણમાં અતિચાર પ્રાપ્ત થાય છે. વળી, જીવ સંસક્ત આહારગ્રહણનો ત્યાગ જે શ્રાવકે કર્યો છે તે શ્રાવક પણ અનાભોગથી કે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારરૂપે તે વસ્તુનો ઉપભોગ કરે તો અતિચારની પ્રાપ્તિ છે. જેમ કોઈ મિષ્ટાન્ન આદિ ચલિત રસવાળાં હોય છતાં ખાવાની ઇચ્છાના ઉત્કટ પરિણામને કારણે તે આહારને ગ્રહણ કરવાનો પરિણામ થાય અને કદાચ ગ્રહણ ન કરે તોપણ અતિક્રમરૂપ અતિચારની પ્રાપ્તિ થાય. ગ્રહણ કરવાને માટે તત્પર થાય તો વ્યતિક્રમ અતિચારની પ્રાપ્તિ થાય. ગ્રહણ કરવાને અર્થે પ્રયત્ન પણ કરે તો અતિચારની પ્રાપ્તિ થાય. આમ છતાં વ્રતના ભંગના ભયથી તેનો ઉપભોગ

કરે નહીં તો વ્રત ભંગ ન થાય પરંતુ અતિચારની અવશ્ય પ્રાપ્તિ થાય. તે પ્રકારના અતિચારના વર્જનપૂર્વક વ્રતનું પાલન કરવું જોઈએ; જેથી ભોગોપભોગવ્રતમાં સંવરનો ભાવ પ્રાપ્ત થાય.

વળી, જે સચિત્ત આહાર હોય તે અલ્પપ્રમાણમાં પક્વ કર્યો હોય તેથી કંઈક અંશથી સચિત્ત અને કંઈક અંશથી અચિત્ત હોય છે જેથી સચિત્તના ત્યાગી એવા શ્રાવકે તેવો આહાર ગ્રહણ કરવો જોઈએ નહીં, આમ છતાં તેવો આહાર અચિત્ત થઈ ગયો છે ઇત્યાદિ બુદ્ધિથી ગ્રહણ કરે તો અતિચારની પ્રાપ્તિ થાય.

આ પાંચ પ્રકારના અતિચારથી રહિત થઈને શ્રાવકે ભોગોપભોગવ્રતના રક્ષણ માટે યત્ન કરવો જોઈએ અને સદા વિચારવું જોઈએ કે જેમ સાધુ સદા આહારના વર્જનપૂર્વક સંયમના ઉપકાર અર્થે ભોજન કરે છે, જે ભોજન શાતાના અર્થીપણાથી નથી પરંતુ સંયમના અંગરૂપ છે. તેથી ભોજનકાળમાં પણ સાધુ આહાર સંજ્ઞાથી પર હોવાને કારણે સંવરભાવવાળા છે. જ્યારે શ્રાવકને શરીર પ્રત્યે કે સુંદર ભોગસામગ્રી પ્રત્યે કંઈક મમત્વ છે તેથી શાતાના અર્થે કે સ્વાદના અર્થે ભોજન કરે છે તોપણ શક્તિ અનુસાર સચિત્ત આદિનો ત્યાગ કરીને સંવરભાવને પ્રગટ કરવા યત્ન કરે છે; જેનાથી આહાર સંજ્ઞાને દૂર કરીને સાધુની જેમ અણાહારીભાવને પ્રગટ કરી શકાય. આ પ્રકારે સદા ભાવન કરીને શ્રાવકે અતિચારોના વર્જનપૂર્વક ભોગોપભોગવ્રતનું સમ્યક્ પાલન કરવું જોઈએ; જેથી ભાવચારિત્રની પ્રાપ્તિની આસન્નભૂમિકાવાળો સંવરભાવ આત્મામાં પ્રગટ થાય. **॥૯૭॥**

**અવતરણિકા :-**

**ભોગોપભોગના અતિચારનો ઉપસંહાર કરતાં ભોગોપભોગવ્રતના લક્ષણાંતરને અને તદ્ગત અતિચારોને બતાવવાની ઈચ્છાથી ગ્રંથકારશ્રી કહે છે —**

**શ્લોક :-**

**अमी भोजनतस्त्याज्याः कर्मतः खरकर्म तु ।**
**तस्मिन् पञ्चदश मलान् कर्मादानानि संत्यजेत् ।।९८।।**

**શ્લોકાર્થ :-**

**આ=પૂર્વના શ્લોકમાં કહ્યા એ, પાંચ અતિચારો ભોજનથી ત્યાજ્ય છે. વળી, કર્મથી=વ્યાપાર આદિને આશ્રયીને, ખરકર્મ=ઘણા આરંભ-સમારંભવાળાં કૃત્યો, ત્યાજ્ય છે. તેમાં=ખરકર્મનાં કૃત્યોમાં પંદર મલરૂપ કર્માદાનોનો ત્યાગ કરવો જોઈએ. ।।૯૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં એ પાંચ અતિચારો બતાવ્યા તે ભોજનને આશ્રયીને હોવાથી તે અતિચારોથી રહિત એવું ભોગોપભોગવ્રત છે એ પ્રકારનું ભોગોપભોગવ્રતનું લક્ષણ પ્રાપ્ત થાય છે. હવે, શ્રાવક પંદર કર્માદાનથી રહિત વ્યાપાર કરે તે ભોગોપભોગરૂપ વ્રતનું કર્મને આશ્રયીને લક્ષણાંતર છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે લક્ષણથી લક્ષ્યનો બોધ થાય તે લક્ષણ કહેવાય. તે નિયમ અનુસાર ભોજનના સચિત્ત આદિ ત્યાગના જે

પાંચ અતિચારો બતાવ્યા તેના ત્યાગપૂર્વકનું શ્રાવકનું ભોગોપભોગવ્રતનું સ્વરૂપ છે. વળી, શ્રાવક પંદર કર્માદાનના વર્જનપૂર્વક આજીવિકા અર્થે વ્યાપાર કરે તે ભોગોપભોગવ્રતનું લક્ષણાંતર છે; કેમ કે ભોગોપભોગના અર્થે જ શ્રાવક વ્યાપાર કરે છે અને તે વ્યાપારમાં જે આરંભવાળા વ્યાપારો છે તેમાં આરંભના વર્જનપૂર્વક વ્યાપાર કરે છે. તેનાથી ભોગોપભોગના પરિમાણની પ્રાપ્તિ થાય છે અને તે વ્યાપારને આશ્રયીને પંદર અતિચારો કર્માદાનની ક્રિયાઓ છે તેનું શ્રાવક વર્જન કરે; જેથી ભોગોપભોગવ્રત સુવિશુદ્ધ બને. અહીં કર્માદાન શબ્દથી પાપકર્મના બંધનાં કારણો છે તેથી કરીને તે પંદર પ્રકારના વ્યાપારને કર્માદાન કહેવામાં આવે છે. **॥૯૮॥**

**અવતરણિકા :-**

**તે પંદર કર્માદાનોનાં નામો બતાવે છે –**

**શ્લોક :-**

**अङ्गारवनशकटभाटकस्फोटजीविका ।**
**दन्तलाक्षारसकेशविषवाणिज्यकानि च ।।९९।।**

**શ્લોકાર્થ :-**

**અંગાર જીવિકા, વન જીવિકા, શકટ જીવિકા, ભાટક જીવિકા, સ્ફોટ જીવિકા, દંતવાણિજ્ય, લાક્ષાવાણિજ્ય, રસવાણિજ્ય, કેશવાણિજ્ય અને વિષવાણિજ્ય. ॥૯૯॥**

**શ્લોક :-**

**यन्त्रपीडा निर्लाञ्छनमसतीपोषणं तथा ।**
**दवदानं सरःशोष इति पञ्चदश त्यजेत् ।।१००।।**

**શ્લોકાર્થ :-**

**યંત્રપીડા, નિર્લાંછન, અસતીપોષણ, દવનું દાન અને સરોવરનું શોષણ એ પંદરનો ત્યાગ કરે=ભોગોપભોગવ્રતના કર્મને આશ્રયીને થતા પંદર કર્માદાનનો ત્યાગ કરે. ॥૧૦૦॥**

**અવતરણિકા :-**

**ક્રમથી પંદર કર્માદાનનું સ્વરૂપ બતાવતાં અંગારજીવિકાને બતાવે છે –**

**શ્લોક :-**

**अङ्गारभ्राष्ट्रकरणं कुम्भायःस्वर्णकारिता ।**
**ठठारत्वेष्टकापाकाविति ह्यङ्गारजीविका ।।१०१।।**

**શ્લોકાર્થ :-**

**અંગારનું કરવું, ભ્રાષ્ટ્રનું કરવું=ભુંજવાની ક્રિયાને કરવું, કુંભનું=ઘડાનું કરવું, લોખંડનું કરવું અને સ્વર્ણનું કરવું. ઠઠારત્વ=તામ્રાદિ ધાતુઓનું કરવું અને ઈષ્ટ કાપાક આદિ=ઈંટ પકવવા આદિ, ક્રિયા કરવી તે અંગારજીવિકા છે. ।।૧૦૧।।**

**ભાવાર્થ :-**

લાકડાને બાળીને કોલસાના નિષ્પાદનની ક્રિયા અને તેનો વિક્રય તે અંગારકર્મની ક્રિયા છે જેમાં છ કાયજીવની વિરાધનાનો સંભવ છે. તે રીતે જે જે અગ્નિની વિરાધનાભૂત આરંભો છે તે અંગારકર્મમાં અંતર્ભાવ પામે છે આમ છતાં કંઈક વિસ્તારથી બોધ કરાવવા અર્થે ભ્રાષ્ટ્રકરણ આદિ ભેદો ગ્રહણ કરેલ છે. વળી, ચણાદિના ભુંજન માટે જે ભુંજવાની ક્રિયા કરવામાં આવે છે તે અગ્નિથી થાય છે, તેથી તે ભ્રાષ્ટ્ર જીવિકા છે. વળી, કુંભને કરવું=પકવવું તે નિમિત્તે જે અગ્નિની ક્રિયા થાય છે તે કુંભકારિતા છે. લોખંડનાં સાધનોને ઘડવાં, સુવર્ણના અલંકારોને ઘડવા, ધાતુઓને ઘડવી તે સર્વમાં અગ્નિકાયની વિરાધના છે તેથી તે અંગારકર્મ છે. વળી, ઈંટો પકવવામાં આવે તે પણ અંગારકર્મ છે. આ રીતે અલ્પ પ્રમાણમાં કે અધિક પ્રમાણમાં અગ્નિથી જે જે વસ્તુ નિષ્પન્ન થતી હોય તે તે વ્યાપારો કરવાથી શ્રાવકનું ચિત્ત કઠોર બને છે તેથી ભોગોપભોગવ્રતનો સંકોચ કરવાના અર્થી શ્રાવકે ભોગોપભોગના અંગભૂત આજીવિકાની પ્રવૃત્તિ પણ હિંસાત્મક એવા અંગારકર્મનું વર્જન કરીને કરવી જોઈએ. **।।૧૦૧।।**

**શ્લોક :-**

**छिन्नाच्छिन्नवनपत्रप्रसूनफलविक्रयः ।**
**कणानां दलनात् पेषाद् वृत्तिश्च वनजीविका ।।१०२।।**

**શ્લોકાર્થ :-**

**છિન્ન-અછિન્ન એવી વનસ્પતિનાં પત્રો, પ્રસૂન અને ફળોનો વિક્રય, કણોના દલનથી=કઠોળ આદિના દલનથી અને પેષથી=ચૂર્ણ કરવાથી=કેટલાક ચૂર્ણ કરીને વપરાય તેવા પદાર્થોનું ચૂર્ણ કરવાથી, જે વૃત્તિ=આજીવિકા, તે વનજીવિકા છે. ।।૧૦૨।।**

**ભાવાર્થ :-**

વનસ્પતિનાં પત્રો, ફળો વગેરેને છેદીને કે છેદ્યા વગર વિક્રય કરે તે વનજીવિકા છે. વળી, અનાજ વગેરેને દળીને તેનાથી આજીવિકા કરે કે પીસીને ચૂર્ણાદિ કરે તેવા પદાર્થોનું નિષ્પાદન કરીને જે વેચે તે વનજીવિકા છે. આવા પ્રકારની આજીવિકામાં વનસ્પતિકાય જીવોની વિરાધનાનો સંભવ છે. દયાળુ હૃદયવાળા શ્રાવક ગૃહકાર્યમાં પણ વનસ્પતિકાયના જીવોની થતી વિરાધનામાં ઉચિત યતના કરે છે તેથી આજીવિકા અર્થે વનસ્પતિકાયની વિરાધના થાય તેવી પ્રવૃત્તિ કરે નહીં. **।।૧૦૨।।**

**શ્લોક :-**

**शकटानां तदङ्गानां घटनं खेटनं तथा ।**
**विक्रयश्चेति शकटजीविका परिकीर्तिता ।।१०३।।**

**શ્લોકાર્થ :-**

**ગાડાંઓ અને તેનાં અંગોનું ઘટન, ખેડન અને વિક્રય એ શકટજીવિકા કહેવાઈ છે. ।।૧૦૩।।**

**ભાવાર્થ :-**

ગાડાંઓ કે અન્ય કોઈ વાહનો; તેને સ્વયં નિષ્પાદન કરે અથવા બીજા પાસે નિષ્પાદન કરાવે, વાહનો ચલાવે કે વાહનોને વેચે કે તેનાં અંગો વેચે, તે વાહનો બધા જીવોના ઉપમર્દનને કરનારાં હોવાથી અને ગાડાંઓ ગાય આદિને વધબંધન આદિના હેતુ હોવાથી શકટજીવિકા કહેવાય છે. દયાળુ શ્રાવક સ્વભાવિક રીતે યતનાપૂર્વક ગમનાદિ કરે છે અને તેવા સંયોગમાં વાહન આદિમાં જાય તોપણ શક્ય એટલી યતના કરે છે; કેમ કે વાહન આદિમાં ગમનની ક્રિયા ઘણા જીવોના ઉપમર્દનનું કારણ બને છે અને આજીવિકા માટે તેવાં સાધનો નિષ્પાદન કરે, તેવાં સાધનો ચલાવે કે તેના અવયવો વેચે તેનાથી આ વાહનો ઘણા જીવોના ઉપમર્દનનાં કારણો બને છે તેથી તેવા આરંભસમારંભથી વિવેકી શ્રાવક આજીવિકા કરે નહીં. **॥૧૦૩॥**

**અવતરણિકા :-**

**હવે ભાટકજીવિકાને કહે છે –**

**શ્લોક :-**

**शकटोक्षलुलायोष्ट्रखराऽश्वतरवाजिनाम् ।**
**भारस्य वाहनाद् वृत्तिर्भवेद् भाटकजीविका ।।१०४।।**

**શ્લોકાર્થ :-**

**શકટ, ઉક્ષ=બળદો, લુલાયા=ભેંસો, ઊંટ, ખર=ગધેડા, અશ્વતર, ઘોડાના ભારના વહનથી વૃત્તિ ભાટકજીવિકા થાય. ।।૧૦૪।।**

**ભાવાર્થ :-**

જેઓ પશુઓના ભારના વહનથી આજીવિકા કરે છે તેઓને તે પશુઓની પીડાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે અને તેઓને વહન કરવાની ક્રિયામાં ઘણા જીવો માર્ગમાં વચ્ચે આવતાં તેમનું ઉપમર્દન થાય છે તેથી પશુઓના ભારના વહનથી થતી ભાટક આજીવિકાનો વ્યાપાર શ્રાવક કરે નહીં. **॥૧૦૪॥**

**અવતરણિકા :-**

**સ્ફોટજીવિકાને કહે છે –**

**શ્લોક :-**

**सरःकूपादिखननशिलाकुट्टनकर्मभिः ।**
**पृथिव्यारम्भसम्भूतैर्जीवनं स्फोटजीविका ।।१०५।।**

**શ્લોકાર્થ :-**

**સરોવર, કૂવા આદિનું ખનન, શિલાનું કુટ્ટન વગેરે કર્મથી અને પૃથ્વી આદિ આરંભથી ઉત્પન્ન થયેલ એવું જીવન સ્ફોટજીવિકા છે. ॥૧૦૫॥**

**ભાવાર્થ :-**

જમીનનું ખોદકામ કરીને જે જે કૃત્યો થાય છે તે સર્વ સ્ફોટજીવિકામાં જાય. જેમ કૂવા ખોદાવે, જમીનમાંથી પત્થરો ખોદાવીને કાઢે એવાં સર્વ કૃત્યોમાં વનસ્પતિ આદિ અને ત્રસજીવોનો ઘાત થતો હોવાને કારણે તેનાથી આજીવિકા કરવામાં શ્રાવકનું હૈયું કઠોર બને છે. તેથી તેવાં કૃત્યોથી શ્રાવકે સ્ફોટ આજીવિકા કરવી જોઈએ નહીં. **॥૧૦૫॥**

**અવતરણિકા :-**

**હવે, દંતવાણિજ્યના સ્વરૂપને કહે છે –**

**શ્લોક :-**

**दन्तकेशनखाऽस्थित्वग्रोम्णो ग्रहणमाकरे ।**
**त्रसाङ्गस्य वणिज्यार्थं दन्तवाणिज्यमुच्यते ।।१०६।।**

**શ્લોકાર્થ :-**

**વાણિજ્ય માટે=ધનઅર્જન માટે આકરમાં=ઉત્પત્તિસ્થાનમાં, ત્રસના અંગ એવા દંત, કેશ, નખ, હાડકાં, ચામડી અને રોમોનું ગ્રહણ દંતવાણિજ્ય કહેવાય છે. ॥૧૦૬॥**

**ભાવાર્થ :-**

શ્રાવકે જેમાં ઘણા આરંભસમારંભ હોય અને જેમાં ચિત્તની ક્રૂરતા થાય એવા કર્માદાનનું વર્જન કરવું જોઈએ. તેથી ધનઅર્જન માટે ત્રસજીવોના દાંત આદિ અવયવો જે સ્થાનમાં ઉત્પન્ન થતા હોય તે સ્થાનેથી ખરીદી કરે તો, હાથીને મારનારા ભિલ્લોને તે કાર્ય માટે સાક્ષાત્ પ્રવર્તન થાય. તેથી હિંસા કરનારા પાસેથી સાક્ષાત્ દાંતોની ખરીદી કરનારા શ્રાવકને તે હિંસા કરાવામાં સાક્ષાત્ નિમિત્તપણાની પ્રાપ્તિ થાય છે જેનાથી ચિત્ત કઠોર બને છે. માટે તેવો વ્યાપાર શ્રાવક કરે નહીં પરંતુ ત્રસજીવોનાં અંગો હાથીદાંત વગેરે બજારમાં પ્રાપ્ત થતાં હોય તો તેને શ્રાવક ગ્રહણ કરે અને વેચે તેમાં શ્રાવકને કર્માદાનરૂપ દોષની પ્રાપ્તિ નથી પરંતુ ભોગોપભોગનો જે પરિણામ છે અને જેટલા અંશથી તે તે કૃત્યોમાં રાગો છે તેને અનુરૂપ ગૃહસ્થને કર્મબંધ થાય છે તેમ હાથીદાંત આદિના વ્યાપાર કરવારૂપ પણ સર્વકૃત્યમાં કર્મબંધ પ્રાપ્ત થાય છે. માટે સાક્ષાત્ જે

સ્થાનમાં હિંસા થતી હોય તે સ્થાનથી ત્રસજીવોના અવયવોને ગ્રહણ કરીને વ્યાપાર કરવો જોઈએ નહીં જેથી ત્રસજીવોનાં અંગો મેળવવા માટે થતી જીવોની હિંસામાં તે શ્રાવકને સાક્ષાત્ નિમિત્તપણાની પ્રાપ્તિ થાય નહિ. **॥૧૦૬॥**

**અવતરણિકા :-**

**હવે લાક્ષાવાણિજ્યના સ્વરૂપને કહે છે –**

**શ્લોક :-**

**लाक्षामनःशिलानीलीधातकीटङ्कणादिनः ।**
**विक्रयः पापसदनं लाक्षावाणिज्यमुच्यते ।।१०७।।**

**શ્લોકાર્થ :-**

**લાક્ષા, મનઃશિલા, નીલી, ધાતકી, ટંકણાદિ પાપનું સ્થાન, તેનો વિક્રય લાક્ષાવાણિજ્ય કહેવાય છે. ॥૧૦૭॥**

**ભાવાર્થ :-**

વૃક્ષમાંથી લાખ વગેરે બનાવવામાં આવે છે. તેના માટે વૃક્ષનું છેદન-ભેદન કરવામાં આવે છે અને તે સર્વ કૃત્યોમાં વનસ્પતિકાયની વિરાધના હોય છે અને વનસ્પતિ ઉપર ફરતા ત્રસજીવોની પણ વિરાધના થાય છે. તેથી તેવી વસ્તુઓનો વ્યાપાર શ્રાવક કરે નહીં. વળી, આ બધા પદાર્થોમાંથી કેટલાક પદાર્થો ક્ષારસ્વરૂપ હોવાથી જીવઘાતના હેતુ છે. તેથી અનેક જીવોના વિનાશનાં સાધનોનું વેચાણ કરવામાં પણ પાપનું કારણ બને છે. **॥૧૦૭॥**

**અવતરણિકા :-**

**હવે રસવાણિજ્ય અને કેશવાણિજ્યને કહે છે –**

**શ્લોક :-**

**नवनीतवसाक्षौद्रमद्यप्रभृतिविक्रयः ।**
**द्विपाच्चतुष्पाद्विक्रयो वाणिज्यं रसकेशयोः ।।१०८।।**

**શ્લોકાર્થ :-**

**નવનીત=માખણ, વસા=મેદ, ક્ષૌદ્ર=મધ, મધ=સુરા, વગેરેના વિક્રયથી લઈને દ્વિપદ=બે પગવાળા મનુષ્યાદિ અને ચતુષ્પદ=ચાર પગવાળાં ગાય આદિનો વિક્રય તે રસ અને કેશનું વાણિજ્ય છે. ॥૧૦૮॥**

**ભાવાર્થ :-**

માખણમાં અંતર્મુહૂર્તમાં સંમૂર્ચ્છિમ બેઇન્દ્રિય જીવો થાય છે. ત્રસજીવોના વસા=મેદમાં, સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય છે. મધમાં પણ મધમાખીની લાળને કારણે ત્રસજીવો ઉત્પન્ન થાય છે. મધ પણ જીવઉત્પત્તિનું સ્થાન છે તેથી તેવા જીવોની હિંસાવાળી વસ્તુનો વ્યાપાર રસવાણિજ્ય છે. વળી, મનુષ્યનો, પશુઓનો ક્રય-વિક્રય કરવામાં પણ તે તે જીવોને પીડા આદિ કરવાના આરંભસમારંભ થાય છે તેથી તેવો વ્યાપાર શ્રાવક કરે નહીં. અહીં સજીવ જીવોનો ક્રય-વિક્રય કેશવાણિજ્યમાં ગ્રહણ થાય છે અને અજીવ એવા જીવોના અંગોનો વિક્રય દંતવાણિજ્યમાં ગ્રહણ થાય છે. **॥૧૦૮॥**

**અવતરણિકા :-**

**હવે વિષવાણિજ્યને કહે છે –**

**શ્લોક :-**

**विषाऽस्त्रहलयन्त्राऽयोहरितालादिवस्तुनः ।**
**विक्रयो जीवितघ्नस्य विषवाणिज्यमुच्यते ।।१०९।।**

**શ્લોકાર્થ :-**

**જીવને નાશ કરનારા એવા વિષ, અસ્ત્ર, હળ, યંત્ર, અય=કુહાડા વગેરે, હરિતાલ આદિ વસ્તુનો વિક્રય વિષવાણિજ્ય કહેવાય છે. ॥૧૦૯॥**

**ભાવાર્થ :-**

જીવોના નાશના હેતુભૂત એવા વિષ, અસ્ત્ર, હળ, યંત્ર, વગેરેનો વ્યાપાર અનેક જીવોની હિંસાનું સાધન હોવાથી, તેવાં હિંસાયુક્ત સાધનનો વ્યાપાર દયાળુ હૃદયવાળા શ્રાવક કરે નહીં. **॥૧૦૯॥**

**અવતરણિકા :-**

**યંત્રપીડન કર્મને કહે છે –**

**શ્લોક :-**

**तिलेक्षुसर्षपैरण्डजलयन्त्रादिपीडनम् ।**
**दलतैलस्य च कृतिर्यन्त्रपीडा प्रकीर्तिता ।।११०।।**

**શ્લોકાર્થ :-**

**તલ, ઇક્ષુ, સર્ષપ=એરંડ, જલયંત્રાદિથી પીડન અને દલતેલની કૃતિ યંત્રપીડા કહેવાય છે. ॥૧૧૦॥**

**ભાવાર્થ :-**

તેલ કાઢવાના યંત્રથી તલને પીલવામાં આવે, ઇક્ષુના રસ કાઢવાના યંત્રથી ઇક્ષુને પીલવામાં આવે,

સર્ષપ=એરંડને, પીલવામાં આવે તે સર્વમાં તે તે જીવોને પીલવાથી તેમનો વધ થાય છે અને તેની સાથે કોઈ ત્રસાદિ આવે તો તેનું પણ પીલન થાય છે. તેથી તેલ પીલવાદિના વ્યાપારો શ્રાવક કરે નહીં; કેમ કે યંત્રમાં તલાદિના જીવો પિલાતા હોય તે જોઈને શ્રાવકનું હૈયું કઠોર બને છે. તેથી આરંભસમારંભના પરિહારના અર્થી શ્રાવકે જે ક્રિયામાં સાક્ષાત્ જીવોની હિંસા થતી હોય એવાં યંત્રપીડન કર્મ કરવાં જોઈએ નહીં. **॥૧૧૦॥**

**અવતરણિકા :-**

**હવે, નિર્લાંછન કર્મને કહે છે –**

**શ્લોક :-**

**नासावेधोऽङ्कनं मुष्कच्छेदनं पृष्ठगालनम् ।**
**कर्णकम्बलविच्छेदो निर्लाञ्छनमुदीरितम् ।।१११।।**

**શ્લોકાર્થ :-**

**નાસિકાનો વેધ=ગાય વગેરેના નાકને વીંધવું, અંકન=ગાય-અશ્વાદિમાં ચિહ્નનું અંકન, મુષ્કનું છેદન=ગાય આદિને નપુંસક કરવી, પૃષ્ઠનું ગાલન=ઊંટની પૂંઠનું ગાલન, કર્ણ અને કમ્બલનો છેદ એ નિર્લાંછન કહેવાયું છે. ।।૧૧૧।।**

**ભાવાર્થ :-**

આ પ્રકારના વ્યાપારમાં શ્રાવકને ગાય આદિ પશુઓને સાક્ષાત્ પીડા આદિ કૃત્ય કરવાં પડે છે. જેમાં પરિણામની અત્યંત કઠોરતા થાય છે તેથી નિર્લાંછન કર્મ કરીને શ્રાવક આજીવિકા કરે નહીં. **॥૧૧૧॥**

**અવતરણિકા :-**

**અસતીપોષણને કહે છે –**

**શ્લોક :-**

**सारिकाशुकमार्जारश्वकुर्कुटकलापिनाम् ।**
**पोषो दास्याश्च वित्तार्थमसतीपोषणं विदुः ।।११२।।**

**શ્લોકાર્થ :-**

**ધન માટે સારિકા, શુક, માર્જાર, કૂતરા, કુર્કુટ, કલાપીનું=મોરનું, પોષણ અને દાસીનું પોષણ કરવામાં આવે તેને અસતીપોષણ કહેવાય છે. ।।૧૧૨।।**

**ભાવાર્થ :-**

ધન કમાવા અર્થે પશુ આદિની કેમ વૃદ્ધિ થાય તે અર્થે તેઓનું પોષણ કરે તો પશુ આદિનાં કામાદિની વૃદ્ધિનો પ્રસંગ પ્રાપ્ત થાય અને તેના દ્વારા ધન કમાવામાં શ્રાવકના ચિત્તમાં મલિનતા થાય તેથી ધન કમાવા અર્થે પશુ આદિનું પોષણ શ્રાવક કરે નહીં. **॥૧૧૨॥**

**અવતરણિકા :-**

**દવદાન અને સરનું શોષણ બતાવે છે –**

**શ્લોક :-**

**व्यसनात् पुण्यबुद्ध्या वा दवदानं भवेद् द्विधा ।**
**सरःशोषः सरःसिन्धुह्रदादेरम्बुसंप्लवः ।।११३।।**

**શ્લોકાર્થ :-**

**વ્યસનથી=ફળ નિરપેક્ષ તાત્પર્યથી, અથવા પુણ્યબુદ્ધિથી દવનું=અગ્નિનું, દાન થાય છે= તૃણાદિના બાળવાનું નિમિત્ત એવું અગ્નિનું દાન બે પ્રકારે થાય છે અને સરોવરનું શોષ, સર, સિંધુ હ્રદાદિથી પાણીનું સંપ્લવ=ખેતી અર્થે પાણીનું કર્ષણ. ।।૧૧૩।।**

**ભાવાર્થ :-**

અગ્નિનું દાન બે રીતે થાય છે. એક ફળ નિરપેક્ષ તાત્પર્યથી અર્થાત્ વ્યાપાર આદિ પ્રયોજનથી અને બીજું પુણ્યબુદ્ધિથી. શ્રાવક તે પ્રકારનું અગ્નિનું દાન કરે નહીં કે જેનાથી ઘણા પ્રકારના આરંભસમારંભનું કારણ બને. વળી, જેઓ વ્યાપાર અર્થે બે પ્રકારનાં દવદાન કરે તે કર્માદાન કહેવાય છે. વળી, સરોવરનું શોષણ ઘણા જીવોની હિંસાનું કારણ છે તેથી આજીવિકા અર્થે તેવો વ્યાપાર શ્રાવક કરે નહીં. વળી, સરોવરમાંથી, નદીમાંથી, કે જળાશય આદિમાંથી ખેતી અર્થે પાણીનું કર્ષણ કરવું તેવા આરંભવાળા વ્યાપાર શ્રાવક કરે નહીં. આનાથી એ પ્રાપ્ત થાય કે કોઈ ખેતીનું કાર્ય કરતું હોય અને તેને પાણી પહોંચાડવાની વ્યવસ્થા શ્રાવક કરે તો તે પાણીના કર્ષણની ક્રિયાથી ઘણા જળના જીવો અને ત્રસજીવો મરે છે તેથી તેવો વ્યાપાર શ્રાવક કરે નહીં અને સરોવર આદિને સુકાવામાં પણ તેમાં રહેલા ત્રસજીવો અને પાણીના જીવો નાશ થાય છે તેથી તેવો વ્યાપાર શ્રાવક કરે નહીં. **।।૧૧૩।।**

**અવતરણિકા :-**

**અનર્થદંડવ્રતના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**संयुक्ताधिकरणत्वमुपभोगातिरिक्तता ।**
**मौखर्य्यमथ कौत्कुच्यं कन्दर्पोऽनर्थदण्डगाः ।।११४।।**

**શ્લોકાર્થ :-**

**સંયુક્ત અધિકરણપણું, ઉપભોગની અતિરિક્તતા, મુખરપણું, કૌત્કુચ્ય, કંદર્પ અનર્થદંડના અતિચારો છે. ।।૧૧૪।।**

**ભાવાર્થ :-**

જેનાથી આત્મા દુર્ગતિનો અધિકારી થાય તે અધિકરણ કહેવાય અને ખાંડવા વગેરેનાં સાધનો અધિકરણ છે; કેમ કે તેના દ્વારા ઘણા જીવોની હિંસા થાય છે અને તેવાં હિંસાનાં સાધનોનો શ્રાવક પોતાની આજીવિકા માટે યત્નપૂર્વક ઉપયોગ કરે છે. વળી, ઉપયોગ કર્યા પછી તે સાધનોને સજ્જ કરીને રાખે નહીં જેથી તેને ગ્રહણ કરીને તત્કાલ આરંભસમારંભમાં કોઈ ઉપયોગ કરે; કેમ કે જો તે અધિકરણને સજ્જ કરીને રાખેલાં હોય તો તેને જોઈને કોઈ જીવને પણ તેનો ઉપયોગ કરવાનો પરિણામ થાય અને તેના ઉપયોગથી અન્ય જીવોની હિંસા થાય તેમાં નિમિત્ત શ્રાવક બને છે તેથી દયાળુ સ્વભાવવાળો શ્રાવક હિંસાનાં સાધનોને સંયુક્ત કરીને રાખે નહીં છતાં અનાભોગથી તે રીતે હિંસાનાં સાધનો મુકાઈ જાય તો અતિચારની પ્રાપ્તિ થાય.

ઉપભોગનાં સાધનોનો જીવનની જરૂરિયાત કરતાં અધિક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તે પ્રમાદ આચરણરૂપ હોવાથી અતિચારો છે; કેમ કે શ્રાવક પોતાના જીવનમાં સ્વભૂમિકા અનુસાર અપ્રમાદને સેવીને સંયમની શક્તિનો સંચય કરે છે. આમ છતાં શાતાની અર્થિતાને કારણે અને દેહ પ્રત્યેની મમતાને કારણે સ્નાન, સુંદર ભોજન આદિ કરે છે અને સુંદર વસ્ત્રો આદિ ધારણ કરે છે પરંતુ અતિભોગની લાલસાને કારણે વારંવાર સ્નાન કરે, દેહની આવશ્યકતાથી અધિક રસની લાલસાથી ભોજન કરે, પીણાં વગેરેનો ઉપભોગ કરે કે વધારે પડતાં વસ્ત્રો અલંકારાદિ ધારણ કરે તે અનર્થદંડનો અતિચાર છે. જાણવા છતાં તેનો પરિહાર ન કરે તો અનર્થદંડવ્રતનો ભંગ થાય અને અનાભોગાદિથી તેનું સેવન થાય ત્યારે અતિચાર કહેવાય. તેથી શ્રાવકે પોતાના ચિત્તની ભૂમિકા અનુસાર ભોગોપભોગવ્રતના પરિમાણને કર્યા પછી પોતાની ભોગની લાલસા ધીરેધીરે અલ્પ અલ્પતર થાય તેવો યત્ન કરવો જોઈએ. તેને બદલે જો વધારે વિલાસની વૃત્તિ થાય તે રીતે સ્નાનાદિ પ્રવૃત્તિ કરે તો અનર્થદંડની પ્રાપ્તિ થાય.

વળી, મુખરપણું=વાચાળપણું, એ અનર્થદંડનો અતિચાર છે; કેમ કે અતિશય બોલવાની જેની પ્રકૃતિ છે તેમાં જીવોને અનેક પ્રકારનાં પાપકૃત્યો કરવાનો પ્રસંગ આવે તેવો પાપોપદેશ આવે છે જેથી અનેક પ્રકારના આરંભસમારંભ થાય છે. માટે દયાળુ ચિત્તવાળા શ્રાવકે પ્રયોજન વગર બોલવાનું ન થાય તે રીતે સંવરભાવ કેળવવો જોઈએ. છતાં અનાભોગ આદિથી વિચાર્યા વગર બોલવાની પ્રવૃત્તિ થાય તો અનર્થદંડવ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, કુત્સિત મુખ આદિના વિકારો કૌત્કુચ્ય છે અને જે જીવોની પ્રકૃતિ છે કે તે તે પ્રકારના મુખના વિકારો કરીને હાસ્ય ઉત્પન્ન કરવું તે પ્રમાદાચરણારૂપ છે તેથી અનર્થદંડરૂપ છે છતાં તેવા પ્રકારના સ્વભાવને કારણે સહસા તેવી પ્રવૃત્તિ શ્રાવકથી થાય તો તે અનર્થદંડનો અતિચાર છે.

કંદર્પ=કામ, કામની વૃત્તિને કરે તેવા વચનપ્રયોગને પણ કંદર્પ કહેવાય છે અને શ્રાવકે કોઈના મોહનો ઉદય થાય તેવી કામની વાતો કરવી જોઈએ નહીં છતાં અતિરસને કારણે કામની વૃત્તિ થાય તેવા વચન-પ્રયોગ અનાભોગથી કે સહસાત્કારથી થાય તે અનર્થદંડનો અતિચાર કહેવાય અને જાણવા છતાં તેની ઉપેક્ષા કરવામાં આવે તો તે અનર્થદંડ સ્વરૂપ જ છે. તેથી અનર્થદંડવ્રતને સ્વીકારનાર શ્રાવકે અત્યંત સંવર-પૂર્વક જીવનની આવશ્યકતા સિવાય નિરર્થક આરંભસમારંભ ન થાય, નિરર્થક ચેષ્ટા ન થાય તે રીતે ચિત્તને સંવર કરીને જીવનની વ્યવસ્થાનું પાલન કરવું જોઈએ. **॥૧૧૪॥**

**અવતરણિકા :-**

**હવે, શિક્ષાવ્રતમાં સામાયિકના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**कायवाङ्मनसां दुष्टप्रणिधानमनादरः ।**
**स्मृत्यनुपस्थापनं च स्मृताः सामायिकव्रते ।।११५।।**

**શ્લોકાર્થ :-**

**કાયા, વાણી અને મનનું દુષ્પ્રણિધાન, અનાદર=સામાયિક લેવાનો સંયોગ હોવા છતાં સામાયિક ગ્રહણ કરવા પ્રત્યે અનુત્સાહ, સ્મૃતિમાં અનુપસ્થાપન સામાયિકવ્રતમાં અતિચારો કહેવાયા છે. ।।૧૧૫।।**

**ભાવાર્થ :-**

શ્રાવક સામાયિક ગ્રહણ કરીને સમભાવના પરિણામની વૃદ્ધિ થાય તે રીતે મન-વચન-કાયાને ઉચિત સ્વાધ્યાયાદિ કૃત્યમાં પ્રવર્તાવે છે. આમ છતાં સામાયિક દરમિયાન અયતનાપૂર્વક કાયાને પ્રવર્તાવે તો કોઈ જીવોની હિંસા થવાનો સંભવ રહે તેથી કાય દુષ્પ્રણિધાનરૂપ અતિચારની પ્રાપ્તિ થાય. સમભાવની વૃદ્ધિને અનુકૂળ પ્રયોજન વગર કોઈ સાથે નિરર્થક વાતચીત કરવામાં આવે તો વાગ્ દુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય અને મન સમભાવની વૃદ્ધિને અનુકૂળ ઉચિત રીતે સ્વાધ્યાયાદિમાં ન પ્રવર્તે ત્યારે મન દુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય. અનાભોગથી કે સહસાત્કારથી તે પ્રકારની મન, વચન, કાયાની પ્રવૃત્તિ થાય તે સામાયિકવ્રતનો અતિચાર છે. સામાન્યથી શ્રાવકે સ્થિર કાયા રાખીને સામાયિકના પરિણામનું લક્ષ કરીને સ્વાધ્યાય આદિમાં યત્ન કરવો જોઈએ અને સામાયિકના પરિણામની વૃદ્ધિ માટે સ્વાધ્યાય આદિ અર્થે ગુરુ આદિ પાસે જવું હોય તો અત્યંત યતનાપૂર્વક ગમન કરવું જોઈએ; જેથી ષટ્કાયના પાલનનો પરિણામ નાશ પામે નહિ છતાં ગમનાદિમાં અયતનાપૂર્વક અનાભોગથી કે સહસાત્કારથી કાયાની પ્રવૃત્તિ થાય તો અતિચારની પ્રાપ્તિ થાય. માટે શ્રાવકે કાયાના પ્રવર્તનનું પ્રયોજન ન હોય તો કાયાને પ્રવર્તાવવી જોઈએ નહીં અને વાણીનું પ્રયોજન ન હોય તો મૌન ધારણ કરીને મનને સમભાવની વૃદ્ધિ થાય તે રીતે સ્વાધ્યાયાદિમાં પ્રવર્તાવવું જોઈએ.

અનાદર-અનુત્સાહને કારણે નિયત વેળામાં સામાયિક ન કરવાનો પરિણામ અથવા યથાતથા કરવામાં આવે અથવા સામાયિકની અવધિ પહેલાં પારે તે સામાયિકમાં અનુત્સાહ નામનો અતિચાર છે. સામાન્યથી શ્રાવકને સમભાવના પરિણામ પ્રત્યે આદર હોય છે તેથી સમભાવની વૃદ્ધિના કારણીભૂત સામાયિકની ક્રિયા કરવાનો ઉત્સાહ હોય છે. તેથી ઉચિતકાળે સંયોગ અનુસાર અવશ્ય સામાયિક કરે અને સામાયિક ગ્રહણ કર્યા પછી સામાયિકના પરિણામને લક્ષમાં રાખીને સામાયિક દરમિયાન ઉચિત સ્વાધ્યાયાદિ કરે છતાં જ્યારે જ્યારે પ્રમાદનો સ્વભાવ વિદ્યમાન હોય છે ત્યારે સામાયિક કરવા પ્રત્યે અનુત્સાહનો પરિણામ થાય છે. ત્યારે તે જીવ ઉચિતકાળે સામાયિક ન કરે અથવા પોતે સામાયિક કરવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરેલ

હોવાથી જેમ તેમ સામાયિક કરી અને તે પ્રતિજ્ઞાનું પાલન કરવા યત્ન કરે અથવા સામાયિક દરમિયાન સામાયિકના પરિણામનો અનુત્સાહ હોવાથી ગ્રહણ કર્યા પછી સામાયિક અવધિ પહેલાં જ પારી લે તે સર્વ સામાયિકના ભંગ રૂપે જ છે છતાં અનાભોગાદિથી તેવો કોઈક પરિણામ થાય તે અતિચાર સ્વરૂપ છે.

સ્મૃતિમાં અનુપસ્થાપન અર્થાત્ સામાયિક કરવા વિષયક પોતે ગ્રહણ કરેલાં વ્રતોની સ્મૃતિ ન રાખવી તે પણ સામાયિકવ્રતનો અતિચાર છે. સામાયિક લીધા પછી હું સામાયિકમાં છું તે પ્રકારની સ્મૃતિ વગર પ્રવૃત્તિ કરે તો તે પણ સામાયિકવ્રતનો અતિચાર છે. જોકે ધર્મનાં બધાં જ અનુષ્ઠાનો સ્મૃતિમૂલ છે તેથી હું સામાયિકમાં છું એ પ્રકારના સ્મરણ વગર અનુષ્ઠાન કરવામાં આવે તો તે અનુષ્ઠાન થાય નહીં, તોપણ અનાભોગ આદિથી સ્મૃતિભંગ થાય તે અતિચારરૂપ છે. **॥૧૧૫॥**

**અવતરણિકા :-**

**સામાયિકના અતિચારો કહ્યા પછી દેશાવકાશિકવ્રતના અતિચારો કહે છે –**

**શ્લોક :-**

**प्रेष्यप्रयोगानयने पुद्गलक्षेपणं तथा ।**
**शब्दरूपानुपातौ च व्रते देशावकाशिके ।।११६।।**

**શ્લોકાર્થ :-**

**દેશાવકાશિકવ્રતમાં પ્રેક્ષ્યનો પ્રયોગ, આનયન, પુદ્ગલનો ક્ષેપ, શબ્દનો અનુપાત અને રૂપનો અનુપાત એ પાંચ અતિચારો છે. ॥૧૧૬॥**

**ભાવાર્થ :-**

શ્રાવક પાપથી અત્યંત ભીરુ છે તેથી સર્વથા નિષ્પાપ એવા સાધુજીવનનું સદા સ્મરણ કરે છે છતાં સર્વ પાપથી નિવૃત્તિ કરવાને અનુકૂળ પોતાનું ચિત્ત સંપન્ન થયું નથી તેથી તેના અભ્યાસ રૂપે અણુવ્રતાદિ ગ્રહણ કરે છે. છતાં અણુવ્રતોમાં અસંયમનો પરિણામ ઘણો છે તેથી પોતાના અસંયમની વિશેષથી નિવૃત્તિ અર્થે દિશાનું પરિમાણ કરે છે. જે દિશાનું પરિમાણ યાવત્જીવ સુધી કે અમુક વર્ષ આદિ દીર્ઘકાળ સુધીનું હોય છે. તેથી દિગ્પરિમાણવ્રતમાં ક્ષેત્રપરિમાણ મોટું હોય છે. તેનો અત્યંત સંકોચ કરવા અર્થે પ્રતિદિવસ દેશાવકાશિકવ્રત શ્રાવક ગ્રહણ કરે છે; કેમ કે શ્રાવક સૂક્ષ્મબોધવાળા હોવાથી તેઓને બોધ છે કે સમભાવના પરિણામવાળા મુનિ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત હોય છે તેથી તેઓથી સંપૂર્ણ આરંભનો પરિહાર થાય છે જ્યારે પોતે શરીરની શાતા અર્થે આરંભસમારંભ કરે તેવા પરિણામવાળો છે તેથી સંપૂર્ણ ગુપ્તિનો પરિણામ પોતાનામાં નથી. આથી તપાવેલા ગોળાની જેમ સર્વ ક્ષેત્રમાં હિંસા કરનાર પોતે છે. વળી, તે હિંસાના પરિણામનો સંકોચ કરીને સાધુની જેમ ત્રણ ગુપ્તિમાં જવાના અભ્યાસ રૂપે પ્રતિદિન એક દિવસ, એક પ્રહર, એક મુહૂર્ત આદિના પરિમાણરૂપ ક્ષેત્રનો સંકોચ કરીને ગૃહ આદિ ક્ષેત્રથી બહાર નહીં જવાનું પચ્ચક્ખાણ કરે છે.

વળી, જે મુહૂર્ત આદિ પરિમાણ પોતાના સ્વીકારાયેલા દેશાવકાશિકવ્રત અનુસાર છે, તેના દ્વારા આરંભની નિવૃત્તિને અનુકૂળ સંકોચનો પરિણામ કરે છે તેથી ગૃહ આદિમાં આરંભસમારંભ કાયાથી થતો પણ હોય કે કાયાથી ન પણ થતો હોય તોપણ તેટલા કાળ અવધિ સુધી બહારના ક્ષેત્રમાં આરંભ કરવાનો પરિણામ નિવર્તન પામે છે. તેથી અસંયમના પરિણામનું અત્યંત સંકોચન થાય છે છતાં, પ્રમાદને વશ ગૃહથી બહાર કોઈક કાર્ય કરવાનું પ્રયોજન જણાય તો સ્વયં બહાર જાય નહીં પરંતુ અન્ય માણસને મોકલીને તે કાર્ય કરાવે અથવા બહારથી કોઈક પાસેથી વસ્તુ મંગાવે અથવા પોતાના ક્ષેત્રની બહારમાં કોઈક મનુષ્ય હોય તેને ઘરમાં બોલાવવો હોય તો કોઈક પુદ્ગલનો ક્ષેપ કરીને તેને બોલાવે અથવા ગૃહની બહારમાં કોઈક વ્યક્તિ હોય અને તેને બોલાવવો હોય તો ખોંખારા કરવા આદિ દ્વારા તેને બોલાવે અથવા પોતાનું રૂપ દેખાડીને તેને બોલાવે તે સર્વ ક્રિયા પોતાના નક્કી કરેલા ગૃહક્ષેત્રની મર્યાદાથી બહારના ક્ષેત્રમાં કૃત્ય કરવા સ્વરૂપ છે. તેથી લીધેલા પચ્ચક્ખાણનો ભંગ થાય છે પરંતુ મુગ્ધબુદ્ધિને કારણે કોઈને ભ્રમ થાય કે મેં બહાર નહીં જવાનું પચ્ચક્ખાણ કર્યું છે અને હું બહાર જતો નથી પરંતુ અન્યને મોકલું છું તેથી આમાં વ્રતને રક્ષણ કરવાનો કંઈક પરિણામ હોવાથી અતિચાર છે.

આનાથી એ ફલિત થાય કે જે શ્રાવક સદા ત્રણ ગુપ્તિવાળા મુનિઓના સમભાવનું સ્મરણ કરીને દિશાનો અત્યંત સંકોચ કરવા અર્થે મુહૂર્ત આદિથી પરિમાણ કરે છે તે શ્રાવકનો આરંભસમારંભનો પરિણામ અત્યંત સંવરરૂપ હોવાથી સંયમજીવનની શિક્ષારૂપ છે તેથી શિક્ષાવ્રત છે. વળી, પ્રસ્તુત શ્લોકની ટીકામાં કહ્યું કે શ્રાવક પોતાના મર્યાદિત ક્ષેત્રથી બહાર કોઈકને મોકલીને કોઈક કાર્ય કરાવે તે કાર્ય કરવામાં બીજા પાસે કરાવવાથી અધિક આરંભ છે; કેમ કે સ્વયં ગમન કરે તો ઈર્યાપથની વિશુદ્ધિનો ગુણ પ્રાપ્ત થાય અને અન્ય પુરુષ અનિપુણ હોવાથી ઈર્યાસમિતિ વગર જવાથી અધિક હિંસા થાય. તેથી એ ફલિત થાય કે શ્રાવક સદા ભાવસાધુપણાને સ્મરણમાં રાખીને પોતાના પ્રવૃત્તિકાળમાં પણ શક્ય એટલી જીવરક્ષા માટે ઉચિત યતના કરે છે. આથી જ બહાર ગમન કરતી વખતે પણ ભૂમિ આદિનું અવલોકન કરીને જાય છે. અન્ય સંસારી જીવોની જેમ અયતનાપૂર્વક જતો નથી. **॥૧૧૬॥**

**અવતરણિકા :-**

**હવે પૌષધવ્રતના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**उत्सर्गादानसंस्तारा अनवेक्ष्याप्रमृज्य च ।**
**अनादरः स्मृत्यनुपस्थापनं चेति पोषधे ।।११७।।**

**શ્લોકાર્થ :-**

**ઉત્સર્ગ=પરઠવવાની ક્રિયા, આદાન=ગ્રહણ કરવાની ક્રિયા, સંથારો, એ સર્વને જોયા વગર અને પ્રમાર્જ્યા વગર કરે અને અનાદર=અનાદરપૂર્વક, પૌષધ કરે અને સ્મૃતિનું અનુપસ્થાપન એ પૌષધમાં અતિચારો છે. ।।૧૧૭।।**

**ભાવાર્થ :-**

શ્રાવક સર્વવિરતિના સંચય અર્થે પૌષધવ્રત કરે છે જે પૌષધવ્રત મુખ્ય અવ્યાપારરૂપ છે અને તેના અંગભૂત ઉપવાસાદિ ત્રણ પૌષધો છે. અવ્યાપારરૂપ પૌષધ સંસારના સર્વ ભાવો પ્રત્યે પૌષધકાળમાં અવ્યાપારવાળા થવા માટે છે; જેથી શ્રાવક મનોયોગથી સંવૃત થઈને સમભાવની વૃદ્ધિને અનુકૂળ સદા પ્રવર્તે તે રીતે યત્ન કરે તો તેના ત્રણેય યોગો સંપૂર્ણ આરંભથી નિવર્તન પામે. આવા શ્રાવક મન, વચન અને કાયાના યોગોથી સંવૃત થઈને સ્વાધ્યાય આદિના વ્યાપારવાળા છે.

(૧) પૌષધ દરમિયાન શ્રાવકને પણ માત્રુ આદિને કે શ્લેષ્માદિને પરઠવવા પડે ત્યારે યતનાપૂર્વક શુદ્ધભૂમિમાં પરઠવ્યા પૂર્વે તે ભૂમિનું ચક્ષુથી અવલોકન કરે કે ત્યાં કોઈ જીવ નથી. ત્યારપછી ચરવળાથી પ્રમાર્જન કરે ત્યારપછી તે માત્રુ આદિ પરઠવે. આમ છતાં અનાભોગ આદિથી ભૂમિનું અવલોકન અને પ્રમાર્જન ન થયું હોય તો પૌષધ આદિ વ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય.

(૨) વળી, સંયમના પ્રયોજન અર્થે કોઈ પીઠફલકાદિની આવશ્યકતા જણાય ત્યારે જીવોનું અવલોકન કરીને અને પ્રમાર્જના કરીને તેને ગ્રહણ કરવું જોઈએ છતાં પ્રમાદ વશ ચક્ષુથી અવલોકન અને ચરવળા આદિથી પ્રમાર્જના કર્યા વગર ગ્રહણ કરવામાં આવે કે મૂકવામાં આવે તો અતિચારની પ્રાપ્તિ થાય.

(૩) વળી, પૌષધ દરમિયાન બેસવા અર્થે કે સૂવા અર્થે સંથારાદિને પાથરતા પૂર્વે સંથારાનું અને ભૂમિનું અવલોકન કરવું પડે અને ભૂમિને જીવ રહિત જાણીને પ્રમાર્જના કરવી પડે. ત્યારપછી દયાળુ ચિત્તવાળા તે શ્રાવક સંથારા ઉપર બેસે. જો તે પ્રકારે જોવામાં અને પ્રમાર્જવામાં પ્રમાદ કરવામાં આવે તો અતિચારની પ્રાપ્તિ થાય.

(૪) વળી, પૌષધવ્રત સર્વથા સંવરરૂપ છે તેથી મન, વચન અને કાયાથી બાહ્ય વ્યાપારનો ત્યાગ કરીને પૌષધકાળ દરમિયાન શ્રાવક સમભાવની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારવાળા રહે છે. એ પ્રકારના પૌષધવ્રતની સ્વીકારેલી મર્યાદામાં અપ્રયત્ન એ અનાદર નામનો પૌષધવ્રતનો અતિચાર છે.

(૫) વળી, પૌષધ ગ્રહણ કર્યા પછી પૌષધકાળ દરમિયાન પૌષધની ક્રિયા દ્વારા સંસારના સર્વ ભાવો પ્રત્યે અવ્યાપારવાળા થઈને આત્માના પરિણામોમાં વિશ્રાંતિને અનુકૂળ પ્રયત્ન કરવો એ અવ્યાપારરૂપ પૌષધનું પ્રયોજન છે અને તેના અંગરૂપ અન્ય ત્રણ પૌષધ છે એ પ્રકારે સતત સ્મૃતિમાં સ્થાપન કરીને શ્રાવકે પૌષધમાં યત્ન કરવો જોઈએ, પરંતુ કોઈક રીતે શૂન્યમનસ્કતાને કારણે તે પ્રકારનું લક્ષ્ય સ્મૃતિમાં અનુપસ્થાપન થાય તો પૌષધવ્રતનો પાંચમો અતિચાર પ્રાપ્ત થાય છે અને તે અતિચાર દૂર ન કરવામાં આવે તો પૌષધવ્રતનો પરિણામ નાશ પામે છે. તેથી વિવેકસંપન્ન શ્રાવકને પણ અનાભોગ આદિથી ક્યારેક પૌષધવ્રતની મર્યાદાની અનુપસ્થિતિ થાય ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે અને જેઓ પૌષધવ્રતની મર્યાદાની સર્વથા સ્મૃતિ વગર પૌષધ કરે છે તેઓનો પૌષધ પરમાર્થથી પૌષધ થતો નથી; કેમ કે પૌષધનું કાર્ય સંયમજીવનની શિક્ષાને અનુકૂળ યત્ન છે, તેનો આ પ્રકારના સ્મૃતિ રહિત પૌષધમાં સર્વથા અભાવ છે. **॥૧૧૭॥**

**અવતરણિકા :-**

**અતિથિસંવિભાગવ્રતના અતિચારોને કહે છે –**

**શ્લોક :-**

**सचित्ते क्षेपणं तेन पिधानं काललङ्घनम् ।**
**मत्सरोऽन्यापदेशश्च तुर्यशिक्षाव्रते स्मृताः ।।११८।।**

**શ્લોકાર્થ :-**

**સચિત્તમાં ક્ષેપણ=સાધુને વહોરાવવાની વસ્તુઓનું સચિત્ત વસ્તુ ઉપર સ્થાપન, સચિત્ત વસ્તુથી પિધાન, કાલનું ઉલ્લંઘન, મત્સર અને અન્યનો અપદેશ ચોથા શિક્ષાવ્રતના અતિચારો કહેવાયા છે. ।।૧૧૮।।**

**ભાવાર્થ :-**

શ્રાવક પોતાના અર્થે ભોજન નિષ્પન્ન થયા પછી સુસાધુને દાન આપીને ભોજન કરવાથી સંયમની અનુમોદનાને કારણે પોતાનામાં સંયમની શક્તિનો સંચય થાય છે તેવી નિર્મળબુદ્ધિવાળા હોય છે. તેથી સુસાધુને જે ઉત્તમ વસ્તુ હોય તે વહોરાવીને પોતાના આત્માને કૃતકૃત્ય માને છે. આમ છતાં કોઈ મુગ્ધ શ્રાવક કોઈક વસ્તુ અતિકીમતી હોય, પોતાના અર્થે અથવા કોઈ અન્ય પ્રયોજનથી વહોરાવવાનો પરિણામ ન હોય ત્યારે તે વસ્તુને કોઈક સચિત્ત વસ્તુ ઉપર મૂકે છે જેથી સાધુ આવે ત્યારે તે વસ્તુની પૃચ્છા કરે તોપણ તે ગ્રહણ કરી શકે નહીં. આ પ્રકારની બુદ્ધિથી કોઈ મુગ્ધ શ્રાવક સચિત્ત વસ્તુ ઉપર વહોરાવવાની વસ્તુ મૂકે તે અતિથિસંવિભાગવ્રતનો અતિચાર છે. વળી, તે પ્રકારની બુદ્ધિથી જ તે ભોજન ઉપર સચિત્તનો નિક્ષેપ કરે તે બીજો અતિચાર છે. વળી, સાધુના ભિક્ષાના કાળનું ઉલ્લંઘન કરીને અથવા ભિક્ષાનો કાળ આવ્યો હોય તેના પૂર્વે ભોજન કરે જેનાથી સાધુની ભિક્ષાનો લાભ પોતાને મળતો નથી; કેમ કે પોતાના અર્થે થયેલા ભોજનને સાધુને વહોરાવીને પછી ભોજન કરવાથી અતિથિસંવિભાગવ્રતનું પાલન થાય છે છતાં તેના પ્રત્યેની બેદરકારીને વશ પોતાની અનુકૂળતા પ્રમાણે ભોજન કરે અને સાધુના ભિક્ષાના કાળનું ઉલ્લંઘન થાય તો અતિચારની પ્રાપ્તિ થાય. અનાભોગ આદિથી આ પ્રકારનો અતિચાર પ્રાપ્ત થાય છે.

વળી, શ્રાવક કોઈક કારણથી સાધુ પ્રત્યે મત્સરભાવથી દાન આપે અથવા કોઈ બીજાએ સાધુને દાન આપ્યું હોય પરંતુ હું તેનાથી કાંઈક અધિક સારું આપું એ પ્રકારના તે અન્ય દાન આપનારા પુરુષ પ્રત્યે મત્સરભાવ ધારણ કરીને સાધુને દાન આપે તે અતિથિસંવિભાગવ્રતમાં અતિચાર છે. સામાન્યથી સાધુના ગુણોનું સ્મરણ કરીને તેમના પ્રત્યે તેમના ગુણોને કારણે વધતી જતી ભક્તિથી શ્રાવકે દાન આપવું જોઈએ. છતાં પણ કોઈક શ્રાવકનો મત્સરવાળો સ્વભાવ હોય તો અન્ય પ્રત્યેના મત્સરભાવથી સારી પણ વસ્તુ આપે છતાં તે વખતે સુસાધુની ભક્તિનો પરિણામ થતો નથી. તેથી પરમાર્થથી અતિથિસંવિભાગવ્રત ફલવાન થતું નથી છતાં સાધુને દાન કરવાનો પણ કંઈક ભાવ હોવાથી મત્સરભાવપૂર્વકના દાનને પણ અતિથિસંવિભાગવ્રતનો

અતિચાર કહેલ છે. વળી, અન્ય અપદેશ તે પાંચમો અતિચાર છે અર્થાત્ કોઈક વસ્તુ પોતાની હોવા છતાં તે વસ્તુ પ્રત્યે મમત્વ હોવાથી અન્ય વસ્તુઓ સાધુને વહોરાવીને કહે કે 'આ વસ્તુ અન્યની છે, મારી નથી માટે હું આપતો નથી', આ પ્રકારનો મલિનભાવ સુસાધુની ભક્તિને નિષ્ફળ કરનાર હોવાથી દોષરૂપ છે છતાં અન્ય નિર્દોષ વસ્તુ સાધુને વહોરાવે છે તેથી અન્ય અપદેશને અતિચાર કહેલ છે. **॥૧૧૮॥**

**અવતરણિકા :-**

**હવે, કહેવાયેલા શેષને બતાવતા શ્રાવકના મહાશ્રાવકપણાને કહે છે –**

**શ્લોક :-**

**एवं व्रतस्थितो भक्त्या सप्तक्षेत्र्यां धनं वपन् ।**
**दयया चातिदीनेषु महाश्रावक उच्यते ।।११९।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, સમ્યક્ત્વપૂર્વક, અતિચારથી રહિત વ્રતમાં રહેલો, ભક્તિથી=સાતે ક્ષેત્રો પ્રત્યે ભક્તિથી, સાતે ક્ષેત્રોમાં ધનને વાપરતો અને અતિ દીન જીવોમાં દયાથી ધનને વાપરતો મહાશ્રાવક કહેવાય છે. ।।૧૧૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ વર્ણન કર્યું એ પ્રમાણે સમ્યક્ત્વનું સ્વરૂપ જાણીને એ પ્રકારે જિનવચનમાં સ્થિરબુદ્ધિવાળો શ્રાવક પોતાની શક્તિ અનુસાર બારવ્રતોને ગ્રહણ કરે, તેના સર્વભાંગાઓથી વ્રતોના સ્વરૂપનો બોધ કરે અને સ્વીકારાયેલાં વ્રતોના અતિચારના સ્વરૂપને યથાર્થ જાણીને તે સર્વ અતિચારના પરિહારપૂર્વક વ્રતોનું પાલન કરે, સદા નિશ્ચલચિત્તપણાથી વ્રતમાં લીન રહે અને પોતાની દેશવિરતિની વૃદ્ધિ અર્થે સાત ક્ષેત્રોમાં ધનનું વપન કરે જેથી કલ્યાણના કારણીભૂત એવી સાત ક્ષેત્રોની ભક્તિથી ગુણની વૃદ્ધિ થાય અને અતિદીન જીવોમાં દયાથી ધનનું વપન કરે અર્થાત્ ભક્તિથી નહીં પરંતુ તેઓની દુઃખી અવસ્થા પ્રત્યે દયાભાવથી ધન વ્યય કરે તે મહાશ્રાવક કહેવાય છે. **॥૧૧૯॥**

**અવતરણિકા :-**

**સાત ક્ષેત્રમાં ધનના વપનનું વ્યતિરેક દ્વારા સમર્થન કરે છે અર્થાત્ જે શ્રાવક શક્તિ હોવા છતાં સાત ક્ષેત્રમાં ધનનું વપન ન કરે તે શ્રાવકમાં પરમાર્થથી શ્રાવકપણું નથી. તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**यः सद् बाह्यमनित्यं च क्षेत्रेषु न धनं वपेत् ।**
**कथं वराकश्चारित्रं दुश्चरं स समाचरेत् ? ।।१२०।।**

**શ્લોકાર્થ :-**

**જે શ્રાવક વિદ્યમાન એવું બાહ્ય પણ અનિત્ય ધન ક્ષેત્રોમાં=ગુણનિષ્પત્તિના પ્રબળ કારણીભૂત સાત ક્ષેત્રોમાં, વાપરતો નથી તે વરાક=દીન=ધનની મૂર્ચ્છાવાળો એવો શ્રાવક, દુશ્ચર એવું ચારિત્ર કેવી રીતે પ્રાપ્ત કરે ? અર્થાત્ લોભથી હણાયેલી બુદ્ધિવાળો જીવ દેશવિરતિના સ્થૂલ પાલન દ્વારા પણ સર્વવિરતિની શક્તિનો સંચય કરી શકે નહીં. ।।૧૨૦।।**

**ભાવાર્થ :-**

શ્રાવક સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવનારા સુસાધુ પ્રત્યે અત્યંત રાગભાવવાળા હોય છે. આમ છતાં પોતાને દેહનું મમત્વ છે, ભોગની લાલસા છે, તેથી સર્વ ત્યાગ કરીને વીતરાગતુલ્ય થવા માટેના મહાપરાક્રમને કરવા અસમર્થ છે તેથી ભોગની લાલસા અર્થે ધનઅર્જન આદિ પ્રવૃત્તિઓ કરે છે. વળી, પોતાની પાસે પોતાના આત્માથી ભિન્ન એવું ભોગના સાધનરૂપ બાહ્યધન વિદ્યમાન હોય અને આ ધન અનિત્ય છે તેવું સ્પષ્ટ દેખાતું હોય છતાં ગુણનિષ્પત્તિના પ્રબળ કારણીભૂત સાત ક્ષેત્રોમાં તે ધનનું વપન કરી શકે નહીં તે શ્રાવકને ભોગ પ્રત્યે અને ધન પ્રત્યે અત્યંત મૂર્ચ્છા છે અને તેવા મૂર્ચ્છાવાળા જીવો કદાચ શ્રાવકપણાનાં વ્રતોના આચારો પાળતા હોય તોપણ ગુણના પક્ષપાત કરતાં ધનસંચયનો પક્ષપાત અધિક હોવાથી ગુણવૃદ્ધિના કારણીભૂત સાત ક્ષેત્રોમાં ધનનું વપન કરી શકતા નથી. વળી, તેવા ધનની મૂર્ચ્છાવાળા તુચ્છ શ્રાવકને તેવા શ્રાવકના આચારોના સેવનથી દુશ્ચર એવું ચારિત્ર કઈ રીતે પ્રાપ્ત થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં; કેમ કે ચારિત્ર સર્વ મૂર્ચ્છાના ત્યાગ સ્વરૂપ છે અને જેઓને પોતાના દેહથી ભિન્ન, નાશવંત એવા ધન પ્રત્યે પણ અતિમૂર્ચ્છા છે તેને માટે સર્વથા મૂર્ચ્છાનો પરિહાર અશક્ય છે. માટે શ્રાવકાચારને સેવીને સર્વવિરતિની શક્તિના સંચયના અર્થી જીવે તુચ્છ એવા ધનની મૂર્ચ્છાને ગૌણ કરીને પણ ગુણવૃદ્ધિના કારણીભૂત સાત ક્ષેત્રમાં અવશ્ય ધનનું વપન કરવું જોઈએ જેથી ગુણ પ્રત્યેના વધતા જતા પક્ષપાતને કારણે ક્રમે કરીને સર્વવિરતિની શક્તિનો સંચય થાય. **॥૧૨૦॥**

**અવતરણિકા :-**

**હવે, મહાશ્રાવકની દિનચર્યાને કહે છે –**

**શ્લોક :-**

**ब्राह्मे मुहूर्त्ते उत्तिष्ठेत् परमेष्ठिस्तुतिं पठन् ।**
**किंधर्मा किंकुलश्चास्मि किंव्रतोऽस्मीति च स्मरन् ।।१२१।।**

**શ્લોકાર્થ :-**

**બ્રાહ્મ મુહૂર્તમાં પંચપરમેષ્ઠિની સ્તુતિને બોલતો=નવકારને બોલતો, હું કયા ધર્મવાળો છું અને મારું કયું કુળ છે અને હું કયાં વ્રતોવાળો છું એનું સ્મરણ કરતો શ્રાવક ઊઠે. ।।૧૨૧।।**

**ભાવાર્થ :-**

શ્રાવકે દિવસની ચર્યાની શરૂઆત પ્રથમ કઈ રીતે કરવાની છે તેનું વર્ણન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

રાત્રિના એક મુહૂર્ત પહેલાં શ્રાવકે અવશ્ય નિદ્રાનો ત્યાગ કરવો જોઈએ. વળી, ઊઠતાંની સાથે જ પ્રથમ પંચપરમેષ્ઠિનું અત્યંત પ્રણિધાનપૂર્વક સ્મરણ કરવું જોઈએ જેથી જગતમાં જીવની સર્વોત્તમ અવસ્થારૂપ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પ્રત્યે અત્યંત બહુમાન ભાવની વૃદ્ધિ થાય. વળી, તે સ્મરણ પણ તેઓના ગુણોના દૃઢ પ્રણિધાનપૂર્વક કરવું જોઈએ જેથી પંચપરમેષ્ઠિના ગુણોથી ચિત્ત વાસિત થાય. વળી, ઊઠતાંની સાથે વિચાર કરવો જોઈએ કે મારો ધર્મ શું છે ? અર્થાત્ સર્વજ્ઞપ્રરૂપિત ધર્મનો મેં સ્વીકાર કર્યો છે જે સર્વજ્ઞની જેમ વીતરાગ થવાના યત્ન સ્વરૂપ છે. વળી, મારું કયું કુળ છે કે જે કુળને કલંક લાગે તેવાં કોઈ કૃત્યો મારાથી ન થાય. વળી, સ્મરણ કરે કે મેં કયાં વ્રતો ગ્રહણ કર્યાં છે ? જેથી તે સ્મરણ કરાયેલાં વ્રતોની મર્યાદાનું દિવસ દરમિયાન ઉલ્લંઘન ન થાય અને આ પ્રકારે વ્રતોનું સ્મરણ કરવાથી પોતાનો સ્વીકારાયેલો દેશવિરતિધર્મ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પૂર્ણ ધર્મનું કારણ કઈ રીતે બને તેની સદા ઉચિત વિચારણા વિવેકી શ્રાવક કરે જેથી સ્વીકારાયેલાં વ્રતો સમ્યક્ બને. **॥૧૨૧॥**

**શ્લોક :-**

**शुचिः पुष्पाऽऽमिषस्तोत्रैर्देवमभ्यर्च्य वेश्मनि ।**
**प्रत्याख्यानं यथाशक्ति कृत्वा देवगृहं व्रजेत् ।।१२२।।**

**શ્લોકાર્થ :-**

**પવિત્ર પુષ્પો, આમિષ=ખાદ્ય પદાર્થ અને સ્તોત્ર વડે ઘરમાં દેવની પૂજા કરીને=વીતરાગની પૂજા કરીને, યથાશક્તિ પ્રત્યાખ્યાન કરીને શ્રાવક દેવગૃહમાં જાય=જિનાલયમાં જાય. ।।૧૨૨।।**

**ભાવાર્થ :-**

શ્રાવક શક્તિસંપન્ન હોય તો ગૃહચૈત્ય અવશ્ય રાખે અને તે ગૃહમાં રહેલ જિનપ્રતિમાની પવિત્ર પુષ્પો, ઉત્તમ ભોજનસામગ્રી આદિથી અને ઉત્તમ સ્તોત્રથી પૂજા કરે જેથી વીતરાગના ગુણોથી ચિત્ત વાસિત થાય અને વીતરાગ પ્રત્યે ભક્તિનો પરિણામ અતિશય થાય. ત્યારપછી સ્વશક્તિ અનુસાર પચ્ચક્ખાણ કરે અને પચ્ચક્ખાણ કરીને સંઘનું જે ચૈત્ય છે ત્યાં જાય; કેમ કે પોતાના ચૈત્યની પૂજા કરવા માત્રથી શ્રાવકને સંતોષ થતો નથી પરંતુ અનેક જિનપ્રતિમાઓની વિશેષ પ્રકારની ભક્તિ કરીને આત્માને વીતરાગના ગુણોથી વાસિત કરવાની ઇચ્છા વર્તે છે તેથી સંઘના ચૈત્યાલયમાં જઈને ત્યાં શું કરે તે હવે પછીના શ્લોકમાં બતાવે છે. **॥૧૨૨॥**

**શ્લોક :-**

**प्रविश्य विधिना तत्र त्रिः प्रदक्षिणयेज्जिनम् ।**
**पुष्पादिभिस्तमभ्यर्च्य स्तवनैरुत्तमैः स्तुयात् ।।१२३।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી વિધિથી પ્રવેશ કરીને=સંઘના ચૈત્યમાં વિધિથી પ્રવેશ કરીને, ત્યાં=ચૈત્યમાં, જિનને ત્રણ પ્રદક્ષિણા આપે અને પુષ્પાદિઓ વડે ભગવાનની પૂજા કરીને ઉત્તમ સ્તવનોથી સ્તુતિ કરે. ||૧૨૩||**

**ભાવાર્થ :-**

શ્રાવક ગૃહચૈત્યમાં યતનાપૂર્વક પૂજા કરીને સંઘના ચૈત્યમાં જાય. ત્યાં શાસ્ત્ર મુજબની ઉચિત વિધિ અનુસાર પ્રવેશ કરે અને જિનપ્રતિમાને જોતાંની સાથે બે હાથ જોડીને, મસ્તક નમાવીને જિનને નમસ્કાર થાઓ ઇત્યાદિ વચનના ઉચ્ચારણપૂર્વક મનને ભગવાનના ગુણોમાં તત્પર કરે અને નિસીહી બોલવાપૂર્વક ચૈત્યાલયમાં પ્રવેશ કરે. જે શ્રાવકને વીતરાગના સ્વરૂપનો બોધ છે તે શ્રાવકને વીતરાગની પ્રતિમાને જોઈને આત્માના વીતરાગભાવ પ્રત્યે અત્યંત રાગ થાય છે અને વીતરાગ થયેલા તીર્થંકરો પ્રત્યે ભક્તિનો પરિણામ થાય છે તેથી સંસારના સર્વ વ્યાપારોથી ચિત્તનું નિવર્તન કરીને વીતરાગ પ્રત્યે ભક્તિ ઉલ્લસિત થાય તે પ્રકારના પ્રણિધાનપૂર્વક ચૈત્યાલયમાં પ્રવેશ કરે છે. ત્યારપછી ભગવાનના વીતરાગભાવ પ્રત્યે ભક્તિના અતિશય અર્થે જાણે સમોવસરણમાં બેઠેલા સાક્ષાત્ જિન હોય તે સ્વરૂપે ભગવાનની કર્મકાય અવસ્થાનું સ્મરણ કરીને ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપે છે. જેમ ભગવાનના સમોવસરણમાં બેસતી વખતે મહાત્માઓ ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દઈને દેશનામાં બેસે છે તેમ શ્રાવક પણ જિનાલયમાં ભગવાનની સમોવસરણમાં બેઠેલી કર્મકાય અવસ્થાને સ્મૃતિમાં લાવીને ત્રણ પ્રદક્ષિણા આપે છે. ત્યારપછી ઉચિત સ્તુતિ આદિપૂર્વક ભગવાનની પુષ્પાદિ પૂજા કરે છે. ત્યારપછી ઉત્તમ સ્તવનોથી ભગવાનની સ્તુતિ કરે છે જેથી ભગવાનના ગુણોથી વાસિત થયેલું ચિત્ત ઉત્તરોત્તર વૃદ્ધિ પામે અને જેમ જેમ ભગવાનના ગુણોથી ચિત્ત વાસિત થાય તેમ તેમ શ્રાવક વીતરાગતાને આસન્ન આસન્નતર થાય. આ પ્રકારની સંઘચૈત્યાલયમાં પૂજા કર્યા પછી શ્રાવક શું કરે છે તે આગળ બતાવે છે. **||૧૨૩||**

**અવતરણિકા :-**

**હવે, અનંતર કરણીયને કહે છે=ભગવાનની ભક્તિ કર્યા પછી શું કરવું જોઈએ તે કર્તવ્યને કહે છે –**

**શ્લોક :-**

**ततो गुरूणामभ्यर्णे प्रतिपत्तिपुरःसरम् ।**
**विदधीत विशुद्धात्मा प्रत्याख्यानप्रकाशनम् ।।१२४।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=સંઘના ચૈત્યમાં પૂજા કર્યા પછી, ગુરુની પાસે પ્રતિપત્તિપૂર્વક=વંદનાદિરૂપ ઉચિત ક્રિયાપૂર્વક, વિશુદ્ધ આત્મા એવો શ્રાવક પ્રત્યાખ્યાનનું પ્રકાશન કરે છે=પચ્ચક્ખાણ ગ્રહણ કરે છે. ||૧૨૪||**

**ભાવાર્થ :-**

શ્રાવક પ્રથમ ગૃહચૈત્યમાં અને ત્યારપછી સંઘચૈત્યમાં ભગવાનની ભક્તિથી અત્યંત ભાવિત થયા પછી સુસાધુ જ્યાં બિરાજમાન હોય છે ત્યાં જાય છે અને તેઓના સંયમયોગ પ્રત્યે અત્યંત ભક્તિ થવાથી વિવેકપૂર્વક તેઓને વંદન કરે છે. આથી તીર્થંકરોના ગુણોથી અને સુસાધુના ગુણોથી વાસિત થયેલો એવો શ્રાવકનો આત્મા પાપના વિરામનો અત્યંત અર્થી બને છે. વળી, વિચારે છે કે આહાર આદિ સંજ્ઞાઓને વશ થઈને હું આરંભસમારંભ કરું છું તેમાંથી કઈ રીતે અત્યંત નિવૃત્ત થાઉં ? તદ્ અર્થે આત્માસાક્ષી, દેવસાક્ષી અને ગુરુસાક્ષીએ પચ્ચક્ખાણ કરે છે અર્થાત્ સવારના જે ઉપવાસાદિ કે એકાસણાદિ પચ્ચક્ખાણ કરવાનો વિકલ્પ કરેલ હોય તેનું ગુરુ પાસે પ્રકાશન કરીને તેમની પાસેથી પચ્ચક્ખાણ ગ્રહણ કરે છે. આ પ્રકારના પચ્ચક્ખાણ દ્વારા વિશુદ્ધ પરિણામવાળા શ્રાવકને સદા સર્વ પાપોનો વિરામ કરવાની ઉત્કટ ઇચ્છા થાય છે અને શક્તિ અનુસાર પચ્ચક્ખાણ કરીને સુસાધુની જેમ દશ પ્રકારના યતિધર્મને સેવવાની શક્તિનો સંચય કરે છે જે પચ્ચક્ખાણનું ફળ છે. તેથી વિવેકસંપન્ન શ્રાવકે સદા સર્વ પાપોથી રહિત એવા મુનિભાવનું સ્મરણ અને સર્વકર્મથી રહિત એવા દેવનું સ્મરણ કરીને સદા પચ્ચક્ખાણમાં યત્ન કરવો જોઈએ. **॥૧૨૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૨૪માં કહ્યું કે ગુરુને વંદનાદિપૂર્વક ગુરુ આગળ પચ્ચક્ખાણ ગ્રહણ કરે. તેથી કઈ રીતે ગુરુની વંદનાદિરૂપ ઉચિત પ્રતિપત્તિ કરવી જોઈએ તે બે શ્લોકથી બતાવે છે –**

**શ્લોક :-**

**अभ्युत्थानं तदालोकेऽभियानं च तदागमे ।**
**शिरस्यञ्जलिसंश्लेषः स्वयमासनढौकनम् ।।१२५।।**
**आसनाऽभिग्रहो भक्त्या वन्दना पर्य्युपासनम् ।**
**तद्याने‌ऽनुगमश्चेति प्रतिपत्तिरियं गुरोः ।।१२६।।**

**શ્લોકાર્થ :-**

**તેમના દર્શનમાં અભ્યુત્થાન=ગુરુનાં દર્શન થાય કે શ્રાવક ઊભો થાય અને તેમના આગમનમાં સન્મુખ થાય. મસ્તક ઉપર અંજલિના સંશ્લેષવાળો=મસ્તક પાસે બે હાથ જોડીને ઊભો રહેલો, શ્રાવક સ્વયં આસન આપે=ગુરુને બેસવા માટે આસન આપે. આસનનો અભિગ્રહ=ગુરુ આસન ઉપર બેસે ત્યારપછી સ્વયં આસન ઉપર બેસે, ભક્તિથી વંદના=આસન ઉપર બેઠા પછી ભક્તિપૂર્વક ગુરુને વંદન કરે, પર્યુપાસના=ગુરુ સ્થાનમાં રહેલા હોય તો તેઓની સેવા કરે, તેઓના ગમનમાં તેઓની પાછળ જાય. એ પ્રકારની આ ગુરુની પ્રતિપત્તિ છે=ઉપચાર વિનય છે. ।।૧૨૫-૧૨૬।।**

**ભાવાર્થ :-**

શ્રાવકે ગુણવાન ગુરુ પ્રત્યે પોતાને ભક્તિનો અતિશય પરિણામ થાય તે અર્થે શું શું કરવું જોઈએ તે ક્રમસર બતાવે છે –

સાધુનાં દર્શન થાય કે તરત જ શ્રાવક ઊભો થાય છે; કેમ કે જે મહાત્મા સર્વ ઉદ્યમથી સંસારનો ઉચ્છેદ કરી રહ્યા છે અને યોગ્ય જીવોને સંસારના ઉચ્છેદનો ઉપાય બતાવી રહ્યા છે તેવા ગુણવાન ગુરુ પ્રત્યે શ્રાવકને અત્યંત ભક્તિ હોય છે તેથી તેમનાં દર્શન થતાની સાથે તેમના પ્રત્યેના ભક્તિના અતિશયથી સ્વયં શ્રાવક ઊભો થાય છે. વળી, ગુરુને પોતે જ્યાં રહેલો હોય ત્યાં આવતા જુએ તો તેઓને જોઈને તેમના પ્રત્યેની ભક્તિના કારણે તેમની સન્મુખ જાય છે. વળી, ગુરુ પોતાને ત્યાં પધાર્યા હોય તો ક્ષમાશ્રમણ એવા સાધુને હું નમસ્કાર કરું છું=ક્ષમા છે પ્રધાન જેમનામાં તેવા દશ પ્રકારના યતિધર્મને પાળનારા સુસાધુને હું નમસ્કાર કરું છું એ પ્રકારે અંતરંગ પરિણામપૂર્વક વચનનું ઉચ્ચારણ કરે છે અને તે વચનના ઉચ્ચારણપૂર્વક મસ્તકે હાથ રાખીને ગુરુને નમસ્કાર કરે છે. વળી, ગુરુ પોતાને ઘરે આવ્યા હોય તો સ્વયં જ આસન ગ્રહણ કરીને તેમને બેસવા માટે આપે છે અને ગુરુ આસન ઉપર બિરાજમાન થાય ત્યારપછી પોતે ગુરુનો અવિનય ન થાય તે રીતે ઉચિત આસન ઉપર બેસે છે અને ભક્તિના અતિશયથી તેમને વંદન કરે છે. વળી, ગુરુ પોતાને સ્થાને રહેલા હોય તો શ્રાવક ત્યાં જઈને તેમની સેવા કરે છે અને તેમની પાસેથી તત્ત્વ જાણવા યત્ન કરે છે. વળી, ગુરુ કોઈક સ્થાને જતા હોય તો ભક્તિના અતિશયથી કેટલાંક પગલાં તેમની પાછળ જાય છે.

આ-પ્રકારનો વિનય કરવાથી ગુરુમાં વર્તતા ક્ષમાપ્રધાન દશવિધ યતિધર્મ પ્રત્યે બહુમાન પ્રગટ થાય છે અને તેમના પ્રત્યે વધતું જતું બહુમાન તે દશ પ્રકારના યતિધર્મનાં પ્રતિબંધક કર્મોનો નાશ કરીને તેમના જેવા મહાસત્ત્વશાળી થવાને અનુકૂળ બળ આધાન કરે છે. માટે શ્રાવકે સાધુના દશ પ્રકારના યતિધર્મનું સ્મરણ કરીને એવા ગુણોથી યુક્ત જે સુસાધુ હોય તેમનો સદા ઉચિત વિનય કરવો જોઈએ. કાળદોષના કારણે જે સાધુમાં જેટલા ગુણો જિનવચનાનુસાર હોય તે ગુણોને બાહ્યલિંગ દ્વારા જાણીને તેટલા બહુમાનથી તેમની ભક્તિ કરવી જોઈએ; જેથી ગુણસંપન્ન જીવોમાં વર્તતા ગુણો પ્રત્યેના રાગથી પોતાનામાં પણ તેવા ગુણો પ્રગટે. **॥૧૨૫-૧૨૬॥**

**અવતરણિકા :-**

**ત્યારપછી ગુરુ પાસે ધર્મદેશના સાંભળીને શ્રાવક શું કરે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**ततः प्रतिनिवृत्तः सन् स्थानं गत्वा यथोचितम् ।**
**सुधीर्धर्माऽविरोधेन विदधीतार्थचिन्तनम् ।।१२७।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી પ્રતિનિવૃત્ત છતો=સાધુને વંદન કરીને ધર્મદેશનાદિ સાંભળીને પોતાના સ્થાને જવા માટે પ્રયત્નવાળો છતો, સ્થાનમાં જઈને યથાઉચિત=પોતાની ભૂમિકા અનુસાર, સુંદર બુદ્ધિવાળો ધર્મના અવિરુદ્ધથી=સ્વીકારાયેલા શ્રાવકધર્મના અવિરુદ્ધથી, અર્થનું ચિંતવન કરે=ધનઉપાર્જન માટે ઉચિત યત્ન કરે. ।।૧૨૭।।**

**ભાવાર્થ :-**

શ્રાવક સંઘના ચૈત્યનાં દર્શન-વંદન-પૂજા કરીને ગુરુ પાસે જાય. ત્યાં વિધિપૂર્વક વંદન કરીને પચ્ચક્ખાણ ગ્રહણ કરે તેમ કહ્યું. ત્યાં અર્થથી ધર્મદેશના સાંભળે એ પ્રકારનું કથન અધ્યાહાર છે અને તે ધર્મદેશના સાંભળીને પોતાના સ્થાને આવેલો શ્રાવક પોતાની ભૂમિકા અનુસાર પોતાના વડે સ્વીકારાયેલા દેશવિરતિધર્મને બાધ ન થાય તે રીતે અર્થઉપાર્જન કરે. આ કથનમાં પોતાની ભૂમિકા અનુસાર ધર્મને બાધ ન થાય તેમ કહેવાથી કર્માદાનનો અવશ્ય પરિહાર કરે, ખોટા તોલમાપનો અવશ્ય પરિહાર કરે તેમ પ્રાપ્ત થાય છે અને ધનઉપાર્જન માટે ઉચિત યત્ન કરે. **।।૧૨૭।।**

**શ્લોક :-**

**ततो माध्याह्निकीं पूजां कुर्यात् कृत्वा च भोजनम् ।**
**तद्विद्भिः सह शास्त्रार्थरहस्यानि विचारयेत् ।।१२८।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=ધનઉપાર્જનની વિચારણા કર્યા પછી, મધ્યાહ્ન કાળે ભગવાનની પૂજા કરે અને પૂજા કરીને ભોજન કરે. ભોજન કર્યા પછી શાસ્ત્રના જાણનારાઓ સાથે શાસ્ત્રના રહસ્યની વિચારણા કરે. ।।૧૨૮।।**

**ભાવાર્થ :-**

શ્રાવક અર્થઉપાર્જન માટે ઉચિત પ્રયત્ન કર્યા પછી મધ્યાહ્ન કાળે ભગવાનની પૂજા કરે અને પૂજા કર્યા પછી ભોજન કરે. આ પ્રકારનું કથન જે શ્રાવક એકાસણું કરીને દેહના નિર્વાહની સાથે અન્ય ઉચિત કૃત્યો કરી શકે છે તેને આશ્રયીને છે અને જે શ્રાવક તે પ્રકારે એક સમયનું ભોજન કરીને સર્વઉચિત કૃત્યો કરવા સમર્થ નથી તે સવારના પણ ભોજન કરે તે પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે. વળી, ભોજન કર્યા પછી પોતાની શક્તિ અનુસાર પચ્ચક્ખાણ ગ્રહણ કરે; કેમ કે શ્રાવકને પચ્ચક્ખાણ વગર ક્ષણભર પણ રહેવું ઉચિત નથી તેથી ટીકાકારશ્રી તેની સ્પષ્ટતા કરે છે. શ્રાવક પ્રમાદનો પરિહાર કરીને સર્વવિરતિની શક્તિના સંચયનો અર્થી હોય છે. તેથી સર્વવિરતિના બળસંચય અર્થે પોતાની ભૂમિકા અનુસાર સંજ્ઞાનો ઉચ્છેદ થાય તથા વિરતિ પ્રત્યે પક્ષપાત વધે તે પ્રકારે ઉચિત ભાવો કરીને ભૂમિકા અનુસાર પચ્ચક્ખાણ કરે. વળી, ભોજન કર્યા પછી પ્રભુ આજ્ઞાના વચન સ્વરૂપ સત્ શાસ્ત્રોના પરમાર્થનો બોધ થાય તે રીતે શાસ્ત્રના જાણનારા

પુરુષોની સાથે તે પદાર્થની વિચારણા કરે. તેથી એ પ્રાપ્ત થાય કે સવારના ગુરુ પાસેથી શાસ્ત્રોના જે અર્થો સાંભળેલા તે શાસ્ત્રના અર્થો કયા પરમાર્થને સ્પર્શનારા છે તેવો નિર્ણય કરવા અર્થે શાસ્ત્રને જાણનાર શ્રાવકો સાથે તેની વિચારણા કરે; કેમ કે શાસ્ત્રનાં રહસ્યોના પરિશીલન વગર તે પદાર્થો ચિત્તમાં સ્થિર ભાવને પામતા નથી. તેથી ભગવાનના વચનને ચિત્તમાં સ્થિર કરવાના અર્થી શ્રાવકે સ્વભૂમિકા અનુસાર ભગવાનના વચનના રહસ્યને જાણનારા શ્રાવકો સાથે તેના સૂક્ષ્મ અર્થોની વિચારણા અવશ્ય કરવી જોઈએ. **॥૧૨૮॥**

**શ્લોક :-**

**ततश्च सन्ध्यासमये कृत्वा देवार्चनं पुनः ।**
**कृतावश्यककर्मा च कुर्यात् स्वाध्यायमुत्तमम् ।।१२९।।**

**શ્લોકાર્થ :-**

**અને ત્યારપછી સંધ્યા સમયમાં ફરી ભગવાનની પૂજા કરીને કૃત આવશ્યક કર્મોવાળો શ્રાવક ઉત્તમ એવા સ્વાધ્યાયને કરે. ।।૧૨૯।।**

**ભાવાર્થ :-**

મધ્યાહ્નનું ભોજન કર્યા પછી શ્રાવક શાસ્ત્રના જાણનારાઓ સાથે શાસ્ત્રના સૂક્ષ્મ પદાર્થની વિચારણા કરે. તે કર્યા પછી તે શ્રાવકને ફરી સાંજના ભોજન કરવું આવશ્યક જણાય તો તે શ્રાવક સાંજના સૂર્યાસ્તથી અંતર્મુહૂર્ત પૂર્વે ભોજન કરે. ત્યારપછી ત્રીજી વાર દેવનું અર્ચન કરે અર્થાત્ ચૈત્યાલયમાં જઈને ધૂપાદિ ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની પૂજા કરે. ત્યારપછી સાધુ સમીપે જઈને શ્રાવક પોતાની ભૂમિકા અનુસાર છ આવશ્યકો કરે. તે છ આવશ્યકનું કંઈક સ્વરૂપ ટીકામાં ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે. ત્યાં પ્રથમ સામાયિક નામનું આવશ્યક છે. તે સામાયિક આવશ્યકમાં સંસારની સર્વ વિચારણામાંથી ઉત્પન્ન થયેલ આર્તધ્યાન-રૌદ્રધ્યાનનો પરિહાર કરે. વળી, શાસ્ત્રવચનથી ભાવિત મતિરૂપ ધર્મધ્યાનમાં યત્ન કરે જેથી શત્રુ-મિત્ર, તૃણ-કંચન આદિમાં સમાનતાવાળો સમતાનો પરિણામ સામાયિક દરમિયાન ચિત્તમાં વર્તે અર્થાત્ આવા ઉત્તમ સમભાવ પ્રત્યે દૃઢ રાગ વર્તે તે પ્રકારે શ્રાવક ઉચિત યત્ન કરે. ત્યારપછી ચોવીસ તીર્થંકરોનાં નામોનું ઉત્કીર્તન કરે.

કઈ રીતે ચોવીસ તીર્થંકરોનાં નામોનું ઉત્કીર્તન કરે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

કાયોત્સર્ગમાં મનથી લોગસ્સસૂત્ર દ્વારા તેમનું નામ સ્મરણ કરે અને શેષકાળમાં વ્યક્ત સૂત્રપાઠ દ્વારા તેમના નામનું સ્મરણ કરે જેથી વીતરાગના નામના કીર્તનથી અને તેમના ગુણોના સ્મરણથી પોતાનો આત્મા અત્યંત ભાવિત થાય. આ રીતે ચતુર્વિંશતિ સ્વરૂપ બીજું આવશ્યક કર્યા પછી શ્રાવક વંદનને યોગ્ય એવા ધર્માચાર્યને વિધિપૂર્વક વંદન કરે જેનાથી ભાવસાધુના ગુણો પ્રત્યેનો બહુમાન ભાવ અતિશયિત થવાથી સામાયિક આવશ્યકની અત્યંત વિશુદ્ધિ થાય છે. આ રીતે વંદન નામનું ત્રીજું આવશ્યક કર્યા પછી પ્રતિક્રમણ નામના આવશ્યકનો પ્રારંભ કરવા અર્થે શ્રાવક પ્રથમ આલોચના કરે છે. તે આલોચના દ્વારા દિવસ સંબંધી અતિચારોનું આલોચન કરે છે. તે આલોચન કર્યા પછી પ્રવર્ધમાન સંવેગના પરિણામવાળો અને જ્ઞાનાદિ

પાંચ આચારોના વિષયમાં દિવસ દરમિયાન થયેલા સર્વ અતિચારોની વિશુદ્ધિ માટે 'इच्छामि ठामि' સૂત્ર બોલીને સંક્ષેપથી તેની શુદ્ધિ કરે છે. ત્યારપછી ગુરુ તેને પ્રાયશ્ચિત્ત રૂપે પ્રતિક્રમણ કરવાનું કહે છે. તેની શુદ્ધિ અર્થે "વંદિતુ સૂત્ર" આદિ બોલીને પ્રતિક્રમણ આવશ્યક કરે છે. ત્યારપછી વિનયપૂર્વક ગુરુને વંદન કરીને કાયોત્સર્ગ નામનું પાંચમું આવશ્યક કરે છે જેનાથી જ્ઞાનાચારાદિ પાંચ આચારોની વિશેષ શુદ્ધિ કરે છે. ત્યારપછી શ્રાવક શક્તિ અનુસાર રાત્રિ માટે ચૌવિહાર આદિનું પચ્ચક્ખાણ કરે છે; જેના દ્વારા સંજ્ઞાઓનો ઉચ્છેદ કરવાને અનુકૂળ ઉત્તમ ભાવો કરીને વિરતિના પરિણામને દૃઢ કરે છે. આ રીતે છ આવશ્યક કર્યા પછી શક્તિ અનુસાર શ્રાવક આત્માને ભગવાનના વચનથી ભાવિત કરવા અર્થે ઉત્તમ સ્વાધ્યાય આદિ કરે છે અર્થાત્ તે પ્રકારનો સ્વાધ્યાય કરે છે જેનાથી સંવેગના પરિણામનો પ્રકર્ષ થાય અને સર્વવિરતિને અનુકૂળ બળનો સંચય થાય. **॥૧૨૯॥**

**શ્લોક :-**

**न्याय्ये काले ततो देवगुरुस्मृतिपवित्रितः ।**
**निद्रामल्पामुपासीत प्रायेणाब्रह्मवर्जकः ।।१३०।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=સંધ્યા સમયમાં ઉત્તમ સ્વાધ્યાય કર્યા પછી, ન્યાય કાળમાં=સૂવાના ઉચિત કાળમાં=રાત્રિના પ્રથમ પહોરમાં અથવા અર્ધીરાત્રે દેવગુરુની સ્મૃતિથી પવિત્ર થયેલો, પ્રાયઃ કરીને અબ્રહ્મનું વર્જન કરનાર એવો શ્રાવક અલ્પ નિદ્રાને કરે. ॥૧૩૦॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સંધ્યા સમયે એવા પ્રકારનો ઉત્તમ સ્વાધ્યાય કરે કે જેનાથી ચિત્ત વૈરાગ્ય ભાવનાથી ભાવિત થાય અને જો શરીરની સ્વસ્થતા હોય તો અર્ધરાત્રિ સુધી પણ સ્વાધ્યાયાદિ કરીને આત્માને તત્ત્વથી ભાવિત કરે પરંતુ જો શરીર શ્રાંત થયેલું હોય તો રાત્રિના પ્રથમ પહોર સુધી સ્વાધ્યાય કરીને ત્યારપછી નિદ્રા કરે. નિદ્રા કરતાં પૂર્વે અરિહંતની કર્મકાય અવસ્થા અને તત્ત્વકાય અવસ્થાનું સ્મરણ કરે જેથી સિદ્ધઅવસ્થા પ્રત્યેનો રાગ અત્યંત ઉલ્લસિત થાય. વળી, મોહની સામે સુભટની જેમ યુદ્ધ કરતાં ગુરુનું સ્મરણ કરે જેથી મોહનાશને અનુકૂળ અંતરંગ વીર્ય ઉલ્લસિત થાય. આ રીતે ચિત્ત નિર્મળ કર્યા પછી પ્રાયઃ કામની વૃત્તિ ઉત્થિત ન થાય તે રીતે ચિત્તને ભાવિત કરીને અલ્પ નિદ્રા કરે જેથી શરીરનો શ્રમ દૂર થાય અને ગાઢ નિદ્રા ન આવે જેથી દર્શનાવરણીય કર્મના ઉદયથી ચેતના નષ્ટપ્રાયઃ ન થાય અને જો ગાઢ નિદ્રા કરે તો ગાઢ ઊંઘમાં ધર્મને અનુકૂળ ઉત્તમ ચિત્ત પણ નષ્ટપ્રાયઃ થાય. વળી, અલ્પ નિદ્રાકાળમાં ચિત્ત જિનવચનથી ભાવિત હોવાને કારણે કંઈક ધર્મને અનુકૂળ સુંદર પરિણામ વર્તે છે. આથી સહસા જાગૃત થાય તોપણ શ્રાવક આત્માને તત્ત્વથી ભાવિત કરવા યત્ન કરે, ધર્મ જાગરિકા કરે પરંતુ મનુષ્યજન્મને નિષ્ફળ ન કરે. વળી, પ્રાયઃ અબ્રહ્મનું વર્જન કરે તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે કર્મના ઉદયથી ક્યારેક અતિ વિકાર થાય તો યતનાપૂર્વક ભોગાદિ પણ કરે તોપણ વિકાર ન થાય તે રીતે ચિત્તને સદા ભાવિત રાખવા યત્ન કરે જેથી

મોહના સંસ્કારો અતિ પ્રબળ બને નહીં અને સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય. તદ્ અર્થે સદા ઉચિત ભાવનાઓથી આત્માને ભાવિત રાખે. **II૧૩૦II**

**શ્લોક :-**

**निद्राच्छेदे योषिदङ्गसतत्त्वं परिचिन्तयेत् ।**
**स्थूलभद्रादिसाधूनां तन्निवृत्तिं परामृशन् ।।१३१।।**

**શ્લોકાર્થ :-**

**સ્થૂલભદ્રાદિ સાધુની તેની નિવૃત્તિનું=કામની નિવૃત્તિનું, પરામર્શ કરતો શ્રાવક નિદ્રાનો છેદ થયે છતે સ્ત્રીના શરીરનું સતત્ત્વ=સ્વરૂપ, વિચાર કરે. ||૧૩૧||**

**ભાવાર્થ :-**

શ્રાવક રાત્રિને વિષે નિદ્રામાં હોય અને કોઈક રીતે જાગૃત થાય તો કામવિકાર થવાની સંભાવના રહે છે અને કામવિકાર થાય તો અબ્રહ્મમાં પ્રવૃત્તિ કરવાનો પરિણામ ઉત્થિત થાય. જોકે શ્રાવકને સર્વવિરતિનો અત્યંત પક્ષપાત છે તોપણ અનાદિ સંસ્કારને કારણે રાત્રિમાં તેવા સમયમાં કામની સ્મૃતિ થવાની સંભાવના રહે છે અને તેવી વૃત્તિ ચિત્તમાં ઉત્પન્ન ન થાય તે અર્થે શ્રાવક સ્થૂલભદ્રાદિ સાધુઓએ કઈ રીતે કામને જીતેલો અને તેઓ કેવા મહાસત્ત્વશાળી હતા ઇત્યાદિ સ્વરૂપથી આત્માને ભાવિત કરે જેથી વિશુદ્ધ બ્રહ્મચારી એવા સ્થૂલભદ્રાદિના દૃષ્ટાંતના બળથી વિકારો ઉલ્લસિત ન થાય. વળી, ઉત્તમપુરુષોના ચરિત્રનું વર્ણન કર્યા પછી સ્ત્રીનું શરીર લોહી, માંસ, અસ્થિ, મજ્જાથી યુક્ત છે, બહારથી સુંદર દેખાય છે પરંતુ અંતરંગ રીતે તો જુગુપ્સનીય ભાવથી યુક્ત છે તેમ વિચારે જેથી રાગ થાય નહીં. વળી, વિચારે કે બહારથી સુંદર દેખાય છે તોપણ આ દેહ ગમે ત્યારે વૃદ્ધાવસ્થા દ્વારા કે રોગ દ્વારા વિકૃતિને પામે છે ત્યારે આપાતથી પણ અરમ્ય લાગે છે. માટે તેવા અસાર પદાર્થ સાથે રાગ કરવાથી શું ? વળી, વિચારે કે વર્તમાનમાં વૃદ્ધાવસ્થા નથી તેથી આ દેહ સુંદર દેખાય છે તોપણ તેના પ્રત્યે રાગ થવાથી જે કર્મબંધ થશે તેનાથી મારા આત્માનું અહિત થશે અને ગાઢ રાગ થશે તો નરકાદિની પ્રાપ્તિ પણ થશે તેમ વિચારીને ચિત્તમાં વિકાર ઉત્પન્ન ન થાય તે રીતે આત્માને ભાવિત કરીને ઉત્તમ તત્ત્વોથી આત્માને વાસિત કરવા શ્રાવક યત્ન કરે. **II૧૩૧II**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં કહ્યું કે શ્રાવક રાત્રે જાગૃત થાય તો કામનો વિકાર ન થાય તદ્અર્થે કામવિકારને દૂર કરવા અર્થે કઈ રીતે સ્ત્રીના સ્વરૂપનું ચિંતવન કરે તે બતાવે છે –**

**શ્લોક :-**

**यकृच्छकृन्मलश्लेष्ममज्जास्थिपरिपूरिताः ।**
**स्नायुस्यूता बही रम्याः स्त्रियश्चर्म्मप्रसेविकाः ।।१३२।।**

**શ્લોકાર્થ :-**

**યકૃત=કાળજું, શકૃદ્=વિષ્ટા, મળ, શ્લેષ્મ, મજ્જા, અસ્થિ=હાડકાંથી પરિપૂરિત, સ્નાયુઓથી સિવાયેલી, બહારથી રમ્ય સ્ત્રીનાં શરીરો ચામડાની પ્રસેવિકા છે=ચામડાથી વીંટળાયેલાં છે આથી બહારથી રમ્ય દેખાય છે. ।।૧૩૨।।**

**ભાવાર્થ :-**

મનુષ્યનું શરીર બહારની ત્વચાથી સુંદર હોય છે પરંતુ અંદરનાં સર્વ દ્રવ્યો અત્યંત જુગુપ્સનીય છે જેને જોવા માત્રથી પણ જુગુપ્સા થાય છે. આમ છતાં અનાદિના વેદના ઉદયને કારણે પુરુષને સ્ત્રી પ્રત્યે રાગ થાય છે અને સ્ત્રીને પુરુષ પ્રત્યે રાગ થાય છે. તે રાગના શમન અર્થે વિવેકસંપન્ન શ્રાવક બુદ્ધિથી સ્પષ્ટ દેખાતું હોવા છતાં મોહના ઉદયના નિમિત્તને પામીને સ્ત્રીના દેહ પ્રત્યે રાગ ન થાય તદ્અર્થે સ્ત્રીના શરીરના અંદરના ભાગો કેવા અસાર છે તેનું તે રીતે ચિંતવન કરે જેથી દેહના જુગુપ્સનીય ભાવો જોઈને પણ અને તેનું સ્મરણ કરીને પણ અસાર એવા દેહ પ્રત્યે કામવિકાર ઉત્પન્ન ન થાય. આ રીતે ભાવન કરીને આત્માને વિકારથી રક્ષિત કરી શકે તો સુખપૂર્વક શ્રાવકધર્મજાગરિકા કરી શકે. તેથી જ્યાં સુધી ચિત્ત કામના વિકારથી વિમુખ ન થાય ત્યાં સુધી અનેક રીતે સ્ત્રીનું કુત્સિત સ્વરૂપ ચિંતવન કરવું જોઈએ. **।।૧૩૨।।**

**શ્લોક :-**

**बहिरन्तर्विपर्यासः स्त्रीशरीरस्य चेद् भवेत् ।**
**तस्यैव कामुकः कुर्याद् गृध्रगोमायुगोपनम् ।।१३३।।**

**શ્લોકાર્થ :-**

**અને સ્ત્રી શરીરનો બહિર્-અંતર્વિપર્યાસ જો થાય, તો કામુકને=સ્ત્રી પ્રત્યેના રાગી પુરુષને, તેનું જ=સ્ત્રીશરીરનું જ, ગીધડા અને શિયાળથી રક્ષણ જ કરવું પડે. ।।૧૩૩।।**

**ભાવાર્થ :-**

શ્રાવક સ્ત્રી પ્રત્યેના વિકારના શમન અર્થે વિચારે છે કે જો ખરેખર સ્ત્રીનું શરીર જે બહાર દેખાય છે તે અંદરમાં જાય અને જે અંદર દેખાય છે તે બહાર આવે તો સાક્ષાત્ માંસના પિંડ જેવું તેના શરીરનું સ્વરૂપ દેખાય અને જે પુરુષને તેવી સ્ત્રી પ્રત્યે રાગ છે તેણે સતત માંસના લોચા જેવા સ્ત્રીના શરીરને દિવસના ગીધડાઓથી રક્ષણ કરવા માટે પ્રયત્ન કરવો પડે અને રાત્રે શિયાળોથી રક્ષણ કરવા માટે પ્રયત્ન કરવો પડે; કેમ કે માંસમાં લોલુપ એવા ગીધડાઓ તેને ખાવા માટે દિવસે વારંવાર આવે અને રાત્રે આજુબાજુ ફરતા શિયાળો પણ તેના માંસને ખાવા માટે આવે. તેથી આવા અસાર દેહ પ્રત્યે મૂઢ જીવો જ રાગ કરે. આ પ્રકારે સ્ત્રીના દેહનો વિપર્યાસ કેવો કુત્સિત સ્વરૂપવાળો છે તેની સ્પષ્ટ ઉપસ્થિતિ થાય તે પ્રકારે ચિંતવન કરવાથી કામવિકાર શાંત થાય છે; જેથી શ્રાવક સુખપૂર્વક ધર્મધ્યાનમાં યત્ન કરી શકે છે. **।।૧૩૩।।**

**અવતરણિકા :-**

**આ રીતે ચિંતવન કરવા છતાં પણ જેનો વેદનો ઉદય પ્રબળ હોય તેવા શ્રાવકને સ્ત્રીના અંદરના કુત્સિત સ્વરૂપનો વિચાર કરવા છતાં બહારની રમ્યતાની સ્મૃતિ થાય છે અને કામની વૃત્તિ શાંત થતી નથી. તો તેને શાંત કરવા માટે ફરી તેણે શું વિચારવું જોઈએ તે બતાવે છે –**

**શ્લોક :-**

**स्त्रीशस्त्रेणापि चेत् कामो जगदेतज्जिगीषति ।**
**तुच्छपिच्छमयं शस्त्रं किं नादत्ते स मूढधीः? ।।१३४।।**

**શ્લોકાર્થ :-**

**જો કામ સ્ત્રીરૂપી શસ્ત્રથી પણ આ જગતને જીતવા ઈચ્છે છે તો તુચ્છ એવા પીંછામય શસ્ત્રને મૂઢબુદ્ધિવાળો એવો તે=કામ, કેમ ગ્રહણ કરતો નથી ? ।।૧૩૪।।**

**ભાવાર્થ :-**

વળી, શ્રાવક પદાર્થના વાસ્તવિક સ્વરૂપને વિચારવા અર્થે વિચારે છે કે જેમ સ્ત્રીનું શરીર સ્પર્શથી મૃદુ લાગે છે તેમ તેનાથી પણ મૃદુતર એવાં પીંછાં હોય છે જેને સ્પર્શ કરવાથી મૃદુતાની પ્રતીતિ થાય છે. તેથી આત્મામાં ઉત્પન્ન થયેલો કામવિકાર જો અશુચિમય એવા સ્ત્રીના મૃદુશરીરનાં સ્પર્શથી જીવને કામને વશ કરવા તત્પર થતો હોય તો તેણે પક્ષીઓનાં મૃદુતર પીંછાંને જ સ્પર્શ કરવા યત્ન કરવો જોઈએ પરંતુ કામમાં મૂઢ થયેલા જીવને તે પીંછાના સ્પર્શથી સંતોષ થતો નથી પરંતુ અશુચિમય એવા સ્ત્રીના દેહના સ્પર્શથી જ સંતોષ થાય છે તે તેની મૂઢબુદ્ધિ છે. આ પ્રકારે મૂઢબુદ્ધિમાંથી ઉત્પન્ન થયેલો કામવિકાર છે એ પ્રકારે ભાવન કરીને શ્રાવક વિકારને શાંત કરવા યત્ન કરે છે. **।।૧૩૪।।**

**અવતરણિકા :-**

**વળી, કામના શમન અર્થે શ્રાવક અન્ય શું ચિંતવન કરે તે બતાવે છે –**

**શ્લોક :-**

**सङ्कल्पयोनिनानेन हहा! विश्वं विडम्बितम् ।**
**तदुत्खनामि सङ्कल्पं मूलमस्येति चिन्तयेत् ।।१३५।।**

**શ્લોકાર્થ :-**

**હહા=ખેદની વાત છે. સંકલ્પયોનિવાળા એવા આનાથી=સંકલ્પને કારણે જન્મ થયો છે કામનો વિકાર એવા કામના પરિણામથી, વિશ્વ વિડંબિત થયું છે. તે કારણથી આના મૂળ એવા સંકલ્પનું=કામના મૂળ એવા સંકલ્પનું, હું ઉત્ખનન કરું એ પ્રમાણે ચિંતવન કરે. ।।૧૩૫।।**

**ભાવાર્થ :-**

વળી, શ્રાવક અનુભવ અનુસાર પદાર્થનું સૂક્ષ્મ અવલોકન કરવા અર્થે વિચારે છે કે સંકલ્પયોનિવાળો 'કામ' છે અર્થાત્ કલ્પના માત્રને કારણે કામનો વિકાર છે. વાસ્તવમાં તે વિકારોનું કોઈ કારણ નથી અર્થાત્ તે પ્રકારની કલ્પના થવાથી તે તે પ્રકારની ભોગની લાલસા ઊઠે છે અન્યથા જેવું પોતાનું શરીર છે તેવું જ અન્યનું શરીર છે. વળી, કોમળ સ્પર્શની દૃષ્ટિથી વિચારાય તો પીંછાંદિ પણ કોમળ છે છતાં તેનો સ્પર્શ કરવાથી સંતોષ થતો નથી પરંતુ જ્યાં જે પ્રકારની કલ્પના ઉત્પન્ન થાય તે પ્રમાણે તે વિકાર થાય છે. માટે કલ્પનાઓને પરવશ થઈને કામની વૃત્તિથી આખું જગત વિડંબના પામી રહ્યું છે તેથી કામને વશ થઈને જીવો જગતમાં અનેક પાપો કરે છે. આ પ્રમાણે વિચારીને શ્રાવક વિચારે છે કે સ્વકલ્પનારૂપ સંકલ્પ જ આ કામનું મૂળ છે. માટે તે પ્રકારની અર્થ વગરની કલ્પનાઓ કરવાનો ત્યાગ કરીને આ કામના વિકારને નાશ કરું; જેથી આત્માના એકાંત હિતકારી એવા શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવામાં કારણીભૂત એવી ધર્મજાગરિકા કરીને હું આત્મહિત સાધી શકું. **॥૧૩૫॥**

**અવતરણિકા :-**

**અને શ્રાવક જાગૃત થાય તો આ પણ વિચાર કરે અર્થાત્ શ્લોકમાં બતાવે છે તેનો પણ વિચાર કરે –**

**શ્લોક :-**

**यो यः स्याद् बाधको दोषस्तस्य तस्य प्रतिक्रियाम् ।**
**चिन्तयेद् दोषमुक्तेषु प्रमोदं यतिषु व्रजन् ।।१३६।।**

**શ્લોકાર્થ :-**

**દોષમુક્ત એવા સાધુઓમાં પ્રમોદને ધારણ કરતો એવો શ્રાવક જે જે દોષ બાધક થાય=પોતાને યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્ન કરનાર થાય, તેની તેની પ્રતિક્રિયાનું ચિંતવન કરે. ॥૧૩૬॥**

**ભાવાર્થ :-**

શ્રાવક મોક્ષનો અર્થી છે જ્યારે સુસાધુઓ મોક્ષમાર્ગમાં પ્રસ્થિત છે. તેઓ સતત જિનવચનરૂપી કવચ પહેરીને મોહની સામે સુભટની જેમ યુદ્ધ કરી રહ્યા છે. આથી જિનવચનરૂપી કવચ ધારણ કરેલું હોવાથી તેઓને કોઈ દોષ સ્પર્શી શકતો નથી. આવા સુસાધુને સ્મૃતિમાં લાવીને તેઓ પ્રત્યે બહુમાનનો ભાવ થાય તે પ્રકારે શ્રાવક પ્રમોદભાવને ધારણ કરે છે અને વિચારે છે કે મારે પણ આ મહાત્માની જેમ દોષોથી મુક્ત થવું છે જેથી સુખપૂર્વક મોહનું ઉન્મૂલન કરીને હું મારા આત્માનું હિત સાધી શકું. વળી, પોતાનામાં વર્તતા દોષોના ઉન્મૂલન અર્થે શ્રાવક પોતાના ચિત્તના પ્રવાહનું સૂક્ષ્મપ્રજ્ઞાપૂર્વક અવલોકન કરે છે અને વિચારે છે કે ક્રોધ, માન, માયા, લોભ, કામ, મોહ વગેરે દોષોમાંથી કયા દોષો તે તે નિમિત્તે મારા ચિત્તમાં ઉલ્લસિત થાય છે અને તેનું સમ્યગ્ સમાલોચન કરીને તેનાથી

વિરુદ્ધ ભાવોનું સ્મરણ કરીને તેનાથી હું આત્માને ભાવિત કરું. જેમ કે પોતાને રાગ અતિ પીડા કરતો હોય તો વૈરાગ્યને સ્થિર કરવા પ્રયત્ન કરે, દ્વેષ અતિ પીડા કરતો હોય તો મૈત્રીભાવના કરે, ક્રોધ અતિ પીડા કરતો હોય તો ક્ષમાભાવના કરે, માન અતિ પીડા કરતો હોય તો ગુણસંપન્ન પુરુષો પ્રત્યે નમ્રભાવ ધારણ કરીને માર્દવભાવથી આત્માને ભાવિત કરે. આ રીતે સર્વ દોષોનું સમ્યગ્ સમાલોચન કરીને તે દોષોથી પ્રતિપક્ષ એવા ગુણોનું વારંવાર ભાવન કરવામાં આવે તો આત્મામાં સ્થિર થયેલા તે દોષો પણ અવશ્ય શિથિલ થાય છે અને વારંવાર સુસાધુઓના સાત્ત્વિક જીવનનું સ્મરણ કરવામાં આવે તો તેમના તુલ્ય થવાને અનુકૂળ અંતરંગ બળનું આધાન થાય છે. માટે રાત્રિમાં જાગૃત થાય ત્યારે શાંત વાતાવરણમાં શ્રાવકે આ પ્રકારે પદાર્થોનું ભાવન કરવું જોઈએ. **॥૧૩૬॥**

**શ્લોક :-**

**दुःस्थां भवस्थितिं स्थेम्ना सर्वजीवेषु चिन्तयन् ।**
**निसर्गसुखसर्गं तेष्वपवर्गं विमार्गयेत् ।।१३७।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ જીવોમાં સ્થિરપણાથી દુઃસ્થ ભવસ્થિતિને ચિંતવન કરતો શ્રાવક તેઓમાં=સર્વ જીવોમાં, નિસર્ગસુખના સ્વભાવવાળા અપવર્ગની=મોક્ષસુખની આશંસા કરે. ॥૧૩૭॥**

**ભાવાર્થ :-**

વળી, શ્રાવક મોક્ષ પ્રત્યેના પક્ષપાતને અતિ ઉલ્લસિત કરવા અર્થે અને સર્વ જીવો પ્રત્યે કરુણાભાવ સ્થિર કરવા અર્થે રાત્રે જાગ્યા પછી શું ભાવન કરે તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે. સંસારના ચાર ગતિના પરિભ્રમણરૂપ ભવની સ્થિતિ સર્વ જીવોમાં અત્યંત દુઃખનો હેતુ છે; કેમ કે નરકમાં જીવોને અનેક પ્રકારની કારમી યાતનાઓ વર્તે છે, જેનાં દુઃખોનું સ્મરણ માત્ર પણ જીવને વ્યાકુળ કરી દે છે. વળી, મનુષ્યોનું પણ દરિદ્રપણું, વ્યાધિપણું, પરવશપણું, વધબંધાદિરૂપ અનેક પ્રકારનું દુઃખ પ્રત્યક્ષ દેખાય છે. તિર્યંચોને પણ અનેક પ્રકારનાં દુઃખો પ્રત્યક્ષથી દેખાય છે. વળી, પુણ્યના પ્રકર્ષવાળા એવા દેવોને પણ અન્ય દેવોની સંપત્તિનું દર્શન થવાથી, પરસ્પર ઈર્ષ્યા, વિષાદ અર્થાત્ પોતે પૂર્વભવમાં તેવું પુણ્ય ઉપાર્જન કર્યું નથી તેથી અન્ય દેવો જેવી સમૃદ્ધિ પોતાને મળી નથી તેનો વિષાદ, મરણના દુઃખની ચિંતા આદિ અનેક દુઃખો છે. આ રીતે ચારેય ગતિઓની ખરાબ સ્થિતિ હૈયાને સ્પર્શે તે રીતે શ્રાવક ચિંતવન કરે અને વિચારે કે સ્વાભાવિક સુખ મોક્ષ સિવાય અન્યત્ર કયાંય નથી. વળી, તેનું પણ ભાવન કરે કે આ સંસારવર્તી જીવોને કઈ રીતે તત્ત્વની પ્રાપ્તિ થાય; જેથી તેઓ પણ આત્મહિત સાધીને મોક્ષસુખને પામે. આ પ્રકારે વારંવાર ભાવન કરવાથી મોક્ષના અર્થી એવા શ્રાવકનું સદ્વીર્ય સંયમના ઉત્તર ઉત્તરના કંડકોમાં જવા માટે ઉલ્લસિત થાય છે, સંસારની અસારતા ચિત્તમાં સ્થિર થાય છે, મોક્ષ પ્રત્યેનો પક્ષપાત અત્યંત દૃઢ થાય છે અને જગતના જીવ માત્ર પ્રત્યે કરુણાભાવના અને મૈત્રીભાવના સ્થિર થાય છે. **॥૧૩૭॥**

**અવતરણિકા :-**

**નિદ્રાથી જાગૃત થયેલો શ્રાવક પોતાનાં વ્રતોને સ્થિર કરવા માટે શું ચિંતવન કરે તે બતાવે છે –**

**શ્લોક :-**

**संसर्गेऽप्युपसर्गाणां दृढव्रतपरायणाः ।**
**धन्यास्ते कामदेवाद्याः श्लाघ्यास्तीर्थकृतामपि ।।१३८।।**

**શ્લોકાર્થ :-**

**ઉપસર્ગોના સંસર્ગમાં પણ દૃઢવ્રતપરાયણ એવા તે કામદેવ આદિ ધન્ય છે. જેઓ તીર્થંકરોથી પણ પ્રશંસનીય છે. ।।૧૩૮।।**

**ભાવાર્થ :-**

ભગવાનના દૃઢ વ્રતધારી કામદેવ આદિ શ્રાવકોને દેવતાઓએ અનેક પ્રકારના ઉપસર્ગો કર્યા તોપણ સ્વીકારાયેલાં વ્રતોમાં દૃઢ પરિણામવાળા એવા તેઓએ પોતાના પૌષધવ્રતકાળ દરમિયાન ધર્મધ્યાનનો લેશ પણ ત્યાગ કર્યો નહીં પરંતુ અંતરંગ મહાપરાક્રમ ફોરવીને પૌષધકાળ દરમિયાન નિર્લેપ ચિત્તની જ વૃદ્ધિ કરેલ. આથી વીર ભગવાને પણ તેઓની પ્રશંસા કરેલ. માટે તેઓ ધન્ય છે એ પ્રકારે ભાવન કરીને શ્રાવક પણ પોતાના વ્રતોમાં દૃઢ ઉદ્યમ કરે; જેથી સ્વીકારાયેલાં વ્રતો માત્ર આચાર રૂપે ન રહે પરંતુ અંતરંગ પરિણામની વૃદ્ધિ દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારે આત્માને ભાવિત કરે છે. **।।૧૩૮।।**

**અવતરણિકા :-**

**વળી, નિદ્રાનો ઉચ્છેદ થાય ત્યારે શ્રાવક અન્ય શું ચિંતવન કરે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**जिनो देवः कृपा धर्मो गुरवो यत्र साधवः ।**
**श्रावकत्वाय कस्तस्मै न श्लाघेताविमूढधीः ? ।।१३९।।**

**શ્લોકાર્થ :-**

**જે શ્રાવકના ચિત્તમાં જિન દેવ હોય, કૃપારૂપ ધર્મ હોય અને સુસાધુઓ જેમના ગુરુ હોય તે શ્રાવકપણાની અવિમૂઢબુદ્ધિવાળો એવો કોણ=તત્ત્વને જોવામાં નિર્મળ દૃષ્ટિવાળો એવો કોણ, શ્લાઘા ન કરે ? ।।૧૩૯।।**

**ભાવાર્થ :-**

વળી, શ્રાવક વિચારે કે જે શ્રાવકો સંસારના વાસ્તવિક સ્વરૂપને જોઈને, તીર્થંકરના ઉપદેશનું શ્રવણ કરીને ભાવિત મતિવાળા છે તેઓ હંમેશાં તીર્થંકરોની ઉપાસના કરીને સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિના અત્યંત

અર્થી છે. વળી, જગતના જીવો પ્રત્યે દયાળુ સ્વભાવવાળા છે તેથી શક્તિ અનુસાર જગતના જીવો પ્રત્યે દયા ભાવ વર્તે તે પ્રકારના ધર્મનું પાલન કરે છે. વળી, સંપૂર્ણ નિરવદ્ય જીવનારા સુસાધુઓ જેમના ગુરુ છે તેવા ઉત્તમ શ્રાવકોના શ્રાવકપણાની કોણ બુદ્ધિમાન પુરુષ શ્લાઘા ન કરે ? અર્થાત્ જેઓની તત્ત્વને જોવામાં મૂઢબુદ્ધિ છે તેઓ જ આવા શ્રાવકપણાની પ્રશંસા ન કરે. આ પ્રકારનું ભાવન કરીને શ્રાવક પોતાને પ્રશંસનીય એવા ઉત્તમ શ્રાવકપણાના પાલનને અનુકૂળ દૃઢ યત્ન કરવા માટે યત્નશીલ થાય છે જેથી માત્ર બાહ્ય આચારરૂપ શ્રાવકપણું પોતાના જીવનમાં રહે નહીં પરંતુ સદા ગુણવૃદ્ધિનું કારણ બને એવા શ્રાવકપણાનું પાલન કરીને પોતે શીઘ્ર સંસારસાગર તરે. **॥૧૩૯॥**

**અવતરણિકા :-**

**આ રીતે જાગૃત થયા પછી પોતાના શ્રાવકપણાને અત્યંત સ્થિર કરવા અર્થે શ્રાવક શું ભાવન કરે છે તે અત્યાર સુધી બતાવ્યું. હવે, સર્વવિરતિની શક્તિનો સંચય થાય તેને સામે રાખીને શ્રાવક કેવા પ્રકારના મનોરથો કરે છે તે સાત શ્લોકોથી બતાવે છે –**

**શ્લોક :-**

**जिनधर्मविनिर्मुक्तो मा भूवं चक्रवर्त्यपि ।**
**स्यां चेटोऽपि दरिद्रोऽपि जिनधर्माधिवासितः ।।१४०।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાનના ધર્મથી રહિત ચક્વર્તી પણ હું ન થાઉં. દરિદ્ર પણ, દાસ પણ જિનધર્મથી વાસિત હું થાઉં. ।।૧૪૦।।**

**ભાવાર્થ :-**

શ્રાવક ભગવાનના ધર્મ પ્રત્યેના પક્ષપાતને સ્થિર કરવા અર્થે ભાવના કરે છે કે મને કોઈ ભવમાં ચક્વર્તી આદિની સમૃદ્ધિ મળે પણ જો તે ભગવાનના ધર્મ પ્રત્યેના તીવ્ર પક્ષપાત વગરની હોય તો મારા વિનાશનું જ કારણ થશે. માટે તેવી સમૃદ્ધિ મને પ્રાપ્ત ન થાઓ અર્થાત્ ભગવાનના ધર્મથી યુક્ત બાહ્યસમૃદ્ધિ હશે તો ધર્મની વૃદ્ધિનું કારણ બનશે પરંતુ ધર્મની પરિણતિ વગર બાહ્યસમૃદ્ધિ મળશે તો વિનાશનું કારણ થશે. તેથી તેવી વિનાશને કરનારી સમૃદ્ધિ મને પ્રાપ્ત ન થાઓ અને કદાચ દાસપણું કે દરિદ્રપણું પણ ભગવાનના ધર્મથી વાસિત અવસ્થામાં પ્રાપ્ત થશે તો બાહ્યસમૃદ્ધિના અભાવને કારણે પોતે સુખી નહીં હોય તોપણ ઉત્તમધર્મની પ્રાપ્તિના બળથી પોતે સુખી રહેશે. માટે ભગવાનના ધર્મથી વાસિત એવો ભવ જ મને સદા પ્રાપ્ત થાઓ. આ પ્રકારે ભાવના કરીને શ્રાવક ભગવાનના ધર્મ પ્રત્યે દૃઢ પક્ષપાતવાળો થાય છે જેના બળથી વર્તમાનના ભવમાં પણ શક્તિને ગોપવ્યા વગર સ્વશક્તિ અનુસાર અંતરંગ ધર્મ નિષ્પન્ન થાય તેવી સર્વઉચિત ક્રિયા કરવા માટે દૃઢવીર્યને ઉલ્લસિત કરવા યત્ન કરે છે; કેમ કે વિવેકસંપન્ન શ્રાવકને બોધ હોય છે કે ભગવાનનો ધર્મ શક્તિ અનુસાર વીતરાગતાને અનુકૂળ અંતરંગ ઉદ્યમમાં જ વિશ્રાંત થનાર છે, માત્ર

બાહ્ય આચરણામાં નહીં. તેથી તેવા ધર્મ પ્રત્યે અત્યંત પક્ષપાત કરીને પોતાનો અપ્રમાદભાવ પ્રસ્તુત ભાવનાથી શ્રાવક ઉલ્લસિત કરે છે. **॥૧૪૦॥**

**અવતરણિકા :-**

**ભગવાનના ધર્મ પ્રત્યે અત્યંત પક્ષપાતને સ્થિર કર્યા પછી સર્વવિરતિને અનુકૂળ અંતરંગ બળ ઉલ્લસિત કરવા અર્થે શ્રાવક જે મનોરથ કરે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**त्यक्तसङ्गो जीर्णवासा मलक्लिन्नकलेवरः ।**
**भजन् माधुकरीं वृत्तिं मुनिचर्यां कदा श्रये? ।।१४१।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાગ કરાયેલા સંગવાળો, જીર્ણવસ્ત્રવાળો, મલથી ઘેરાયેલા દેહવાળો, માધુકરી વૃત્તિને કરતો= ભમરાની જેમ કોઈને પીડા ન કરે તે પ્રકારે ભિક્ષાને ગ્રહણ કરતો, હું મુનિચર્યાને=વિવિધ યતિ-ધર્મના સેવનરૂપ સાધ્વાચારને, ક્યારે આશ્રય કરીશ ? ॥૧૪૧॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સર્વવિરતિનો અત્યંત અર્થી છે પરંતુ અનાદિકાળના મોહના પ્રબળ સંસ્કારોને કારણે સર્વવિરતિ જ સર્વકલ્યાણનું કારણ છે તેવો સ્પષ્ટબોધ હોવા છતાં અનાદિના ભોગાદિના તેના વિકારો સર્વથા શાંત થતા નથી તેથી જ સર્વવિરતિના ઉપાયભૂત દેશવિરતિનું પાલન કરીને સર્વવિરતિના બળની શક્તિનો સંચય કરે છે. વળી, સર્વવિરતિ પ્રત્યેનો પોતાનો બદ્ધરાગ અત્યંત ઉલ્લસિત થાય તે અર્થે રાત્રે જાગે ત્યારે આત્માને ભાવિત કરવા અર્થે વિચારે છે કે ક્યારે હું સર્વ બાહ્ય સંગોનો ત્યાગ કરીશ જેના કારણે આ બાહ્ય-સંગકૃત મમત્વભાવ મારામાં વર્તે છે તેનો નાશ થાય ! વળી, સંયમમાં ઉપકારક એવાં જીર્ણવસ્ત્રોને ધારણ કરીશ જેથી વસ્ત્ર આદિ પ્રત્યે પણ મમત્વ ન થાય. વળી, આત્માની સાથે અત્યંત એકત્વભાવને પામેલ એવા દેહ પ્રત્યે પણ મમત્વભાવનો ત્યાગ કરવા અર્થે શ્રાવક વિચારે છે કે ક્યારે હું મલથી ઘેરાયેલા શરીરવાળો હોવા છતાં લેશ પણ દેહના મમત્વથી તેને સ્વચ્છ કરવાનું છોડીને સંયમજીવનની વૃદ્ધિમાં યત્ન કરીશ.

કઈ રીતે સંયમજીવનની વૃદ્ધિમાં યત્ન કરીશ ? તેથી વિચારે છે –

દેહના નિર્વાહ અર્થે જેમ ભમરો પુષ્પને કિલામણાં ન થાય તે રીતે આહાર ગ્રહણ કરે છે તેમ હું પણ કોઈ પ્રકારના આરંભસમારંભનું કારણ ન બને તથા કોઈને કિલામણાનું કારણ ન બને તેવી નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરીને સંયમના આધારભૂત એવા દેહનું પાલન કરીશ અને તેવા નિર્દોષ આહારથી દેહનું પાલન કરીને તે દેહથી સાધ્વાચારની સર્વઉચિત ક્રિયાઓ સંયમના કંડકની વૃદ્ધિનું કારણ બને તે રીતે હું ક્યારે સેવીશ ? આ પ્રકારે ચિંતવન કરીને ભાવસાધુનું પારમાર્થિક સ્વરૂપ શ્રાવક બુદ્ધિમાં ઉપસ્થિત કરે છે; જેથી ભાવસાધુ જે સતત સમભાવની વૃદ્ધિને અનુકૂળ સર્વઉચિત ક્રિયા કરનારા છે તેમ તેના તુલ્ય થવાના મનોરથ કરીને શ્રાવક પણ સર્વવિરતિના પરિણામનાં બાધક કર્મોને ક્ષીણ ક્ષીણતર કરે છે. **॥૧૪૧॥**

**અવતરણિકા :-**

**વળી, શ્રાવક સંયમ પ્રત્યેના વિશેષ પક્ષપાત અર્થે શું ભાવન કરે છે તે બતાવે છે —**

**શ્લોક :-**

**त्यजन् दुःशीलसंसर्गं गुरुपादरजः स्पृशन् ।**
**कदाहं योगमभ्यस्यन् प्रभवेयं भवच्छिदे ।।१४२।।**

**શ્લોકાર્થ :-**

**દુઃશીલ એવા સાધુઓના સંસર્ગનો ત્યાગ કરીને, ગુરુપાદના રજને સ્પર્શ કરતો=જિનવચનાનુસાર ચાલનારા એવા ગીતાર્થ ગુરુના અનુશાસનને સ્વીકારતો, યોગનો અભ્યાસ કરતો એવો હું ભવના ઉચ્છેદ માટે ક્યારે સમર્થ થઈશ ? ।।૧૪૨।।**

**ભાવાર્થ :-**

સંયમ ગ્રહણ કર્યા પછી સંયમના કંડકોની વૃદ્ધિ અર્થે સાધુએ પાસત્થા આદિ સાધુઓનો સંસર્ગ ત્યાગ કરવો આવશ્યક છે અને જિનવચનાનુસાર ચાલનારા ગીતાર્થને પરતંત્ર થવું આવશ્યક છે. તેથી શ્રાવક ભાવના કરે છે કે ક્યારે હું સંયમ ગ્રહણ કરીને પાસત્થા આદિ સાધુઓના સંસર્ગનો ત્યાગ કરીને અને સર્વજ્ઞના વચનાનુસાર ચાલનારા ગુરુના સંસર્ગને ધારણ કરતો મોક્ષ સાધક એવા યોગમાં યત્ન કરીશ ? અર્થાત્ સતત આત્માને શ્રુતના ભાવોથી તે રીતે ભાવિત કરીશ કે જેથી આ ભવનો ઉચ્છેદ થાય. આ પ્રકારની ભાવના કરવાથી અપ્રમાદભાવથી સંયમ પાળીને આત્માને તત્ત્વથી વાસિત કરવાનો ઉત્કૃષ્ટ અભિલાષ શ્રાવકના હૈયામાં થાય છે જેનાથી સંયમપ્રાપ્તિનાં પ્રતિબંધક ઘણાં કર્મોનો નાશ થાય છે. **।।૧૪૨।।**

**અવતરણિકા :-**

**વળી, શ્રાવક અન્ય શું ભાવન કરે છે તે બતાવે છે —**

**શ્લોક :-**

**महानिशायां प्रकृते कायोत्सर्गे पुराद् बहिः ।**
**स्तम्भवत् स्कन्धकषणं वृषाः कुर्युः कदा मयि ।।१४३।।**

**શ્લોકાર્થ :-**

**ગાઢ રાત્રિમાં નગરથી બહાર કાયોત્સર્ગનો પ્રારંભ કરાયે છતે થાંભલાની જેમ મારા ઉપર બળદિયા સ્કંધનું કર્ષણ ક્યારે કરશે ? અર્થાત્ તેઓ સ્કંધનું કર્ષણ કરે ત્યારે પણ હું નિશ્ચલ ધ્યાનમાં ક્યારે રહીશ ? ।।૧૪૩।।**

**ભાવાર્થ :-**

શ્રાવક સંયમની શક્તિના સંચય અર્થે પ્રતિમાઓ સ્વીકારે છે અને તેથી રાત્રિને વિષે નગરની બહાર જઈને કાયોત્સર્ગ કરે છે અથવા સાધુ પણ વિશેષ અવસ્થામાં હોય ત્યારે ઢંઢણઋષિની જેમ રાત્રે નગરની બહાર કાયોત્સર્ગ કરે છે. વળી, કાયોત્સર્ગકાળમાં આત્માને શ્રુતરૂપ ભગવાનના વચનથી વાસિત કરવા યત્ન કરે છે; જેથી પોતાનો આત્મા સંસારના સર્વભાવોથી નિર્લેપ, નિર્લેપતર થાય. જેમ કૃષ્ણના પુત્ર સાગરચંદ્રએ પૌષધ ગ્રહણ કરીને શૂન્યઘરમાં કાયોત્સર્ગ કરેલ, જેની પ્રશંસા વીર ભગવાને કરેલી. વળી, શ્રાવક ભાવના કરે છે કે આ રીતે રાત્રિમાં પ્રતિમાને ધારણ કરીને હું ક્યારે કાયોત્સર્ગ કરીશ ? અથવા ક્યારે વિશેષ પ્રકારના મુનિભાવને ધારણ કરીને કાયોત્સર્ગ કરીશ ? અને તે કાયોત્સર્ગમાં અત્યંત સ્થિર ભાવને પામીશ ? જેથી બહાર ફરતાં પશુઓ વગેરે મને થાંભલો માનીને ખણજ કરવા અર્થે મારા દેહ સાથે પોતાના સ્કંધને ઘસે તો પણ હું નિશ્ચલ ચિત્તથી આત્માને શ્રુતથી વાસિત કરવા સમર્થ બનું, પરંતુ પશુઓની તે પ્રકારની ચેષ્ટાઓમાં પણ મારા ચિત્તમાં કોઈ સ્ખલનાઓ ન થાય તેવો અભિલાષ કરીને ધર્મધ્યાનમાં સ્થિર થવાને અનુકૂળ ભાવના દ્વારા શ્રાવક સર્વવિરતિને અનુકૂળ બળસંચય કરે છે; કેમ કે આ પ્રકારના ભાવ હૈયાને સ્પર્શે તે રીતના અભિલાષ વારંવાર કરવાથી તે પ્રકારે પ્રવૃત્તિ કરવાને અનુકૂળ અંતરંગ બળસંચય થાય છે તેથી શ્રાવક રાત્રે જાગ્યા પછી આ પ્રકારની ભાવનાઓ કરે છે. **॥૧૪૩॥**

**શ્લોક :-**

**वने पद्मासनासीनं क्रोडस्थितमृगार्भकम् ।**
**कदाऽघ्रास्यन्ति वक्त्रे मां जरन्तो मृगयूथपाः ।।१४४।।**

**શ્લોકાર્થ :-**

**વનમાં પદ્માસનથી બેઠેલા અને ખોળામાં બેઠેલા મૃગલાનાં બાળકોવાળા એવા મને મુખમાં ક્યારે વૃદ્ધ એવા મૃગલાના યૂથપતિઓ સૂંઘશે ? ॥૧૪૪॥**

**ભાવાર્થ :-**

શ્રાવક પોતે ધ્યાનયોગમાં અત્યંત સ્થિરતાને પ્રાપ્ત કરે તે અર્થે ભાવના કરે છે કે ક્યારે હું વનમાં જઈને પદ્માસનમાં બેસીશ અને શુદ્ધ આત્માને જિનવચનથી ભાવિત કરવા યત્ન કરીશ ? તે વખતે હું અત્યંત સ્થિરતાને પામીશ, જેના કારણે વનમાં ફરતાં મૃગલાનાં બાળકો મારા ખોળામાં આવીને બેસે તોપણ હું મારા શુભયોગથી ચલાયમાન ન થાઉં. વળી, દીર્ઘકાળ સુધી મારી ધ્યાનની સ્થિરતાને કારણે વૃદ્ધ એવા હરણિયાઓ અત્યંત વિશ્વાસપૂર્વક મારા મુખને સૂંઘે તોપણ હું ચલાયમાન ન થાઉં. આનાથી એ પ્રાપ્ત થાય કે વૃદ્ધ હરણિયા ક્યારેય પણ કોઈનો વિશ્વાસ કરતા નથી; કેમ કે તેઓ જાણે છે કે આ રીતે બેઠેલા પુરુષ પાસે હું જઈશ તો તે મને પકડીને મારી નાંખશે પરંતુ જ્યારે તે વૃદ્ધ હરણિયા પણ જુએ છે કે આ રીતે પદ્માસનમાં બેઠેલ પુરુષ તે પ્રકારે નિશ્ચલ સ્થિર છે તેથી કોઈ પણ જાતના ભય વગર સહજ પોતાના

સ્વભાવ અનુસાર તે પરમ નિશ્ચલ સમાધિવાળા પુરુષ પાસે જઈને તેના મુખને સૂંઘીને ખાત્રી કરે છે કે આ પુરુષથી આપણને કોઈ ભય નથી ત્યારપછી તેઓ સ્વચ્છંદપણે ત્યાં વિચરે છે અને આ ભૂમિકા ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે હું જંગલમાં બેસીને પરમ સમાધિરૂપ નિશ્ચલતાને પ્રાપ્ત કરું. આ પ્રકારે અભિલાષ કરીને શ્રાવક માત્ર ધર્મક્રિયા કરીને સંતુષ્ટ થતો નથી પરંતુ સર્વ ધર્મઅનુષ્ઠાનો તે રીતે સેવવા માટે યત્ન કરે છે કે જેથી પરમસમાધિને અનુકૂળ નિશ્ચલતા કરવાનું સામર્થ્ય પ્રગટે અને તેવા સામર્થ્યના પ્રગટીકરણના અભિલાષથી પ્રસ્તુત શ્લોક દ્વારા આત્માને ભાવિત કરે છે કે ક્યારે હું વનમાં પરમસમાધિરૂપ નિશ્ચલતાને પામીને શ્રુતથી આત્માને તે રીતે વાસિત કરીશ; જેથી આ સંસારનો શીઘ્ર ઉચ્છેદ થાય. **॥૧૪૪॥**

**અવતરણિકા :-**

**વળી, શ્રાવક સમભાવના પ્રકર્ષ અર્થે રાત્રે જાગૃત થયા પછી કેવી ભાવના કરે છે તે બતાવે છે —**

**શ્લોક :-**

**शत्रौ मित्रे तृणे स्त्रैणे स्वर्णेऽश्मनि मणौ मृदि ।**
**मोक्षे भवे भविष्यामि निर्विशेषमतिः कदा ।।१४५।।**

**શ્લોકાર્થ :-**

**શત્રુમાં, મિત્રમાં, તૃણમાં, સ્ત્રીમાં, સુવર્ણમાં, પત્થરમાં, મણિમાં અને માટીમાં, મોક્ષમાં અને ભવમાં હું ક્યારે નિર્વિશેષમતિવાળો થઈશ=સમાન પરિણામવાળો થઈશ ? ।।૧૪૫।।**

**ભાવાર્થ :-**

શ્રાવક આત્મામાં સમભાવને અત્યંત સ્થિર કરવા અર્થે ભાવના કરે છે કે ક્યારે હું શત્રુમાં અને મિત્રમાં અત્યંત સમાનબુદ્ધિવાળો થઈશ અને તૃણની શય્યામાં અને સ્ત્રીના સમૂહમાં સમાનબુદ્ધિવાળો થઈશ ? અર્થાત્ જેમ તૃણનો સમૂહ કામઉદ્રેકનું કારણ બનતો નથી તેમ સ્ત્રીનો સમૂહ પણ કામવૃત્તિના ઉદ્રેકનું કારણ ન બને તેવા સ્થિર પરિણામવાળો થઈશ ? વળી, ક્યારે હું સુવર્ણ કે પત્થર પ્રત્યે સમાન પરિણામવાળો થઈશ ? મણિ અને માટી પ્રત્યે સમાન પરિણામવાળો થઈશ ? અને જ્યારે સમભાવનો પ્રકર્ષ થશે ત્યારે મોક્ષ અને ભવમાં પણ સમાન પરિણામવાળો થઈશ ? અર્થાત્ મોક્ષની ઇચ્છાનો પણ ત્યાગ કરીશ અને ભવના દ્વેષનો પણ ત્યાગ કરીશ. એક માત્ર વીતરાગભાવમાં મગ્ન પરિણામવાળો બનીશ. આ પ્રકારે ભાવન કરીને પ્રકૃષ્ટ વૈરાગ્યના અભિલાષના મનોરથને શ્રાવક કરે છે.

આ પ્રકારના મનોરથોમાં પ્રથમ શ્લોકમાં=શ્લોક-૧૪૦માં, જિનધર્મના અનુરાગનો મનોરથ છે. બીજા શ્લોકમાં=શ્લોક-૧૪૧માં, સાધુધર્મનું અત્યંત બળ ઉલ્લસિત કરવાનો મનોરથ છે. ત્રીજા શ્લોકમાં=શ્લોક-૧૪૨માં, સાધુધર્મની પરકાષ્ઠાના આરોહણના મનોરથ છે. ચોથા શ્લોકમાં=શ્લોક-૧૪૩માં, કાયોત્સર્ગ આદિના મનોરથ છે. પાંચમા શ્લોકમાં=શ્લોક-૧૪૪માં, વનમાં રહીને મુનિચર્યાના સેવનનો મનોરથ છે અને છઠ્ઠા શ્લોકમાં=શ્લોક-૧૪૫માં, પ્રકૃષ્ટ સામાયિકના પરિણામના પરિપાકનો મનોરથ છે. **॥૧૪૫॥**

**અવતરણિકા :-**

**છ શ્લોકો દ્વારા શ્રાવક કેવા મનોરથો કરે છે તે અત્યાર સુધી બતાવ્યું. હવે, તેના ઉપસંહાર રૂપે કહે છે –**

**શ્લોક :-**

**अधिरोढुं गुणश्रेणिं निःश्रेणीं मुक्तिवेश्मनः ।**
**परानन्दलताकन्दान् कुर्यादिति मनोरथान् ।।१४६।।**

**શ્લોકાર્થ :-**

**મુક્તિરૂપી ગૃહની નિઃશ્રેણીરૂપ ગુણશ્રેણીને=નિસરણીરૂપ ગુણશ્રેણીને, આરોહણ કરવા માટે પરાનંદની લતાના કંદ જેવા મનોરથોને શ્રાવક કરે. ।।૧૪૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વ શ્લોકોમાં શ્રાવક રાત્રે ઊઠીને કેવા મનોરથો કરે છે તેનું વર્ણન કર્યું. તે મનોરથો કેવા પ્રકારના છે તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

આત્માનું મુખ્ય નિવાસસ્થાન મુક્તિરૂપી ગૃહ છે. જેમ નિસરણી દ્વારા પોતાના ઘરમાં જવાય છે તેમ આત્મામાં વૃદ્ધિ પામતી ગુણની શ્રેણી મોક્ષરૂપી ગૃહમાં આત્માને આરોહણ કરવાનું કારણ બને છે અને આવી ગુણશ્રેણીની વૃદ્ધિનું કારણ પૂર્વમાં કહેવાયેલા મનોરથો છે. વળી, તે મનોરથો પ્રકૃષ્ટ આનંદની લતાના કંદ જેવા છે. જેમ સુંદર લતાનું કંદ પણ તેના જેવું સુંદર હોય છે તેમ પ્રકૃષ્ટ આનંદરૂપ જે મુક્તિરૂપી લતા છે તેના કંદ જેવા આ મનોરથો પણ સુંદર છે. આનાથી એ ફલિત થાય કે મોક્ષમાં જવા માટે ગુણશ્રેણીની વૃદ્ધિ આવશ્યક છે અર્થાત્ આત્મામાં ઉત્તરોત્તર ગુણોની વૃદ્ધિ આવશ્યક છે.

જે શ્રાવક પૂર્વમાં બતાવાયેલા મનોરથો અત્યંત ઉપયુક્ત થઈને હૈયાને તે ભાવો સ્પર્શે તે રીતે કરે છે તે શ્રાવક જે ગુણસ્થાનકમાં છે તે ગુણસ્થાનકથી ઉત્તર-ઉત્તરની ભૂમિકારૂપ ગુણશ્રેણીને પ્રાપ્ત કરે છે અને આવી ગુણશ્રેણીની વૃદ્ધિ દ્વારા તે શ્રાવક અલ્પકાળમાં અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરશે. જેઓ આ પ્રકારના મનોરથો કરીને આત્માને ગુણોથી વાસિત કરતા નથી પરંતુ માત્ર બાહ્યક્રિયામાં મૂઢ છે અને તેથી ફક્ત બાહ્યક્રિયા કરીને સંતોષ પામે છે તેવા શ્રાવકો ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકતા નથી; કેમ કે માત્ર બાહ્ય આચરણારૂપ ક્રિયાના બળથી સંસારનો ઉચ્છેદ થઈ શકતો નથી. માટે મોક્ષના અર્થી શ્રાવકે સર્વઉચિત ક્રિયાઓ ચિત્તના અત્યંત ઉપયોગપૂર્વક કરીને તે તે ક્રિયાથી અપેક્ષિત ભાવો ઉત્પન્ન થાય તેવો યત્ન કરવો જોઈએ. વળી, પ્રસંગે પ્રસંગે ઉપરની ભૂમિકામાં આરોહણના મનોરથો સેવવા જોઈએ જેથી ગુણના પક્ષપાતની વૃદ્ધિથી આત્મામાં સતત ગુણોની વૃદ્ધિ થાય. વળી, જેમ સુંદર લતાનો કંદ અત્યંત સુંદર હોય છે તેમ આત્મા માટે મોક્ષ એ પ્રકૃષ્ટ આનંદની લતા છે અને તેના કંદ જેવા આ મનોરથો છે તેથી દૃઢ ઉપયોગપૂર્વક સેવાતા મનોરથોથી પણ શ્રાવકને અત્યંત આનંદ ઉત્પન્ન થાય છે; કેમ કે મનોરથકાળમાં તત્ત્વથી વાસિત થયેલું ચિત્ત ઘણા પ્રકારના મોહના ભાવોનું ઉન્મૂલન કરવા સમર્થ બને છે. **।।૧૪૬।।**

**અવતરણિકા :-**

**પૂર્વમાં અત્યાર સુધી રાત્રે જાગેલ શ્રાવક શું શું ભાવનાઓ કરે છે તે સર્વ બતાવ્યું. હવે, તે સર્વનો ઉપસંહાર કરતાં કહે છે –**

**શ્લોક :-**

**इत्याहोरात्रिकीं चर्यामप्रमत्तः समाचरन् ।**
**यथावदुक्तवृत्तस्थो गृहस्थोऽपि विशुध्यति ।।१४७।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં અત્યાર સુધી વર્ણન કર્યું તે રીતે, અહોરાત્રિકી ક્રિયાને આચરણા કરતો યથાવત્ ઉક્ત વ્રતમાં રહેલો અપ્રમત્ત ગૃહસ્થ પણ વિશુદ્ધિને પામે છે=ક્ષીણ પાપવાળો થાય છે. ।।૧૪૭।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં અનેક શ્લોકો દ્વારા શ્રાવક રાત્રે જાગૃત થયા પછી શું શું ભાવન કરે છે તેનું વિસ્તારથી ગ્રંથકારશ્રીએ વર્ણન કર્યું એ પ્રકારે અહોરાત્રિની ચર્યાને શ્રાવક વારંવાર આચરે છે. વળી, પૂર્વમાં વર્ણન કરાયેલા શ્રાવકનાં બાર વ્રતોના સ્વરૂપને જાણીને પોતાની શક્તિ અનુસાર ઉચિતવ્રતોને ગ્રહણ કરે છે, ગ્રહણ કર્યા પછી યથાવત્ તે વ્રતોનું પાલન કરે છે અર્થાત્ સમ્યગ્ વિધિપૂર્વક પાલન કરે છે અને સદા ઉત્તમભાવોથી આત્માને વાસિત કરવા સુંદર ભાવનાઓ કરે છે જેથી તેવા અપ્રમત્ત પરિણામવાળો ગૃહસ્થ પણ ઘણાં પાપોનો નાશ કરીને ઉત્તરઉત્તરના ગુણસ્થાનકમાં જવા માટે સમર્થ બને તેવી નિર્મળ પરિણતિવાળો થાય છે.

પ્રસ્તુત શ્લોકની ટીકામાં આવી નિર્મળ પરિણતિવાળો થયેલો શ્રાવક કેવી રીતે અગિયાર પ્રતિમાઓને વહન કરે છે તેનું સ્વરૂપ બતાવેલ છે. તે આ પ્રમાણે –

**(૧) સમ્યક્ત્વ પ્રતિમા :-**

શંકાદિ દોષથી રહિત; પ્રશમ, સંવેગ આદિ ભાવોથી યુક્ત; સ્થૈર્યાદિના ભૂષણવાળું; મોક્ષમાર્ગરૂપ પ્રાસાદના પીઠભૂત સમ્યગ્દર્શનને ભય, લોભ, લજ્જાદિ વડે પણ અતિચારને નહીં કરતો એક મહિનો સમ્યક્ત્વનું પાલન કરે છે, આ પ્રથમ પ્રતિમા છે. આશય એ છે કે ભગવાનના વચનમાં જે સ્થિર શ્રદ્ધા છે તેને અતિશયિત કરવા અર્થે વારંવાર સૂક્ષ્મ ઉપયોગપૂર્વક ભગવાનના વચનના પરમાર્થને જાણીને તે ભાવોને આત્મામાં અત્યંત સ્થિર કરવા અર્થે શ્રાવક એક મહિના સુધી અપ્રમાદભાવથી યત્ન કરે છે જેથી ભગવાનના વચનમાં શંકા ન થાય, વિપર્યય ન થાય અને ભગવાનનું વચન કઈ રીતે વીતરાગતાની પ્રાપ્તિનું કારણ છે તેના વિષયમાં સૂક્ષ્મ પણ અજ્ઞાનતાનો પરિહાર થાય જેનાથી પ્રશમ, સંવેગ આદિ ભાવો સતત ઉલ્લસિત થયા કરે. ભગવાનના વચનમાં જે શ્રદ્ધા હતી તેમાં પણ સ્થૈર્ય, ધૈર્ય આદિ ગુણો વૃદ્ધિ પામે એ રીતે સમ્યક્ત્વને અત્યંત સ્થિર કરવા માટે શ્રાવકધર્મનું પાલન કર્યા પછી એક મહિના સુધી શ્રાવક સમ્યક્ત્વની

પ્રતિમાને ધારણ કરે છે જેનાથી નિર્મળ થયેલા સમ્યગ્દર્શન દ્વારા સંસારના વાસ્તવિક સ્વરૂપને, મોક્ષના પારમાર્થિક સ્વરૂપને અને મોક્ષના ઉપાયભૂત દશ પ્રકારના યતિધર્મના સૂક્ષ્મ રહસ્યને સ્પષ્ટ, સ્પષ્ટતર જાણનારો થાય છે; જેથી સંયમને અનુકૂળ અધિક, અધિક શક્તિઓનો સંચય થાય છે.

**(૨) વ્રત પ્રતિમા :-**

આ રીતે એક મહિનો સમ્યક્ત્વની પ્રતિમાને વહન કર્યા પછી બે મહિના સુધી પૂર્વમાં સ્વીકારાયેલાં બારેય વ્રતોમાં એક પણ અતિચાર ન લાગે, ક્યાંય વિરાધના ન થાય એ પ્રકારે સમ્યક્ત્વ પ્રતિમા સહિત બે મહિના સુધી પાલન કરે. આનાથી સમ્યક્ત્વ સહિત બાર વ્રતો અત્યંત નિરતિચાર પાળવાને અનુકૂળ મહાબલનું આધાન થાય છે; જેથી સંયમ ગ્રહણ કરે ત્યારે અપ્રમાદપૂર્વક તેનું પાલન કરવાને અનુકૂળ કંઈક શક્તિનો સંચય બીજી પ્રતિમાથી થાય છે.

**(૩) સામાયિક પ્રતિમા :-**

આ રીતે બે મહિના સુધી અત્યંત અપ્રમાદપૂર્વક સમ્યક્ત્વ સહિત બાર વ્રતોની બીજી પ્રતિમા પાળ્યા પછી ત્રણ મહિનાની સામાયિકની પ્રતિમા ગ્રહણ કરે છે જે દરમિયાન ત્રણ મહિના સુધી પૂર્વની બે પ્રતિમા સહિત સમભાવના કંડકોની વૃદ્ધિ થાય તે પ્રકારના સૂક્ષ્મ ઉપયોગપૂર્વક અપ્રમાદભાવથી ઉભયકાળ સામાયિકનું અનુપાલન કરે છે.

**(૪) પૌષધ પ્રતિમા :-**

આ રીતે સમ્યક્ત્વ, બાર વ્રતો અને સામાયિકની પ્રતિમા ત્રણ મહિના સુધી પાળ્યા પછી તેનાથી સહિત ચાર મહિનાની પૌષધ પ્રતિમાને ધારણ કરે છે જેમાં બે અષ્ટમી, બે ચૌદશ એમ મહિનાનાં ચાર દિવસ અખંડ પૌષધનું પાલન કરે છે અર્થાત્ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને લેશ પણ ગુપ્તિનો ભંગ ન થાય તે રીતે અવ્યાપાર નામના પૌષધને કરે છે અને તેના અંગભૂત અન્ય ત્રણ પૌષધ=આહાર પૌષધ, બ્રહ્મચર્ય પૌષધ અને શરીર સત્કાર પૌષધ પણ કરે છે; જેથી અત્યંત નિરવદ્ય જીવન જીવવાને અનુકૂળ અંતરંગ અપ્રમાદભાવને અનુકૂળ યત્ન કરવાના બળનો સંચય થાય છે.

**(૫) કાયોત્સર્ગ પ્રતિમા :-**

આ રીતે પૌષધ સુધીની ચાર પ્રતિમા પાળ્યા પછી તેવી ચાર પ્રતિમાઓથી સહિત પાંચમી કાયોત્સર્ગ પ્રતિમાને પાંચ મહિના પાળે છે જેમાં પાંચ મહિના સુધી બે આઠમમાં, બે ચૌદશમાં પૌષધ ગ્રહણ કરીને ગૃહમાં, ગૃહના દ્વારમાં, ચાર રસ્તાવાળા કોઈક માર્ગમાં આખી રાત્રિ પરિષહ, ઉપસર્ગાદિમાં નિષ્પ્રકંપતાપૂર્વક કાયોત્સર્ગ કરે છે જે કાયોત્સર્ગકાળમાં સતત ધર્મધ્યાનની વૃદ્ધિ થાય તે પ્રકારે શાસ્ત્રવચનોથી આત્માને ભાવિત કરે છે. આ રીતે દૃઢ યત્ન કરવાથી અત્યંત નિર્લેપતાને અનુકૂળ એવા કાયોત્સર્ગની શક્તિનો સંચય થાય છે.

**(૬) બ્રહ્મચર્ય પ્રતિમા :-**

આ રીતે, કાયોત્સર્ગ સહિત પાંચેય પ્રતિમાથી સહિત છ મહિના સુધી લેશ પણ વિકાર ન થાય તે રીતે બ્રહ્મચર્યની પ્રતિમાનું પાલન કરે છે જે પ્રતિમાના પાલનના બળથી કામને ઉત્પન્ન કરે તેવા વેદના ઉદયના પરિણામને અત્યંત ક્ષીણ કરવાનો યત્ન શ્રાવક કરે છે.

**(૭) સચિત્તનો ત્યાગ :-**

આ રીતે છ મહિના સુધી છઠ્ઠી પ્રતિમા પાળીને તે છએ પ્રતિમાથી સહિત સાત મહિના સુધી સચિત્ત આહારનો પરિહાર કરે છે જેમાં કોઈ પણ વસ્તુમાં જીવ સંસક્ત આહારની પ્રાપ્તિ ન થાય એવો દૃઢ યત્ન હોવાથી દયાળુ સ્વભાવ અતિશય થાય છે અને પૂર્વની પ્રતિમાનો પરિણામ પણ સાથે હોવાથી તે સર્વ પ્રતિમાઓ સ્થિર, સ્થિરતર થાય છે.

**(૮) આરંભનો ત્યાગ :-**

આ રીતે સાત પ્રતિમાનું પાલન કર્યા પછી આઠ મહિના સુધી કોઈ પ્રકારના આરંભને ન કરે તેવી આઠમી પ્રતિમા ધારણ કરે છે જેનાથી નિરારંભ જીવન જીવવાને અનુકૂળ બળનો સંચય થાય છે અને પૂર્વની પ્રતિમાઓનું પાલન હોવાથી તે સર્વ પ્રતિમાઓ સ્થિર થાય છે.

**(૯) સંપૂર્ણ નિરારંભ જીવન :-**

આ રીતે પૂર્વની આઠ પ્રતિમાઓ સહિત નવમી પ્રતિમાને શ્રાવક ધારણ કરે છે જેમાં નવ મહિના સુધી કોઈ માણસો વડે પણ આરંભ કરાવતો નથી પરંતુ સંપૂર્ણ નિરારંભ જીવન જીવવા માટે યત્ન કરે છે જેથી સંસારના આરંભસમારંભને અનુકૂળ ચિત્તની અત્યંત નિવૃત્તિ થાય છે.

**(૧૦) સાધુની જેમ દોષ રહિત આહારથી દેહનું પોષણ :-**

પૂર્વની નવ પ્રતિમા સહિત દશ મહિનાની દશમી પ્રતિમા શ્રાવક ગ્રહણ કરે છે ત્યારે પોતાના માટે કરાયેલ આહારને પણ વાપરતો નથી પરંતુ ઘરની અન્ય વ્યક્તિઓ માટે કરાયેલા આહારમાંથી જ પોતાને કોઈ આરંભનો દોષ પ્રાપ્ત ન થાય તે રીતે ઉચિત યતનાપૂર્વક આહાર ગ્રહણ કરે છે.

**(૧૧) ભિક્ષુની પ્રતિમા :-**

પૂર્વની દશ પ્રતિમાઓથી સહિત અગિયાર મહિનાની અગિયારમી પ્રતિમા શ્રાવક ધારણ કરે છે ત્યારે સર્વ સંગનો ત્યાગ કરીને રજોહરણ આદિ મુનિવેશને ધારણ કરે છે, મસ્તકાદિ પર રહેલા વાળનો લોચ કરે છે અને પોતાને આધીન એવા ગોકુળ આદિમાં વસતો, પ્રતિમાને સ્વીકારેલ એવો, શ્રમણોપાસકને ભિક્ષા આપો એ પ્રમાણે બોલતો "ધર્મલાભ" શબ્દના ઉચ્ચારથી રહિત સુસાધુઓની જેમ સાધ્વાચારને પાળે છે. આનાથી એ ફલિત થાય કે સુસાધુની જેમ જ સંયમની સર્વક્રિયા પ્રતિદિન કરીને ભાવસાધુને અનુકૂળ મહાબળસંચય કરવા અર્થે શ્રાવક અગિયારમી પ્રતિમા ધારણ કરે છે અને તે પ્રતિમામાં તેને સ્થિર નિર્ણય

થાય કે આ રીતે હું જાવજ્જીવ સુધી સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકીશ તો અગિયારમી પ્રતિમાના પાલન પછી સંયમ ગ્રહણ કરે પરંતુ જો ચિત્ત સાધુના જેવું સર્વથા સંગ વગરનું ન થાય તો અગિયારમી પ્રતિમાના પાલન પછી શ્રાવકના આચારમાં જ સ્થિર થાય છે અને ત્યાં સુધી સર્વવિરતિના મનોરથો કરીને સર્વવિરતિને અનુકૂળ અંતરંગ શક્તિનો સંચય કરે છે. વળી, સર્વવિરતિને અનુકૂળ બળસંચય થાય ત્યારે સર્વવિરતિ ગ્રહણ કરે છે. **॥૧૪૭॥**

**અવતરણિકા :-**

**હવે, પાંચ શ્લોકો વડે શ્રાવકધર્મવિષયક વિધિ શેષને કહે છે –**

**શ્લોક :-**

**सोऽथावश्यकयोगानां भङ्गे मृत्योरथागमे ।**
**कृत्वा संलेखनामादौ प्रतिपद्य च संयमम् ।।१४८।।**
**जन्मदीक्षाज्ञानमोक्षस्थानेषु श्रीमदर्हताम् ।**
**तदभावे गृहेऽरण्ये स्थण्डिले जन्तुवर्जिते ।।१४९।।**
**त्यक्त्वा चतुर्विधाहारं नमस्कारपरायणः ।**
**आराधनां विधायोच्चैश्चतुःशरणमाश्रितः ।।१५०।।**
**इहलोके परलोके जीविते मरणे तथा ।**
**त्यक्त्वाशंसां निदानं च समाधिसुधयोक्षितः ।।१५१।।**
**परीषहोपसर्गेभ्यो निर्भीको जिनभक्तिभाक् ।**
**प्रतिपद्येत मरणमानन्दः श्रावको यथा ।।१५२।।**

**શ્લોકાર્થ :-**

**હવે, આવશ્યકયોગના ભંગમાં અથવા મૃત્યુના આગમનમાં પ્રથમ સંલેખના કરીને અરિહંતનાં જન્મ, દીક્ષા, જ્ઞાન=કેવળજ્ઞાન, અને મોક્ષસ્થાનોમાં, તેના અભાવોમાં જીવ રહિત શુદ્ધભૂમિરૂપ અરણ્યમાં કે ઘરમાં, સંયમનો સ્વીકાર કરીને, ચાર પ્રકારના આહારનો ત્યાગ કરીને, નમસ્કારમાં તત્પર આરાધનાને કરીને, અત્યંત ચતુઃશરણ આશ્રયવાળો આલોકમાં અને પરલોકમાં, જીવિતમાં કે મરણમાં, આશંસાનો અને નિદાનનો ત્યાગ કરીને, સમાધિથી સુંદર બુદ્ધિથી યુક્ત એવો શ્રાવક પરિષહ અને ઉપસર્ગથી નિર્ભીક, જિનભક્તિથી યુક્ત, મરણનો સ્વીકાર કરે જે પ્રમાણે આનંદ શ્રાવકે મરણનો સ્વીકાર કરેલો. ।।૧૪૮થી ૧૫૨।।**

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે શ્રાવકનાં બાર વ્રતોમાંથી પોતાની ભૂમિકા અનુસાર શ્રાવક ઉચિતવ્રતો ગ્રહણ કરે છે. જે પ્રકારે જે વ્રતો જે ભાંગાથી ગ્રહણ કર્યાં હોય તે ભાંગા અનુસાર તે વ્રતોનું સમ્યક્ પાલન કરે છે અને વિશેષ શક્તિસંચય અર્થે સ્વભૂમિકા અનુસાર શ્રાવકની અગિયાર પ્રતિમાઓનું સમ્યક્ પાલન કરે છે જેના બળથી સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય છે. હવે, કોઈક રીતે શરીરની ક્ષીણતા આદિને કારણે જીવનના આવશ્યક કર્તવ્યયોગો પોતે કરી શકે તેમ ન જણાય તો શ્રાવક અણસણ કરવા તત્પર થાય છે. જેમ અરણિકમુનિએ સાધુપણું પાળવા પોતે અસમર્થ છે તેવું જણાવાથી શાસ્ત્રવિધિ અનુસાર અણસણ કરીને પોતાના સંયમના પરિણામનું રક્ષણ કર્યું તેમ શ્રાવક પણ પોતાના સંયમના વ્યાપારો કરવા અસમર્થ બને ત્યારે અણસણ કરીને જીવન સમાપ્ત કરે પરંતુ આવશ્યક ક્રિયાઓની હાનિની ઉપેક્ષા કરે નહીં. વળી, દેશવિરતિનું સમ્યક્ પાલન કરતાં કરતાં મૃત્યુ નજીકમાં આવે તેમ જણાય તો પણ અણસણને સ્વીકારે છે. કઈ રીતે અણસણ સ્વીકારે છે ? તેથી કહે છે –

આદિમાં સંલેખનાને કરે છે=આત્માને શ્રુતથી અત્યંત ભાવિત કરવાપૂર્વક કષાયોની સંલેખના કરે છે. છઠ્ઠ, અઠ્ઠમ આદિ વિશેષ તપ દ્વારા દેહની સંલેખના કરે છે જેથી દેહ ક્રમસર ક્ષીણ થવા છતાં પણ શ્રુતવચનાનુસાર અંતરંગ દૃઢ વ્યાપાર કરવા દ્વારા કષાયોને ક્ષીણ કરવાને અનુકૂળ વ્યાપાર કરવાની શક્તિનો સંચય થાય છે. ત્યારપછી કોઈક ઉચિત સ્થળમાં સંયમનો સ્વીકાર કરે છે અર્થાત્ સર્વવિરતિની શક્તિ હોય તો સર્વવિરતિ સ્વીકારે અને જો સર્વવિરતિની શક્તિ ન હોય તો અત્યંત સંવરભાવપૂર્વક, ગમનાદિ ક્રિયાનો પરિહાર કરીને, નિયતસ્થાનમાં ઉચિત આસનાદિમાં બેસીને, શ્રુતથી આત્માને અત્યંત ભાવિત કરવાને અનુકૂળ વ્યાપાર કરી શકાય તે પ્રકારે સંયમને સ્વીકારે છે. કયા સ્થાને સંયમને સ્વીકારે છે ? તેથી કહે છે –

જે સ્થાનોમાં ભગવાનનો જન્મ થયો હોય, ભગવાને દીક્ષા ગ્રહણ કરી હોય, ભગવાનને કેવળજ્ઞાન થયું હોય કે ભગવાન મોક્ષમાં ગયા હોય તેવાં સ્થાનોમાં અણસણ અર્થે વિશેષ પ્રકારના સંયમને સ્વીકારે છે જેથી ભગવાનની જન્મભૂમિ આદિને કારણે તે તે તીર્થંકરોનું સ્મરણ ચિત્તમાં રહે છે અને તે પવિત્રસ્થાનના બળથી સંયમમાં દૃઢ યત્ન કરવાનું સત્ત્વ પ્રગટ થાય છે. વળી, જો તીર્થંકરોનાં તેવાં સ્થાનોમાં અણસણ કરવું શક્ય ન જણાય તો જીવ રહિત શુદ્ધભૂમિવાળા અરણ્યમાં કે ઘરમાં પણ ઉચિતસ્થાને સંયમનો સ્વીકાર કરે છે અને ત્યાં રહીને ચારેય પ્રકારના આહારનો ત્યાગ કરે છે. વળી, શ્રાવક પોતાના જીવનમાં જે કોઈ સ્ખલનાઓ થઈ હોય તે સર્વેની ઉચિત આલોચના કરીને અને જે કોઈની સાથે કષાયનો સંશ્લેષ થયો હોય તે સર્વને અત્યંત ઉપયોગપૂર્વક ખમાવવારૂપ આરાધના કરીને નમસ્કારમાં પરાયણ ચિત્તવાળો બને અર્થાત્ પંચપરમેષ્ઠિના સૂક્ષ્મ ઉપયોગપૂર્વક આત્માને ભાવિત કરવા અત્યંત તત્પર બને. વળી, અરિહંત આદિ ચારનું શરણ સ્વીકારીને તેઓના ગુણોમાં અત્યંત ઉપયોગવાળો બને. વળી, અણસણકાળમાં આ લોકના સુખોની ઇચ્છા ન કરે અર્થાત્ લોકો દર્શન કરવા આવે તો તેઓને જોઈને તેઓની સાથે વાર્તાલાપ કરવાના

ભાવોની આશંસા ન કરે. પરલોકના વિષયમાં પણ કોઈ સમૃદ્ધિની આશંસા ન કરે. વળી, પોતે લાંબો સમય જીવે તેવી ઇચ્છા પણ ન રાખે. મરણની પણ ઇચ્છા ન રાખે=મારું શીઘ્ર મરણ થાય તેવો વિચાર ન કરે, પરંતુ સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ બધા જ ભાવો પ્રત્યે ચિત્ત સમભાવવાળું થાય તે રીતે આત્માને અત્યંત ભાવિત કરે. આ પ્રકારે સમાધિપૂર્વક સુંદર બુદ્ધિથી યુક્ત એવો શ્રાવક પરિષહ, ઉપસર્ગ દ્વારા ભય વગરનો બને. તીર્થંકરોના ગુણોનું અને તેમના વચનનું સ્મરણ કરીને તેમના પ્રત્યે ભક્તિવાળો થાય. આ રીતે અત્યંત આરાધનાપરાયણ મરણનો સ્વીકાર કરે, જેમ આનંદ શ્રાવકે પોતાના જીવનના અંત સમયે અત્યંત સમાધિવાળા મરણને સ્વીકારેલ.

અહીં વિશેષ એ છે કે શ્રાવક સંયમનો અત્યંત અર્થી હોવા છતાં સંયમની શક્તિનો સંચય યથોચિત થયો નથી તેથી જ શ્રાવકપણું પાળે છે અને પ્રતિદિન સર્વવિરતિના પારમાર્થિક સ્વરૂપથી આત્માને ભાવિત કરે છે જેથી સર્વવિરતિનું પાલન કરનારા મહાત્માઓનું કેવું ચિત્ત હોય છે તેનો શ્રાવકને સ્પષ્ટ, સ્પષ્ટતર બોધ વર્તે છે. જ્યારે મરણસમય નજીક જણાય ત્યારે શાસ્ત્રવિધિ અનુસાર અણસણને સ્વીકારીને, સતત સર્વવિરતિને સ્મરણમાં રાખીને, સંસારની ચાર ગતિના પરિભ્રમણની વિડંબનાને પુનઃ પુનઃ સ્મરણ કરી સંસારના અંત પ્રત્યેની અત્યંત ઇચ્છાવાળો શ્રાવક તેના ઉપાયભૂત સંયમના પરિણામમાં અત્યંત ઉપયુક્ત થઈને ચાર શરણાદિનો સ્વીકાર કરે છે અને નવકારમાં ચિત્તને સ્થાપન કરે છે. તે સર્વપ્રવૃત્તિ દ્વારા શ્રાવકનું ચિત્ત સંસારના સર્વ બાહ્યભાવોથી પરાઙ્મુખ અને આત્માના શુદ્ધભાવોને સન્મુખ સતત રહે તે રીતે અણસણકાળમાં દૃઢ યત્ન કરે છે કે જેથી મરણની છેલ્લી ક્ષણ સુધી અંતે જલ્પાકારરૂપે નવકાર આદિનું સ્મરણ સતત રહે જેથી ઉત્તરના ઉત્તમ જન્મની પ્રાપ્તિ થાય. **॥૧૪૮થી ૧૫૨॥**

**અવતરણિકા :-**

**હવે પ્રકૃત એવા શ્રાવકની=પૂર્વમાં વર્ણન કર્યું એવા વ્રતધારી અને રાત્રે જાગૃત થાય ત્યારે પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રકારે ભાવના કરતાં અંત સમયે સંલેખનાપૂર્વક કાળ કરે તેવા પ્રકૃત શ્રાવકની, ઉત્તરના ભવની ગતિને બે શ્લોકથી કહે છે –**

**શ્લોક :-**

**प्राप्तः स कल्पेष्विन्द्रत्वमन्यद्वा स्थानमुत्तमम् ।**
**मोदतेऽनुत्तरप्राज्यपुण्यसंभारभाक् ततः ।।१५३।।**
**च्युत्वोत्पद्य मनुष्येषु भुक्त्वा भोगान् सुदुर्लभान् ।**
**विरक्तो मुक्तिमाप्नोति शुद्धात्मान्तर्भवाष्टकम् ।।१५४।।**

**શ્લોકાર્થ :-**

**કલ્પોમાં=સૌધર્મ આદિ કલ્પોમાં, ઇન્દ્રપણાને અથવા અન્ય ઉત્તમસ્થાનને પામેલો એવો તે શ્રાવક અનુત્તરપ્રાજ્ય પુણ્યસંભારને ભોગવનારો આનંદિત થાય છે=દેવલોકમાં ઉત્તમ સુખોને**

**ભોગવતો આનંદિત થાય છે. ત્યાંથી=કલ્પથી, ચ્યવીને મનુષ્યભવોમાં ઉત્પન્ન થઈને સુદુર્લભ એવા ભોગોને ભોગવીને=ઉત્તમ કોટીના ભોગોને ભોગવીને, વિરક્ત થયેલો શુદ્ધ આત્મા આઠ ભવની અંદર મોક્ષને પ્રાપ્ત કરે છે. ।।૧૫૩-૧૫૪।।**

**ભાવાર્થ :-**

શ્રાવક પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે પોતાની શક્તિ અનુસાર બારવ્રતો ગ્રહણ કરે છે. વિશેષ શક્તિ સંચય થાય ત્યારે પ્રતિમાનું પાલન કરે છે અને જીવનના અંત સમયે સંયમની શક્તિ આવે તો સંયમ ગ્રહણ કરે. અન્યથા પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે અણસણની વિધિથી સમાધિપૂર્વક મૃત્યુ પામીને સૌધર્મ આદિ દેવલોકમાં ઇન્દ્રપણાને પ્રાપ્ત કરે છે અથવા તેવો પરિણામ ઉત્પન્ન ન થયો હોય તોપણ તે દેવલોકોમાં ઉત્તમસ્થાનને પ્રાપ્ત કરે છે. વળી, શુદ્ધધર્મ સેવીને દેવભવમાં ગયેલો હોવાથી ત્યાં પણ ધર્મપરાયણ ઉત્તમ ચિત્ત હોવાથી ભોગકાળમાં પણ ભગવદ્ભક્તિ આદિમાં પરાયણ ઉત્તમ ચિત્તવાળો તે દેવ હોય છે. ભૂતકાળમાં કરાયેલા ઉત્તમ ધર્મથી પ્રાપ્ત થયેલા શ્રેષ્ઠકોટિના પુણ્યના સંચયના કારણે જે સુંદર ભોગો મળ્યા છે તેને ભોગવતો સદા આનંદને અનુભવે છે; કેમ કે ઉત્તમ ધર્મના પાલનથી મળેલા ભોગો ચિત્તમાં સંક્લેશ કરાવતા નથી પરંતુ ભોગકાળમાં પણ ધર્મપરાયણ ચિત્તને સુરક્ષિત રાખે છે. વળી, સારી રીતે સેવાયેલા ધર્મના સેવનથી પ્રાપ્ત થયેલા પુણ્યને કારણે જે કોઈ ભોગ સામગ્રી છે તે પણ તે દેવના ચિત્તને આહ્લાદ ઉત્પન્ન કરે છે. આ રીતે શ્રાવકધર્મના ફળરૂપ ઉત્તમ ભોગોને ભોગવીને તે શ્રાવકનો આત્મા ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં ઉત્પન્ન થાય છે. તે મનુષ્યભવમાં પણ સુંદર અને દુર્લભ એવા ભોગોને ભોગવીને વિરક્ત ભાવવાળો થાય છે ત્યારે સંયમ ગ્રહણ કરે છે અને સંયમ પાળીને દેવલોકમાં જાય છે. ફરી મનુષ્યભવ પામે છે. આ રીતે શ્રાવકનો વિરક્ત થયેલો શુદ્ધ આત્મા આઠ ભવની અંદર અવશ્ય મુક્તિને પામે છે. **।।૧૫૩-૧૫૪।।**

**અવતરણિકા :-**

**પ્રકાશત્રયમાં કહેવાયેલા અર્થનો ઉપસંહાર કરતાં કહે છે —**

**શ્લોક :-**

**इति संक्षेपतः सम्यग्रत्नत्रयमुदीरितम् ।**
**सर्वोऽपि यदनासाद्य नासादयति निर्वृतिम् ।।१५५।।**

**શ્લોકાર્થ :-**

**એ પ્રકારે=પૂર્વમાં ત્રણ પ્રકાશથી વર્ણન કર્યું એ પ્રકારે, સંક્ષેપથી સમ્યગ્ રત્નત્રય કહેવાયું જેની પ્રાપ્તિ વગર સર્વ પણ જીવો નિવૃતિને પામતા નથી=મોક્ષને પામતા નથી. ।।૧૫૫।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પ્રથમ પ્રકાશથી માંડીને અત્યાર સુધી પ્રથમ યોગનું માહાત્મ્ય બતાવ્યું. ત્યારપછી તે યોગ જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ છે તેમ બતાવ્યું અને તેવો રત્નત્રયીરૂપ યોગ ભાવસાધુ મહાવ્રતોના પાલનથી સેવે છે તેથી તેનું સંક્ષેપથી કંઈક સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી સંયમ માટે અસમર્થ એવા શ્રાવકો સર્વવિરતિની શક્તિના સંચય અર્થે શ્રાવકધર્મ પાળે છે જેથી શ્રાવકધર્મમાં રત્નત્રયીનો ઉપયોગ કેવો છે તેનું સ્વરૂપ બતાવ્યું. આ રીતે ગ્રંથકારશ્રીએ સંક્ષેપથી ભગવાનના વચનાનુસાર રત્નત્રયીનું સ્વરૂપ બતાવ્યું, જે રત્નત્રયીનું સેવન કર્યા વગર કોઈપણ જીવ સંસારનો અંત કરે એવા મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી શકતો નથી. માટે ચાર ગતિઓના પરિભ્રમણરૂપ સંસારના અંતનું કારણ ભાવથી રત્નત્રયીનું સેવન છે. આથી મોક્ષના અર્થી જીવે પોતાની ભૂમિકાનું સમ્યગ્ સમાલોચન કરીને શક્તિ અનુસાર રત્નત્રયીને સેવવા માટે ઉદ્યમ કરવો જોઈએ જેથી સદ્ગતિઓની પરંપરા દ્વારા અલ્પભવમાં મોક્ષની પ્રાપ્તિ થાય. **॥૧૫૫॥**

## ત્રીજો પ્રકાશ પૂર્ણ

# ચોથો પ્રકાશ

**અવતરણિકા :-**

**ધર્મ-ધર્મીના ભેદ નયને આશ્રયીને આત્માનું રત્નત્રય, મુક્તિના કારણપણાથી પહેલા, બીજા અને ત્રીજા પ્રકાશમાં કહેવાયું. હવે, અભેદ નયને આશ્રયીને આત્માના રત્નત્રયીની સાથેના એકત્વને કહે છે –**

**ભાવાર્થ :-**

યોગશાસ્ત્રના પ્રારંભમાં ગ્રંથકારશ્રીએ પ્રથમ યોગનું માહાત્મ્ય બતાવ્યું જેથી યોગ્ય શ્રોતાને યોગ પ્રત્યેનો દૃઢ પક્ષપાત થાય. ત્યારપછી તે યોગ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર સ્વરૂપ છે એ કથન ભેદ નયને આશ્રયીને કર્યું. ત્યારપછી ભેદ નયને આશ્રયીને જ સર્વવિરતિ ચારિત્રધર્મ અને તેના કારણીભૂત ગૃહસ્થધર્મ ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી બતાવ્યો. હવે, અભેદ નયને આશ્રયીને આત્માની સાથે રત્નત્રયી એકત્વભાવ સ્વરૂપ છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે.

**શ્લોક :-**

**आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः ।**
**यत्तदात्मक एवैष शरीरमधितिष्ठति ।।१।।**

**શ્લોકાર્થ :-**

**અથવા યતિનો=સાધુનો, આત્મા જ દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. જે કારણથી તદ્ આત્મક જ= રત્નત્રયી આત્મક જ, આ=યતિનો, આત્મા શરીરમાં રહેલ છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની પરિણતિ એ મોક્ષનું કારણ છે એમ જે પૂર્વમાં બતાવ્યું તે ભેદ નયને આશ્રયીને કહેલ. વસ્તુતઃ આત્માના ગુણો સર્વથા આત્માથી ભિન્ન નથી પરંતુ આત્મા સાથે એકત્વભાવવાળા છે તે બતાવવા માટે 'અથવા'થી કહે છે. જે સાધુ જિનવચનાનુસાર ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને અંતરંગ મોહના નાશ માટે ઉદ્યમ કરી રહ્યા છે તે મહાત્માનો આત્મા જ દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ છે. તે મહાત્માથી રત્નત્રયી અપૃથક્ભૂત છે, પૃથક્ભૂત કેમ નથી ? તેથી કહે છે –

રત્નત્રયી આત્મક જ એવો યતિનો આત્મા દેહમાં રહેલ છે. જો રત્નત્રયી જીવથી પૃથક્ભૂત હોય તો જીવની મુક્તિનું કારણ બને નહીં. જેમ, દેવદત્તની રત્નત્રયી યજ્ઞદત્તની મુક્તિનું કારણ બને નહીં. માટે આત્માથી અપૃથક્ભૂત એવી રત્નત્રયી જ કર્મનો નાશ કરીને મોક્ષનું કારણ બને છે. **।।૧।।**

**અવતરણિકા :-**

**અભેદને જ=રત્નત્રયીનો આત્માની સાથે અભેદ છે એને જ, સમર્થન કરવા માટે કહે છે –**

**શ્લોક :-**

**आत्मानमात्मना वेत्ति मोहत्यागाद्य आत्मनि ।**
**तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ।।२।।**

**શ્લોકાર્થ :-**

**મોહના ત્યાગથી આત્મા વડે આત્મામાં આત્માને જે જાણે છે, તે જ=મોહના ત્યાગથી આત્માનું જ્ઞાન જ, તેનું=આત્માનું, ચારિત્ર છે. તે જ જ્ઞાન છે અને તે જ દર્શન છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવ દેહમાં રહેલ છે તોપણ દેહરૂપ નથી પરંતુ અજ્ઞાનને વશ સંસારી જીવો દેહથી અભિન્ન પોતાના આત્માને જોનારા છે. તેથી દેહની સાથે, ઇન્દ્રિયની સાથે અને મનની સાથે એકત્વ બુદ્ધિ ધારણ કરીને દેહને જે અનુકૂળ છે, ઇન્દ્રિયોને જે અનુકૂળ છે અને મનને જે અનુકૂળ છે તે મને અનુકૂળ છે તેવી બુદ્ધિ કરીને દેહની અનુકૂળતા અર્થે સર્વ આરંભસમારંભ કરે છે. વસ્તુતઃ દેહમાં રહેલો આત્મા મોહથી અનાકુળ એવા પોતાના જ્ઞાન સ્વરૂપ છે અને જેઓએ શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર જ્ઞાન કર્યું છે કે દેહમાં હું રહેલો હોવા છતાં દેહથી હું ભિન્ન છું અને મોહથી અનાકુળ એવા મારા જ્ઞાનગુણથી મારો અભેદ છે તે મહાત્માઓ જિનવચન અને સ્વઅનુભવનું અવલંબન લઈને દેહમાં વર્તતા પોતાના આત્માના મોહના સ્પર્શ વગરના જ્ઞાનગુણને શ્રુતના બળથી જાણવામાં ઉપયુક્ત છે અને તેઓ સ્વપરાક્રમ દ્વારા પોતાના આત્મામાં મોહથી અનાકુળ એવા જ્ઞાન સ્વરૂપ આત્માનું વેદન કરે છે. તે જ્ઞાનનું વેદન જ આત્માનું ચારિત્ર છે; કેમ કે મોહની આકુળતા વગરનું વેદન હોવાથી અનાશ્રવરૂપ છે અને તે વેદન જ તે આત્માનું જ્ઞાન છે; કેમ કે બોધ સ્વરૂપ છે. વળી, તે વેદન જ તે આત્માનું દર્શન છે; કેમ કે શ્રદ્ધાનરૂપ છે.

આનાથી એ ફલિત થાય કે મોહથી આકુળ આત્મા મિથ્યારત્નત્રયી સ્વરૂપ છે અર્થાત્ મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્ર સ્વરૂપ છે અને જે જે અંશથી મોહની આકુળતા મંદ મંદતર થાય છે તે તે અંશથી સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્રરૂપ આત્મા પ્રગટ થાય છે. વળી, મુનિ મન-વચન-કાયાથી ગુપ્ત થઈને નિર્વિકલ્પ ઉપયોગમાં વર્તે છે ત્યારે મોહથી અનાકુળ એવો વિશિષ્ટ જ્ઞાનનો ઉપયોગ રત્નત્રયીની વિશિષ્ટ અવસ્થાને પામે છે જે પ્રકર્ષને પામીને વીતરાગ, સર્વજ્ઞ થવાનું કારણ બને છે. તેથી સ્વભૂમિકાનુસાર સદા મોહના ત્યાગ માટે જિનવચનનું દૃઢ અવલંબન લઈને જે ધર્મઅનુષ્ઠાન કરાય છે તે અનુષ્ઠાનકાળમાં વર્તતો જિનવચનાનુસાર ઉપયોગ રત્નત્રયીની પરિણતિ સ્વરૂપ છે. આથી જ શ્રાવક ઉચિત ઉપયોગપૂર્વક દ્રવ્ય સ્તવ કરે છે ત્યારે પોતાનામાં વર્તતી રત્નત્રયી ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વવિરતિકાળમાં વર્તતી રત્નત્રયીનું કારણ બને છે. **।।૨।।**

**અવતરણિકા :-**

**આત્મજ્ઞાનની જ સ્તુતિ કરે છે=શ્લોક-૨માં કહ્યું કે મોહના ત્યાગથી આત્માનું જ્ઞાન જ રત્નત્રયી સ્વરૂપ છે તેથી હવે તે આત્મજ્ઞાન જ સર્વકલ્યાણનું કારણ છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**आत्माज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।**
**तपसाप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ।।३।।**

**શ્લોકાર્થ :-**

**આત્માના અજ્ઞાનથી થયેલું દુઃખ=આત્માના પારમાર્થિક સ્વરૂપના બોધના અભાવને કારણે થયેલું કષાયના સંક્લેશ સ્વરૂપ દુઃખ, આત્મજ્ઞાનથી હણાય છે=કષાયના સંશ્લેષ વગરના શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શ કરે તેવા શ્રુતજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ આત્મજ્ઞાનથી હણાય છે, આત્મવિજ્ઞાનથી હીન એવા જીવો વડે=કષાયના સંશ્લેષ વગરના શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને શ્રુતના બળથી વેદન કરી શકે તેવા વિશિષ્ટ જ્ઞાનથી રહિત એવા જીવો વડે, તપથી પણ નાશ કરવા માટે=દુઃખને ઉત્પન્ન કરે એવાં કર્મોનો નાશ કરવા માટે, શક્ય નથી. ।।૩।।**

**ભાવાર્થ :-**

સંસારવર્તી જીવો દેહધારી છે. દેહથી ભિન્ન મારો આત્મા છે તેમ શબ્દોથી કહેતા હોય, શાસ્ત્રવચનથી સાંભળતા હોય તોપણ શરીર સાથે અભેદપૂર્વકના શરીરજન્ય ભાવોનો અનુભવ કરનારા હોય છે પરંતુ શરીરમાં રહેલા અને શરીરથી ભિન્ન એવા આત્માના સ્વરૂપને બતાવનાર એવાં શ્રુતવચનોના બળથી વેદન થાય તેવા આત્મસ્વરૂપને વેદન કરનારા નથી. તેથી આત્માના અજ્ઞાનથી થયેલું દુઃખ તેઓ નાશ કરી શકતા નથી અર્થાત્ આત્માના અજ્ઞાનને કારણે થયેલ બાહ્ય પદાર્થોને આશ્રયીને કષાયની પરિણતિરૂપ જે દુઃખ, તેનો નાશ કરી શકતા નથી અને જેઓને મોહથી અનાકુળ એવા આત્માના સ્વરૂપનું જ્ઞાન શ્રુતના વચનથી થાય છે અને તે જ્ઞાનમાં જ ઉપયુક્ત થઈને તે મહાત્મા વ્યાપારવાળા બને છે તેનાથી જ તેઓ આત્માના અજ્ઞાનથી થયેલા દુઃખનો નાશ કરી શકે છે. જેમ "નમો અરિહંતાણં" પદ બોલીને આત્મજ્ઞાનમાં વર્તતા એવા અરિહંતના સ્વરૂપને અરિહંત પદથી ઉપસ્થિત કરીને જેઓ તેમાં રાગથી લીનતાને પામે તેઓનો શ્રુતનો ઉપયોગ અરિહંતતુલ્ય આત્મ સ્વરૂપમાં લીન થવાથી પૂર્વમાં તેઓમાં આત્માના અજ્ઞાનથી થયેલું કષાયરૂપ દુઃખ નાશ પામે છે.

અહીં પ્રશ્ન થાય કે તપથી નિર્જરા થાય છે તેથી તપ દ્વારા કષાયનું દુઃખ નાશ થઈ શકશે. માટે શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

મોહથી અનાકુળ એવા આત્મજ્ઞાનનો જેઓને અંતરંગ સૂક્ષ્મ ઉપયોગ નથી તેઓ બાહ્યથી માસક્ષમણાદિ તપ કરતા હોય તોપણ કષાયોના દુઃખનું ઉન્મૂલન કરી શકતા નથી અને જો કષાયોના દુઃખનો નાશ ન થાય

તો મોહના ત્યાગથી રત્નત્રયી પ્રગટ થાય નહીં. માટે મોક્ષના અર્થી જીવે મોહથી અનાકુળ એવા આત્માના પારમાર્થિક સ્વરૂપનો શ્રુતના બળથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર બોધ કરવા યત્ન કરવો જોઈએ અને તે બોધ અનુસાર ઉચિત તપાદિ અનુષ્ઠાન કરવાં જોઈએ જેથી રત્નત્રયીની વૃદ્ધિ દ્વારા સંસારનો ઉચ્છેદ થાય. **॥૩॥**

**અવતરણિકા :-**

**આને જ કહે છે=આત્મજ્ઞાનને જ કહે છે –**

**શ્લોક :-**

**अयमात्मैव चिद्रूपः शरीरी कर्मयोगतः ।**
**ध्यानाग्निदग्धकर्मा तु सिद्धात्मा स्यान्निरञ्जनः ।।४।।**

**શ્લોકાર્થ :-**

**આ આત્મા જ=પોતાના શરીરમાં વર્તતો એવો અને સ્વસંવેદનથી પ્રત્યક્ષ જણાતો એવો આ આત્મા જ, ચિદ્રૂપ કર્મના યોગથી શરીરી છે. વળી, ધ્યાન અગ્નિથી દગ્ધકર્મવાળો નિરંજન=સંશ્લેષ વગરનો સિદ્ધ આત્મા, થાય. ।।૪।।**

**ભાવાર્થ :-**

પોતાનો આત્મા જ્ઞાન સ્વરૂપ છે તે પોતાને પ્રત્યક્ષથી દેખાય છે. ફક્ત ચક્ષુઇન્દ્રિયથી આત્મા દેખાતો નથી. તોપણ દેહઅંતરવર્તી હું બોધ કરનાર છું, સુખદુઃખનો અનુભવ કરનાર છું એ પ્રકારનું સ્વસંવેદન સર્વજનનું પ્રતીત છે અને તેવા પ્રતીતિના વિષયભૂત એવો આત્મા કર્મના યોગથી શરીરવાળો છે અને તેવા આત્માનું પારમાર્થિક સ્વરૂપ જાણીને જે મહાત્મા ધ્યાનઅગ્નિથી કર્મોને બાળે છે તે અશરીરી છતો સિદ્ધાત્મા બને છે. વળી, કર્મો અને શરીર વગરનો હોવાને કારણે નિરંજન છે તેવા આત્માને કર્મરહિત સ્વરૂપે પ્રગટ કરવાર્થે તેવા આત્માના સ્વરૂપનું જ્ઞાન જ આવશ્યક છે અને તેનું જ્ઞાન કરીને તેમાં તન્મય થવાથી આવૃત એવું આત્માનું સ્વરૂપ પ્રગટ થાય છે. આથી જ શુદ્ધ આત્માને પ્રગટ કરવાર્થે સર્વશાસ્ત્રનો વ્યાપાર છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**અને –**

**શ્લોક :-**

**अयमात्मैव संसारः कषायेन्द्रियनिर्जितः ।**
**तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ।।५।।**

**શ્લોકાર્થ :-**

**કષાય-ઈન્દ્રિયથી જિતાયેલો આ આત્મા જ સંસાર છે. તેના વિજેતાર એવા તેને જ=કષાય અને ઈન્દ્રિયને જીતનારા એવા આ આત્મારૂપ તેને જ, બુદ્ધિમાન પુરુષો મોક્ષ કહે છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

કષાય અને ઇન્દ્રિયથી વશ થયેલો એવો દેહવર્તી આત્મા નારક, તિર્યંચ, નર અને દેવપણાથી વર્તે છે. માટે તેવો આત્મા જ સંસાર છે=કષાય અને ઇન્દ્રિયને વશ એવો આત્મા જ સંસાર છે અને જે મહાત્માઓ શુદ્ધ આત્માના સ્વરૂપને જાણીને અને વીતરાગના વચનનું દૃઢ અવલંબન લઈને કષાય અને ઇન્દ્રિયને જીતવા અર્થે પાંચ ઇન્દ્રિય અને મનને સંવૃત કરીને અપ્રમાદથી યત્ન કરે છે તેઓના આત્મામાંથી કષાય અને ઇન્દ્રિયનું ચાંચલ્ય ક્ષીણ, ક્ષીણતર થાય છે. વળી, સંપૂર્ણ કષાયોનો નાશ થાય છે અને ઇન્દ્રિયોનો કોલાહલ શાંત થાય છે ત્યારે તે મહાત્મા ઇન્દ્રિય અને કષાયના જીતનારા બને છે અને તે જ તેમનો મોક્ષ છે; કેમ કે સંસારનું બીજ નાશ થવાથી અવશિષ્ટ કર્મો નષ્ટ થશે ત્યારે તે આત્મા સંપૂર્ણ કર્મરહિત અવસ્થાને પ્રાપ્ત કરશે. માટે મોક્ષના અર્થીએ આત્મજ્ઞાનની જ ઉપાસના કરવી જોઈએ; જેથી મોહના ઉન્મૂલન દ્વારા રત્નત્રયીની પ્રાપ્તિ થાય અને જેના ફળ રૂપે પૂર્ણ સુખમય મુક્તઅવસ્થાની પ્રાપ્તિ થાય. **॥૫॥**

**અવતરણિકા :-**

**કષાય અને ઈન્દ્રિયથી જિતાયેલો આત્મા સંસાર છે એમ કહીને તે કથનમાં કષાયોને બતાવે છે —**

**શ્લોક :-**

**स्युः कषायाः क्रोधमानमायालोभाः शरीरिणाम् ।**
**चतुर्विधास्ते प्रत्येकं भेदैः संज्वलनादिभिः ।।६।।**

**શ્લોકાર્થ :-**

**શરીરીના=સંસારી જીવોના, ક્રોધ, માન, માયા, લોભ કષાયો છે. સંજ્વલનાદિ ભેદો વડે તે પ્રત્યેક=ક્રોધાદિ પ્રત્યેક, ચાર પ્રકારના છે. ।।૬।।**

**ભાવાર્થ :-**

ક્રોધ, માન, માયા, લોભ એ ચાર સંસારી જીવોના પરિણામ છે. તેને કષાય શબ્દથી કહેવામાં આવે છે; કેમ કે કષાય શબ્દની વ્યુત્પત્તિ છે કે પ્રાણીઓ જેમાં કષાય=પોતાના આત્માને ક્લેશવાળા કરે અથવા જેનાથી પ્રાણીઓની હિંસા કરાય છે તે કષાય. તેથી એ પ્રાપ્ત થાય કે કષાયના પરિણામમાં જીવ પોતાના આત્માને સતત વિહ્વળ રાખે છે અને તે વિહ્વળતા આપાદક જીવનો પરિણામ એ કષાય છે અથવા કષાયને વશ જીવો આરંભસમારંભ કરે છે માટે પ્રાણીઓની હિંસા થાય છે તેથી હિંસાના કારણીભૂત જીવનો પરિણામ તે કષાય છે. કષાયમાં 'કષ' શબ્દ સંસાર અર્થમાં છે કે કર્મ અર્થમાં છે; કેમ કે જીવને જે કષ અર્થાત્ વિડંબના કરે તે કષ છે. માટે સંસાર છે અથવા જીવ સાથે જે કર્મ લાગે તે કષ છે; કેમ કે લાગેલાં કર્મ જીવને વિડંબના કરનાર છે અને તેનો આય=લાભ=કષનો લાભ, તે કષાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવને જે પરિણામથી સંસારનો લાભ થાય કે કર્મબંધનો લાભ થાય તે કષાય છે.

કષાયો ક્રોધ, માન, માયા, લોભરૂપ ચાર પ્રકારના છે. વળી, તે ચારેય કષાયો સંજ્વલન, પ્રત્યાખ્યાનાવરણ, અપ્રત્યાખ્યાનાવરણ અને અનંતાનુબંધી રૂપ ચાર ચાર ભેદવાળા હોવાથી ૧૬ પ્રકારના છે. તેમાં અનંતાનુબંધી તીવ્ર છે, અપ્રત્યાખ્યાનાવરણ મધ્યમ છે, પ્રત્યાખ્યાનાવરણ વિમધ્યમ છે અને સંજ્વલન મંદ છે. જે જીવોને કષાય પોતાના આત્માને પ્રતિકૂળ છે એવો બોધ નથી તેવી વિપર્યાસબુદ્ધિવાળા જીવોના કષાયો અનંતાનુબંધી હોવાથી તીવ્ર છે. જેમ કોઈને ધનનો લોભ પ્રિય લાગતો હોય પરંતુ લોભને વશ હું વિહ્વળ છું તેવી બુદ્ધિ થતી નથી આથી જ તે લોભ ક્યારેક ઉપયોગ રૂપે તીવ્ર પણ હોય અને ક્યારેક ઉપયોગ રૂપે મંદ, મંદતર, પ્રવર્તતો હોય તોપણ સાર બુદ્ધિવાળો લોભનો પરિણામ હોવાથી તીવ્ર છે માટે અનંતાનુબંધી છે.

વળી, જે જીવો સમ્યક્ત્વ પામ્યા નથી છતાં તત્ત્વને અભિમુખ થયા છે અને તેના કારણે પોતાના સ્થૂલબોધને અનુરૂપ કેટલાક ક્રોધાદિ કષાયો થાય છે ત્યારે આ કષાયો સુંદર નથી તેવું જ્ઞાન જેઓને છે તેઓના કષાયો અનંતાનુબંધી હોવા છતાં તેટલા અંશમાં મંદ છે.

વળી, જેટલા જેટલા અંશથી જે જે કષાયોનો સૂક્ષ્મબોધ થાય છે અને તે કષાયો જીવની વિહ્વળ અવસ્થા છે તેવું જ્ઞાન થાય છે તે સમ્યગ્જ્ઞાન છે અને તેટલા તેટલા અંશથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય ક્ષીણ ક્ષીણતર થાય છે. વળી, જેઓને કષાયોની સર્વ વિહ્વળ અવસ્થા જીવની વિડંબના છે તેવો સૂક્ષ્મબોધ થાય છે અને કષાય રહિત આત્માની નિરાકુળ અવસ્થા જીવની સુંદર અવસ્થા છે તેવો સૂક્ષ્મબોધ થાય છે તેઓ સમ્યગ્દૃષ્ટિ છે અને તેવા મહાત્માને તે કષાયકાળમાં પણ તે કષાય પ્રત્યે અવશ્ય દ્વેષ વર્તે છે. જેમ સંસારી જીવોને અશાતાના ઉદય સમયે અશાતાકાળમાં પણ અશાતા પ્રત્યે દ્વેષ વર્તે છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને કષાયકાળમાં કષાય પ્રત્યે દ્વેષ વર્તે છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વશક્તિ અનુસાર કષાયોના સ્વરૂપનું સૂક્ષ્મ, સૂક્ષ્મતર અવલોકન કરીને તેને કાઢવા માટે સદા યત્ન કરે છે. ક્વચિત્ રાગાદિને વશ ભોગાદિમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે પણ તે રાગાદિ પોતાની વિહ્વળ અવસ્થા છે તેવો બોધ હોવાથી સંવેગસારા પાપ પ્રવૃત્તિ કરે છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**સંજ્વલનાદિ કષાયોના લક્ષણને કહે છે=ઉત્કૃષ્ટ અવસ્થાન કાળ સ્વરૂપ લક્ષણને કહે છે –**

**શ્લોક :-**

**पक्षं संज्वलनः प्रत्याख्यानो मासचतुष्टयम् ।**
**अप्रत्याख्यानको वर्षं जन्मानन्तानुबन्धकः ।।७।।**

**શ્લોકાર્થ :-**

**સંજ્વલનકષાય એક પક્ષ રહે છે. પ્રત્યાખ્યાની=પ્રત્યાખ્યાનાવરણકષાય, ચાર માસ રહે છે. અપ્રત્યાખ્યાનીક=અપ્રત્યાખ્યાનાવરણકષાય, એક વર્ષ રહે છે. અનંતાનુબંધક=અનંતાનુબંધી કષાય, જન્મ સુધી રહે છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

સંજ્વલનકષાય તણખલાના અગ્નિની જેમ અલ્પ જ્વલનાત્મક હોય છે અને પરિષહાદિની પ્રાપ્તિ વખતે સુસાધુ પણ અલ્પ રતિ-અરતિના વિકલ્પો કરે છે. વળી, સંજ્વલનકષાય સહસા ચિત્તમાં સ્ફૂરણ થાય છે તોપણ તે કષાય એક પક્ષથી અધિક ચિત્તમાં રહેતો નથી. આનાથી એ પ્રાપ્ત થાય કે સંજ્વલનકષાયના ઉદયવાળા ચંડરુદ્રાચાર્યને શિષ્યોના પ્રસંગે અત્યંત ગુસ્સાનો આવેશ વર્તતો હતો તોપણ, જેમ તૃણનો અગ્નિ સહજ બળીને તરત શાંત થાય છે તેવો તૃણના અગ્નિ જેવો જ તેમનો કષાય હતો; કેમ કે ભગવાનના વચનથી ભાવિત થઈને તે મહાત્મા દિવસ દરમિયાન સર્વ ઉચિત ક્રિયાઓ જિનવચનના નિયંત્રણ નીચે કરનારા હતા તેથી સતત સમભાવના ઉપયોગવાળા હતા. વળી, શિષ્યોને પ્રતિદિન સૂત્ર પોરિસી અને અર્થ પોરિસી આદિ કરાવીને પોતે પણ શાસ્ત્રથી ભાવિત થતા હતા તેથી સતત વીતરાગતાને અનુકૂળ સમભાવના સંસ્કારો ઘન-ઘનતર થતા હતા. માટે તેમનો આત્મા સંયમના કંડકોમાં સતત વૃદ્ધિને પામતો હતો છતાં ક્રોધ આપાદક વિશિષ્ટ પ્રકારનાં કર્મો સત્તામાં હતાં તેથી નિમિત્તને પામીને ઈષદ્ જ્વલન સ્વભાવ પ્રગટ થતો હતો તોપણ જેવો તે સ્વભાવ શાંત થાય કે તરત જ તે મહાત્મા સમભાવની વૃદ્ધિને અનુકૂળ યત્ન કરીને જગતના સર્વ પદાર્થો પ્રત્યે નિરપેક્ષ પરિણામવાળા થતા હતા. ફક્ત ચંડ સ્વભાવને કારણે તેમનું કેવળજ્ઞાન અવરુદ્ધ હતું અને નિમિત્તને પામીને જેવો તે ચંડ સ્વભાવનો ત્યાગ કર્યો કે તરત ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ થઈ. તેથી બાહ્ય આવેગ હોવા છતાં જેમનું ચિત્ત અન્ય સર્વ ભાવો પ્રત્યે નિર્મમ રહે છે તેઓને નિમિત્તને પામીને ક્રોધાદિ કષાયો ઉત્પન્ન થાય છે તોપણ તે દીર્ઘકાળ ટકી શકતા નથી અને પ્રગટ થયેલો તે કષાય ઉપયોગ રૂપે તો ક્ષણભર જ રહે છે પરંતુ નિંદા, ગર્હા દ્વારા તેની વિશુદ્ધિ તે મહાત્મા અવશ્ય એક પક્ષમાં અર્થાત્ પંદર દિવસમાં કરે છે તેથી એક પક્ષથી અધિક તેના સંસ્કારો આત્મામાં રહી શકે નહીં તેવો સંજ્વલનકષાયનો ઉદય હોય છે.

વળી, બાહુબલીજીએ દીક્ષા ગ્રહણ કરી ત્યારે તેઓ સંસારના સર્વ સંબંધો પ્રત્યે નિરપેક્ષ થઈને સમભાવના પરિણામવાળા હતા તેથી ધન, રાજ્યાદિ કોઈના પ્રત્યે લેશ પણ સ્નેહનો પરિણામ દીક્ષાકાળમાં ન હતો. આમ છતાં પોતાના નાનાભાઈઓ જે કેવલી થયા હતા તેમને વંદન કરવામાં બાધ કરે તેવો સંજ્વલનનો માનકષાય તેમને પ્રગટ થયો. તે કષાય સંજ્વલનાત્મક હોવા છતાં ધ્યાનમાં તે પ્રકારનો ઉપયોગ નહીં જવાથી બાર મહિના સુધી તે માનકષાયની શુદ્ધિ થઈ શકી નહીં, તોપણ અન્ય પદાર્થો પ્રત્યે પ્રતિબંધ વગરનું ચિત્ત હોવાથી ઈષદ્ જ્વલન સ્વરૂપ તેમનો માનકષાય હતો. સામાન્ય રીતે સંજ્વલનકષાય પ્રગટ થયા પછી પંદર દિવસમાં તેની શુદ્ધિ કરી સંજ્વલનકષાયના ઉદયવાળા મહાત્માઓનું ચિત્ત તે ભાવોથી અવશ્ય નિવર્તન પામે છે, તોપણ બાહુબલીજીની જેમ કોઈ મહાત્માનો વિશિષ્ટ ધ્યાનાદિમાં યત્ન વર્તતો હોય અને તે પ્રકારનો ઉપયોગ ઉત્થિત ન થાય તો તેની શુદ્ધિ માટેનો યત્ન અધિક કાળ પછી પણ થઈ શકે છે. માટે પક્ષમાસની અવધિ બહુલતાને આશ્રયીને છે; કેમ કે બાહુબલીજીની જેમ એવા ધ્યાનાદિમાં યત્ન ન કરતા હોય તેવા મહાત્માને તો થયેલ કષાય પ્રાયઃ તરત ઉપસ્થિત થાય છે. વળી, સંજ્વલનકષાય તૃણના અગ્નિની જેમ મંદ શક્તિવાળો હોવાથી શીઘ્ર શાંત થાય તેવો હોય છે; કેમ કે દેહથી માંડીને સર્વ પદાર્થો પ્રત્યે નિર્મમભાવ

કેળવેલો છે તેવા જ મહાત્માઓને સંજ્વલનકષાયનો ઉદય હોય છે.

અન્ય મહાત્માઓને તો દેહાદિ પ્રત્યે અવસ્થિત મમત્વભાવ હોય છે. આથી જ ગુણસ્થાનકમાં રહેલા પણ દેશવિરતિધર શ્રાવકોને કોઈક સ્થાનમાં અવસ્થિત મમત્વભાવ છે તેથી જ સર્વ સાવદ્યના ત્યાગરૂપ સંયમને પાળવા માટે તેઓ સમર્થ નથી તેથી અલ્પ પણ ક્રોધાદિ કષાય થાય ત્યારે તે શ્રાવકોને સંજ્વલનના કષાયનો ઉદય હોતો નથી પરંતુ દેશવિરતિધર હોય તો પ્રત્યાખ્યાનાવરણકષાયના ઉદયરૂપ તે ક્રોધાદિ પરિણામ છે. વળી, કોઈ શ્રાવક સામાયિકમાં હોય અને ક્ષમાદિ ભાવોનો ઉપયોગ વર્તતો હોય ત્યારે પણ પ્રત્યાખ્યાનાવરણકષાયના ક્ષયોપશમભાવરૂપ ક્ષમાદિ ભાવો શ્રાવકને નથી પરંતુ અપ્રત્યાખ્યાનાવરણકષાયના ક્ષયોપશમભાવરૂપ જ સમભાવ છે અને જે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પ્રત્યાખ્યાનાવરણકષાયના ક્ષયોપશમનું કારણ બને છે. જ્યારે ભાવથી મુનિભાવમાં વર્તતા મહાત્માઓને સદા પ્રત્યાખ્યાનાવરણકષાયનો ક્ષયોપશમભાવ વર્તતો હોય છે અને કોઈક ક્રોધાદિ કષાયનો ઉદય થાય ત્યારે સંજ્વલનનો ઉદય પ્રાપ્ત થાય છે અને જ્યારે તે મહાત્મા ક્ષમાદિ ભાવોને અનુકૂળ વ્યાપારવાળા છે ત્યારે સંજ્વલનકષાયનો પણ ક્ષયોપશમભાવ વર્તતો હોય છે.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે સંજ્વલનકષાયના ઉદયવાળા મુનિને પ્રત્યાખ્યાનાવરણ, અપ્રત્યાખ્યાનાવરણ અને અનંતાનુબંધી ત્રણનો ક્ષયોપશમભાવ હોય છે અને સંજ્વલનકષાયના ક્રોધાદિમાંથી કોઈ એક કષાયનો ઉદય હોય ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે અને જ્યારે એ મહાત્મા ક્ષમાદિ ભાવોની વૃદ્ધિને અનુકૂળ ઉપયોગવાળા હોય છે ત્યારે સંજ્વલનકષાયનો પણ ક્ષયોપશમભાવ વર્તતો હોય છે.

વળી, દેશવિરતિધર શ્રાવકને અનંતાનુબંધીકષાયનો અને અપ્રત્યાખ્યાનાવરણકષાયનો ક્ષયોપશમ હોય છે અને પ્રત્યાખ્યાનાવરણકષાયનો અને સંજ્વલનકષાયનો ઉદય હોય છે અને જ્યારે તે શ્રાવક ક્રોધાદિમાંથી કોઈ એક કષાયના ઉપયોગવાળા હોય ત્યારે અપ્રત્યાખ્યાનાવરણકષાયનો ઉદય થાય છે. વળી, તે શ્રાવક ક્ષમાદિ ભાવોના ઉપયોગવાળા હોય ત્યારે અપ્રત્યાખ્યાનાવરણકષાયનો ક્ષયોપશમભાવ વૃદ્ધિ પામતો હોય છે જે વૃદ્ધિ પામીને પ્રત્યાખ્યાનાવરણકષાયના ક્ષયોપશમભાવનું કારણ બનશે.

વળી, અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને અનંતાનુબંધીનો ક્ષયોપશમભાવ હોય છે અને અપ્રત્યાખ્યાનાવરણકષાયનો, પ્રત્યાખ્યાનાવરણકષાયનો અને સંજ્વલનકષાયનો ઉદય હોય છે. વળી, તે અવિરત સમ્યગ્દૃષ્ટિ મહાત્મા ક્ષમાદિ ભાવોની વૃદ્ધિ થાય તે પ્રકારે આત્માને ભાવિત કરે છે ત્યારે અપ્રત્યાખ્યાનાવરણકષાયનો જે ઉદય વર્તે છે તે મંદ, મંદતર થઈને ક્ષયોપશમભાવ તરફ જાય છે અને અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો કષાયના ઉપયોગવાળા હોય છે ત્યારે તે અપ્રત્યાખ્યાનાવરણકષાય જ વૃદ્ધિને પામીને અનંતાનુબંધી કષાયને આસન્ન, આસન્નતર થાય છે.

વળી, ભદ્રકપ્રકૃતિવાળા મિથ્યાદૃષ્ટિ જીવોને અનંતાનુબંધી કષાયનો પણ ઉદય હોય છે તોપણ તે મંદ અવસ્થામાં હોય છે અને જ્યારે તેઓ તત્ત્વચિંતવન કરીને કષાયના ઉચ્છેદ માટે યત્ન કરે છે ત્યારે તેઓનો અનંતાનુબંધી કષાય મંદ, મંદતર થાય છે પરંતુ તેઓ કષાયને વશ ઉપયોગવાળા હોય છે ત્યારે વિદ્યમાન અનંતાનુબંધી કષાય જ વૃદ્ધિ પામતો હોય છે. ॥૭॥

**અવતરણિકા :-**

**પ્રસન્નચંદ્રાદિ ઋષિઓના ક્ષણ માત્ર સ્થિતિવાળા પણ કષાયોનું અનંતાનુબંધીપણું છે અન્યથા નરકયોગ્ય કર્મોના ઉપાર્જનનો અભાવ છે તેથી કાલનિયમકૃત સંજ્વલનાદિ લક્ષણમાં અપરિતોષને પામતા ગ્રંથકારશ્રી લક્ષણાંતરને કહે છે –**

**શ્લોક :-**

**वीतरागयतिश्राद्धसम्यग्दृष्टित्वघातकाः ।**
**ते देवत्वमनुष्यत्वतिर्यक्त्वनरकप्रदाः ।।८।।**

**શ્લોકાર્થ :-**

**તે=સંજ્વલનાદિ ચાર કષાયો, ક્રમસર વીતરાગપણાના, યતિપણાના, શ્રાવકપણાના અને સમ્યગ્દષ્ટિપણાના ઘાતક છે અને ક્રમસર દેવપણું, મનુષ્યપણું, તિર્યંચપણું અને નરકને દેનારા છે. ।।૮।।**

**ભાવાર્થ :-**

મુનિઓ સંજ્વલનકષાયના ઉદયવાળા હોય ત્યારે તેમનો વીતરાગત્વ ગુણ ઘાત થાય છે. આથી જ ચંડરુદ્રાચાર્ય જ્યારે સંજ્વલન ક્રોધના ઉદયવાળા હતા ત્યારે તેમનો સંજ્વલનકષાયના ઉદયથી વીતરાગત્વ ગુણનો ઘાત થતો હતો. વળી, જ્યારે તે મહાત્મા ક્રોધ કષાયના અનર્થનું ભાવન કરીને ક્ષમાદિ ગુણોના ઉપયોગવાળા બને છે ત્યારે વીતરાગત્વ ગુણ પ્રગટ થવાને અનુકૂળ વ્યાપારનો આરંભ થાય છે. સંજ્વલનકષાયના ઉદયવાળા મુનિઓને વીતરાગતા સિવાય કોઈ પદાર્થમાં અવસ્થિત રાગ કે અવસ્થિત દ્વેષ વર્તતો નથી પરંતુ દેહથી માંડી સર્વ પુદ્ગલો પ્રત્યે ઉપેક્ષા હોય છે, વીતરાગતા પ્રત્યે રાગ હોય છે અને અવીતરાગતા પ્રત્યે દ્વેષ હોય છે. આમ છતાં કોઈક નિમિત્તને પામીને ઈષદ્ જ્વલનાત્મક ક્રોધાદિ ભાવો ક્ષણભર થાય છે ત્યારે તે મહાત્મા તરત જાગૃત થઈને તે કષાયોને દૂર કરવા યત્ન કરે છે.

વળી, પ્રત્યાખ્યાનાવરણનો ઉદય યતિત્વ ગુણનો ઘાતક છે. દેશવિરતિધર શ્રાવકોને ચારિત્રધર્મ પ્રત્યે અત્યંત રાગ છે, વીતરાગતા પ્રત્યે અત્યંત રાગ છે અને અવીતરાગતા પ્રત્યે અત્યંત દ્વેષ છે, તોપણ પ્રત્યાખ્યાનાવરણકષાયના ઉદયથી પોતાના શરીર પ્રત્યે, સ્વજનાદિ પ્રત્યે કે ધનાદિ પ્રત્યે પણ કંઈક અવસ્થિત રાગ છે તેથી સામાયિકાદિ કરે ત્યારે ઉપયોગ રૂપે સમભાવનો પરિણામ હોવા છતાં સ્વજનાદિ પ્રત્યેનો અવસ્થિત રાગ નાશ પામ્યો નથી અને પોતાના ઇષ્ટ પદાર્થના નાશ પ્રત્યે અવસ્થિત દ્વેષ પણ નાશ પામ્યો નથી. તેથી સામાયિક દરમિયાન સમભાવનો ઉપયોગ હોય તોપણ સ્વજનાદિ પ્રત્યેના રાગથી યુક્ત વિષધારિત ચિત્ત ત્યારે પણ વિદ્યમાન છે. તેથી સાધુના સમભાવ કરતાં શ્રાવકના સમભાવના ઉપયોગમાં ભેદ પડે છે. દેશવિરતિવાળા શ્રાવક પણ પ્રત્યાખ્યાનાવરણના ઉદયથી ક્રોધાદિ ભાવોમાં વર્તે છે ત્યારે તેઓનો પ્રત્યાખ્યાનાવરણનો ઉદય યતિત્વ ગુણનો ઘાત કરે છે. વળી, તે શ્રાવક જ્યારે પ્રત્યાખ્યાનાવરણના

ઉદયવાળા હોવા છતાં ક્ષમાદિ ગુણોને અનુકૂળ ઉપયોગવાળા થઈને ભગવદ્ભક્તિ આદિમાં યત્ન કરે છે ત્યારે તેઓનો પ્રત્યાખ્યાનાવરણનો ઉદય ક્ષયોપશમભાવને અભિમુખ વર્તતો હોવાથી તેઓ યતિભાવવાળા નહીં હોવા છતાં યતિભાવને પામી રહ્યા છે. આથી જ તેઓ તે પ્રત્યાખ્યાનાવરણના ઉદયથી જ ભગવદ્ભક્તિ આદિ કરીને સાધુપણાને અનુકૂળ શક્તિનો સંચય કરે છે. આથી જ શ્રાવકોને દ્રવ્યસ્તવ, એ ભાવસ્તવરૂપ ચારિત્રની પ્રાપ્તિનું કારણ બને છે. સાગરચંદ્ર પૌષધમાં રહીને શૂન્યઘરમાં ધ્યાનસ્થ હતા ત્યારે તેઓને પ્રત્યાખ્યાનાવરણનો ઉદય હોવા છતાં ધર્મજાગરિકા દ્વારા તેમનો પ્રત્યાખ્યાનાવરણનો ઉદય ક્ષયોપશમભાવને અભિમુખ પ્રવર્તતો હતો. વળી, તેઓ ભોગાદિમાં પ્રવૃત્તિ કરે ત્યારે પ્રત્યાખ્યાનાવરણનો ઉદય યતિભાવને સન્મુખ પ્રવર્તતો નથી પરંતુ તે તે પ્રકારના રાગાદિ ભાવોમાં પ્રવર્તે છે તેથી તે પ્રત્યાખ્યાનાવરણનો ઉદય યતિત્વનો ઘાતક બને છે.

વળી, જે જીવોને અનંતાનુબંધીનો ક્ષયોપશમ છે અને અપ્રત્યાખ્યાનાવરણકષાયનો ઉદય છે તેઓનો અપ્રત્યાખ્યાનાવરણકષાય શ્રાવકપણાનો ઘાત કરે છે અર્થાત્ દેશવિરતિ ગુણસ્થાનકની પ્રાપ્તિ થવામાં બાધ કરે છે. અપ્રત્યાખ્યાનાવરણકષાયના ઉદયવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો ભગવાનની પૂજા કરે છે ત્યારે તેઓનો ઉપયોગ ભગવાનના ગુણોમાં પ્રવર્તતો હોવાથી દેશવિરતિના આવારક એવા અપ્રત્યાખ્યાનાવરણકષાયનો ઉદય ક્ષયોપશમભાવને અભિમુખ પ્રવર્તે છે તેથી તેઓ દેશવિરતિવાળા નહીં હોવા છતાં દેશવિરતિને પામી રહ્યા છે. વળી, અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો ભોગાદિમાં પ્રવર્તે છે ત્યારે અપ્રત્યાખ્યાનાવરણનો ઉદય ક્ષયોપશમભાવને અભિમુખ નહીં હોવાથી પોતાની અવિરતિને જ પુષ્ટ કરવામાં વ્યાપારવાળો છે. આથી જ અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ પોતાની શક્તિ અનુસાર ભગવદ્ભક્તિ આદિ ઉચિત અનુષ્ઠાનો કરીને ઉદયમાં વર્તતો અપ્રત્યાખ્યાનાવરણકષાય ક્ષયોપશમભાવનું કારણ બને તે રીતે યત્ન કરે છે જેથી ક્રમે કરીને દેશવિરતિની અને સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે.

વળી, અનંતાનુબંધીનો ઉદય સમ્યગ્દૃષ્ટિપણારૂપ ગુણનો ઘાતક છે. આમ છતાં જેઓનો અનંતાનુબંધી કષાય કંઈક શિથિલ થયો છે તેઓ ભગવદ્ભક્તિ આદિ ઉચિત અનુષ્ઠાન કરીને અનંતાનુબંધીના ઉદયને ક્ષયોપશમભાવને અભિમુખ કરે છે. આથી જ અનંતાનુબંધીના ઉદયવાળા પણ જીવો ભગવદ્ભક્તિ આદિ કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે અનંતાનુબંધીનો ક્ષયોપશમભાવ પ્રાપ્ત થાય છે. વળી, અનંતાનુબંધી ઉદયવાળા જીવો ભગવદ્ભક્તિ આદિ અનુષ્ઠાન છોડીને ભોગાદિ પ્રત્યે વ્યાપારવાળા હોય છે ત્યારે તેઓમાં ઉદયરૂપે વર્તતો અનંતાનુબંધી કષાય ક્ષયોપશમભાવને અભિમુખ પ્રાયઃ થતો નથી તેથી ગુણપ્રાપ્તિનું કારણ બનતો નથી.

વળી, જે જીવો સંજ્વલનકષાયના ક્ષયોપશમભાવવાળા નથી પરંતુ ઉદયભાવવાળા છે તેઓને સંજ્વલનકષાયના ઉદયથી દેવભવની પ્રાપ્તિ થાય છે. વળી, જેઓ પ્રત્યાખ્યાનાવરણકષાયના ઉદયવાળા છે તેઓને તે વખતે વર્તતો પ્રત્યાખ્યાનાવરણકષાયનો ઉદય ક્ષયોપશમભાવને અભિમુખ ન હોય પરંતુ કષાયના ઉદયરૂપે હોય તો મનુષ્યગતિનું કારણ છે. વળી, જેઓને અપ્રત્યાખ્યાનાવરણકષાયનો ઉદય છે તેઓનો ઉપયોગ ક્ષયોપશમભાવને અભિમુખ ન હોય પરંતુ અવિરતિને અભિમુખ હોય તો તિર્યંચગતિનું કારણ છે. વળી, અનંતાનુબંધીનો

કષાય જેઓને વર્તે છે તેઓનો અનંતાનુબંધી કષાયનો ઉદય ક્ષયોપશમભાવને અભિમુખ ન હોય તો નરકગતિનું કારણ બને છે.

અવિરત સમ્યગ્દષ્ટિ દેવઆયુષ્ય બાંધે છે એ પ્રકારનું શાસ્ત્રવચન છે અને તેને અપ્રત્યાખ્યાનાવરણ-કષાયનો ઉદય વર્તે છે અને પ્રસ્તુતમાં અપ્રત્યાખ્યાનાવરણકષાયના ઉદયવાળાને તિર્યંચગતિની પ્રાપ્તિ કહી તે વચનનો જે વિરોધ છે તે વિષયક અધિક સ્પષ્ટતા ગીતાર્થગંગા દ્વારા પ્રકાશિત તત્ત્વાર્થસૂત્ર ભાગ-૩, પૃ. ૧૨૦-૧૨૧ ઉપર અધ્યયન-૬, સૂત્ર-૨૦ના અમારા વિવરણ દ્વારા મેળવવી. **॥૮॥**

**અવતરણિકા :-**

**હવે કષાયોનું જેતવ્યપણું=જીતવાયોગ્યપણું, બતાવવા માટે દોષોને=કષાયોના અનર્થોને, કહે છે –**

**શ્લોક :-**

**तत्रोपतापकः क्रोधः क्रोधो वैरस्य कारणम् ।**
**दुर्गतेर्वर्तनी क्रोधः क्रोधः शमसुखार्गला ।।९।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=કષાયોમાં ક્રોધ ઉપતાપક છે=પોતાના આત્માને ઉપતાપક છે. ક્રોધ વૈરનું કારણ છે=અન્યની સાથે વેરનું કારણ છે. ક્રોધ દુર્ગતિની વર્તની છે=માર્ગ છે. ક્રોધ શમ સુખની અર્ગલા છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

નિમિત્તને પામીને સંસારી જીવોમાં ક્રોધ ઉત્પન્ન થાય છે તે વખતે ક્રોધના પ્રત્યક્ષ અનર્થો દેખાવા છતાં જીવનો તે પ્રકારનો ઉપયોગ ઉત્થિત થતો નથી તેથી તે તે નિમિત્તોને પામીને જે કોપ થાય છે તે કોપ-નિવારણનો ઉપાય ક્રોધથી થતા અનુભવસિદ્ધ અનર્થોનું વારંવાર ભાવન કરવામાં આવે તો તે ભાવનના સંસ્કારો શીઘ્ર ઉપસ્થિત થાય છે જેથી નિમિત્તને પામીને પણ કોપ ઉત્પન્ન થતો નથી. માટે વિચારકે હૈયાને સ્પર્શે તે રીતે વિચારવું જોઈએ કે જ્યારે જ્યારે પોતાને ક્રોધ થાય છે ત્યારે ત્યારે તે ક્રોધ પોતાના આત્માને જ ઉપતાપ કરે છે=શરીર અને મનની વિહ્વળતા કરે છે, જે અનર્થ દરેકને સ્વસંવેદનથી સિદ્ધ છે. આ પ્રકારે વારંવાર વિચારવાથી ઉપતાપ કરનાર ક્રોધ પ્રત્યે દ્વેષ થાય છે જેથી નિમિત્તોને પામીને પણ કોપ થવાની સંભાવના અલ્પ, અલ્પતર થાય છે. વળી, ક્રોધ જેના પર કરવામાં આવે છે તેની સાથે વૈરભાવ બંધાય છે તેથી સદા તેના તરફથી પોતાને ભય રહે છે. માટે પણ વિચારકે ક્રોધ કરવો જોઈએ નહીં. વળી, ક્રોધકાળમાં થયેલા ક્લિષ્ટ અધ્યવસાયને કારણે નરકની પ્રાપ્તિરૂપ દુર્ગતિ જન્માંતરમાં મળે છે. માટે વિચારકે ભાવિના અત્યંત અનર્થનો વિચાર કરીને પણ ક્રોધના સંસ્કારોને તિરોધાન કરવા યત્ન કરવો જોઈએ. વળી, અક્રોધ સ્વભાવવાળા મહાત્માને સ્વસ્થતારૂપ શમ સુખ વર્તે છે. તે શમ સુખને આત્મામાં પ્રગટ કરવા માટે અવરોધ કરનાર ક્રોધ છે. માટે સુખનો નાશક અને દુઃખની પરંપરામાં કારણીભૂત ક્રોધ છે. આ રીતે અત્યંત ભાવન કરીને આત્માના અક્રોધ સ્વભાવને પ્રગટ કરવાર્થે યત્ન કરવો જોઈએ. **॥૯॥**

**અવતરણિકા :-**

**ક્રોધનું સ્વ-પર ઉપતાપકારીપણું હોવા છતાં પણ અગ્નિના દૃષ્ટાંતથી સ્વઉપતાપકપણું સમર્થન કરે છે –**

**શ્લોક :-**

**उत्पद्यमानः प्रथमं दहत्येव स्वमाश्रयम् ।**
**क्रोधः कृशानुवत् पश्चादन्यं दहति वा न वा ।।१०।।**

**શ્લોકાર્થ :-**

**ઉત્પદ્યમાન એવો ક્રોધ અગ્નિની જેમ પ્રથમ પોતાના આશ્રયને બાળે જ છે. પાછળથી અન્યને બાળે પણ અથવા ન પણ બાળે. ।।૧૦।।**

**ભાવાર્થ :-**

ક્રોધનું અત્યંત શમન કરવા અર્થે મહાત્મા ભાવન કરે છે કે જેમ અગ્નિ જે સ્થાનમાં ઉત્પન્ન થાય તે સ્થાનમાં રહેલી વસ્તુને નિયમથી બાળે છે તેમ પોતાનામાં જ્યારે જ્યારે ક્રોધ ઉત્પન્ન થાય છે ત્યારે ત્યારે ક્રોધના આશ્રયભૂત પોતાનો આત્મા સતત ક્રોધના તાપથી પીડાય છે. વળી, જેના પર ક્રોધ કરવામાં આવે છે તેને બાળે પણ અને ન પણ બાળે, જેમ ઉત્પન્ન થયેલો અગ્નિ તેવા પ્રકારના અત્યંત દૃઢ વિરલતા વગરનાં વૃક્ષોને બાળી શકતો નથી પરંતુ ઓલવાઈ જાય છે તેમ ક્રોધ કરનાર જેના પર ક્રોધ કરે છે તે પુરુષ ક્ષમાશીલ હોય તો તે ક્રોધ તેને બાળવા સમર્થ બનતો નથી. માટે પોતાનો નાશ કરનાર ક્રોધ છે એમ ભાવન કરીને તેના પરિહાર માટે અત્યંત યત્ન કરવો જોઈએ. **।।૧૦।।**

**અવતરણિકા :-**

**ક્રોધનું સ્વરૂપ કહીને ક્રોધને જીતવાના ઉપાયોને બતાવે છે –**

**શ્લોક :-**

**क्रोधवह्नेस्तदह्नाय शमनाय शुभात्मभिः ।**
**श्रयणीया क्षमैकैव संयमारामसारणिः ।।११।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=ક્રોધ પૂર્વમાં કહ્યું તેવા સ્વરૂપવાળો હોવાથી, ક્રોધરૂપી અગ્નિને શમન કરવા માટે પુણ્યશાળી જીવોએ સંયમરૂપી બગીચામાં સારણિ જેવી એક ક્ષમા જ આશ્રય કરવી જોઈએ. ।।૧૧।।**

**ભાવાર્થ :-**

જે જીવોને નિમિત્તને પામીને ઈષદ્ કે અત્યંત ક્રોધ થતો હોય તેવા જીવોએ ક્રોધનું અનર્થકારી સ્વરૂપ

વિચાર્યા પછી વારંવાર ભાવન કરવું જોઈએ કે ક્ષમા જ મારો સ્વભાવ છે જે સંયમની વૃદ્ધિ કરીને અનેક સુખની પરંપરાને કરનાર છે. જેમ સુંદર બગીચામાં પાણીની ક્યારી હોય તો તે પાણીના આગમનથી તે બગીચો પલ્લવિત બને છે તેમ આત્માનો સંયમનો પરિણામ તે આત્મા માટે સદ્ગતિઓની પરંપરાનું કારણ હોવાથી સુંદર બગીચા જેવો છે અને તેને પલ્લવિત કરવા માટે ક્યારી જેવો ક્ષમાનો જ એક પરિણામ છે. માટે પોતાના ક્ષમાના સ્વભાવનું સ્વરૂપ વારંવાર ચિંતવન કરીને ક્રોધનો જય કરવો જોઈએ. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**હવે, માનકષાયનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**विनयश्रुतशीलानां त्रिवर्गस्य च घातकः ।**
**विवेकलोचनं लुम्पन् मानोऽन्धङ्करणो नृणाम् ।।१२।।**

**શ્લોકાર્થ :-**

**વિનય, શ્રુત, શીલનો અને ત્રિવર્ગનો=ધર્મ, અર્થ, કામરૂપ ત્રિવર્ગનો ઘાતક, વિવેકરૂપી લોચનનો લોપ કરનાર, મનુષ્યોને આંધળો કરનાર માન છે. ॥૧૨॥**

**ભાવાર્થ :-**

માનકષાય ગુણસંપન્ન જીવો પ્રત્યેના વિનયનો નાશ કરે છે. આથી જ બાહુબલીજીને કેવલી એવા નાના ભાઈઓને વંદન કરવામાં અવરોધ કરનાર આ માનકષાય થયો.

વળી, કોઈ મહાત્મા શ્રુતઅધ્યયન કરે છતાં માનને વશ ગુણસંપન્નનો વિનય ન કરે તો તેને શ્રુતની પ્રાપ્તિ થાય નહીં અને પ્રાપ્ત થયેલું શ્રુત પણ કેટલુંક અપરિણમન પામે. માટે માનકષાય શ્રુતનો ઘાતક છે.

વળી, માનકષાય ચારિત્રરૂપ શીલનો પણ ઘાતક છે; કેમ કે ચારિત્ર આત્માની સુસ્વભાવતારૂપ છે, જે કષાયના અભાવમાં યત્ન સ્વરૂપ છે અને માનને વશ જીવ સુસ્વભાવતાનો નાશ કરે છે. વળી, માનકષાય ધર્મ, અર્થ અને કામરૂપ ત્રણેય પુરુષાર્થનો નાશ કરનાર છે; કેમ કે માનને વશ ઇન્દ્રિયનો જય થતો નથી અને ધર્મ ઇન્દ્રિયના જયને આધીન છે. વળી, અતિ માની જીવને અર્થપ્રાપ્તિ પણ દુર્લભ થાય છે તેથી માનીના કામ પુરુષાર્થનો નાશ થાય છે. વળી, કામ પણ માર્દવમૂલવાળો છે. વળી, માન તત્ત્વને જોનારા વિવેકચક્ષુનો નાશ કરનાર છે આથી જ માનને વશ જીવો કૃત્યાકૃત્યનો વિચાર કરી શકતા નથી. આ પ્રકારે માનનું સ્વરૂપ વિચારીને સતત માર્દવ ગુણમાં યત્ન કરવો જોઈએ જેથી માનકષાયને વશ અનર્થની પ્રાપ્તિ થાય નહીં. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**હવે, માનના ભેદોને બતાવીને તે તે માનકષાયના ફળને કહે છે –**

**શ્લોક :-**

जातिलाभकुलैश्वर्यबलरूपतपःश्रुतैः ।
कुर्वन् मदं पुनस्तानि हीनानि लभते जनः ।।१३।।

**શ્લોકાર્થ :-**

**જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુતથી મદને કરતો જીવ ફરી તેને=જાતિ આદિને, હીન પ્રાપ્ત કરે છે. ।।૧૩।।**

**ભાવાર્થ :-**

આત્મા કર્મને વશ હલકી જાતિ કે ઉત્તમ જાતિને પ્રાપ્ત કરે છે. લાભાંતરાયના ક્ષયોપશમને અનુરૂપ લાભને પ્રાપ્ત કરે છે અને લાભાંતરાયના ઉદયથી અલાભને પ્રાપ્ત કરે છે. વળી, તે તે પ્રકારનાં કર્મોને વશ ઉત્તમ કુળ, ઉત્તમ ઐશ્વર્ય, ઉત્તમ બળ, ઉત્તમ રૂપ, પ્રાપ્ત કરે છે અને તે તે પ્રકારનાં તે તે કર્મોને કારણે હીન કુળ આદિ પ્રાપ્ત કરે છે. વળી, વીર્યાંતરાયના ક્ષયોપશમને કારણે તપશક્તિને પ્રાપ્ત કરે છે અને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને કારણે શ્રુતને પ્રાપ્ત કરે છે તેથી ઉત્તમ જાતિ આદિ ભાવો કે હીન જાતિ આદિ ભાવો કર્મજન્ય ભાવો છે. આથી વિવેકીએ તેના વાસ્તવિક સ્વરૂપનું સમાલોચન કરીને મદ કરવો જોઈએ નહીં; કેમ કે જેનો જેનો મદ થાય છે તે તે જાતિ આદિ જન્માંતરમાં હીન પ્રાપ્ત થાય છે. માટે આત્માના અમાનસ્વભાવનું ભાવન કરીને અને માનના અનર્થોનું ભાવન કરીને માનત્યાગ માટે યત્ન કરવો જોઈએ. **।।૧૩।।**

**અવતરણિકા :-**

**માનના સ્વરૂપનું અને માનના ભેદોનું પ્રતિપાદન કરીને હવે માનનો પ્રતિપક્ષભૂત એવો માર્દવ ગુણ માનજયનો ઉપાય છે તેને બતાવે છે –**

**શ્લોક :-**

उत्सर्पयन् दोषशाखां गुणमूलान्यधो नयन् ।
उन्मूलनीयो मानद्रुस्तन्मार्दवसरित्प्लवैः ।।१४।।

**શ્લોકાર્થ :-**

**તે કારણથી માનરૂપી વૃક્ષ દોષશાખાઓને વધારતો અને ગુણરૂપી મૂલોને નીચે લઈ જતો માર્દવરૂપી પાણીના પ્રવાહથી ઉન્મૂલન કરવા યોગ્ય છે=મૂળ સહિત ઉન્મૂલન કરવા યોગ્ય છે. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

જીવમાં વર્તતા માનકષાયને જો પ્રતિપક્ષ ભાવન દ્વારા અવરોધ કરવામાં ન આવે તો સદા દોષોની વૃદ્ધિ કરે છે. આથી જ માનને વશ જીવો માન મેળવવા માટે સર્વ પ્રકારનો ઉદ્યમ કરીને મનુષ્યભવ નિષ્ફળ કરે

છે. વળી, માનમાં ફુલાઈને મૂર્ખ જેવી ચેષ્ટાઓ કરે છે, ધારણા પ્રમાણે માન ન મળે તો ક્રોધાદિ કષાયો પણ કરે છે અને ધર્મ કરીને પણ માનકષાય દ્વારા ધર્મના ફળને નિષ્ફળ કરે છે. આ રીતે અનેક દોષોની વૃદ્ધિનું કારણ માનકષાય છે. વળી, જીવમાં કોઈક રીતે ધર્મને અભિમુખ ગુણો પ્રગટ્યા હોય તે ગુણનો પણ માન-કષાય નાશ કરે છે. જેમ કે તપ કરીને માન દ્વારા તપનો નાશ કરે છે. આ રીતે માનના અનર્થોનો વિચાર કરીને વિવેકી જીવે માર્દવભાવનાથી આત્માને અત્યંત ભાવિત કરવો જોઈએ જેથી નિમિત્તને પામીને પણ માનકષાય ઉત્થિત થાય નહીં પરંતુ ગુણવાન એવા તીર્થંકરો, ઋષિઓ, મહર્ષિઓ પ્રત્યે નમ્રતાભાવરૂપ માર્દવભાવથી જ ચિત્ત વાસિત રહે જેના કારણે માનકષાયોના અનર્થોની પ્રાપ્તિ થાય નહીં. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**હવે, માયાકષાયના સ્વરૂપને કહે છે –**

**શ્લોક :-**

**असूनृतस्य जननी परशुः शीलशाखिनः ।**
**जन्मभूमिरविद्यानां माया दुर्गतिकारणम् ।।१५।।**

**શ્લોકાર્થ :-**

**મૃષાવાદને ઉત્પન્ન કરનારી, શીલરૂપી વૃક્ષને પરશુ, અવિદ્યાની જન્મભૂમિ એવી માયા દુર્ગતિનું કારણ છે. ।।૧૫।।**

**ભાવાર્થ :-**

જીવમાં માયાનો પરિણામ ઉત્પન્ન થાય છે ત્યારે બીજાને ઠગવા અર્થે મૃષાભાષણ કરે છે તેથી માયા, મૃષાવાદ દોષની ઉત્પત્તિનું કારણ છે. વળી, આત્માના સુસ્વભાવતારૂપ શીલનો નાશ કરનાર માયા છે; કેમ કે માયા ઉત્પન્ન થાય છે ત્યારે જીવમાં સ્વસ્થતારૂપ સુસ્વભાવનો નાશ થાય છે અને વક્રતારૂપ ભાવ પ્રગટે છે. વળી, માયા મિથ્યાજ્ઞાનની ઉત્પત્તિનું સ્થાન છે; કેમ કે માયાના પરિણામથી આવિષ્ટ જીવ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોવાને બદલે પોતાની વક્રતાનુસાર પદાર્થને જોવા યત્ન કરે છે. આથી જ સ્વપક્ષના રાગી જીવ યુક્તિથી પોતાનું વચન અસંગત હોય તોપણ માયાને વશ તેને સંગત કરવા યત્ન કરે છે; જેથી પોતાનો વિપરીત બોધ સ્થિર, સ્થિરતર થાય છે. આ રીતે માયા મૃષાવાદને ઉત્પન્ન કરનારી, સુસ્વભાવરૂપ શીલનો નાશ કરનારી અને અવિદ્યાની ઉત્પત્તિના સ્થાનરૂપ છે. તેથી માયા ત્રણ દોષોનું કારણ હોવાથી દુર્ગતિનું કારણ છે. વળી, માયાનો ઉત્કર્ષ પ્રાપ્ત થાય તો અનંત સંસારની પણ પ્રાપ્તિ થાય છે અને માયા-કાળમાં ક્લિષ્ટ અધ્યવસાય થાય તો નરકની પ્રાપ્તિ થાય છે. આ રીતે ભાવન કરીને માયાના ત્યાગ માટે યત્ન કરવો જોઈએ. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**બીજાને ઠગવા માટે પ્રયુક્ત એવી માયાનું પરમાર્થથી સ્વવંચન જ ફલ છે –**

**શ્લોક :-**

**कौटिल्यपटवः पापा मायया बकवृत्तयः ।**
**भुवनं वञ्चयमाना वञ्चयन्ते स्वमेव हि ।।१६।।**

**શ્લોકાર્થ :-**

**કુટિલતામાં પટુ પાપી જીવો માયાથી બકવૃત્તિવાળા જગતને ઠગતાં સ્વયં જ ઠગાય છે અર્થાત્ પોતાના આત્માને જ ઠગે છે. ।।૧૬।।**

**ભાવાર્થ :-**

જે જીવોને જે પ્રકારનો પૂર્વનો અતિ અભ્યાસ હોય તે પ્રકારે આત્મામાં સંસ્કારો પડે છે અને તે પ્રકારે કર્મો પણ બંધાય છે અને તે કર્મને અનુરૂપ ભવની પ્રાપ્તિ થાય છે અને જ્યારે તે પ્રકારનાં કર્મથી તે ભવની પ્રાપ્તિ થાય ત્યારે તે કર્મો બાંધતી વખતે જે પ્રકારના ભાવો કર્યા હોય તે ભાવો પ્રાયઃ થવાનો સંભવ રહે છે. આથી જ માયાના ઉદયથી સ્ત્રીવેદ બંધાય છે અને જ્યારે સ્ત્રીભવની પ્રાપ્તિ થાય છે ત્યારે તે ભવને કારણે જ તે ભાવ જીવને વારંવાર થાય છે અને જો તે જીવ સાવધાન થઈને તે પ્રકૃતિને દૂર કરવા પ્રયત્ન ન કરે તો પૂર્વના અભ્યાસને કારણે તે કુટિલ પ્રકૃતિમાં પટુતાની પ્રાપ્તિ થાય છે અર્થાત્ બીજાને ઠગવામાં બુદ્ધિનો ઉપયોગ કરીને બીજાને ઠગવાને અનુકૂળ પટુ બુદ્ધિવાળા તે જીવો થાય છે. વળી, તેવા જીવો બીજાને ઠગીને પાપકર્મો કરે છે અને પોતાનાં પાપકર્મોને છુપાવવા માટે બગલાના જેવી વૃત્તિ ધારણ કરે છે. જેમ બગલો માછલાને ઠગવા માટે મંદ મંદ ચેષ્ટા કરે છે તેમ માયાવાળા જીવો જગતને ઠગવા માટે તે પ્રકારે ચેષ્ટા કરે છે જેથી તેઓ એકદમ સરળ, ભદ્રક પ્રકૃતિવાળા છે તેવું લોકોને જણાય. આ રીતે બહારથી સરળ દેખાતા અને અંદરથી કુટિલ પ્રકૃતિવાળા જગતને ઠગતા તે જીવો પોતાના આત્માને જ ઠગે છે; કેમ કે તે પ્રકારે લોકોને ઠગીને પોતાના આત્માનું જ અહિત કરી રહ્યા છે છતાં તેઓ માને છે કે હું મારો સ્વાર્થ સાધું છું, મારું અહિત કરતો નથી. વસ્તુતઃ માયા કરીને પોતાના આત્માને જ દુરંત સંસારના પરિભ્રમણરૂપ વિડંબનામાં નાંખે છે. આ પ્રકારે વિચારીને ઘણા ભવોની સુઅભ્યસ્ત માયાને પણ બુદ્ધિમાન પુરુષે દૂર કરવાર્થે યત્ન કરવો જોઈએ. **।।૧૬।।**

**અવતરણિકા :-**

**હવે, માયાના જય માટે તેના પ્રતિપક્ષભૂત આર્જવનો=માયાના પ્રતિપક્ષભૂત આર્જવનો, ઉપદેશ આપતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**तदार्जवमहौषध्या जगदानन्दहेतुना ।**
**जयेज्जगद्द्रोहकरीं मायां विषधरीमिव ।।१७।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=માયા જીવના અહિતને કરનારી છે તે કારણથી, જગતના દ્રોહને કરનારી વિષધરી જેવી માયાને જગતના આનંદના હેતુ એવા આર્જવરૂપ મહાઔષધિથી જય કરવો જોઈએ. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

માયાનો સ્વભાવ બીજાને ઠગવાનો હોવાથી જગતના જીવોને દ્રોહ કરનારો છે. વળી, માયા વિષધરી એવી સાપણ છે. જેમ સાપણ બીજાને કરડીને બીજા જીવોનું અહિત કરે છે તેમ માયા પણ જગતના જીવોનો દ્રોહ કરીને સાપણ જેવું કાર્ય કરે છે. વળી, જીવનો આર્જવ સ્વભાવ જગતના જીવોને આનંદનો હેતુ છે; કેમ કે સરળ સ્વભાવવાળા જીવો કોઈનું અહિત કરતા નથી. તેથી બધાને તેના સ્વભાવથી આનંદની પ્રાપ્તિ થાય છે. વળી, સાપણ જેવી માયાને નાશ કરવા માટે જીવનો આર્જવ પરિણામ મહાઔષધિ જેવો છે. તેથી આર્જવરૂપ મહાઔષધિ દ્વારા માયાનો જય કરવો જોઈએ. આ રીતે આર્જવ સ્વભાવનું વાસ્તવિક સ્વરૂપ વારંવાર વિચારવામાં આવે અને માયાનું સ્વરૂપ કેવું અનર્થકારી છે તેનું વારંવાર ભાવન કરવામાં આવે તો પૂર્વમાં સેવાયેલા માયાના સંસ્કારો ક્ષીણ, ક્ષીણતર થાય છે અને આર્જવ સ્વભાવ પ્રત્યેના પક્ષપાતના સંસ્કારો વૃદ્ધિ પામે છે. તેથી ઘણા ભવોના અભ્યાસથી સેવાયેલી માયા પણ સમ્યગ્ આર્જવ સ્વભાવના ભાવનથી દૂર થાય છે. માટે કલ્યાણના અર્થી જીવે વારંવાર આર્જવ સ્વભાવના સૂક્ષ્મ, સૂક્ષ્મતર સ્વરૂપનું અવલોકન કરીને તેના પ્રત્યે પક્ષપાતનું ભાવન કરવું જોઈએ જેથી માયાનો નાશ થાય. **॥૧૭॥**

**અવતરણિકા :-**

**હવે, લોભકષાયના સ્વરૂપને કહે છે –**

**શ્લોક :-**

**आकरः सर्वदोषाणां गुणग्रसनराक्षसः ।**
**कन्दो व्यसनवल्लीनां लोभः सर्वार्थबाधकः ।।१८।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ દોષોનું આકર=ખાણ, ગુણને કોળિયો કરવા માટે રાક્ષસ, આપત્તિરૂપી વેલડીઓનું કંદ, સર્વ અર્થનો બાધક=ચારેય પુરુષાર્થનો બાધક, લોભ છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

લોભ એ બાહ્ય પદાર્થો વિષયક ઇચ્છા સ્વરૂપ છે. જેને બાહ્ય પદાર્થોની ઇચ્છા થાય તેને પ્રાણાતિપાત આદિ સર્વ પ્રકારના આરંભસમારંભ કરવાનો પરિણામ થાય છે તેથી સર્વ પાપોની ઉત્પત્તિનું સ્થાન લોભ છે. વળી, જેમ રાક્ષસ જીવોને ગળી જાય છે તેમ લોભ આત્માના જ્ઞાનાદિ ગુણોને ગળી જનાર છે. આથી જ લોભને વશ જીવને પોતાનો શાશ્વત એવો આત્મા સ્મૃતિમાં આવતો નથી, તેના ભાવિના હિતની

વિચારણા થતી નથી, સર્વ ઉપદ્રવથી રહિત મોક્ષ સ્મૃતિમાં આવતો નથી પરંતુ માત્ર લોભના વિષયભૂત પદાર્થોના સંચયમાં જ તેને સુખ દેખાય છે. તેથી સંસારના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન, તત્ત્વની રુચિરૂપ દર્શન અને નિરવદ્ય જીવનરૂપ ચારિત્ર સ્વરૂપ જે ગુણો છે તેનો નાશ કરનાર લોભનો પરિણામ છે. વળી, આપત્તિરૂપી વેલડીઓનું મૂળ લોભ છે આથી જ લોભને વશ મમ્મણશેઠ સાતમી નરકે ગયા. તેથી જેમ જેમ આત્મામાં લોભ વૃદ્ધિ પામે છે તેમ તેમ સર્વ પ્રકારની ભાવિ આપત્તિઓનું સર્જન કરે તેવી કર્મલતાનું અર્જન થાય છે.

વળી, લોભ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ સર્વ પુરુષાર્થનો બાધક છે; કેમ કે લોભ હોય ત્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થઈ શકે નહીં. માટે લોભ મોક્ષપુરુષાર્થનો બાધક છે. વળી, લોભને વશ જીવો ભોગો પણ ભોગવી શકતા નથી પરંતુ કામનો ત્યાગ કરીને પણ ધનસંચય માટે યત્ન કરે છે તેથી લોભ કામપુરુષાર્થનો પણ બાધક છે. વળી, લોભી જીવોના લોભને જોઈને ઠગનારા મોટી લાલચો આપીને તેનું ધન પડાવી લે છે તેથી લોભ અર્થપુરુષાર્થનો પણ બાધક છે. વળી, લોભને વશ જીવો સ્વભૂમિકાનુસાર ધર્મ કરવા પણ સમર્થ થતા નથી પરંતુ ધનઅર્જનમાં જ મનુષ્યભવ વ્યર્થ પસાર કરે છે. માટે લોભ ધર્મપુરુષાર્થનો પણ બાધક છે. આ રીતે, લોભ અનેક પ્રકારના અનર્થોની પરંપરાનું કારણ છે. માટે લોભના વાસ્તવિક સ્વરૂપનું ભાવન કરીને લોભના ત્યાગ માટે યત્ન કરવો જોઈએ. મૂઢતાને કારણે જ અનર્થકારી એવો પણ લોભ જીવને મીઠો લાગે છે. માટે સૂક્ષ્મબુદ્ધિથી લોભના અનર્થોનું ભાવન કરવું જોઈએ. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**લોભના દુર્જયપણાને શ્લોકત્રયથી કહે છે –**

**શ્લોક :-**

**धनहीनः शतमेकं सहस्रं शतवानपि ।**
**सहस्राधिपतिर्लक्षं कोटिं लक्षेश्वरोऽपि च ।।१९।।**

**શ્લોકાર્થ :-**

**ધન વગરનો એકસો રૂપિયાને ઇચ્છે છે. વળી, સો રૂપિયાવાળો હજારને ઇચ્છે છે. હજાર રૂપિયાવાળો લાખને ઇચ્છે છે. લાખના ઐશ્વર્યવાળો પણ કોટિને ઇચ્છે છે. ।।૧૯।।**

**શ્લોક :-**

**कोटीश्वरो नरेन्द्रत्वं नरेन्द्रश्चक्रवर्तिताम् ।**
**चक्रवर्ती च देवत्वं देवोऽपीन्द्रत्वमिच्छति ।।२०।।**

**શ્લોકાર્થ :-**

**કરોડની સંપત્તિવાળો નરેન્દ્રપણાને ઇચ્છે છે=રાજ્યને ઇચ્છે છે. નરેન્દ્ર ચક્રવર્તિતાને ઇચ્છે છે અને ચક્રવર્તી દેવપણાને ઇચ્છે છે. દેવ પણ ઇન્દ્રપણાને ઇચ્છે છે. ।।૨૦।।**

**શ્લોક :-**

**इन्द्रत्वेऽपि हि संप्राप्ते यदिच्छा न निवर्तते ।**
**मूले लघीयांस्तल्लोभः शराव इव वर्धते ।।२१।।**

**શ્લોકાર્થ :-**

**ઈન્દ્રપણું પણ પ્રાપ્ત થયે છતે જે ઈચ્છા નિવર્તન પામતી નથી તે લોભ મૂળમાં નાનો=સો રૂપિયાથી પ્રારંભ થયેલો હોવાથી મૂળમાં નાનો, શરાવની જેમ=કુંભાર શકોરું બનાવે છે અને જેમ તે વધે છે તેમ, વધે છે. ।।૨૧।।**

**ભાવાર્થ :-**

ધન હીનને સો રૂપિયાની ઇચ્છા હોય છે અને જેમ જેમ ઇચ્છાનુસાર રૂપિયા પ્રાપ્ત થાય છે તેમ તેમ અધિક અધિકની ઇચ્છા થયા જ કરે છે. ધનની પ્રાપ્તિથી ઇચ્છા ક્યારેય પૂરી થતી નથી પરંતુ જેમ કુંભારે શરાવ બનાવવા માટે ચાકડા ઉપર ચડાવેલ માટીનો પિંડ, ક્રમસર શરાવ રૂપે વધતો દેખાય છે તેમ જીવમાં પ્રગટ થયેલો લોભનો પરિણામ પુણ્યના સહકારથી ધનની પ્રાપ્તિ થાય તોપણ સતત વધ્યા જ કરે છે, ક્યારેય શાંત થતો નથી. માટે લોભ સામગ્રીની પૂર્તિથી દુર્જેય છે તેમ ભાવન કરીને લોભની અનર્થકારિતાનો વિચાર કરીને આત્માનો પોતાનો અલોભ સ્વભાવ જે સુખાકારી છે તેમ વિચારીને લોભવૃત્તિને શમાવવા યત્ન કરવો જોઈએ. **।।૧૯થી ૨૧।।**

**અવતરણિકા :-**

**લોભના સ્વરૂપને બતાવીને તેના જયના ઉપાયને બતાવે છે —**

**શ્લોક :-**

**लोभसागरमुद्वेलमतिवेलं महामतिः ।**
**संतोषसेतुबन्धेन प्रसरन्तं निवारयेत् ।।२२।।**

**શ્લોકાર્થ :-**

**મહામતિ એવો વિવેકી પુરુષ અતિવેલ ઉદ્વેલવાળા=અત્યંત વૃદ્ધિ પામતા અને પ્રસરણ પામતા લોભસાગરને સંતોષરૂપી સેતુબંધથી=સંતોષરૂપી પાળીના બંધથી, નિવારણ કરે. ।।૨૨।।**

**ભાવાર્થ :-**

આત્મામાં લોભનો પરિણામ ક્યારેય તૃપ્તિને પામતો નથી પરંતુ જેમ જેમ પુણ્યનો સહકાર પ્રાપ્ત થાય છે તેમ તેમ અત્યંત વૃદ્ધિને પામે છે. વળી, વૃદ્ધિને પામતો લોભકષાય જેમ જેમ આત્મામાં પ્રસરણ પામે છે તેમ તેમ લોભકૃત વ્યાકુળતા જીવમાં વૃદ્ધિ પામે છે. તે લોભને વૃદ્ધિ પામતો અટકાવવાર્થે મહાત્માએ સંતોષરૂપ મનોધર્મથી આત્માને ભાવિત કરવો જોઈએ અને વિચારવું જોઈએ કે ઇચ્છાનો અભાવ જ મારો

સ્વભાવ છે. વળી, ઇચ્છા વગરના મહાત્માઓને જે સુખ છે તે સુખ ઇચ્છાથી આકુળ થયેલા અને પુણ્યના સહકારથી ધનને પ્રાપ્ત કરતા જીવોને નથી; કેમ કે ઇચ્છાથી આકુળ થયેલો જીવ ધનની પ્રાપ્તિમાં તે ઇચ્છાના શમનને કારણે ક્ષણિક સુખ અનુભવે છે ત્યાં વળી, અધિક ધનની ઇચ્છારૂપ આકુળતા ઉત્પન્ન થાય છે. તેથી ઇચ્છાની આકુળતાનું દુઃખ ધનવાન પુરુષને પણ સદા રહે છે. માટે ઇચ્છાના શમન અર્થે યત્ન કરીને સ્વાસ્થ્યના સુખને પ્રાપ્ત કરવા અર્થે ઉદ્યમ કરવો જોઈએ જેથી લોભનો જય પ્રાપ્ત થાય. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**અને આ રીતે=ક્રોધ, માન, માયા, લોભનું સ્વરૂપ બતાવીને તેમના જયનો ઉપાય બતાવ્યો તે રીતે, આના દ્વારા આગળમાં કહે છે એ સંગ્રહ શ્લોકનો અવસર છે તેને કહે છે –**

**શ્લોક :-**

**क्षान्त्या क्रोधो मृदुत्वेन मानो मायार्जवेन च ।**
**लोभश्चानीहया जेयाः कषाया इति संग्रहः ।।२३।।**

**શ્લોકાર્થ :-**

**ક્ષમાથી ક્રોધ, મૃદુપણાથી માન, આર્જવથી માયા અને અનીહાથી લોભકષાયો જીતવા જોઈએ એ સંગ્રહ છે=પૂર્વમાં કહેલા કષાયોના જયના ઉપાયોનો સંગ્રહ છે. ।।૨૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ચાર કષાયોના જયના ઉપાયોને બતાવ્યા તેને હવે સંગ્રહરૂપે પ્રસ્તુતમાં બતાવે છે જેથી કષાયોના જયના અર્થી જીવો વારંવાર પ્રસ્તુત શ્લોકને સ્મૃતિમાં લાવીને પોતાનામાં વર્તતા કષાયોને સતત ક્ષીણ, ક્ષીણતર કરીને ઉત્તરના ગુણસ્થાનકની પ્રાપ્તિ કરી શકે. ક્ષમા ગુણથી આત્માને ભાવિત કરવાથી ક્રોધનો જય થાય છે. મૃદુતા ગુણથી આત્માને ભાવિત કરવાથી માનનો જય થાય છે. આર્જવ ગુણથી અર્થાત્ સરળતા ગુણથી આત્માને ભાવિત કરવાથી માયાનો જય થાય છે અને અનીહા=અનિચ્છા, ગુણથી આત્માને ભાવિત કરવાથી લોભનો જય થાય છે. માટે કષાયના જયના અર્થીએ દૃઢ પ્રણિધાનપૂર્વક ક્ષમાદિ ગુણોથી આત્માને ભાવિત કરવા ઉદ્યમ કરવો જોઈએ જેથી સુખપૂર્વક કષાયોના જયની પ્રાપ્તિ થાય. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**જોકે તુલ્યયોગીપણારૂપે=સમાનપણારૂપે, કષાય જય અને ઇન્દ્રિય જય મોક્ષરૂપપણાથી કહેવાયા= શ્લોક-૫માં કહેવાયા તોપણ આ બેમાં=કષાય જય અને ઇન્દ્રિય જયમાં, કષાય જય પ્રધાન છે. વળી, ઇન્દ્રિય જય તેનો હેતુ છે=કષાય જયનો હેતુ છે, તેને જ=કષાય જયનો ઇન્દ્રિય જય હેતુ છે તેને જ, કહે છે –**

શ્લોક :-

> विनेन्द्रियजयं नैव कषायाञ्जेतुमीश्वरः ।
> हन्यते हैमनं जाड्यं न विना ज्वलितानलम् ।।२४।।

શ્લોકાર્થ :-

**ઈન્દ્રિય જય વગર કષાયોને જીતવા માટે પુરુષ સમર્થ થતો નથી જ. જ્વલિત અગ્નિ વગર હેમનું જાડ્ય=ઠંડીની જડતા, દૂર થતી નથી. ।।૨૪।।**

ભાવાર્થ :-

આત્મા કષાયોને પરવશ જ કર્મબંધ કરીને ચાર ગતિઓમાં પરિભ્રમણ કરે છે. વળી, કષાય જય જ મોક્ષનો ઉપાય છે તોપણ ઇન્દ્રિયના જય વગર કષાયોનો જય થઈ શકતો નથી. આથી જ મોક્ષના અર્થી જીવો ધર્મઅનુષ્ઠાન કરે છે ત્યારે પણ તે તે ઇન્દ્રિયની ઉત્સુકતાને કારણે જીવનો ઉપયોગ બાહ્ય પદાર્થો સાથે સમન્વિત થઈને પ્રવર્તે છે તેથી વીતરાગતાના કારણ સ્વરૂપ બોલાતાં સૂત્રો આત્માને કષાયનો નિરોધ કરીને વીતરાગતા તરફ જવામાં યત્ન કરાવનારાં હોવા છતાં ઇન્દ્રિયોની ઉત્સુકતા કષાયોનો નિરોધ કરવામાં બાધક બને છે. આથી જ વીતરાગના ગુણોને કહેનારી સ્તુતિથી જીવ વીતરાગની જેમ કષાયોના રોધમાં યત્ન કરવા સમર્થ હોવા છતાં ઉત્સુક થયેલી ઇન્દ્રિયો પોતપોતાના વિષયોમાં જીવને પ્રવર્તાવીને વીતરાગને અભિમુખ સ્તુતિનાં વચનોને નિષ્ફળપ્રાયઃ કરે છે અને જે જીવો તત્ત્વના ભાવનથી નિરુત્સુક ચિત્તવાળા થયા છે તેઓની ઇન્દ્રિયો શાંત થયેલી હોવાને કારણે વીતરાગના ગુણગાન દ્વારા કષાયોના જયને અનુકૂળ વ્યાપારવાળા તે જીવો થઈ શકે છે. માટે ઇન્દ્રિયોના જય વગર કષાયને જીતવા માટે કોઈ સમર્થ થતું નથી જ. જેમ ઠંડીથી વિસ્વળ થયેલો જીવ અગ્નિના તાપણા વગર ઠંડીની વિસ્વળતાથી આત્માનું રક્ષણ કરી શકતો નથી તેમ ઇન્દ્રિયોના જયતુલ્ય અગ્નિના તાપણા વગર ઠંડીની જડતારૂપ કષાયોનો નાશ થતો નથી. માટે કષાયના જયના અર્થીએ પાંચ ઇન્દ્રિયોના સંવરને પ્રગટ કરવાર્થે ઇન્દ્રિયોના અનર્થકારી સ્વરૂપનું ભાવન કરીને ચિત્તને તે રીતે શાંત કરવું જોઈએ કે જેથી વિષયોને ગ્રહણ કરવાને અનુકૂળ આત્મામાં ઉત્સુકતા થાય નહીં, જેથી અનુત્સુક થયેલો આત્મા તે પ્રકારે મનોવ્યાપાર કરીને ઇન્દ્રિયોના વિષયો સાથે સંબંધ થવાને અનુકૂળ ભાવવાળો થાય નહીં અને ઇન્દ્રિયો શાંત થાય તો જિનવચનનું દૃઢ અવલંબન લઈને તે મહાત્મા સુખપૂર્વક કષાય જય કરવા માટે ઉદ્યમ કરીને ક્રમસર ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે. **।।૨૪।।**

અવતરણિકા :-

**ઈન્દ્રિય જય, કષાય જયના હેતુપણાથી કહેવાયો. વળી, નહીં જિતાયેલી ઈન્દ્રિયવાળા જીવોનું કષાય જયનું હેતુપણું નથી=ધર્મઅનુષ્ઠાન દ્વારા પણ તેઓની પ્રવૃત્તિનું કષાય જયનું હેતુપણું નથી, ઊલટું અપાયનું હેતુપણું જ છે=સ્થૂલથી કષાય જયને અનુકૂળ ધર્મની બાહ્ય પ્રવૃત્તિથી પણ અનર્થની પ્રાપ્તિ જ થાય છે એ પ્રમાણે કહે છે –**

**શ્લોક :-**

**अदान्तैरिन्द्रियहयैश्चलैरपथगामिभिः ।**
**आकृष्य नरकारण्ये जन्तुः सपदि नीयते ।।२५।।**

**શ્લોકાર્થ :-**

**અદાંત ચપલ અપથગામી એવા ઇન્દ્રિયરૂપી ઘોડા વડે આકર્ષણ કરાઈને=જીવને ખેંચીને, જીવ શીઘ્ર નરકરૂપી અરણ્યમાં લઈ જવાય છે. ।।૨૫।।**

**ભાવાર્થ :-**

આત્મા અનાદિથી મોહવાસિત છે. મોહના ઉન્મૂલનનો ઉપાય કષાય જય છે અને કષાય જયનો ઉપાય જિનવચનાનુસાર દૃઢ યત્નથી કરાયેલાં ઉચિત અનુષ્ઠાનો છે. જેઓ સંસારથી ભય પામેલા છે અને ધર્મ કરવા તત્પર થયા છે અને ધર્મનાં અનુષ્ઠાનો સેવે છે આમ છતાં તેઓની ઇન્દ્રિય તત્ત્વના ભાવનથી શાંત થયેલી નથી તેથી દાન્ત નથી અને અદાન્ત ઇન્દ્રિયો મોહના ઉન્મૂલનપથ પર જનાર નથી પરંતુ સંસારના પથ પર જનારી છે તેથી અપથગામી છે અને તેવા ઇન્દ્રિયરૂપી ઘોડાઓ જીવને શીઘ્ર ખેંચીને નરકરૂપી અરણ્યમાં લઈ જાય છે. આથી જ જે મહાત્માઓએ ઇન્દ્રિયરૂપી ઘોડાઓનું દમન કર્યું નથી તેઓ ધર્મઅનુષ્ઠાન સેવીને પણ ચાર ગતિઓના પરિભ્રમણના અનર્થોનું નિવારણ કરવા સમર્થ થતા નથી. **।।૨૫।।**

**અવતરણિકા :-**

**કેવી રીતે નહીં જિતાયેલી ઇન્દ્રિયો નરકમાં લઈ જાય છે એથી કહે છે –**

**શ્લોક :-**

**इन्द्रियैर्विजितो जन्तुः कषायैरभिभूयते ।**
**वीरैः कृष्टेष्टकः पूर्वं वप्रः कैः कैर्न खण्ड्यते ।।२६।।**

**શ્લોકાર્થ :-**

**ઇન્દ્રિયોથી જિતાયેલો જીવ કષાયોથી અભિભૂત થાય છે. પૂર્વમાં વીરપુરુષથી ખેંચાયેલ ઈંટવાળો કિલ્લો કોના કોના વડે ખંડિત કરાતો નથી ? ।।૨૬।।**

**ભાવાર્થ :-**

કોઈ વીરપુરુષ કિલ્લામાંથી મહાપરાક્રમ કરીને એકાદ ઈંટ ખેંચી કાઢે તો તે ખંડિત થયેલા કિલ્લાને ઈંટના અર્થી અન્ય પણ સુખપૂર્વક ખંડિત કરે છે તેમ જીવને ઉત્પથમાં લઈ જવા માટે મહાસમર્થ એવી ઇન્દ્રિયો, જો જીવ તત્ત્વના ભાવનથી શાંત ન કરી શકે તો જીવને તે ઇન્દ્રિયો સુખપૂર્વક ઉત્પથમાં લઈ જાય છે=મોક્ષમાર્ગના પથથી વિપરીત પથમાં લઈ જાય છે અને વિપરીત પથમાં જતા એવા તે જીવો તે તે નિમિત્તોથી, કષાયોથી સદા અભિભૂત થાય છે. જેથી મહાયત્નથી યોગમાર્ગના ઉત્તમ સંસ્કારો આત્મામાં

આધાન કરેલા હોય તે સર્વને પણ કિંચિત્ કાળ માત્રમાં કષાયો નષ્ટપ્રાયઃ કરે છે જેથી જીવો નરકમાં જાય છે. આથી જ ચૌદપૂર્વધર પણ રસગારવાદિ ગારવોને વશ થઈને નિગોદમાં જાય છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**અનિર્જિત ઈન્દ્રિયો દ્વારા કષાયથી અભિભૂત થયેલો જીવ કેવળ નરકમાં નથી જતો પરંતુ આ લોકમાં પણ અનિર્જિત ઈન્દ્રિયો અનર્થોનાં કારણો જ છે એ પ્રમાણે કહે છે –**

**શ્લોક :-**

**कुलघाताय पाताय बन्धाय च वधाय च ।**
**अनिर्जितानि जायन्ते करणानि शरीरिणाम् ।।२७।।**

**શ્લોકાર્થ :-**

**જીવોની નહીં જિતાયેલી ઈન્દ્રિયો કુલઘાત માટે, પાત માટે, બંધન માટે અને વધ માટે થાય છે. ।।૨૭।।**

**ભાવાર્થ :-**

જેમ ઇન્દ્રિયો કષાયની વૃદ્ધિ દ્વારા નરકનું કારણ છે તેમ નહીં જિતાયેલી ઇન્દ્રિયો રાવણની જેમ કુલઘાતનું કારણ બને છે, સોદાસની જેમ રાજ્યથી પાતનું કારણ બને છે, ચંડપ્રદ્યોતની જેમ બંધનનું કારણ બને છે અને રાવણની જેમ વધનું કારણ બને છે. તેથી વર્તમાનમાં પણ ઇન્દ્રિયોની પરવશતા અનર્થકારી છે. છતાં પોતાની ઇન્દ્રિયો એવી ઉત્કટ ન હોય જેથી સાક્ષાત્ કુલઘાતાદિનું કારણ બને અથવા તેવા સંયોગ ન હોય જેથી ઉત્કટ પણ ઇન્દ્રિયો કુલઘાતનું કારણ ન પણ બને તોપણ ઇન્દ્રિયોની પરવશતા કુલઘાતાદિનું બીજ તો છે જ. માટે આ લોકમાં અને પરલોકમાં ઇન્દ્રિયોની અનર્થકારિતાનું ભાવન કરીને વિચારવું જોઈએ કે શાંત થયેલી ઇન્દ્રિયો કષાયોને મંદ કરીને આત્માને સ્વસ્થતા ગુણ આપાદન કરે છે અને પરલોકમાં હિતનું કારણ બને છે. માટે ઇન્દ્રિયોનો જય એકાંતે કલ્યાણનું કારણ છે અને ઇન્દ્રિયોની આધીનતા એકાંતે અહિતકારી છે તેમ ભાવન કરીને સદા ઇન્દ્રિયના જય માટે યત્ન કરવો જોઈએ અર્થાત્ માત્ર ઇન્દ્રિયોના વિષયોના બાહ્ય ત્યાગથી સંતોષ માનવો જોઈએ નહીં પરંતુ ઇન્દ્રિયોની અનર્થકારિતાનું તે રીતે ભાવન કરીને આત્માને વાસિત કરવો જોઈએ; જેથી વિષયોને સન્મુખ જવાને અનુકૂળ ઔત્સુક્ય જ અંતરંગ રીતે નાશ થાય, જેનાથી સ્વસ્થ થયેલો આત્મા ઇન્દ્રિયોના વ્યાપારમાં સ્વતઃ અપ્રવૃત્ત થશે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**આ રીતે=શ્લોક-૨૬, શ્લોક-૨૭માં બતાવ્યું એ રીતે, સામાન્ય ઈન્દ્રિયોના દોષોને કહીને=સ્પર્શનાદિ કોઈ નિયત ઈન્દ્રિયના દોષોને નહીં પરંતુ સર્વ ઈન્દ્રિયોના સામાન્ય દોષોને કહીને, સ્પર્શનાદિ ઈન્દ્રિયોના દોષોને પાંચ શ્લોકોથી કહે છે –**

શ્લોક :-

वशास्पर्शसुखास्वादप्रसारितकरः करी ।
आलानबन्धनक्लेशमासादयति तत्क्षणात् ।।२८।।

શ્લોકાર્થ :-

હાથિણીના સ્પર્શના સુખના આસ્વાદનમાં પ્રસારિત સૂંઢવાળો હાથી તત્ક્ષણ આલાનના બંધનને અને ક્લેશને પ્રાપ્ત કરે છે. ॥૨૮॥

શ્લોક :-

पयस्यगाधे विचरन् गिलन् गलगतामिषम् ।
मैनिकस्य करे दीनो मीनः पतति निश्चितम् ।।२९।।

શ્લોકાર્થ :-

અગાધ એવા પાણીમાં વિચરતો અને ગલગત આમિષને ગળતો=માછીમાર દ્વારા લોહના કાંટા ઉપર મૂકેલા માંસને ખાતો એવો, દીન મત્સ્ય માછીમારના હાથમાં નિશ્ચિત પડે છે. ॥૨૯॥

શ્લોક :-

निपतन् मत्तमातङ्गकपोले गन्धलोलुपः ।
कर्णतालतलाघाताद् मृत्युमाप्नोति षट्पदः ।।३०।।

શ્લોકાર્થ :-

મત્ત હાથીના કપાળમાં પડતો ગંધ લોલુપ એવો ભમરો કર્ણતાલના તલના આઘાતથી=હાથીના કાનના આઘાતથી, મૃત્યુને પામે છે. ॥૩૦॥

શ્લોક :-

कनकच्छेदसंकाशशिखालोकविमोहितः ।
रभसेन पतन् दीपे शलभो लभते मृतिम् ।।३१।।

શ્લોકાર્થ :-

કનકના છેદના જેવી અગ્નિની શિખાના પ્રકાશથી વિમોહિત=સુવર્ણના વર્ણ જેવી અગ્નિની શિખાના પ્રકાશથી વિમોહિત, એવું પતંગિયું રભસથી=અવિચારકપણાથી, દીવામાં પડતાં મૃત્યુને પામે છે. ॥૩૧॥

શ્લોક :-

हरिणो हारिणीं गीतिमाकर्णयितुमुद्धुरः ।
आकर्णाकृष्टचापस्य याति व्याधस्य वेध्यताम् ।।३२।।

શ્લોકાર્થ :-

**હારિણી એવી ગીતિને=મનોહર એવા ગીતને, સાંભળવા માટે ઉદ્ધુર=તત્પર, એવો હરણ શિકારીના કાન સુધી આકૃષ્ટ એવા બાણની વેધ્યતાને પામે છે=મૃત્યુને પામે છે. ।।૩૨।।**

ભાવાર્થ :-

પાંચેય ઇન્દ્રિયો વિષયોનું આકર્ષણ કરનાર છે અને જે જે ઇન્દ્રિયો જે જે ભવમાં તે તે પ્રકારના ઉત્કર્ષવાળી તે તે ભવને આધીન થાય છે તેઓને તે તે ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે બળવાન આકર્ષણ હોય છે અને તે આકર્ષણથી અંધ થયેલા જીવો તત્કાલ પણ અનર્થ પામશે તેને જોવા સમર્થ બનતા નથી. આથી જ હાથિણીના સ્પર્શ સુખમાં આસક્ત થયેલા હાથીને વશ કરવા અર્થે મનુષ્ય વચમાં ખાડો કરીને ઉપર ઉપરથી માટીથી તેને પૂરે છે અને હાથિણીને તેની બાજુમાં ઊભી રાખે છે અને હાથિણીને જોઈને કામથી વિહ્વળ થયેલો હાથી રસ્તામાં ગર્તા છે ઇત્યાદિ જાણવા સમર્થ હોવા છતાં ઉપયોગ વગર હાથિણીને ગ્રહણ કરવા દોડે છે અને ખાડામાં પડ્યા પછી મનુષ્ય દ્વારા તેને બંધાદિના ક્લેશો પ્રાપ્ત થાય છે તે રીતે દરેક ઇન્દ્રિયો જીવને મૂઢ બનાવીને વર્તમાનના ભવમાં જ મૃત્યુનું કારણ બને છે. આ પ્રકારે ભાવન કરવાથી ઇન્દ્રિયો જીવને વિકાર કરીને કઈ રીતે મૂઢ કરે છે અને મૂઢ થયેલો જીવ તત્કાલ પણ હિતાહિતનો વિચાર કરી શકતો નથી અને પરલોકના પણ હિતાહિતનો વિચાર કરી શકતો નથી. તેથી સર્વ અનર્થોની પરંપરાને પ્રાપ્ત કરે છે તેને સ્થિર કરવાર્થે મહાત્મા પાંચેય ઇન્દ્રિયોને આશ્રયીને થનારા અનર્થોનાં દૃષ્ટાંતોનું ભાવન કરીને સર્વ ઇન્દ્રિયો પ્રત્યેની ઉત્સુકતાને શાંત કરવા યત્ન કરે છે અને વિશેષથી જે ઇન્દ્રિયો પોતાને બાધ કરતી હોય તે ઇન્દ્રિયોના અનર્થનું દૃષ્ટાંત અત્યંત ભાવન કરીને પોતાની ઇન્દ્રિયોને શાંત કરવા યત્ન કરે છે. વળી, શાંત થયેલી ઇન્દ્રિયો યોગમાર્ગની પ્રવૃત્તિઓમાં વ્યાઘાતક નહીં થવાથી સુખપૂર્વક તે મહાત્મા દઢ પ્રણિધાનપૂર્વક યોગમાર્ગનાં ઉચિત અનુષ્ઠાનો સેવીને કષાયશક્તિને ક્ષીણ ક્ષીણતર કરે છે અને કષાયશક્તિના ક્ષયથી ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે. **॥૨૮થી ૩૨॥**

અવતરણિકા :-

**ઉપસંહારને કરે છે=પાંચેય ઈન્દ્રિયોના દોષોનો ઉપસંહાર કરે છે –**

શ્લોક :-

एवं विषय एकैकः पञ्चत्वाय निषेवितः ।
कथं हि युगपत् पञ्च पञ्चत्वाय भवन्ति न? ।।३३।।

**શ્લોકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૨૮થી શ્લોક-૩૨ સુધી કહ્યું એ રીતે, એક-એક સેવાયેલો વિષય મૃત્યુ માટે છે. એક સાથે સેવાયેલા પાંચ વિષયો કેવી રીતે મૃત્યુ માટે ન થાય ? ।।૩૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વના શ્લોકમાં બતાવેલ જીવો એક એક ઇન્દ્રિયોને વશ મૃત્યુને પામે છે જ્યારે મનુષ્યભવને પામેલ સંસારી જીવો પોતાની શક્તિને અનુસાર પાંચેય ઇન્દ્રિયોને સેવવામાં રક્ત છે ત્યારે ઇન્દ્રિયોમાં મૂઢ બનીને મનુષ્યભવ નિષ્ફળપ્રાયઃ કરે છે. ક્વચિત્ બાહ્યથી ધર્મઅનુષ્ઠાનને સેવે તોપણ જેઓએ અંતરંગ ઇન્દ્રિયનો કોલાહલ શાંત કર્યો નથી તેઓની ઇન્દ્રિયો ધર્મઅનુષ્ઠાનકાળમાં પણ બાહ્ય વિષયોને ગ્રહણ કરવામાં વ્યાપારવાળી થાય છે અને ઇન્દ્રિયોમાં લીન બનેલા તેઓ હું ધર્મ કરું છું તેમ જાતને જ ઠગે છે. માટે નિપુણતાપૂર્વક ઇન્દ્રિયોના દોષોનું ભાવન કરીને ઇન્દ્રિયોને શાંત કરવા યત્ન કરવો જોઈએ. **॥૩૩॥**

**અવતરણિકા :-**

**ઈન્દ્રિયના દોષોને કહીને તેના જયના ઉપદેશને કહે છે –**

**શ્લોક :-**

**तदिन्द्रियजयं कुर्याद् मनःशुद्ध्या महामतिः ।**
**यां विना यमनियमैः कायक्लेशो वृथा नृणाम् ।।३४।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=પૂર્વમાં કહ્યું તે પ્રમાણે ઈન્દ્રિયો અનર્થકારી છે તે કારણથી, મહામતિ મનશુદ્ધિથી ઈન્દ્રિયોનો જય કરે=ભાવેન્દ્રિયોનો જય કરે, જેના વગર=ભાવેન્દ્રિયના જય વગર, મનુષ્યનો યમનિયમથી કાયક્લેશ વૃથા છે. ।।૩૪।।**

**ભાવાર્થ :-**

ઇન્દ્રિયો બે પ્રકારની છે. દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. ભાવેન્દ્રિયની લોલુપતા જીવના મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ છે. વિષયોમાં લોલુપતા ધારણ કરતો મતિજ્ઞાનનો ઉપયોગ તે ભાવેન્દ્રિય છે અને તેનો જય કરવા માટે મહાત્માએ યત્ન કરવો જોઈએ તો જ ઇન્દ્રિયોથી થનારા અનર્થોની પરંપરાથી આત્માનું રક્ષણ થાય. કઈ રીતે ઇન્દ્રિયોની વિષયો પ્રત્યેની લોલુપતારૂપ ભાવેન્દ્રિયનો જય થઈ શકે ? તેથી કહે છે –

બુદ્ધિમાન પુરુષે મનશુદ્ધિ દ્વારા ઇન્દ્રિયોનો જય કરવો જોઈએ અર્થાત્ સંસારના વાસ્તવિક સ્વરૂપનું ભાવન કરવું જોઈએ. મનને શાંત કરવું જોઈએ. ઇન્દ્રિયોના અનર્થોનું ભાવન કરીને ઇન્દ્રિયોના વિષય તરફ મનની ગતિ ન થાય તે રીતે મનને શાંત કરવું જોઈએ અને વિચાર કરવો જોઈએ કે તત્ત્વથી ભાવિત થયેલું મન સુખપૂર્વક જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરવા સમર્થ બને છે. વળી, જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી વિષયોના

વિકારો શાંત થાય છે અને ઇન્દ્રિયોનો કોલાહલ શાંત થાય છે. વળી, શાંત થયેલું ચિત્ત સંયમની ઉચિત ક્રિયામાં દૃઢ યત્ન કરીને સુખપૂર્વક સંસારસાગરથી તરવા સમર્થ બને છે અને જો ઇન્દ્રિયોનો મનશુદ્ધિ દ્વારા જય કરવામાં ન આવે તો સંયમની ક્રિયા કાયક્લેશરૂપ થવાથી નિષ્ફળ થશે જેથી હું મારા આત્માનું હિત કરી શકીશ નહીં. આ પ્રકારે ભાવન કરીને મનશુદ્ધિ દ્વારા ઇન્દ્રિયોનો જય કરવો જોઈએ. **॥૩૪॥**

**અવતરણિકા :-**

**અનિયંત્રિત મન જે કરે છે=જે અનર્થને કરે છે, તેને કહે છે –**

**શ્લોક :-**

**मनःक्षपाचरो भ्राम्यन्नपशङ्कं निरङ्कुशः ।**
**प्रपातयति संसारावर्त्तगर्ते जगत्त्रयीम् ।।३५।।**

**શ્લોકાર્થ :-**

**નિરંકુશ શંકા વગરનો ભમતો મનરૂપી રાક્ષસ ત્રણ જગતને સંસારના આવર્તની ગર્તામાં નાખે છે. ॥૩૫॥**

**ભાવાર્થ :-**

મન બે પ્રકારનું છે. દ્રવ્યમન અને ભાવમન. જીવની વિચારણાના કાળમાં બોધને અનુકૂળ કરાતા જીવના યત્નથી તે તે આકારરૂપે પરિણમન પામેલા મનોવર્ગણાના પુદ્ગલો દ્રવ્યમન છે અને એ મનોવર્ગણાના પુદ્ગલોના અવલંબનથી સંકલ્પાત્મક આત્માનો પરિણામ અર્થાત્ આ પદાર્થ મને ઇષ્ટ છે અથવા આ પદાર્થ મને અનિષ્ટ છે અથવા આ પદાર્થ મારા માટે અનુપયોગી છે ઇત્યાદિ સંકલ્પાત્મક મતિજ્ઞાનના ઉપયોગરૂપ આત્માનો પરિણામ ભાવમન છે. વળી, આત્માને ભાવમનને અનુરૂપ કર્મબંધની પ્રાપ્તિ કે કર્મના અબંધની પ્રાપ્તિ થાય છે તેથી બાહ્યપદાર્થને અવલંબીને પ્રવર્તતા મનથી કર્મના બંધનની પ્રાપ્તિ થાય છે અને સદ્-અનુષ્ઠાનના અવલંબનથી શાંતરસમાં જતા મનથી અબંધની પ્રાપ્તિ થાય છે પરંતુ સંસારી જીવોની પ્રકૃતિ અનુસાર બાહ્યપદાર્થને અવલંબીને મનરૂપી રાક્ષસ નિરંકુશ પ્રવર્તે છે તેથી ધર્મઅનુષ્ઠાનકાળમાં પણ વીતરાગના ગુણોને અવલંબીને પ્રવર્તવાના બદલે બાહ્યપદાર્થને અવલંબીને પ્રાયઃ મન પ્રવર્તે છે. તેથી નિઃશંક રીતે સંસારના ભાવોમાં પ્રવર્તતું મન જીવને ચાર ગતિના પરિભ્રમણને અનુકૂળ કર્મબંધની પ્રાપ્તિ કરાવીને ચાર ગતિના આવર્તરૂપ ગર્તામાં નાખે છે. આથી અનિયંત્રિત મન જીવની સર્વ પ્રકારની કદર્થનાનું કારણ છે એ પ્રકારે ભાવન કરીને વારંવાર ચિત્તને શાંત કરવા માટે ઉદ્યમ કરવો જોઈએ જેથી શાંત થયેલું ચિત્ત ઇન્દ્રિયોનો જય કરવા સમર્થ બને. ઇન્દ્રિયોનો જય થવાથી કષાયોનો જય થાય છે અને કષાયોનો જય થવાથી સંસારની સર્વ વિડંબનાનો સુખપૂર્વક અંત થાય છે. **॥૩૫॥**

**અવતરણિકા :-**

**વળી, અનિયંત્રિત મન હોતે છતે થતા દોષોને કહે છે –**

**શ્લોક :-**

**तप्यमानांस्तपो मुक्तौ गन्तुकामान् शरीरिणः ।**
**वात्येव तरलं चेतः क्षिपत्यन्यत्र कुत्रचित् ।।३६।।**

**શ્લોકાર્થ :-**

**તપને સેવન કરતાં મુક્તિમાં જવાની ઈચ્છાવાળા જીવોનું વાયુના સમૂહના જેવું તરલ ચિત્ત અન્ય ક્યાંક નાખે છે=મોક્ષમાર્ગને બદલે નરકપથમાં નાખે છે. ।।૩૬।।**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા નિર્જરાના અર્થી હોય અને મોક્ષમાં જવાની ઇચ્છાવાળા હોય તેથી તપ એ મોક્ષનો ઉપાય છે તેમ માનીને શક્તિના અતિશયથી તપ કરતા હોય છતાં જો તત્ત્વના ભાવનથી મનને શાંત કરેલ ન હોય તો બાહ્ય નિમિત્તો અનુસાર ભાવો કરવા માટે ઘડાયેલું મન તપ કરીને પણ હું તપસ્વી છું તેવી બુદ્ધિ કરે છે. વળી, લોકો તપસ્વી કહે તે ભાવો તેને મધુર લાગે છે પરંતુ જો તે મહાત્મા સંસારના વાસ્તવિક સ્વરૂપનું ભાવન કરીને તપની ક્રિયા દ્વારા સંવેગના પરિણામને ઉલ્લસિત કરે નહીં તો વાયુના સમૂહની જેમ તરલ થયેલું ચિત્ત તે મહાત્માને મોક્ષપથને બદલે નરકપથમાં નાખે છે. તેથી મોક્ષ અર્થે સંયમ ગ્રહણ કરીને, તપાદિ કરીને પણ બાહ્ય ભાવોમાં ચિત્ત પ્રવર્તાવીને જિનવચનની વિરાધના કરવા દ્વારા તે મહાત્મા નરકાદિમાં જાય છે. માટે મોક્ષના અર્થી જીવે સંસારનું વાસ્તવિક સ્વરૂપ ભાવન કરીને મોહને વશ ભટકતા મનને મોક્ષમાર્ગમાં સ્થિર કરવા અર્થે ઉદ્યમ કરવો જોઈએ. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**વળી, અનિયંત્રિત મનના દોષને કહે છે –**

**શ્લોક :-**

**अनिरुद्धमनस्कः सन् योगश्रद्धां दधाति यः ।**
**पद्भ्यां जिगमिषुर्ग्रामं स पङ्गुरिव हस्यते ।।३७।।**

**શ્લોકાર્થ :-**

**અનિરુદ્ધ મનવાળો છતો જે યોગની શ્રદ્ધા કરે છે=હું યોગને સેવું છું એ પ્રકારે મતિ કરે છે, પઙ્ગુની જેમ પગે ચાલીને ગ્રામાંતરને જવાની ઈચ્છાવાળો તે વિવેકી લોકથી હસાય છે. ।।૩૭।।**

**ભાવાર્થ :-**

મોક્ષના અર્થી જીવો મોક્ષના ઉપાય રૂપે જે કાંઈ અનુષ્ઠાન સેવવા ઇચ્છે છે તે સર્વ ક્રિયામાં મન અન્ય ભાવોથી નિરુદ્ધ થઈને લક્ષને અભિમુખ પ્રવર્તાવવામાં આવે તો તે મનથી યોગના સંસ્કારો આત્મામાં વૃદ્ધિ પામે છે અને યોગના સંસ્કારોની વૃદ્ધિના અતિશયથી જ ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે. વળી, ગુણસ્થાનકની

વૃદ્ધિ દ્વારા જ ઉત્તર ઉત્તરના યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે પરંતુ જેઓ મનનો નિરોધ કર્યા વગર યોગમાર્ગને સેવીને હું સંસાર સાગરથી તરીશ તેવો અભિલાષ કરે છે તેઓ જેમ કોઈ પઙ્ગુ પુરુષ પગે ચાલીને ગ્રામાંતર જવાની ઇચ્છા કરે તો તેની તે ગ્રામાંતર જવાની ઇચ્છા જેમ હાસ્યાસ્પદ છે તેમ યોગમાર્ગમાં ચાલવાની ક્રિયા સ્વરૂપ મનોવ્યાપાર વગર ગુણસ્થાનકની વૃદ્ધિ કરીને મોક્ષમાં જવાની તેની ઇચ્છા હાસ્યાસ્પદ છે. માટે કલ્યાણના અર્થીએ પ્રથમ સંસારના વાસ્તવિક સ્વરૂપનું ભાવન કરીને સંસારના ભાવો તરફ જવાથી આત્માને શું શું અનર્થોની પરંપરાની પ્રાપ્તિ થાય છે તેનું માર્ગાનુસારી ચિંતવન કરીને આત્માને તે રીતે ભાવિત કરવો જોઈએ કે જેથી સંસારના ભાવો તરફ જતું ચિત્ત શાંત થાય. ત્યારપછી ભાવન કરવું જોઈએ કે યોગમાર્ગના ભાવોથી આત્માને વાસિત કરવાનો એક ઉપાય જિનવચનથી નિયંત્રિત મન છે તેથી જિન-વચનના પરમાર્થને સ્વભૂમિકાનુસાર જાણીને તે ભાવોને સ્પર્શે તે રીતે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી જોઈએ જેથી અભ્યાસદશામાં ક્વચિત્ મનની સ્ખલના થતી હોય તોપણ ક્રમસર તે સ્ખલનાઓ અલ્પ, અલ્પતર થાય અને યોગના અભ્યાસના બળથી યોગમાર્ગમાં નિરુદ્ધ મન દૃઢ વ્યાપાર કરીને ઉત્તર ઉત્તરના યોગમાર્ગને પ્રાપ્ત કરે. **॥૩૭॥**

**અવતરણિકા :-**

**અનિરુદ્ધ મનવાળા જીવોની યોગની રુચિ કેવળ વિફલ નથી યાવત્ બહુતર અશુભકર્મો આમના= અનિરુદ્ધ મનવાળા જીવના, પ્રાદુર્ભાવ પામે છે એ પ્રકારે શ્લોકના ઉત્તરાર્ધથી પ્રતિપાદન કરવા માટે પૂર્વાર્ધથી કાક્વા=કાકુ ધ્વનિથી, મનોરોધનો ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**मनोरोधे निरुध्यन्ते कर्माण्यपि समन्ततः ।**
**अनिरुद्धमनस्कस्य प्रसरन्ति हि तान्यपि ।।३८।।**

**શ્લોકાર્થ :-**

**મનોરોધ થયે છતે ચારે બાજુથી કર્મો પણ નિરોધને પામે છે. અનિરુદ્ધ મનવાળા જીવના તે પણ=જ્ઞાનાવરણીયાદિ કર્મો પણ, પ્રસરણ પામે છે. ।।૩૮।।**

**ભાવાર્થ :-**

મનનો રોધ કરાયે છતે=ધર્મઅનુષ્ઠાન કાળમાં સેવાતા અનુષ્ઠાનને અનુકૂળ સૂત્ર-અર્થમાં મન પ્રવર્તે તે પ્રકારે મનનો રોધ કરાયે છતે, ચારે બાજુથી સર્વ કર્મો પણ નિરોધ પામે છે=સમસ્તપણાથી અતિ પ્રબળ જ્ઞાનાવરણ અને મોહનીયાદિ ઘાતિકર્મ નિરુદ્ધ થાય છે. વળી, અનિરુદ્ધ મનવાળા જીવના તે પણ=જ્ઞાનાવરણીયાદિ કર્મો પણ, પ્રવર્ધમાન થાય છે.

આશય એ છે કે જે મહાત્માઓ કર્મોના ક્ષય અર્થે મનને સાંસારિક ભાવોથી નિવારણ કરીને અને તે તે અનુષ્ઠાન વિષયક ઉચિત વિધિને જાણીને તે અનુષ્ઠાનમાં અપેક્ષિત ભાવોને ઉલ્લસિત કરે તે રીતે ક્રિયા કરે

ત્યારે જ્ઞાનાવરણીય, મોહનીય અને અંતરાયકર્મ ક્ષયોપશમભાવમાં પ્રવર્તે છે તેથી તે મહાત્માનો મતિજ્ઞાનનો ઉપયોગ યોગમાર્ગના સૂક્ષ્મભાવોને સ્પર્શે તેવો વર્તે છે. વળી, દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય કર્મ ક્ષીણ થાય તે પ્રકારનો ઉપયોગ વર્તે છે; કેમ કે તે તે ક્રિયા દ્વારા વીતરાગગામી ઉપયોગ વીતરાગતાના આવારક દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયના ક્ષયોપશમનું કારણ બને છે અને યોગમાર્ગના બાધક ભાવવાળું જે વીર્યાંતરાયકર્મ વિદ્યમાન હતું તે ક્ષયોપશમભાવને પામે છે. વળી, જે મહાત્મા કલ્યાણના અર્થી છે અને કલ્યાણના ઉપાય રૂપે સદ્અનુષ્ઠાનો સેવે છે છતાં મનનો નિરોધ કરતા નથી, તેથી તેઓનો મનનો ઉપયોગ તે કરાતી ક્રિયાના ભાવોને સ્પર્શતો નથી પરંતુ મૂઢતાને ધારણ કરે છે. તેથી જ્ઞાનાવરણીય કર્મોનો ઉદય અતિ પ્રબળ વર્તે છે અને ચિત્ત વીતરાગગામી થતું નથી તેથી મૂઢતા આપાદક દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયનો ઉદય વર્તે છે. વળી, અનુષ્ઠાનમાં વીર્ય કાયાથી પ્રવર્તતું હોવા છતાં અંતરંગ વ્યાપારથી તો મૂઢતામાં જ વ્યાપારવાળું છે તેથી વીર્યાંતરાયકર્મ પણ યોગમાર્ગને અનુકૂળ ક્ષયોપશમભાવવાળું થતું નથી. આથી ધર્મઅનુષ્ઠાન સેવનકાળમાં પણ ઘાતિકર્મોનું પ્રસરણ પ્રવર્ધમાન થાય છે. માટે કલ્યાણના અર્થીએ વારંવાર મન રોધ પામે તે રીતે તત્ત્વનું ભાવન કરીને મનને શાંત કરવા યત્ન કરવો જોઈએ અને સૂત્ર-અર્થનું દૃઢ અવલંબન લઈને ક્રિયામાં લક્ષને અનુરૂપ મનને પ્રવર્તાવવું જોઈએ જેથી સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય. ॥૩૮॥

**અવતરણિકા :-**

**તે કારણથી=મનોરોધ વગરની ધર્મની પ્રવૃત્તિથી પણ કર્મનું આગમન થાય છે તે કારણથી, આનો નિશ્ચય કરીને=મન નિરોધથી જ યોગમાર્ગની પ્રાપ્તિ છે તેનો નિશ્ચય કરીને, મનના નિયંત્રણ માટે યત્ન કરવો જોઈએ=મોક્ષના અર્થી જીવે મનને તત્ત્વથી વાસિત કરીને શાંત કરવા યત્ન કરવો જોઈએ. એને કહે છે –**

**શ્લોક :-**

**मनःकपिरयं विश्वपरिभ्रमणलम्पटः ।**
**नियन्त्रणीयो यत्नेन मुक्तिमिच्छुभिरात्मनः ।।३९।।**

**શ્લોકાર્થ :-**

**વિશ્વપરિભ્રમણમાં લમ્પટ એવા પોતાના આ મનરૂપી વાંદરાને મુક્તિના ઇચ્છુ એવા મહાત્માએ યત્નથી નિયંત્રણ કરવો જોઈએ. ॥૩૯॥**

**ભાવાર્થ :-**

જે જીવોને સંસારથી ભય લાગ્યો છે તેથી મુક્તિની પ્રાપ્તિની ઇચ્છાવાળા છે અને આથી જ મોક્ષના ઉપાય રૂપે સ્વભૂમિકાનુસાર ઉચિત ધર્માનુષ્ઠાન સેવે છે આમ છતાં પોતાનો આત્મા અનાદિકાળથી મોહના સંસ્કારોનો સંચય કરીને મોહના ભાવોથી ભાવિત છે તેથી મતિજ્ઞાનના ઉપયોગરૂપ ભાવમન સતત બાહ્યપદાર્થને અવલંબીને પ્રવર્તે એવા પરિણામવાળું છે. તેથી તે સંસ્કારોથી પ્રેરાઈને વિશ્વના બાહ્ય સર્વભાવોમાં

પરિભ્રમણ કરવામાં લમ્પટ એવું ભાવમન છે. તેથી જેમ વાંદરો સ્વભાવથી જ ચંચળ હોય છે તેમ મોહવાસિત ભાવમન સ્વભાવથી જ ચંચળ થયેલ છે અને આ ચંચળતા મુક્તિની પ્રાપ્તિ માટે અત્યંત બાધક છે. માટે મોક્ષના અર્થી જીવે વિવેકપૂર્વક મનને તત્ત્વથી ભાવિત કરીને શાંત કરવા યત્ન કરવો જોઈએ જેથી મોક્ષ અર્થે સેવાતું ધર્મઅનુષ્ઠાન મોક્ષને અનુકૂળ ઉત્તમ ભાવોથી ભાવિત એવા ભાવમનને નિષ્પન્ન કરે અને ચંચળ એવું પણ ભાવમન સ્થૈર્યપણાને પ્રાપ્ત કરે; કેમ કે સ્થિર થયેલું મન જ મોક્ષપ્રાપ્તિનું બીજ છે. **॥૩૯॥**

**અવતરણિકા :-**

**હવે, ઈન્દ્રિયજયના હેતુરૂપ મનશુદ્ધિની પ્રશંસા કરે છે અર્થાત્ કહે છે –**

**શ્લોક :-**

**दीपिका खल्वनिर्वाणा निर्वाणपथदर्शिनी ।**
**एकैव मनसः शुद्धिः समाम्नाता मनीषिभिः ।।४०।।**

**શ્લોકાર્થ :-**

**એક જ મનની શુદ્ધિ નિર્વાણપથને દેખાડનારી અનિર્વાણવાળી=નહીં બુઝાયેલી, દીપિકા બુદ્ધિમાન પુરુષો વડે કહેવાઈ છે. ।।૪૦।।**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા શાસ્ત્રવચનથી સૂક્ષ્મબોધને પામીને જિનવચનાનુસાર તત્ત્વનું ભાવન કરીને મનશુદ્ધિને પ્રાપ્ત કરે તો તે મહાત્માનું મન સમિતિગુપ્તિવાળા મહામુનિઓના સ્વરૂપ પ્રત્યે સદા આવર્જિત રહે છે. જેમ વજ્રસ્વામીના જીવે દેવભવમાં પુંડરીક-કંડરીકના દૃષ્ટાંતથી આત્માને તે રીતે ભાવિત કરેલ કે જેથી સમિતિ-ગુપ્તિવાળા મુનિ પ્રત્યે તેમનું ચિત્ત દેવભવમાં પણ તે રીતે આવર્જિત હતું જેથી સમિતિગુપ્તિ પ્રત્યેના તીવ્ર પક્ષપાતના બળથી જન્મતાંની સાથે જ દીક્ષાનાં વચનો સાંભળીને તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું અને સમિતિગુપ્તિ પ્રત્યેનો પક્ષપાત ઉલ્લસિત થયો. તેથી મનશુદ્ધિવાળા તે મહાત્મામાં નિર્વાણપદને દેખાડનારી નહીં બુઝાયેલી એવી દીપિકા જેવી મનશુદ્ધિ સદા વર્તતી હતી તેથી છ મહિનાના બાલ્યકાળમાં જ ભાવસાધુના પરિણામને વજ્રસ્વામી પ્રાપ્ત કરે છે. માટે યમ-નિયમની આચરણા રહિત પણ એક મનશુદ્ધિ, જીવને મોક્ષપથમાં પ્રવર્તાવવા સમર્થ બને છે. તેથી મોક્ષના અર્થીએ સર્વ ઉદ્યમથી વારંવાર ભાવસાધુના સ્વરૂપનું ભાવન કરીને મનશુદ્ધિને પ્રાપ્ત કરવા યત્ન કરવો જોઈએ. **॥૪૦॥**

**અવતરણિકા :-**

**અન્વય-વ્યતિરેક દ્વારા મનશુદ્ધિના ગુણાંતરને બતાવવા કહે છે –**

**ભાવાર્થ :-**

મનશુદ્ધિ હોય તો ગુણાંતર થાય અને મનશુદ્ધિના અભાવમાં સદ્અનુષ્ઠાનથી પણ ગુણાંતર થાય નહીં. માટે ગુણાંતરની પ્રાપ્તિનો એક ઉપાય મનશુદ્ધિ છે એ પ્રકારના ઉપદેશને કહે છે.

**શ્લોક :-**

> **सत्यां हि मनसः शुद्धौ सन्त्यसन्तोऽपि यद् गुणाः ।**
> **सन्तोऽप्यसत्यां नो सन्ति सैव कार्या बुधैस्ततः ।।४१।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી મનની શુદ્ધિ હોતે છતે અવિદ્યમાન પણ ગુણો થાય છે=ગુણો પ્રગટ થાય છે. મનશુદ્ધિ નહીં હોતે છતે વિદ્યમાન પણ ગુણો થતા નથી=નવા ગુણોનું કારણ થતા નથી. તે કારણથી તે જ=મનશુદ્ધિ જ, બુધ પુરુષે કરવી જોઈએ. ||૪૧||**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ આત્મકલ્યાણના અર્થી થયા છે તેના પૂર્વે તેઓમાં કોઈ વિશેષ ગુણ વિદ્યમાન ન હોય તોપણ મનશુદ્ધિથી અવિદ્યમાન ગુણો પ્રગટ થાય છે. જેમ, ચિલાતીપુત્ર સુસીમાનું માથું કાપીને મહાત્માને પૃચ્છા કરે છે કે તત્ત્વને કહો; ત્યારે તત્ત્વની જિજ્ઞાસાને છોડીને ધર્મને અનુકૂળ કોઈ ગુણો તેમનામાં ન હતા પરંતુ ઘાતકીભાવ વિદ્યમાન હતો. આમ છતાં મહાત્માના ઉપશમ, વિવેક અને સંવરરૂપ ત્રણ વચનોને ગ્રહણ કરીને તેમાં દૃઢ વ્યાપાર કરવા દ્વારા તે મહાત્માએ મનશુદ્ધિમાં યત્ન કર્યો તો ભાવથી ચારિત્રના પરિણામરૂપ ગુણો તેમનામાં પ્રગટ થયા. તેથી વિદ્યમાન ગુણવાળા મહાત્મા તો મનશુદ્ધિ દ્વારા ગુણવૃદ્ધિ કરી શકે છે પરંતુ અવિદ્યમાન ગુણોવાળા પણ મહાત્માઓ મનશુદ્ધિ દ્વારા ગુણની નિષ્પત્તિ કરી શકે છે તેથી તેઓના અવિદ્યમાન ગુણો પણ વિદ્યમાન ગુણતુલ્ય બને છે. વળી, જેઓમાં ગુણો વિદ્યમાન છે, આથી જ કલ્યાણના અર્થે ધર્મઅનુષ્ઠાન સેવે છે આમ છતાં પ્રમાદને વશ મનને સંવેગથી ભાવિત કરીને અનુષ્ઠાનમાં પ્રવર્તાવતા નથી તેઓમાં વિદ્યમાન પણ ગુણો અવિદ્યમાન ગુણો તુલ્ય છે; કેમ કે ગુણવૃદ્ધિના કારણ બનતા નથી. માટે ગુણવૃદ્ધિના અર્થી જીવોએ નિશ્ચિત ફળવાળી એવી મનશુદ્ધિમાં યત્ન કરવો જોઈએ. **||૪૧||**

**અવતરણિકા :-**

**આ મનશુદ્ધિ દૂર રહો, તપના બળથી જ અમે મુક્તિ સાધીશું એ પ્રમાણે જેઓ માને છે તેઓ પ્રત્યે ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

મનને સ્થિર કરવું દુષ્કર જણાય છે. સંવેગના પરિણામને ઉલ્લસિત કરવાને અનુકૂળ સૂક્ષ્મબોધ ન હોવાને કારણે મનને સંવેગથી ભાવિત કરવા પોતે અસમર્થ છે તેવું જણાવાથી જેઓ વિચારે છે કે શારીરિક આચરણારૂપ તપના સેવનથી પણ નિર્જરા થઈ શકે છે. માટે દુર્જય એવા મનને વશ કરવાનું છોડીને જેઓ તપ માત્રમાં રક્ત છે તેઓને માર્ગાનુસારી બોધ કરાવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**મનઃશુદ્ધિમબિભ્રાણા યે તપસ્યન્તિ મુક્તયે ।**
**ત્યક્ત્વા નાવં ભુજાભ્યાં તે તિતીર્ષન્તિ મહાર્ણવમ્ ।।૪૨।।**

**શ્લોકાર્થ :-**

**મનશુદ્ધિને નહીં ધારણ કરનારા જેઓ મોક્ષને માટે તપસ્યા કરે છે તેઓ નાવને છોડીને મોટા સમુદ્રને બે ભુજાથી તરવાની ઈચ્છા કરે છે અર્થાત્ અસમંજસ પ્રવૃત્તિ કરનારા છે. ।।૪૨।।**

**ભાવાર્થ :-**

જેઓ મોક્ષના અર્થી છે, મોક્ષના અર્થે જ તપાદિ અનુષ્ઠાનો સેવે છે અને વિચારે છે કે તપનાં કષ્ટોને સેવીને પણ અમે નિર્જરાને પ્રાપ્ત કરીને મોક્ષને પ્રાપ્ત કરીશું તેઓ બે ભુજાથી સમુદ્ર તરવારૂપ અસમંજસ પ્રવૃત્તિ કરનારા છે. વસ્તુતઃ નાવથી દરિયો તરવો સુકર છે પણ ભુજાથી તરવો દુષ્કર છે. માટે સંસારસમુદ્રને તરવા માટે નાવ જેવી મનશુદ્ધિ કરવામાં જેઓ સમર્થ નથી તેઓ કષ્ટકારી એવી બાહ્ય આચરણાથી કઈ રીતે સંસારસમુદ્રને તરી શકે ? માટે સંસારસમુદ્રને તરવાના અર્થીએ સદા મનને સંવેગથી વાસિત કરવા યત્ન કરવો જોઈએ અને મનશુદ્ધિની વૃદ્ધિ થાય તે પ્રકારે જ તપને સેવવો જોઈએ; જેથી મનશુદ્ધિ દ્વારા નિર્જરાની પ્રાપ્તિ થાય અને ઉત્તરોત્તર નિર્જરાની પ્રાપ્તિ દ્વારા અસંગભાવની પ્રાપ્તિ થાય અને જેના દ્વારા મોક્ષની પ્રાપ્તિ સુલભ બને. **।।૪૨।।**

**અવતરણિકા :-**

**તપ સહિત ધ્યાન મુક્તિને દેનારું છે એ પ્રમાણે બોલતા જેઓ મનશુદ્ધિની ઉપેક્ષા કરે છે, વળી, ધ્યાન જ કર્મક્ષયનું કારણ છે એ પ્રમાણે સ્વીકારે છે તેઓ પ્રત્યે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**તપસ્વિનો મનઃશુદ્ધિવિનાભૂતસ્ય સર્વથા ।**
**ધ્યાનં ખલુ મુધા ચક્ષુર્વિકલસ્યેવ દર્પણઃ ।।૪૩।।**

**શ્લોકાર્થ :-**

**સર્વથા મનશુદ્ધિ વગર થયેલા તપસ્વીનું ધ્યાન નક્કી નિષ્ફળ છે. જેમ ચક્ષુ રહિત પુરુષને માટે દર્પણ નિષ્ફળ છે. ।।૪૩।।**

**ભાવાર્થ :-**

જેઓ મોક્ષના અર્થી છે અને મહાત્માઓ પાસેથી ઉપદેશ સાંભળીને કે કોઈક ગ્રંથોનું વાંચન કરીને જાણ્યું હોય કે ધ્યાન જ મોક્ષનું કારણ છે માટે શક્તિ અનુસાર તપ કરવાપૂર્વક ધ્યાનમાં ઉદ્યમ કરવો જોઈએ. આમ

છતાં જેઓ મનશુદ્ધિ પ્રત્યે અત્યંત ઉપેક્ષાવાળા છે તેઓ તપ, ધ્યાન વગેરે કરીને પણ નિષ્ફળ પ્રયત્ન કરે છે. જેમ ચક્ષુ વગરના પુરુષને માટે દર્પણ નિષ્ફળ છે તેમ મનશુદ્ધિ વગરના પુરુષને માટે તપ અને ધ્યાનની પ્રવૃત્તિ પણ નિષ્ફળ છે. માટે મોક્ષના અર્થીએ સંસારના વાસ્તવિક સ્વરૂપનું અત્યંત ભાવન કરીને અને મોક્ષના પારમાર્થિક સ્વરૂપનું સૂક્ષ્મ સમાલોચન કરીને તેના એક માત્ર ઉપાયભૂત સર્વજ્ઞના વચનમાં સ્થિર રુચિ કરીને શક્તિ અનુસાર આત્માને જિનવચનથી ભાવિત કરવો જોઈએ જેથી શુદ્ધ થયેલું મન તપ અને ધ્યાન દ્વારા ઇષ્ટ ફળને સાધવા સમર્થ બને. **॥૪૩॥**

**અવતરણિકા :–**

**ઉપસંહાર કરે છે=મનશુદ્ધિના વિષયમાં ઉપસંહાર કરે છે –**

**શ્લોક :–**

**तदवश्यं मनःशुद्धिः कर्तव्या सिद्धिमिच्छता ।**
**तपःश्रुतयमप्रायैः किमन्यैः कायदण्डनैः ।।४४।।**

**શ્લોકાર્થ :–**

**મનશુદ્ધિ વગર કલ્યાણ નથી તે કારણથી સિદ્ધિને ઈચ્છતા પુરુષે મનશુદ્ધિ અવશ્ય કરવી જોઈએ. તપ, શ્રુત, યમ વગેરે અન્ય કાયદંડોથી શું ?=મનશુદ્ધિ વગર સર્વ કાયકષ્ટો વ્યર્થ છે. ।।૪૪।।**

**ભાવાર્થ :–**

મોક્ષ મનની શુદ્ધિથી થાય છે. માટે મોક્ષની ઇચ્છા કરનારે સર્વ યત્નથી મનશુદ્ધિમાં ઉદ્યમ કરવો જોઈએ. અન્ય તપની ક્રિયા, શ્રુતઅધ્યયનની ક્રિયા, મહાવ્રતોની આચરણારૂપ ક્રિયા વગેરે કાયિક ક્રિયા પણ મનશુદ્ધિના પ્રયોજનથી જ સાધુ કરે છે તેથી જેઓ મનશુદ્ધિ કરી શકતા નથી તેઓ તપાદિ આચરણાથી પણ મોક્ષને પ્રાપ્ત કરી શકતા નથી. અહીં પ્રશ્ન થાય કે મનશુદ્ધિ કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

લેશ્યાશુદ્ધિથી મનશુદ્ધિ થાય છે અને લેશ્યા સામાન્યથી બે પ્રકારની છે. શુદ્ધલેશ્યા અને અશુદ્ધલેશ્યા. જે મહાત્માઓ જિનવચનનું દૃઢ અવલંબન લઈને સંસારનું વાસ્તવિક સ્વરૂપ વારંવાર યથાર્થ ભાવન કરે છે, સંસારથી પર એવી મુક્ત અવસ્થા જીવની મોહથી અનાકુળ અવસ્થા હોવાને કારણે અને કર્મના અને શરીરના ઉપદ્રવ વગરની અવસ્થા હોવાને કારણે જીવને માટે અત્યંત રમણીય છે તેનું સતત સ્મરણ થાય અને તેની પ્રાપ્તિનો ઉપાય ઇન્દ્રિયનો સંવર, કષાયોથી વિપરીત ક્ષમાદિભાવો અને મન-વચન-કાયાના યોગોનું સ્થૈર્ય કઈ રીતે કારણ છે તેનું સતત ભાવન કરે છે અને તેની પ્રાપ્તિના ઉપાયોનું જ સતત ચિંતવન કરે છે ત્યારે જીવમાં મોહનાશને અનુકૂળ શુભલેશ્યા વર્તે છે જેનાથી મનશુદ્ધિ થાય છે. વળી, જ્યારે જ્યારે જીવ આત્મહિતના વિષયમાં પ્રમાદવાળો છે ત્યારે ત્યારે બાહ્ય પદાર્થોને અવલંબીને આ ભાવો રમ્ય છે અને આ ભાવો અરમ્ય છે તે પ્રકારે મનને પ્રવર્તાવીને અશુભલેશ્યામાં વર્તે છે ત્યારે આવી અશુભલેશ્યા મોહધારાની વૃદ્ધિ કરીને જીવનો વિનાશ કરે છે. આ પ્રકારે ભાવન કરીને મનશુદ્ધિમાં યત્ન કરવો જોઈએ. **॥૪૪॥**

**અવતરણિકા :-**

**હવે, મનશુદ્ધિને માટે સહેલો ઉપાયાન્તર બતાવે છે –**

**શ્લોક :-**

**मनःशुद्ध्यै च कर्तव्यो रागद्वेषविनिर्जयः ।**
**कालुष्यं येन हित्वाऽऽत्मा स्वस्वरूपेऽवतिष्ठते ।।४५।।**

**શ્લોકાર્થ :-**

**અને મનશુદ્ધિ માટે રાગ-દ્વેષનો વિજય કરવો જોઈએ. જેનાથી=રાગ-દ્વેષના વિજયથી, કાલુષ્યનો ત્યાગ કરીને આત્મા સ્વસ્વરૂપમાં રહે છે. ।।૪૫।।**

**ભાવાર્થ :-**

મહાત્માએ મનશુદ્ધિ કરવા અર્થે રાગ-દ્વેષના જય માટે ઉદ્યમ કરવો જોઈએ. અહીં પ્રશ્ન થાય કે જીવ જ્યાં સુધી વીતરાગ નથી ત્યાં સુધી આત્મામાં રાગ-દ્વેષના સંસ્કારો છે તેથી તેનો વિજય કઈ રીતે થઈ શકે ? વસ્તુતઃ રાગ-દ્વેષના જય માટે રાગ-દ્વેષથી પર અવસ્થા, જે જીવના સમભાવ સ્વરૂપ છે તેના પ્રત્યે દૃઢ પ્રણિધાનપૂર્વક જ્યારે જ્યારે મહાત્મા યત્ન કરે છે ત્યારે કેટલાક અંશમાં રાગ-દ્વેષ હણાય છે. જેમ કોઈ મહાત્મા વિચારે કે શાતા-અશાતાજન્ય સુખ-દુઃખ મારા માટે સમાન છે; કેમ કે સમભાવનું સુખ સ્ફુરાયમાન થતું હોય તો શાતા-અશાતા અકિંચિત્કર છે. વળી, વિચારે કે જીવન-મૃત્યુ સમાન છે; કેમ કે હું જીવીશ તો સમભાવની વૃદ્ધિ કરીશ અને સમભાવના ઉપયોગમાં મૃત્યુ થશે તોપણ આગામી જન્મ શ્રેષ્ઠ પ્રાપ્ત થશે. માટે મારા માટે જન્મ-મૃત્યુ સમાન છે. વળી, મહાત્મા વિચારે કે મારા માટે શત્રુ-મિત્ર સમાન છે; કેમ કે શત્રુ પણ મારા આત્માથી ભિન્ન છે અને મિત્ર પણ મારા આત્માથી ભિન્ન છે અને ભિન્ન એવા શત્રુ-મિત્રમાંથી કોઈ પરિણામ નીકળીને પોતાના આત્મામાં પ્રવેશ થતો નથી. માટે સર્વજીવો પ્રત્યે હું સમભાવને કેળવું અને અસમભાવ પ્રત્યે દ્વેષને કેળવું; જેથી સતત રાગ-દ્વેષનો વિજય થાય, જેનાથી મનશુદ્ધિની પ્રાપ્તિ થાય અને રાગ-દ્વેષના વિજયથી કાલુષ્ય દૂર થવાને કારણે તેટલા તેટલા અંશમાં મોહથી અનાકુળ એવા આત્માના સ્વરૂપમાં પોતાનો આત્મા સ્થિર થાય. **।।૪૫।।**

**અવતરણિકા :-**

**હવે, રાગ-દ્વેષના દુર્જયપણાને ત્રણ શ્લોકથી કહે છે –**

**શ્લોક :-**

**आत्मायत्तमपि स्वान्तं कुर्वतामत्र योगिनाम् ।**
**रागादिभिः समाक्रम्य परायत्तं विधीयते ।।४६।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=જગતમાં, સ્વઅંતઃકરણને આત્માને આધીન પણ કરતા એવા યોગીઓનું સ્વઅંતઃકરણ રાગાદિ વડે સમાક્રમણ કરીને પરાયત્ત કરાય છે=પરાધીન કરાય છે. ॥૪૬॥**

**શ્લોક :-**

**रक्ष्यमाणमपि स्वान्तं समादाय मनाग् मिषम् ।**
**पिशाचा इव रागाद्याश्छलयन्ति मुहुर्मुहुः ॥४७॥**

**શ્લોકાર્થ :-**

**થોડાક છલને ગ્રહણ કરીને પિશાચની જેમ રાગાદિ રક્ષ્યમાણ પણ સ્વઅંતઃકરણને વારંવાર છલે છે=યોગીના મનને ઉન્માર્ગગામી કરે છે. ॥૪૭॥**

**શ્લોક :-**

**रागादितिमिरध्वस्तज्ञानेन मनसा जनः ।**
**अन्धेनान्ध इवाऽऽकृष्टः पात्यते नरकावटे ॥४८॥**

**શ્લોકાર્થ :-**

**રાગાદિ તિમિરથી ધ્વસ્ત જ્ઞાનવાળા મનથી જન, આંધળાથી આકર્ષાયેલા આંધળા પુરુષની જેમ, નરકરૂપી આવટમાં=નરકરૂપી ખાડામાં, ફેંકાય છે. ॥૪૮॥**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્માઓ શાસ્ત્રવચનથી ભાવિત થઈને સતત સમભાવની વૃદ્ધિ થાય તે રીતે પોતાનું મન કરે છે અને સમભાવથી વાસિત ચિત્ત સુખપૂર્વક યોગમાર્ગને સેવીને ઉપર ઉપરનાં સંયમનાં સ્થાનોને પ્રાપ્ત કરે છે. તેવા પણ યોગીઓને કોઈક નિમિત્તથી રાગાદિ ઉલ્લસિત થાય તો તેના ચિત્તને પરાધીન કરે છે=આત્માની આધીનતાનો ત્યાગ કરીને મોહની આધીનતાને પ્રાપ્ત કરે છે. જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિ દુર્મુખના વચનને સાંભળીને રાગાદિથી આકુળ થયા તો સાતમી નરકની પ્રાપ્તિ થાય તેવું ક્લિષ્ટ ચિત્ત તેમનું બન્યું.

વળી, કોઈ મહાત્મા પ્રયત્નપૂર્વક મનને વિષયોથી પરાઙ્મુખ કરીને જિનવચનથી આત્માને ભાવિત કરે છે ત્યારે તે મહાત્માનું ચિત્ત મોહના ઉપદ્રવથી રક્ષણ પામતું હોય છે, છતાં તે મહાત્મા અલ્પ પણ પ્રમાદ કરે તો પિશાચની જેમ રાગાદિ તે મહાત્માના ચિત્તનો અત્યંત વિનાશ કરે છે. આથી જ મહાપરાક્રમ ફોરવીને સાવદ્યાચાર્ય સંસારના પારને પામવાની ભૂમિકામાં હતા છતાં માનકષાયને વશ થઈને થોડા પ્રમાદવાળા થયા તો ઉત્સૂત્ર ભાષણ કરીને અનંત સંસારના પરિભ્રમણની કદર્થનાને પામ્યા.

વળી, જેઓનું મન રાગાદિ અંધકારથી ધ્વસ્ત જ્ઞાનવાળું છે અર્થાત્ આત્માના હિતની જેઓને કોઈ ચિંતા નથી પરંતુ રાગાદિ ભાવોમાં જ સારબુદ્ધિને ધારણ કરનારા છે તેવા જીવોને કોઈ આંધળો કોઈ આંધળાનો

હાથ પકડીને ચાલતો હોય અને તે આંધળો ખાડામાં પડે તો તેનો હાથ પકડનાર આંધળો પણ ખાડામાં પડે છે તેમ રાગાદિથી અંધકારરૂપી જ્ઞાનવાળા મનનું જેઓ અનુસરણ કરે છે તેઓ નરકરૂપી ખાડામાં પડે છે.

આ રીતે રાગાદિના અનર્થોનું ભાવન કરીને રાગાદિથી આત્માનું રક્ષણ કરવા માટે મહાત્માએ સદા ઉદ્યમ કરવો જોઈએ. **॥૪૬થી ૪૮॥**

**અવતરણિકા :-**

**હવે રાગ-દ્વેષના જયના ઉપાયને બતાવે છે –**

**શ્લોક :-**

**अस्ततन्द्रैरतः पुंभिर्निर्वाणपदकाङ्क्षिभिः ।**
**विधातव्यः समत्वेन रागद्वेषद्विषज्जयः ।।४९।।**

**શ્લોકાર્થ :-**

**આથી=જે કારણથી પૂર્વના ત્રણ શ્લોકોમાં બતાવ્યું એવા રાગ-દ્વેષ અનર્થકારી છે આથી, અસ્ત તંદ્રાવાળા, નિર્વાણપદની કાંક્ષાવાળા પુરુષે રાગ-દ્વેષરૂપી શત્રુનો જય સમપરિણામથી કરવો જોઈએ. ।।૪૯।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ સંસારના વાસ્તવિક સ્વરૂપને જાણનારા છે તેઓ સંસારથી પર અવસ્થારૂપ નિર્વાણપદની આકાંક્ષાવાળા છે. વળી, નિર્વાણપથના વિઘ્નભૂત સંસારના ભાવો અનાદિથી સુઅભ્યસ્ત છે તેમ જાણનારા છે તેથી અસ્ત તંદ્રાવાળા છે અર્થાત્ નિમિત્તને પામીને બાહ્ય નિમિત્તોથી ભાવો ન થાય પરંતુ આત્માનો અપ્રમાદભાવ વૃદ્ધિ પામે તે રીતે અંતરંગ સદા ઉદ્યમ કરનારા છે તેવા મહાત્માઓએ સર્વભાવો પ્રત્યે સમભાવનું દૃઢ અવલંબન લઈને રાગદ્વેષરૂપી શત્રુનો જય કરવો જોઈએ અને વારંવાર વિચારવું જોઈએ કે સર્વદ્રવ્ય, સર્વક્ષેત્ર, સર્વકાળ અને સર્વભાવમાં વર્તતા ભાવો મારા માટે પરમ ઉપેક્ષાનો વિષય છે તેથી સતત જગતના ભાવો પ્રત્યે ઉપેક્ષાભાવ વૃદ્ધિ પામે જેનાથી આત્માનો સમભાવનો પરિણામ સ્થિર થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ જેથી સુખપૂર્વક નિર્વાણપદની પ્રાપ્તિ થાય. **॥૪૯॥**

**અવતરણિકા :-**

**જે પ્રમાણે સામ્ય=સમભાવ, રાગ-દ્વેષજયનો ઉપાય છે તે પ્રમાણે કહે છે –**

**શ્લોક :-**

**अमन्दानन्दजनने साम्यवारिणि मज्जताम् ।**
**जायते सहसा पुंसां रागद्वेषमलक्षयः ।।५०।।**

**શ્લોકાર્થ :-**

**અમંદ આનંદને ઉત્પન્ન કરનાર=તીવ્ર સ્વસ્થતાના આનંદને ઉત્પન્ન કરનાર, સામ્યવારિણિમાં= સામ્યરૂપી દરિયામાં, ડૂબનાર પુરુષના રાગ-દ્વેષરૂપી મલનો ક્ષય શીઘ્ર થાય છે. ।।૫૦।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોનું શરીર કાદવ આદિથી મલિન થયેલું હોય અને સરોવર આદિમાં ડૂબકી મારે તો તેના ઉપર લાગેલો કાદવરૂપી મલ પાણીથી સ્વચ્છ થાય છે તેમ મહાત્માઓ આત્માના વાસ્તવિક સ્વરૂપનું પર્યાલોચન કરીને વિચારે છે કે સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ, સર્વ પદાર્થો પ્રત્યે સમભાવ કેળવવાથી આત્મા મોહની અનાકુળ અવસ્થાને પ્રાપ્ત કરે છે જે વિચારણા સમભાવરૂપી દરિયા સ્વરૂપ છે અને તે વિચારણા જીવને સંસારનાં સર્વ સુખો કરતાં શ્રેષ્ઠ કોટિના આલ્લાદને ઉત્પન્ન કરનાર છે અને તેવા સમભાવરૂપી દરિયામાં જે મહાત્માઓ ડૂબકીઓ મારે છે તે મહાત્માના રાગ-દ્વેષરૂપ મલનો ક્ષય તુરત જ થાય છે અર્થાત્ તે મલ દૂર કરવા માટે તેમણે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. વળી, સમભાવના પરિણામનો તેવો જ સ્વભાવ છે કે અનાદિથી રાગ-દ્વેષની પરિણતિરૂપ જે કુસંસ્કારો આત્મામાં આધાન થયેલા તે કુસંસ્કારોનો નાશ કરીને સમભાવની પરિણતિના ઉત્તમ સંસ્કારોનું આધાન આત્મામાં કરે છે અને જેમ જેમ સમભાવના સંસ્કારોની વૃદ્ધિ થાય છે તેમ તેમ અસમભાવના સંસ્કારોરૂપ રાગ-દ્વેષના સંસ્કારો આત્મામાંથી ક્ષીણ, ક્ષીણતર થાય છે. માટે વીતરાગ થવાના અર્થી જીવે સદા સમભાવના સ્વરૂપનું પર્યાલોચન કરીને તે ભાવથી આત્માને વાસિત કરવા માટે સદા ઉદ્યમ કરવો જોઈએ. **।।૫૦।।**

**અવતરણિકા :-**

**સામ્ય કેવલ રાગ-દ્વેષનો જ અપનાયક નથી પરંતુ સર્વકર્મોનો પણ અપનાયક છે એને કહે છે –**

**શ્લોક :-**

**प्रणिहन्ति क्षणार्धेन साम्यमालम्ब्य कर्म तत् ।**
**यन्न हन्यान्नरस्तीव्रतपसा जन्मकोटिभिः ।।५१।।**

**શ્લોકાર્થ :-**

**તીવ્ર તપ દ્વારા ક્રોડો જન્મોથી મનુષ્ય જે કર્મોનો નાશ કરતો નથી અર્ધી ક્ષણથી સામ્યનું અવલંબન લઈને મનુષ્ય તે કર્મોનો નાશ કરે છે. ।।૫૧।।**

**ભાવાર્થ :-**

જે સંસારી જીવો કોઈક રીતે ધર્મભાવને સન્મુખ થયા છે અને સામ્યભાવનો કોઈક પ્રકારે તેઓને બોધ નથી, છતાં કર્મનાશ માટે તપ ઉપાય છે તેમ જાણીને તીવ્ર તપ કરે છે તે જીવો ક્રોડો ભવ સુધી પણ એવો તપ કરીને જે કર્મનો નાશ કરી શકતા નથી તેટલાં કર્મોનો નાશ જે મહાત્મા ક્ષણાર્ધથી=અંતર્મુહૂર્તથી,

સામ્યભાવમાં યત્ન કરે તો નાશ કરી શકે છે. માટે મોક્ષના ઉપાયભૂત કર્મના નાશના અર્થીએ કઈ રીતે સામ્યભાવમાં યત્ન થઈ શકે તેના પરમાર્થને જાણવા માટે સદા યત્ન કરવો જોઈએ અને તેના પરમાર્થને જાણીને પોતાનામાં સામ્યભાવ પ્રગટે તે પ્રકારે સદા ઉચિત યત્ન કરવો જોઈએ. **॥૫૧॥**

**અવતરણિકા :-**

**અંતર્મુહૂર્ત માત્રથી સર્વકર્મોનો અપનાયક સામ્ય કેવી રીતે થાય છે ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**कर्म जीवं च संश्लिष्टं परिज्ञातात्मनिश्चयः ।**
**विभिन्नीकुरुते साधुः सामायिकशलाकया ।।५२।।**

**શ્લોકાર્થ :-**

**પરિજ્ઞાત આત્મનિશ્ચયવાળા સાધુ સામાયિકરૂપી શલાકાથી સંશ્લિષ્ટ એવા કર્મને અને જીવને વિભિન્ન કરે છે=પૃથક્ કરે છે. ।।૫૨।।**

**ભાવાર્થ :-**

જે મહાત્મા સંસારથી ભય પામેલા છે તેમણે સ્વશક્તિ અનુસાર શાસ્ત્રનું અધ્યયન કરીને ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયોના અને હાસ્ય, રતિ આદિ રૂપ નોકષાયોના પરિણામથી રહિત વીતરાગભાવ સ્વરૂપ પોતાનો આત્મા છે તેવો નિર્ણય કર્યો છે. તેવા આત્માને પ્રગટ કરવાર્થે તે મહાત્મા સમિતિગુપ્તિમાં યત્ન કરે છે ત્યારે સમભાવના પરિણામરૂપ સામાયિકની શલાકાથી આત્મા સાથે સંશ્લિષ્ટ થયેલા કર્મને પૃથક્ કરે છે; કેમ કે અસમભાવના પરિણામથી આત્મા સાથે સંશ્લિષ્ટ થયેલાં કર્મ સમભાવને કારણે આત્માથી પૃથક્ થાય છે. તેથી કર્મનાશનો એક ઉપાય સમભાવનો પરિણામ છે અને સમભાવની નિષ્પત્તિ અને વૃદ્ધિ અર્થે સંયમની ઉચિત સર્વ ક્રિયાઓ છે. તેથી જેઓ સંયમની ઉચિત ક્રિયાઓ કરીને કે સમભાવના સ્વરૂપનું ભાવન કરીને આત્માને સમભાવના પરિણામથી અત્યંત વાસિત કરે છે તે મહાત્મા જેમ જેમ સમભાવથી વાસિત થાય છે તેમ તેમ અસમભાવના પરિણામથી આત્મા સાથે સંશ્લેષ પામેલાં કર્મો આત્માથી પૃથગ્ થાય છે. માટે સર્વકર્મોને દૂર કરનાર સમભાવનો જ પરિણામ છે. **॥૫૨॥**

**અવતરણિકા :-**

**આત્મનિશ્ચયબળથી સાધુ કેવલ કર્મને પૃથક્ કરતા નથી=પોતાના આત્માથી કર્મને પૃથક્ કરતા નથી પરંતુ પોતાના આત્મામાં તે સાધુને પરમાત્મનું દર્શન પણ થાય છે એને કહે છે –**

**શ્લોક :-**

**रागादिध्वान्तविध्वंसे कृते सामायिकांशुना ।**
**स्वस्मिन् स्वरूपं पश्यन्ति योगिनः परमात्मनः ।।५३।।**

**શ્લોકાર્થ :-**

**સામાયિકરૂપી સૂર્ય વડે રાગાદિરૂપી અંધકારનો ધ્વંસ કરાયે છતે યોગીઓ પોતાના આત્મામાં પરમાત્માનું સ્વરૂપ જુએ છે. ।।૫૩।।**

**ભાવાર્થ :-**

જેમ ગાઢ અંધકાર વિદ્યમાન હોય ત્યારે ગૃહ આદિમાં રહેલો પણ ઘટ દૃષ્ટિગોચર થતો નથી અને સૂર્યનો પ્રકાશ આવે છે ત્યારે તે ગૃહ આદિમાં વર્તતો અંધકાર દૂર થાય છે તેથી તે ગૃહાદિમાં રહેલા ઘટાદિ પદાર્થો દેખાય છે તેમ પોતાના આત્મામાં પરમાત્મતુલ્ય પ્રકૃષ્ટ આત્મતત્ત્વ વિદ્યમાન છે આમ છતાં આત્માના પરમાત્મભાવને જોવામાં સહાયક એવો સામાયિકરૂપી સૂર્ય અંદરમાં વિદ્યમાન નથી પરંતુ સામાયિકના પરિણામથી વિરુદ્ધ રાગાદિરૂપ અંધકાર આત્મામાં વ્યાપ્ત છે. તેથી સંસારી જીવોને પોતે પરમાત્માથી હીન છે પણ પોતે પરમાત્મતુલ્ય નથી તેમ સ્વસંવેદનથી જણાય છે અને જે યોગીઓ સામાયિકના પરિણામમાં સતત યત્ન કરીને આત્મામાં વર્તતા રાગાદિરૂપી અંધકારનો વિધ્વંસ કરે છે ત્યારે સામાયિકના પરિણામરૂપ પ્રકાશના બળથી તે મહાત્મા પોતાના આત્મામાં વર્તતા પરમાત્મ સ્વરૂપને જુએ છે. તેથી તેવા પરમાત્મ સ્વરૂપમાં લીન થઈને પરમાત્મ સ્વરૂપનાં આવારક કર્મોનો તે યોગીઓ સુખપૂર્વક નાશ કરે છે. **।।૫૩।।**

**અવતરણિકા :-**

**હવે, સામ્યના પ્રભાવને વ્યક્ત કરે છે –**

**શ્લોક :-**

**स्निह्यन्ति जन्तवो नित्यं वैरिणोऽपि परस्परम् ।**
**अपि स्वार्थकृते साम्यभाजः साधोः प्रभावतः ।।५४।।**

**શ્લોકાર્થ :-**

**વળી, સ્વાર્થ માટે કરાયેલા સામ્યભાવને ભજનારા સાધુના પ્રભાવથી નિત્યવૈરવાળા પણ જીવો પરસ્પર સ્નેહ કરે છે. ।।૫૪।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ સંસારના ઉચ્છેદના અર્થી છે તેથી પોતાની ચાર ગતિની વિડંબનારૂપ સંસારના ઉચ્છેદના સ્વાર્થ નિમિત્તે સામ્યમાં યત્ન કરે છે તે મહાત્મામાં સામ્યનો પરિણામ પ્રકર્ષવાળો થાય છે ત્યારે તે મહાત્માના પ્રભાવથી નિત્યવૈરવાળા એવા સાપ-નોળિયાદિ પ્રાણીઓ પણ પોતાના વૈરભાવને ભૂલીને પરસ્પર સ્નેહભાવને કરે છે; કેમ કે તે મહાત્માના સંસર્ગથી તેઓમાં પણ કંઈક સામ્યભાવની પરિણતિ પ્રગટે છે તેથી પોતાનો વૈરભાવ ભૂલી જઈને જેમ સાધર્મિકો પરસ્પર સમાન ધર્મને કારણે સ્નેહભાવ ધારણ કરે છે તેમ તેવા હિંસક જીવો પણ પોતાનો હિંસકભાવ ત્યાગ કરીને સાધર્મિકપણા રૂપે સ્નેહભાવને ધારણ

કરે છે. આથી જ બળભદ્ર મુનિના સાંનિધ્યથી સિંહ, શિયાળ, વરુ આદિ પ્રાણીઓ પણ સાધર્મિકની જેમ એક કૌટુંબિક થઈને તે મહાત્મા પાસે આવીને વસતા હતા અને સ્વભૂમિકાનુસાર શ્રાવકઆચાર પાળીને આત્મહિત સાધતા હતા. તેથી મહાપ્રભાવવાળા એવા સામ્યમાં જ કલ્યાણના અર્થી જીવે સદા ઉદ્યમ કરવો જોઈએ. **॥૫૪॥**

**શ્લોક :-**

**साम्यं स्याद् निर्ममत्वेन तत्कृते भावनाः श्रयेत् ।**
**अनित्यतामशरणं भवमेकत्वमन्यताम् ।।५५।।**
**अशौचमाश्रवविधिं संवरं कर्मनिर्जराम् ।**
**धर्मस्वाख्याततां लोकं द्वादशीं बोधिभावनाम् ।।५६।।**

**શ્લોકાર્થ :-**

**સામ્ય નિર્મમપણાથી થાય. તેના માટે=નિર્મમપણા માટે ભાવનાઓનો આશ્રય કરવો જોઈએ. અનિત્યતાનો, અશરણનો, ભવનો=સંસારનો, એકત્વનો, અન્યતાનો, અશૌચનો, આશ્રવવિધિનો, સંવરનો, કર્મની નિર્જરાનો, ધર્મસ્વાખ્યાતતાનો, લોકનો અને બારમી બોધિભાવનાનો આશ્રય કરવો જોઈએ. ।૫૫-૫૬।।**

**ભાવાર્થ :-**

આત્માનો મૂળ સ્વભાવ વીતરાગતા છે અને વીતરાગતાની પ્રાપ્તિ માટે આત્માને સામ્યભાવથી ભાવિત કરવો જોઈએ. સામ્યભાવથી ભાવિત થવામાં મમત્વ બાધક હોવાથી જીવ સામ્યભાવથી આત્માને ભાવિત કરવા યત્ન કરે તોપણ આત્માનો સામ્યભાવ સ્ફુરાયમાન થતો નથી. માટે કલ્યાણના અર્થી જીવે સામ્યભાવને પ્રગટ કરવા અર્થે મમત્વનો ત્યાગ કરવો જોઈએ અને નિર્મમ થવા યત્ન કરવો જોઈએ. અહીં પ્રશ્ન થાય કે સામ્યભાવ જેમ દુષ્કર છે તેમ મમત્વના ત્યાગપૂર્વક નિર્મમભાવને પ્રાપ્ત કરવો પણ દુષ્કર છે તેથી ગ્રંથકારશ્રી કહે છે કે જેમ જેમ જીવ ભાવનાઓથી ભાવિત થાય તેમ તેમ અનાદિની મમત્વની પરિણતિ ક્ષીણ-ક્ષીણતર થાય છે. હવે, અહીં પ્રશ્ન થાય કે કેવા પ્રકારની ભાવનાઓમાં યત્ન કરવો જોઈએ જેથી નિર્મમભાવ પ્રગટે ? તેથી ગ્રંથકારશ્રી બાર ભાવનાઓનાં નામ પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે જે ભાવનાઓનું સ્વરૂપ આગળ સ્પષ્ટ કરે છે. **॥૫૫-૫૬॥**

**શ્લોક :-**

**यत् प्रातस्तन्न मध्याह्ने यन्मध्याह्ने न तन्निशि ।**
**निरीक्ष्यते भवेऽस्मिन् ही ! पदार्थानामनित्यता ।।५७।।**

**શ્લોકાર્થ :-**

**જે સવારમાં દેખાય છે તે મધ્યાહ્નમાં નથી, જે મધ્યાહ્નમાં દેખાય છે તે રાત્રિમાં નથી. ખેદની વાત છે કે આ ભવમાં=સંસારમાં, પદાર્થોની અનિત્યતા નિરીક્ષણ કરાય છે (છતાં જીવો પોતે નિત્ય છે તેમ નિશ્ચિંત થઈને જીવે છે). ।।૫૭।।**

**ભાવાર્થ :-**

**૧. અનિત્યભાવના :-**

પદાર્થોની અનિત્યતાનું ભાવન કરીને મહાત્મા નિત્ય એવા પોતાના આત્મામાં સદા સ્થાયી રહેનાર વીતરાગભાવને જ નિત્યરૂપે જોવા ભાવના કરે છે. જગતના જે પદાર્થો સવારમાં દેખાય છે તે પદાર્થો મધ્યાહ્નમાં દેખાતા નથી અને જે પદાર્થો મધ્યાહ્નમાં દેખાય છે તે રાત્રિમાં દેખાતા નથી. પદાર્થોની આ સ્થિતિ જ બતાવે છે કે બધા ભાવો પ્રત્યક્ષથી અનિત્યરૂપે સિદ્ધ છે અને આ સંસારમાં સર્વ બાહ્ય પદાર્થો જ્યારે અનિત્ય દેખાતા હોવા છતાં મૂઢ જીવો એની આસ્થા લઈને નિશ્ચિંત બની જીવતા હોય છે ત્યારે તત્ત્વને જોનારા મહાત્માને તો પોતાનો આત્મા પોતાના અંતરંગ વીતરાગતા આદિ ભાવોથી સદા શાશ્વત છે અને તેની આસ્થા પોતાના માટે હિતકારી છે તેમ દેખાય છે. આમ છતાં અનાદિના સંસ્કારોને કારણે અનિત્ય પદાર્થો અનિત્યરૂપે જોવાની નિર્મળદૃષ્ટિ સ્થિર થયેલી નહીં હોવાથી આત્મામાં નિર્મમભાવ પ્રગટ થતો નથી. અહીં અનુભવને અનુરૂપ દિવસ-રાત્રિ દરમિયાન પદાર્થોમાં થતા પરિવર્તનનું સમાલોચન કરીને મહાત્મા પદાર્થની અનિત્યતાથી આત્માને ભાવિત કરે છે; જેથી અનિત્ય પદાર્થો પ્રત્યેનો મમત્વભાવ ક્ષીણ-ક્ષીણતર થાય. **।।૫૭।।**

**શ્લોક :-**

**शरीरं देहिनां सर्वपुरुषार्थनिबन्धनम् ।**
**प्रचण्डपवनोद्धूतघनाघनविनश्वरम् ।।५८।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ પુરુષાર્થનું કારણ એવું સંસારી જીવનું જે શરીર છે તે પ્રચંડ પવનથી ઉદ્ધૂત=ફેંકાયેલા, એવા ઘનાઘન=વરસતા મેઘ, જેવું વિનશ્વર છે. ।।૫૮।।**

**ભાવાર્થ :-**

સંસારીજીવોને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ બધા પુરુષાર્થનું કારણ આ દેહ છે. જે મહાત્મા વિવેકપૂર્વક ધર્મમાં યત્ન કરે છે તે મહાત્માને તે ધર્મના સેવનથી અર્થ અને કામ પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે તથા સાથે સાથે મુખ્યરૂપે ધર્મ પુરુષાર્થની પણ વૃદ્ધિ થાય છે. આ ધર્મ પુરુષાર્થ પ્રકર્ષ પામીને આત્માને પૂર્ણ સુખમય એવા મોક્ષનું કારણ છે અને મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી શુદ્ધધર્મના સેવનથી પ્રગટ થયેલ ધર્મ ઉત્તરોત્તરના ભવમાં અર્થ, કામ માટે કરાયેલા પ્રયત્નને પણ સફળ કરીને સુખની પ્રાપ્તિ કરાવશે અને અંતે

પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિ કરાવશે. આમ છતાં આ શરીર શાશ્વત નથી પરંતુ વરસતાં વાદળાં હોય અને પ્રચંડ પવન વાય તો ક્ષણમાં તે વરસતાં વાદળાં વીખરાઈ જાય છે તેમ દેહના બળથી કોઈ મહાત્મા પોતાના પુરુષાર્થની સિદ્ધિ કરતા હોય તોપણ જેવો આયુષ્યનો ક્ષય થાય કે તરત દેહ નાશ પામે છે. આ રીતે દેહની અનિત્યતાનું ભાવન કરીને મહાત્મા દેહના મમત્વનો ત્યાગ કરીને આત્મામાં નિર્મમભાવ પ્રગટ થાય તે પ્રકારે યત્ન કરે છે જેનાથી પ્રાપ્ત થયેલો દેહ પણ કલ્યાણનું કારણ બને. જેઓએ દેહની અનિત્યતા ભાવન કરી નથી તેઓને પ્રત્યક્ષથી અનિત્ય દેખાતો એવો પણ દેહ સુખનું સાધન જ દેખાય છે અને તેના માટે દેહનું મમત્વ કરીને મમત્વભાવની જ વૃદ્ધિ કરે છે. માટે કલ્યાણના અર્થી જીવે દેહની અનિત્યતાનું ભાવન કરીને અનિત્યભાવનાને તે રીતે સ્થિર કરવી જોઈએ જેથી દેહ મમત્વનું સાધન બને નહીં પરંતુ નિર્મમભાવનું કારણ બને. **॥૫૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૫૭માં પદાર્થની અનિત્યતા બતાવી. શ્લોક-૫૮માં આત્માની સાથે અત્યંત નિકટ એવા શરીરની અનિત્યતા બતાવી. હવે, ધન, કુટુંબ આદિનો સંબંધ અને યૌવન જેની હૂંફથી સંસારી જીવો નિશ્ચિંત બનીને જીવે છે તે પણ અનિત્ય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**कल्लोलचपला लक्ष्मीः संगमाः स्वप्नसंनिभाः ।**
**वात्याव्यतिकरोत्क्षिप्ततूलतुल्यं च यौवनम् ।।५९।।**

**શ્લોકાર્થ :-**

**(જે કારણથી) કલ્લોલતુલ્ય ચપલ લક્ષ્મી છે=સમુદ્રમાં થતાં પાણીનાં મોજાં જેવી ચંચલ લક્ષ્મી છે, સંગમો=કુટુંબ કે સ્નેહી આદિના સંગમો, સ્વપ્ન જેવા છે=સ્વપ્નમાં થયેલા કોઈકના સંબંધ જેવા છે. વાયુના વ્યતિકરથી ઉત્ક્ષિપ્ત એવા રૂતુલ્ય=વાયુના વાવાના કારણે ફેંકાયેલા રૂ જેવું, યૌવન છે (તે કારણથી) લક્ષ્મી, સંગમ અને યૌવન અસાર છે. ।।૫૯।।**

**ભાવાર્થ :-**

સાક્ષાત્ અનુભવથી દેખાતા પદાર્થો વિષયક અત્યંત ઉપયોગપૂર્વક ભાવન કરવાથી વિચારકને જે પ્રકારે પદાર્થો છે તે પ્રકારે તે પદાર્થો સ્થિર ભાસે છે તેથી તે પદાર્થોનું મમત્વ દૂર થાય છે. મમત્વના નાશ અર્થે મહાત્મા અનુભવ અનુસાર વિચારે છે કે સમુદ્રમાં થતા પાણીના કલ્લોલો અતિ ચપલ અવસ્થાવાળા છે. ક્ષણભર દેખાય છે અને પછી શાંત થઈ જાય છે એ પ્રકારે ઘણા પ્રયત્નથી પ્રાપ્ત કરાયેલી લક્ષ્મી પણ તથાપ્રકારના પુણ્યની સમાપ્તિ થાય તો ક્ષણભરમાં ચાલી જાય છે અને કદાચ આ જીવન ટકી રહે તોપણ મૃત્યુ વખતે તો જીવને અસહાય છોડીને ચાલી જ જાય છે. માટે જે વસ્તુ પોતાની સાથે સ્થિર રહી શકે તેવી ન હોય તેના પ્રત્યે બુદ્ધિમાન પુરુષ ક્યારેય મમત્વ કરે નહીં. વિચારક પુરુષ તો હંમેશાં પોતાના અંતરંગ

ગુણોની સમૃદ્ધિ પ્રત્યે જ મમત્વ કરે; કેમ કે અંતરંગ ગુણની સમૃદ્ધિ પુરુષાર્થથી પ્રગટ થાય છે અને પ્રમાદને વશ જીવ તેની વૃદ્ધિમાં યત્ન ન કરે તોપણ તે કર્મથી આવરાય છે પરંતુ ક્યારેય નાશ પામતી નથી. વળી, ક્ષાયિકભાવથી પ્રગટ થયેલી અંતરંગ લક્ષ્મી જીવને સદા હિતકારી છે અને ક્યારેય નાશ પામતી નથી. માટે ચપલ એવી બાહ્ય લક્ષ્મીનો મમત્વભાવ ત્યાગ કરીને નિર્મમભાવરૂપ અંતરંગ લક્ષ્મી માટે જ યત્ન કરવો જોઈએ એ પ્રકારે મહાત્મા ભાવન કરે છે.

વળી, જેમ લક્ષ્મી મમત્વનું કારણ છે તેમ પ્રિયના સંયોગો પણ મુગ્ધ જીવોને મમત્વનું કારણ છે અને તે મમત્વના નિવારણ અર્થે મહાત્મા ભાવન કરે છે. જેમ સ્વપ્નમાં કોઈને કોઈની સાથે સંબંધ થાય અને તે વખતે તે સંબંધમાં તે આનંદિત થાય તોપણ પરમાર્થથી કોઈ વસ્તુનો સંબંધ પ્રાપ્ત થયો નથી પરંતુ કલ્પનારૂપ સંબંધ જ પ્રાપ્ત થયો છે તેમ પોતાનાથી ભિન્ન એવા સ્નેહી-સ્વજનના સંયોગો પરમાર્થથી જીવમાં કોઈ ભાવને પ્રાપ્ત કરાવતા નથી. મૂઢતાના કારણે જ જીવ પોતાનાથી તદ્દન ભિન્ન એવા સ્વજનાદિના સંગમોમાં મમત્વ કરીને જ્યારે તેઓને વિયોગ થાય ત્યારે દુઃખી થાય છે અને સંગમકાળમાં મોહથી આકુળ થઈને દુઃખી થાય છે. માટે અસાર એવા સ્વજનાદિના સંગમો પ્રત્યે વિવેકીએ મમત્વ કરવું ઉચિત નથી પરંતુ આત્માના નિર્મમભાવ પ્રત્યે જ મમત્વ કરવું ઉચિત છે જેથી નિર્મમભાવ સ્થિર થાય અને ક્યારેય દુઃખની પ્રાપ્તિ થાય નહીં. આ પ્રકારે ભાવન કરીને સ્વજન આદિના સંગમના વાસ્તવિક સ્વરૂપને જોનારા મહાત્મા ભાવના દ્વારા તે ભાવોને આત્મામાં સ્થિર કરે છે.

વળી, યૌવનકાળમાં દેહની પુષ્ટિ હોવાથી અને રૂપ, સંપત્તિ આદિ હોવાથી જીવને પોતાના યૌવન પ્રત્યે મમત્વ થાય છે. તે મમત્વના નિવારણ માટે યૌવનના વાસ્તવિક સ્વરૂપને સૂક્ષ્મબુદ્ધિથી અવલોકન કરીને મહાત્મા વિચારે છે – જેમ જોરથી વાયુ વાતો હોય અને તેના કારણે રૂનું તણખલું ક્ષણવારમાં ઊડીને ક્યાંય જઈને પડે છે તેમ, કોઈક રીતે પ્રાપ્ત થયેલું આ યૌવન ક્ષણવારમાં વિનાશ પામવાનું છે. આવા યૌવન પ્રત્યે મમત્વ કરવું વિવેકીને ઉચિત નથી પરંતુ વિચારવું જોઈએ કે યૌવનકાળમાં જે કંઈ શરીરનું બળ છે, તત્ત્વ વિચારવાની શક્તિ છે તેના દ્વારા તત્ત્વને જાણવા યત્ન કરવો જોઈએ અને શરીરબળને તત્ત્વસેવનમાં પ્રવર્તાવવું જોઈએ. આ રીતે વિચારવાથી યૌવન પ્રત્યેનું મમત્વ દૂર થાય અને તત્ત્વ પ્રત્યે મમત્વભાવ પ્રગટે. વળી, જીવ માટે સર્વ ઉદ્યમથી અનાદિનાં કર્મોનાં બંધનોને તોડીને પોતાની મુક્ત અવસ્થાની પ્રાપ્તિ કરવી એ જ તત્ત્વ છે માટે તે અવસ્થાની પ્રાપ્તિના બળવાન કારણભૂત નિર્મમભાવને જ પ્રગટ કરવા માટે ઉદ્યમ કરવો જોઈએ. આ પ્રકારે યૌવનની અનિત્યતાનું ભાવન કરીને મહાત્મા પોતાના યૌવનના ઉન્માદથી આત્માનું રક્ષણ કરે છે અને સર્વ ભાવો પ્રત્યે નિર્મમ થવા યત્ન કરે છે જેથી સ્વપ્રયત્ન અનુસાર નિર્મમભાવને પ્રાપ્ત કરીને સામ્યભાવને પ્રાપ્ત કરી શકાય. **॥૫૯॥**

**શ્લોક :-**

**इत्यनित्यं जगद्वृत्तं स्थिरचित्तः प्रतिक्षणम् ।**
**तृष्णाकृष्णाहिमन्त्राय निर्ममत्वाय चिन्तयेत् ।।६०।।**

**શ્લોકાર્થ :-**

**તૃષ્ણારૂપી કાળા સર્પ માટે મંત્રસ્વરૂપ એવા નિર્મમપણા માટે સ્થિર ચિત્તવાળો આ પ્રમાણે=શ્લોક-૫૭થી ૫૯માં બતાવ્યું એ પ્રમાણે, જગતનું વૃત્ત=સ્વરૂપ, પ્રતિક્ષણ અનિત્ય ચિંતવન કરે. ॥૬૦॥**

**ભાવાર્થ :-**

અનિત્યભાવનાનું ભાવન કરનાર મહાત્મા વિચારે છે કે જો માત્ર શબ્દથી જ અનિત્યતાની વિચારણા કરવામાં આવશે તો નિર્મમભાવ પ્રગટ થશે નહીં અને નિર્મમભાવ પ્રગટ થયા વગર સામ્યભાવ આવશે નહીં. માટે હૈયાને સ્પર્શ કરે તે પ્રકારે ચિત્તને સ્થિર કરીને પૂર્વમાં કહ્યું એ પ્રમાણે પ્રતિક્ષણ જગતનું સ્વરૂપ ભાવન કરવું જોઈએ જેથી જગત્વર્તી પદાર્થો, શરીર, ધન, સ્વજન કે યૌવન પ્રત્યે મમત્વભાવ દૂર થાય. વળી, આ પ્રકારે સ્થિર ચિત્તપૂર્વક જગતનું અનિત્ય સ્વરૂપ ચિંતવન કરવામાં આવે તો આત્મામાં જગતના અસાર પદાર્થો પ્રત્યે નિર્મમભાવ પેદા થાય છે તેથી આત્મામાં રાગરૂપ જે તૃષ્ણાનો કૃષ્ણસર્પ જેવો પરિણામ વર્તે છે અર્થાત્ અત્યંત ઝેરી સર્પ જેવો જે તૃષ્ણાનો પરિણામ વર્તે છે તે ઝેરી સર્પને સ્તંભિત કરવા માટે મંત્ર જેવો આ નિર્મમભાવ છે. માટે મહાત્મા વિચારે છે કે જો સ્થિર ચિત્તપૂર્વક હું અનિત્યતાનું સ્વરૂપ ભાવન કરીશ તો મારામાં જે તૃષ્ણાનો પરિણામ વર્તે છે તે રૂપ સર્પનું ઝેર મને ચઢશે નહીં અને મારો નાશ થશે નહીં. જેમ ઝેરી સર્પ મૃત્યુનું કારણ છે તેમ જીવમાં વર્તતી તૃષ્ણા અનેક આરંભો કરાવીને જીવને દુર્ગતિમાં પાડનાર છે માટે મારા આત્માના રક્ષણ અર્થે મારે નિર્મમભાવનું કારણ બને તે રીતે દૃઢ યત્નપૂર્વક અનિત્યભાવનાનું ભાવન કરવું જોઈએ. **॥૬૦॥**

**શ્લોક :-**

**इन्द्रोपेन्द्रादयोऽप्येते यन्मृत्योर्यान्ति गोचरम् ।**
**अहो ! तदन्तकातङ्के कः शरण्यः शरीरिणाम् ? ॥६१॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આ=બુદ્ધિ સન્મુખ ઉપસ્થિત એવા, ઈન્દ્ર-ઉપેન્દ્રાદિ પણ મૃત્યુનો વિષય થાય છે તે કારણથી આશ્ચર્ય છે કે અંતકના અંતમાં=મૃત્યુના ભયની ઉપસ્થિતિમાં, સંસારીજીવોને કોણ શરણ છે ? ॥૬૧॥**

**ભાવાર્થ :-**

**૨. અશરણભાવના :-**

સંસારવર્તી દેહધારી જીવોની કર્મને વશ અશરણતા પ્રત્યક્ષ સિદ્ધ છે છતાં વિષયોમાં મૂઢ જીવોને તેની ઉપસ્થિતિ થતી નથી તેથી પોતે જાણે છે કે મારું મૃત્યુ અવશ્ય થવાનું છે છતાં પોતાની અશરણ અવસ્થાનો વિચાર કર્યા વગર પોતાના આત્માની વિડંબનાનું કારણ બને તેવા મમત્વભાવને જ સ્થિર કરવા પ્રયત્ન કરે છે. જે મહાત્માને વિવેકચક્ષુ પ્રગટ્યાં છે તે વિચારે છે કે સાગરોપમના આયુષ્યવાળા મહાસમર્થ એવા

દેવોના ઇન્દ્રો પણ જ્યારે મૃત્યુ કરનાર એવું અંતક અંત કરવા માટે ઉપસ્થિત હોય ત્યારે તે ઇન્દ્રોને પણ કોઈ શરણ નથી પરંતુ અશરણરૂપે જ ત્યાંથી ચ્યવીને અન્યભવમાં જવું પડે છે. વળી, મનુષ્યલોકમાં મહાબલિષ્ઠ એવા વાસુદેવ કે જેઓને ઉપેન્દ્ર કહેવાય છે તેઓને પણ જ્યારે મૃત્યુ સન્મુખ આવે છે ત્યારે કોઈ શરણભૂત થતું નથી પરંતુ અશરણ બની મૃત્યુ પામીને નરકમાં જાય છે. જેમ વીરભગવાન ત્રિપુષ્ઠવાસુદેવના ભવમાં અશરણ રીતે મૃત્યુ પામીને સાતમી નરકમાં ગયા. સંસારનું આવું અશરણ સ્વરૂપ હોવા છતાં તે અશરણ અવસ્થામાંથી આત્માનું રક્ષણ કરનાર સર્વજ્ઞકથિત ધર્મ વિદ્યમાન હોવા છતાં મૂઢ જીવો બાહ્ય કુટુંબ આદિના કે ધન આદિના બળથી પોતે સુરક્ષિત છે તેમ માનીને નિશ્ચિંત બની જીવે છે. આ રીતે અશરણભાવનાથી આત્માને ભાવિત કરીને જાગ્રત થયેલા મહાત્મા બાહ્ય પદાર્થો પ્રત્યે સુખપૂર્વક નિર્મમભાવને પ્રગટ કરી શકે છે. **॥૬૧॥**

**શ્લોક :-**

**पितुर्मातुः स्वसुर्भ्रातुस्तनयानां च पश्यताम् ।**
**अत्राणो नीयते जन्तुः कर्मभिर्यमसद्मनि ।।६२।।**

**શ્લોકાર્થ :-**

**પિતા, માતા, સ્વસુ=બહેન, ભાઈ, પુત્રો દેખતે છતે અત્રાણ એવો જીવ કર્મ વડે=બીજા ભવમાં વેદનીય એવાં શુભાશુભકર્મો વડે, યમમંદિરમાં=મૃત્યુસ્થાનમાં, લઈ જવાય છે. ॥૬૨॥**

**ભાવાર્થ :-**

સંસારવર્તી જીવો કર્મને પરવશ હોવાથી આયુષ્યકર્મની સમાપ્તિ સાથે અવશ્ય મૃત્યુ પામે છે. છતાં મૂઢતાને કારણે પોતાની અશરણ અવસ્થાનો વિચાર કરતા નથી માટે અશરણ અવસ્થામાં પણ શરણભૂત એવા ધર્મને સેવતા નથી. આવા શરણભૂત ધર્મને સેવવા માટે સદ્‌વીર્યને ઉલ્લસિત કરવા અર્થે મહાત્મા ભાવના કરે છે કે સંસારીજીવોને પિતા, માતા આદિ સંસારમાં હૂંફનું સ્થાન દેખાય છે પરંતુ તેઓના દેખતાં જ અત્રાણ એવા જીવને કર્મ મૃત્યુના સ્થાને લઈ જાય છે. માટે સંસારઅવસ્થામાં સ્વજન આદિ કોઈ શરણ નથી. સંસારમાં માત્ર ધર્મ જ શરણ છે અને ધર્મ મમત્વના ત્યાગથી જ થાય છે માટે પોતાની અશરણ અવસ્થાનું સ્મરણ કરીને સ્વજન આદિ પ્રત્યે કે નશ્વર બાહ્ય ભાવો પ્રત્યે મમત્વનો ત્યાગ કરીને મહાત્મા આત્માની અંતરંગ સમૃદ્ધિ પ્રત્યે જ પક્ષપાત ઊભો થાય તે પ્રકારે પ્રસ્તુત ભાવનાથી યત્ન કરે છે. **॥૬૨॥**

**શ્લોક :-**

**शोचन्ति स्वजनानन्तं नीयमानान् स्वकर्मभिः ।**
**नेष्यमाणं तु शोचन्ति नात्मानं मूढबुद्धयः ।।६३।।**

**શ્લોકાર્થ :-**

**મૂઢબુદ્ધિવાળા જીવો પોતાના કર્મ વડે અંતને લઈ જવાતાં=જીવનના અંતરૂપ મૃત્યુને પ્રાપ્ત કરતાં, સ્વજનોનો શોક કરે છે પરંતુ ભવિષ્યમાં લઈ જવાનારા એવા=ભવિષ્યમાં પોતાનાં કર્મો દ્વારા મૃત્યુ તરફ લઈ જવાનારા એવા, પોતાના આત્માની ચિંતા કરતા નથી અર્થાત્ હું શું કરું કે જેથી આ મૃત્યુની પરંપરાનો ઉચ્છેદ થાય તેની ચિંતા કરતા નથી. ।।૬૩।।**

**ભાવાર્થ :-**

સંસારવર્તી જીવો પદાર્થોના વાસ્તવિક સ્વરૂપને જોવામાં મૂઢબુદ્ધિવાળા હોવાથી સંસારના વાસ્તવિક સ્વરૂપનો વિચાર કર્યા વગર સ્વજન પ્રત્યેના પ્રતિબંધના કારણે જ્યારે સ્વજનો પોતાના આયુષ્યકર્મના ક્ષયથી જીવનના અંતને પ્રાપ્ત કરે છે ત્યારે શોક કરે છે અર્થાત્ વિચારે છે કે હું આ સ્વજનો વગર કઈ રીતે જીવીશ ? અને તેઓના વિરહથી ચિત્તને વ્યાકુળ કરે છે પરંતુ સ્વજનનું મૃત્યુ જોઈને સંસારના વાસ્તવિક સ્વરૂપનો વિચાર કરતા નથી કે જેમ આયુષ્યના ક્ષયથી સ્વજનો મૃત્યુ પામ્યા અને ભવાંતરના વેદનીય કર્મ દ્વારા ભવાંતરમાં લઈ જવાયા તેમ ભાવિમાં મારો આત્મા પણ આયુષ્યના ક્ષયથી મૃત્યુ પામશે અને ભવાંતરના વેદનીય કર્મ દ્વારા ભવાંતરમાં લઈ જવાનારો થશે. આ રીતે સંસારમાં મૃત્યુની પરંપરા ચાલે છે છતાં તે મૃત્યુની પરંપરાના ઉચ્છેદનો ઉપાય સર્વજ્ઞકથિત ધર્મ વિદ્યમાન છે તેનો મૂઢબુદ્ધિવાળા જીવો વિચાર કરતા નથી. વાસ્તવિક રીતે પોતાનાથી વ્યવહિત એવા સ્વજનનો શોક કરવો તે બુદ્ધિનો મોહ છે અને સન્નિહિત એવા પોતાના આત્માની જ ચિંતા કરવી તે વિવેકીને ઉચિત છે. આ પ્રમાણે ભાવન કરીને અશરણભાવનાથી ભાવિત મહાત્મા બાહ્ય પદાર્થો પ્રત્યેના પોતાના મમત્વનો ત્યાગ કરીને અનંત મરણોના પ્રવાહનો ઉચ્છેદ કરવા યત્ન કરે છે; કેમ કે બાહ્ય પદાર્થોના મમત્વથી ફરી ફરી જન્મ, ફરી ફરી મૃત્યુનો પ્રવાહ ક્યારેય બંધ થઈ શકે નહીં. **।।૬૩।।**

**શ્લોક :-**

**संसारे दुःखदावाग्निज्वलज्ज्वालाकरालिते ।**
**वने मृगार्भकस्येव शरणं नास्ति देहिनः ।।६४।।**

**શ્લોકાર્થ :-**

**વનમાં મૃગલાના બાળકની જેમ=વનમાં એકલું મૃગલાનું નાનું બચ્ચું હોય એની જેમ, દુઃખરૂપી જે દાવાગ્નિ તેની બળતી જ્વાલા=વ્યક્ત થતા દુઃખના પ્રભેદો, તેનાથી કરાલિત=રૌદ્ર, એવા સંસારમાં જીવોને શરણ નથી=કોઈ શરણ નથી. ।।૬૪।।**

**ભાવાર્થ :-**

મહાત્મા પોતાની અશરણ અવસ્થાનું અત્યંત ભાવન કરવા વિચારે છે – જંગલમાં મૃગલાનું નાનું બાળક એકલું ફરતું હોય ત્યારે ગમે તે હિંસક પશુ તેનો નાશ કરે છે તે વખતે તેને કોઈ શરણ નથી તેમ ચારગતિના

પરિભ્રમણરૂપ સંસારમાં જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ, વગેરે અનેક પ્રકારનાં દુઃખો વર્તે છે જે બળતા અગ્નિ જેવાં અત્યંત રૌદ્ર છે અને તેમાં સંસારવર્તી જીવ પડેલો છે જેનાથી રક્ષણ કરી શકે તેવું કોઈ નથી. મુગ્ધતાને વશ અવિચારક જીવો સ્થૂલથી આવતાં દુઃખોનો પ્રતિકાર કરવા માટે અને દુઃખોથી પોતાનું રક્ષણ કરવા યત્ન કરે છે પરંતુ કર્મનો ક્ષય કર્યા વગર તે દુઃખોથી આત્માનું ક્યારેય રક્ષણ થઈ શકે નહીં. માટે સંસારમાં પોતાની અશરણ અવસ્થાનો વિચાર કરીને મહાત્મા વિચારે છે કે સંસારવર્તી દુઃખોના ઉચ્છેદના ઉપાયરૂપે મારે મમત્વના ત્યાગનો યત્ન કરવો જોઈએ જેથી નિર્મમભાવ પ્રગટે તો જ સંસારનાં દુઃખોથી મારું રક્ષણ થઈ શકે, અન્યથા હું અશરણ છું અને અશરણ રીતે જ દુઃખોની પરંપરાને પ્રાપ્ત કરીશ. આ પ્રકારે ભાવના કરીને પોતાના મમત્વનો ત્યાગ કરવા મહાત્મા યત્ન કરે છે. **॥૬૪॥**

**શ્લોક :-**

**श्रोत्रियः श्वपचः स्वामी पत्तिर्ब्रह्मा कृमिश्च सः ।**
**संसारनाट्ये नटवत् संसारी हन्त ! चेष्टते ।।६५।।**

**શ્લોકાર્થ :-**

**બ્રાહ્મણ ચંડાલ થાય છે, સ્વામી પત્તિ=સેવક, થાય છે, જે બ્રહ્મા=પ્રજાપતિ, છે તે કૃમિ થાય છે. ખરેખર સંસારરૂપી નાટ્યભૂમિમાં સંસારી જીવ નટની જેમ ચેષ્ટા કરે છે. ॥૬૫॥**

**ભાવાર્થ :-**

**૩. સંસારભાવના :-**

મહાત્મા સંસારના વાસ્તવિક સ્વરૂપનું અવલોકન કરીને ભવભ્રમણથી નિર્વેદ થાય તે અર્થે વિચારે છે કે સંસારમાં શાસ્ત્રને જાણનાર એવો જે વિદ્વાન બ્રાહ્મણ છે તે જ બ્રાહ્મણ બીજા ભવમાં તેવા પ્રકારના કર્મને વશ ચંડાલ થાય છે. વળી, જે મોટી સમૃદ્ધિવાળો સ્વામી હોય તે જ બીજા ભવમાં તેવા પ્રકારના કર્મને વશ દાસ થાય છે. વળી, જે બ્રહ્મા=પ્રજાનું પાલન કરી શકે તેવો, છે તે જ બીજા ભવમાં તેવા પ્રકારના કર્મને વશ કૃમિ થાય છે. આ પ્રકારે સંસારી જીવ સંસારરૂપી નાટકની ભૂમિકા ઉપર નટની જેમ નવાં નવાં રૂપો કરીને નાચે છે. માટે આ સંસારનું પરિભ્રમણ અત્યંત અસાર છે તેમ વિચારીને મહાત્મા સંસારના ઉચ્છેદના ઉપાયને સેવવા માટે પોતાનું દઢવીર્ય ઉલ્લસિત કરે છે. વસ્તુતઃ આવા પ્રકારનું સંસારનું સ્વરૂપ જાણનાર જીવ પણ પ્રમાદવશ હોય છે ત્યારે હૈયાથી ભવનું સ્વરૂપ જેવું છે તેવું માનવા છતાં પ્રાપ્ત થયેલા સંયોગને અનુરૂપ શાતાની પ્રાપ્તિ માટે અને અશાતાના પરિહાર માટે યત્ન કરે છે પરંતુ ભવના ઉચ્છેદની ચિંતા કરતો નથી. તેથી પોતાના આત્મામાં ભવના ઉચ્છેદની સતત ચિંતા પ્રગટે અને ભવના ઉચ્છેદના ઉપાયને સેવવા માટે સતત વીર્ય ઉલ્લસિત રહે તે અર્થે મહાત્મા દઢ પ્રણિધાનપૂર્વક પુનઃ પુનઃ ભવનું સ્વરૂપ ભાવન કરે છે અને ભવના પરિભ્રમણથી પોતાનું રક્ષણ કરવા અર્થે પોતાના આત્માને સદા પ્રેરણા આપે છે. **॥૬૫॥**

શ્લોક :-

**न याति कतमां योनिं कतमां वा न मुञ्चति ।**
**संसारी कर्मसम्बन्धादवक्रयकुटीमिव ।।६६।।**

શ્લોકાર્થ :-

**સંસારી જીવ કર્મના સંબંધથી અવક્રય કુટીની જેમ=ભાડાના ઘરની જેમ, કઈ યોનિને નથી પામતો અને કઈ યોનિને નથી મૂકતો ? ।।૬૬।।**

ભાવાર્થ :-

પોતાનું ગૃહ ન હોય તેવા મનુષ્યો ભાડાના ઘરમાં રહેતા હોય તો પ્રસંગે પ્રસંગે તે ગૃહ ખાલી કરવું પડે છે અને અન્યગૃહમાં જવું પડે છે. આ રીતે કર્મના સંયોગથી સંસારી જીવ ભાડાના ઘર જેવી ચોર્યાસી લાખ જીવાયોનિમાંથી કઈ યોનિમાં ગયો નથી ? અર્થાત્ બધી યોનિમાં ગયો છે. આ રીતે સંસારના ભવભ્રમણનો વિચાર કરીને મહાત્મા ભવની અસ્થિર સ્થિતિ અને દરેક ભવની પરંપરાની વિડંબનાનું સ્વરૂપ વિચારીને ભવ પ્રત્યે દ્વેષવાળા થાય છે અને ભવથી અતીતઅવસ્થા પ્રત્યે રાગવાળા થાય છે. વળી, વિચારે છે કે ભવભ્રમણનું કારણ બાહ્ય પદાર્થો પ્રત્યેનું મમત્વ છે; કેમ કે મમત્વને વશ જ જીવ કર્મ બાંધે છે અને કર્મને અનુસાર તે તે ભવો પામે છે અને તે તે ભવને અનુરૂપ સંક્લેશો અને કદર્થનાઓ પામે છે. માટે સર્વ સંક્લેશથી રહિત અને સર્વકર્મથી રહિત એવી આત્માની અવસ્થાની પ્રાપ્તિ અર્થે મારે મમત્વનો ત્યાગ કરવો જોઈએ. ભવનું વાસ્તવિક સ્વરૂપ જાણવા છતાં જ્યાંસુધી બુદ્ધિમાં ભવનું સ્વરૂપ સતત ઉપસ્થિત રહેતું નથી ત્યાંસુધી-જ જીવને મમત્વ થાય છે. માટે મારે ભવના સ્વરૂપથી આત્માને તે રીતે વાસિત કરવો જોઈએ કે જેથી સર્વ પ્રવૃત્તિકાળમાં ભવનું સ્વરૂપ સતત ઉપસ્થિત રહે અને તે પ્રકારે યત્ન કરીને મહાત્મા મમત્વનો ત્યાગ કરે છે અને નિર્મમભાવને પ્રાપ્ત કરે છે જેનાથી સમભાવ પ્રગટે છે. **।।૬૬।।**

શ્લોક :-

**समस्तलोकाकाशेऽपि नानारूपैः स्वकर्मतः ।**
**वालाग्रमपि तन्नास्ति यन्न स्पृष्टं शरीरिभिः ।।६७।।**

શ્લોકાર્થ :-

**સમસ્ત લોકાકાશમાં પણ=ચૌદ રાજલોકમાં પણ, વાલાગ્ર માત્ર પણ સ્થાન નથી જે સ્વકર્મથી જુદાં જુદાં રૂપો વડે શરીરધારી જીવ વડે સ્પર્શાયેલું ન હોય. ।।૬૭।।**

ભાવાર્થ :-

સંસારીજીવો ચૌદ રાજલોકમાં કઈ રીતે ભમે છે તે પૂર્વના શ્લોકમાં બતાવ્યું. આ રીતે પોતાનો આત્મા પણ ચૌદ રાજલોકમાં અનંતકાળથી જુદી જુદી યોનિમાં જઈને લોકાકાશના સર્વ પ્રદેશોને અનંતીવાર સ્પર્શ્યો

છે. સંસારનું સ્વરૂપ જીવને માટે અત્યંત વિડંબના રૂપ છે તે પ્રકારે ચિંતવન કરીને મહાત્મા ભવભ્રમણ પ્રત્યે પોતાને અત્યંત ઉદ્વેગ થાય તેવો યત્ન કરે છે. આનાથી ભવના કારણીભૂત બાહ્ય પદાર્થોના અસાર એવા સંગ પ્રત્યે લેશ પણ મમત્વ ન થાય; કેમ કે જ્યારે જ્યારે જીવ ભવના સ્વરૂપને સ્મૃતિમાં ઉપસ્થિત કરી શકતો નથી ત્યારે ત્યારે અનાદિની મોહવાસનાથી જીવ ઇન્દ્રિયોને દેખાતા રમ્ય-અરમ્ય પદાર્થોને આશ્રયીને સારા-નરસા ભાવો કરે છે અને તેનાથી જ ભવભ્રમણની સર્વ વિડંબના પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત શ્લોક દ્વારા સંસારની આ વિડંબણાને ઉપસ્થિત કરીને મહાત્મા તે રીતે ભાવન કરે છે જેથી ભવભ્રમણથી ભય પામેલો પોતાનો આત્મા ભવના કારણીભૂત મમત્વનો ત્યાગ કરી શકે. **॥૬૭॥**

**શ્લોક :-**

**एक उत्पद्यते जन्तुरेक एव विपद्यते ।**
**कर्माण्यनुभवत्येकः प्रचितानि भवान्तरे ।।६८।।**

**શ્લોકાર્થ :-**

**જીવ એકલો જ ઉત્પન્ન થાય છે, એકલો જ મરે છે અને સંચિત કરાયેલાં કર્મોને ભવાંતરમાં એકલો જ અનુભવે છે. ॥૬૮॥**

**ભાવાર્થ :-**

**૪. એકત્વભાવના :-**

આત્મામાં અનાદિ મોહવાસના સ્થિર થયેલી હોવાને કારણે મહાત્માને પણ સ્વજન, કુટુંબ આદિને કારણે પોતે આ બધાની વચ્ચે હોવાથી સુખી છે તેવી સંગની વાસના થાય છે. વળી, ભગવાનના વચનથી અત્યંત ભાવિત ન હોય તો આરાધક સાધુને પણ પોતાના સહવર્તી અન્ય સાધુઓ સાથે આત્મીયતાની બુદ્ધિરૂપ સંગની પરિણતિ થાય છે આથી જ શાસ્ત્રમાં સાધુને આશ્રયીને કહ્યું કે સાધુ દ્રવ્યથી એક પણ હોય અને અનેક પણ હોય તોપણ ભાવથી સદા એક જ છે અને તે જ સાધુ ભાવસાધુ છે. આવા સાધુ પણ પોતાના એકત્વભાવને અતિશયિત કરવા અર્થે એકત્વભાવનાથી આત્માને ભાવિત કરે છે જેથી પોતાનો એકત્વભાવ અત્યંત દૃઢ થાય. વળી, શ્રાવક ગૃહસ્થઅવસ્થામાં સંગના પરિણામવાળા છે તોપણ સાધુની જેમ એકત્વભાવનાથી આત્માને ભાવિત કરી નિર્મમ થવા ઇચ્છે છે તેથી જ્યારે જ્યારે સંસારથી પરાઙ્મુખ અને સંયમથી અભિમુખ ચિત્ત જણાય ત્યારે ત્યારે દૃઢ પ્રણિધાનપૂર્વક વિચારે છે કે મારો આત્મા દરેક ભવોમાં એકલો જ ઉત્પન્ન થાય છે, કોઈને સાથે લઈને આવતો નથી અને મૃત્યુકાળમાં એકલો જ મરે છે. વળી, પૂર્વભવમાં એકઠાં કરાયેલાં કર્મો પણ મારો આત્મા એકલો જ અનુભવે છે માટે અન્ય જીવો સાથે સંગનો પરિણામ કેવળ કલ્પનાકૃત છે અને તે કલ્પનાને કારણે જ સહવર્તી જીવો સાથે મમત્વની લાગણીઓ થાય છે જેના કારણે ચિત્ત નિર્મમભાવવાળું થતું નથી, આથી જ સમભાવનું સુખ આત્મામાં વિદ્યમાન હોવા છતાં જીવ તે સુખને અનુભવી શકતો નથી અને અસાર એવી લાગણીથી

આકુળ થઈને તે તે જીવો સાથે એકત્વભાવને કરીને પ્રીતિને અનુભવે છે. આ પ્રકારે ભાવન કરીને મહાત્મા સર્વથા સંગ વગરના થવાને અનુકૂળ બળનો સંચય કરે છે અને શ્રાવક પણ એકત્વભાવનાનું ભાવન કરીને મમત્વ ઘટાડે છે અને પોતાનામાં વર્તતા દેશવિરતિ સામાયિકના પરિણામને અતિશયિત કરીને સર્વવિરતિને અનુકૂળ શક્તિવાળા બને છે. ॥૬૮॥

**શ્લોક :-**

**अन्यैस्तेनार्जितं वित्तं भूयः संभूय भुज्यते ।**
**स त्वेको नरकक्रोडे क्लिश्यते निजकर्मभिः ।।६९।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે=તે એક જીવ વડે, અર્જિત ધન અન્યો વડે એકઠા થઈને ફરી ભોગવાય છે. વળી, તે એકલો પોતાનાં કર્મો વડે નરકના ક્રોડમાં=નરકના ઉત્સંગમાં, ક્લેશને અનુભવે છે. ।।૬૯।।**

**ભાવાર્થ :-**

વળી, મહાત્મા આત્મામાં એકત્વભાવને સ્થિર કરવા અર્થે વિચારે છે કે સંસારીજીવો કુટુંબ પ્રત્યેની સંગબુદ્ધિથી બધાનું પાલન કરે છે અને તેના માટે ધન અર્જન કરે છે. તે ધન અર્જન કરતી વખતે જે ભાવો થયા તે ભાવોના ફળ રૂપે જીવને નરકગતિ આદિની પ્રાપ્તિ થાય છે તેથી તેના ફળને પોતે એકલો ભોગવે છે અને પોતાનું અર્જન કરાયેલું ધન પોતાના આત્માની જ વિડંબનાનું કારણ બને છે તેથી કોઈ પ્રત્યે સંગ બુદ્ધિ કરવી મારા માટે ઉચિત નથી અને જો કોઈ પ્રત્યે સંગની બુદ્ધિ ન હોય તો નિરર્થક પાપપ્રવૃત્તિઓ કરીને જીવ દુર્ગતિના ફળને પામે નહીં. માટે મારા ભાવિના દુ:ખના નિવારણ અર્થે પણ મારે સર્વ જીવો સાથે સંગબુદ્ધિનો ત્યાગ કરવો જોઈએ. ફક્ત સહવર્તી જે જીવોમાં જેટલા જિનવચનાનુસાર ગુણો હોય અને જેઓમાં પોતાની ગુણવૃદ્ધિમાં કારણ બને તેવા વિશિષ્ટ ગુણો હોય તે સર્વ પ્રત્યે કેવળ ગુણવૃદ્ધિના ઉપાયથી કરાયેલી સંગબુદ્ધિ કર્મબંધનું કારણ નથી. તે સિવાય સ્વજનોના સંગનો પરિણામ, સહવર્તી જીવોની સાથે સંગનો પરિણામ કે સાધુ હોય છતાં સમુદાય સાથે વસવાને કારણે સંગનો પરિણામ થાય તો તે સંગનો પરિણામ ચિત્તમાં મમત્વરૂપ હોવાથી અનર્થનું કારણ બને છે. માટે મહાત્માએ આત્માને એકત્વભાવનાથી ભાવિત કરીને નિર્મમ થવા યત્ન કરવો જોઈએ. ॥૬૯॥

**શ્લોક :-**

**यत्रान्यत्वं शरीरस्य वैसदृश्याच्छरीरिणः ।**
**धनबन्धुसहायानां तत्रान्यत्वं न दुर्वचम् ।।७०।।**

**શ્લોકાર્થ :-**

**જ્યાં=જે સંસારમાં, વિસદશપણું હોવાથી=જીવ ચેતનરૂપ છે અને શરીર જડરૂપ છે એ રૂપ જીવ**

**અને શરીરનું વિસદૃશપણું હોવાથી, સંસારીજીવોના શરીરનું અન્યપણું છે=જીવથી અન્યપણું છે, ત્યાં=તે સંસારમાં, ધન, બન્ધુ, કે સહાયક જનોનું અન્યપણું દુર્વચ નથી=સુખે ગ્રહણ થાય એવું છે. ॥૭૦॥**

**ભાવાર્થ :-**

**૫. અન્યત્વભાવના :-**

નિર્મમભાવની પ્રાપ્તિ માટે મહાત્માઓ પોતાના આત્માથી ભિન્ન એવા દેહ, સ્વજનાદિ સર્વ અન્ય છે તે પ્રકારે ભાવન કરે છે અને વિચારે છે કે શરીર સાથે વર્તમાનમાં પોતાનો એકમેકભાવ દેખાય છે તોપણ જેમ દૂધ અને પાણી મિશ્ર થયેલાં હોવા છતાં દૂધ પાણી બનતું નથી કે પાણી દૂધ બનતું નથી; કેમ કે દૂધનો ધર્મ જુદો છે, પાણીનો ધર્મ જુદો છે તે રીતે દેહ જડ છે અને આત્મા ચેતન છે તેથી દૂધ પાણીની જેમ એકમેક દેખાવા છતાં પરમાર્થથી તો તે બે અન્ય પદાર્થો છે. માટે આત્માથી અન્ય એવા શરીર પ્રત્યે કોઈ બુદ્ધિમાન મમત્વ કરે નહીં પરંતુ આત્માની સાથે સદાસ્થાયી એવા વીતરાગતા આદિ ગુણો જે આત્મા સાથે એકત્વભાવવાળા છે તેમાં જ બુદ્ધિમાન પુરુષે એકત્વભાવ કરવો જોઈએ. આમ છતાં અનાદિ મોહવાસનાના કારણે આત્માથી અન્ય એવા દેહાદિમાં થયેલા એકત્વભાવને કારણે જીવ તેની સાથે જ સંગની બુદ્ધિ કરીને જીવે છે. આ સંગની બુદ્ધિનો ત્યાગ કરવા અર્થે મહાત્મા વિચારે છે કે સૂક્ષ્મપ્રજ્ઞાથી જોવામાં આવે તો દેહની સાથે જ્યારે અન્યત્વ દેખાય છે ત્યારે ધન, બન્ધુ કે સહાયક પુરુષો સાથે અન્યપણું સ્પષ્ટ અનુભવસિદ્ધ છે માટે તે સર્વ સાથે અન્યત્વનું ભાવન કરીને આત્મભૂત એવા ગુણો સાથે વર્તતા એકત્વભાવમાં પોતાને સ્થિર કરવા માટે મહાત્મા યત્ન કરે છે જેથી સ્વગુણોથી અતિરિક્ત કોઈના પ્રત્યે મમત્વભાવ થાય નહિ જેનાથી નિર્મમભાવ પ્રગટે અને નિર્મમભાવની પ્રાપ્તિ દ્વારા સામ્યભાવ પ્રગટે જેનાથી પોતાના આત્મગુણોમાં એકત્વભાવ સ્થિર થાય અને સંસારનો ઉચ્છેદ થાય. ॥૭૦॥

**અવતરણિકા :-**

**અન્યત્વભાવનાથી નિર્મમત્વ ભાવ પ્રગટે છે તેમ અન્ય ફળ પણ પ્રાપ્ત થાય છે તેને બતાવે છે –**

**શ્લોક :-**

**यो देहधनबन्धुभ्यो भिन्नमात्मानमीक्षते ।**
**क्व शोकशङ्कुना तस्य हन्तातङ्कः प्रतन्यते ।।७१।।**

**શ્લોકાર્થ :-**

**જે પુરુષ દેહ, ધન, બંધુથી આત્માને ભિન્ન જુએ છે=સૂક્ષ્મપ્રજ્ઞાથી ભિન્ન સ્વરૂપે જુએ છે, તેને શોકરૂપી શલ્ય વડે ખરેખર ક્યાંથી પીડા કરાય ? અર્થાત્ શોકરૂપી શલ્ય જ તેના આત્મામાં પ્રવેશ પામે નહીં જેથી પીડા થાય નહિ. ॥૭૧॥**

**ભાવાર્થ :-**

મહાત્મા પોતાના આત્મામાં અન્યત્વભાવનાને સ્થિર કરવા અર્થે વિચારે છે કે શાસ્ત્રવચનાનુસાર સૂક્ષ્મબુદ્ધિથી જોઈને હું વસ્તુના સ્વરૂપનું ભાવન કરું તો મને દેહ, ધન, બંધુ વગેરે સર્વ પદાર્થો સ્પષ્ટ ભિન્નરૂપે જણાય છે જેથી તે પદાર્થો પ્રત્યે મમત્વ થવાને અવકાશ જ નથી પરંતુ મારા આત્મામાં જગતના પદાર્થો પ્રત્યે સામ્યભાવ કરવાનો પરમાર્થથી જે સ્વભાવ છે તેમાં મમત્વની બુદ્ધિ સ્થિર થવાથી સદા તે ભાવોને સ્ફુરાયમાન કરવા મારો યત્ન થાય છે અને તેના કારણે દેહને કોઈ ઉપદ્રવ થાય, રોગાદિ આવે તોપણ શોકરૂપી શલ્ય આત્મામાં પ્રવેશ પામતું નથી કે ધન નાશ થાય તોપણ શોકરૂપી શલ્ય આત્મામાં પ્રવેશ પામતું નથી અને બંધુનો વિયોગ થાય, મૃત્યુ થાય તોપણ શોકરૂપી શલ્ય આત્મામાં પ્રવેશ પામતું નથી તેથી પોતાને શોકની કોઈ પીડા ઉત્પન્ન થતી નથી અને સામ્યભાવ પ્રત્યે તત્ત્વબુદ્ધિ હોવાને કારણે સદા તેના રક્ષણ માટે જ ઉદ્યમ થાય છે. આથી મારે વર્તમાનમાં સુખી થવું હોય અને ભાવિમાં પણ સુખની પરંપરા જોઈતી હોય તો દેહ આદિ સર્વથી પોતાનો અન્યત્વભાવ તે રીતે સ્થિર કરવો જોઈએ કે કોઈ નિમિત્તને પામીને દેહ આદિથી ભાવન કરાયેલો અન્યત્વભાવ ચલાયમાન થાય નહીં. **॥૭૧॥**

**શ્લોક :-**

**रसाऽसृग्मांसमेदोऽस्थिमज्जाशुक्राऽन्त्रवर्चसाम् ।**
**अशुचीनां पदं कायः शुचित्वं तस्य तत् कुतः? ।।७२।।**

**શ્લોકાર્થ :-**

**રસ=ખાધેલ આહાર પાણીથી ઉત્પન્ન થયેલો પ્રવાહીરૂપ રસ, અસૃગ્=તે રસમાંથી પેદા થયેલ રક્તરૂપી ધાતુ, માંસ, મેદ, હાડકાં, મજ્જા, શુક્ર=વીર્ય, અંત્ર=આંતરડું, વર્ચસ=વિષ્ટા, આ સર્વ અશુચિનું સ્થાન કાયા છે, તત્=તે કારણથી, તેનું=કાયાનું, શુચિપણું ક્યાંથી હોય ? ।।૭૨।।**

**ભાવાર્થ :-**

**૬. અશુચિત્વભાવના :-**

સંસારીજીવોને પોતાની કાયા રસાદિ ધાતુઓથી યુક્ત છે તે પ્રત્યક્ષથી દેખાય છે છતાં મોહને વશ પોતાની કે પરની કાયાના અશુચિ એવા રસાદિ ભાવોને જોવામાં ઉપયોગ પ્રવર્તતો નથી અને દેખાતા તે ભાવોની ઉપેક્ષા કરીને ઉપરથી દેખાતા કાયાના રૂપાદિ જોઈને મલકાય છે. આમ જીવો પોતાની કાયા પ્રત્યે પણ પ્રીતિ કરે છે અને અન્યની કાયા પ્રત્યે પણ રાગ કરે છે અને તે રાગને વશ થઈને જ સંસારની સર્વ કદર્થના પામે છે. અહીં મહાત્મા અશુચિભાવનાનું ભાવન કરીને પોતાની બુદ્ધિને તે રીતે સ્થિર કરવા યત્ન કરે છે જેથી પોતાની કે પરની કાયાને જોઈને તેના અશુચિભાવને કારણે સંવેગ ઉત્પન્ન થાય અને સ્વ કે પરની કાયામાં મમત્વ થાય નહીં. ખરાબ વસ્તુને જોઈને તેના ત્યાગનો પરિણામ જીવને થાય છે તેમ અશુચિમય એવી કાયાને જોઈને તેના પ્રત્યેનું મમત્વ દૂર થાય છે તેથી તે કાયા રહિત શુદ્ધ આત્મા પ્રત્યે રાગ

કેળવવો સુકર બને છે. વસ્તુતઃ સંસારીજીવોને સ્વ કે પરની કાયા પ્રત્યેના રાગને કારણે જ અશરીરી એવા સિદ્ધ પરમાત્મા પ્રત્યે તેવો તીવ્ર રાગ ઉલ્લસિત થતો નથી. વળી, જે મહાત્મા અશુચિભાવનાને અત્યંત સ્થિર કરે છે તેઓને કાયા પ્રત્યેનો મમત્વભાવ દૂર થાય છે અને નિર્મમભાવ પ્રગટે છે જેના કારણે સામ્ય પરિણામરૂપ એવા પોતાના આત્મભાવમાં સ્થિરતા આવે છે અને સદા વીતરાગભાવ સ્વરૂપ અશરીરી એવા સિદ્ધ ભગવંતો તેના માટે આદર્શરૂપે રહે છે. આ રીતે અશુચિભાવના હૈયાને સ્પર્શે તે રીતે કરવાથી તે મહાત્મા સિદ્ધઅવસ્થા પ્રાપ્ત કરવા માટે સુખપૂર્વક યત્ન કરી શકે છે. **॥૭૨॥**

**શ્લોક :–**

**નવસ્રોતઃસ્રવદ્વિસ્રરસનિઃસ્યન્દપિચ્છિલે ।**
**દેહેऽપિ શૌચસઙ્કલ્પો મહન્મોહવિજૃમ્ભિતમ્ ।।૭૩।।**

**શ્લોકાર્થ :–**

**નવ સ્રોત=નવ નિર્ગમનનાં દ્વારો, તેનાથી જ ઝરતા ખરાબ ગંધવાળો રસ, તેના નિર્ગમનથી પિચ્છિલ=યુક્ત, એવા દેહમાં પણ શૌચનો સંકલ્પ=શુચિપણાનું અભિમાન, મહામોહથી વિજૃમ્ભિત છે=મહામોહનો વિલાસ છે. ।।૭૩।।**

**ભાવાર્થ :–**

શ્લોક-૭૨માં કાયાના અંતરંગ પદાર્થોમાં અશુચિ બતાવીને કાયા પ્રત્યે નિર્મમ થવાનો ઉપાય બતાવ્યો. હવે, કોઈને વિચાર આવે કે શરીરમાં ભલે રસાદિ અશુચિભાવો છે તોપણ બહારથી દેખાતી કાયા તો મનોહર જ દેખાય છે તેથી તેવી કાયાને અશુચિમય કઈ રીતે કહી શકાય ? તે ભ્રમને દૂર કરવા અર્થે મહાત્મા ભાવન કરે છે કે શરીરમાં મળ નિર્ગમનનાં નવ દ્વારો છે તેમાંથી સતત અશુચિમય પદાર્થો બહાર આવે છે અને તે પદાર્થો દુર્ગંધવાળા છે આથી જ મુખાદિમાંથી પણ દુર્ગંધ આવતી પ્રત્યક્ષથી દેખાય છે. આવા અશુચિના નિર્ગમનનાં દ્વારોથી યુક્ત એવા દેહમાં મહામોહથી મૂઢ થયેલા જીવોને પવિત્રતાનો સંકલ્પ થાય છે પરંતુ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોનારા મહાત્માઓને તો દેહની અંતરંગ અશુચિ અને નવ દ્વારોથી બહાર પ્રગટ થતી અશુચિને જોઈને સ્વ કે પરના દેહ પ્રત્યે શુચિપણાની બુદ્ધિ થતી નથી પરંતુ જેમ વિષ્ટા આદિ અશુચિપદાર્થોને જોઈને તેના પ્રત્યે જુગુપ્સા થાય છે તેમ અશુચિમય એવા દેહ પ્રત્યે પણ જુગુપ્સા થાય છે અને તેથી અશુચિમય દેહથી પર થયેલા સિદ્ધ ભગવંતો જ સદા યાદ આવે છે. આવા મહાત્માઓ સિદ્ધ તુલ્ય થવા માટે સદા આત્માના અશરીરી સ્વભાવની ભાવના કરીને અશરીરી થવા માટે જ યત્ન કરે છે. **॥૭૩॥**

**શ્લોક :–**

**મનોવાક્કાયકર્માણિ યોગાઃ કર્મ શુભાશુભમ્ ।**
**યદાસ્રવન્તિ જન્તૂનામાસ્રવાસ્તેન કીર્તિતાઃ ।।૭૪।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી જીવોના મન, વચન અને કાયાના કર્મરૂપ યોગો શુભાશુભ કર્મનું આસ્ત્રવણ કરે છે તે કારણથી મન-વચન-કાયાના યોગો આસ્ત્રવો કહેવાય છે. ॥૭૪॥**

**ભાવાર્થ :-**

**૭. આશ્રવભાવના :-**

સંસારવર્તી જીવો મન, વચન અને કાયાના પુદ્‌ગલોને અવલંબીને આત્મપ્રદેશોના કંપનરૂપ ક્રિયા કરે છે તેને યોગ કહેવાય છે અને આ યોગનો ક્રિયાકાળમાં સંશ્લેષ અને વિપર્યાસનો પરિણામ જેટલો અધિક એટલાં અધિક કર્મ જીવ બાંધે છે આથી જ મિથ્યાત્વ અવસ્થામાં જીવો મન, વચન અને કાયા દ્વારા જે કોઈ વીર્યવ્યાપાર કરે છે તે વખતે તે વ્યાપારના પરિણામમાં રાગાદિનો સંશ્લેષ જેટલો અધિક હોય તે પ્રમાણે અધિક કર્મબંધ થાય છે એટલું જ નહીં પણ તે રાગાદિના સંશ્લેષકાળમાં આત્માના પારમાર્થિક સ્વરૂપનું અજ્ઞાન કે વિપરીતજ્ઞાન જેટલું અધિક તેટલો અધિક કર્મબંધ થાય છે. આથી જ મિથ્યાદૃષ્ટિ જીવને મિથ્યાત્વ રૂપ વિપર્યાસ, અવિરતિરૂપ સંશ્લેષ, પ્રમાદરૂપ સંશ્લેષ, રાગાદિરૂપ સંશ્લેષ અને મન, વચન અને કાયાના વ્યાપાર તે સર્વથી કર્મબંધ થાય છે. વળી, મિથ્યાત્વ અવસ્થામાં પણ જીવ જેમ જેમ દૂર દૂર પુદ્‌ગલપરાવર્તોમાં હોય છે તેમ તેમ તે જીવમાં અધિક અધિક દૃઢવિપર્યાસ હોય છે અને ચરમાવર્તમાં આવ્યા પછી વિપર્યાસ કંઈક મંદ થાય છે ત્યારે યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે.

હવે, મિથ્યાત્વાદિ પાંચે કારણોથી કર્મબંધ થતો હોવા છતાં મિથ્યાત્વની મંદતાને કારણે અલ્પકર્મબંધ થાય છે અને જેમ જેમ તે જીવ તત્ત્વાતત્ત્વનો વિવેક કરે છે તેમ તેમ મિથ્યાત્વ ક્ષીણ-ક્ષીણતર થાય છે. વળી, જ્યારે તે જીવને સ્પષ્ટ તત્ત્વ દેખાય છે કે કર્મવાળી જીવની અવસ્થા જીવની વિડંબના છે અને કર્મને કારણે જે મોહના પરિણામ થાય છે તે જીવની વિડંબના છે અને મોહના કારણે જ નવાં નવાં કર્મો આવે છે અને તેના ઉચ્છેદનો ઉપાય ભગવાનના વચનનો સમ્યગ્‌બોધ અને તે સમ્યગ્‌બોધથી નિયંત્રિત સમ્યગ્‌ પ્રવૃત્તિ છે તેથી સ્વશક્તિને ગોપવ્યા વગર જિનવચનને જાણવા અને જિનવચન અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવા તે મહાત્મા તત્પર થાય છે ત્યારે તત્ત્વના વિષયમાં વિપર્યાસનો અભાવ હોવાથી અવિરતિ આદિ આશ્રવાંશો વિદ્યમાન હોવા છતાં મિથ્યાત્વરૂપ આશ્રવઅંશ દૂર થાય છે તેથી તેટલા અંશમાં આશ્રવનો અભાવ થાય છે. જે મહાત્મા પ્રસ્તુત શ્લોક દ્વારા આશ્રવભાવના કરે છે તે મહાત્મા વિચારે છે કે મારે સંપૂર્ણ આશ્રવનો રોધ કરવો છે તેથી સંપૂર્ણ આશ્રવના રોધરૂપ યોગનિરોધની અવસ્થાને નિત્યસ્મરણમાં રાખીને તેના પ્રત્યે તીવ્રરાગ થાય તે પ્રકારે તેના ઉપાયોની વિચારણા કરે છે. આ રીતે વિચારણા કરતાં તેમને જણાય છે કે યોગનિરોધ માટે પ્રથમ મિથ્યાત્વનો ત્યાગ આવશ્યક છે અને ત્યારપછી પાંચઇન્દ્રિયો અને મનના સંવરથી વિપરીત એવા અસંવરના પરિણામનો ત્યાગ આવશ્યક છે તેથી સ્વભૂમિકા અનુસાર તત્ત્વનો નિર્ણય કરીને અવિરતિના ત્યાગમાં ઉદ્યમ કરે છે અને અવિરતિનો ત્યાગ થયા પછી નિર્વિકલ્પ દશારૂપ અપ્રમાદભાવને પ્રાપ્ત કરવા ઉદ્યમ કરે છે અને અપ્રમત્ત મુનિ ભાવ પ્રાપ્ત થાય છે ત્યારે અપ્રમાદભાવના બળથી કષાયોનો ત્યાગ કરવા

તે મહાત્મા યત્ન કરે છે તેથી ક્ષપકશ્રેણીને પામીને વીતરાગ સર્વજ્ઞ બને છે. વીતરાગ બન્યા પછી ઉચિતકાળે મન, વચન, કાયાના યોગોનો નિરોધ કરીને આશ્રવના પરિણામથી સંપૂર્ણ રહિત થાય છે. આ રીતે યોગનિરોધ સુધીની ભૂમિકાના કાર્યકારણભાવોનો નિર્ણય કરીને તે તે ભૂમિકા પ્રત્યે રાગવૃદ્ધિ થાય તેવો યત્ન કરવો જોઈએ જેથી યોગનિરોધ સુધીનું બળ ક્રમસર વૃદ્ધિ પામે. વળી, તે પ્રકારે આશ્રવભાવના કરવી જોઈએ જેથી બાહ્ય પદાર્થો પ્રત્યેનું મમત્વ દૂર થાય અને સદા યોગનિરોધની અવસ્થાની સ્મૃતિ રહે. **॥૭૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં કહ્યું કે જીવ યોગો દ્વારા શુભાશુભ કર્મોનું આશ્રવણ કરે છે તેથી તેને આશ્રવ કહેવાય છે. ત્યાં પ્રશ્ન થાય કે જીવ શુભકર્મોનું આશ્રવણ કઈ રીતે કરે છે અને અશુભ કર્મોનું આશ્રવણ કઈ રીતે કરે છે ? તેથી શુભાશુભ કર્મના હેતુઓનો વિવેક બતાવે છે –**

**શ્લોક :-**

**मैत्र्यादिवासितं चेतः कर्म सूते शुभात्मकम् ।**
**कषायविषयाक्रान्तं वितनोत्यशुभं पुनः ।।७५।।**

**શ્લોકાર્થ :-**

**મૈત્ર્યાદિથી વાસિત એવું ચિત્ત શુભાત્મક કર્મને ઉત્પન્ન કરે છે. વળી, કષાય અને વિષયથી આક્રાંત એવું ચિત્ત અશુભકર્મોને બાંધે છે. ।।૭૫।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માનું ચિત્ત જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવનાથી ભાવિત છે, જગતવર્તી ગુણવાન પુરુષોના ગુણો જોઈને પ્રમુદિત થાય તેવું છે, દુઃખી જીવોનાં દુઃખોને જોઈને તેઓનાં દુઃખોને દૂર કરવાના પરિણામવાળું છે અને અયોગ્ય જીવોની અનુચિત પ્રવૃત્તિ જોઈને પણ તેઓના પ્રત્યે જેઓનું ચિત્ત દ્વેષવાળું થતું નથી પરંતુ ઉપેક્ષાવાળું જ રહે છે તેવા જીવો જગતવર્તી જીવોને અવલંબીને જ્યારે જ્યારે કોઈપણ પરિણામ કરે છે ત્યારે ત્યારે ભૂમિકા અનુસાર મૈત્ર્યાદિ ચાર ભાવોને અનુરૂપ કોઈક ભાવોથી ચિત્ત પ્રવર્તે છે ત્યારે તે મહાત્મા તે જીવો સાથે ઉચિત પરિણામ કરવાની વૃત્તિવાળા હોવાથી શુભકર્મો બાંધે છે. અહીં પ્રશ્ન થાય કે મૈત્ર્યાદિભાવનાથી વાસિત એવું ચિત્ત કેવા પ્રકારનાં શુભકર્મોને બાંધે છે તેથી ટીકાકારશ્રી કહે છે – શાતાવેદનીય, સમ્યક્ત્વ મોહનીય, હાસ્ય, રતિ, પુરુષવેદ, શુભઆયુષ્ય, શુભનામકર્મ અને શુભગોત્રરૂપ પુણ્યકર્મને બાંધે છે. આનાથી એ ફલિત થાય કે મૈત્ર્યાદિ ચાર ભાવનાથી વાસિત થયેલું ચિત્ત ઉત્તરના ભવમાં શ્રેષ્ઠકોટિની શાતાને પ્રાપ્ત કરે તેવા પુણ્યકર્મને બાંધે છે, મિથ્યાત્વ મોહનીયને સમ્યક્ત્વરૂપે પરિણમન પમાડે છે; કેમ કે અંતઃકરણ વિવેકવાળું છે. વળી, જન્માંતરમાં ઉત્તમ ભોગસામગ્રી આદિની પ્રાપ્તિ થાય ત્યારે આનંદની પ્રાપ્તિ થાય તેથી હાસ્ય અને રતિની પ્રાપ્તિ થાય તેવું કર્મ બાંધે છે. વળી, જન્માંતરમાં પુરુષનું શરીર પ્રાપ્ત થાય પરંતુ સ્ત્રી, નપુંસક શરીર પ્રાપ્ત ન થાય તેવું પુણ્ય બાંધે છે. વળી,

આયુષ્ય બાંધે તોપણ સદ્ગતિની પ્રાપ્તિ થાય તેવું દેવ કે મનુષ્યનું આયુષ્ય બાંધે છે અને ઉત્તરભવમાં સુંદર દેહ આદિની પ્રાપ્તિ થાય તેવું ઉત્તમ નામકર્મ બાંધે છે અને ઉત્તમ ગુણસંપત્તિનું કારણ બને તેવા ઉચ્ચગોત્રને બાંધે છે તેથી સંસારનો ઉચ્છેદ ન થાય ત્યાંસુધી પણ સંસારમાં સુંદર અવસ્થાની પ્રાપ્તિનું કારણ બને તેવાં શુભકર્મોનું કારણ મૈત્ર્યાદિભાવો છે તેમ ભાવન કરીને મહાત્મા સદા મૈત્ર્યાદિ ભાવવાળું ચિત્ત વર્તે તે પ્રકારે ઉપયોગપૂર્વક આશ્રવ ભાવનાનું ભાવન કરે છે.

વળી, મહાત્મા વિચારે છે કે જ્યારે જ્યારે જીવનો ઉપયોગ બાહ્યવિષયોમાં પ્રવર્તે છે ત્યારે ત્યારે તે તે વિષયોને ગ્રહણ કરવાના પરિણામવાળો જીવ થાય છે અને બાહ્યવિષયોને પામીને કે અન્ય જીવોને પામીને તે તે કષાયના પરિણામવાળો તે જીવ થાય છે ત્યારે ત્યારે તે જીવ પૂર્વમાં કહેલા શાતાવેદનીય આદિથી વિપરીત અશાતાવેદનીય આદિ કર્મ બાંધે છે જેના ફળરૂપે અનેક પ્રકારના ખરાબ ફળવાળા ભવોને તે જીવ પ્રાપ્ત કરે છે. માટે જ્યાં સુધી મારો આત્મા સંપૂર્ણ આશ્રવનો રોધ કરવાને અનુકૂળ દૃઢશક્તિવાળો ન થાય ત્યાંસુધી અનર્થોની વિડંબનાનું કારણ થાય તેવા વિષયોમાં અને કષાયોમાં મારા ચિત્તનું જે પ્રવર્તન છે તેનો રોધ થાય તે રીતે આશ્રવભાવના કરે છે અને આશ્રવનિરોધને અનુકૂળ વિશિષ્ટ શક્તિસંચય ન થાય ત્યાંસુધી મૈત્ર્યાદિભાવોથી ચિત્તને વાસિત રાખવા યત્ન કરે છે.

આ રીતે જે મહાત્મા સદા આશ્રવ ભાવનાને સ્થિર કરવા યત્ન કરે છે તે મહાત્માનું ચિત્ત (૧) સ્વભૂમિકા અનુસાર આશ્રવના નિરોધપૂર્વક સંવરવાળું બને છે (૨) શુભ આશ્રવમાં યત્નવાળું બને છે અને (૩) અશુભકર્મોના આશ્રવના નિરોધવાળું બને છે. **॥૭૫॥**

**શ્લોક :-**

**शुभार्जनाय निर्मिथ्यं श्रुतज्ञानाश्रितं वचः ।**
**विपरीतं पुनर्ज्ञेयमशुभार्जनहेतवे ।।७६।।**

**શ્લોકાર્થ :-**

**શ્રુતજ્ઞાનથી આશ્રિત નિર્મિથ્યાવચન=યથાર્થ વચન, શુભ આશ્રવ અર્જન માટે જાણવું. વળી, વિપરીત=શ્રુતજ્ઞાનથી વિપરીત, એવું વચન અશુભ કર્મના અર્જન હેતુ માટે જાણવું. ॥૭૬॥**

**ભાવાર્થ :-**

આત્મામાં આશ્રવભાવના સ્થિર કરીને આશ્રવના ત્યાગ માટે ઉદ્યમ કરવા શ્લોક-૭૪માં આશ્રવના સ્વરૂપની વિચારણા કરી ત્યાર પછી કેવા પ્રકારના ચિત્તથી શુભ આશ્રવ અને કેવા પ્રકારના ચિત્તથી અશુભ આશ્રવ થાય છે તેની વિચારણા શ્લોક-૭૫માં કરી જેથી જ્યાંસુધી સર્વથા આશ્રવોનો ત્યાગ કરવાનું સામર્થ્ય ન આવે ત્યાં સુધી શુભાશ્રવવાળું ચિત્ત નિર્માણ કરી શકાય. હવે, કેવા પ્રકારનો વચનયોગ શુભાશ્રવરૂપ છે અને કેવા પ્રકારનો વચનયોગ અશુભાશ્રવ રૂપ છે તેનું ભાવન કરતાં મહાત્મા વિચારે છે –

ભગવાનના વચનાનુસાર જે યથાર્થ વચન છે તે વચન સ્વપરના કલ્યાણ અર્થે બોલતા હોય ત્યારે તે

શુભાશ્રવરૂપ છે. તેથી ભગવાનનું વચન જે દૃષ્ટિથી, જે અપેક્ષાએ કહેવાયેલું હોય તે અપેક્ષાનો નિર્ણય કરીને તે દૃષ્ટિથી જ કલ્યાણના અર્થે બોલાયેલું હોય તો શુભઆશ્રવ થાય છે અને સ્પષ્ટ નિર્ણય કર્યા વગર ભગવાનનું વચન બોલાયેલું હોય છતાં ઉચિત તાત્પર્યમાં યોજાયેલું હોય તોપણ તે વચન અશુભઆશ્રવ થાય છે. આનાથી એ ફલિત થાય કે જે મહાત્મા ભગવાનનું આ વચન આ રીતે તત્ત્વનો બોધ કરાવીને મોહના ઉન્મૂલનનું કારણ છે તેવો નિર્ણય કરીને ભગવાનના તે વચનથી આત્માને વાસિત કરવા અર્થે સ્વાધ્યાય કરતા હોય તો તે સ્વાધ્યાયથી પણ આત્મામાં મોક્ષને અનુકૂળ શુભભાવો ઉત્પન્ન થાય છે તેથી તે શુભઆશ્રવરૂપ છે.

વળી, કોઈ મહાત્મા યોગ્ય શ્રોતાને તત્ત્વનો બોધ કરાવવાના નિર્મળ આશયથી સંવેગપૂર્વક ભગવાનના વચનનો ઉપદેશ આપતા હોય તો તે વચનયોગ શુભ આશ્રવરૂપ છે; કેમ કે તે વચનથી પોતાના આત્મામાં પણ સંવેગની પ્રાપ્તિ થાય તેને અનુકૂળ તે વચનપ્રયોગ છે માટે સ્વપરના કલ્યાણનું કારણ છે. આના સિવાયના બાહ્ય પદાર્થ વિષયક બોલાયેલાં સર્વ વચનો અશુભ આશ્રવરૂપ છે એટલું જ નહીં પણ અનુપયોગ રીતે બોલાયેલાં ભગવાનનાં વચનો પણ વિપરીત બોધ કરાવવાનું કારણ હોવાથી અશુભ આશ્રવરૂપ છે તેથી પાપબંધની જ પ્રાપ્તિ થાય છે. માટે પ્રસ્તુત ભાવના કરીને મહાત્મા પોતાના વચનયોગને સર્વજ્ઞના વચનથી નિયંત્રિત કરવા અર્થેની શક્તિનો સંચય કરે છે જેથી અનાભોગથી પણ પોતાના વચન- દ્વારા અશુભઆશ્રવની પ્રાપ્તિ થાય નહીં. **॥૭૬॥**

**શ્લોક :-**

**शरीरेण सुगुप्तेन शरीरी चिनुते शुभम् ।**
**सततारम्भिणा जन्तुघातकेनाशुभं पुनः ।।७७।।**

**શ્લોકાર્થ :-**

**સુગુપ્ત એવા શરીરથી શરીરી=સંસારી જીવ, શુભકર્મને એકઠાં કરે છે. જંતુઘાતક એવા સતત આરંભ વડે (સંસારી જીવ) વળી, અશુભ કર્મને એકઠાં કરે છે. ॥૭૭॥**

**ભાવાર્થ :-**

જે મહાત્મા કાયાને કાયોત્સર્ગ આદિ અવસ્થામાં સ્થિર કરીને જિનવચનાનુસાર તત્ત્વ ચિંતવનમાં મનને પ્રવર્તાવે છે તે મહાત્મા શરીરથી સુગુપ્ત છે. તે વખતે જે કોઈ કાયયોગ વર્તે છે તે યોગથી તે મહાત્મા શાતાવેદનીય આદિ શુભકર્મો બાંધે છે અને જે જીવના ઘાતનું કારણ બને તેવા સતત આરંભોમાં સંસારી જીવ પ્રવર્તે છે તેઓ કાયા દ્વારા હિંસા કરીને તેને અનુરૂપ અશુભભાવો કરે છે, જેનાથી અશાતાવેદનીય આદિ અશુભકર્મો બાંધે છે જેના ફળરૂપે દુર્ગતિની પરંપરાને પ્રાપ્ત કરે છે. આ પ્રકારે આશ્રવભાવનામાં કાયયોગથી થતા શુભઆશ્રવ અને અશુભઆશ્રવનું ચિંતવન કરીને મહાત્મા પોતાના આત્માને તે રીતે ભાવિત કરે છે જેથી પોતાની કાયા હંમેશ શુભઆશ્રવને અનુકૂળ પ્રવર્તે અને અશુભઆશ્રવથી સતત વિરામ પામે.

અહીં વિશેષ એ છે કે કાયયોગમાં મનનો વ્યાપાર વર્તતો હોય ત્યારે તે કાયયોગ શુભ કે અશુભ કહેવાય છે પરંતુ કોઈ સંસારી જીવ કાયાથી કોઈ પ્રકારનો આરંભ ન કરતો હોય છતાં તેનો મનોયોગ આરંભને અનુકૂળ પ્રવૃત્તિમાં હોય તો તે મનોયોગ દ્વારા પાપ બાંધે છે. વળી, તેનો વચનયોગ જિનવચનથી નિયંત્રિત ન હોય ત્યારે તે વચનયોગ દ્વારા પાપ બાંધે છે તે વખતે પણ તેનું મન વચનયોગ સાથે જોડાયેલું છે તેથી પાપ બાંધે છે. આ રીતે કાયયોગ સાથે જેનું મન જોડાયેલું હોય અને તે સંવરને અનુકૂળ યત્નવાળું હોય તો તે મહાત્મા શુભઆશ્રવ કરે છે; કેમ કે તે સંવરને અનુકૂળ યત્નકાળમાં પણ જે યોગ પ્રવર્તે છે તેનાથી શુભકર્મનું અર્જન થાય છે. વળી, જેઓ સાધુવેશમાં હોય અને ધર્મઅનુષ્ઠાનો કરતા હોય અથવા શ્રાવકો હોય અને સામાયિક આદિ અનુષ્ઠાનો કરતા હોય છતાં કાયાને યતનાપૂર્વક પ્રવર્તાવતા ન હોય તો તે કાયાથી જે પ્રકારની હિંસા થવાનો સંભવ રહે તે પ્રકારની હિંસા થતી હોય કે ન થતી હોય તોપણ તેને અનુરૂપ અશુભકર્મો બાંધે છે. માટે અશુભકર્મોના નિવર્તન અર્થે અને શુભાશ્રવની પ્રાપ્તિ અર્થે મહાત્માએ સદા ઉપયુક્ત થઈને કાયાને પ્રવર્તાવવી જોઈએ અને મનને પણ તે પ્રકારના કાયાના ઉપયોગમાં દૃઢ પ્રણિધાનવાળું કરવું જોઈએ જેથી વિષયના અને કષાયના સ્પર્શવાળો મનોયોગ થાય નહિ. **II૭૭II**

**અવતરણિકા :-**

**શ્લોક-૭૪થી માંડીને અત્યારસુધી આશ્રવભાવનાનું સ્વરૂપ બતાવતાં પ્રસંગથી શુભયોગોના શુભફળનું હેતુપણું બતાવ્યું. વળી, ભાવનાના પ્રકરણમાં=આશ્રવભાવનાથી આત્માને ભાવિત કરવાના પ્રસંગમાં, અશુભયોગોના અશુભફળનું હેતુપણું વૈરાગ્યના ઉત્પાદન માટે પ્રતિપાદનીય છે; કેમ કે સર્વભાવનાઓ વૈરાગ્યની વૃદ્ધિ દ્વારા સંસારના ઉચ્છેદનું કારણ છે. આથી પૂર્વમાં કહેવાયેલા એવા અશુભ હેતુઓને અને પૂર્વમાં નહીં કહેવાયેલા એવા અશુભ હેતુઓને પ્રસ્તુત શ્લોકથી બતાવે છે જેથી સર્વ પ્રકારના અશુભયોગો પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય અને વૈરાગ્યની વૃદ્ધિ થાય –**

**શ્લોક :-**

**कषाया विषया योगाः प्रमादाविरती तथा ।**
**मिथ्यात्वमार्तरौद्रे चेत्यशुभं प्रति हेतवः ।।७८।।**

**શ્લોકાર્થ :-**

**કષાયો, વિષયો, યોગો, પ્રમાદ, અવિરતિ, મિથ્યાત્વ, આર્તધ્યાન-રૌદ્રધ્યાન આ સર્વ અશુભકર્મ પ્રત્યે હેતુઓ છે. ।।૭૮।।**

**ભાવાર્થ :-**

વળી, મહાત્મા વિચારે છે કે ક્રોધ, માન, માયા, લોભ રૂપ ચાર કષાયો અને કષાય સાથે સહચારી એવા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને ત્રણ પ્રકારના વેદના ઉદયમાંથી કોઈપણ પ્રકારના વેદનો ઉદય એ સર્વ અશુભકર્મબંધનાં કારણ છે. તેથી મારે મારા મનને તે રીતે ઉચિત પ્રવૃત્તિમાં પ્રવર્તાવવું જોઈએ

કે જેથી કોઈના કોઈ વર્તનને જોઈને ચિત્ત ક્રોધવાળું ન થાય પરંતુ પોતાના ક્ષમાગુણને જ ધારણ કરનારું રહે. વળી, પોતાનામાં વર્તતી તેવા પ્રકારની શક્તિનો અહંકાર ન થાય પરંતુ ગુણવાન પુરુષોના ગુણો પ્રત્યેના નમ્રભાવને ધારણ કરનારું ચિત્ત સદા વર્તે તે પ્રકારે માર્દવભાવમાં યત્ન કરવો જોઈએ. વળી, કોઈ નિમિત્તને પામીને માયા કરવાનો પરિણામ ન થાય પરંતુ સદા આર્જવ સ્વભાવવાળી અર્થાત્ સરળ સ્વભાવવાળી પ્રકૃતિ રહે તે રીતે આર્જવભાવમાં યત્ન કરવો જોઈએ. વળી, આત્માના ગુણોથી અતિરિક્ત દેહ પ્રત્યે કે અન્ય કોઈ બાહ્ય પદાર્થો પ્રત્યે લોભનો પરિણામ ન થાય પરંતુ તે સર્વ પ્રત્યે અનિચ્છાનો પરિણામ થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ. વળી, તે તે નિમિત્તોને પામીને હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા જીવને થાય છે તે પણ નિમિત્તને પામીને ઉલ્લસિત ન થાય તે રીતે સદા શાસ્ત્રવચનાનુસાર તત્ત્વના ભાવન દ્વારા મારે યત્ન કરવો જોઈએ. વળી, મહાત્મા વિચારે છે કે અનાદિકાળથી પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદના ઉદયને કારણે જીવને તે તે પ્રકારના કામના વિકારો થાય છે જે વિકારો આત્માની કુત્સિત પરિણતિ સ્વરૂપ છે તેથી તેવી પરિણતિ મારામાં ઊઠે નહીં. આવી પરિણતિ ન ઊઠે માટે દેહમાં વર્તતા અશુચિભાવોનું ભાવન કરીને તે રીતે મારે સ્થિર કરવા જોઈએ કે જેથી કોઈને જોઈને કોઈ પ્રકારનો કામનો વિકાર ઊઠે નહિ પરંતુ દેહના જુગુપ્સનીય ભાવો પ્રત્યે જુગુપ્સા થાય તે પ્રકારે મારે યત્ન કરવો જોઈએ. વળી, જેમ કષાયો અને નોકષાયો અશુભ કર્મના હેતુઓ છે તેવી રીતે પાંચે ઇન્દ્રિયોના વિષયો પણ ચિત્તમાં તે પ્રકારના ભાવોને કરીને અશુભ આશ્રવના હેતુઓ છે માટે વિષયોની અસારતાનું ભાવન કરીને હંમેશાં તત્ત્વને અભિમુખ ચિત્ત પ્રવર્તે તે પ્રકારે મારે યત્ન કરવો જોઈએ એમ મહાત્માઓ વિચારે છે. આથી જ તે તે પ્રસંગે શાસ્ત્રવચનનું સ્મરણ કરે છે : 'सल्लं कामा विसं कामा कामा आसिविसोवमा'. વળી, મન-વચન અને કાયાના યોગો જિનવચનથી નિયંત્રિત ન હોય તો અશુભકર્મના હેતુઓ છે માટે મારે સદા મન, વચન, કાયાને જિનવચનથી નિયંત્રિત કરીને અશુભઆશ્રવનો નિરોધ કરવો જોઈએ.

વળી, આઠ પ્રકારનો પ્રમાદ અશુભ આશ્રવનું કારણ છે તેથી મહાત્મા વિચારે છે કે તત્ત્વના વિષયમાં અજ્ઞાન, સંશય કે વિપર્યય વર્તતો હોય તો તે પ્રમાદ સ્વરૂપ છે તેથી મારે શક્તિને ગોપવ્યા વગર જિનવચનને જાણવા યત્ન કરવો જોઈએ અને તે બોધ પણ સંશય રહિત થાય તે રીતે યત્ન કરવો જોઈએ અને જ્યાં નિર્ણય ન થતો હોય ત્યાં યોગ્ય ગુરુ આદિ પાસે પૃચ્છા કરીને સંશય નિવર્તન કરવું જોઈએ. વળી, જિનવચનથી વિપરીત અર્થમાં બોધ ન થાય તેના માટે ઉચિત ગુરુ આદિ પાસેથી તત્ત્વને જાણવા યત્ન કરવો જોઈએ અને શક્તિ હોવા છતાં તે પ્રકારે યત્ન ન કરવામાં આવે તો પ્રમાદકૃત અશુભકર્મબંધની પ્રાપ્તિ થાય. આથી જ ધર્મઅનુષ્ઠાનકાળમાં પણ સૂત્રના ઉચિત અર્થનું સ્મરણ કરવાનો યત્ન ન કરવામાં આવે તો સૂત્ર વિષયક અનાભોગરૂપ અજ્ઞાન પ્રાપ્ત થાય જેથી અશુભકર્મની પ્રાપ્તિ થાય. આથી જ સર્વ અનુષ્ઠાનો પ્રમાદના પરિહારપૂર્વક ગુણનિષ્પત્તિનું કારણ બને તે રીતે કરવાં જોઈએ જેથી અશુભ-આશ્રવની પ્રાપ્તિ ન થાય. વળી, બાહ્યપદાર્થોમાં રાગ-દ્વેષ થાય તે પણ પ્રમાદ છે જેથી અશુભ આશ્રવો થાય છે.

વળી, ઉચિત કૃત્યો વિષયક સ્મૃતિભ્રંશ એ પણ પ્રમાદ છે માટે મહાત્મા વિચારે છે કે બાહ્ય પદાર્થને આશ્રયીને રાગદ્વેષ ન થાય તે રીતે મારા આત્માને સદા ભાવિત રાખવો જોઈએ અને પોતાની ભૂમિકા

અનુસાર જે જે ધર્મકૃત્યો પોતે સેવી શકે તે કૃત્યો વિષયક સ્મૃતિભ્રંશ ન થાય તે રીતે તે તે કૃત્યો સેવવા માટે યત્ન કરવો જોઈએ. આથી જ ભાવસાધુને પણ પોતાના ઉચિત કૃત્યમાં સ્મૃતિનો ભ્રંશ થાય ત્યારે ત્યારે અશુભકર્મની પ્રાપ્તિ થાય છે માટે અશુભકર્મના અનર્થના નિવારણ માટે સદા ધર્મનાં ઉચિત કૃત્યોમાં સ્મૃતિયુક્ત રહેવું જોઈએ. વળી, ધર્મમાં અનાદર=શક્તિ અનુસાર ધર્મ સેવવા પ્રત્યે અયત્ન, એ પણ પ્રમાદ છે તેથી મહાત્મા વિચારે છે કે મારે શક્તિનું સમાલોચન કરીને જે જે ધર્મકૃત્યોને સેવીને ઉત્તમ ભાવોને હું કરી શકું તેમ છું તે ધર્મકૃત્યોને સેવવા ક્યારેય ઉપેક્ષા કરવી જોઈએ નહીં. જો ઉચિત ધર્મકૃત્યો સેવવા પ્રત્યે ઉપેક્ષા સેવાશે તો અશુભકર્મબંધની પ્રાપ્તિ થશે.

વળી, મન-વચન અને કાયાના યોગોનું દુષ્પ્રણિધાન તે પણ પ્રમાદ છે અર્થાત્ આત્મકલ્યાણ અર્થે યોગમાર્ગના સેવનકાળમાં મન, વચન કાયાના યોગો જિનવચનથી નિયંત્રિત થયા વગર યથાતથા પ્રવર્તે ત્યારે તે સેવાતા અનુષ્ઠાનથી પણ ગુણ નિષ્પન્ન થઈ શકે નહિ અને અશુભકર્મબંધની પ્રાપ્તિ થાય. માટે મહાત્મા પ્રમાદના સ્વરૂપનું ભાવન કરીને આઠેય પ્રકારના પ્રમાદનો પરિહાર થાય તે રીતે સદા આશ્રવભાવના કરે છે. વળી, અવિરતિ=પોતાની શક્તિ અનુસાર ઉચિત નિયમોને ગ્રહણ કરીને તેના પાલન માટે યત્ન ન કરવામાં આવે તે અવિરતિનો પરિણામ છે અને તેવો પરિણામ પણ અશુભકર્મબંધનો હેતુ છે. માટે મહાત્મા અવિરતિના સ્વરૂપનું ભાવન કરીને પણ અશુભકર્મથી આત્માનું રક્ષણ કરવા યત્ન કરે છે. મિથ્યાત્વ=તત્ત્વને જાણવા પ્રત્યે ઉપેક્ષા અને અતત્ત્વ પ્રત્યેની રુચિ તે મિથ્યાત્વ છે અને તે અશુભકર્મોનો હેતુ છે તેથી મહાત્મા મિથ્યાત્વને દૂર કરવા અર્થે સદા જિનવચનાનુસાર આત્માને તત્ત્વથી ભાવિત કરવા યત્ન કરે છે જેથી અશુભકર્મના બંધની પ્રાપ્તિ ન થાય. વળી, આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાન પણ અશુભકર્મના હેતુઓ છે તેથી સંસારના પદાર્થોને અવલંબીને થતા ચિત્તવ્યાપારથી જે આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાન થવાની સંભાવના રહે છે અને જેના કારણે અશુભકર્મબંધની પ્રાપ્તિ છે તેના નિવારણ અર્થે મહાત્મા સદા આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાનના નિરોધ અર્થે જિનવચનનું ઉચિત અવલંબન લઈને આત્માને સદા ભાવિત રાખે છે. આ પ્રકારે આશ્રવભાવનાને સ્થિર કરવાથી પ્રાયઃ જીવને અશુભકર્મબંધની પ્રાપ્તિ થતી નથી અને સદા શુભ એવા પુણ્યાનુબંધીપુણ્યનો બંધ કરીને સદ્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરે છે અને અંતે સર્વ આશ્રવનો નિરોધ કરી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે. **॥૭૮॥**

**શ્લોક :-**

**सर्वेषामाश्रवाणां तु निरोधः संवरः स्मृतः ।**
**स पुनर्भिद्यते द्वेधा द्रव्यभावविभेदतः ।।७९।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ આશ્રવોનો નિરોધ સંવર કહેવાયો છે. તે વળી, દ્રવ્યના અને ભાવના ભેદથી બે પ્રકારના ભેદને પ્રાપ્ત કરે છે. ।।૭૯।।**

**ભાવાર્થ :-**

**૮. સંવરભાવના :-**

સર્વ આશ્રવોનો નિરોધ અયોગીકેવલી અવસ્થામાં પ્રાપ્ત થાય છે; કેમ કે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયનો નિરોધ કર્યા પછી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને ત્યાર પછી ઉચિતકાળે તે મહાત્મા યોગનિરોધ કરે છે ત્યારે કર્મબંધને અનુકૂળ એવા ભાવમલરૂપ મિથ્યાત્વાદિ પાંચેય આશ્રવનો સર્વથા નિરોધ થાય છે. ત્યાર પછી તે મહાત્મા સર્વસંવરને પ્રાપ્ત કરે છે અને તે સર્વસંવરને કારણે નવાં કર્મોના આગમનનો અભાવ થાય છે અને પૂર્વનાં બંધાયેલાં કર્મોની નિર્જરા થાય છે જેથી તે મહાત્મા સર્વકર્મ રહિત મુક્ત અવસ્થાને પામે છે. જેઓ તત્ત્વના ભાવનથી મિથ્યાત્વ આશ્રવનો રોધ કરે છે, તેઓમાં દેશસંવરની પ્રાપ્તિ થાય છે અને જેઓ મિથ્યાત્વ અને અવિરતિનો રોધ કરે છે તેઓમાં બે આશ્રવના નિરોધથી થયેલો દેશસંવર છે. આથી છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા મહાત્મા મિથ્યાત્વનો ત્યાગ કરીને જિનવચનાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ દ્વારા બાર પ્રકારની અવિરતિનો રોધ કરે છે ત્યારે તે મહાત્માને સમ્યગ્દષ્ટિ કરતાં વિશેષ પ્રકારના દેશસંવરની પ્રાપ્તિ થાય છે. વળી, જ્યારે તે મહાત્મા નિર્વિકલ્પ દશારૂપ અપ્રમાદભાવને પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદરૂપ ત્રણ આશ્રવના રોધથી વિશેષ પ્રકારના દેશસંવરની પ્રાપ્તિ થાય છે અને જ્યારે તે અપ્રમાદભાવના બળથી તે મહાત્મા વીતરાગ બને છે ત્યારે ચાર આશ્રવોનો રોધ થાય છે તેથી પૂર્વ કરતાં વિશેષ પ્રકારના દેશસંવરની પ્રાપ્તિ થાય છે. આ રીતે સંવરના સ્વરૂપનું ભાવન કરીને મહાત્મા આત્મામાં સંવરભાવને અનુકૂળ દૃઢ ઉદ્યમ કરવા અર્થે યત્ન કરે છે જેથી સ્વભૂમિકાનુસાર ઉત્તરોત્તરના દેશસંવરને પ્રાપ્ત કરીને સર્વસંવરને અનુકૂળ શક્તિનો સંચય થાય. વળી, આ સર્વસંવર અને દેશસંવર પણ દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનો છે જેનું સ્વરૂપ સ્વયં ગ્રંથકારશ્રી આગળ સ્પષ્ટ કરે છે. **॥૭૯॥**

**શ્લોક :-**

**યઃ કર્મપુદ્‌ગલાદાનચ્છેદઃ સ દ્રવ્યસંવરઃ ।**
**ભવહેતુક્રિયાત્યાગઃ સ પુનર્ભાવસંવરઃ ।।૮૦।।**

**શ્લોકાર્થ :-**

**જે કર્મપુદ્‌ગલના ગ્રહણનો છેદ તે દ્રવ્યસંવર છે. ભવના હેતુ એવી ક્રિયાનો ત્યાગ તે વળી, ભાવસંવર છે. ।।૮૦।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૭૯માં કહ્યું કે સર્વસંવર અને દેશસંવર દ્રવ્યના અને ભાવના ભેદથી બે પ્રકારનો છે. તેથી તે બે ભેદોને સ્પષ્ટ કરતાં કહે છે – સંવર એટલે પિધાન છે અર્થાત્ આત્મામાં કર્મોનું જે આગમન થાય છે તે આગમનને રોકવાની ક્રિયા છે. આત્મામાં વર્તતા શુભાશુભ પરિણામને કારણે આત્મામાં સતત નવા નવા કર્મપુદ્‌ગલો ગ્રહણ થાય છે તે ગ્રહણનો જ છેદ તે દ્રવ્યસંવર છે; કેમ કે તેનાથી દ્રવ્યપુદ્‌ગલો આવતા અટકે

છે અને તે દ્રવ્યસંવર સર્વ સંવરરૂપ અયોગી કેવળીને હોય છે. આના પૂર્વે જે જે અંશથી કર્મના આગમનની ન્યૂનતા થાય છે તેટલા અંશથી દ્રવ્ય સંવર છે અને તે કર્મોના આગમનનું કારણ બને એવી આત્મામાં કોઈક પ્રકારની પરિણતિરૂપ ક્રિયા વર્તે છે જે ક્રિયા ભવનો હેતુ છે અને તે ક્રિયા જ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ ભાવમલ સ્વરૂપ છે. આત્માની તે ક્રિયાને કારણે આત્મામાં કર્મપુદ્ગલોનું આગમન થાય છે તેથી જે મહાત્મા જેટલા અંશથી ભવના હેતુની ક્રિયાનો ત્યાગ કરે તેટલા અંશમાં તેને ભાવસંવરની પ્રાપ્તિ થાય છે અને જેટલા અંશમાં ભાવસંવરની પ્રાપ્તિ થાય છે તેટલા અંશમાં કર્મપુદ્ગલનું ગ્રહણ પૂર્વ પૂર્વ કરતાં અલ્પ પ્રમાણમાં થાય છે. જે આત્મામાંથી મિથ્યાત્વરૂપ ભાવમલ ગયો તે આત્મામાં મિથ્યાત્વરૂપ ભવના હેતુની ક્રિયાનો ત્યાગ થયો અને તેટલા અંશમાં તે મહાત્માને ભાવસંવરની પ્રાપ્તિ થાય છે અને જેટલા અંશમાં ભાવસંવરની પ્રાપ્તિ થાય છે તેટલા અંશમાં કર્મપુદ્ગલના ગ્રહણનો છેદ થાય છે તેથી તેટલા અંશમાં દ્રવ્યસંવરની પ્રાપ્તિ થાય છે. આ રીતે દ્રવ્યસંવર અને ભાવસંવરનું ચિંતવન કરીને મહાત્મા સંસારના ઉચ્છેદ અર્થે સ્વશક્તિ અનુસાર ભાવસંવરમાં ઉદ્યમ કરે છે જેનાથી તેટલા અંશમાં કર્મબંધનું આગમન અટકે છે અને તેટલી દ્રવ્યસંવરની પ્રાપ્તિ થાય છે જેના કારણે કર્મકૃત કદર્થનાથી તે મહાત્મા સુરક્ષિત બને છે.

અહીં વિશેષ એ છે કે જ્યારે જ્યારે જીવ મોહને વશ સંસારના ભાવોનો વિચાર કરે છે ત્યારે ત્યારે ભવના હેતુ એવી મિથ્યાત્વની ક્રિયા થાય છે. આથી જ સમ્યક્ત્વાદિ ગુણસ્થાનકમાં રહેલા જીવો જ્યારે મોહને વશ થઈને સંસારના ભાવોના વ્યાપારવાળા થાય અને અંતરંગ રીતે તત્ત્વને અભિમુખ યત્ન ન કરે તો આકર્ષ દ્વારા પાત પામીને મિથ્યાત્વની ક્રિયા કરે છે. આથી જ બ્રાહ્મી, સુંદરીના જીવે પૂર્વભવમાં સાધુપણામાં પણ ઈર્ષ્યાનો પરિણામ કર્યો ત્યારે આકર્ષ દ્વારા મિથ્યાત્વને પામીને સ્ત્રીવેદનો બંધ કર્યો. તે વખતે તેઓની જે મનોવ્યાપારરૂપ ક્રિયા છે તે ભવના હેતુ એવી મિથ્યાત્વની ક્રિયા બને છે તેથી મિથ્યાત્વાદિ પાંચેય ક્રિયારૂપ ભાવસંવરનો અભાવ થાય છે અને જે મહાત્મા સમ્યક્ત્વ પામ્યા નથી તોપણ તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ માર્ગાનુસારી બુદ્ધિથી તત્ત્વને જાણવા યત્ન કરે છે અને જેમ જેમ તેઓને સંસારની વાસ્તવિક સ્થિતિનું સમ્યગ્જ્ઞાન થાય છે અને મુક્તઅવસ્થાનું વાસ્તવિક જ્ઞાન થાય છે અને મુક્તઅવસ્થાના ઉપાયરૂપ ભગવાનના વચન પ્રત્યે રુચિઅંશ અધિક અધિક થાય છે તેમ તેમ તે મહાત્મા ભવના હેતુ એવી મિથ્યાત્વાદિ પાંચ ક્રિયામાંથી મિથ્યાત્વની ક્રિયાના ત્યાગ માટે યત્નવાળા છે અને જેટલા જેટલા અંશથી મિથ્યાત્વની ક્રિયાના ત્યાગપૂર્વક સમ્યક્ત્વની ક્રિયામાં યત્ન કરે છે તેટલા તેટલા અંશથી તે મહાત્માને ભાવસંવરની પ્રાપ્તિ થાય છે.

વળી, સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યા પછી પણ જેઓ સતત પાંચ ઇન્દ્રિયો અને મનનો સંવર કરવા યત્ન કરે છે અને તેના માટે ઉચિત શાસ્ત્રઅધ્યયન આદિ ક્રિયા કરે છે અને ષટ્કાયના પાલનને અનુકૂળ ઉચિત યતનાપૂર્વક ગમનાદિ પ્રવૃત્તિ કરે છે તેઓમાં અવિરતિ અંશરૂપ ભવની ક્રિયા હોવા છતાં જે જે અંશથી તે તે ક્રિયા અલ્પ-અલ્પતર થાય છે તે તે અંશથી અવિરતિની ક્રિયાના અભાવરૂપ ભાવસંવરની પ્રાપ્તિ થાય છે અને જે મહાત્મા ભાવથી સર્વવિરતિને પામેલા છે તેઓના મન-વચન-કાયાના યોગોમાં ભવના હેતુ એવી

મિથ્યાત્વ અને અવિરતિરૂપ ભવના હેતુની ક્રિયાનો અભાવ છે તોપણ અપ્રમત્ત ગુણસ્થાનકની પ્રાપ્તિ નહીં હોવાથી પ્રમાદરૂપ હેતુની ક્રિયાનો ત્યાગ નથી છતાં શાસ્ત્રનું દૃઢ અવલંબન લઈને નિર્વિકલ્પ ઉપયોગને અનુકૂળ શક્તિસંચય અર્થે જો તે મહાત્મા યત્નશીલ હોય તો ભવના હેતુ એવી પ્રમાદની ક્રિયા પણ કંઈક અંશથી અલ્પ-અલ્પતર થાય છે અને જ્યારે તે મહાત્મા અસંગભાવની પરિણતિવાળા થાય છે ત્યારે તે મહાત્મામાં ભવના હેતુરૂપ એવી મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદરૂપ ક્રિયાનો અભાવ વર્તે છે તેટલા અંશથી તે મહાત્મા ભાવસંવરવાળા છે. આવા મહાત્મા પણ વીતરાગ થયેલા નહીં હોવાથી કષાયોરૂપ ભવના હેતુની ક્રિયા વર્તે છે અને જ્યારે તે મહાત્મા ક્ષપકશ્રેણી ઉપર આરોહણ કરે છે ત્યારે ભવના હેતુ એવી કષાયરૂપ ક્રિયાના ત્યાગ માટે યત્નવાળા થાય છે અને જે જે અંશથી ક્ષપકશ્રેણીમાં કષાયનો ત્યાગ થાય છે તે તે અંશથી ભાવસંવર અધિક-અધિકતર થાય છે અને જ્યારે તે મહાત્મા વીતરાગ બને છે ત્યારે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયરૂપ ભવના હેતુની ક્રિયાનો ત્યાગ હોવાથી તેટલો ભાવસંવર વર્તે છે. આમ છતાં યોગરૂપ ભવના હેતુની ક્રિયા હોવાથી સર્વસંવર નથી અને જ્યારે તે મહાત્મા યોગનિરોધ કરે છે ત્યારે ભવના હેતુ એવી યોગરૂપ ક્રિયાનો પણ ત્યાગ થાય છે તેથી પૂર્ણ ભાવસંવર પ્રાપ્ત થાય છે. **II૮૦II**

**અવતરણિકા :-**

**હવે કષાય આદિ જે અશુભ આશ્રવો છે તેને કાઢીને સંવરભાવની પ્રાપ્તિ અર્થે શું કરવું જોઈએ તે બતાવે છે –**

**શ્લોક :-**

**येन येन ह्युपायेन रुध्यते यो य आस्रवः ।**
**तस्य तस्य निरोधाय स स योज्यो मनीषिभिः ।।८१।।**

**શ્લોકાર્થ :-**

**જે જે ઉપાય દ્વારા જે જે આશ્રવ રોધ પામે છે તેના તેના નિરોધ માટે તે તે ઉપાય બુદ્ધિમાન પુરુષે યોજવો જોઈએ. ।।૮૧।।**

**ભાવાર્થ :-**

સંવરભાવનાને આત્મામાં સ્થિર કરવા અર્થે મહાત્મા ભાવન કરે છે કે શ્લોક-૭૮માં જે જે આશ્રવો કહેલા છે તે તે આશ્રવોના નિરોધ માટે જે જે ઉપાયો હોય તે તે ઉપાયોને સેવીને તે તે આશ્રવોના નિરોધ માટે બુદ્ધિમાન પુરુષે યત્ન કરવો જોઈએ. આ પ્રકારે ભાવન કરીને શ્લોક-૭૮માં બતાવેલા કષાય આદિના પારમાર્થિક સ્વરૂપનું ચિંતવન કરવાથી તે તે ભાવો પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય છે અને તેનાથી વિરુદ્ધ એવા આત્માના પરિણામો પ્રત્યે પક્ષપાત થાય છે. તે રીતે પોતાની ભૂમિકા અનુસાર સર્વ ઉચિત ક્રિયામાં યત્ન કરવો જોઈએ જેથી કષાય આદિ આશ્રવોના નિરોધના બળથી સ્વભૂમિકા અનુસાર સંવરની પ્રાપ્તિ થાય અને જે મહાત્મા કષાય આદિના પારમાર્થિક સ્વરૂપનું પર્યાલોચન કરીને તેના નિરોધ માટે યત્ન કરે છે

ત્યારે તેને કષાયો આદિ ભાવો અહિતકારી જણાય છે તેથી મિથ્યાત્વ આશ્રવ વર્તતો હોય તોપણ તે ક્ષીણ-ક્ષીણતર થાય છે અને જ્યારે અનંતાનુબંધીના કષાયો જાય છે ત્યારે ભવના હેતુ એવી મિથ્યાત્વની ક્રિયાનો ત્યાગ થાય છે. વળી, પ્રત્યાખ્યાનીય, અપ્રત્યાખ્યાનીય કષાયો જાય છે ત્યારે પાંચ ઇન્દ્રિયના વિષયોનો અવિરતિનો ભાવ જાય છે અને જ્યારે તે કષાય આદિના વિપરીત એવા ક્ષમાદિ ભાવોના સેવનના બળથી પ્રમાદ જાય છે ત્યારે આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાન પણ જાય છે અને જ્યારે શુક્લધ્યાનની પ્રાપ્તિ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યાર પછી કેવલી ભગવંત યોગનિરોધ કરે છે ત્યારે યોગરૂપ આશ્રવ પણ જાય છે. માટે સર્વસંવરના અર્થી મહાત્માએ સ્વભૂમિકા અનુસાર આશ્રવના નિરોધના ઉપાયને સેવીને સંવરની વૃદ્ધિમાં સદા યત્ન કરવો જોઈએ. **॥૮૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં કહ્યું કે જે જે ઉપાયોથી જે જે આશ્રવનો રોધ થાય તે તે આશ્રવના રોધ માટે તે તે ઉપાયોમાં યત્ન કરવો જોઈએ તેથી હવે પ્રથમ કષાયના રોધના ઉપાયોને બતાવે છે –**

**શ્લોક :-**

**क्षमया मृदुभावेन ऋजुत्वेनाऽप्यनीहया ।**
**क्रोधं मानं तथा मायां लोभं रुन्ध्याद् यथाक्रमम् ।।८२।।**

**શ્લોકાર્થ :-**

**સંવર માટે કરાયેલા ઉદ્યમવાળા મહાત્માએ ક્ષમાથી, મૃદુભાવથી, ઋજુપણાથી, અનીહાથી= અનિચ્છાથી, યથાક્રમ ક્રોધ, માન, માયા અને લોભનો રોધ કરવો જોઈએ. ।।૮૨।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માને કષાયોનો સંવર કરવાની ઇચ્છા છે તે મહાત્મા અવસરે અવસરે ક્ષમા, માર્દવ, ઋજુતા અને અનિચ્છાના સ્વરૂપને સૂક્ષ્મપ્રજ્ઞાથી તે રીતે વિચારે છે કે જેથી તે ક્ષમાદિના ભાવોના પ્રતિબંધક ક્રોધ, માન, માયા અને લોભ ક્ષયોપશમભાવને પામતા જાય. તેથી તે મહાત્મા વિચારે છે કે જીવ જ્યારે જ્યારે ક્રોધાદિ ભાવો કરે છે ત્યારે ત્યારે આત્માને તે તે ભાવોથી ભાવિત કરે છે જેથી તે ક્રોધાદિ ભાવો પુષ્ટ-પુષ્ટતર થાય છે અને ક્રોધાદિ આપાદકભાવો બલિષ્ઠ શક્તિવાળા બને છે માટે મારે ક્રોધાદિભાવો થાય તેવા આલંબનથી દૂર રહેવું જોઈએ. વળી, ક્રોધાદિભાવોના પારમાર્થિક અનર્થકારી સ્વરૂપનું ચિંતવન કરીને અને તેના વિરુદ્ધ એવા ક્ષમાદિભાવો જીવની સ્વસ્થતારૂપ છે એ પ્રકારે ચિંતવન કરીને તે ભાવો પ્રત્યે પક્ષપાત થાય તે રીતે આત્માને ભાવન કરે છે ત્યારે ક્રોધાદિના ક્ષયોપશમભાવરૂપ ક્ષમાદિના સંસ્કારો આત્મામાં આધાન થાય છે અને ક્રોધાદિ આપાદક કષાય મોહનીય પણ ક્ષયોપશમભાવરૂપે પરિણમન પામે છે. આ રીતે જીવ જેટલા જેટલા અંશે ભાવિત થાય છે તેટલા તેટલા અંશે જીવમાં કષાયોનો સંવર પ્રાપ્ત થાય છે.

વળી, કષાયોકૃત અશુભઆશ્રવોનો રોધ થાય છે અને ક્ષમાદિભાવો પ્રત્યેના રાગને કારણે વિદ્યમાન

મનોયોગ પણ શુભ આશ્રવરૂપ બને છે તેથી અશુભ-આશ્રવના રોધપૂર્વક સંવરના અર્થી મહાત્માએ દૃઢ પ્રણિધાનપૂર્વક ક્ષમાદિભાવોના સ્વરૂપનું સમાલોચન કરીને તે તે ભાવોથી આત્માને ભાવિત કરવા યત્ન કરવો જોઈએ જેથી નિમિત્તને પામીને પણ અરુચિ, દ્વેષ, અરતિ આદિ ક્રોધના અવાંતરભાવો જીવને સ્પર્શીને વ્યાકુળ કરવા સમર્થ બને નહીં. વળી, માર્દવભાવનાથી પોતાના આત્માને ભાવિત કરે તો પોતાની પ્રતિભા, બુદ્ધિ કે ધનાદિ કોઈ પદાર્થનો ઉત્સેક થાય નહીં પરંતુ સદા ગુણવાન પુરુષો પ્રત્યે નમ્રશીલ રહેવાનો સ્વભાવ સ્થિર-સ્થિરતર થાય જેથી ધનાદિ વ્યય કરીને પણ ભગવદ્ભક્તિ આદિના ફળની પ્રાપ્તિ થાય પરંતુ માન-કષાયને વશ ધર્મમાં વ્યય કરેલ ધન નિષ્ફળ જાય નહીં તેવું બળ આધાન થાય. વળી, જેઓ મુદુભાવનાથી ભાવિત નથી અને તે પ્રકારે ભાવન કરવા યત્ન કરતા નથી તેઓ ધર્મભાવથી ધન વ્યય કરે તોપણ પ્રાયઃ લોકપ્રશંસા આદિ ભાવો દ્વારા માનકષાયને જ દૃઢ કરે છે. ક્વચિત્ વચવચમાં ભગવદ્ભક્તિ આદિથી શુભભાવ થતા હોય તોપણ પ્રસંગે-પ્રસંગે માનકષાયને પુષ્ટ કરે છે અને કોઈ તેના તે ધનવ્યયના કૃત્યની પ્રશંસા ન કરે તો મનમાં દુભાઈને પણ માનકષાયને દૃઢ કરતા હોય છે. માટે સંવરના અર્થીએ સદા માનકષાયની અંતરંગ વિહ્વળતાનું સમ્યગ્ સમાલોચન કરીને અંતરંગ સ્વસ્થતારૂપ મૃદુભાવનાથી આત્માને ભાવિત કરવો જોઈએ જેથી નિમિત્તોમાં ચિત્ત કાલુષભાવને પામે નહિ. વળી, જ્યાંસુધી ક્ષાયિકભાવના ક્ષમાદિભાવો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સતત ક્રોધાદિભાવોકૃત જીવની વિહ્વળતાને અને ક્ષમાદિભાંવોકૃત જીવની સ્વસ્થતાનું વારંવાર ભાવન કરીને સ્થિર કરવા યત્ન કરવો જોઈએ જેથી ઉત્તરોત્તર કષાયોના ક્ષયોપશમરૂપ ભાવસંવરની પ્રાપ્તિ થાય. **॥૮૨॥**

**અવતરણિકા :-**

**કષાયરૂપ આશ્રવોના રોધના ઉપાયને બતાવ્યા પછી હવે, વિષયોરૂપ આશ્રવોના રોધના ઉપાયને બતાવે છે –**

**શ્લોક :-**

**असंयमकृतोत्सेकान् विषयान् विषसंनिभान् ।**
**निराकुर्यादखण्डेन संयमेन महामतिः ।।८३।।**

**શ્લોકાર્થ :-**

**અસંયમકૃત ઉત્સેકવાળા, વિષ જેવા વિષયોને, મહામતિ=બુદ્ધિમાન પુરુષ, સંયમરૂપ અખંડ દંડથી=સંયમરૂપ અસ્ખલિત પ્રવૃત્તિથી, નિરાકરણ કરે. ॥૮૩॥**

**ભાવાર્થ :-**

આત્માને પાંચ ઇન્દ્રિયોના અનુકૂળ વિષયો પ્રત્યે રાગ હોય છે તેથી તેને વશ જીવમાં સદા તે તે ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરવાની ઉત્સુકતા વર્તતી હોય છે. આ પ્રકારની ઉત્સુકતાનું બીજ આત્મામાં વર્તતો ઇન્દ્રિયોનો ઉન્માદ છે. આનાથી આત્મામાં ઇન્દ્રિયોના વિષયોને અભિમુખ પરિણામ વર્તે છે અને

ઇન્દ્રિયોના તે તે વિષયો જીવને માટે વિષ જેવા છે. જેમ વિષ આત્માના દ્રવ્યપ્રાણનો નાશ કરે છે તેમ ઇન્દ્રિયોના વિષયથી પ્રગટ થયેલી પરિણતિરૂપ ઝેર આત્માના ભાવપ્રાણનો નાશ કરે છે. માટે જ વિદ્વાન પુરુષો વારંવાર અસંયમકૃત ઉત્સુકતાના શમન માટે વિષયોની અનર્થકારીતાનું ભાવન કરીને શાંત થયેલા ચિત્તને જે સંયમનું સુખ છે તેના પારમાર્થિક સ્વરૂપનું સતત ભાવન કરીને નિમિત્તોને પામીને વિષયો વિષયક આત્મામાં ઉત્સુકતા પ્રગટે નહિ અને ઇન્દ્રિયોના વિકાર વગરની સ્વસ્થતા પ્રગટે તે પ્રકારે પદાર્થના સ્વરૂપનું ભાવન કરે છે જેથી શાંત થયેલી ઉત્સુકતાને કારણે બાહ્ય પદાર્થોકૃત વિષની પ્રાપ્તિ આત્માને થાય નહીં અને વિષયોના વિમુખભાવરૂપ સંવરની પ્રાપ્તિ થાય. તેથી કષાયકૃત આશ્રવના નિરોધ અર્થે મહાત્માએ અત્યંત ઉપયોગપૂર્વક અસંયમકૃત ઉન્માદના સ્વરૂપનું ચિંતવન કરવું જોઈએ અને સંયમકૃત આત્માની અંતરંગ સ્વસ્થતાનું ભાવન કરવું જોઈએ; જેથી સ્વસ્થતારૂપ સુખના અર્થી એવા આત્માને ઉત્તરોત્તર સંવરભાવની પ્રાપ્તિ થાય. ॥૮૩॥

**અવતરણિકા :-**

**કષાયો અને વિષયોના પ્રતિપક્ષને બતાવીને હવે, યોગ, પ્રમાદ અને અવિરતિના પ્રતિપક્ષભાવોને બતાવે છે જેથી યોગ, પ્રમાદ અને અવિરતિકૃત આશ્રવના નિરોધ દ્વારા તે તે પ્રકારના સંવરની પ્રાપ્તિ થાય —**

**શ્લોક :-**

**तिसृभिर्गुप्तिभिर्योगान् प्रमादं चाप्रमादतः ।**
**सावद्ययोगहानेनाऽविरतिं चापि साधयेत् ।।८४।।**

**શ્લોકાર્થ :-**

**ત્રણ ગુપ્તિઓથી યોગોને=મન, વચન, કાયાના યોગોને અને અપ્રમાદથી પ્રમાદને તથા સાવધયોગના ત્યાગથી અવિરતિને સાધે=જય કરે. ॥૮૪॥**

**ભાવાર્થ :-**

યોગ, પ્રમાદ અને અવિરતિકૃત અશુભકર્મની પ્રાપ્તિના નિરોધ અર્થે અને તેના પ્રતિપક્ષ સંવરની પ્રાપ્તિ અર્થે મહાત્માએ ત્રણ ગુપ્તિઓ દ્વારા યોગોને સંવર તરફ પ્રવર્તાવવા જોઈએ અર્થાત્ અનાદિ સંસ્કારના કારણે બાહ્ય પદાર્થોને અવલંબીને જે મન, વચન અને કાયાના યોગો પ્રવર્તે છે તે મન, વચન, કાયાના યોગોને જિનવચનના દૃઢ અવલંબનથી તે રીતે પ્રવર્તાવવા જોઈએ કે જેથી ભગવાનના વચન દ્વારા આત્મામાં વીતરાગ પ્રત્યેના રાગભાવના સંસ્કારો વૃદ્ધિ પામે, જેથી ચિત્ત વીતરાગભાવ સાથે પ્રતિબંધવાળું રહે. જે મહાત્માનું ચિત્ત સદા વીતરાગભાવ પ્રત્યે પ્રતિબંધવાળું છે તે મહાત્માનું ચિત્ત વિષયોમાં જતું નથી અને તે મહાત્માના ત્રણ યોગો સંસારભાવથી નિવૃત્તિ પામી વીતરાગભાવને અભિમુખ પ્રવર્તતા હોવાથી તે મહાત્મામાં ત્રણ ગુપ્તિનું સામ્રાજ્ય પ્રવર્તે છે જેથી યોગકૃત આશ્રવનો નિરોધ થાય છે અને ત્રણ ગુપ્તિ દ્વારા

સંવરભાવની સદા વૃદ્ધિ થાય છે.

વળી, અજ્ઞાન, સંશય, વિપર્યય આદિ આઠ પ્રમાદો જીવે અનાદિથી સેવ્યા છે. તે પ્રમાદોના પારમાર્થિક સ્વરૂપનું ચિંતવન કરીને મહાત્મા તેના વિરુદ્ધ એવા અપ્રમાદભાવોમાં સદા ઉદ્યમ કરવા યત્ન કરે છે ત્યારે મહાત્માનું ચિત્ત શાસ્ત્રઅધ્યયન દ્વારા સૂક્ષ્મ અજ્ઞાનનું નિવર્તન કરીને શાસ્ત્રના વચન દ્વારા સૂક્ષ્મ પારમાર્થિક ભાવોને જાણવા માટે યત્નવાળું બને છે. વળી, શાસ્ત્રવચનોનો સંશય, વિપર્યયથી રહિત યથાર્થ બોધ કરીને મહાત્મા શાસ્ત્રવચનાનુસાર ચિત્તને પ્રવર્તાવવા દ્વારા રાગદ્વેષરૂપ પ્રમાદનું નિવર્તન કરે છે અને ઉચિત કૃત્યોમાં સ્મૃતિભ્રંશ રહિત અપ્રમાદભાવ સેવીને અને ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિરૂપ ધર્મમાં યત્ન દ્વારા ધર્મના અનાદરરૂપ પ્રમાદનું વર્જન કરે છે અને મન, વચન અને કાયાના યોગો ધર્મઅનુષ્ઠાનમાં દુષ્પ્રણિધાનવાળા ન થાય તે રીતે સુપ્રણિધાનપૂર્વક પ્રવર્તાવે છે જેથી પ્રમાદકૃત આશ્રવના નિરોધ દ્વારા અપ્રમાદભાવને કારણે ઉત્તરોત્તર સંવરભાવની વૃદ્ધિની પ્રાપ્તિ મહાત્માને થાય છે. વળી, સંવરભાવના અર્થી મહાત્મા સાવદ્ય વ્યાપારો કયા કયા છે તેના પરમાર્થને જાણીને ચિત્તવૃત્તિને તે રીતે ભાવન કરે છે કે જેથી સાવદ્યયોગોને નિષ્પન્ન કરે તેવા સંસ્કારો ઉત્થિત થાય નહીં પરંતુ વિરતિભાવરૂપ સંવરની સદા વૃદ્ધિ થાય છે અર્થાત્ ચિત્ત હંમેશાં સંસારના ભાવોને સંશ્લેષ પામીને જે પાપની વૃત્તિવાળું છે તે ચિત્ત સદા અસંશ્લેષભાવને અનુકૂળ-એવા ઉત્તમભાવોથી ભાવિત રહે છે જેથી અવિરતિના આશ્રવના રોધપૂર્વક સંવરભાવની પ્રાપ્તિ થાય છે. **॥૮૪॥**

**અવતરણિકા :-**

**હવે, મિથ્યાત્વ અને આર્તધ્યાન-રૌદ્રધ્યાનના વિરોધી એવા સંવરભાવને પ્રગટ કરવાનો ઉપાય બતાવે છે –**

**શ્લોક :-**

**सद्दर्शनेन मिथ्यात्वं शुभस्थैर्येण चेतसः ।**
**विजयेताऽऽर्त्तरौद्रे च संवरार्थं कृतोद्यमः ।।८५।।**

**શ્લોકાર્થ :-**

**સંવર માટે કરાયેલા ઉદ્યમવાળા મહાત્મા સદ્દર્શન દ્વારા મિથ્યાત્વને અને શુભવિષયક ચિત્તના સ્થૈર્ય દ્વારા આર્તધ્યાન-રૌદ્રધ્યાનને જીતે. ॥૮૫॥**

**ભાવાર્થ :-**

જે યોગી સંસારથી ભય પામેલા છે તેથી યોગમાર્ગને સેવીને સંસારના ઉચ્છેદના અર્થી છે તે યોગીએ હંમેશાં અંતરચક્ષુને સ્પષ્ટ રીતે ઉલ્લસિત કરીને પોતાના શાશ્વત આત્માને સ્મૃતિમાં લાવવા યત્ન કરવો જોઈએ અને વિચારવું જોઈએ કે શાશ્વત પણ મારો આત્મા આત્માથી ભિન્ન એવા કર્મપુદ્ગલોના સંસર્ગને કારણે ચારગતિના પરિભ્રમણની વિડંબના પામે છે અને ચારગતિના પરિભ્રમણમાં મૃત્યુ જેવી મહાવ્યાધિ

કોઈ નથી જે જીવને અત્યંત પીડા કરે છે. આવી મૃત્યુની પીડા ભૂતકાળમાં જીવે કર્મને વશ અનંતીવાર વેઠી છે માટે હવે ભાવિમાં અનંત મૃત્યુ ન થાય તે માટે મારે કર્મના સંગનો ઉચ્છેદ કરવો આવશ્યક છે અને કર્મ રહિત જીવ સર્વ ઉપદ્રવ રહિત હોવાથી સદા સુખી છે. કર્મના ઉપદ્રવવાળી અવસ્થામાં યત્કિંચિત્ તુચ્છ પુદ્ગલના સુખની પ્રાપ્તિ થાય તોપણ અનેક કદર્થનાઓથી યુક્ત આ સંસારનું પરિભ્રમણ છે.

આ પ્રકારે વિચારીને તેના ઉચ્છેદનો ઉપાય વીતરાગનું વચન છે અને વીતરાગનું વચન જ વીતરાગ થવાનું એક કારણ છે. વળી, વીતરાગ સંસારમાં જન્મતા નથી માટે મારે પણ સર્વ ઉદ્યમથી વીતરાગના વચનના રહસ્યને જાણવું જોઈએ અને જાણીને તે વચનાનુસાર સ્વશક્તિ અનુરૂપ ઉદ્યમ કરીને વીતરાગ તુલ્ય થવા યત્ન કરવો જોઈએ. આ પ્રકારે સૂક્ષ્મબુદ્ધિથી જેઓ અવલોકન કરે છે તેમને વીતરાગનાં દરેક વચનો અસંગભાવ સાથે કઈ રીતે કારણરૂપે સંબંધ છે તે પ્રકારે જે સૂક્ષ્મદર્શન થાય છે તે સમ્યગ્દર્શન છે અને તેના દ્વારા સદા આત્માને ભાવિત કરીને મિથ્યાત્વનો વિજય કરવો જોઈએ. આ રીતે જે મહાત્મા સદા યત્ન કરે છે તેનામાં મિથ્યાત્વનો ઉદય હોય તો તે ક્ષયોપશમભાવને પામે છે અને મિથ્યાત્વના ક્ષયોપશમને કારણે સમ્યગ્દર્શન પ્રગટેલું હોય તો નિર્મળ-નિર્મળતર થાય છે જેથી ક્ષાયિક સમ્યક્ત્વને નજીક-નજીકતર અવસ્થાવાળું ક્ષયોપશમ પ્રગટે છે. માટે સંસારના ઉચ્છેદના અર્થી જીવે અત્યંત ગંભીરતાપૂર્વક અને સ્થિર ચિત્તપૂર્વક સમ્યગ્દર્શનના પરમાર્થનું ભાવન કરવું જોઈએ જેથી મિથ્યાત્વના પ્રતિપક્ષ ભાવરૂપ સંવરભાવ પ્રગટે. વળી, સંસારીજીવોનું ચિત્ત અંતરંગ તત્ત્વને જોવામાં અત્યંત અવ્યાપારવાળું હોય છે અને ઇન્દ્રિયોથી દેખાતા પદાર્થોને જોઈને તે તે પ્રકારના ભાવો કરે છે જે આર્ત્તધ્યાન કે રૌદ્ર-ધ્યાન સ્વરૂપ છે અને તે ભાવો અનાદિથી સુઅભ્યસ્ત હોવાને કારણે કોઈ મહાત્મા આત્મકલ્યાણના અર્થે ભગવદ્ભક્તિ કે સામાયિક આદિ અનુષ્ઠાન કરે ત્યારે પણ પ્રાયઃ ચિત્ત બાહ્ય પદાર્થોને અવલંબીને પ્રવર્તનારું હોવાથી આર્ત્તધ્યાન ત્યાગ કરવા સમર્થ બનતું નથી.

વળી, મહાત્મા સંવરભાવના અર્થી છે. માટે તેમણે અંતરંગ સૂક્ષ્મચક્ષુને પ્રગટ કરવા અર્થે ઉદ્યમ કરવો જોઈએ અને વિચારવું જોઈએ કે બાહ્ય પદાર્થોને અવલંબીને વર્તતા અસ્થૈર્યને દૂર કરવાથી જ આત્મા અંતરંગ રીતે સ્થૈર્યભાવને પામે છે તેથી આત્માના અંતરંગભાવોને પ્રગટ કરવાનું કારણ બને તે રીતે શુભ વસ્તુનું અવલંબન લઈને તે શુભભાવોમાં ચિત્તને દૃઢ યત્નપૂર્વક પ્રવર્તાવવા યત્ન કરવો જોઈએ. આનાથી ઇન્દ્રિયોના નિમિત્તથી આધાન થયેલા અનાદિના સંસ્કાર છે તેનો નિરોધ થાય છે કે મનની ચંચળતાના નિમિત્તે અનાદિથી સુઅભ્યસ્ત એવાં આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાન છે તેનો નિરોધ થાય છે અને જે મહાત્મા આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાનના નિરોધના પરિણામની નિષ્પત્તિ અર્થે એકાંતમાં સ્થિરતાપૂર્વક શુભઆલંબનોમાં ચિત્તને પ્રવર્તાવે છે તેઓ સ્વપ્રયત્ન અનુસાર આર્ત્તધ્યાનની અને રૌદ્રધ્યાનની શક્તિને ક્ષીણ કરીને તેના પ્રતિપક્ષભાવ રૂપ સંવરભાવને પ્રાપ્ત કરે છે. માટે સંસારના ઉચ્છેદના અર્થીએ અત્યંત ચિત્તના સ્થૈર્યપૂર્વક શુભઆલંબનોમાં દૃઢ યત્ન કરવો જોઈએ. **॥૮૫॥**

**શ્લોક :-**

**संसारबीजभूतानां कर्मणां जरणादिह ।**
**निर्जरा सा स्मृता द्वेधा सकामा कामवर्जिता ।।८६।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=પ્રવચનમાં, સંસારના બીજભૂત એવાં કર્મોનું જરણ થવાથી નિર્જરા કહેવાય છે તે=નિર્જરા, બે પ્રકારની કહેવાય છે. સકામ અને કામવર્જિત. ॥૮૬॥**

**ભાવાર્થ :-**

**૯. નિર્જરાભાવના :-**

આત્મા પર અનાદિથી લાગેલાં કર્મો જીવને ચારગતિના ભ્રમણરૂપ સંસારના કારણભૂત છે અને તે કર્મો આત્મપ્રદેશોથી પૃથક્ થાય તેને શાસ્ત્રમાં નિર્જરા કહે છે. તે નિર્જરા બે ભેદવાળી છે. (૧) નિર્જરાના ઉદ્દેશથી નિર્જરાને અનુકૂળ કરાયેલા અંતરંગ વ્યાપારથી થતી નિર્જરા તે સકામનિર્જરા. (૨) બંધાયેલાં કર્મો ઉદયમાં આવીને આત્માથી પૃથક્ થાય તે પ્રકારની કામનાથી રહિત થતી નિર્જરા તે અકામનિર્જરા. આ અકામનિર્જરા ક્વચિત્ બાહ્ય કષ્ટો વેઠવાથી કે ક્વચિત્ અવિચારકરૂપે તપાદિ કૃત્યો કરવાથી થાય છે અને તેવો કોઈ પરિણામ ન હોય તોપણ દરેક કર્મો અબાધાકાળ પૂરો થાય ત્યારે ઉદયમાં આવીને નિર્જરાને પામે છે તે સર્વ અકામનિર્જરા છે. છતાં કામના વગર થયેલી નિર્જરામાં પણ તરતમતાના અનેક ભેદો છે તેથી અનાદિકાળથી દરેક જીવોને પૂર્વનાં બંધાયેલાં કર્મો ઉદયમાં આવીને નિર્જરા પામે છે તેવી અકામનિર્જરાથી કોઈ ગુણની પ્રાપ્તિ થતી નથી. ક્યારેક તે પ્રકારનાં કષ્ટોને વેઠવાને કારણે વિશેષ કર્મો નિર્જરાને પામે છે ત્યારે તે અકામનિર્જરાથી જીવોમાં તત્ત્વને અભિમુખ ભાવ થાય છે. મરુદેવા માતા એ અકામનિર્જરા દ્વારા મોક્ષની પ્રાપ્તિનું કારણ બને તેવા ગુણોથી યુક્ત મનુષ્યભવની પ્રાપ્તિ કરી શકયાં.

મોક્ષના અર્થીએ નિર્જરાના પારમાર્થિક સ્વરૂપનું જ્ઞાન કરીને નિર્જરાના ઉપાયોને તે રીતે સેવવા જોઈએ કે જેથી સકામનિર્જરા દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિ થાય અને શીઘ્ર સંસારનો અંત પ્રાપ્ત થાય. આથી જ મહાત્મા નિર્જરાને અનુકૂળ પોતાનું સદ્વીર્ય ઉલ્લસિત થાય તે માટે નિર્જરાભાવના કરે છે અને જે મહાત્મા નિર્જરાના અર્થી છે તેઓ નિર્જરાના ઉપાયભૂત બાહ્ય કે અભ્યંતર તપ કરે છે. વળી, તે તપકાળમાં ચિત્ત આ લોક અને પરલોકની કામનાવાળું ન થાય પરંતુ તે તપ દ્વારા ચિત્ત સંસારના ભાવો પ્રત્યે અનિચ્છાના પરિણામવાળું થાય તે પ્રકારનો અંતરંગ યત્ન કરે છે તેથી બાહ્ય કે અભ્યંતર તપકાળમાં જે જે અંશે અંતરંગ મોહની આકુળતા અલ્પ-અલ્પતર થાય છે તે તે અંશથી સંસારના પરિભ્રમણના કારણરૂપ ઘણાં કર્મોની નિર્જરા થાય છે. મોક્ષના અર્થીએ નિર્જરાભાવનામાં તે રીતે ઉદ્યમ કરવો જોઈએ જેથી અંતરંગ નિષ્કામવૃત્તિ વૃદ્ધિ પામે અને જે જે અંશથી નિષ્કામવૃત્તિ વૃદ્ધિ પામશે તે અંશથી નિર્જરાની પ્રાપ્તિ થશે. **॥૮૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૮૬માં કહ્યું કે બે પ્રકારની નિર્જરા છે તેથી હવે તે બે પ્રકારની નિર્જરાનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**ज्ञेया सकामा यमिनामकामा त्वन्यदेहिनाम् ।**
**कर्मणां फलवत् पाको यदुपायात् स्वतोऽपि हि ।।८७।।**

**શ્લોકાર્થ :-**

**યતિને=સુસાધુને, સકામનિર્જરા જાણવી. વળી, અન્ય જીવોને અકામનિર્જરા જાણવી. જે કારણથી ફળની જેમ કર્મનો પાક ઉપાયથી અને સ્વતઃ પણ છે. ।।૮૭।।**

**ભાવાર્થ :-**

સંસારમાં કાચાં ફળો ઘાસ આદિમાં રાખીને પકવવામાં આવે તો શીઘ્ર પાકે છે તેમ આત્મા ઉપર ચોંટેલા અને આત્મપ્રદેશો સાથે કથંચિત્ એકત્વભાવને પામેલા કર્મપુદ્ગલોનો પાક પણ તેને પકવવાની ક્રિયાના ઉપાયથી થાય છે જેને સકામનિર્જરા કહેવાય છે. વળી, પકવવાની ક્રિયા વગર સ્વતઃ અબાધાકાળ પૂરો થવાથી જે કર્મો વિપાકમાં આવીને નાશ પામે છે તે અકામનિર્જરા છે. હવે, સકામનિર્જરા કોને હોય અને અકામનિર્જરા કોને હોય તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે ભાવથી સાધુ છે તે ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને આત્માના કર્મ રહિત એવા શુદ્ધ સ્વરૂપનું દૃઢ અવલંબન લઈને તે સ્વરૂપના આવારક કર્મપુદ્ગલો કયા પ્રકારના અધ્યવસાયથી નાશ પામી શકે તેના રહસ્યને જિનવચનથી જાણીને સદા આત્મામાં શુદ્ધ સ્વરૂપના આવિર્ભાવને અનુકૂળ ઉદ્યમવાળા હોય છે. તેથી જે જે અંશથી તેઓ સ્વપરાક્રમ દ્વારા આત્માના શુદ્ધસ્વરૂપમાં નિવેશ પામી રહ્યા છે તે તે અંશથી તેઓના સંગના પરિણામથી બંધાયેલાં કર્મો આત્માથી પૃથક્ થાય છે અને તેઓનો આત્માનો અસંગભાવ ઉત્તરોત્તર વધતો જાય છે. વળી, જેમ જેમ તેઓના આત્માના અસંગભાવની વૃદ્ધિ થાય છે તેમ તેમ વિશેષ વિશેષ નિર્જરા પ્રાપ્ત થાય છે અને નિર્જરા માત્રના અર્થી એવા તે મહાત્મા અત્યંત સંવરના પરિણામવાળા હોવાથી તેઓનો સર્વ ઉદ્યમ નિર્જરાને અનુકૂળ વ્યાપારવાળો થાય છે અને બાહ્ય નિમિત્તોને પામીને તેમનો યત્ન નિર્જરાની હીનતાનું કારણ બનતો નથી. આ રીતે સુસાધુને શ્રેષ્ઠ કોટિની નિર્જરા છે.

દેશવિરતિધર, સમ્યગ્દષ્ટિ કે સમ્યક્ત્વને સન્મુખ રહેલા માર્ગાનુસારી જીવો જે જે અંશથી તત્ત્વના યથાર્થ અવલોકનમાં યત્ન કરે છે અને તત્ત્વને સ્પર્શે તે પ્રકારના પરિણામવાળા થાય છે તે તે અંશથી તેઓને પણ સકામનિર્જરાની પ્રાપ્તિ થાય છે. છતાં દેશવિરતિધર આદિ જીવોને બાહ્ય પદાર્થ આદિના સંગનો પરિણામ વિચ્છેદ પામ્યો નથી તેથી તત્ત્વચિંતનકાળમાં પણ ચિત્તમાં ગૃહ આદિના પ્રતિબંધરૂપ સંગની પરિણતિ વિદ્યમાન છે તેથી સુસાધુ જેવી ઉત્કટ નિર્જરા તેઓ કરી શકતા નથી; કેમ કે નિર્જરાને અનુકૂળ બાહ્યતપ

કે અભ્યંતરતપમાં યત્ન હોવા છતાં અવિરતિના કારણે ભોગના સંગવાળું ચિત્ત છે તેથી ગ્રંથકારશ્રીએ સુસાધુને સકામનિર્જરા કહેલ છે અને અન્ય એકેન્દ્રિયાદિ જીવોને અકામનિર્જરા કહેલ છે; કેમ કે નિર્જરાની કામનાથી નિર્જરાને અનુકૂળ તેવો કોઈ યત્ન તેઓ કરતા નથી પરંતુ સંયોગ અનુસાર પ્રાપ્ત થયેલા ક્ષુધા, તૃષાદિ પ્રતિકૂળભાવોને વેઠીને તે તે કર્મોની નિર્જરા કરે છે. આ પ્રકારે નિર્જરાના પારમાર્થિક સ્વરૂપનું ભાવન કરીને નિર્જરાભાવનાને આત્મામાં સ્થિર કરવા અર્થે મહાત્મા સુસાધુની જેમ શ્રેષ્ઠ કોટિની નિર્જરાને અનુકૂળ અંતરંગ શક્તિનો સંચય થાય તે પ્રકારે સદા ઉદ્યમ કરે છે અને નિર્જરાની પ્રાપ્તિ કરે છે. ॥૮૭॥

**અવતરણિકા :-**

**સકામનિર્જરાના હેતુને સ્પષ્ટ દૃષ્ટાંત દ્વારા બતાવે છે –**

**શ્લોક :-**

**सदोषमपि दीप्तेन सुवर्णं वह्निना यथा ।**
**तपोऽग्निना तप्यमानस्तथा जीवो विशुध्यति ।।८८।।**

**શ્લોકાર્થ :-**

**દીપ્ત એવા વહ્નિ દ્વારા સદોષ પણ સુવર્ણ=કિટ્ટિક આદિ દોષયુક્ત પણ સુવર્ણ, જે પ્રમાણે શુદ્ધ થાય છે તે પ્રમાણે તપરૂપી અગ્નિથી તપતો જીવ વિશુદ્ધ થાય છે. ।।૮૮।।**

**ભાવાર્થ :-**

મહાત્મા સંયમના ઉચિત પ્રયત્ન દ્વારા સકામનિર્જરા કઈ રીતે કરી શકે છે તે દૃષ્ટાંત દ્વારા ભાવન કરે છે જેથી સકામનિર્જરાને અનુકૂળ સૂક્ષ્મ માર્ગાનુસારી બુદ્ધિ પ્રાપ્ત થાય. કઈ રીતે ભાવન કરે છે તે ગ્રંથકારશ્રી બતાવે છે. દીપ્ત અગ્નિ હોય=અત્યંત પ્રજ્વલિત અગ્નિ હોય તો તે અગ્નિથી તપાવાતું દોષવાળું પણ સુવર્ણ=કિટ્ટિકા આદિ દોષવાળું હોવાને કારણે જલ્દી પીગળી ન શકે તેવું પણ સુવર્ણ, મલ રહિત થાય છે અર્થાત્ સુવર્ણમાં જે માટી આદિ મિશ્રભાવને પામેલ છે તેનાથી રહિત થાય છે તેથી તે સુવર્ણ શુદ્ધ બને છે. આનાથી એ ફલિત થાય કે સુવર્ણની શુદ્ધિ માટે બલવાન દીપ્ત અગ્નિ જોઈએ. આમ છતાં તે સુવર્ણ જો કિટ્ટિકાદિ દોષ વગરનું હોય તો સુખપૂર્વક પીગળે છે અને કિટ્ટિકાદિ દોષવાળું હોય તો પીગળવામાં કંઈક વિલંબન થાય છે, છતાં બળવાન અગ્નિથી તે દોષવાળું સુવર્ણ પણ અવશ્ય શુદ્ધ થાય છે, તે રીતે કોઈ મહાત્માનો આત્મા પણ અશાતાવેદનીય આદિ અશુભ કર્મોના વિપાકને કારણે દોષથી યુક્ત હોય છતાં પણ તત્ત્વનો સૂક્ષ્મબોધ કરીને જો તે મહાત્મા અંતરંગ રીતે જિનવચનાનુસાર સૂક્ષ્મ ઉપયોગપૂર્વક તત્ત્વને સ્પર્શે તેવા નિર્મળ ઉપયોગવાળા બને તો દેહ સાથે અથવા અશાતાવેદનીય કર્મના ઉદયજન્ય પીડા સાથે કે બાહ્ય નિમિત્તો સાથે સંશ્લેષ પામ્યા વગર શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શે તે પ્રકારના અભ્યંતરતપ રૂપ અગ્નિ દ્વારા આત્મા સાથે સંલગ્ન થયેલાં કર્મોને તપાવે છે તેથી જીવ સાથે કથંચિત્ એકત્વભાવને પામેલાં તે કર્મ જીવથી પૃથક્ થાય છે. જેમ અગ્નિ દ્વારા સુવર્ણથી મળ પૃથક્ થાય છે તેમ જીવથી કર્મ પૃથક્ થાય

છે અને જીવ શુદ્ધ બને છે. આ પ્રકારે સૂક્ષ્મપ્રજ્ઞાથી ભાવન કરીને જે મહાત્મા સદા જિનવચનના પરમાર્થને જાણીને અંતરંગ શુભધ્યાન રૂપ અગ્નિ દ્વારા સદા સકામનિર્જરા માટે યત્ન કરે છે તે મહાત્મા સુખપૂર્વક કર્મને બાળીને આત્માની શુદ્ધિને પ્રાપ્ત કરે છે. આ પ્રકારે ભાવન કરીને નિર્જરાના અર્થી મહાત્મા નિર્જરાભાવના દ્વારા પોતાનું અંતરંગવીર્ય ઉલ્લસિત કરે છે.

અહીં વિશેષ એ છે કે દૃષ્ટાંતમાં સદોષ એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જો સુવર્ણ કિટ્ટિકાદિ દોષવાળું ન હોય તો સુખપૂર્વક પીગળે છે તેમ તે જીવોને અશાતાવેદનીય આદિ કર્મો, અથવા ધ્યાનને વ્યાઘાત કરે તેવાં બાહ્યનિમિત્તો કે શરીરાદિના રોગો ન હોય તો દોષ રહિત એવો તેમનો આત્મા દીપ્ત એવા ધ્યાનરૂપી અગ્નિથી સુખપૂર્વક કર્મોને બાળી શકે છે અને અશાતાવેદનીયાદિ કર્મો તેમાં વિઘ્નકારી બને તો ધ્યાનમાં સ્ખલના થવાની પણ સંભાવના રહે છે. જેમ સુવર્ણમાં કિટ્ટિકાદિ દોષો હોય તો અતિ સામર્થ્યવાળો અગ્નિ ન હોય તો સુવર્ણને શુદ્ધ કરી શકે નહિ અને કિટ્ટિકાદિ દોષ રહિત સુવર્ણ હોય તો તેટલા દીપ્ત અગ્નિથી શુદ્ધ થઈ શકે છે, તેમ વિઘ્નકારી એવાં અશાતાવેદનીયકર્મ ન હોય તો ધ્યાનરૂપી અગ્નિથી મહાત્મા સુખપૂર્વક કર્મોનો નાશ કરી શકે છે અને અશાતાવેદનીય આદિ કર્મો વિઘ્નરૂપ થાય તો ધ્યાનમાં સ્ખલના પણ થઈ શકે છે. આમ છતાં જે મહાત્માનું અંતરંગવીર્ય અતિ ઉલ્લસિત થયેલું છે તેવા તીવ્ર પરિણામવાળા મહાત્મા ધ્યાનરૂપી અગ્નિથી અશાતાવેદનીય આદિ કર્મોના દોષની પણ ઉપેક્ષા કરીને સુખપૂર્વક ધ્યાનને પ્રજ્વલિત કરીને કર્મોનો નાશ કરી શકે છે. માટે આત્માની શુદ્ધિના અર્થીએ સદા આત્માના શુદ્ધ પારમાર્થિક સ્વરૂપને સૂક્ષ્મબુદ્ધિથી જાણીને તેના સ્વરૂપનું ભાવન કરવા માટે યત્ન કરવો જોઈએ. **॥૮૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૮૮માં કહ્યું કે તપરૂપી અગ્નિથી તપાતો જીવ શુદ્ધ થાય છે તેથી તપનું સ્વરૂપ બતાવવા અર્થે પ્રથમ બાહ્યતપના ભેદો બતાવે છે –**

**શ્લોક :-**

**अनशनमौनोदर्यं वृत्तेः संक्षेपणं तथा ।**
**रसत्यागस्तनुक्लेशो लीनतेति बहिस्तपः ।।८९।।**

**શ્લોકાર્થ :-**

**અનશન=આહારનો ત્યાગ, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, લીનતા એ બાહ્યતપ છે. ॥૮૯॥**

**ભાવાર્થ :-**

જીવને દેહ પ્રત્યે અત્યંત મમત્વ છે અને દેહ સાથે અત્યંત અભેદ બુદ્ધિ સ્થિર થયેલી છે જેથી દેહના સુખમાં જ સુખબુદ્ધિ છે અને દેહના દુઃખમાં જ દુઃખબુદ્ધિ છે. દેહજન્ય શાતા અને દેહજન્ય ઇન્દ્રિયોના રસાસ્વાદમાં જ તેને હું સુખી છું અને દેહની પ્રતિકૂળતામાં હું દુઃખી છું તેવી બુદ્ધિ વર્તે છે. તે બુદ્ધિનો ત્યાગ

કરીને આત્માની સ્વસ્થતા પ્રત્યે સદ્વીર્યને ઉલ્લસિત કરવા અર્થે મહાત્માઓ સ્વશક્તિ અનુસાર ઉચિત બાહ્યતપ કરે છે જેથી આહારની વૃત્તિ, શાતાની અર્થિતા અને ઇન્દ્રિયોના અનુકૂળ રસોની આસક્તિ ઓછી થાય. જેમ શક્તિ અનુસાર આહારનો ત્યાગ કરીને ઉપવાસાદિ કરે તો આહારસંજ્ઞા તિરોધાન પામે, દેહ પ્રત્યે મમત્વ ઓછું થાય અને ક્ષુધાકાળમાં પણ જિનવચનથી ભાવિત થવાને અનુકૂળ સદ્વીર્યનો સંચય થાય. આથી નિર્જરાના અર્થી મહાત્મા પોતાના અંતરંગ ઉદ્યમમાં ઉપષ્ટંભક થાય તે રીતે ઉપવાસ આદિ તપ કરે છે પરંતુ ભગવાનના વચનથી ભાવિત થવાની ઉચિત ક્રિયામાં વિઘ્નભૂત થાય તે રીતે ઉપવાસાદિ તપ કરતા નથી. વળી, જીવ સ્વભાવે જ રુચિ અનુસાર ભોજન કરવાની વૃત્તિ હોય છે તેથી તપ સિવાયના કાળમાં પણ નિર્જરાના અર્થી મહાત્મા અતિપરિમિત આહાર ગ્રહણ કરીને ઊણોદરીતપ કરે છે જેથી અંતરંગ ઉદ્યમમાં વિઘ્ન ન થાય એટલા અલ્પ આહારથી દેહનું પાલન કરે છે જેથી દેહની શિથિલતામાં પણ સાધનાને અનુકૂળ બળસંચય થાય છે પરંતુ દેહને પુષ્ટ રાખવાનો પરિણામ સ્થિર થતો નથી. આ રીતે શક્તિ અનુસાર ઊણોદરીતપ કરીને નિર્જરાના અર્થી મહાત્મા આત્માના અણાહારી ભાવને અનુકૂળ શક્તિ સંચિત કરવા પ્રયત્ન કરે છે.

વળી, પાંચેય ઇન્દ્રિયોની જે વૃત્તિઓ છે તેનો સંકોચ કરવા અર્થે મહાત્મા ઇન્દ્રિયોને અનુકૂળ આહારના રસોનો ત્યાગ કરે છે જેથી વિષયોમાંથી રસ લેવાની વૃત્તિ ક્ષીણ થાય. વળી, કાયક્લેશરૂપ તપ કરે છે અર્થાત્ કાયાના પ્રતિકૂળ સંયોગમાં અંતરંગ રીતે ક્લેશ ન થાય તે અર્થે વિશિષ્ટ આસનમાં બેસીને કાયાના કષ્ટ પ્રત્યે ઉપેક્ષાવાળા થાય છે, દેહને સ્નાન આદિ દ્વારા સ્વચ્છ રાખવાનો ત્યાગ કરીને અને લોચાદિ કષ્ટોને વેઠીને ક્લેશોને સહન કરે છે જેથી પ્રતિકૂળ ભાવોમાં ચિત્ત સંશ્લેષ ન પામે.

વળી, મહાત્મા આત્માને તત્ત્વથી ભાવિત કરવા અર્થે બાધા વગરનાં એકાંત શૂન્યઘરોમાં, દેવકુળમાં, પર્વત, ગુફા આદિ સ્થાનમાં જઈને મન, વચન, કાયા, કષાય અને ઇન્દ્રિયો વ્યાપારવાળાં ન થાય તે રીતે સંવૃત કરીને આત્માના સ્વસ્થભાવોમાં જવા માટે યત્ન કરે છે તે વિવિક્ત શય્યા આસનતા છે અને તે લીનતારૂપ બાહ્યતપ છે. આ છ પ્રકારના બાહ્યતપથી સંગનો ત્યાગ, શરીરનું લાઘવ, ઇન્દ્રિયોનો વિજય, સંયમનું રક્ષણ થતું હોવાથી કર્મની નિર્જરા થાય છે. આ પ્રકારે ભાવન કરીને મહાત્મા શક્તિ અનુસાર બાહ્યતપસેવન માટે ઉદ્યમ કરીને નિર્જરાભાવનાથી આત્માને ભાવિત કરે છે; કેમ કે નિર્જરાના ઉપાયના સેવનથી જ નિર્જરાની પ્રાપ્તિ થાય છે અને નિર્જરાનો ઉપાય ભૂમિકા અનુસાર બાહ્યતપ અને અભ્યંતર તપ છે. **॥૮૯॥**

**અવતરણિકા :-**

**નિર્જરાના ઉપાયરૂપ અભ્યંતરતપને બતાવે છે –**

**શ્લોક :-**

**प्रायश्चित्तं वैयावृत्यं स्वाध्यायो विनयोऽपि च ।**
**व्युत्सर्गोऽथ शुभं ध्यानं षोढेत्याभ्यन्तरं तपः ।।९०।।**

**શ્લોકાર્થ :-**

**પ્રાયશ્ચિત્ત, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વિનય, વ્યુત્સર્ગ અને શુભધ્યાન એ છ પ્રકારનો અભ્યંતરતપ છે. ll૯૦ll**

**ભાવાર્થ :-**

મહાત્માઓ આત્માની સાથે સંલગ્ન થયેલા કર્મના નાશ અર્થે અંતરંગ પરિણામરૂપ છ પ્રકારનો અભ્યંતરતપ પણ કરે છે.

**(૧) પ્રાયશ્ચિત્ત :-**

અનાદિકાળથી જીવે જે પાપોનું સેવન કર્યું છે તે સર્વ પાપની શુદ્ધિ અર્થે પાપના વિરુદ્ધ ભાવરૂપ પ્રવ્રજ્યા છે. આથી પ્રવ્રજ્યા એ સર્વ પાપોના પ્રાયશ્ચિત્ત રૂપ છે તેમ શાસ્ત્રકારો કહે છે. વળી, સર્વ પાપોની શુદ્ધિ અર્થે પ્રવ્રજ્યારૂપ પ્રાયશ્ચિત્તમાં ઉદ્યમ કરનાર મહાત્માને સંયમની ઉચિત આચરણામાં ક્યાંક સ્ખલના થાય તો તે પ્રવ્રજ્યા અનાદિના સેવાયેલા પાપની શુદ્ધિનું કારણ બને નહિ. તેથી તે સ્ખલનાની શુદ્ધિ અર્થે મહાત્માઓ શાસ્ત્રવિધિ અનુસાર ઉચિત પ્રાયશ્ચિત્ત દ્વારા તેની શુદ્ધિ કરીને અનાદિથી સેવાયેલાં પાપોથી વિરુદ્ધ ભાવોમાં જવાના યત્ન સ્વરૂપ પ્રાયશ્ચિત્તમાં ઉદ્યમ કરે છે તે પ્રાયશ્ચિત્ત અભ્યંતરતપ સ્વરૂપ હોવાથી નિર્જરાનું કારણ છે.

**(૨) વૈયાવચ્ચ :-**

નિર્જરાના અર્થી સાધુ ગુણવાન પુરુષના ગુણોનું સ્મરણ કરીને તેમના પ્રત્યેનો ભક્તિનો પરિણામ અતિશય થાય તે રીતે શાસ્ત્રવિધિ અનુસાર આહાર આદિ દ્વારા તે મહાત્માઓની વૈયાવચ્ચ આદિ કરે છે. વૈયાવચ્ચકાળમાં ગુણવાન પુરુષો પ્રત્યે વધતો જતો બહુમાનનો ભાવ અને વૈયાવચ્ચની વિધિમાં ઉચિત યતના નિર્જરાની પ્રાપ્તિમાં કારણ બને છે.

**(૩) સ્વાધ્યાય :-**

નિર્જરાના અર્થી સાધુ સ્વભૂમિકા અનુસાર વાચના, પૃચ્છના, આદિ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં સદા ઉદ્યમ કરે છે અને તે તે સૂત્રોથી અને તે તે સૂત્રોના તે તે અર્થોથી આત્માને ભાવિત કરે છે. આ રીતે કરવાથી વીતરાગના વચનથી ભાવિત થયેલું તે મહાત્માનું ચિત્ત આત્માને નિર્લેપ-નિર્લેપતર કરીને નિર્જરાની પ્રાપ્તિ કરાવે છે તેથી નિર્જરાના અર્થી મહાત્માઓ સ્વશક્તિ અનુસાર સ્વાધ્યાયમાં અવશ્ય ઉદ્યમ કરે છે.

**(૪) વિનય :-**

**કર્મના વિનયનનું જે કારણ બને તે વિનય કહેવાય.** નિર્જરાના અર્થી મહાત્મા આત્માના વિશુદ્ધભાવરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર પ્રત્યે અત્યંત વિનમ્રભાવ થાય તે પ્રકારે સદા ઉપયુક્ત રહીને તેના ઉપાયોને સેવે છે તેનાથી ઘણા પ્રકારનાં કર્મોનું વિનયન કરે છે. વળી, રત્નત્રયીના પરિણામની વૃદ્ધિ અર્થે ગુણવાન એવા તીર્થંકરો કે ગુણવાન એવા સુસાધુ પ્રત્યે ઉપચારવિનય કરીને પણ નિર્જરાની પ્રાપ્તિ કરે છે

તેથી નિર્જરાના અર્થીએ આત્માના શુદ્ધભાવો પ્રત્યે દૃઢ પક્ષપાતવાળું ચિત્ત થાય તે પ્રકારે વિનયના પરિણામવાળા થવું જોઈએ.

**(૫) વ્યુત્સર્ગ :-**

**વ્યુત્સર્ગ એટલે પરિત્યાગ.** પરિત્યાગ કરવા યોગ્ય વસ્તુનો પરિત્યાગ તે વ્યુત્સર્ગ કહેવાય છે. સાધુને સંયમમાં ઉપકારક બાર પ્રકારની ઉપધિ કહી છે તેનાથી અતિરિક્ત ઉપધિનો ત્યાગ અને અનેષણીય અને જીવથી સંસક્ત એવો આહાર કોઈક રીતે અનાભોગ આદિથી પ્રાપ્ત થયો હોય તો તેનો ત્યાગ તે બાહ્યવ્યુત્સર્ગ છે. વળી, કષાયોનો ત્યાગ અને મૃત્યુ કાળે શરીરનો ત્યાગ તે અભ્યંતરવ્યુત્સર્ગ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે નિર્મમભાવ નિષ્પન્ન કરવા અર્થે સંયમની વ્યાઘાતક બાહ્ય ઉપધિ કે અનેષણીય આહારનો ત્યાગ ન કરવામાં આવે તો તે પદાર્થો પ્રત્યેનો મમત્વભાવ અવશ્ય રહે છે. માટે નિર્જરાના અર્થી સાધુ સંયમનાં બાધક ઉપકરણો, સંસક્ત અન્ન આદિ કોઈક રીતે પ્રાપ્ત થયાં હોય તો ઉચિત વિધિપૂર્વક તેનું પરિષ્ઠાપન કરે છે, જેનાથી ચિત્તની વિશેષ પ્રકારની શુદ્ધિ થવાથી ઘણાં કર્મોની નિર્જરા થાય છે. વળી, નિર્જરાના અર્થી મહાત્મા સતત પોતાના ચિત્તના પ્રવાહનું અવલોકન કરીને તે તે નિમિત્તે ઉત્થાન પામતા કષાયોને જાણીને અને તેના પ્રતિપક્ષનું ભાવન કરીને તેનો નાશ કરવા યત્ન કરે છે જે અભ્યંતરવ્યુત્સર્ગ છે જેનાથી કષાયોના નિરોધરૂપ વ્યાપારથી ઘણી નિર્જરા થાય છે અને આ કષાયનો નિરોધ એ અભ્યંતરવ્યુત્સર્ગ છે. વળી, ધર્મના સાધન રૂપે અત્યારસુધી જે દેહને ધારણ કરેલ તે દેહ પણ ધર્મ માટે અનુપયોગી જણાવાથી તેના પ્રત્યે પણ સ્વત્વ બુદ્ધિનો ત્યાગ કરીને મૃત્યુકાળે વિધિપૂર્વક વોસિરાવે છે તે અભ્યંતરતપ છે. આ પ્રકારે વ્યુત્સર્ગરૂપ અભ્યંતરતપના સ્વરૂપનું સમાલોચન કરીને નિર્જરાના અર્થી મહાત્મા સદા તે તપ પ્રત્યે પક્ષપાત વૃદ્ધિ પામે તે રીતે આત્માને ભાવિત કરે છે જેથી શક્તિ અનુસાર ઉચિત વ્યુત્સર્ગમાં યત્ન થાય અને નિર્જરાની પ્રાપ્તિ થાય.

**(૬) શુભધ્યાન :-**

નિર્જરાના અર્થી મહાત્મા સ્વશક્તિ અનુસાર શાસ્ત્રવચનોનું આલંબન લઈ, તત્ત્વનું ભાવન કરી ધર્મધ્યાનમાં કે શુક્લધ્યાનમાં જવા યત્ન કરે છે. આનાથી અનાદિકાળથી આર્ત્તધ્યાનમાં કે રૌદ્રધ્યાનમાં પ્રવર્તતા ચિત્તનો નિરોધ થાય છે અને જેમ જેમ આત્મા ધર્મધ્યાન-શુક્લધ્યાનથી ભાવિત થાય છે તેમ તેમ ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. આથી નિર્જરાના અર્થી મહાત્મા અત્યંત ઉપયોગપૂર્વક છ પ્રકારના અભ્યંતરતપના સ્વરૂપને યથાર્થ ઉપસ્થિત કરીને તેના પ્રત્યે અત્યંત પક્ષપાત થાય તે રીતે નિર્જરાભાવના કરે તો તે મહાત્માનું ચિત્ત સદા પ્રાયશ્ચિત્ત આદિ છ પ્રકારના નિર્જરાના ઉપાયો પ્રત્યે દૃઢ યત્નવાળું થાય છે જેનાથી કર્મોની નિર્જરા કરીને તે મહાત્મા ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે છે. **॥૯૦॥**

**અવતરણિકા :-**

**તપ નિર્જરાનો હેતુ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**दीप्यमाने तपोवह्नौ बाह्ये चाभ्यन्तरेऽपि च ।**
**यमी जरति कर्माणि दुर्जराण्यपि तत्क्षणात् ।।९१।।**

**શ્લોકાર્થ :-**

**બાહ્ય અને અભ્યંતર તપરૂપી અગ્નિ દીપ્યમાન હોતે છતે=પ્રબલીભૂત થયે છતે, સાધુ તત્ક્ષણથી દુર્જર પણ કર્મોને નાશ કરે છે. ।।૯૧।।**

**ભાવાર્થ :-**

જે સાધુ શ્લોક-૮૯માં અને શ્લોક-૯૦માં બતાવ્યા પ્રમાણે બાહ્ય અને અભ્યંતર તપના પારમાર્થિક સ્વરૂપને યથાર્થ જાણીને સ્વશક્તિ અનુસાર અપ્રમત્તપણે તેમાં યત્ન કરતા હોય તો તેમના ચિત્તમાં કર્મોને બાળવાનું પ્રબળ કારણ બને તેવો તપરૂપી અગ્નિ સતત પ્રબળ બને છે. આવા મહાત્માનાં સર્વકૃત્યોથી પ્રતિક્ષણ દુઃખે કરીને નાશ કરી શકાય તેવાં જ્ઞાનાવરણીય આદિ અશુભકર્મો સતત નાશ પામે છે. આથી જ જેની ધારણાશક્તિ અત્યંત ક્ષીણ થઈ છે તેવા માષતુષમુનિ ભગવાનના વચનાનુસાર 'મા રુષ્ય, મા તુષ્ય' એ પ્રમાણે શબ્દોમાં જ દૃઢ ઉદ્યમ કરીને અભ્યંતરતપમાં યત્ન કરતા હતા જેનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં બાધક એવાં સર્વ ઘાતીકર્મો અલ્પકાળમાં નાશ પામ્યાં. આથી કર્મોનો નાશ કરીને આત્માની શુદ્ધ અવસ્થાની પ્રાપ્તિના અર્થી જીવે સદા બાહ્ય અને અભ્યંતરતપના પારમાર્થિક સ્વરૂપને જાણવા માટે અને જાણીને તેના પારમાર્થિક સ્વરૂપમાં ચિત્ત સ્થિર થાય તે રીતે યત્ન કરવો જોઈએ. **।।૯૧।।**

**અવતરણિકા :-**

**સર્વજ્ઞ વડે કહેવાયેલો ધર્મ સુંદર આખ્યાત છે; કેમ કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી જ તીર્થંકરો ધર્મ પ્રરૂપે છે. રાગ, દ્વેષ અને અજ્ઞાન રહિત એવા ભગવાન વડે કહેવાયેલો ધર્મ સર્વ અંગોથી પૂર્ણ છે તેથી સુંદર આખ્યાત છે અને તેવા ધર્મને તે સ્વરૂપે ભાવન કરવાથી તે ધર્મ પ્રત્યે દૃઢ પક્ષપાત થાય છે. વળી, આ ધર્મ પરિપૂર્ણ સુવિશુદ્ધ છે તેવો નિર્ણય થવાથી તે ધર્મમાં દૃઢ ઉદ્યમ કરવાનું બળ પ્રાપ્ત થાય છે. માટે ધર્મસુઆખ્યાતા નામની ભાવના કહે છે.**

**શ્લોક :-**

स्वाख्यातः खलु धर्मोऽयं भगवद्भिर्जिनोत्तमैः ।
यं समालम्बमानो हि न मज्जेद् भवसागरे ।।९२।।

**શ્લોકાર્થ :-**

**જિનોત્તમ એવા ભગવાન વડે આ ધર્મ સુઆખ્યાત છે જેનું સમ્યક્ આલંબન કરનારો જીવ ભવસાગરમાં ડૂબતો નથી. ।।૯૨।।**

**ભાવાર્થ :-**

**૧૦. ધર્મસુઆખ્યાતાભાવના :-**

વસ્તુનો મૂળભૂત જે પરિણામ હોય તે વસ્તુનો ધર્મ કહેવાય. આત્માનો મૂળભૂત પરિણામ સિદ્ધના આત્મામાં પ્રગટ છે તે પરિણામ તેઓનો ધર્મ છે અને તેવો જ ધર્મ સંસારવર્તી જીવોમાં પણ વિદ્યમાન છે. આમ છતાં કર્મોથી આત્માનો તે ધર્મ આવૃત થયેલો અને વિકૃતભાવરૂપે રહેલો છે તે વિકૃતભાવને દૂર કરવાના જે ઉચિત ઉપાયો છે તે ઉપાયોને કેવળજ્ઞાનથી યથાર્થ જાણીને ભગવાને તે શુદ્ધધર્મની પ્રાપ્તિના ઉપાયભૂત એવો ધર્મ બતાવ્યો. તીર્થંકરો દ્વારા સુઆખ્યાત તેવા ધર્મનું સેવન કરવાથી સંસારીજીવો સંસારસમુદ્રમાં ડૂબતા નથી પરંતુ સંસારસમુદ્રમાં રહેલા હોવા છતાં ઉત્તરોત્તરની ભૂમિકાનો ધર્મ પ્રાપ્ત કરીને અંતે સર્વકર્મ રહિત અવસ્થામાં રહેલા સિદ્ધના જીવો તુલ્ય ધર્મને પ્રાપ્ત કરે છે. **॥૯૨॥**

**અવતરણિકા :-**

**હવે, ગ્રંથકારશ્રી સુઆખ્યાત ધર્મના સ્વરૂપને બતાવે છે —**

**શ્લોક :-**

**संयमः सूनृतं शौचं ब्रह्माऽकिञ्चनता तपः ।**
**क्षान्तिर्मार्दवमृजुता मुक्तिश्च दशधा स तु ।।९३।।**

**શ્લોકાર્થ :-**

**સંયમ, સૂનૃત=મૃષાવાદનો ત્યાગ, શૌચ=અદત્તાદાનના પરિહારરૂપ નિર્લેપતા, બ્રહ્મ=બ્રહ્મચર્ય, અકિંચનતા=સર્વ પરિગ્રહરહિતપણું, તપ, ક્ષમા, માર્દવ, ઋજુતા અને મુક્તિ (એ પ્રમાણે), તે= સુઆખ્યાત ધર્મ, દશ પ્રકારનો છે. ॥૯૩॥**

**ભાવાર્થ :-**

આત્મામાં અનાદિના મોહના પરિણામના ઉન્મૂલનને અનુકૂળ એવા ઉચિત કૃત્યોરૂપ ધર્મ છે અને તે ધર્મ દશ ભૂમિકામાં વિભક્ત છે. આ ધર્મના સ્વરૂપને સ્મૃતિમાં રાખીને જે મહાત્મા તેના પ્રત્યે અત્યંત પક્ષપાત થાય તે રીતે તેના સ્વરૂપથી આત્માને ભાવિત કરે તો સ્વભૂમિકા અનુસાર કંઈક કંઈક અંશથી તે ધર્મ અવશ્ય પોતાના આત્મામાં પ્રગટ થાય છે અને જેઓનું ચિત્ત સંસારના સર્વ ભાવો પ્રત્યેના સ્પર્શ વગરનું છે તેવા સુસાધુમાં આ દશ પ્રકારનો ધર્મ સદા વ્યક્ત રૂપે દેખાય છે. આ દશ પ્રકારના ધર્મના સેવનથી ક્ષાયિકભાવનો ધર્મ પ્રગટ થાય છે અને અંતે આત્માના મૂળભૂત ધર્મની પ્રાપ્તિ થાય છે ત્યારે જીવ સર્વકર્મ રહિત બને છે તેથી સર્વકર્મ રહિત અવસ્થાની પ્રાપ્તિનું કારણ આ દશ પ્રકારનો ધર્મ છે. માટે આ ધર્મ સુઆખ્યાત છે=યથાર્થ કથિત છે.

**(૧) સંયમ :–**

સર્વ જીવો પ્રત્યે તુલ્ય બુદ્ધિને કારણે કોઈપણ જીવને લેશ પણ પીડા ન થાય, કોઈપણ જીવનું અહિત ન થાય, કોઈના પ્રાણનો નાશ ન થાય અને કોઈ જીવને પોતાના નિમિત્તે કષાયનો ઉદ્રેક ન થાય તે પ્રકારની સર્વ ઉચિત યતનાપૂર્વકની પ્રવૃત્તિઓ તે સંયમ છે. આથી જ સાધુ શાસ્ત્રવચનોથી મન-વચન ને કાયાને ગુપ્ત કરીને સંયમવૃદ્ધિનું પ્રયોજન ન હોય તો કોઈ ગમનાદિ ચેષ્ટા પણ કરતા નથી પરંતુ સ્થિર આસન પર બેસીને સ્વાધ્યાય આદિથી આત્માને વાસિત કરે છે. સંયમવૃદ્ધિના પ્રયોજનથી કોઈ કાયિક ચેષ્ટા કરવાની આવશ્યકતા જણાય તો કંટકાકીર્ણભૂમિમાં લોકો જે રીતે ઉપયોગપૂર્વક ગમનની પ્રવૃત્તિ કરે છે તે રીતે અત્યંત યતનાપૂર્વક ગમનની પ્રવૃત્તિ કરે છે તે સાધુનો સંયમનો પરિણામ છે. આ પ્રકારના સંયમના પરિણામની વૃદ્ધિ દ્વારા આત્મા ક્ષાયિકભાવના ચારિત્રની પ્રાપ્તિ કરે છે તેથી આ સંયમધર્મ આત્માના સ્વભાવભૂત ધર્મની પ્રાપ્તિનું કારણ બને છે માટે સંયમધર્મ સુઆખ્યાત છે.

**(૨) સૂનૃત :–**

સાધુ હંમેશાં વચનગુપ્તિવાળા હોય છે તેથી તેમના મન-વચન અને કાયાના યોગો દૃઢ યત્નપૂર્વક વીતરાગના વચન અનુસાર આત્માના ક્ષયોપશમભાવની વૃદ્ધિમાં વ્યાપારવાળા વર્તે છે. છતાં સંયમના પ્રયોજનથી કે કોઈના ઉપકારના પ્રયોજનથી સાધુને બોલવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો કોઈને અહિતકારી ન હોય તેવું નિર્દોષ વચન બોલે છે જે સૂનૃત ભાષણરૂપ છે અને તેનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી કહે છે કે પરુષભાવ, પૈશુન્ય, અસભ્યત્વ, ચાપલ્ય, આવિલત્વ, વિરલપણું, સંભ્રાંતપણું, સંદિગ્ધપણું, ગ્રામ્યપણું, રાગદ્વેષયુક્તપણું, ઉપધાવચન, અવદ્યવચન, વિકત્થવચન આ સર્વદોષોના પરિહારથી માધુર્ય, ઔદાર્ય, સ્પષ્ટ, આભિજાત્ય પદાર્થ અભિવ્યાહાર, અરિહંતના વચનાનુસાર અર્થ્યત્વ, અર્થિજનન-ભાવગ્રાહકપણું, દેશકાલ ઉપપન્નપણું, યતપણું, મિતપણું, હિતપણું આ સર્વથી યુક્ત, યાચનરૂપ, પ્રચ્છન્નરૂપ અને પ્રશ્નવ્યાકરણ આદિ રૂપ એવું જે વચન તે મૃષાવાદ પરિહારરૂપ સૂનૃત વચન છે.

સાધુને દશ પ્રકારનો યતિધર્મ ઉત્તર-ઉત્તર ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ છે તેથી સાધુ જેમ સંયમમાં ઉદ્યમ કરે છે તેમ સંયમવૃદ્ધિના પ્રયોજનથી કે કોઈ યોગ્ય જીવને સન્માર્ગની પ્રાપ્તિનું કારણ બને તે પ્રયોજનથી જે ભાષા બોલે તે ભાષાકાળમાં પણ તે મહાત્માનું ચિત્ત ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ વર્તે છે તેથી તે ભાષા ધર્મરૂપ બને છે તેવી ભાષાને સૂનૃતભાષા તરીકે સ્વીકારેલ છે. અન્ય સર્વ યથાર્થ વચન બોલાયેલાં હોય તોપણ સાધુના સૂનૃત ધર્મરૂપે તે વચનોને સ્વીકારેલ નથી તેથી તે ભાષા પરુષભાવ આદિ તેર દોષોના પરિહારપૂર્વક તેનાથી વિપરીત એવા ગુણોથી યુક્ત બોલાયેલી હોય તો તે ભાષાથી તે મહાત્મા સંયમોના કંડકોની વૃદ્ધિ કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરે છે તેવો સૂનૃત નામનો ધર્મ ભગવાનથી સુઆખ્યાત છે.

**(૩) શૌચ :–**

સંયમ પ્રત્યે કારણ બને એવી નિર્લેપતા શૌચ છે અને તે અદત્તાદાનના પરિહારરૂપ છે. તેથી જે સાધુ અપ્રમાદભાવથી સંયમના કંડકોમાં ઉદ્યમ કરે છે તેઓ તીર્થંકરઅદત્ત આદિ ચાર પ્રકારના અદત્તાદાનનો

પરિહાર કરી શકે છે અને જેઓ અંતરંગ રીતે સંયમના કંડકોમાં લેશ પણ યત્ન કરતા નથી તેઓને તીર્થંકરોએ આહારગ્રહણ, વસતિગ્રહણ વગેરેની અનુજ્ઞા આપી નથી તેથી તેઓથી અદત્તાદાનનો પરિહાર થતો નથી તેથી તેઓમાં શૌચધર્મ નથી. આમ છતાં જે સાધુ શૌચધર્મના પારમાર્થિક સ્વરૂપને ભાવન કરીને તે પ્રકારની નિર્લેપતા પ્રગટ કરવા અર્થે શક્તિ અનુસાર ઉદ્યમ કરે છે તેઓમાં ઉદ્યમ અનુસાર કંઈક કંઈક શૌચધર્મની પ્રાપ્તિ થાય છે. વળી, જિનવચનાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓમાં ઉદ્યમ કરનારા સાધુઓ સદા ચાર પ્રકારના અદત્તાદાનના પરિહારપૂર્વક નિર્લેપભાવમાં યત્ન કરનારા છે તેથી તેઓથી સેવાયેલો શૌચધર્મ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષાયિકભાવના ધર્મની પ્રાપ્તિનું કારણ હોવાથી ભગવાન વડે કહેવાયેલ એવો સુઆખ્યાતધર્મ છે.

**(૪) બ્રહ્મ :-**

છદ્મસ્થ અવસ્થામાં પોતાને વેદનો ઉદય વર્તે છે તેથી સહેજ પણ નિમિત્તને પામીને વેદનો ઉદય અલ્પ પણ પ્રજ્વલિત ન થાય એ પ્રકારે જે મહાત્મા સંયમ ગ્રહણ કર્યા પછી નવ બ્રહ્મચર્યની ગુપ્તિમાં સદા ઉદ્યમવાળા છે તેઓ વિદ્યમાન એવા પણ વેદની શક્તિને સતત ક્ષીણ-ક્ષીણતર કરીને સમભાવના કંડકોની વૃદ્ધિ કરી શકે છે. વળી, જેઓ સર્વ પ્રવૃત્તિકાળમાં બ્રહ્મચર્યની ગુપ્તિમાં અત્યંત ઉપયોગવાળા નથી તે તે નિમિત્તને પામીને તેઓને સ્ત્રી આદિનો મધુર કંઠ કે સ્ત્રી આદિના અન્ય કોઈ ભાવોના નિમિત્તે ઈષદ્વિકાર થાય ત્યારે સમભાવના કંડકોની વૃદ્ધિને બદલે પ્રયત્નથી પ્રગટ કરાયેલો સંયમનો પરિણામ નાશને અભિમુખ થાય છે. તેથી તેવાં નિમિત્તોના પરિહાર અર્થે ભગવાને જે નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ બતાવી છે તેમાં જે સાધુઓ ઉદ્યમ કરે છે તેઓનો બ્રહ્મધર્મ સુઆખ્યાતધર્મ છે; કેમ કે તે બ્રહ્મધર્મને સેવીને તે મહાત્મા ક્ષપકશ્રેણીમાં વેદના ઉદયથી રહિત થશે ને ક્રમે કરીને મોક્ષને પ્રાપ્ત કરશે જે પૂર્ણ ધર્મ સ્વરૂપ છે અને તેની પ્રાપ્તિનું કારણ આ બ્રહ્મધર્મ હોવાથી તે સુઆખ્યાત સ્વરૂપ છે. વળી, પરમાર્થથી તો બ્રહ્મ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે અને તે શુદ્ધ સ્વરૂપમાં જવાને અનુકૂળ ક્રિયા તે બ્રહ્મચર્ય છે. જે મહાત્મા સદા ગુરુકુળવાસમાં રહીને સર્વજ્ઞના વચનાનુસાર આત્માને ભાવિત કરે અને શુદ્ધ આત્માના પ્રગટીકરણ માટે સદા ઉદ્યમ કરે છે તેઓ પોતાના આત્મામાં વર્તતી અબ્રહ્મના સ્વરૂપની નિવૃત્તિરૂપ બ્રહ્મચર્યને પાળનાર છે જે બ્રહ્મચર્ય સર્વ ઇન્દ્રિયોના વિકારના નિરોધને અનુકૂળ અંતરંગ ઉદ્યમ સ્વરૂપ છે.

**(૫) અકિંચનતા :-**

સાધુને માટે આત્મદ્રવ્યથી અતિરિક્ત કોઈ જ વસ્તુ પોતાની નથી. સંયમ ગ્રહણ કરતી વખતે ભાવસાધુ સંસારઅવસ્થામાં વર્તતા અધિકરણરૂપ શરીરને પણ પરઠવે છે અર્થાત્ ત્યાગ કરે છે અને ધર્મના ઉપકરણ રૂપે જ શરીરને ધારણ કરે છે. વળી, વસ્ત્ર, પાત્રાદિ પણ ધર્મના ઉપકરણ રૂપે જ ધારણ કરે છે. ધર્મનું ઉપકરણ તે કહેવાય કે ધર્મની વૃદ્ધિમાં ઉપકાર કરે; કેમ કે શરીર-બળથી જ અને ધર્મના ઉપકરણના બળથી જ સાધુ પોતાના સંયમના કંડકોની વૃદ્ધિ કરવા યત્ન કરી શકે છે અને જે સાધુ શરીર દ્વારા કે ધર્મના ઉપકરણ દ્વારા સમભાવની વૃદ્ધિને અનુકૂળ કોઈ ઉદ્યમ કરતા નથી તેઓનું શરીર અને ધર્મના ઉપકરણરૂપ

ઉપધિ પરિગ્રહરૂપ જ છે; કેમ કે મમત્વની વૃદ્ધિનું કારણ છે અને શાતાનું સાધન છે. તેથી ધર્મવૃદ્ધિનું સતત કારણ બને તે રીતે જે મહાત્મા ધર્મના ઉપકરણરૂપ ઉપધિ વગેરેનો ઉપયોગ કરે છે અને તે સર્વના બળથી જ સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે તેઓ અકિંચનતા ધર્મવાળા છે. વળી, સાધુ દિવસ દરમ્યાન કોઈ પદાર્થમાં મમત્વ ન થાય તે અર્થે અકિંચનતા ધર્મથી આત્માને ભાવિત કરીને દેહ, ઉપધિ આદિ પ્રત્યે કે અન્ય કોઈ જીવદ્રવ્ય પ્રત્યે કે પુદ્ગલદ્રવ્ય પ્રત્યે રાગભાવ ન થાય તે રીતે સંવૃત થઈને જે અંતરંગ ઉદ્યમ કરે છે તે અકિંચનતાધર્મ જ પોતાના પ્રયત્ન અનુસાર ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષાયિક ભાવનું કારણ બને છે. આવો અકિંચનતાધર્મ ભગવાન વડે સુઆખ્યાત છે.

**(૬) તપ :-**

સાધુ સ્વભૂમિકાનુસાર ઉપવાસાદિ બાહ્યતપ અને સ્વાધ્યાય આદિ અભ્યંતરતપ કરે છે જેના દ્વારા પોતાનો સંવરનો ભાવ અને નિર્જરાનો ભાવ વૃદ્ધિ થાય તે પ્રકારે ઉદ્યમ કરે છે. આનાથી સંસાર પ્રત્યેનો સંગનો પરિણામ ક્ષીણ-ક્ષીણતર થાય છે અને આત્માનો અસંગ પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. આવા પ્રકારનો તપરૂપ ધર્મ સુઆખ્યાત છે; કેમ કે તે કર્મબંધનો રોધ કરીને નિર્જરા દ્વારા મોક્ષનું કારણ છે.

**(૭થી ૧૦) ક્ષમા, માર્દવ, ઋજુતા, મુક્તિ :-**

પૂર્વમાં પાચ મહાવ્રતોને સામે રાખીને પહેલા મહાવ્રત સ્થાને સંયમ, બીજા મહાવ્રત સ્થાને સૂનૃત, ત્રીજા મહાવ્રત સ્થાને શૌચ અને ચોથા મહાવ્રત સ્થાને બ્રહ્મચર્ય અને પાંચમા મહાવ્રત સ્થાને અકિંચનતા બતાવી અને તે મહાવ્રતના પાલનને અતિશયિત કરવામાં અત્યંત ઉપકારક એવાં બાહ્યતપ અને અભ્યંતરતપ છે તેથી છઠ્ઠો તપરૂપ ધર્મ બતાવ્યો. હવે મોહથી આકુળ જીવોના ક્રોધ, માન, માયા અને લોભરૂપ જે પરિણામો છે તે પરિણામોને ક્ષયોપશમભાવરૂપે પરિણમન પમાડીને વિરોધી એવા ક્ષમા, માર્દવ, ઋજુતા અને મુક્તિરૂપ ચાર ધર્મ છે તે બતાવે છે.

સાધુ પાંચ મહાવ્રતોની ઉચિત આચરણામાં યત્ન કરે છે તેના દ્વારા સંયમ આદિ પાંચ ભાવોનું પાલન થાય છે અને તેની વૃદ્ધિના ઉપાયરૂપે બાહ્ય અને અભ્યંતર તપમાં ઉદ્યમ કરે છે. વળી, પોતાના આત્મામાં વર્તતા અનાદિના ક્રોધાદિના સંસ્કારોને કારણે અને ક્રોધાદિનાં આપાદક કર્મોના ઉદયને કારણે તે તે નિમિત્તને પામીને ક્રોધાદિભાવો પ્રગટ થતા દેખાય છે તેને ક્ષીણ કરવા અર્થે સાધુ ક્ષમા, માર્દવ, આર્જવ અને મુક્તિ એ ચાર ભાવોને સૂક્ષ્મ-સૂક્ષ્મતર જાણવા યત્ન કરે છે. તે ભાવો જ આત્મા માટે હિતકારી છે તે પ્રકારની બુદ્ધિપૂર્વક ક્ષમાદિભાવો પ્રત્યે પોતાનો રાગભાવ વૃદ્ધિ થાય અને ક્ષમાદિના પ્રતિપક્ષ એવા ક્રોધાદિભાવો પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય તે પ્રકારનો યત્ન કરીને ક્રોધાદિના સંસ્કારોથી વિરુદ્ધ ક્ષમાદિભાવોના સંસ્કારોનું આધાન કરે છે. વળી, ઉદયમાન એવા ક્રોધાદિભાવોને ક્ષયોપશમભાવરૂપે પરિણમન પમાડીને આત્માને ક્ષયોપશમભાવના ક્ષમાદિભાવવાળો કરે છે અને પ્રગટ થયેલા ક્ષમાદિભાવોની વૃદ્ધિ થાય તે રીતે યત્ન કરે છે. આના માટે તે વિચારે છે કે દ્વેષ, અરુચિ, ઈર્ષ્યા, માત્સર્ય, અરતિ, તે સર્વ ક્રોધના જ અવાંતરભાવો છે અને આત્માની મોહજન્ય વ્યાકુળ અવસ્થા છે; જેનાથી વર્તમાનમાં હું દુઃખી થાઉં છે અને તેનાથી બંધાયેલાં

કર્મોના કારણે ભાવિમાં પણ દુઃખોની પરંપરા પ્રાપ્ત થશે માટે આ સર્વ ભાવો મારા માટે અત્યંત જુગુપ્સનીય છે. કોઈ નિમિત્તને પામીને આ ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, અરુચિ, અરતિ આદિ ભાવો ન થાય તેવી સ્વસ્થ અવસ્થારૂપ ક્ષમાદિની પરિણતિ જ મારી પરિણતિ છે. વળી, કેવળ કલ્પનાના નિમિત્તે જ ક્રોધાદિભાવો થાય છે; કેમ કે પોતાનાથી ભિન્ન એવા કોઈકનાં વચનો, કોઈકની પ્રવૃત્તિ આત્માને વિહ્વળ કરી શકે નહિ પરંતુ સ્વપરિણામથી જ જીવ વિહ્વળ થાય છે જે ક્રોધાદિ સ્વરૂપ છે.

વળી, માનના પરિણામથી વિરુદ્ધ જીવનો માર્દવભાવ તે પણ સુઆખ્યાત ધર્મ છે. જે મહાત્માઓ પોતાને પ્રાપ્ત થયેલી જ્ઞાનશક્તિ, તપશક્તિ, રૂપશક્તિ વગેરે કોઈ શક્તિને આશ્રયીને અહંભાવ ન થાય તથા ગુણવાન પુરુષો પ્રત્યે પોતાનો નમ્રભાવ સદા રહે અને પૂર્ણગુણવાળા તીર્થંકરો, ગણધરો આદિથી પોતે અત્યંત અલ્પશક્તિવાળા છે તે પ્રકારે ભાવન કરીને આત્માને સદા તેવા ગુણવાન પુરુષો પ્રત્યે નમ્રભાવવાળો પરિણામ રહે તે રીતે યત્ન કરે છે તેઓમાં તેઓના ભાવ અનુસાર માર્દવભાવ પ્રગટ થાય છે. જેનાથી કોઈ નિમિત્તને પામીને માનકષાય ઉદ્ભવ પામતો નથી. વળી, લોકો તેને માન-સન્માન આપે તેમાં પણ તેને મધુરતાનું વેદન થતું નથી અને કોઈ અપમાન કરે તેમાં પણ અરુચિનું વેદન થતું નથી પણ માન-અપમાન સર્વ અવસ્થામાં સમાન ચિત્ત રહે છે. તેથી માન-અપમાનમાં સમાન ચિત્ત રહે તેવો માર્દવ જ મારો સ્વભાવ છે અને અહંકાર મારો સ્વભાવ નથી એ પ્રકારે ભાવન કરીને જેટલા અંશમાં માનકષાયનો ક્ષયોપશમભાવ થાય છે તેટલા અંશમાં આત્મામાં માર્દવભાવ પ્રગટે છે જે ભગવાન વડે કહેવાયેલ સુઆખ્યાત ધર્મ છે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષાયિકભાવના માર્દવભાવમાં પરિણમન પામે છે.

વળી, ઋજુતા એ સરળતા છે અને માયાકષાયના ક્ષયોપશમથી પ્રગટ થનારો ધર્મ છે. અનાદિથી જીવ તે તે નિમિત્તોને પામીને માયા કરવા ટેવાયેલો છે અને તે માયાનો પરિણામ એ જીવની તથાપ્રકારની વિહ્વળ અવસ્થા છે. આ વિહ્વળ અવસ્થા વર્તમાનમાં દુઃખાકારી છે અને તેને અનુરૂપ પાપ કર્મો બાંધીને તેના ફળરૂપે જીવો ભવિષ્યમાં પણ દુર્ગતિને પ્રાપ્ત કરે છે. આરાધક જીવો પણ માયાકષાયને વશ બને છે ત્યારે સંસારની વૃદ્ધિ કરે છે. દા.ત. લક્ષ્મણાસાધ્વી આરાધક સાધ્વી હતાં. કોઈ નિમિત્તથી પાપ થયું તો તેની શુદ્ધિના અર્થી થયા છતાં માયાશલ્યથી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને ઘણો તપ કર્યો તોપણ તે માયાના પરિણામને કારણે સંસારની વૃદ્ધિના ફળને પામ્યાં. આવી માયા વર્તમાનમાં ક્લેશરૂપ છે અને ભાવિના અનર્થોનું બીજ છે તેમ વિચારીને જેઓ પોતાના આર્જવભાવથી=સરળભાવથી, આત્માને વાસિત કરવા પ્રયત્ન કરે છે તેઓમાં તેઓના ભાવોને અનુરૂપ તે માયાકષાય ક્ષયોપશમભાવને પામે છે અને જો તે મહાત્મા સતત સાવધાનતાપૂર્વક તે આર્જવ પરિણામના ક્ષયોપશમભાવની વૃદ્ધિ કરે તો તે આર્જવ પરિણામ ક્ષાયિકભાવમાં પરિણમન પામે છે. દા.ત. મૃગાવતી સાધ્વીએ અત્યંત સરળતાથી પોતાના પાપના પશ્ચાત્તાપનો પરિણામ કર્યો અને વૃદ્ધિ પામતો તેમનો આર્જવપરિણામ ક્ષાયિકભાવનું કારણ બન્યો. જે મહાત્મા આર્જવભાવનાથી આત્માને વાસિત કરે છે અને જેઓએ કંઈક માયાકષાયના ક્ષયોપશમભાવરૂપે આર્જવભાવને પ્રાપ્ત કર્યો છે તેઓ પણ પ્રમાદને વશ થાય તો અનાદિના સંસ્કારોને કારણે માયાનો સ્વભાવ પ્રગટ થાય છે અને વિનાશની પરંપરા પણ પ્રાપ્ત કરાવે છે. માટે મહાત્માઓએ સદા આર્જવભાવથી આત્માને વાસિત કરવા

યત્ન કરવો જોઈએ અને શ્રાવકોએ પણ સ્વભૂમિકા અનુસાર પ્રતિદિન દશવિધ યતિધર્મનું સ્મરણ કરીને તદંતર્ગત આર્જવભાવથી આત્માને વાસિત કરવા યત્ન કરવો જોઈએ જેથી કલ્યાણની પ્રાપ્તિ થાય.

વળી, ઇચ્છાથી આત્માની મુક્ત અવસ્થા તે મુક્તિ છે. અનિચ્છા અવસ્થાની પ્રાપ્તિના અર્થી મહાત્મા પોતાની ઇચ્છાને સંસારના પદાર્થોથી કે શરીરની શાતાની ઇચ્છાથી નિવૃત્ત કરીને એક વીતરાગભાવની પ્રાપ્તિની ઇચ્છા કરે છે અને વીતરાગભાવના ઉપાયભૂત વીતરાગનાં વચનોથી આત્માને સતત વાસિત કરે છે. આનાથી અનાદિનો સ્થિર થયેલો લોભકષાય જે ઇચ્છાને પ્રગટ કરે છે તે ક્ષયોપશમભાવરૂપે પરિણમન પામે છે અને જે જે અંશથી લોભકષાયનો ક્ષયોપશમભાવ થાય છે તે તે અંશથી તેની ઇચ્છા સંસારના ભાવો પ્રત્યે મંદ મંદ પરિણામવાળી થાય છે અને વીતરાગભાવ પ્રત્યેની ઇચ્છા પ્રકર્ષવાળી થાય છે. વળી, તે મહાત્મા અનિચ્છા ભાવનાથી આત્માને તે રીતે ભાવિત કરે છે જેથી તે લોભકષાયનો ક્ષયોપશમભાવ સતત વૃદ્ધિને પામીને ક્ષાયિકભાવમાં વિશ્રાંત થાય છે. દા.ત. અન્યલિંગે સિદ્ધ થનાર કપિલ નામના બ્રાહ્મણ પુત્ર પોતાની ઇચ્છાની વૃદ્ધિને જોઈને બોધવાળા થયા કે સર્વ અનર્થનું બીજ આ લોભ જ છે તેથી લોભના પરિહાર અર્થે અનિચ્છા ભાવનાથી આત્માને તે રીતે ભાવિત કર્યો કે આચારરૂપે ભગવાનના શાસનની પ્રાપ્તિ નહીં હોવા છતાં કેવળજ્ઞાનને પામ્યા. વળી, કોઈ મહાત્મા અનિચ્છા ભાવનાથી આત્માને ભાવિત કરવા અર્થે સંયમજીવનમાં સદા ઉદ્યમ કરતા હોય જેના કારણે ઇચ્છા આપાદક લોભકષાય ક્ષયોપશમભાવમાં વર્તતો હોય છતાં જો તે મહાત્મા પ્રમાદવાળા બને તો કોઈક નિમિત્તને પામીને ઇચ્છાના સંસ્કારો જાગ્રત થાય છે અને તે સંસ્કારો જાગ્રત થયા પછી પણ જો તે મહાત્મા સાવધાન ન બને તો તે ઇચ્છા જ તે મહાત્માને દુર્ગતિમાં લઈ જાય છે. આથી જ ચૌદપૂર્વધરો પણ રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવને વશ થઈને દુર્ગતિઓમાં જાય છે અને ક્યારેક નિગોદમાં પણ પહોંચી જાય છે. તેથી ક્ષાયિકભાવની અનિચ્છાની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી સતત અપ્રમાદપૂર્વક અનિચ્છા ભાવનાથી આત્માને વાસિત કરવા ઉદ્યમ કરવો જોઈએ. શ્રાવકે પણ સ્વભૂમિકા અનુસાર દશ પ્રકારના યતિધર્મનું ભાવન કરતી વખતે તદંતર્ગત મુક્તિ નામના અનિચ્છા સ્વરૂપ ધર્મનું સદા ભાવન કરવું જોઈએ જેથી શ્રાવકધર્મના પાલનથી પણ સર્વવિરતિધર્મના બળના સંચયની પ્રાપ્તિ થાય.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે મહાત્માઓ ગમનાદિ ચેષ્ટાકાળમાં સંયમ નામના પ્રાણાતિપાત વિરમણ વ્રતનું પાલન કંટકઆકીર્ણ ભૂમિમાં ગમનની જેમ કરે છે. બોલવાના પ્રસંગે જિનવચનથી અત્યંત ઉપયુક્ત થઈને સૂનૃત નામના બીજા મહાવ્રતનું પાલન કરે છે. આહાર, ઉપધિ આદિના ગ્રહણકાળમાં તીર્થંકરઅદત્ત આદિના પરિહારથી શૌચ નામના ત્રીજા મહાવ્રતનું પાલન કરે છે. વળી, બ્રહ્મચર્યની નવ વાડોનું દૃઢ પ્રણિધાનપૂર્વક પાલન કરીને વેદમોહનીયના સંસ્કારોને નિષ્ફળ કરવા દ્વારા બ્રહ્મચર્યરૂપ ચોથું મહાવ્રત પાળે છે અને બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યા પછી ઉપધિ આદિ કોઈ પદાર્થોમાં ક્યાંય મમત્વ ન થાય તે પ્રકારે યતનાપૂર્વકના પરિભોગથી પરિગ્રહવિરમણવ્રતરૂપ પાંચમું મહાવ્રત પાળે છે. વળી, સ્વશક્તિ અનુસાર બાહ્યતપ અને અભ્યંતરતપકાળમાં ક્ષમાદિ ચાર ભાવોની સતત વૃદ્ધિ થાય તે રીતે સ્વાધ્યાય આદિમાં યત્ન કરવા દ્વારા આત્માને ભાવિત કરે છે અને સર્વ ક્રિયાકાળમાં ક્ષમાદિ ચાર ભાવોને લક્ષ્ય બનાવીને તે મહાત્માઓ યત્ન

કરે છે તેથી દશ પ્રકારનો યતિધર્મ સર્વકર્મ રહિત અવસ્થાનું નિરવદ્યકારણ હોવાથી સુઆખ્યાતધર્મ છે અને સુઆખ્યાતધર્મની ભાવના કરીને મહાત્મા પણ તે ધર્મના સંચયને અનુકૂળ બળ સંચિત કરે છે. માટે અત્યંત ઉપયોગપૂર્વક ભાવનામાં ઉદ્યમ કરવો જોઈએ જેથી સુઆખ્યાત ધર્મ પોતાનામાં પ્રગટ થાય. **॥૯૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૯૩માં સુઆખ્યાત ધર્મનું સ્વરૂપ બતાવ્યું. હવે, તે ધર્મના સેવનથી શું શું ફળો મળે છે તે ક્રમસર બતાવે છે –**

**શ્લોક :-**

**धर्मप्रभावतः कल्पद्रुमाद्या ददतीप्सितम् ।**
**गोचरेऽपि न ते यत् स्युरधर्माधिष्ठितात्मनाम् ।।९४।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મના પ્રભાવથી કલ્પદ્રુમ આદિ ઈચ્છિત ફળને આપે છે જે કારણથી અધર્મ અધિષ્ઠિત જીવોને તે=કલ્પદ્રુમ આદિ, ગોચર થતા નથી=ઈન્દ્રિયોનો વિષય પણ થતા નથી. ॥૯૪॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ શ્લોક-૯૩માં કહેલા દશ પ્રકારના ધર્મનું સેવન કરે છે અથવા તે પ્રકારનો ધર્મ સેવવાની શક્તિ ન હોય તોપણ તે પ્રકારના ધર્મના સ્વરૂપને સાંભળીને તેવા ધર્મ પ્રત્યે રુચિવાળા થાય છે તેઓને પણ રુચિ અંશથી તે ઉત્તમ ધર્મની પ્રાપ્તિ છે. જેઓ તે ઉત્તમ ધર્મને સેવે છે તેઓને રુચિ અંશથી, બોધ અંશથી અને યથાર્થ સેવન અંશથી તે ધર્મની પ્રાપ્તિ છે. વળી, જે જીવો તે દશ પ્રકારના ધર્મના સ્વરૂપને યોગ્ય ઉપદેશક પાસેથી સાંભળીને તેના મર્મને સ્પર્શે તેવા બોધવાળા છે અને તેવો શ્રેષ્ઠ ધર્મ સેવવાની અત્યંત રુચિવાળા છે છતાં તેઓમાં શુદ્ધધર્મ સેવવાની શક્તિ નથી તેથી તેને લક્ષ કરીને તેના શક્તિસંચય અર્થે તેના ઉપાયરૂપ જે જે ધર્મો છે તેને સેવે છે તે સર્વ ધર્મના પ્રભાવથી તેઓને કલ્પદ્રુમ આદિ વૃક્ષો ઇચ્છિત ફળને આપે છે. જો કે કલ્પવૃક્ષો યુગલિયાકાળમાં હોય છે તોપણ કલ્પવૃક્ષ જેવાં ચિંતામણિ આદિ ઉત્તમ રત્નોની પ્રાપ્તિ પણ કે તેવા પ્રકારનાં અન્ય ઉત્તમ દ્રવ્યોની પ્રાપ્તિ જીવોને ધર્મના પ્રભાવથી જ થાય છે અને જેઓ અધર્મને સેવનારા છે તેઓને કલ્પવૃક્ષ આદિ ચક્ષુનો વિષય પણ બનતાં નથી. તેથી ધર્મના શ્રેષ્ઠ ફળને જાણીને જીવે વિચારવું જોઈએ કે સેવાયેલા ઉત્તમ ધર્મના ફળરૂપ મોક્ષની પ્રાપ્તિ જ્યાંસુધી ન થાય ત્યાંસુધી પણ સંસારમાં જીવો નહીંવત્ આયાસથી ઉત્તમ ભોગોને પ્રાપ્ત કરે તેવું શ્રેષ્ઠ પુણ્ય સમ્યગ્ રીતે સેવાયેલા ધર્મથી જ પ્રાપ્ત થાય છે, જેને પ્રાપ્ત કરીને ધર્મ સેવનારા મહાત્માઓ સંસારમાં ક્લેશ વગરનું જીવન જીવે છે અને વિશિષ્ટ વિશિષ્ટતર ધર્મને સેવે છે અને અંતે તે ધર્મના પૂર્ણ ફળને પ્રાપ્ત કરે છે. ધર્મનું પૂર્ણ ફળ આત્માની અંતરંગ પૂર્ણ સ્વસ્થતારૂપ વીતરાગતા છે અને જેના ફળરૂપે મોક્ષને પ્રાપ્ત કરે છે. વળી, જેઓ અધર્મને જ સેવનારા છે અને જેઓને શ્લોક-૯૩માં બતાવેલ દશ પ્રકારનો સુઆખ્યાત ધર્મ રુચિનો વિષય પણ થતો નથી તેવા

અધર્મને સેવનારા જીવોને આવાં ઉત્તમ દ્રવ્યો જોવા પણ મળતાં નથી તેથી કોઈક રીતે મનુષ્યભવને પામેલા હોય તોપણ ક્લેશપૂર્વક જ જીવન જીવનારા હોય છે. **॥૯૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૯૪માં અર્થપ્રાપ્તિરૂપ ધર્મનું ફળ બતાવીને ધર્મનું માહાત્મ્ય બતાવ્યું. હવે, ધર્મ અનર્થનો પરિહાર કરે છે એ રૂપ ફળ બતાવીને ધર્મનું માહાત્મ્ય બતાવે છે –**

**શ્લોક :-**

**अपारे व्यसनाम्भोधौ पतन्तं पाति देहिनम् ।**
**सदा सविधवर्त्येकबन्धुर्धर्मोऽतिवत्सलः ।।९५।।**

**શ્લોકાર્થ :-**

**પાર વગરના વ્યસનરૂપ સમુદ્રમાં પડતા એવા જીવને અતિવત્સલ સવિધવર્તી=સમીપવર્તી, એકબંધુ એવો ધર્મ સદા રક્ષણ કરે છે. ॥૯૫॥**

**ભાવાર્થ :-**

સંસારમાં કર્મનો જીવ સાથે સંયોગ છે અને કર્મના સંયોગને કારણે જીવનો દેહની સાથે સંયોગ થાય છે જેનાથી સંસારમાં અનેક પ્રકારની આપત્તિરૂપ દુઃખની પ્રાપ્તિ થાય છે. વ્યસનોના સમૂહરૂપ જે પાર વગરનો સમુદ્ર છે તેમાં સંસારીજીવો સતત પડે છે અને એક આપત્તિનું નિવારણ કરે ત્યાં તે તે પ્રકારનાં કર્મોને કારણે અન્ય અન્ય અનેક પ્રકારની આપત્તિઓ જીવને પ્રાપ્ત થાય છે. આથી જ પ્રાયઃ સંસારીજીવો શારીરિક, માનસિક અનેક પ્રકારની યાતનાઓથી દુઃખી દેખાય છે. નરકગતિમાં આવી આપત્તિઓ અત્યંત અતિશયિત છે, તિર્યંચગતિમાં પણ ભેદન, છેદન વગેરે અનેક પ્રકારની આપત્તિઓ છે, મનુષ્ય પણ તે તે સંયોગો અનુસાર શારીરિક, માનસિક આપત્તિઓથી ઘેરાયેલા રહે છે. પુણ્યના સહકારને કારણે દેવગતિમાં બાહ્ય આપત્તિ ન દેખાય તોપણ કષાયની આકુળતાને કારણે સદા આકુળતા દેખાય છે. આ સર્વ અવસ્થામાં જીવનો એક બંધુ અને જીવ પ્રત્યે અતિવત્સલવાળો ધર્મ જ જીવનું રક્ષણ કરે છે અને તે ધર્મ સદા તેની સમીપવર્તી રહે છે, ક્યારેય તેના સંગનો ત્યાગ કરતો નથી. જે જીવોએ શ્રેષ્ઠ કોટિનો ધર્મ સેવ્યો છે તેઓમાં તે ધર્મના ઉત્તમ સંસ્કારો અને તે ધર્મના સેવનથી બંધાયેલાં પુણ્યાનુબંધીપુણ્ય સદા તે જીવની સાથે જન્માંતરમાં આવે છે તેથી સદા સમીપવર્તી રહીને તેનું રક્ષણ કરે છે. વળી, જેમ કોઈ બંધુભાવવાળો હોય તો સદા પોતાની હિતની ચિંતા કરે તેમ આ ધર્મ જીવનો બંધુ છે અને જીવ પ્રત્યે અતિવાત્સલ્ય રાખનારો છે તેથી તે ધર્મ જ સદા જીવની ચિંતા કરે છે; કેમ કે જે જીવે પૂર્વમાં વર્ણન કરાયેલા દશ પ્રકારનો ધર્મ સમ્યક્ સેવ્યો છે અને તેનાથી ભાવિત મતિ છે તે ભાવિત મતિરૂપ ધર્મના સંસ્કારો સદા તેને ઉચિત પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરે છે અને ધર્મસેવનકાળમાં બંધાયેલ પુણ્યરૂપ ધર્મ સદા તે જીવને વિશેષ-વિશેષ પ્રકારના સેવનને અનુકૂળ સર્વ સામગ્રીની પ્રાપ્તિ કરાવે છે. તેથી જીવ માટે તે ધર્મ અતિવત્સલરૂપ છે અને આવો ધર્મ

જીવને આપત્તિઓમાં પડતાં રક્ષણ કરે છે. તેનાથી રક્ષિત થયેલો જીવ સંસારમાં પણ સુખરૂપે જીવે છે અને અંતે પૂર્ણ સુખમય મોક્ષને પામે છે. આ રીતે સર્વ અનર્થનો પરિહાર કરનાર ધર્મ જ છે. **॥૯૫॥**

**અવતરણિકા :-**

**વળી, ધર્મથી અનર્થનો પરિહાર થાય છે અને અર્થની પ્રાપ્તિ થાય છે એ પ્રકારના ધર્મના ફળને બતાવીને ધર્મનું માહાત્મ્ય બતાવે છે –**

**શ્લોક :-**

**आप्लावयति नाम्भोधिराश्वासयति चाम्बुदः ।**
**यन्महीं स प्रभावोऽयं ध्रुवं धर्मस्य केवलः ।।९६।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી દરિયો પૃથ્વીને પ્લાવિત કરતો નથી અને વાદળાંઓ વરસવા દ્વારા પૃથ્વીને આશ્વાસન કરે છે અર્થાત્ શીતલ કરે છે તે આ પ્રભાવ કેવલ ધર્મનો ધ્રુવ છે=નક્કી છે. ॥૯૬॥**

**ભાવાર્થ :-**

કોઈક નગરનો દરિયો તે નગરનો વિનાશ કરતો નથી તેમાં કારણ તે નગરમાં વર્તતા સર્વ જીવોની સાધારણ તે પ્રકારની પુણ્યપ્રકૃતિ છે કે જે પુણ્યપ્રકૃતિના બળથી તે પૃથ્વીને દરિયો વિનાશ કરતો નથી. જ્યારે તે નગર આદિમાં વર્તતા જીવોનું તે પ્રકારનું સમષ્ટિગત પુણ્ય નાશ પામે છે અને પાપનો ઉદય જાગ્રત થાય છે ત્યારે તે દરિયાના પાણીથી તે નગરનો વિનાશ થાય છે. વળી, કોઈક નગરનો વિનાશ થતો હોય ત્યારે પણ તેમાં રક્ષણ કરે તેવું કોઈનું પુણ્ય જાગ્રત હોય તો તે જીવ સુરક્ષિત બને છે, અન્યથા તે નગરના સર્વ જીવોનો નાશ થાય છે. વર્તમાનમાં પણ દરિયાઓ જે નગરોનો વિનાશ કરતા નથી તેમાં કેવળ ધર્મ જ કારણ છે. વળી, ઉનાળાની સખત ગરમીથી વ્યાકુળ થયેલી પૃથ્વીને પાણી વરસાવવા દ્વારા વાદળાંઓ શીતલ કરે છે તેમાં પણ તે સ્થાનમાં રહેતા સર્વ જીવોનું સમષ્ટિગત સામાન્ય પુણ્ય જ કારણ બને છે. આથી જ દેવલોકમાં ક્ષેત્રના માહાત્મ્યથી દેવોને સદા સુખાકારી વાતાવરણ પ્રાપ્ત થાય છે તે તેમના પુણ્યનો જ પ્રભાવ છે અને નારકીઓને સદા અત્યંત પીડાકારી વાતાવરણની પ્રાપ્તિ થાય છે તેમાં તેમનું સાધારણ પાપરૂપ અધર્મ જ કારણ છે.

આનાથી એ ફલિત થાય કે અનાભોગથી, અકામનિર્જરાથી કે ઉપદેશ આદિની સામગ્રીની પ્રાપ્તિથી જીવો જે કંઈ શુભઅધ્યવસાય કરે છે તે શુભઅધ્યવસાયથી બંધાયેલા પુણ્યથી તેઓને તે તે પ્રકારના સંયોગો પ્રાપ્ત થાય છે કે જેથી તેઓ ઉપદ્રવ રહિત સુખપૂર્વક જીવી શકે છે અને જેઓને તેવા પ્રકારના કોઈ શુભઅધ્યવસાય થતા નથી પરંતુ ક્લિષ્ટભાવો કરીને ખરાબ કર્મો બાંધે છે તે જીવો પૂર્વના પુણ્યથી વર્તમાનમાં કંઈક સ્વસ્થતાથી જીવતા હોય તોપણ ભાવિમાં તેવાં અનર્થકારી ક્ષેત્રોને પ્રાપ્ત કરે છે કે જે સર્વ ઉપદ્રવથી યુક્ત હોય. માટે જગતમાં જે કોઈ અનર્થો થતા નથી અને જે કોઈ અનુકૂળતાની પ્રાપ્તિ થાય છે તે કોઈક જીવના વ્યક્તિગત

પુણ્યને આશ્રયીને થાય છે અને ક્વચિત્ એક કુટુંબ પ્રતિબદ્ધ હોય તો તેઓના સમુદિત પુણ્યને આશ્રયીને થાય છે અને ક્વચિત્ નગર આદિમાં રહેનારા જીવો હોય તો તેઓના સમુદિત પુણ્યને આધીન તેવું કાર્ય થાય છે. સંક્ષેપમાં ધર્મના માહાત્મ્યથી જ અનર્થોનો પરિહાર થાય છે અને સર્વ પ્રકારની અનુકૂળતાની પ્રાપ્તિ થાય છે. **॥૯૬॥**

**અવતરણિકા :-**

**સર્વ જીવોના સાધારણ ધર્મનું સાધારણ ફળ બતાવીને ધર્મનું માહાત્મ્ય બતાવે છે –**

**શ્લોક :-**

**न ज्वलत्यनलस्तिर्यग् यदूर्ध्वं वाति नानिलः ।**
**अचिन्त्यमहिमा तत्र धर्म एव निबन्धनम् ।।९७।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી અગ્નિ તીરછી રીતે બળતો નથી અને પવન ઊર્ધ્વગતિએ વાતો નથી તેમાં અચિંત્ય મહિમાવાળો ધર્મ જ કારણ છે. ॥૯૭॥**

**ભાવાર્થ :-**

સંસારમાં જે જે જીવો જે જે પ્રકારના અનાભોગથી કે અકામનિર્જરાથી કંઈક શુભભાવો કરે છે તે શુભભાવના બળથી તેઓનું બંધાયેલું તથાપ્રકારનું પુણ્ય છે જે પુણ્ય તે ક્ષેત્રમાં વર્તતા સર્વ જીવોનું સાધારણ રીતે સમાન છે તેથી અગ્નિ તીરછી ગતિ કરીને તે સર્વનો વિનાશ કરતો નથી એટલું જ નહીં પણ અગ્નિ જ્યારે બળે છે ત્યારે હંમેશાં તીરછો નથી જતો જેથી ત્યાં રહેલા જીવોનું રક્ષણ થાય છે તેમાં પણ તે અગ્નિનો તેવો સ્વભાવ કારણ છે તેમ જે જીવોનો વિનાશ નથી થતો તેઓનું પુણ્ય પણ કારણ છે અને કોઈક સ્થાનમાં દાવાનળ લાગે છે ત્યારે તે સ્થાનમાં વર્તનારા સર્વ જીવોનું તેવા પ્રકારનું સાધારણ પુણ્ય નહીં હોવાથી તે અગ્નિ તે પ્રકારની ઇંધનસામગ્રીને પામીને તીરછો જાય છે તેથી તેઓનો વિનાશ થાય છે માટે અગ્નિના તીરછાગમનના અભાવમાં પણ પુણ્ય જ કારણ છે. તેથી જગતમાં ધર્મના માહાત્મ્યથી જ તે તે અંશથી તે તે જીવો સુરક્ષિત છે. વળી, પવન પણ તિર્યગ્ વાય છે અને ઊર્ધ્વ વાતો નથી જેથી તે ક્ષેત્રમાં વર્તતા જીવોને તે પવન પણ સ્વસ્થતા આપાદકનું કારણ બને છે પરંતુ ઉપદ્રવનું કારણ બનતો નથી તેમાં તે ક્ષેત્રમાં વર્તતા જીવોનું તેવા પ્રકારનું સાધારણ પુણ્ય છે, જે પુણ્ય તે જીવોએ કોઈક પ્રકારના શુભઅધ્યવસાયથી કરેલું છે.

આ પ્રકારના ફળમાં અચિંત્ય મહિમાવાળો ધર્મ જ કારણ છે. જો કે આ પ્રકારનું પુણ્ય જીવની મોક્ષપ્રાપ્તિનું કારણ બનતું નથી તેથી મોક્ષના કારણીભૂત ધર્મ તરીકે તેની વિવક્ષા=કહેવાની ઇચ્છા, નથી પરંતુ જગતમાં જીવોને જે જે પ્રકારની શાતાની ઉત્પત્તિ થાય છે અને અશાતાથી રક્ષણ થાય છે તેને અનુકૂળ તે તે ક્ષેત્રના તે તે પ્રકારના ભાવો કારણ બને છે તેમાં પણ તેવા પ્રકારનું સાધારણ પુણ્ય જ કારણ છે અને જ્યારે જ્યારે

તેવા પ્રકારના પુણ્ય રહિત જીવો તે તે ક્ષેત્રમાં હોય છે ત્યારે ત્યારે તીરછી ગતિવાળા અગ્નિથી ઉપદ્રવ પામીને તેઓ નાશ પામે છે અને ઊર્ધ્વગમન સ્વભાવવાળા અતિ પ્રતિકૂળ પવનના ગમનથી પણ જેમતેમ ફેંકાય છે. માટે જગતમાં જે કંઈ ઉપદ્રવોની ન્યૂનતા છે અને તેના કારણે જીવોને તેટલા અંશમાં સુખશાંતિ છે તે સર્વમાં અચિંત્ય મહિમાવાળો શુભઅધ્યવસાયથી બંધાયેલો ધર્મ જ કારણ છે. માટે વિવેકી પુરુષે સંપૂર્ણ સુરક્ષાનું કારણ દશ પ્રકારનો યતિધર્મ છે જે શ્લોક-૯૩માં કહેલ છે તેના સ્વરૂપનું ભાવન કરીને તેના પ્રત્યે સદા બદ્ધરાગ રહીને તેના સેવનની શક્તિનો સંચય થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ જેથી સર્વ પ્રકારના ઉપદ્રવથી રહિત પૂર્ણ સ્વસ્થતાની પ્રાપ્તિરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય. **॥૯૭॥**

**શ્લોક :-**

**निरालम्बा निराधारा विश्वाधारो वसुन्धरा ।**
**यच्चावतिष्ठते तत्र धर्मादन्यद् न कारणम् ।।९८।।**

**શ્લોકાર્થ :-**

**નિરાલંબન, નિરાધાર, વિશ્વનો આધાર, એવી પૃથ્વી જેનાથી રહે છે=જે કારણથી રહે છે, તેમાં=પૃથ્વીના તે પ્રકારના અવસ્થાનમાં, ધર્મથી અન્ય કારણ નથી. ॥૯૮॥**

**ભાવાર્થ :-**

જગત્વર્તી જીવોનું જે જે પ્રકારનું પુણ્ય હોય છે તે તે પ્રકારના પુણ્યને અનુરૂપ તે તે ક્ષેત્રના પુદ્ગલો તે તે રૂપે પરિણમન પામે છે. તેથી જે વર્તમાનની પૃથ્વી પર આપણે રહેલા છીએ તે પૃથ્વી આલંબન વગર સ્વાભાવિક રીતે સ્થિર રહેલી છે અને તેની નીચે ઘનવાત, તનવાત આદિ પુદ્ગલના ભાવો તે રીતે રહેલા છે. વળી, તેને વહન કરનાર કોઈ નથી પરંતુ સ્વાભાવિક નિરાધાર રહેલી છે. વળી, તે પૃથ્વી વિશ્વના આધારરૂપ છે; કેમ કે તેના ઉપર જ ચર, અચર, ભેદવાળા જગતના સર્વ પદાર્થો રહેલા છે. આવી પૃથ્વી નીચે પડતી નથી તેમાં તે સ્થાનમાં વર્તતા જીવોનો તેવો ધર્મ અને તેનાથી નિયંત્રિત પૃથ્વીનો તેવો ધર્મ કારણ છે પણ અન્ય કોઈ કારણ નથી. આ રીતે જગતની જે કોઈ સુબદ્ધ અવસ્થા ચાલે છે તેમાં તે સ્થાનમાં વર્તતા જીવોના શુભ-અધ્યવસાયથી બંધાયેલાં પુણ્ય કારણ છે. તેથી પૃથ્વીને સ્થિર રાખે તેવા પરમાણુઓ ત્યાં સતત પરિણમન પામતા હોય છે જેના કારણે ઘનવાત આદિના આધાર ઉપર પૃથ્વી સદા અવસ્થિત રહે છે. **॥૯૮॥**

**શ્લોક :-**

**सूर्याचन्द्रमसावेतौ विश्वोपकृतिहेतवे ।**
**उदयेते जगत्यस्मिन् नूनं धर्मस्य शासनात् ।।९९।।**

**શ્લોકાર્થ :-**

**ખરેખર ધર્મના શાસનથી=ધર્મના પ્રભાવથી, આ જગતમાં=જે જગતમાં આપણે વસીએ છીએ**

**તે જગતમાં, વિશ્વના ઉપકાર માટે આ સૂર્ય-ચંદ્ર=અઢીદ્વીપમાં વર્તતા સૂર્ય અને ચંદ્ર, ઉદયને પામે છે. ।।૯૯।।**

**ભાવાર્થ :-**

અઢીદ્વીપવર્તી સૂર્ય અને ચંદ્ર સતત પોતપોતાના કાળે ઉદય પામે છે જેનાથી વિશ્વના જીવો ઉપર તે તે પ્રકારનો ઉપકાર થાય છે; કેમ કે તેના કારણે જ તે પ્રકારની ઋતુઓનું પરાવર્તન, ધાન્યાદિની પ્રાપ્તિ થાય છે જેનાથી તે સ્થાનમાં વર્તતા જીવોને તેટલા અંશમાં અનુકૂળતાની પ્રાપ્તિ થાય છે તે સર્વમાં તે સ્થાનવર્તી જીવોના ધર્મનો જ પ્રભાવ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જીવને જે કાંઈપણ શુભઅધ્યવસાય થાય છે તેનાથી તે તે પ્રકારનું કાંઈ પુણ્ય બંધાય છે. જેમ ચરમાવર્તથી બહાર એવો પણ અગ્નિશર્માનો જીવ ગિરિસેન, પૂર્વભવના દ્વેષને કારણે ધ્યાનમાં ઊભેલા મહાત્માને બાળી નાખવા માટે ચારેબાજુ ઘાસ વગેરે નાખીને સળગાવે છે જે અધર્મરૂપ ક્લિષ્ટભાવ હતો અને જ્યારે તે ઉપસર્ગકાળમાં તે મહાત્મા કેવળજ્ઞાન પામે છે ત્યારે દેવતાઓ તે અગ્નિને શાંત કરીને તેમનો મહિમા કરે છે. તેને જોઈને તે અગ્નિશર્માના જીવને પશ્ચાત્તાપ થયો કે જેને દેવતાઓ પૂજે છે તેમને મેં આ પ્રકારનો ઉપદ્રવ કર્યો એ બહુ ખોટું થયું. આ પ્રકારનો અનાભોગથી પણ થયેલો શુભભાવ તેને અનુરૂપ પુણ્યબંધનું કારણ થાય છે. છતાં તે જીવમાં અતિશય વિપર્યાસ હોવાથી તેવા પ્રકારના પુણ્યથી કોઈક સારા ભવની પ્રાપ્તિ થાય તોપણ તે મિથ્યાત્વને કારણે ફરી પાપો કરીને ચારગતિમાં ભટકે છે. તેથી અગ્નિશર્માના જીવનો તે પશ્ચાત્તાપનો પરિણામ ધર્મ હોવા છતાં મિથ્યાત્વની મંદતાથી યુક્ત હોવાને કારણે અને સમ્યક્ત્વના પરિણામથી યુક્ત નહીં હોવાના કારણે સામાન્ય પુણ્ય માત્ર બંધાવે છે પરંતુ સદ્ગતિઓની પરંપરાનું કારણ બનતો નથી. આવો શુભભાવ ધર્મરૂપ હોવા છતાં વિવેકવાળી અવસ્થા જેવો ધર્મભાવ નહીં હોવાથી તત્ત્વદૃષ્ટિથી તેને ધર્મ કહેવાતો નથી અને મિથ્યાત્વ મંદ થયા પછી કે સમ્યક્ત્વ પામ્યા પછી જે વિશિષ્ટ પ્રકારનો ધર્મ થાય છે તેને પારમાર્થિક ધર્મ કહેવાય છે તોપણ તે પારમાર્થિક ધર્મતુલ્ય જ અવિવેકવાળી અવસ્થામાં થયેલો તે શુભભાવ રૂપ ધર્મ છે. તે ધર્મના પ્રભાવથી અને અન્ય યોગ્ય જીવોએ કરેલ ધર્મના પ્રભાવથી સમુદિત થઈને સર્વના ઉપકારનું કારણ બને તે રીતે સૂર્ય-ચંદ્ર વિશ્વના ઉપકાર માટે ઉદયને પામે છે જેથી તે ઉપકારનું ફળ તેઓને પ્રાપ્ત થાય છે. **।।૯૯।।**

**શ્લોક :-**

**अबन्धूनामसौ बन्धुरसखीनामसौ सखा ।**
**अनाथानामसौ नाथो धर्मो विश्वैकवत्सलः ।।१००।।**

**શ્લોકાર્થ :-**

**અબંધુવાળા=બાંધવ ન હોય તેવા જીવોનો, આ=ધર્મ, બંધુ છે. અસખીવાળા જીવોનો=મિત્ર ન હોય તેવા જીવોનો, આ=ધર્મ, સખા છે=મિત્ર છે. અનાથોનો=જેનું રક્ષણ કરનાર કોઈ સ્વામી નથી એવા જીવોનો, આ=ધર્મ, નાથ છે. વિશ્વમાં એકવત્સલ ધર્મ છે. ।।૧૦૦।।**

**ભાવાર્થ :-**

સંસારમાં ઘણા જીવો બાહ્ય રીતે બંધુ વગરના હોય છે. વળી, ઘણા જીવોને સ્થૂલથી બંધુ હોય તો તે બંધુઓ બંધુનું કાર્ય કરે તેવા હોતા નથી પણ ક્વચિત્ શત્રુનું જ કાર્ય કરે તેવા હોય છે. છતાં આ પ્રકારના સર્વ સંયોગોમાં જીવમાં અંતરંગ વર્તતો ધર્મ તેનું રક્ષણ કરે છે તેથી તે ધર્મ જ પરમ બંધુ છે. આશય એ છે કે જીવમાં વર્તતો જિનવચનાનુસાર ઉત્તમભાવ ધર્મ સ્વરૂપ છે અને તે ધર્મ સર્વઆપત્તિકાળમાં તેનું રક્ષણ કરે છે. પૂર્વના એવા કોઈક પ્રકારના બંધાયેલા પાપના ઉદયથી જીવને વર્તમાનમાં આપત્તિ આવે છે તે આપત્તિકાળમાં ઉત્તમ અધ્યવસાયથી બંધાયેલું પુણ્ય રક્ષણનું કાર્ય કરે છે અને વર્તમાનમાં વર્તતો ધર્મનો પરિણામ પુણ્યપ્રકૃતિને જાગ્રત કરે છે અને પૂર્વની પાપપ્રકૃતિઓનું પુણ્યપ્રકૃતિરૂપે રૂપાંતર કરે છે. આ પ્રકારે ભાવન કરવાથી અને સૂક્ષ્મ બુદ્ધિથી તેનું અવલોકન કરવાથી જેના ચિત્તમાં ધર્મ પ્રત્યે અત્યંત બંધુભાવ સ્થિર થાય છે તે મહાત્મા બંધુતુલ્ય દશ પ્રકારના યતિધર્મ સાથે સદા પ્રીતિથી જોડાયેલા રહે છે. વળી, સદા તેના ગુણોથી આત્માને વાસિત કરવા યત્ન કરે છે અને શક્તિ આવે તો તે દશ પ્રકારના યતિધર્મને જ સમ્યગ્ પરિણમન પમાડવા માટે સતત ઉદ્યમ કરે છે. વળી, પારમાર્થિક મિત્ર ન હોય તેવા જીવોનો ધર્મ જ પરમમિત્ર છે. જેમ મિત્ર હંમેશાં સ્નેહથી પ્રીતિને ઉત્પન્ન કરે છે તેમ જેના હૈયામાં ભગવાનનું વચન પરિણમન પામ્યું છે તેને અંતરંગ સ્વસ્થતા આપાદન કરીને ધર્મ પ્રીતિ ઉત્પન્ન કરે છે માટે ધર્મ જ આત્માને માટે શ્રેષ્ઠ મિત્ર છે. એ પ્રકારે જે મહાત્મા અત્યંત ભાવન કરે છે તે મહાત્માને દશ પ્રકારના યતિધર્મ સાથે અત્યંત મિત્રતાની બુદ્ધિ થવાથી સદા તેનો સંગ કરવા તત્પર થાય છે.

વળી, સંસારવર્તી કેટલાક જીવો અનાથ હોય છે અર્થાત્ આપત્તિકાળમાં તેમનું રક્ષણ કરે તેવા સ્વામી વગરના હોય છે તેવા અનાથ જીવો માટે આ ધર્મ નાથ છે; કેમ કે જે યોગ અને ક્ષેમ કરે તે નાથ કહેવાય અને જેના હૈયામાં ભગવાનનો ધર્મ વસેલો છે તેનામાં તે ધર્મ નવા નવા ગુણોનો યોગ કરે છે અને પૂર્વમાં પ્રાપ્ત થયેલા ગુણોનું રક્ષણ કરે છે. વળી, આ ધર્મ વિશ્વવર્તી સર્વ જીવોનો એકવત્સલ છે; કેમ કે સર્વ જીવોને તે પ્રીતિઉત્પાદક છે. જેમ કોઈ મહાત્મા જિનવચનાનુસાર તત્ત્વનું ચિંતવન કરતા હોય અને તેના કારણે તે મહાત્મામાં જે જે અંશથી યથાર્થ બોધરૂપ શ્રુતજ્ઞાન નિષ્પન્ન થાય છે અને જેમ જેમ તે શ્રુતના બળથી જગતની યથાર્થ વ્યવસ્થા જણાય છે અને પોતાના હિતનો ઉપાય શું છે અને અહિતનો ઉપાય શું છે તે યથાર્થ જણાય છે તેમ તેમ તે મહાત્માને તે શ્રુતધર્મ પ્રીતિ ઉત્પન્ન કરે છે અને તે મહાત્મા જેમ જેમ તે શ્રુતધર્મ અનુસાર ઉચિત પ્રવૃત્તિઓ કરીને આત્માની સ્વસ્થતારૂપ ચારિત્રને નિષ્પન્ન કરે છે તેમ તેમ તે ચારિત્રધર્મ પણ તે મહાત્માને પ્રીતિ ઉત્પન્ન કરે છે. આથી જગતના સર્વ જીવો માટે એકવત્સલભાવ ધારણ કરનાર એવો આ ઉત્તમ ધર્મ છે. **॥૧૦૦॥**

**શ્લોક :-**

**रक्षोयक्षोरगव्याघ्रव्यालाऽनलगरादयः ।**
**नापकर्तुमलं तेषां यैर्धर्मः शरणं श्रितः ।।१०१।।**

**શ્લોકાર્થ :-**

**રાક્ષસ, યક્ષ, ઉરગ=સર્પ, વ્યાઘ્ર=વાઘ, વ્યાલ=સાપણ, અનલ=અગ્નિ, ગર=ઝેર વગેરે તેઓને અપકાર કરવા માટે સમર્થ નથી જેઓ વડે ધર્મનું શરણ=આશ્રય, કરાયું છે. ।।૧૦૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કર્યું એ સ્વરૂપવાળા દશ પ્રકારના યતિધર્મોનું જે મહાત્માઓ નિત્ય સ્મરણ કરે છે અને સતત તે દશ પ્રકારના યતિધર્મના સૂક્ષ્મ-સૂક્ષ્મતર ભાવોને જાણવા માટે, જાણીને તે ભાવો પ્રત્યે બદ્ધરાગ કેળવવા માટે અને બદ્ધ રાગ કેળવીને તે ભાવોથી પોતાનો આત્મા વાસિત રહે તે પ્રકારે શક્તિ અનુસાર અપ્રમાદભાવથી યત્ન કરે છે તે જીવો સદા ધર્મના શરણને આશ્રિત છે પણ સંસારીજીવોની જેમ મોહના શરણને આશ્રિત નથી. આ રીતે જે જીવો ધર્મના શરણને આશ્રિત હોય તેઓને જગતમાં ઉપદ્રવ કરનારી રાક્ષસ આદિ વસ્તુઓ પણ ઉપદ્રવ કરવા માટે સમર્થ થતી નથી. ગરાદિમાં આદિ પદથી અંતરંગ મોહનો પરિણામ, કર્મ આદિનું પણ ગ્રહણ છે તેથી ધર્મના શરણે રહેનારા મહાત્માઓને અંતરંગ રીતે મોહ પણ ઉપદ્રવ કરી શકતો નથી. વળી, સંસારવર્તી જીવોને જે અત્યંત ઉપદ્રવકારી કર્મો છે તે કર્મો પણ તેવા મહાત્માને અનુકૂળ થઈને જ વર્તે છે અને તેમને તે કર્મ સદ્‌ગતિમાં જ લઈ જાય છે અને ત્યાં અનેક પ્રકારની સુખશાંતિની સામગ્રી આપે છે. વળી, જ્યારે તે મહાત્માઓથી સેવાતો ધર્મ પ્રકર્ષવાળો થાય છે ત્યારે સંસારી જીવોને ઉપદ્રવકારી એવાં જે કર્મો છે તેનો પણ નાશ થાય છે. **॥૧૦૧॥**

**અવતરણિકા :-**

**હવે, પ્રધાનભૂત એવા અનર્થની નિવૃત્તિને અને પ્રધાનભૂત એવા અર્થની પ્રાપ્તિને, ધર્મનું ફળ છે એ પ્રમાણે બતાવે છે –**

**શ્લોક :-**

**धर्मो नरकपातालपातादवति देहिनः ।**
**धर्मो निरुपमं यच्छत्यपि सर्वज्ञवैभवम् ।।१०२।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મ નરકરૂપ પાતાલના પાતથી જીવોનું રક્ષણ કરે છે. ધર્મ નિરુપમ એવા=ઉપમાથી અતીત એવા, સર્વજ્ઞના વૈભવને પણ આપે છે. ।।૧૦૨।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ પૂર્વમાં વર્ણન કરાયેલા દશ પ્રકારના યતિધર્મથી પોતાના ચિત્તને સતત વાસિત કરે છે તેઓનું ચિત્ત સર્વ જીવો પ્રત્યે દયાળુ ભાવવાળું બને છે અને સતત સમભાવના પક્ષપાતવાળું હોય છે. આવા જીવોને ક્યારેય નરકગતિ યોગ્ય કર્મબંધ થતો નથી. ક્વચિત્ પૂર્વના કોઈક તેવા ભાવોથી નરકગતિયોગ્ય

કર્મો બંધાઈ ચૂક્યાં હોય તોપણ તેના ધર્મના પરિણામને અનુરૂપ તે મહાત્મા તેના અનર્થોથી સુરક્ષિત બને છે. દા.ત. કૃષ્ણમહારાજાએ સાતમી નરકનું કર્મ પૂર્વમાં બાંધેલું પણ સુસાધુને વંદન કરે છે ત્યારે તે મહાત્માઓના ચિત્તમાં વર્તતા દશ પ્રકારના યતિધર્મ પ્રત્યે તેમના ચિત્તમાં અત્યંત ભક્તિ ઉલ્લસિત થાય છે અને દશ પ્રકારના યતિધર્મના પરમાર્થના સૂક્ષ્મબોધને કારણે તેમનું ચિત્ત ભાવિત બને છે ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે અને સાતમી નરકયોગ્ય બંધાયેલાં કર્મો પણ અલ્પ થઈને ત્રીજી નરકનું કારણ બને તેવાં ક્ષીણ થાય છે. આ રીતે સમ્યગ્ સેવાયેલો ધર્મ દુર્ગતિઓના પાતથી જીવનું અવશ્ય રક્ષણ કરે છે. વળી, જે મહાત્માના ચિત્તમાં સદા દશ પ્રકારનો યતિધર્મ વર્તે છે તે ધર્મ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પ્રકર્ષવાળો થાય તો જેની ઉપમા આપી શકાય નહિ એવા નિરુપમ સર્વજ્ઞના વૈભવને પણ આપે છે અર્થાત્ મહાત્માને વીતરાગ, સર્વજ્ઞ બનાવે છે. આ રીતે ધર્મના સ્વરૂપને જાણીને અત્યારસુધી વર્ણન કરાયેલા ધર્મના માહાત્મ્યને જેઓ ચિત્તમાં અવધારણ કરે છે અને તેના કારણે જેમનું ચિત્ત સદા તે દશ પ્રકારના યતિધર્મને સન્મુખભાવવાળું રહે છે તે મહાત્મા જગતમાં સુરક્ષિત બને છે. માટે ધર્મસુઆખ્યાત નામની ભાવનાથી આત્માને સદા ભાવિત કરવો જોઈએ. **॥૧૦૨॥**

**શ્લોક :-**

**कटिस्थकरवैशाखस्थानकस्थनराकृतिम् ।**
**द्रव्यैः पूर्णं स्मरेल्लोकं स्थित्युत्पत्तिव्ययात्मकैः ।।१०३।।**

**શ્લોકાર્થ :-**

**સ્થિતિ, ઉત્પત્તિ અને વ્યય સ્વરૂપ દ્રવ્યોથી પૂર્ણ, કેડ ઉપર હાથ રાખી બે પગ પહોળા કરેલ= વૈશાખસ્થાનક નરની આકૃતિવાળા, લોકનું સ્મરણ કરવું જોઈએ. ।।૧૦૩।।**

**ભાવાર્થ :-**

**૧૧. લોકસ્વરૂપભાવના :-**

મોહના પરિણામનું ઉન્મૂલન કરવા માટે અને અનાદિની કુવાસનાને કારણે સંસારના પદાર્થોને યથાતથા જોવાની વૃત્તિ નાશ પામે અને જિનવચનાનુસાર લોકસ્વરૂપથી આત્મા ભાવિત બને, તદર્થે મહાત્મા લોકસ્વરૂપભાવનાનું ભાવન કરે છે. લોકસ્વરૂપભાવનાનું ભાવન કરવા મહાત્મા વિચારે છે કે કોઈ પુરુષ કેડ ઉપર બે હાથ રાખીને, બે પગ પહોળા કરીને ઊભો હોય તેવી આકૃતિવાળો આ લોક છે. આ લોકમાં રહેલા પદાર્થો સતત કોઈ ને કોઈ સ્વરૂપે ઉત્પન્ન થઈ રહ્યા છે અને પૂર્વ-પૂર્વના સ્વરૂપથી વ્યય પામી રહ્યા છે અને તે તે દ્રવ્ય સ્વરૂપે સ્થિર છે. લોકવર્તી અનંત પુદ્ગલો, અનંત જીવો, ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો તદ્ અંતર્ગત પોતાનો આત્મા પણ એક દ્રવ્ય છે. આત્મા પોતાના જીવદ્રવ્ય સ્વરૂપે સદા અવસ્થિત છે. જીવદ્રવ્ય ક્યારે અજીવદ્રવ્ય થતું નથી કે પોતાના અસ્તિત્વના નાશને પામતું નથી. સંસારઅવસ્થામાં તે તે ભાવો રૂપે તે તે પ્રકારના પુદ્ગલના સંયોગરૂપે સતત ઉત્પન્ન થઈ રહ્યું છે અને પૂર્વ-પૂર્વના તે તે ભાવો અને તે તે

પુદ્‌ગલના સંયોગોથી સતત વ્યય પામી રહ્યું છે. આવા અનંતા દ્રવ્યોથી આકીર્ણ એવો આ પૂર્ણ લોક છે. આ પ્રકારે ભાવન કરવાથી મૂઢની જેમ ઇન્દ્રિયોને દેખાતા ભાવોને અવલંબીને પરિણામ કરવાની વૃત્તિનો ક્ષય થાય છે અને જિનવચનાનુસાર સૂક્ષ્મ શ્રુતજ્ઞાનથી પદાર્થના અવલોકનની દૃષ્ટિનો ઉઘાડ થાય છે જેથી મોહનું ઉન્મૂલન થાય છે. **॥૧૦૩॥**

**શ્લોક :-**

**लोको जगत्त्रयाकीर्णो भुवः सप्तात्र वेष्टिताः ।**
**घनाम्भोधिमहावाततनुवातैर्महाबलैः ।।१०४।।**

**શ્લોકાર્થ :-**

**લોક જગતત્રયથી આકીર્ણ છે. અહીં=જગતત્રયથી આકીર્ણ એવા લોકમાં, મહાબલવાળા ઘનોદધિથી, મહાવાતથી=ઘનવાતથી અને તનુવાતથી વેષ્ટિત સાત ભૂમિઓ છે. ॥૧૦૪॥**

**ભાવાર્થ :-**

પ્રથમ કેડ ઉપર હાથ રાખેલા પુરુષની આકૃતિવાળા લોકના સ્વરૂપની શ્રુતચક્ષુથી ઉપસ્થિતિ કર્યા પછી તે લોકના આકારને વિશેષથી ભાવન કરવા મહાત્મા વિચારે છે કે આ જગત અધોલોક, તિર્યગ્‌લોક અને ઊર્ધ્વલોક એમ ત્રણ લોકથી આકીર્ણ છે. વળી, તે લોકના અધોભાગમાં રત્નપ્રભા આદિ સાત પૃથ્વીઓ રહેલી છે જે સાત પૃથ્વીઓ મહાબલવાળા=પૃથ્વીને ધારણ કરવા સમર્થ બને એવા મહાબલવાળા, ઘનોદધિ, મહાવાત અને તનુવાત વડે વેષ્ટિત છે. આનાથી એ પ્રાપ્ત થાય કે મનુષ્યલોકથી નીચેમાં રત્નપ્રભા પૃથ્વી છે જે રત્નપ્રભા ઘનોદધિ, ઘનવાત અને તનુવાતના આધારે રહેલી છે. તે જ રીતે શર્કરાપ્રભા આદિ અન્ય છ પૃથ્વીઓ પણ તે ઘનવાત આદિથી વેષ્ટિત છે. આ રીતે શ્રુતના બળથી બુદ્ધિરૂપી ચક્ષુ સામે લોકના સ્વરૂપને ઉપસ્થિત કરીને જિનવચનાનુસાર જગતના સ્વરૂપને યથાર્થ જોવાની નિર્મળચક્ષુને પ્રગટ કરવા અર્થે અને અનાદિથી પ્રવર્તતી મોહચક્ષુને બંધ કરવા અર્થે મહાત્મા લોકના સ્વરૂપથી આત્માને ભાવિત કરે છે. **॥૧૦૪॥**

**શ્લોક :-**

**वेत्रासनसमोऽधस्तान्मध्यतो झल्लरीनिभः ।**
**अग्रे मुरजसङ्काशो लोकः स्यादेवमाकृतिः ।।१०५।।**

**શ્લોકાર્થ :-**

**નીચે=પુરુષ આકારવાળા લોકના નીચેનો ભાગ વેત્રાસન સમાન છે, મધ્યમાં ઝલ્લરી જેવો છે=ઝલ્લરી નામના વાજિંત્રવિશેષ જેવો ગોળાકાર છે, અગ્રમાં=મધ્યલોકના ઉપરના ભાગમાં, મુરજ જેવો છે. આ પ્રમાણેની આકૃતિવાળો લોક છે. ॥૧૦૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પુરુષ આકૃતિવાળો લોક કેવો છે તેનું સ્વરૂપ બતાવ્યું અને તેવા લોકમાં નીચેનો ભાગ વેત્રાસન આકારવાળો છે=નીચે નીચેમાં વિસ્તીર્ણ અને ઉપર ઉપરમાં સંકોચવાળો આકાર છે. જેમ બે પગ પહોળા કરીને ઊભેલો પુરુષ નીચેના ભાગમાં અત્યંત વિસ્તીર્ણ હોય છે અને ઉપર ઉપરના ભાગમાં સંકોચને પામતો કેડ પાસે અત્યંત સંકોચવાળો હોય છે તેવો આ અધોલોક છે. વળી, મધ્ય ભાગમાં ઝલ્લરી નામના વાજિંત્ર જેવો છે=ગોળાકાર અને કંઈક ઊંચાઈવાળો છે. આથી જ મધ્યમલોક દ્વીપસમુદ્રથી ગોળાકારવાળો છે અને ૧૮૦૦ યોજન પ્રમાણ ઊંચાઈવાળો હોય છે. ત્યાર પછી ઊર્ધ્વલોક મુરજ નામના વાજિંત્ર જેવો છે. વચમાં કંઈક પહોળું અને બે બાજુ કંઈક સાંકડું હોય છે તેમ મધ્યમ લોકથી ઉપરમાં બે બાજુથી વધતાં વધતાં મધ્યમભાગ પછી ઘટતા આકારવાળો ઊર્ધ્વલોક છે જે ઉપરમાં ઘટતાં ઘટતાં ત્રસનાડીના જેટલો સાંકડો છે. આ રીતે લોકના સ્વરૂપને જોવાથી તે લોકના અંતર્ગત નરકાવાસો કઈ રીતે રહેલા છે, મનુષ્યલોક કઈ રીતે રહેલો છે, દ્વીપસમુદ્ર કઈ રીતે રહેલા છે અને ઉપરમાં જ્યોતિષના દેવો, વૈમાનિકદેવો અને તેના અંતે પાંચ અનુત્તરના દેવો કઈ રીતે રહેલા છે અને તેના ઉપર સિદ્ધશિલા છે તેનું ચિત્ર ઉપસ્થિત થાય છે. સિદ્ધશિલા ઉપર સર્વકર્મથી મુક્ત થયેલા જીવો રહેલા છે. આ સર્વની ઉપસ્થિતિ કરીને અને શાસ્ત્રવચનથી યથાર્થ જાણીને તેનું ભાવન કરવામાં આવે તો લોકના સ્વરૂપને જોનારી નિર્મળદૃષ્ટિ પ્રગટે છે જેથી વાસ્તવિકતાને જોવામાં મૂઢ અને માત્ર ઇન્દ્રિયોથી દેખાતા પદાર્થોમાં આસક્તિ કરીને પ્રવર્તતી મોહની દૃષ્ટિ ક્ષીણ થાય છે. શાસ્ત્રમાં મોહના નાશ અર્થે જ બાર ભાવનાઓ બતાવી છે તેથી કોઈપણ ભાવનાનું સ્વરૂપ વિચારતી વખતે આત્માના હિતને લક્ષ કરીને તે તે ભાવનાનું ભાવન કરવું જોઈએ. **॥૧૦૫॥**

**શ્લોક :-**

**निष्पादितो न केनापि न धृतः केनचिच्च सः ।**
**स्वयंसिद्धो निराधारो गगने किं त्ववस्थितः ।।१०६।।**

**શ્લોકાર્થ :-**

**તે=લોક, કોઈના વડે પણ નિષ્પાદન કરાયો નથી=બનાવાયો નથી, કોઈના વડે પણ ધારણ કરાયો નથી, સ્વયંસિદ્ધ છે અને ગગનમાં=આકાશમાં, નિરાધાર અવસ્થિત છે. ॥૧૦૬॥**

**ભાવાર્થ :-**

વળી, આ લોક કોઈના વડે કરાયેલો નથી પરંતુ અનાદિકાળથી શાશ્વત છે. આકાશમાં નિરાધાર રહેલો છે=તે આકાશમાં સ્થિર રહેવા માટે તેને કોઈ આધારની જરૂર પડતી નથી પરંતુ લોકસ્વભાવથી જ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્ય એક સ્થાનથી અન્ય સ્થાનમાં જાય નહીં તેવા સ્થિરભાવવાળાં છે તેથી તે લોક આકાશમાં નીચે ખસીને પડી જતો નથી પરંતુ જે સ્થાનમાં છે તે સ્થાનમાં જ સદા શાશ્વત રહે છે. વળી, તેને ધારણ કરવા માટે કોઈ ઈશ્વરાદિની જરૂર પડતી નથી પરંતુ સ્વભાવથી જ તે રીતે રહેલો

છે. આ પ્રકારે લોકની સ્થિતિનું ભાવન કરવાથી આ લોકને ધારણ કરનાર ઈશ્વર છે, ઈશ્વર જ જગતનાં સર્વકૃત્યોના નિયંતા છે ઇત્યાદિ મિથ્યાવાસનાઓ દૂર થાય છે અને લોકના યથાર્થ સ્વરૂપને જાણીને તે લોક અંતરવર્તી અંનત જીવો છે અને અનંતપુદ્ગલ દ્રવ્યો છે તેમાં પોતે પણ એક દ્રવ્યરૂપ છે અને પુદ્ગલ સાથે સંયોગ થવાના સ્વભાવને કારણે કઈ રીતે પોતે જન્મ, મરણની કદર્થના પામે છે અને સમ્યગ્જ્ઞાનપૂર્વક ઉચિત અધ્યવસાયો કરવાથી કઈ રીતે પોતે કર્મથી મુક્ત બને છે તેની સમ્યગ્ વિચારણા કરીને મહાત્મા લોકસ્વરૂપભાવનાથી આત્માના શુભઅધ્યવસાયને ઉલ્લસિત કરે છે. **॥૧૦૬॥**

**શ્લોક :-**

**अकामनिर्जरारूपात् पुण्याज्जन्तोः प्रजायते ।**
**स्थावरत्वात् त्रसत्वं वा तिर्यक्त्वं वा कथञ्चन ।।१०७।।**
**मानुष्यमार्यदेशश्च जातिः सर्वाक्षपाटवम् ।**
**आयुश्च प्राप्यते तत्र कथञ्चित् कर्मलाघवात् ।।१०८।।**
**प्राप्तेषु पुण्यतः श्रद्धाकथकश्रवणेष्वपि ।**
**तत्त्वनिश्चयरूपं तद्बोधिरत्नं सुदुर्लभम् ।।१०९।।**

**શ્લોકાર્થ :-**

**અકામનિર્જરારૂપ પુણ્યથી=કર્મના લાઘવથી, જંતુને સ્થાવરપણાથી ત્રસપણું અને કોઈક રીતે તિર્યક્પણું=તિર્યંચ પંચેન્દ્રિયપણું, પ્રાપ્ત થાય છે. ।।૧૦૭।।**

**અને કોઈક રીતે કર્મના લાઘવથી મનુષ્યપણું, આર્યદેશ, આર્યજાતિ, સર્વ ઈન્દ્રિયનું પટુપણું અને ત્યાં=સર્વ ઈન્દ્રિયના પટુપણામાં, દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય છે. ।।૧૦૮।।**

**અને પુણ્યથી શ્રદ્ધા, કથક અને શ્રવણ પણ પ્રાપ્ત થયે છતે તત્ત્વ નિશ્ચયરૂપ તે બોધિરત્ન સુદુર્લભ છે. ।।૧૦૯।।**

**ભાવાર્થ :-**

**૧૨. બોધિદુર્લભભાવના :-**

જીવ અનાદિકાળથી એકેન્દ્રિયમાં પણ ઘણો કાળ નિગોદમાં રહેલો છે. કોઈક રીતે અકામનિર્જરા વડે કર્મલઘુતાને કારણે જીવ નિગોદમાંથી નીકળીને ક્રમસર ત્રસપણાને પામે છે. ત્રસમાં પણ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિયપણું વિશેષ પ્રકારના કર્મના લાઘવને કારણે પ્રાપ્ત કરે છે. તેમાં પણ વિશેષ પ્રકારની કર્મલઘુતા થાય ત્યારે પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે. આ રીતે સ્થાવરથી માંડીને પંચેન્દ્રિય તિર્યંચપણાની પ્રાપ્તિ પણ દુર્લભ છે અને તે પ્રાપ્ત થયા પછી મનુષ્યપણું તો વિશેષ પ્રકારની કર્મલઘુતાથી પ્રાપ્ત થાય છે. તે મનુષ્યપણું પામ્યા પછી આર્યદેશ, આર્યજાતિ વિશેષ પ્રકારના કર્મના લાઘવથી થાય છે. વળી, આર્યદેશ

અને આર્યજાતિમાં મનુષ્યપણું પ્રાપ્ત થયા પછી પણ બધી ઇન્દ્રિયો પટુ હોય જેથી વસ્તુને સમજવા માટે સમર્થ બને તેવો પરિણામ વિશેષ પ્રકારના કર્મના લાઘવથી પ્રાપ્ત થાય છે. તેમાં પણ દીર્ઘઆયુષ્ય વિશેષ પ્રકારના કર્મના લાઘવથી પ્રાપ્ત થાય છે. હવે, આ સર્વ પ્રાપ્ત કર્યા પછી પણ જીવો ફરી કર્મ સંચિત કરીને એકેન્દ્રિય આદિમાં પણ જાય છે તેથી ફરી એકેન્દ્રિયમાંથી ઘણી કર્મલઘુતા થાય ત્યારે મનુષ્યપણું પામે છે. આ પ્રકારના ભવોની પ્રાપ્તિ દુર્લભ હોવા છતાં અનંતીવાર જીવ મનુષ્યભવ સુધી આવે છે, દીર્ઘ આયુષ્યવાળો પણ થાય છે અને ફરી તે સર્વ પામીને પાપો કરીને કર્મોનો સંચય થાય છે ત્યારે એકેન્દ્રિયમાં પહોંચી જાય છે. આમ છતાં એકેન્દ્રિય આદિના ક્રમથી મનુષ્યભવને પામ્યા પછી કર્મના લાઘવરૂપ શુભકર્મના ઉદયથી જીવને તત્ત્વ વિષયક શ્રદ્ધા થાય છે=ધર્મ સાંભળવાની રુચિ થાય છે. આમ છતાં વિશિષ્ટ પ્રકારની કર્મલઘુતા પ્રાપ્ત ન થઈ હોય તો તેવા જીવોને યોગ્ય ઉપદેશક પ્રાપ્ત થાય નહીં. આથી જ તીર્થંકર આદિ ઉત્તમપુરુષોના વિરહને કારણે વર્તમાનકાળમાં સન્માર્ગને બતાવનારા તેવા ઉત્તમગુરુની પ્રાપ્તિ જીવોને દુર્લભ છે.

વળી, કોઈક જીવને એવા પ્રકારની અકામનિર્જરા થવાને કારણે તે તે દેશકાળમાં જે શ્રેષ્ઠ તત્ત્વને જાણનારા ધર્મગુરુઓ છે તેમનો સંયોગ થાય છતાં શ્રવણમાં સમ્યગ્ યત્ન કર્યા વગરના તે જીવો પણ વિશેષ હિત પ્રાપ્ત કરી શકતા નથી. વળી, કોઈક જીવને તેનાથી પણ વિશેષ કર્મના લાઘવરૂપ પુણ્ય વિદ્યમાન્ હોય તો તત્ત્વશ્રવણમાં પ્રવૃત્તિ કરે છે આમ છતાં તે પ્રકારની વિશિષ્ટ પ્રજ્ઞા નહીં હોવાથી તત્ત્વનિશ્ચયરૂપ બોધિરત્ન પ્રાપ્ત થતું નથી અને જે જીવોએ તેનાથી પણ વધારે કર્મનિર્જરા કરીને આત્માની શુદ્ધિ પ્રાપ્ત કરી છે તેવા જીવો અત્યંત વિવેકપૂર્વક તત્ત્વનું શ્રવણ કરીને સુગુરુના વચનના બળથી તત્ત્વના નિશ્ચયરૂપ તે બોધિરત્નને પ્રાપ્ત કરે છે જેનાથી તેઓને શ્રુતરૂપી ચક્ષુથી સંસારની વાસ્તવિક કદર્થનાનું સ્વરૂપ સ્પષ્ટ દેખાય છે. કર્મકૃત સર્વ કદર્થના રહિત શુદ્ધ આત્માનું મુક્ત સ્વરૂપ શાસ્ત્રવચનના બળથી હાથમાં રહેલા આમળાની જેમ સ્પષ્ટ દેખાય છે તેથી તેવા જીવોને સર્વકર્મ રહિત મુક્ત અવસ્થા છે તેનું નિત્યસ્મરણ રહે છે અને તેના ઉપાયભૂત ભગવાનના વચનનો સમ્યક્‌બોધ અને તે સમ્યક્‌બોધ અનુસાર યત્ન કરીને પ્રગટ કરાયેલી જીવની પરિણતિરૂપ ચારિત્ર કારણ છે તેવો સ્થિર નિશ્ચય થાય છે. તેવા સ્થિર નિશ્ચયરૂપ બોધિરત્નને પામેલા તે મહાત્માઓ તે બોધિના બળથી સતત કર્મના ઉચ્છેદ માટે ઉચિત યત્ન કરીને સર્વકર્મ રહિત તેવી શુદ્ધ અવસ્થાની પ્રાપ્તિના ઉપાયરૂપ જિનવચનને તે રીતે સેવે છે જેથી પ્રતિદિન નવા નવા શ્રુતને પામીને સતત શુદ્ધિની વૃદ્ધિ દ્વારા મહાકષ્ટદાયી એવાં ક્લિષ્ટકર્મોથી મુકાય છે. આ પ્રકારે ભાવન કરવાથી દુર્લભ એવી પણ બોધિ સ્થિર-સ્થિરતર પરિણામવાળી થાય જેથી અતિ સુખપૂર્વક સંસારનો ઉચ્છેદ થઈ શકે તેવો યત્ન સદા મહાત્મા કરે છે. **॥૧૦૭થી ૧૦૯॥**

**અવતરણિકા :-**

**બાર ભાવનાઓનું વર્ણન કર્યા પછી તે બાર ભાવનાઓ કઈ રીતે નિર્મમતાનો હેતુ છે અને તેનાથી સમભાવ કઈ રીતે પ્રગટે છે અને તે સમભાવ વૃદ્ધિને પામીને મોક્ષનું કારણ કઈ રીતે થાય છે અને તેમાં મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ કઈ રીતે ઉપયોગી છે તેનું યોજન કરતાં કહે છે.**

**શ્લોક :-**

**भावनाभिरविश्रान्तमिति भावितमानसः ।**
**निर्ममः सर्वभावेषु समत्वमवलम्बते ।।११०।।**

**શ્લોકાર્થ :-**

**'इति'=આ પ્રકારે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે, અવિશ્રાંત=સતત=વિશ્રાંતિ વગર, ભાવનાથી ભાવિત માનસવાળો શ્રાવક કે સાધુ સર્વ ભાવોમાં નિર્મમ સમત્વનું અવલંબન લે છે=સમત્વભાવને ધારણ કરે છે. ।।૧૧૦।।**

**ભાવાર્થ :-**

જે મહાત્મા સંસારથી ભય પામેલા છે તેઓ સ્વભૂમિકા અનુસાર પોતાના ચિત્તના પરિણામનો નિર્ણય કરીને દેશવિરતિનું કે સર્વવિરતિનું પાલન કરે છે તે મહાત્માઓ પણ પોતાના ચિત્તના નિર્માણ અર્થે બાર ભાવનાઓથી આત્માને સતત ભાવિત કરવા યત્ન કરે છે તેથી ઉચિતકાળે પ્રસ્તુત ભાવનાઓનું સ્વરૂપ સ્થિર કરીને તે તે ભાવનાઓથી આત્માને તે રીતે વાસિત કરે છે કે જેથી પોતાનું ચિત્ત બાર ભાવનાઓના બળથી સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારું બને અને તેને કારણે જગતવર્તી બાહ્ય પદાર્થો પ્રત્યે ચિત્ત નિર્મમ બને છે અર્થાત્ બાહ્ય પદાર્થો પ્રત્યેનું જે અનાદિકાળથી ગાઢ આકર્ષણ હતું અને જે આકર્ષણના કારણે મૂઢ થયેલા જીવો હિતાહિતનો વિચાર કર્યા વગર માત્ર બાહ્ય પદાર્થના મમત્વમાં જ અને તેના સંચયમાં જ સુખબુદ્ધિ કરીને પોતાનો મનુષ્યભવ વ્યર્થ કરે છે તેઓ જો કોઈક નિમિત્તે પ્રસ્તુત ભાવનાઓ કરવા તત્પર થાય અને દૃઢ પ્રણિધાનપૂર્વક ભાવનાઓમાં યત્ન કરે તો તેઓમાં વર્તતો મમત્વભાવ ભાવનાઓથી ક્ષીણ-ક્ષીણતર થાય છે. આ રીતે સંસારના ભાવો પ્રત્યે નિર્મમ થયેલ તે મહાત્મા જગતના સર્વભાવો પ્રત્યે સમભાવની પરિણતિને ધારણ કરે છે અને પ્રતિદિન પોતાના સમભાવના પરિણામને અતિશય અતિશયતર કરવા સમર્થ બને છે. **।।૧૧૦।।**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં કહ્યું કે નિર્મમ થયેલ મહાત્મા સર્વભાવોમાં સમભાવનું અવલંબન લે છે. તેથી હવે, તે મહાત્માને સમભાવનું શું ફળ પ્રાપ્ત થાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**विषयेभ्यो विरक्तानां साम्यवासितचेतसाम् ।**
**उपशाम्येत् कषायाग्निर्बोधदीपः समुन्मिषेत् ।।१११।।**

**શ્લોકાર્થ :-**

**વિષયોથી વિરક્ત, સામ્યથી વાસિત ચિત્તવાળાનો કષાયરૂપ અગ્નિ ઉપશમ થાય છે અને બોધરૂપ દીપક પ્રગટ થાય છે. ।।૧૧૧।।**

ભાવાર્થ :-

સામ્યપરિણામનાં બે ફળો છે : (૧) અનર્થની નિવૃત્તિ અને (૨) અર્થની પ્રાપ્તિ. જે મહાત્માઓ ભાવનાઓથી ભાવિત થઈને નિર્મમભાવને ધારણ કરે છે અને નિર્મમભાવને પામેલા તે મહાત્મા સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ સર્વ ભાવો પ્રત્યે સમાન પરિણતિનો પ્રવાહ ચિત્તમાં વર્તે તેવા સમભાવનું અવલંબન લે છે અને જેઓ આ પ્રકારના સમભાવનું અવલંબન લઈને ચિત્તને તેનાથી વાસિત રાખી શકે છે તે મહાત્માઓનું ચિત્ત પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયોથી વિરક્ત બને છે. આનાથી વિષયો પ્રત્યેનું આકર્ષણ નષ્ટ-નષ્ટતર થતું જાય છે અને તે મહાત્માનું ચિત્ત હંમેશાં સામ્યભાવથી વાસિત રહે છે એના કારણે તે મહાત્માના ચિત્તમાં ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયનો અગ્નિ, વેદમોહનીયના ઉદયરૂપ અને હાસ્યાદિ રૂપ નોકષાય સ્વરૂપ અગ્નિ શાંત થાય છે જે સામ્યભાવના કારણે થયેલા અનર્થની નિવૃત્તિરૂપ છે. જેમ અગ્નિ જીવને બાળે છે તેમ અંદરમાં વર્તતા સંક્લેશના પરિણામરૂપ કષાયો પણ જીવને તત્કાળ પીડિત કરે છે જેના કારણે ક્લિષ્ટકર્મો બંધાય છે અને તેના ફળરૂપ રૌદ્ર સંસારની પ્રાપ્તિ થાય છે. આ સર્વ અનર્થોની પરંપરાની નિવૃત્તિ સામ્યભાવથી થાય છે. વળી, જગતના ભાવો પ્રત્યે તે મહાત્માઓનું ચિત્ત વિરક્ત છે અને તેના કારણે સામ્યભાવથી વાસિત થયેલું છે તેવા મહાત્માઓને સતત સામ્યભાવના અતિશયના ઉપાયરૂપ ભગવાનના વચન પ્રત્યે અત્યંત પ્રીતિ વર્તે છે તેથી તેવા મહાત્માઓ પોતાની ભૂમિકા અનુસાર નવું નવું શ્રુત ભણે છે અને તે શ્રુતને સ્થિર કરી જિનવચનાનુસાર સૂક્ષ્મપદાર્થોનો બોધ કરે છે. આવા મહાત્માઓના ચિત્તમાં બોધરૂપી દીપક સમુલ્લસિત થાય છે જેના કારણે તે મહાત્માઓને પોતાનું હિત શું છે અને અહિત શું છે તે સ્પષ્ટ-સ્પષ્ટતર દેખાય છે અને કર્મને કારણે વિષમ સ્થિતિવાળા સંસારમાં પણ તે મહાત્માઓ સુરક્ષિત બને છે. **॥૧૧૧॥**

**અવતરણિકા :-**

**યોગશાસ્ત્રમાં કષાયજયનો પ્રકમ પૂર્વમાં પ્રારંભ કરેલો અને તેનો ઉપાય ઈન્દ્રિયજય, ઈન્દ્રિયનો જય મનશુદ્ધિથી થાય છે, મનશુદ્ધિની પ્રાપ્તિ રાગ-દ્વેષના જયથી થાય છે તેમ બતાવ્યું. વળી, રાગ-દ્વેષનો જય સમપરિણામથી થાય છે અને સમપરિણામ ભાવના કરવાથી નિર્મમપણું પ્રાપ્ત થાય છે. નિર્મમપણાની પ્રાપ્તિ અર્થે બાર ભાવનાઓનું સ્વરૂપ બતાવ્યું છે. હવે, તે સર્વ બતાવ્યા પછી ઉત્તરના વક્તવ્યનો પ્રારંભ કરે છે –**

**શ્લોક :-**

**समत्वमवलम्ब्याथ ध्यानं योगी समाश्रयेत् ।**
**विना समत्वमारब्धे ध्याने स्वात्मा विडम्ब्यते ।।११२।।**

**શ્લોકાર્થ :-**

**હવે, સમત્વનું અવલંબન કરીને યોગી ધ્યાનનો આશ્રય કરે. સમત્વ વિના આરંભ કરાયેલા ધ્યાનમાં સ્વઆત્મા વિડંબના પામે છે. ।।૧૧૨।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે પ્રતિદિન દૃઢ યત્નપૂર્વક બાર ભાવનાઓથી આત્માને વાસિત કરીને નિર્મમ ચિત્તવાળા બને છે, નિર્મમ ચિત્તવાળા થયા પછી જગતના સર્વ ભાવો પ્રત્યે સમભાવની પરિણતિવાળું ચિત્ત થાય તેવો દૃઢ યત્ન કરે છે અને જ્યારે તે મહાત્માઓને જણાય છે કે હવે જગતના બાહ્ય પદાર્થો મારા ચિત્ત ઉપર કોઈ અસર કરે તેમ નથી અને પોતે કષાયોથી અનાકુળ થઈને સુખપૂર્વક ભગવાનના વચનમાં સૂક્ષ્મ બોધરૂપ શ્રુતરૂપી દીપકને આત્મામાં પ્રગટ કરી શકે છે તે મહાત્મા પોતાના ચિત્તમાં સમભાવનું દૃઢ આલંબન લઈને ધ્યાનયોગનો આશ્રય કરે છે અર્થાત્ સર્વકર્મથી રહિત એવા શુદ્ધ આત્મામાં પારમાર્થિક સ્વરૂપને શ્રુતચક્ષુ દ્વારા જોવા માટે દૃઢઉપયોગ પ્રવર્તે તે રીતે યોગ્ય દેશમાં, ઉચિત આસનમાં બેસીને ધ્યાન દ્વારા એવા શુદ્ધ આત્માને પ્રગટ કરવા યત્ન કરે છે. વળી, જે જીવો આત્માને ભાવનાઓથી ભાવિત કરીને સમભાવને પ્રાપ્ત કરી શક્યા નથી છતાં મોક્ષની પ્રાપ્તિ અર્થે ધ્યાન કારણ છે માટે હું ધ્યાનમાં યત્ન કરું તેવો નિર્ણય કરીને એકાંતમાં બેસીને કાયોત્સર્ગાદિ મુદ્રામાં રહીને ધ્યાનમાં જવા યત્ન કરે છે તેઓ સમભાવની પરિણતિ વગરના હોવાથી તે પ્રકારની ધ્યાનની ક્રિયા દ્વારા કોઈ વસ્તુની પ્રાપ્તિ કરી શકતા નથી પરંતુ પોતે ધ્યાન કરે છે તે પ્રકારના મિથ્યા આશ્વાસનને પ્રાપ્ત કરીને પોતાના આત્માને વિડંબિત કરે છે. **॥૧૧૨॥**

**અવતરણિકા :-**

**સમત્વનું અવલંબન લઈને યોગી ધ્યાનનો આશ્રય કરે છે તેમ પૂર્વમાં કહ્યું તેને જ કહે છે –**

**શ્લોક :-**

**मोक्षः कर्मक्षयादेव स चात्मज्ञानतो भवेत् ।**
**ध्यानसाध्यं मतं तच्च तद् ध्यानं हितमात्मनः ।।११३।।**

**શ્લોકાર્થ :-**

**મોક્ષ કર્મક્ષયથી જ થાય છે અને તે કર્મક્ષય આત્મજ્ઞાનથી થાય છે અને તે=આત્મજ્ઞાન, ધ્યાનસાધ્ય મનાયું છે=ધ્યાનથી પ્રાપ્ત કરી શકાય એમ મનાયું છે, તે કારણથી ધ્યાન આત્માનું હિત છે. ।।૧૧૩।।**

**ભાવાર્થ :-**

આત્માની સુંદર અવસ્થા સિદ્ધઅવસ્થા છે અને જીવ અજ્ઞાનને કારણે તે સુંદર અવસ્થાનો અર્થી થતો નથી અને કર્મજન્ય મૂઢતાને કારણે અસુંદર અવસ્થારૂપ સંસારની વિડંબનાને પામે છે. હવે, કોઈક રીતે નિર્મમ થયેલી બુદ્ધિવાળા જીવો સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા બને છે ત્યારે સિદ્ધઅવસ્થા જ સુંદર છે તેવું જ પ્રતિભાસમાન થવાથી મોક્ષના અર્થી બને છે. આ મોક્ષ કર્મના ક્ષયથી જ થાય છે અર્થાત્ આત્માના સ્વરૂપને આવરણ કરાનારાં એવાં કર્મોના ક્ષયથી જ થાય છે અને કર્મોનો ક્ષય કર્મ રહિત એવા

શુદ્ધ આત્માના જ્ઞાનથી થાય છે અને શુદ્ધ આત્માનું જ્ઞાન શ્રુતઅધ્યયન આદિથી થાય છે તોપણ સંપૂર્ણ ક્ષયનું કારણ બને એવું આત્મજ્ઞાન શ્રુતઅધ્યયનથી થતું નથી પરંતુ ધ્યાનથી સાધ્ય છે. શ્રુતઅધ્યયનથી પ્રાથમિક કક્ષાનું આત્માના સ્વરૂપનું જ્ઞાન થયા પછી મહાત્માઓ સંસારની મોહજનક પ્રવૃત્તિના ઉચ્છેદ અર્થે સંયમની પ્રવૃત્તિઓ કરે છે. સંયમની પ્રવૃત્તિકાળમાં વિશેષ-વિશેષ શ્રુતઅધ્યયન કરે છે અને શ્રુતઅધ્યયનથી આત્માને ભાવિત કર્યા પછી જ્યારે ચિત્ત જગતના ભાવોથી અત્યંત વિમુખ બને છે ત્યારે જગતના ભાવો પ્રત્યે સમભાવવાળા બને છે. આવા સમભાવવાળા મુનિ આત્માના મૂળ સ્વરૂપને પ્રગટ કરવા શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપનું ધ્યાન કરે છે અને તે ધ્યાનથી ઉત્તરોત્તર વિશદ-વિશદતર ધ્યાન થાય છે અને અંતે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે અરૂપી એવો શુદ્ધ આત્મા પ્રત્યક્ષ થાય છે. તેવા શુદ્ધ આત્માના ધ્યાનથી મહાત્મા યોગનિરોધ કરીને સર્વકર્મનો ક્ષય કરે છે તેથી ધ્યાન સાધ્ય શુદ્ધ આત્માનું જ્ઞાન કહેવાયું છે. આ રીતે આત્માનું હિત ધ્યાન છે માટે ધ્યાનના અર્થી જીવે ધ્યાનના ઉપાયભૂત સામ્યભાવને પ્રગટ કરવો જોઈએ અને સામ્યભાવની પ્રાપ્તિ અર્થે નિર્મમ થવું જોઈએ અને નિર્મમ થવા માટે જ પૂર્વમાં બતાવેલી બાર ભાવનાઓથી આત્માને અત્યંત ભાવિત કરવો જોઈએ જેથી ધ્યાનની પ્રાપ્તિથી ક્રમસર મોક્ષની પ્રાપ્તિ થાય. **॥૧૧૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૧૧માં અર્થની પ્રાપ્તિ અને અનર્થનો પરિહાર સામ્યનું ફળ કહેવાયું. વળી, શ્લોક-૧૧૩માં ધ્યાનનું ફળ આત્મહિતત્વ કહેવાયું. હવે, સામ્ય અને ધ્યાનમાં કોનું પ્રધાનપણું છે તેનો ઉત્તર આપતાં કહે છે – સામ્ય અને ધ્યાન બંનેનું મોક્ષપ્રાપ્તિમાં પ્રધાનપણું છે; કેમ કે બંનેનું એકબીજા સાથે નાંતરીયકપણું છે=અવિનાભાવિપણું છે, એને જ ગ્રંથકારશ્રી બતાવે છે –**

**ભાવાર્થ :-**

જીવનો અંતરંગ અગ્નિ રાગદ્વેષરૂપ કષાય છે તેને સામ્ય શાંત કરે છે તેમ શ્લોક-૧૧૧માં બતાવીને સામ્યથી અનર્થનો પરિહાર થાય છે તેમ બતાવ્યું. વળી, સામ્યથી સદ્બોધરૂપ દીપક પ્રગટે છે તે સામ્યનું ઉત્તમફળ છે તેમ બતાવ્યું. આથી આત્મકલ્યાણમાં સામ્ય પ્રધાન છે તેવી બુદ્ધિ થાય અને શ્લોક-૧૧૩માં કહ્યું કે ધ્યાન આત્માનું હિત છે તેથી આત્મકલ્યાણમાં ધ્યાનની પ્રધાનતા છે તેવો બોધ થાય. અહીં વિચારકને શંકા થાય કે આત્મકલ્યાણ માટે સાક્ષાત્ કારણ સામ્ય છે કે ધ્યાન છે ? તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે – ધ્યાન અને સામ્ય બંનેનું આત્મહિત સાધવામાં પ્રધાનપણું છે; કેમ કે ધ્યાન એ આત્મહિત અનુકૂળ વ્યાપારરૂપ છે અને તેનાથી આત્મામાં તત્કાળ વિશેષ સામ્ય પેદા થાય છે અને ધ્યાનને અનુકૂળ વ્યાપાર પેદા કરવામાં પૂર્વ પૂર્વનું સામ્ય કારણ બને છે તેથી ધ્યાન અને સામ્ય બંને એકબીજા સાથે પરસ્પર કાર્યકારણ ભાવરૂપે જોડાયેલાં છે અને બંને આત્મહિતનું કારણ છે એને જ ગ્રંથકારશ્રી શ્લોક-૧૧૪માં બતાવે છે –

**શ્લોક :-**

**न साम्येन विना ध्यानं न ध्यानेन विना च तत् ।**
**निष्कम्पं जायते तस्माद् द्वयमन्योन्यकारणम् ।।११४।।**

**શ્લોકાર્થ :-**

**સામ્ય વગર ધ્યાન નથી અને ધ્યાન વગર તે=સામ્ય, નિષ્કંપ થતો નથી. તે કારણથી બંને અન્યોન્ય કારણ છે. ।।૧૧૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે ધ્યાનના અર્થીએ સામ્યભાવમાં યત્ન કરવો જોઈએ કેમ કે સામ્યભાવથી જ ધ્યાન પ્રગટે છે. અહીં જિજ્ઞાસા થાય કે સામ્યભાવ પ્રકર્ષને પામીને જ વીતરાગતામાં વિશ્રાંત થનાર છે તેથી ધ્યાન દ્વારા સામ્ય સાધ્ય છે કે સામ્ય દ્વારા ધ્યાન સાધ્ય છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે – ભાવનાઓથી આત્માને ભાવિત કરીને જે સામ્યભાવ પ્રાપ્ત કરે છે તે પ્રાથમિક ભૂમિકાનો સામ્યભાવ છે પરંતુ નિષ્કંપ સ્થિરભાવને પામેલો સામ્યભાવ નથી. આથી જ ભાવનાઓથી ભાવિત થયેલા મહાત્માઓ ક્ષણભર જગતના બાહ્ય પદાર્થો પ્રત્યે સામ્યભાવવાળા થાય છે અને તે સામ્યભાવ ભાવનાઓના બળથી આત્મામાં પ્રવર્તતો હોય છે તોપણ જીવની પ્રકૃતિરૂપે સ્થિર થયેલ નથી અને સામ્યભાવને જીવની પ્રકૃતિરૂપે સ્થિર કરવા અર્થે મહાત્માઓ ધ્યાનમાં યત્ન કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે પ્રાથમિક ભૂમિકાનું સામ્ય ભાવનાઓથી પ્રાપ્ત થાય છે અને તેવા સામ્યભાવની પ્રાપ્તિ વગર ધ્યાનમાં યત્ન થતો નથી અને તેથી ભાવનાઓથી સામ્યભાવને પ્રાપ્ત કર્યા પછી મુનિઓ ધ્યાનમાં ઉદ્યમ કરે છે. તે ધ્યાનના બળથી જેમ જેમ સામ્યભાવ સ્થિર થતો જાય છે તેમ તેમ ઉત્તરોત્તરના વિશુદ્ધ ધ્યાનના બળથી પૂર્વ પૂર્વ કરતાં વિશુદ્ધ-વિશુદ્ધતર સામ્યભાવ પ્રગટે છે. આ રીતે ધ્યાન દ્વારા સામ્યભાવની વૃદ્ધિ થાય છે અને વૃદ્ધિ પામેલા સામ્યભાવના બળથી વિશુદ્ધ ધ્યાનની પ્રાપ્તિ થાય છે અને તેના બળથી મહાત્મા ક્ષપકશ્રેણી પર આરોહણ કરીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે તેથી સામ્ય અને ધ્યાન વચ્ચે પરસ્પર કાર્ય-કારણભાવ વર્તે છે. **।।૧૧૪।।**

**અવતરણિકા :-**

**પૂર્વમાં સામ્યનું સ્વરૂપ વ્યાખ્યાન કરાયું. હવે, ધ્યાનનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**मुहूर्त्तान्तर्मनःस्थैर्यं ध्यानं छद्मस्थयोगिनाम् ।**
**धर्म्यं शुक्लं च तद् द्वेधा योगरोधस्त्वयोगिनाम् ।।११५।।**

**શ્લોકાર્થ :-**

**છદ્મસ્થયોગીઓનું મુહૂર્ત અંતર્=અંતર્મુહૂર્ત, મનનું સ્થૈર્ય ધ્યાન કહેવાય છે અને તે=ધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન એમ બે પ્રકારે છે. વળી, અયોગી કેવલીનું ધ્યાન યોગનિરોધ છે. ।।૧૧૫।।**

**ભાવાર્થ :-**

છદ્મસ્થ યોગીઓ અંતર્મુહૂર્ત સુધી મનને સ્થિર કરે તે ધ્યાન કહેવાય છે અને તે ધ્યાન બે ભેદવાળું છે, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. આનાથી એ પ્રાપ્ત થાય કે છદ્મસ્થ અવસ્થાવાળા યોગીઓ ભાવનાઓથી ભાવિત થઈને જગતના ભાવો પ્રત્યે નિર્મમ બને ત્યારે તેઓમાં પ્રાથમિક સામ્યભાવ પ્રગટે છે અને તે સામ્યભાવના બળથી તેઓ સ્વભૂમિકા અનુસાર ઉચિત સ્થાનમાં ઉચિત મુદ્રાથી બેસીને દશ પ્રકારના યતિધર્મના સ્વરૂપમાં સૂક્ષ્મદૃષ્ટિથી ઉપયુક્ત થઈને તેમાં તન્મયભાવને પામે ત્યારે એકાગ્રતારૂપ અંતર્મુહૂર્ત સુધી જે મનનું સ્થૈર્ય છે તે ધ્યાન છે અને તે ધ્યાનના બળથી પૂર્વમાં જે દશ પ્રકારના યતિધર્મના સેવનથી ભાવો આત્મામાં પ્રગટ થયેલા તે અતિશય પ્રકર્ષવાળા બને છે તેથી દશ પ્રકારના યતિધર્મના સેવનકાળમાં જે સામ્યભાવ હતો તે સામ્યભાવ દશ પ્રકારના યતિધર્મના વિષયક ધ્યાનથી અતિશય-અતિશયતર બને છે તેથી દશ પ્રકારનો યતિધર્મ પોતાના ચિત્તમાં સ્થિર-સ્થિરતર અવસ્થાને પામે છે.

વળી, આ પ્રકારના ધર્મધ્યાનના બળથી નિર્મળ એવું શુક્લધ્યાન પ્રગટે છે અર્થાત્ મોહના સર્વ તરંગોથી રહિત શુદ્ધ આત્મા જે કેવળજ્ઞાનનો વિષય છે અને છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી છતાં છદ્મસ્થના જ્ઞાનથી કંઈક શુદ્ધ આત્માનું સ્વરૂપ જેમાં દેખાય છે તેમાં એકાગ્રતાના પરિણામ સ્વરૂપ શુક્લધ્યાન પ્રગટે છે જે શુક્લધ્યાન સર્વકર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિનું કારણ બને છે. વળી, અયોગીકેવળીનું આ શુક્લધ્યાન યોગનિરોધ સ્વરૂપ છે તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તેરમા ગુણસ્થાનકના અંતે કેવળી યોગનિરોધનો પ્રારંભ કરે છે ત્યારે ત્રીજું શુક્લધ્યાન પ્રગટે છે અને યોગનિરોધકાળમાં નિર્મળકોટિનું ચોથું શુક્લધ્યાન પ્રગટે છે જે સર્વકર્મના ક્ષયનું કારણ બને છે અને મુક્તિની પ્રાપ્તિ કરાવે છે. આનાથી એ પ્રાપ્ત થાય કે આદ્યભૂમિકાવાળા યોગી ધર્મધ્યાનમાં ઉદ્યમ કરે છે અને ધર્મધ્યાનના બળથી જ ક્યારેક ક્યારેક કંઈક કંઈક અંશથી શુક્લધ્યાન પણ પ્રાપ્ત થાય છે અને જ્યારે તે યોગી ક્ષપકશ્રેણી ઉપર આરોહણ કરે છે ત્યારે શુદ્ધ આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયના ભેદના ચિંતવનરૂપ શુક્લધ્યાનના પ્રથમ પાયાને પ્રાપ્ત કરે છે. ત્યાર પછી શુદ્ધ આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયના અભેદના ચિંતવનરૂપ શુક્લધ્યાનના બીજા પાયાને પ્રાપ્ત કરે છે. આ બે ભેદવાળું શુક્લધ્યાન છદ્મસ્થને હોય છે અને કેવળી થયા પછી તેરમા ગુણસ્થાનકના અંતે ત્રીજા શુક્લધ્યાનનો પ્રારંભ કરે છે અને ચૌદમા ગુણસ્થાનકે ચોથા પ્રકારનું શુક્લધ્યાન પ્રગટે છે જેનાથી સર્વકર્મોનો ક્ષય થાય છે. આ રીતે ધ્યાનથી સર્વકર્મનો નાશ થાય છે માટે ધ્યાન આત્મા માટે હિતરૂપ છે. **॥૧૧૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૬૧માં કહ્યું કે છદ્મસ્થને અંતર્મુહૂર્ત સુધી મનઃસ્થૈર્યરૂપ ધ્યાન પ્રાપ્ત થાય છે તેથી હવે તેવા ધ્યાન કરનારા છદ્મસ્થ યોગીઓને અંતર્મુહૂર્તકાળ સુધી ધ્યાન કર્યા પછી શું થાય તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે —**

**શ્લોક :-**

**मुहूर्त्तात् परतश्चिन्ता यद्वा ध्यानान्तरं भवेत् ।**
**बह्वर्थसंक्रमे तु स्याद्दीर्घाऽपि ध्यानसंततिः ।।११६।।**

**શ્લોકાર્થ :-**

**એક મુહૂર્ત પછી ચિંતા પ્રગટે છે અથવા ધ્યાનાંતર થાય છે. વળી, બહુઅર્થ સંક્રમ થયે છતે દીર્ઘ પણ ધ્યાનની સંતતિ થાય છે. ॥૧૧૬॥**

**ભાવાર્થ :-**

છદ્મસ્થોનો જ્ઞાનના ઉપયોગોનો ઉત્કૃષ્ટકાળ એક મુહૂર્ત છે. એક વિષયમાં તેનાથી અધિક ઉપયોગ રહી શકતો નથી. આવા છદ્મસ્થયોગીઓ મોહના ઉન્મૂલન અર્થે ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં ઉદ્યમ કરે છે ત્યારે સામ્યભાવના સહકારના બળથી એક મુહૂર્ત સુધી સ્વભૂમિકા અનુસાર ધર્મધ્યાનમાં કે શુક્લધ્યાનમાં એક પદાર્થ વિષયક સ્થિરતાથી યત્ન કરે છે. જેમ દશ પ્રકારના યતિધર્મમાંથી કોઈ એક યતિધર્મને સૂક્ષ્મબુદ્ધિથી અવલોકન કરવા માટે ઉપયોગ પ્રવર્તતો હોય તો તે યતિધર્મ ઉપર સ્થિર થયેલું ચિત્ત એક અંતર્મુહૂર્ત સુધી ધર્મધ્યાનમાં રહે છે ત્યાર પછી તે જ વસ્તુ ઉપર દીર્ઘકાળ સુધી એકાગ્રતા રહી શકતી નથી તેથી તે પદાર્થ ઉપર ચિંતવન પ્રગટ થઈ શકે છે.

ચિંતવનકાળમાં દર્શન ઉપયોગ અને જ્ઞાન ઉપયોગનો પ્રવાહ ચાલે છે જ્યારે ધ્યાનકાળમાં અવિચ્યુતિરૂપ ધારણાનો ઉપયોગ પ્રવર્તે છે જે ધ્યાનના ઉપયોગથી તે તે ધ્યાનના વિષયભૂત આત્માનો ગુણ આત્મામાં પ્રકર્ષવાળો થાય છે ત્યારે સમભાવની વૃદ્ધિ થાય છે. જેમ દશ પ્રકારના યતિધર્મમાંથી ક્ષમાગુણ પ્રત્યે ચિત્ત અત્યંત સ્થિરભાવ પામે તો અંતર્મુહૂર્તના ધ્યાનના બળથી તે મહાત્મામાં ક્ષમાગુણ પૂર્વ કરતાં પ્રકર્ષવાળો પ્રગટે છે જેથી સમભાવની વૃદ્ધિ થાય છે. વળી, ચિંતવનકાળમાં કોઈક ગુણ વિષયક શુભ ચિંતવન ચાલતું હોય તોપણ એકાગ્રતા નહીં હોવાથી તે તે ગુણોની વૃદ્ધિ અલ્પમાત્રમાં થાય છે છતાં એક મુહૂર્ત ધ્યાન કર્યા પછી ફરી અન્ય કોઈક ગુણવિષયક ચિત્તને સ્થિર કરવાની શક્તિ જે મહાત્માની નથી તેઓ અંતર્મુહૂર્ત ધ્યાન કર્યા પછી ચિંતામાં વર્તે છે અને જેઓએ પ્રચુર પ્રમાણમાં સમભાવનો સંચય કર્યો છે તેઓનું ચિત્ત સામ્યભાવના બળથી એકધ્યાન કર્યા પછી અન્ય ધ્યાનનો આશ્રય કરે છે અર્થાત્ ક્ષમાભાવ ઉપર સ્થિર કરેલા ચિત્તને અંતર્મુહૂર્ત પછી માર્દવાદિ અન્યગુણોનું અવલંબન લઈને ચિત્ત સ્થિર કરવા યત્ન કરે છે. જેથી તે માર્દવગુણનું સ્વરૂપ અવગ્રહ, ઈહા, અપાયના ક્રમથી અવિચ્યુતિ ધારણાને પ્રાપ્ત કરે તો તે ગુણો પર પણ ચિત્ત સ્થિર થવાથી પ્રથમધ્યાન પછી બીજું ધ્યાન પ્રાપ્ત થાય છે.

વળી, આ રીતે કોઈ મહાત્મા એકધ્યાન પછી તરત બીજા ધ્યાનને પ્રાપ્ત કરે તો ઘણા અર્થોના સંક્રમણોવાળા દીર્ઘકાળ સુધી પણ ધ્યાનની સંતતિ તે મહાત્માને પ્રાપ્ત થાય છે અને તે ધ્યાનના બળથી તે મહાત્મા તે તે ગુણને આત્મામાં અતિશયિત, અતિશયિતતર કરીને વીતરાગતાને આસન્ન-આસન્નતર થાય તેવી ઉત્તમ પરિણતિને પ્રાપ્ત કરે છે તેથી ધ્યાનના અર્થીએ ધ્યાનના ઉપાયરૂપ સામ્યભાવમાં ઉદ્યમ કરવો જોઈએ અને સામ્યભાવની પ્રાપ્તિના અર્થે પૂર્વમાં વર્ણન કરાયેલી બાર ભાવનાઓનું અત્યંત સૂક્ષ્મ અવલોકનપૂર્વક ભાવન કરવું જોઈએ. ભાવનાઓના બળથી નિર્મમ થયેલું ચિત્ત સામ્યભાવને પ્રાપ્ત કરે છે અને પ્રાપ્ત થયેલા સામ્યભાવના બળથી તે મહાત્મા ધ્યાન ઉપર આરૂઢ થઈ શકે છે અને શક્તિસંચય થાય તો દીર્ઘકાળ સુધી ધ્યાનની સંતતિ પ્રાપ્ત કરીને શુક્લધ્યાનના પ્રથમના બે પાયાને પ્રાપ્ત કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. **॥૧૧૬॥**

**અવતરણિકા :-**

**અને એક મુહૂર્તનું પ્રથમ ધ્યાન સમાપ્ત થાય ત્યારે અન્ય આલંબનના વિષયમાં ધ્યાનની વૃદ્ધિ માટે યોગીઓ ધ્યાનભાવના કરે. કઈ રીતે ધ્યાનભાવના કરે તેને જ બતાવે છે –**

**શ્લોક :-**

**मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि नियोजयेत् ।**
**धर्म्यध्यानमुपस्कर्तुं तद्धि तस्य रसायनम् ।।११७।।**

**શ્લોકાર્થ :-**

**મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવનાઓ નિયોજન કરવી જોઈએ=ધ્યાનના અર્થી મહાત્માએ ચિત્તમાં આ ચાર ભાવનાનું ભાવન કરીને સ્થિર કરવી જોઈએ. હિ=જે કારણથી, તે=મૈત્ર્યાદિભાવનાઓનું ચિત્તમાં નિયોજન, ધર્મધ્યાનના ઉપસ્કાર માટે=તૂટેલા ધર્મધ્યાનને ફરી આત્મામાં યોજન કરવા માટે તેનું=જરાથી જર્જરિત થયેલા શરીરની જેમ તૂટેલા ધ્યાનનું, રસાયન છે. ।।૧૧૭।।**

**ભાવાર્થ :-**

ધર્મધ્યાનની પ્રાપ્તિ થયા પછી પ્રથમ ધ્યાન સમાપ્ત થયા પછી ફરી ધર્મધ્યાનની પ્રાપ્તિ જે મહાત્માને થઈ ન શકતી હોય તો તેના માટે તે મહાત્માએ શું કરવું જોઈએ તે બતાવવા અર્થે કહે છે – જેમ કોઈનું શરીર જરાથી જર્જરિત થઈ ગયું હોય તો તે શરીરને ફરી કંઈક સમર્થ કરવા અર્થે સંસારી જીવ રસાયનનો પ્રયોગ કરે છે જેના બળથી તેમનું શરીર કંઈક સમર્થ બને છે. આ રીતે ધર્મધ્યાનની ત્રુટિત અવસ્થાનું ફરી સંધાન કરવા માટે રસાયન જેવી મૈત્રી આદિ ચાર ભાવનાઓથી આત્માને ભાવિત કરવો જોઈએ; કેમ કે મૈત્ર્યાદિ ભાવનાથી ભાવિત થયેલું ચિત્ત વિશેષ પ્રકારના સામ્યભાવને પ્રાપ્ત કરે છે જેના બળથી ફરી ધર્મધ્યાન પ્રગટે છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ શરીરનું બળ એ શરીરની સુંદરઅવસ્થા છે તેમ આત્માનો સામ્યભાવ આત્માની સુસ્વસ્થ અવસ્થા છે અને તે અવસ્થાની પ્રાપ્તિનું પ્રબળ કારણ મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ છે.

સંસારી જીવ જગતના જીવો સાથે આ સ્વકીય છે, આ પરકીય છે, આ મિત્ર છે, આ શત્રુ છે ઇત્યાદિ બુદ્ધિથી પ્રવૃત્તિ કરે છે જ્યારે મહાત્માઓ વિચારે છે કે જેવો મારો આત્મા છે તેવો જ દરેકનો આત્મા છે અને મારે મારા આત્માની જેમ સર્વ જીવોની હિતચિંતા કરવી જોઈએ, કોઈ જીવો પ્રત્યે પક્ષપાતબુદ્ધિ કરવી જોઈએ નહીં. આ રીતે જગતના જીવ માત્ર પ્રત્યે મિત્રભાવની બુદ્ધિ ધારણ કરીને જે જીવોનું જે રીતે પોતે હિત કરી શકે તે રીતે તે તે જીવોના હિતને અનુકૂળ ઉચિત યત્ન કરે તેવું નિર્મળ ચિત્ત તૈયાર કરે છે. વળી, પોતાનાથી અધિક ગુણવાળા જીવોના ગુણને જોઈને પ્રમોદભાવના કરે છે અને તે પ્રમોદભાવનાને અનુરૂપ ગુણવાનની ઉચિત ભક્તિ કરે છે. વળી, દુ:ખી જીવો પ્રત્યે કરુણાભાવના કરે છે અને અયોગ્ય જીવોની

અયોગ્યતા કે તેઓના અનુચિત વર્તનને જોઈને પણ તેઓ પ્રત્યે દ્વેષ ન થાય પરંતુ માધ્યસ્થ્યભાવ રૂપ ઉપેક્ષા રહે તે પ્રકારે આત્માને ભાવિત કરે છે. આ રીતે સર્વ જીવો સાથે ઉચિત પ્રવૃત્તિ કરવા સ્વરૂપ સામ્યભાવવાળું તે મહાત્માનું ચિત્ત બનવાથી ફરી તે મહાત્માનું ચિત્ત ધર્મધ્યાનમાં વ્યાપારવાળું થઈ શકે છે. **॥૧૧૭॥**

**અવતરણિકા :-**

**ધર્મધ્યાનમાં જવા માટે ઉપકારક મૈત્રીભાવનાનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**मा कार्षीत् कोऽपि पापानि मा च भूत् कोऽपि दुःखितः ।**
**मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ।।११८।।**

**શ્લોકાર્થ :-**

**કોઈ જીવ પાપ ન કરે, કોઈપણ જીવ દુઃખિત ન થાય અને જગત પણ કર્મોથી મુક્ત થાય આ પ્રકારની મતિ મૈત્રી કહેવાય છે. ॥૧૧૮॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માને સંસારઅવસ્થા જીવની વિડંબણા અવસ્થા દેખાય છે, મુક્ત અવસ્થા જીવની સુંદર અવસ્થા દેખાય છે, કર્મોના બંધનથી બંધાયેલા જીવો સંસારમાં અનેક પ્રકારની કદર્થનાઓના કારણે દુઃખિત દેખાય છે અને દુઃખિત હોવા છતાં અનેક પ્રકારનાં પાપો કરીને દુઃખની પરંપરાને પ્રાપ્ત કરતા દેખાય છે તેવા જીવો પ્રત્યે પોતાને મૈત્રીભાવ પ્રગટે તે અર્થે વિચારે છે – જગતના કોઈપણ જીવો અંતરંગ સંક્લેશની પ્રાપ્તિરૂપ પાપો કરે નહીં; કેમ કે તે પાપોથી જ તેઓને દુઃખની પરંપરાની પ્રાપ્તિ થાય છે. વળી, 'જગતના જીવો જે દુઃખોની પરંપરાને પ્રાપ્ત કરી રહેલા છે તેવાં દુઃખોને તે જીવો પ્રાપ્ત ન કરો' એવા ઉત્તમભાવથી આત્માને ભાવિત કરે છે અને વિચારે છે કે જગતના જીવો વિવેકસંપન્ન થઈને કર્મથી મુક્ત થાય તો સારું. આ પ્રકારે જગતના જીવોની હિતચિંતારૂપ મૈત્રીભાવ કરીને મહાત્મા પોતાના આત્માને સર્વ જીવો પ્રત્યે તુલ્ય બુદ્ધિવાળા કરવા અર્થે યત્ન કરે છે. આનાથી પોતાનામાં સામ્યભાવ ઉલ્લસિત થાય જે સામ્યભાવ ફરી ધર્મધ્યાનની પ્રાપ્તિમાં કારણ બને છે. **॥૧૧૮॥**

**અવતરણિકા :-**

**હવે પ્રમોદભાવનાનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**अपास्ताशेषदोषाणां वस्तुतत्त्वावलोकिनाम् ।**
**गुणेषु पक्षपातो यः स प्रमोदः प्रकीर्तितः ।।११९।।**

**શ્લોકાર્થ :-**

**દૂર કર્યા છે સર્વ દોષો અને વસ્તુતત્ત્વને જોનારા એવા મહાત્માઓના ગુણોમાં જે પક્ષપાત, તે પ્રમોદ કહેવાયો છે. ।।૧૧૯।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ જગતના પદાર્થોને યથાર્થ અવલોકન કરનારા છે તેથી જન્મ, જરા, મરણ, રોગ, શોકથી આક્રાંત આ સંસાર છે એવું તેમને દેખાય છે અને આવા સંસારની નિષ્પત્તિનું કારણ તત્ત્વના વિષયમાં મૂઢતા છે તેથી મોહથી મૂઢ થયેલા જીવો અનર્થકારી એવા સંસારની વૃદ્ધિના ઉપાયોને સેવીને વિડંબના પામે છે. તે પ્રકારે યથાર્થ તત્ત્વને જાણીને સંસારના ઉચ્છેદના અર્થી એવા તે મહાત્માઓ પોતાના જીવનમાં સર્વ દોષોને દૂર કરીને સ્વભૂમિકા અનુસાર દશવિધ યતિધર્મના સ્વરૂપથી આત્માને ભાવિત કરીને પ્રતિદિન તે ગુણવૃદ્ધિમાં યત્ન કરનારા છે. આવા મહાત્માઓના ગુણોમાં જે પક્ષપાત વર્તે છે તે પ્રમોદભાવના છે અર્થાત્ ગુણસંપન્ન એવા યોગીઓ પ્રત્યે જેઓના ચિત્તમાં પ્રમોદભાવ થાય છે તેઓ સદા તેવા ગુણવાન પુરુષોના ગુણોનું સ્મરણ કરીને તેઓની ભક્તિ આદિ કરીને પોતાનો પ્રમોદભાવ વૃદ્ધિ કરે છે તે પ્રમોદભાવના છે. **।।૧૧૯।।**

**અવતરણિકા :-**

**કારુણ્યભાવનાનું સ્વરૂપ કહે છે –**

**શ્લોક :-**

**दीनेष्वार्त्तेषु भीतेषु याचमानेषु जीवितम् ।**
**प्रतीकारपरा बुद्धिः कारुण्यमभिधीयते ।।१२०।।**

**શ્લોકાર્થ :-**

**દીન જીવોમાં=તત્ત્વની પ્રાપ્તિ થઈ નથી તેવા અવિવેકવાળા દીન જીવોમાં, આર્ત્ત જીવોમાં=સંસારના ભોગોની લાલસાથી અંતરંગ રીતે પીડાતા એવા આર્ત્ત જીવોમાં, ભયવાળા જીવોમાં=અનેક પ્રકારના દુઃખની પીડાને કારણે અનાથ અશરણ એવા જીવોમાં અને જીવિતની યાચના કરતા=શત્રુ આદિથી કે રોગ આદિથી પીડિત હોવાને કારણે પોતાના રક્ષણની યાચના કરતા જીવોમાં, પ્રતિકારમાં તત્પર એવી બુદ્ધિ=તેઓના અનર્થોના નિવારણની બુદ્ધિ, કારુણ્ય કહેવાય છે. ।।૧૨૦।।**

**ભાવાર્થ :-**

આત્મામાં કઠોરભાવથી વિપરીત ઉચિત મૃદુભાવને નિષ્પન્ન કરવાનો પરિણામ તે કરુણાભાવ છે અને તે કરુણાના વિષયભૂત જીવો દીન, આર્ત્ત, ભય પામેલા અને જીવિતની યાચના કરનારા છે. તેવા જીવોમાં તેઓનાં દુઃખ દૂર કરવાને અનુકૂળ આત્મામાં વર્તતો પરિણામ તે કરુણા છે. જેમ જગતમાં કેટલાક જીવો મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન કે વિભંગજ્ઞાનના બળથી કુશાસ્ત્ર પ્રવર્તાવે છે, જૈન દર્શનમાં રહેલા પણ સ્વમતિ

અનુસાર ભગવાનનાં વચનોનો યથાતથા અર્થ કરે છે તેઓ તે પ્રકારની પ્રવૃત્તિ દ્વારા પોતાનો નાશ કરે છે અને વિપરીત ઉપદેશ આપીને અન્ય જીવોનો પણ નાશ કરે છે. આવા જીવો દયાનું સ્થાન હોવાથી દીન છે અને તેઓની કર્મજન્ય તેવી સ્થિતિ જોઈને તેઓ પ્રત્યે પણ દ્વેષ કરવાથી પાપ બંધાય છે. મહાત્માઓ પોતાના કઠોરભાવના પરિહાર અર્થે તેઓની તેવી અનુચિત પ્રવૃત્તિ જોઈને પણ તેઓ પ્રત્યે કરુણાવાળા થાય છે અને વિચારે છે કે શું કરવાથી તેઓની આ વિપરીત બુદ્ધિનો નાશ થાય અને આ રીતે વિપરીત પ્રવૃત્તિ કરીને પોતાના આત્માનું જે અહિત કરી રહ્યા છે તેનાથી તેઓનું રક્ષણ થાય.

વળી, કેટલાક જીવો સંસારમાં નવા નવા વિષયો પ્રાપ્ત કરવા અને પૂર્વના પ્રાપ્ત કરાયેલા વિષયોમાં ભોગવિલાસરૂપ અગ્નિથી સતત અંતતાપવાળા છે તેથી આર્ત્તપરિણામવાળા છે પરંતુ પોતાનું હિત શું અહિત શું તેનો વિચાર કરનારા નથી અને સતત ધનઅર્જન આદિ કૃત્યોમાં જ વ્યગ્ર રહે છે. આવા જીવો અંતરંગ કષાયોથી પીડિત હોવાથી આર્ત્તપરિણામવાળા છે. તેવા આર્ત્ત જીવોમાં પોતાના હિતાહિતનો વિવેક પ્રગટે એ પ્રકારની બુદ્ધિ કરીને મહાત્માઓ તેવા જીવો પ્રત્યે પણ દ્વેષ કરતા નથી પરંતુ કરુણા જ કરે છે તે કરુણાભાવના છે.

વળી, કેટલાક જીવો સંસારમાં અનેક પ્રકારની દુઃખોની પીડાને કારણે પીડિત હોવાથી અને અનાથ, કૃપણ આદિ ભાવોથી હંમેશાં ભય પામતા હોય છે તેવા જીવોને પણ તે પીડામાંથી મુક્ત કરાવીને તેઓના ચિત્તની સ્વસ્થતા કઈ રીતે થાય તેવા પ્રકારની નિર્મળબુદ્ધિ મહાત્માઓ કરે છે જે કરુણાભાવના છે.

વળી, કેટલાક જીવો શત્રુઓથી ઉપદ્રવવાળા હોય કે રોગથી અત્યંત પીડિત હોવાથી જીવિતની યાચના કરતા હોય છે તેવા જીવો પ્રત્યે પણ તેઓનાં દુઃખ દૂર કરીને તેઓને કઈ રીતે સ્વસ્થતા પ્રાપ્ત થાય તેની ઉચિત વિચારણા કરનારા મહાત્માને કરુણાભાવના વર્તે છે અને જે મહાત્માઓ આ રીતે પ્રતિદિન કરુણાભાવનાથી ચિત્તને ભાવિત રાખે છે તેઓમાં હંમેશાં નિર્મળમતિવાળું શ્રુતજ્ઞાન વર્તે છે; કેમ કે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાનવાળા જીવો પ્રત્યે પણ તેઓને કરુણા છે તેથી પોતાને પણ સમ્યગ્જ્ઞાન પ્રત્યેનો પક્ષપાત વર્તે છે. વળી, ભોગવિલાસમાં રહેલા આર્ત્ત જીવો પ્રત્યે કરુણા હોવાથી પોતાનું પણ ભોગવિલાસનું માનસ ક્ષીણ થાય છે અને ધર્મપરાયણ માનસ થાય છે અને દુઃખી જીવોનાં દુઃખોને દૂર કરવાને અનુકૂળ માર્ગાનુસારી બુદ્ધિ થાય છે જેથી ધર્મધ્યાનમાં જવા માટે આ ભાવનાઓ પ્રબળ કારણ બને છે. **॥૧૨૦॥**

**અવતરણિકા :-**

**માધ્યસ્થ્યભાવનાનું સ્વરૂપ કહે છે –**

**શ્લોક :-**

**क्रूरकर्मसु निःशङ्कं देवतागुरुनिन्दिषु ।**
**आत्मशंसिषु योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम् ।।१२१।।**

**શ્લોકાર્થ :-**

**ક્રૂર કર્મવાળા, નિઃશંક રીતે દેવતા અને ગુરુની નિંદા કરનારા=વીતરાગની અને વીતરાગના માર્ગમાં પ્રવર્તનારા સુસાધુઓની નિંદા કરનારા અને આત્મપ્રશંસા કરનારા જીવો વિષયક જે ઉપેક્ષા તે માધ્યસ્થ્ય કહેવાયું છે. ।।૧૨૧।।**

**ભાવાર્થ :-**

સંસારમાં કેટલાક જીવો અત્યંત ક્રૂર અને પાપપ્રવૃત્તિઓ કરનારા હોય છે તો કેટલાક તીર્થંકરોની અને સુસાધુઓની પણ નિંદા કરનારા હોય છે. વળી, કેટલાક જીવો દોષવાળી પણ પોતાની પ્રવૃત્તિની પ્રશંસા કરનારા હોય છે. આવા જીવોની અનુચિત પ્રવૃત્તિઓ જોઈને સામાન્યથી ધર્મી પણ જીવોને દ્વેષ થાય છે અને પોતાના ચિત્તને કાલુષ્યવાળું કરે છે પરંતુ વિવેકી પુરુષો તો વિચારે છે કે કર્મના પ્રાચુર્યને કારણે આ જીવોમાં આ પ્રકારની અનુચિત પ્રવૃત્તિઓ વર્તે છે અને ઉપદેશ આદિ દ્વારા તેઓની તે અનુચિત પ્રવૃત્તિઓનું વારણ થઈ શકે તેમ જણાય તો તેવા જીવોની તે મહાત્મા પણ ઉપેક્ષા કરતા નથી પરંતુ કરુણાબુદ્ધિથી તેઓને માર્ગમાં લાવવા પ્રયત્ન કરે છે. છતાં આવા જીવો કોઈ રીતે માર્ગમાં આવે તેમ ન જણાય ત્યારે તેઓ પ્રત્યે ઉપેક્ષાનો ભાવ અર્થાત્ દેશના આદિ દ્વારા ઉપદેશ આપવાનું છોડીને અશક્ય પ્રતીકારવાળા તેઓને જાણીને તેઓની ઉપેક્ષા કરે છે જેથી તેઓ પ્રત્યે દ્વેષ ન થાય અને વ્યર્થ દેશનાના પ્રયત્ન દ્વારા પોતાને પણ ક્લેશની પ્રાપ્તિ ન થાય. આ પ્રકારનો માર્ગાનુસારી પ્રયત્ન જે મહાત્માઓ કરે છે તે માધ્યસ્થ્ય ભાવના છે અને આ રીતે જેઓ માધ્યસ્થ્ય ભાવનાથી પોતાના આત્માને વાસિત કરે છે તેઓમાં અયોગ્ય જીવોને જોઈને તેઓ પ્રત્યે તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ કરવાને અનુકૂળ માધ્યસ્થ્ય ભાવ પ્રગટે છે. **।।૧૨૧।।**

**અવતરણિકા :-**

**પૂર્વમાં શ્લોક-૧૧૭માં ગ્રંથકારશ્રીએ કહેલ કે આ મૈત્રી આદિ ચાર ભાવનાઓ ત્રુટિત થયેલા ધર્મધ્યાનને ફરી પ્રગટ કરવાનું કારણ છે. હવે, કઈ રીતે આ ભાવનાઓ ત્રુટિત થયેલા ધર્મધ્યાનને પ્રગટ કરે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**आत्मानं भावयन्नाभिर्भावनाभिर्महामतिः ।**
**त्रुटितामपि संधत्ते विशुद्धध्यानसंततिम् ।।१२२।।**

**શ્લોકાર્થ :-**

**આ ભાવનાઓથી=પૂર્વમાં વર્ણન કર્યું એ મૈત્ર્યાદિભાવનાઓથી, આત્માને ભાવન કરતા મહામતિ=આત્મામાં તે ભાવો સ્થિર થાય તેવા નિર્મળ મતિવાળા મહાત્મા, ત્રુટિત પણ વિશુદ્ધ એવી ધ્યાનસંતતિનું=મોક્ષનું કારણ બને તેવા ધ્યાનની પરિણતિના પ્રવાહનું, પ્રતિસંધાન કરે છે=ફરી યોજન કરે છે. ।।૧૨૨।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ ઉત્તમ મતિવાળા છે તેઓ સદા સંસારના વાસ્તવિક સ્વરૂપને નિર્મળ પ્રજ્ઞાથી જોનારા છે અને તેવા મહામતિવાળા જીવો પૂર્વમાં બતાવેલી બાર ભાવનાઓથી આત્માને ભાવિત કરીને પ્રાયઃ નિર્મમ ચિત્તવાળા હોય છે અને તેના કારણે સુખપૂર્વક સમભાવના પરિણામને ધારણ કરનારા બને છે અને તેવા મહાત્માઓ શક્તિના અનુસાર આત્માને શુભધ્યાનથી સંપન્ન કરવા યત્ન કરે છે. આમ છતાં અનાદિના મોહને કારણે કોઈક નિમિત્તને પામીને વિશુદ્ધ એવી ધ્યાનની સંતતિ ત્રુટિત થયેલી હોય તો તેને ફરી પ્રગટ કરવા અર્થે તે મહાત્માઓ અત્યંત ઉપયોગપૂર્વક મૈત્ર્યાદિ ચાર ભાવનાઓથી આત્માને ભાવિત કરે છે જે ભાવનાઓના બળથી જગતના સર્વ જીવો સાથે ઉચિત પ્રવૃત્તિ કરીને જે જીવોનું જે રીતે હિત થઈ શકે તે પ્રકારની કરુણાબુદ્ધિ થાય છે અને ગુણવાન એવા તીર્થંકરાદિ પ્રત્યે પક્ષપાતની બુદ્ધિ થાય છે. આ રીતે સુખપૂર્વક ચિત્તની સ્થિરતાને પ્રાપ્ત કરીને તે મહાત્માઓ ફરી વિશુદ્ધ એવા ધ્યાનના પ્રવાહ દ્વારા સમભાવના કંડકોની વૃદ્ધિને આત્મામાં પ્રગટ કરવા સમર્થ બને છે. **॥૧૨૨॥**

**અવતરણિકા :-**

**ધ્યાનના સાધન માટે સ્થાનનો નિર્દેશ કરે છે —**

**પ્રસ્તુત પ્રકાશમાં સંસારના ક્ષયના અર્થીએ કષાયનો જય કરવો જોઈએ તેમ પૂર્વમાં બતાવ્યું. કષાયનો જય ઈન્દ્રિયના જયથી થાય છે. માટે કષાયના જયના અર્થીએ ઈન્દ્રિયનો જય કરવો જોઈએ તેમ બતાવ્યું. વળી, ઈન્દ્રિયોનો જય રાગ-દ્વેષના જયથી થાય છે તેમ પૂર્વમાં બતાવીને રાગ-દ્વેષનો જય સામ્યભાવથી થાય છે તેમ પૂર્વમાં બતાવ્યું અને સામ્યભાવને પ્રગટ કરવાર્થે નિર્મમભાવમાં યત્ન કરવો જોઈએ તેમ બતાવીને નિર્મમભાવ અર્થે બાર ભાવનાઓ આવશ્યક છે તેમ બતાવવા દ્વારા બાર ભાવનાઓનું સ્વરૂપ અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ બતાવ્યું અને તે ભાવનાઓથી સમભાવને પામેલ યોગી ધ્યાનનો આશ્રય કરે છે તેમ પૂર્વમાં બતાવ્યું. વળી, ધ્યાનથી આત્મજ્ઞાન પ્રગટે છે અને આત્મજ્ઞાનથી કર્મક્ષય થાય છે અને તેનાથી મોક્ષ થાય છે તે બતાવીને સામ્યભાવ અને ધ્યાન પરસ્પર કઈ રીતે કારણ છે તે પૂર્વમાં બતાવ્યું અને તેના પ્રયોજન અર્થે મૈત્રી આદિ ચાર ભાવનાઓ બતાવી જેનાથી ત્રુટિત થયેલું પણ ધ્યાન ફરી પ્રગટ થાય છે તેમ બતાવીને હવે ધ્યાન માટે સંપન્ન થયેલા મહાત્માએ કયા સ્થાને ધ્યાન કરવું જોઈએ તે બતાવવા અર્થે કહે છે —**

**શ્લોક :-**

**तीर्थं वा स्वस्थताहेतुं यत्तद्वा ध्यानसिद्धये ।**
**कृतासनजयो योगी विविक्तं स्थानमाश्रयेत् ।।१२३।।**

**શ્લોકાર્થ :-**

**તીર્થસ્થાન અથવા સ્વસ્થતાનો હેતુ જે તે ગિરિ, ગુફાદિ વિવિક્ત સ્થાન છે તેને ધ્યાનસિદ્ધિ માટે કૃતઆસનજયવાળા યોગી આશ્રય કરે છે. ।।૧૨૩।।**

**ભાવાર્થ :-**

મોક્ષના અર્થી યોગી જેમ ધ્યાનને અનુકૂળ ઉત્તમ ચિત્તને નિર્માણ કરે છે તેમ ધ્યાનને અનુકૂળ અપ્રમાદ વૃદ્ધિ થાય તેવા કોઈક આસનનો જય કરે છે જેથી તે આસનમાં બેસીને નિદ્રા આદિના પરિહારપૂર્વક ધ્યેયના વિષયમાં મનને દૃઢ પ્રવર્તાવી શકે. તેવા યોગી ધ્યાન કરવા માટે કેવા સ્થાનનો આશ્રય કરે ? તે બતાવે છે –

તીર્થંકરોની જન્મભૂમિ, દીક્ષાભૂમિ, કેવળજ્ઞાન કલ્યાણકની ભૂમિ કે નિર્વાણભૂમિમાં બેસીને તે ભૂમિના બળથી તીર્થંકરોનું સ્મરણ કરીને આગળમાં બતાવાશે તે પ્રકારના ઉચિત ધ્યાનમાં યોગી યત્ન કરે છે. વળી, જો તીર્થભૂમિનો અભાવ હોય તો પોતાની સ્વસ્થતાનો હેતુ હોય તેવા શાંત વાતાવરણમાં બેસીને પણ ધ્યાનમાં યત્ન કરે છે અથવા ગિરિ, ગુફાદિ તેવું કોઈક એકાંત સ્થાન હોય ત્યાં બેસીને ધ્યાનમાં યત્ન કરે છે. આ રીતે ઉચિત આસનમાં બેસવાપૂર્વક ઉચિત સ્થાનમાં બેસીને ધ્યેયનું અવલંબન લઈને ધ્યાનની સિદ્ધિ માટે યત્ન કરવાથી મહાત્માને ધ્યાનના બળથી સામ્યભાવની વૃદ્ધિ થાય છે. સામ્યભાવની વૃદ્ધિ થવાથી વિશિષ્ટ પ્રકારનું ધ્યાન પ્રગટે છે જેનાથી કષાયોનો નાશ થાય છે અને અંતે જીવ વીતરાગ બને છે. માટે પોતાની ભૂમિકાનુસાર ધ્યાનની સિદ્ધિ માટે કલ્યાણના અર્થી જીવે ઉચિત યત્ન કરવો જોઈએ. **॥૧૨૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૨૩માં કહ્યું કે કરાયેલા આસનજયવાળા યોગી ધ્યાન માટે યત્ન કરે તેથી ધ્યાન માટે અપ્રમાદને ઉલ્લસિત કરવા અર્થે કેવાં આસનોમાં બેસવું જોઈએ તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**पर्यङ्कवीरवज्राऽब्जभद्रदण्डासनानि च ।**
**उत्कटिका गोदोहिका कायोत्सर्गस्तथासनम् ।।१२४।।**

**શ્લોકાર્થ :-**

**પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, અબ્જાસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન અને કાયોત્સર્ગાસન ધ્યાન માટેનાં આસનો છે. ।।૧૨૪।।**

**ભાવાર્થ :-**

ભાવાર્થ સ્પષ્ટ છે. **॥૧૨૪॥**

**અવતરણિકા :-**

**પર્યંકાસનનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**स्याज्जङ्घयोरधोभागे पादोपरि कृते सति ।**
**पर्यङ्को नाभिगोत्तानदक्षिणोत्तरपाणिकः ।।१२५।।**

**શ્લોકાર્થ :-**

**બે જંઘાના અધો ભાગમાં પગ ઉપર કરાયે છતે નાભિ તરફ જનાર ઉત્તાન=ચત્તા, દક્ષિણ અને ઉત્તર હાથવાળું પર્યંકાસન થાય. ।।૧૨૫।।**

**ભાવાર્થ :-**

આ પર્યંકાસન શાશ્વત પ્રતિમાને હોય છે. વીર ભગવાન નિર્વાણકાળમાં આ આસનમાં બેઠેલા હતા તેથી જિનપ્રતિમામાં જે આસન દેખાય છે તે પર્યંકાસન છે. જો મહાત્માને તે આસનમાં બેસવાનો અભ્યાસ થાય તો સ્થિર એવા દેહના બળથી સુખપૂર્વક તે મહાત્મા મનને સ્થિર કરી શકે. માટે શક્તિસંપન્ને પર્યંકાસનનો જય કરવા યત્ન કરવો જોઈએ. **।।૧૨૫।।**

**અવતરણિકા :-**

**હવે, વીરાસન બતાવે છે –**

**શ્લોક :-**

**वामोंऽह्रिर्दक्षिणोरूर्ध्वं वामोरूपरि दक्षिणः ।**
**क्रियते यत्र तद्वीरोचितं वीरासनं स्मृतम् ।।१२६।।**

**શ્લોકાર્થ :-**

**ડાબો પગ, દક્ષિણના ઊરુના ઊર્ધ્વ અને ડાબા પગના ઉપર જમણો પગ કરાય છે જેમાં તે વીર-પુરુષોને ઉચિત વીરાસન કહેવાયું છે. ।।૧૨૬।।**

**ભાવાર્થ :-**

પદ્માસનમાં જિનપ્રતિમાતુલ્ય બે પગોનો ન્યાસ હોય છે, જ્યારે વીરાસનમાં તે પગો જ ઊરુના ઉપર સુધી ઊંચા કરવામાં આવે છે. તેથી અત્યંત અપ્રમાદપૂર્વક ધ્યાનાદિમાં યત્ન થઈ શકે છે વીરપુરુષો જ આ પ્રકારનું આસન સેવી શકે છે, કાયર પુરુષો સેવવા યત્ન કરે તોપણ કષ્ટસાધ્યતાને કારણે કરી શકતા નથી. માટે મોહની સામે લડવા માટે વીર થવાના અર્થી પુરુષે શક્તિ હોય તો વીરાસનનો જય કરવા યત્ન કરવો જોઈએ. **।।૧૨૬।।**

**અવતરણિકા :-**

**હવે વજ્રાસનનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**पृष्ठे वज्राकृतीभूते दोर्भ्यां वीरासने सति ।**
**गृह्णीयात् पादयोर्यत्राङ्गुष्ठौ वज्रासनं तु तत् ।।१२७।।**

**શ્લોકાર્થ :-**

**વળી, વીરાસન કરાયે છતે વજ્ર આકારવાળા પાછળમાં બે બાહુ દ્વારા બે પગના અંગુઠાઓ જેમાં ગ્રહણ કરાય છે તે વજ્રાસન છે. ।।૧૨૭।।**

**ભાવાર્થ :-**

ધ્યાનના અર્થી યોગી વીરાસન જીત્યા પછી વજ્રાસનને કરવા અર્થે બે બાહુને પાછળમાં કરીને જમણા બાહુથી જમણા અંગૂઠાને અને ડાબા બાહુથી ડાબા અંગૂઠાને ગ્રહણ કરે તે વજ્રાસન છે. જેના બળથી દેહની અત્યંત જાગૃત અવસ્થા આવે છે જે આસનજયથી ધ્યાનમાં ઉદ્યમ સુખપૂર્વક થઈ શકે છે. **।।૧૨૭।।**

**અવતરણિકા :-**

**મતાંતરથી વીરાસનને જ કહે છે –**

**શ્લોક :-**

**सिंहासनाधिरूढस्यासनापनयने सति ।**
**तथैवावस्थितिर्या तामन्ये वीरासनं विदुः ।।१२८।।**

**શ્લોકાર્થ :-**

**સિંહાસન ઉપર આરૂઢ થયેલા પુરુષના આસનનું અપનયન કરાયે છતે=સિંહાસન દૂર કરાયે છતે, જે તે પ્રકારની જ અવસ્થિતિ=બે પગને જમીનને ટેકીને સિંહાસન પર બેસેલા પુરુષની જેમ અવસ્થિતિ, તેને અન્ય વીરાસન કહે છે. ।।૧૨૮।।**

**ભાવાર્થ :-**

સિંહાસન ઉપર બેસેલા અને બે પગને જમીન ઉપર ટેકવીને મૂક્યા હોય અને પછી સિંહાસન દૂર કરે છતાં તે જ સ્થિતિમાં બેસીને ધ્યાનમાં યત્ન કરે છે તેને પણ અન્ય વીરાસન કહે છે. **।।૧૨૮।।**

**અવતરણિકા :-**

**હવે પદ્માસનને કહે છે –**

**શ્લોક :-**

**जङ्घाया मध्यभागे तु संश्लेषो यत्र जङ्घया ।**
**पद्मासनमिति प्रोक्तं तदासनविचक्षणैः ।।१२९।।**

**શ્લોકાર્થ :-**

**વળી, બે જંઘાના મધ્યભાગમાં જ્યાં=જે આસનમાં, જંઘાથી સંશ્લેષ છે એ પદ્માસન તેના આસનના વિચક્ષણો વડે કહેવાયું છે. ।।૧૨૯।।**

**ભાવાર્થ :-**

પદ્માસન અતિ ક્લિષ્ટ ન હોવાથી પલાંઠીવાળીને બેસેલા પુરુષની નજીકની અવસ્થાવાળું આસન છે અને જેઓ અન્ય આસન ન કરી શકે તેઓ પણ સુખપૂર્વક પ્રસ્તુત એવા પદ્માસનમાં બેસીને આત્માને શાસ્ત્રવચનથી ભાવિત કરીને ધ્યાન કરવા માટે સમર્થ બને છે. **II૧૨૯II**

**અવતરણિકા :-**

**હવે, ભદ્રાસનને કહે છે –**

**શ્લોક :-**

**संपुटीकृत्य मुष्काग्रे तलपादौ तथोपरि ।**
**पाणिकच्छपिकां कुर्याद्यत्र भद्रासनं तु तत् ।।१३०।।**

**શ્લોકાર્થ :-**

**મુષ્કના અગ્રભાગમાં=લિંગના અગ્રભાગમાં, બે તળિયાને સંપુટ કરીને તેના ઉપર પાણિ-કચ્છપિકાને=બે હાથનાં આંગળાંને ભરાવીને સ્થાપન કરે જેમાં તે ભદ્રાસન છે. ।।૧૩૦।।**

**ભાવાર્થ :-**

પગનાં બે તળિયાં લિંગના અગ્રભાગમાં ભેગાં કરીને, તેના ઉપર બેસીને બંને હાથનાં આંગળાં એકબીજામાં ભરાવીને તેના ઉપર સ્થાપન કરે તે ભદ્રાસન છે અને મહાત્મા ભદ્રાસનમાં બેસીને ધ્યાનમાં યત્ન કરે છે. **II૧૩૦II**

**અવતરણિકા :-**

**દંડાસનને કહે છે –**

**શ્લોક :-**

**श्लिष्टाङ्गुली श्लिष्टगुल्फौ भूश्लिष्टोरू प्रसारयेत् ।**
**यत्रोपविश्य पादौ तद् दण्डासनमुदीरितम् ।।१३१।।**

**શ્લોકાર્થ :-**

**પરસ્પર બે હાથની આંગળીઓ સંશ્લેષવાળી હોય એવું, શ્લિષ્ટ બે ગુલ્ફવાળું, ભૂમિ ઉપર સંશ્લેષવાળી ઊરુવાળું, જ્યાં બેસીને બે પગોને વિસ્તારે તે દંડાસન કહેવાયું છે. ।।૧૩૧।।**

**ભાવાર્થ :-**

જમીનને અડે તે રીતે બેસીને=આંગળીઓ, ગુલ્ફ અને સાથળ જમીનને અડે તે રીતે પગ લાંબા કરવા તે, દંડાસન છે અને મહાત્મા દંડાસનમાં રહીને મોહના નાશ માટે આસનજય કરવા યત્ન કરે છે. **II૧૩૧II**

**અવતરણિકા :-**

**ઉત્કટિકાસન અને ગોદોહિકાસનને કહે છે –**

**શ્લોક :-**

**पुतपार्ष्णिसमायोगे प्राहुरुत्कटिकासनम् ।**
**पार्ष्णिभ्यां तु भुवस्त्यागे तत् स्याद् गोदोहिकासनम् ।।१३२।।**

**શ્લોકાર્થ :-**

**ભૂમિમાં સંલગ્ન બે પગના આગળના ભાગથી કેડના ભાગનો યોગ થયે છતે ઉત્કટિકાસન કહે છે. વળી, બે પગના પાછળના ભાગોથી ભૂમિનો ત્યાગ કરાયે છતે તે=ઉત્કટિકાસન, ગોદોહિકાસન બને છે. ।।૧૩૨।।**

**ભાવાર્થ :-**

ઉત્કટિકાસનમાં વીર ભગવાનને કેવળજ્ઞાન થયેલ અને પ્રતિમા કલ્પિકાદિ મહાત્માઓ ગોદોહિકાસનથી ધ્યાનમાં યત્ન કરે છે. સામાન્યથી કર્મથી રહિત અને મોહથી અનાકુળ એવા શુદ્ધ આત્માના સ્વરૂપને જોવા માટે જે તીક્ષ્ણ ઉપયોગ છે તે મોહનો નાશ કરીને જીવને વીતરાગભાવની આસન્ન, આસન્નતર કરે છે. તે પ્રકારના દૃઢ યત્ન અર્થે વીર ભગવાનની જેમ મહાત્માઓ ઉત્કટિકાસનમાં બેસીને યત્ન કરે છે જેથી આસનના બળથી પણ ઉપયોગમાં સ્થૈર્ય પ્રાપ્ત થાય. વળી, પ્રતિમાધારી સાધુઓ અપ્રમાદની વૃદ્ધિ અર્થે ભરવાડો જે રીતે ગાયોને દોહવા માટે બેસે તે પ્રકારે બેસીને ધ્યાનમાં યત્ન કરે છે જેથી ઉપયોગ તીક્ષ્ણ બને અને ઉપયોગના બળથી જ સ્થૈર્યની પ્રાપ્તિ થાય છે. સ્થૈર્યના બળથી જ મોહનો નાશ થાય છે. માટે મોહના નાશના અર્થીએ આસનનો જય કરવા અભ્યાસ કરવો જોઈએ. **।।૧૩૨।।**

**અવતરણિકા :-**

**હવે, કાયોત્સર્ગને કહે છે –**

**શ્લોક :-**

**प्रलम्बितभुजद्वन्द्वमूर्ध्वस्थस्यासितस्य वा ।**
**स्थानं कायानपेक्षं यत् कायोत्सर्गः स कीर्तितः ।।१३३।।**

**શ્લોકાર્થ :-**

**ઊભા રહેલા અથવા બેઠેલા મહાત્માઓનું કાયઅનપેક્ષ એવું જે પ્રલમ્બિત બે ભુજાવાળું સ્થાન=સ્થાન, ધ્યાન, મૌન ક્રિયાથી અતિરિક્ત ક્રિયાના ત્યાગરૂપ સ્થાન, તે કાયોત્સર્ગ કહેવાય છે. ।।૧૩૩।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ ઊભા રહીને બે ભુજાને લાંબી રાખીને ઉપયોગથી કાયા સાથેનું ચિત્ત કાપીને સ્થિર ઊભા રહે છે ત્યારે વચનથી તેઓને મૌન છે, મનથી આત્માના ભાવોને સ્પર્શે તેવું ધ્યાન કરે છે તેથી કાયા સાથે સંબંધ કપાયેલો હોય તે પ્રકારે આત્માના ગુણો સ્પર્શે તે પ્રકારે મનોવ્યાપારવાળા થાય છે તે કાયાની અનપેક્ષાવાળા સ્થાનરૂપ કાયોત્સર્ગ છે. વળી, જે મહાત્માઓ ઊભા રહીને કાયાથી મનને પૃથક્ કરીને આત્માના ગુણોમાં જવા માટે અસમર્થ હોય તો તેઓ બેસીને પણ કાયોત્સર્ગ કરે છે. આ પ્રકારના આસનના બળથી મોહના ઉલ્લંઘનને અનુકૂળ વ્યાપાર કરવામાં આવે તો તે આસનનો જય યોગની ભૂમિકાની વૃદ્ધિનું કારણ બને છે. **॥૧૩૩॥**

**અવતરણિકા :-**

**તેથી=પૂર્વમાં અનેક પ્રકારનાં આસનો બતાવ્યાં તેથી ધ્યાનના અર્થીએ શું કરવું જોઈએ તે બતાવે છે –**

**શ્લોક :-**

**जायते येन येनेह विहितेन स्थिरं मनः ।**
**तत्तदेव विधातव्यमासनं ध्यानसाधनम् ।।१३४।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=યોગમાર્ગની પ્રવૃત્તિમાં, વિહિત એવા જે જે આસનથી=કરાયેલા એવા જે જે આસનથી, મન સ્થિર થાય છે, ધ્યાનના સાધનરૂપ એવું તે તે આસન જ કરવું જોઈએ. ।।૧૩૪।।**

**ભાવાર્થ :-**

મન, વચન અને કાયાનો વ્યાપાર મોહના ઉલ્લંઘનને અનુકૂળ જે આસનના સેવનથી થઈ શકે તેવા આસનનો અભ્યાસ પ્રથમ કરીને મહાત્માએ ધ્યાનના સાધનરૂપ એવા તે આસનને જ કરવું જોઈએ જે આસનના બળથી સુખપૂર્વક અંતરંગ મોહના ઉલ્લંઘનને અનુકૂળ વ્યાપાર થઈ શકે. જો અતિકષ્ટપૂર્વક આસનમાં યત્ન કરવામાં આવે અને તેના કારણે મન ધ્યેય સાથે એકાગ્ર થવામાં અસમર્થ બને તે રીતે કોઈ આસનમાં યત્ન કરવો ઉચિત નથી. માટે કલ્યાણના અર્થીએ પોતાના ચિત્તને સ્થિર કરવામાં સહાયક થાય તેવા આસનમાં અભ્યાસ કરીને તે આસનના બળથી ધ્યાનમાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૧૩૪॥**

**અવતરણિકા :-**

**હવે, આસનોનું જે પ્રમાણે ધ્યાનનું સાધનપણું થાય છે તે પ્રમાણે બે શ્લોકો દ્વારા કહે છે –**

**શ્લોક :-**

**सुखासनमासीनः सुश्लिष्टाधरपल्लवः ।**
**नासाग्रन्यस्तदृग्द्वन्द्वो दन्तैर्दन्तानसंस्पृशन् ।।१३५।।**

प्रसन्नवदनः पूर्वाभिमुखो वाप्युदङ्मुखः ।
अप्रमत्तः सुसंस्थानो ध्याता ध्यानोद्यतो भवेत् ।।१३६।।

**શ્લોકાર્થ :-**

**સુખપૂર્વક બેસાય એવા આસનમાં બેઠેલ સુશ્લિષ્ટ બે હોઠના પલ્લવવાળો, નાસાના અગ્રભાગમાં સ્થાપન કરાયેલ છે ચક્ષુયુગલ જેને એવો, દાંતો વડે દાંતોને નહીં સ્પર્શ કરતો, પ્રસન્ન વદનવાળો, પૂર્વાભિમુખવાળો અથવા ઉત્તરાભિમુખવાળો અપ્રમત્ત=લક્ષ્યને અનુકૂળ અપ્રમાદથી યત્ન કરનાર, સુસંસ્થાનવાળો એવો ધ્યાતા ધ્યાનમાં ઉદ્યત થાય. ।।૧૩૫-૧૩૬।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માએ અશરણાદિ ભાવનાઓથી આત્માને અત્યંત ભાવિત કર્યો છે તેથી સંસારના વાસ્તવિક સ્વરૂપનું અવલોકન કરીને સંસારસમુદ્રથી તરવા માટે દૃઢ ઉદ્યમવાળા થયા છે તેવા મહાત્મા પોતાની ભૂમિકાનુસાર જે આસનમાં સુખપૂર્વક બેસી શકે અને જે આસનના બળથી અપ્રમાદની વૃદ્ધિ થાય તે આસનમાં બેસીને પોતાના મુખના બે હોઠો પરસ્પર બિડાયેલા રહે તે રીતે બેસે પરંતુ મુખ ખુલ્લું રાખીને બેસે નહીં; કેમ કે અંતરંગ જલ્પાકારરૂપે ધ્યાનમાં ઉદ્યમ કરવો છે તેથી અભ્યાસ દશામાં કદાચ સ્પષ્ટ ઉચ્ચારણાપૂર્વક જપ કરે તોપણ ધ્યાનમાં જવા અર્થે મુખ તદ્દન મૌન રહે તે પ્રકારે મૌન રાખીને ધ્યાનમાં બેસે. વળી, બે ચક્ષુને નાસિકાના અગ્રભાગ ઉપર સ્થાપન કરે અને નાસિકાને જોવા માટે દૃઢ વ્યાપાર થાય તે પ્રકારે ઉપયોગ રાખે જેથી ધ્યાનકાળમાં અન્ય અન્ય સ્થાનમાં દૃષ્ટિનો સંચાર થાય નહીં. વળી, દાંતોથી દાંતોને સ્પર્શ ન થાય તે રીતે મુખ બીડેલું રાખે. વળી, કોઈ અપૂર્વ તત્ત્વની પ્રાપ્તિ કરવા માટે પોતે તત્પર થયેલ છે તેથી રાગાદિની આકુળતા વગર પ્રસન્નમુખવાળા થઈને ધ્યાનમાં બેસે. વળી, પૂર્વાભિમુખ અને ઉત્તરાભિમુખ દિશામાં ઘણાં તીર્થો છે તેથી તે દિશા સન્મુખ મુખ રાખીને બેસે. વળી, અંતરંગ રીતે ચંચળતાનો પરિહાર કરીને અપ્રમાદભાવપૂર્વક સુંદર સંસ્થાનમાં બેસીને ધ્યાન માટે ઉદ્યમ કરે તો તે મહાત્મા સુખપૂર્વક ધ્યાનમાં યત્ન કરી શકે અને તે ધ્યાનના બળથી સમભાવની વૃદ્ધિ થાય છે જેથી ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **।।૧૩૫-૧૩૬।।**

## ચોથો પ્રકાશ પૂર્ણ

**અનુસંધાન : યોગશાસ્ત્ર ભાગ-૨ (પ્રકાશ-૭ થી ૧૨)**

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩ ❖ |
| ચારિત્રાચાર | ૩૬ |
| ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) | ૧૯૦ |
| પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| **Is Jaina Order Independent Religion or Denomination ?** | ૫૮ |
| **Status of religion in modern Nation State theory** | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી-આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) | ૧૮૯ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |

❖ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

| | |
|---|---|
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |
| ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) | ૨૪ |
| મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) | ૧૭૯ |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | ૧૪ |
| યોગદૃષ્ટિસમુચ્ચય | ૪ |
| લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૩૩ |
| શાસન સ્થાપના | ૮ |
| શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) | ૨૭ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો | ૩ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) | ૩૫ |
| શ્રી ઉપધાન માર્ગોપદેશિકા | ૯૩ |
| 'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર | ૧૯૧ |
| સદ્ગતિ તમારા હાથમાં ! | ૬ |
| સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) | ૧૬૩ |

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

| | |
|---|---|
| पाक्षिक अतिचार | ४१ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનના ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને
'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન ૧૬૯
અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન ૨
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૨૦
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૨૨
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૨૬
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૭૮
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૭૯
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૧૪
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૧૫
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ ૧૧૬
અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા
શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન ૧૨૨
આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન ૧૨૪
આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન ૧૮
ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૪
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૬
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૭૭
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૮
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૨૬
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૨૭
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૨૮
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૭૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૩
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૮૦
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૮૧

| | |
|---|---|
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૮૨ |
| કૂપદષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન | ૩૧ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૨ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૩ |
| જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન | ૬૮ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૦ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૧ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૨ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૬૪ |
| દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન | ૧૪૭ |
| દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૧૮ |
| દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન | ૧૬૦ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૮ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૫ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૨ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૩ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૪ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૦ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૧ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૪૨ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૫૫ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૫૬ |
| ધ્યાનશતક શબ્દશઃ વિવેચન | ૧૮૩ |
| નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૧૭ |
| પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન | ૧૨૫ |
| પગામસિજ્જા શબ્દશઃ વિવેચન | ૧૪૪ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૪૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૮૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |

| | |
|---|---|
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૮૪ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૮૭ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |
| બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૯ |
| બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૨ |
| બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૪૬ |
| બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૩૯ |
| બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૧૩ |
| બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૨ |
| બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૭ |
| બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૪ |
| બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૩ |
| બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૪ |
| બત્રીશી-૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૧ |
| બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૫ |
| બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૧ |
| બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૦ |
| બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૧ |
| બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૦ |

| | |
|---|---|
| બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૪ |
| બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૨ |
| બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૩ |
| બત્રીશી-૨૪ : સદ્દષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૪ |
| બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૬ |
| બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૧ |
| બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૩ |
| બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૪ |
| બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૭ |
| બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૬ |
| બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૦૬ |
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | -૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| ***યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧*** | ***૧૯૨*** |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |

| | |
|---|---|
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૮૫ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૮૬ |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |

## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત
## સંશોધનાત્મક પ્રકાશનો

આગમ પ્રકાશનસૂચી (હિન્દી)    સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી    ૧૭૫

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧    ૨. ધર્મતીર્થ ભાગ-૨    ૩. ધર્મતીર્થ ભાગ-૩

# પ્રાપ્તિસ્થાન


**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**✤ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✤ BANGALORE :**

**Shri Vimalchandji**

C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

चतुर्वर्गेऽग्रणीर्मोक्षो योगस्तस्य च कारणम् ।
ज्ञानश्रद्धानचारित्ररूपं रत्नत्रयं च सः ।।

✻

ચાર વર્ગમાં=ચાર પ્રકારના પુરુષાર્થરૂપ સમૂહમાં, અગ્રણી મોક્ષ છે, તેનું કારણ યોગ છે અને તે=યોગ, જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રરૂપ રત્નત્રય સ્વરૂપ છે.



: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

‘શ્રુતદેવતા ભવન’, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૪૦૦૫૪૯૧૧
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com